ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૫૬

ગુરૂવાર તા.૩જી માર્ચ, ૨૦૧૧
ફાલ્ગુન ૧૨, ૧૯૩૨ શાકે

થી

સોમવાર, તા. ૭મી માર્ચ, ૨૦૧૧
ફાલ્ગુન ૧૬, ૧૯૩૨ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**આઠમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **ગુરૂવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુન ૧૨, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬ - ૧૦૬ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૦૭ - ૧૦૭ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૧૦૮ - ૧૨૦ |
| બિન સરકારી વિધેયકો | ૧૨૧ - ૧૨૨ |
| **શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુન ૧૩, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૩ - ૧૩૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૬ - ૨૩૯ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૪૦ - ૨૪૧ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૪૨ - ૨૬૦ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૬૧ - ૨૬૪ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૬૫ - ૨૬૯ |
| **સોમવાર, તા. ૭મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુન ૧૬, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૭૦ - ૨૮૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૮૫ - ૩૬૭ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૬૮ - ૩૭૧ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૭૨ - ૩૭૩ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અનેમતદાન ( પહેલો દિવસ) | ૩૭૪ - ૩૭૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૭૯ - ૩૭૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૮૦ - ૩૯૮ |


***

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર તા.૩જી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૧૨, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકામાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા ખેડૂતોને આપવામાં આવેલ પ્રોત્સાહનો**

***૧૮૭૫૨ શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લામાં વાંકાનેર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે કયા કયા ગામોના ખેડૂતોને શું પ્રોત્સાહન આપવામાં આવ્યું, અને
(૨) સન ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં ઉક્ત સ્થિતિએ આ બાબતે શું આયોજન કરવામાં આવ્યું છે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) ૨૦૦૮માં ૯ ગામોને (પત્રક-૧ મુજબ)
૨૦૦૯માં ૭૮ ગામોને (પત્રક-૨ મુજબ)
૨૦૧૦માં ૧૬ ગામોને (પત્રક-૩ મુજબ)

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં આ બાબતે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

| અ.નં. | ઘટકવારતત્ત્વલ આયોજન | વર્ષ ૨૦૦૯-૧૦ રૂા. | વર્ષ ૨૦૧૦-૧૧ રૂા. |
|---|---|---|---|
| ૧ | સુધારેલ ખેત પદ્ધતિ નિદર્શન | ૪૦૦૦/- | ૪૦૦૦/- |
| ૨ | સૂક્ષ્મ તત્વ | - | ૨૫૦૦૦/- |
| ૩ | ખેડૂત તાલીમ (FES) | | ૧૭૦૦૦/- |
| ૪ | જિપ્સમ | ૧૦૦૦૦/- | ૩૦૦૦૦/- |
| ૫ | બાજરી પ્રમાણિત બીજ વિતરણ | ૨૦૦૦/- | - |

**પત્રક-૧**

રાજકોટ જિલ્લામાં વાંકાનેર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા જુદા જુદા ગામોના ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત
તા. ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮

| ગામનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧. મહીકા | ઘઉં નિદર્શન | ૨૦૦૦ |
| ૨. તીથવા | ઘઉં નિદર્શન | ૧૦૦૦ |
| ૩. રસિકગઢ | ઘઉં નિદર્શન | ૧૦૦૦ |
| ૪. પાજ | ઘઉં નિદર્શન | ૩૦૦૦ |
| ૫. સતાપર | ખેડૂત તાલીમ | ૫૦૦૦ |
| ૬. વાકીયા | ખેડૂત તાલીમ | ૫૦૦૦ |
| ૭. સમઢીયાળા | ખેડૂત તાલીમ | ૩૬૫૦ |
| ૮. ગુંદ્દાખડા | ખેડૂત તાલીમ | ૨૬૫૦ |
| ૯. મેસરીયા | ખેડૂત તાલીમ | ૩૬૫૦ |

**પત્રક-૨**

તા. ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯

| ગામનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧. પાજ | ઘઉં નિદર્શન | ૪૦૦૦ |
| ૨. ચંદ્રપર | જીપ્સમ | ૮૦૫૬ |
| ૩. કાશીપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૪. માટેલ | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૪૮ |
| ૫. શેખરડી | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૮૦ |
| ૬. જાલીડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨૦ |
| ૭. જાલી | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૮. તરકીયા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૯. સરધારકા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૩૩ |
| ૧૦. થાન | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૧૧. વાંકાનેર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૧૨. મેટડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૧૩. સમથેરવા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૬૮ |
| ૧૪. વીઠલપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૧૫. માણેકવાડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૧૬. કેરાળા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૧૭. લાખામાસી | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૧૮. આણંદપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૮૦ |
| ૧૯. જામસર | બાજરી પ્રમાણિત બીયારણ | ૮૪ |
| ૨૦. સરોડી | બાજરી પ્રમાણિત બીયારણ | ૪૮ |
| ૨૧. સરધારકા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૨૨. દેરાળા | બાજરી પ્રમાણિત બીયારણ | ૯૬ |
| ૨૩. મક્તાનપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૯૨ |
| ૨૪. કાશીયાગાળા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૦૪ |
| ૨૫. ભેરડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૯૬ |
| ૨૬. ડુંગરપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૨૭. ગારીયા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૨૮. મોરથરા | બાજરી પ્રમાણિત બીયારણ | ૭૨ |
| ૨૯. શેખડી | બાજરી પ્રમાણિત બીયારણ | ૬૦ |
| ૩૦. ખેરવા | બાજરી પ્રમાણિત બીયારણ | ૪૮ |
| ૩૧. મોરથરા | બાજરી પ્રમાણિત બીયારણ | ૪૮ |
| ૩૨. જામસર | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૩૩. વિરપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૩૪. સરતાનપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૩૫. લુણસર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૧૭૬ |
| ૩૬. માણેકપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૬૦ |
| ૩૭. પિપળીયા અગાભ્મી | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૩૮. વિનયગઢ | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૩૯. સતાપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૪૦. દલડી | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૪૧. જેતપરડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૭૨ |
| ૪૨. ઓળ | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૫૬ |
| ૪૩. હસનપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૪૪. લાલપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૪૮ |

| ગામનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૪૫. લુણસરીયા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૪૬. રાણેકપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૪૭. વણજારા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૪૮. દેપરા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૪૯. પલાસડી | બાજરી પ્રમાણિત બીયારણ | ૬૦ |
| ૫૦. ગુદ્યખડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૫૧. રાજાવડલા | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૫૨. કોઠિ | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૫૩. વસુંધરા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૫૪. પિપળીયા રાજ | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૫૫. મેસરીયા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૫૬. અરણી ટીંબા | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૫૭. રાજસ્થળી | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૦૮ |
| ૫૮. રામપરા | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૫૯. વરડુસર | બાજરી પ્રમાણિત બીયારણ | ૯૬ |
| ૬૦. જોધપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૯૬ |
| ૬૧. રાતી દેવળી | બાજરી પ્રમાણિત બીયારણ | ૬૦ |
| ૬૨. અમરસર | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૬૩. ગાગીયાવદર | બાજરી પ્રમાણિત બીયારણ | ૪૮ |
| ૬૪. પાડધરા | બાજરી પ્રમાણિત બીયારણ | ૬૦ |
| ૬૫. ભા. જાંબુડીયા | બાજરી પ્રમાણિત બીયારણ | ૭૨ |
| ૬૬. ભીમગુડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૪૮ |
| ૬૭. ખાનપર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૩૨ |
| ૬૮. ગુંદ્યળા | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૬૯. તીથવા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૭૦. મહીકા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૭૧. રાજગઢ | બાજરી પ્રમાણિત બીયારણ | ૩૬ |
| ૭૨. રાતાવિરડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૭૩. વઘાસીયા | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૭૪. ભોજપરા | બાજરી પ્રમાણિત બીયારણ | ૨૪ |
| ૭૫. મંડળાસર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૭૬. સીધાવદર | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૨ |
| ૭૭. ચીત્રાખડા | બાજરી પ્રમાણિત બીયારણ | ૮૪ |
| ૭૮. પલાસ | બાજરી પ્રમાણિત બીયારણ | ૧૬૮ |

**પત્રક-૩**

તા. ૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦

| ગામનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧. પાજ | ઘઉં પાક ફીલ્ડ નિદર્શન | ૪૦૦૦ |
| ૨. પંચાસીયા | સૂક્ષ્મ તત્ત્વ | ૪૫૦ |
| ૩. રાજાવડલા | સૂક્ષ્મ તત્ત્વ | ૮૧૭.૫ |
| ૪. સીધાવદર | સૂક્ષ્મ તત્ત્વ | ૮૧૭.૫ |
| ૫. ગારીયા | સૂક્ષ્મ તત્ત્વ | ૮૧૭.૫ |
| ૬. અરણીટીંબા | સૂક્ષ્મ તત્ત્વ | ૮૧૭.૫ |
| ૭. તીથવા | સૂક્ષ્મ તત્ત્વ | ૧૨૨૬.૨૫ |

| ગામનું નામ | ખેડૂતોને આપેલ પ્રોત્સાહનની વિગત | આપેલ પ્રોત્સાહન પાછળ થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૮. દલડી | સૂક્ષ્મ તત્ત્વ | ૮૧૭.૫ |
| ૯. રાણેકપર | સૂક્ષ્મ તત્ત્વ | ૨૫૭૭ |
| ૧૦. રાજાવડલા | સૂક્ષ્મ તત્ત્વ | ૮૧૭.૫ |
| ૧૧. વાલાસણ | સૂક્ષ્મ તત્ત્વ | ૪૦૮.૭૫ |
| ૧૨. અમરસર | સૂક્ષ્મ તત્ત્વ | ૪૦૮.૭૫ |
| ૧૩. દિઘલીયા | સૂક્ષ્મ તત્ત્વ | ૪૦૮.૭૫ |
| ૧૪. ખીજડીયા | સૂક્ષ્મ તત્ત્વ | ૧૬૩૫ |
| ૧૫. પીપળીયા રાજ | સૂક્ષ્મ તત્ત્વ | ૧૮૦૦ |
| ૧૬. પાંચ દ્વારકા | સૂક્ષ્મ તત્ત્વ | ૪૫૦ |

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને હું એ પૂછવા માગું છું કે, ચાલુ વર્ષે દર વર્ષે અપાતી કૃષિ કિટસ આપવામાં આવી છે? ઘણા ખેડૂતોને કૃષિ કિટસનો લાભ મળી શકેલ નથી. આ બાબતે જવાબદારો સામે પગલાં લેવા માગો છો કે કેમ? આ વર્ષે કૃષિ કિટસમાં તાડપત્રી આપવામાં આવી છે કે કેમ અને જો ન આપવામાં આવી હોય તો એના કારણો શું છે? અને ખેડૂતોમાં એવી પણ ચર્ચા થાય છે કે, તાડપત્રીમાં *(xxxx) જેવું થાય છે તો એના માટે શું પગલાં લેવામાં આવશે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ સવાલ કર્યો છે એમાં હું જણાવવા માગું છું કે, આ જે કિટસ આપવામાં આવે છે એ નિયમાનુસાર જ આપવામાં આવે છે અને જે તાડપત્રીની વાત કરી છે એમાં એ વસ્તુ ઉમેરવાનું વિચારણા હેઠળ છે અને જરૂર પડશે તો ખેડૂતોને તાડપત્રી આપવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં કૃષિ કિટસમાં તાડપત્રી આપવામાં આવતી હતી. એ નવી વાત નથી. આજ સુધી તાડપત્રી અપાતી હતી. હવે એ બંધ કરવામાં આવી છે તો એના શું કારણો છે? આપણે અહીંયાં ખેડૂતો માટે થઈને બિયારણમાં એકસપરીમેન્ટ કરીને ખેડૂતોને જે બિયારણ પરવડે એવા હોય એ ઉપલબ્ધ કરાવતા હતા. આજે બીટી કૉટનનો સૌથી વધારે ઉપયોગ થાય છે. લોકવન ઘઉંનું ગુજરાતે સંશોધન કર્યું અને એના સારા પરિણામો મળ્યા અને બીજા રાજયોમાં એની માગ થવા લાગી. એ જ રીતે બીટી કૉટન બિયારણ પણ આપણે ત્યાં થાય એવું કરી શકાય કે નહીં? તાડપત્રી પહેલાં અપાતી હતી. માનનીય સભ્યશ્રીનું એ જ કહેવું છે. ક્યાંક કોન્ટ્રાકટરોને કારણે એડજેસ્ટમેન્ટ ન થવાના કારણે મોડું થયું છે કે એની ટકાવારી નક્કી ન થઈ હોય એના કારણે આપવામાં આવી નથી. એમાં મંત્રીશ્રી તપાસ કરાવવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, તાડપત્રી પહેલાં બે રીતે અપાતી હતી. પહેલાં એક યોજનામાં અપાતી હતી અને એ ચાલુ છે. કોન્ટ્રાકટ પહેલાં પરંપરાગત વારસામાં આપતા હતા. એના બદલે હવે ખેડૂતોને પોતાને જ્યાંથી ખરીદવી હોય ત્યાંથી એ ખરીદી શકે એ પ્રમાણે આપવાનું ચાલુ છે. કૃષિ મહોત્સવ દરમિયાન કિટસ અપાતી હતી. એક યોજનામાં કિટસ અપાતી હતી એટલે બીજી યોજનામાં બંધ કરેલ છે. જે તે વિસ્તારમાં બીજ માગે એ પ્રમાણે અપાય છે. પહેલાં આખા રાજયમાં એક સમાનતાથી અપાતા હતા. એના બદલે હવેથી બીજ ઉત્પાદન યુનિવર્સિટીની ભલામણ મુજબ અપાય છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા સૂક્ષ્મ તત્ત્વોનું સંશોધન નામની સિસ્ટમ દાખલ થઈ એના કારણે ઘણો ફાયદો થયો છે. આ સૂક્ષ્મ તત્ત્વો કયા પ્રકારના છે, એનું સંશોધન કેવી રીતે થાય છે અને એમાં કયા તત્ત્વો આવરી લેવામાં આવ્યા છે અને એના માટે કેટલી રકમ ફાળવવામાં આવી છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જમીનમાં હાલના તબક્કે ખાસ કરીને લોહ તત્ત્વ અને બીજા સૂક્ષ્મ તત્ત્વોની ઊણપ જોવા મળે છે. એના માટે ઝીંક સલ્ફેટ આપવામાં આવે. યુનિવર્સિટીની ભલામણ મુજબ એક હેકટર દીઠ જેટલી જિપ્સમ સલ્ફેટની જરૂર પડે એ મુજબ ખરીદ કિંમતના ૫૦ ટકા અથવા રૂ.૫૦૦/- બન્નેમાંથી જે ઓછું હોય એ પ્રમાણે સહાય આપવામાં આવે છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે સરકાર દ્વારા નવા નવા બીજ સંશોધન થાય છે અને એ બીજનું જે સંશોધન થાય છે એ નવા બિયારણો, એની વિતરણ વ્યવસ્થા કઈ રીતે છે અને એમાં સહાય કેટલી સરકાર તરફથી આપવામાં આવે છે?

---

* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બીજ વિતરણ ગુજરાત રાજય બીજ નિગમના માન્ય વિક્રતાઓ દ્વારા થાય છે અને બીજ નિગમના પોતાના કાઉન્ટર ઉપરથી પણ થાય છે, તેમજ સહકારી મંડળીઓ અને સહકારી સંસ્થાઓ મારફત ખેડૂતોને એક ચોરસ સહાય કાપીને પ્રમાણિત બિયારણનું વિતરણ કરવામાં આવે છે. બાજરીના પાકમાં ક્વિન્ટલ દીઠ રૂા. ૮૦૦ અને ઘઉંના પાકમાં કિવન્ટલ દીઠ રૂા. ૫૦૦ની સહાય કાપી અને આપવામાં આવે છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે ખેડૂત ખેતરશાળા ઘટકમાં ખેડૂત તાલીમનું કોણ આયોજન કરે છે? કેટલા ખેડૂતની તેમાં પસંદગી કરવામાં આવે છે અને કેવી રીતે આ તાલીમ આપવામાં આવે છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બેનનો પ્રશ્ન ખૂબ જ સારો છે. ખેડૂત ખેતરશાળા ઘ ટકમાં ખેડૂત તાલીમનું આયોજન વિસ્તરણ સ્ટાફ દ્વારા કરવામાં આવે છે. ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરના ૩૦ ખેડૂતોની તાલીમાર્થી તરીકે પસંદગી કરવામાં આવે છે. તાલીમાર્થી ખેડૂતોને પાક સીઝન દરમિયાન પાક ઉત્પાદનના વિવિધ તબકકાની ખેતર ઉપર પ્રેકટિકલ તાલીમ આપવામાં આવે છે. પાક સીઝન દરમિયાન કુલ ૧૪ સત્રમાં અઠવાડિક તાલીમ આપવામાં આવે છે, આ તાલીમના માધ્યમથી પાકમાં સંકલિત જીવાત, નિયંત્રણ ટેક્નૉલૉજી પ્રચલિત કરવાનો મુખ્ય હેતુ છે. વાંકાનેર તાલુકામાં આ વર્ષે રાણેકપુર ગામે આ તાલીમ ગોઠવવામાં આવેલ છે. આ માટે રુપિયા ૧૭હજારની જોગવાઈ છે.

### રાજકોટ જિલ્લામાં તેલીબીયાનું વાવેતર

*** ૧૭૭૨૫ શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા:૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તેલીબીયાનું વાવેતર કેટલા હેકટરમાં થયું, અને

(૨) વર્ષ ૨૦૦૯-૧૦માં કેટલું હતું?

**કૃષિમંત્રીશ્રી :**

(૧) (૧) ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧ માં રાજકોટ જિલ્લામાં તેલીબીયાનું વાવેતર નીચે મુજબ કરવામાં આવેલ છે.

| અ.નં. | પાકનું નામ | વિસ્તાર હે.માં. |
|---|---|---|
| ૧ | ખરીફ મગફળી | ૩૦૧૩૦૦ |
| ૨ | ખરીફ તલ | ૧૯૭૦૦ |
| ૩ | દીવેલા | ૧૫૬૦૦ |
| ૪ | રવી રાઈ | ૨૦૦ |
| | કુલ | ૩૩૬૮૦૦ |

(૨)

| અ.નં. | પાકનું નામ | વિસ્તાર હે.માં |
|---|---|---|
| ૧ | ખરીફ મગફળી | ૩૬૬૫૦૦ |
| ૨ | ખરીફ તલ | ૧૯૭૦૦ |
| ૩ | દીવેલા | ૧૪૮૦૦ |
| ૪ | રવી રાઈ | ૧૦૦ |
| ૫ | ઉનાળુ મગફળી | ૯૦૦ |
| | કુલ | ૪૦૨૦૦૦ |

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે દિનપ્રતિદિન તેલીબીયાના વાવેતરમાં પોષણક્ષમ ભાવો નહીં મળવાના કારણે ઘટાડો થતો જતો હોય એવું લાગે છે. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં ૯-૧૦ના વર્ષમાં ૪ લાખ ૨ હજાર હેકટરમાં વાવેતર હતું અને ૧૦-૧૧માં ૩,૩૬,૮૦૦માં છે તો આ જે ઘટાડો થયો છે તો એના અંગે રાજય સરકારની તેલીબીયાના ઉત્પાદકોને કોઈ પ્રોત્સાહક યોજના અમલમાં છે કે કેમ? અને બીજું કે બિયારણ સમયસર મળી રહે, દરેક ખેડૂતોને એના માટેની કોઈ યોજના છે કે કેમ?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, તેલીબીયા પાકમાં જે ઘટાડાની વાત કરવામાં જે આવી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો, ગુજરાતની અંદર ખેડૂતોને કપાસના સારા ભાવ મળી રહ્યા છે, ગુજરાત સરકારની

નીતિના હિસાબે કપાસનું વાવેતર વધારે થવા લાગ્યું છે, જેથી કરીને મગફળીનું વાવેતર તેલીબીયામાં ઘટેલું છે, એ જ રીતે તલનું વાવેતર પણ ઘટેલું છે પરંતુ કેન્દ્ર સરકારે જે કપાસને રુનો કાયદો જ માત્ર, રૂ ને જ ગણવામાં આવે છે તો હવે સમય એ છે કે એને તેલીબીયા આઈટમ ગણવી જોઈએ, ગુજરાતમાં તેલીબીયા આઈટમ જો કપાસીયાને ગણવામાં આવે તો આનું ઉત્પાદન ખૂબ જ વધેલું છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે ગુજરાત સરકારની કામગીરી અને કૃષિ વિભાગની કામગીરીને કારણે આપણું ઉત્પાદન ખૂબ જ મોટા પાયે વધ્યું છે એના કારણે આખા દેશમાં કૃષિમાં આપણે અગ્રેસર રહ્યા છીએ, આ વર્ષે કપાસનું વાવેતર ખેડૂતોએ ખૂબ મોટા પાયે કર્યુ, એના કારણે તેલીબીયાનું વાવેતર ઘટ્યું છે. સારા વરસાદને કારણે, ચેકડેમો અને તળાવો ભરાવાને કારણે કૂવામાં પાણી ખૂબ વધ્યા અને ઉનાળુ શીંગ, ઉનાળુ તલના વાવેતર ખૂબ મોટા પાયે ખેડૂતોએ કર્યા છે તો એમાં ઉનાળુ શીંગ અને ઉનાળુ તલમાં સરકારશ્રી સબસીડીના રૂપમાં ખેડૂતને કોઈ સહાય આપવા માગે છે કે કેમ?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, તેલિબિયાના પાક માટે પણ યોજના છે અને આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર બન્નેની સંયુક્ત યોજનાથી ખેડૂતોને તેલિબિયાનું વાવેતર વધારવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : આ રાજ્ય સરકારની સુધારેલ બિયારણની નીતિના કારણે સમગ્ર ગુજરાતમાં ખૂબ મોટું ઉત્પાદન થાય છે. ખેડૂત જગતમાં ખુશીનો માહોલ છે ત્યારે ખેડૂત સમુદાય વતી માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીને ખૂબ અભિનંદન પાઠવવા માગું છું અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં તેલિબિયાના પાકનું સતત ઉત્પાદન થતું હોવાના કારણે જમીનની અંદર ફળદ્રુપતા ઉપર ખૂબ અસર થાય છે અને આ બાબતે કોઈ સંશોધન હાથ ધરવામાં આવેલ છે કે કેમ? જો હા તો તેની વિગતો અને જો ના તો આ પ્રકારે એકને એક ખેતરમાં એકને એક પાક વાવવાને કારણે એની ફળદ્રુપતા ઉપર જે અસર થાય છે એના સંશોધન માટે રાજ્ય સરકાર કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : સભ્યશ્રીનો સવાલ ખૂબ ખેતીને ઉપયોગી થાય એવો છે. જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે અને જમીનમાં ઉપલબ્ધ પોષક તત્ત્વોના પ્રમાણને ધ્યાનમાં રાખીને ખેડૂતો તેમનો પાક લઈ શકે તે માટે સરકારશ્રી તરફથી રાજકોટ જિલ્લાના કુલ ૩,૨૩,૨૭૭ જેટલા ખાતેદારો પૈકી દરેકની જમીનના નમૂના લઈ તેનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે અને તે પૈકી અત્યાર સુધીમાં ૧,૩૨,૪૪૬ જેટલા સોઈલ હેલ્થ કાર્ડ પણ તૈયાર થઈ ગયેલા છે. બાકીના સત્વરે તૈયાર કરવાની કાર્યવાહી અત્યારે ચાલી રહી છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : તેલિબિયાનું જે બિયારણ આપવામાં આવે છે એમાં રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવે છે કે કેમ અને જો આપવામાં આવતી હોય તો છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : તેલિબિયા પાક જેવા કે મગફળી, તલ, દિવેલા અને રાઈ જેવા પાકોમાં બીજ વિતરણ કેન્દ્રમાં ક્વિન્ટલ દીઠ ૧૨૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ખરીફ પાકમાં ૭૩૫૭ ક્વિન્ટલ માટે રૂપિયા ૩૪ લાખ ૫૪ હજાર આપવામાં આવી છે અને વર્ષ ૨૦૦૮-૦૯માં ૫૨૫૦૦ માટે રૂપિયા ૬૩ લાખ સહાય આપવામાં આવેલ છે.

## નવસારી જિલ્લાની સરકારી જમીન ઉપરના દબાણો દૂર કરવા બાબત

*૧૭૮૬૯ **શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી જમીન ઉપરના દબાણો હટાવાયા,
(૨) કેટલા ચોરસ મીટર જમીન ખુલ્લી થઈ, અને
(૩) આ જમીનની અંદાજીત કિંમત કેટલી થાય?

**મહેસૂલ મંત્રીશ્રી**

(૧) કુલ ૧૯૦ દબાણો દૂર કરવામાં આવ્યા.
(૨) ૧૮,૮૨,૨૭૫ ચો.મી. જમીન ખુલ્લી થઈ.
(૩) આ જમીનની અંદાજીત કિંમત રૂપિયા ૭,૧૧,૨૮,૩૮૩/- થાય છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવેલ છે કે નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૯૦ જેટલા દબાણો દૂર થયેલા છે. ખુલ્લી થયેલ જમીનની કિંમત લગભગ ૭ કરોડથી વધારે છે. મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ દબાણ દૂર કરવા માટે શું કાર્યવાહી કરવાની હોય છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : નવસારી જિલ્લામાં ૧૯૦ દબાણો દૂર કરીને ૧૮,૮૨,૨૭૫ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કરી જેની કિંમત રૂપિયા ૭,૧૧,૨૮,૩૮૩ થાય છે. આમાં જે કાર્યવાહી કરવામાં આવે છે એમાં એવું

છે કે સરકારી જમીન ઉપર દબાણ હોય તો પહેલા મામલતદાર દ્વારા દબાણદાર હોય એને નોટિસ આપવામાં આવે છે અને નોટિસ પછી એને સાંભળવા માટેની તક આપવામાં આવે છે. દબાણદાર હોય એ પોતાના આધાર-પુરાવાઓ લઈને મામલતદાર સમક્ષ આવે છે અને જો જરૂર જણાય તો મામલતદાર પોતે સ્થળની તપાસ કરે છે અને જમીનની માપણી પણ કરાવી લેવામાં આવે છે અને દબાણ સાબિત થાય તો એનો ઊપજ દંડ લેવામાં આવે છે. ફરી દબાણ દૂર કરાવવા માટે જણાવવામાં આવે તો દબાણદાર પ્રાંત ઑફિસર પાસે જઈ શકે છે અને ત્યાં અન્યાય થતો હોય એવું લાગે તો એ કલેકટરશ્રી પાસે જઈ શકે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ મર્યાદિત પ્રશ્ન છે નવસારી જિલ્લા માટેનો છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ જવાબ ન આપે (અંતરાય)

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે ૧૮,૮૨,૨૭૫ ચો.મી. જમીન ખાલી કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રીને પૂછવું છે સરકારી જમીન પરના દબાણો ખાલી કરાવ્યા બાદ જમીનનો શું ઉપયોગ કરવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જમીનનો નિકાલ કરવા માટે શાળા રમતગમતના મેદાન અને વ્યાયામશાળા માટે આપવામાં આવે છે. ઘરથાળ માટેની જગ્યા આપવામાં આવે છે. કબ્રસ્તાન અથવા સ્મશાનગૃહ માટે જગ્યા આપવામાં આવે છે. ચરાળાની જગ્યા આપવામાં આવે છે. ઢોર માટે ગમાણ વગેરે બનાવવું હોય તો આપવામાં આવે છે. ખાતર માટે ખાડા ખોદવા હોય તો એ પણ આપવામાં આવે છે અને અન્ય વ્યકિતઓ કે સહકારી ગૃહ મંડળી કે સહકારી મંડળીઓને પણ ગોડાઉન બનાવવા માટે આ જમીનનો ઉપયોગ કરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લાના લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ**

*** ૧૭૯૦૨ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે.
(૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે,
(૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે,
(૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે અને
(૫) આ કેસોનો નિકાલ કયારે થશે?

**મહેસૂલ મંત્રીશ્રી** :

(૧) તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮ (૬) હેઠળના ૪૮ કેસોનો નિકાલ કરવાનો બાકી છે.
(૨) શૂન્ય
(૩) શૂન્ય
(૪) ૩ થી ૬ માસના - ૧૮
૩ માસથી નીચેના - ૩૦
(૫) કેસોના નિકાલમાં અર્ધન્યાયિક પ્રક્રિયા અનુસરવાની હોવાથી ચોકકસ સમયમર્યાદા આપવી શકય નથી.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય જનજીવનને સ્પર્શાતા મહેસૂલ વિભાગ લગભગ રાજયની અંદર અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા હાલમાં જે ઝડપે અરજીઓનો, તુમારોનો, અપીલોનો નિકાલ થઈ રહયો છે એ બદલ હું આરદણીય બહેનશ્રીનો તેમમજ મારા મહેસાણા જિલ્લાના વહીવટી વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે ત્રણથી છ માસની મુદતના કેસો હાલ કયા સ્ટેજે છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષ ઉપરના કોઈ કેસ બાકી નથી. છ થી બાર માસના કોઈ કેસ બાકી નથી. ત્રણથી છ માસના અઢાર કેસો બાકી છે. એમાં અઢાર કેસમાંથી એક કેસનો નિકાલ તા. ૧૫-૨-૧૧ ના રોજ કરી દીધેલો છે. સોળ કેસોમાં સુનાવણી પુરી થઈ ગઈ છે અને ઠરાવ ઉપર મેટર બાકી છે અને એક કેસમાં તા. ૨૮-૨-૧૧ ની મુદત હતી પરંતુ સામેવાળા હાજર ન રહેતા તા.૧૦-૩-૧૧ ની મુદત એમને આપવામાં આવી છે અને આ બધા જ કેસોમાં ખાસ કરીને કડીના ઈન્દ્રાલ ગામના બધા જ કેસો છે એટલે તાત્કાલિક એનો નિકાલ આપણે કરી શકીશું અને બે વિજાપુરના કેસ છે અને બે મહેસાણાના કેસ છે.

**શ્રી કાંતિભાઈ રા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કયા પ્રકારના કેસો રૂલ્સ -૧૦૮/૬ નીચે લાવવાના થાય છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, લેન્ડ રેવન્યુ રૂલ્સ -૧૦૮/૬ નીચે જમીનની વારસાઈ, વહેંચણી, બોજો, તબદીલી, વેચાણ, બક્ષીસ, શરતફેર, વિનિમય, વિનિયમ વગેરે બાબતે પડેલ ફેરફાર નોંધ સામે

થયેલ રિવિઝન અરજીના કેસો ચલાવવાના હોય છે. ગુજરાત જમીન મહેસૂલ નિયમ- ૧૯૭૨ના નિયમ-૧૦૮/૫ મુજબ જમીન અંગે પડેલ ફેરફાર નોંધ અથવા કરેલ હુકમ સામે પક્ષકારોને નાયબ કલેકટર સમક્ષ અપીલ કરવાની જોગવાઈ છે. ત્યારબાદ નાયબ કલેકટરના હુકમ સામે નિયમ-૧૦૮/૬ હેઠળ કલેકટરશ્રીને રિવિઝન કરવાનો અધિકાર છે. આ રિવિઝન અધિકાર હેઠળ કલેકટર નિયમ-૧૦૮/૬ હેઠળ કેસ ચલાવી તેમનો નિર્ણય જાહેર કરે છે. કલેકટરશ્રીના ૧૦૮/૬ હેઠળના કરેલ હુકમ સામે નિયમ-૧૦૮/૬/ક હેઠળ સચિવશ્રી (વિવાદ) સમક્ષ ફેરતપાસ અરજી દાખલ થઈ શકે છે.

**જુનાગઢ જિલ્લામાં ખેડૂતોને ટ્રેકટર સહાયનો લાભ**

*** ૧૭૯૩૭ શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ટ્રેકટર સહાય માટે તાલુકાવાર કેટલી અરજીઓ સરકારને મળી.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ટ્રેકટર સહાય માટે તાલુકાવાર નીચે મુજબ કુલ ૧૪૩૦ અરજીઓ મળી.

(૨)

| અ.નં | તાલુકાનું નામ | તા:૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ | તા:૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ |
|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૪૭ | ૧૬૩ |
| ૨ | જુનાગઢ | ૩૦ | ૮૮ |
| ૩ | કેશોદ | ૪૫ | ૩૫ |
| ૪ | કોડીનાર | ૨૦ | ૯૨ |
| ૫ | માળીયા | ૩૪ | ૫૯ |
| ૬ | માણાવદર | ૫૫ | ૮૫ |
| ૭ | માંગરોળ | ૨૩ | ૨૯ |
| ૮ | મેંદરડા | ૨૨ | ૪૦ |
| ૯ | વેરાવળ | ૨૪ | ૪૮ |
| ૧૦ | સુત્રાપાડા | ૨૧ | ૨૯ |
| ૧૧ | તલાલા | ૧૫ | ૪૦ |
| ૧૨ | ઉના | ૩૫ | ૮૪ |
| ૧૩ | વંથલી | ૨૧ | ૪૭ |
| ૧૪ | વિસાવદર | ૫૮ | ૧૪૧ |
| | કુલ | ૪૫૦ | ૯૮૦ |

(૨) તે પૈકી નીચે મુજબ કુલ ૨૧૮ અરજીઓ મંજૂર કરી.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ તા:૧-૧-૨૦૦૯થી ૩૧-૧૨-૨૦૦૯ | મંજૂર કરેલ અરજીઓ તા:૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ |
|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૨૧ | ૧૯ |
| ૨ | જૂનાગઢ | ૧૧ | ૦૯ |
| ૩ | કેશોદ | ૦૫ | ૦૩ |
| ૪ | કોડીનાર | ૦૨ | ૦૫ |
| ૫ | માળીયા | ૦૩ | ૦૪ |
| ૬ | માણાવદર | ૧૪ | ૧૭ |

| | | | |
|---|---|---|---|
| ૭ | માંગરોળ | ૦૪ | ૦૯ |
| ૮ | મેંદરડા | ૦૫ | ૦૫ |
| ૯ | વેરાવળ | ૦૫ | ૦૨ |
| ૧૦ | સુત્રાપાડા | ૦૫ | ૦૧ |
| ૧૧ | તલાલા | ૧૨ | ૦૪ |
| ૧૨ | ઉના | ૦૩ | ૦૪ |
| ૧૩ | વંથલી | ૦૩ | ૦૮ |
| ૧૪ | વિસાવદર | ૨૬ | ૦૯ |
| | કુલ | ૧૧૯ | ૯૯ |

(૪) ખંડ (૨) ની વિગતે તાલુકાવાર ૨૧૮ ખેડૂતોને લાભ આપવામાં આવ્યો.

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : પ્રશ્ન નં.૨ માં સુધારો છે. ક્રમાંક ૧૩ માં વંથલી તાલુકાની અરજી આવેલ હતી એમાં મંજૂર કરેલ ૪ની જગ્યાએ ૮ સમજવી.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં ટ્રેક્ટરની કેટલી ફાળવણી થઈ અને કેટલી સિદ્ધિ થઈ? ખેડૂતોને ટ્રેક્ટર સહાય ઝડપથી મળી રહે તે માટે રાજ્ય સરકારે કોઈપણ વિશેષ પ્રયાસ કરેલ છે કે કેમ? જો હા તો તેની વિગત શું છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : જૂનાગઢ જિલ્લામાં ટ્રેક્ટરની ફાળવણી માટેની માગણી ૨૦૦૭-૦૮ માં ૩૭૮ આવેલી એમાં લક્ષ્યાંક ૧૦૧ નો હતો. મંજૂર અરજી ૧૦૧ કરવામાં આવી. ૨૦૦૮-૦૯ માં ૩૯૬ અરજીઓ આવેલી, લક્ષ્યાંક હતો ૧૦૦ અને ૧૦૦ મંજૂર કરવામાં આવી. એવી રીતે ૨૦૦૯-૧૦ માં મળેલ અરજીઓ ૪૩૦ એની સામે લક્ષ્યાંક હતો ૧૧૯ અને મંજૂર પણ ૧૧૯ કરવામાં આવી. સભ્યશ્રીઓ બીજો પ્રશ્ન છે કે સહાય, તો રાજ્ય સરકારે આ માટે રાજ્ય યોજનામાં આગામી ૨૦૧૧-૧૨ માં રૂપિયા ૩૫ કરોડની જોગવાઈ કરેલ છે. પરિણામે ખેડૂતોને ટ્રેક્ટર સહાય ઝડપથી મળી રહે એ માટે કેન્દ્ર સરકાર તરફથી સીમિત લક્ષ્યાંક મળતો હોય રાજ્ય સરકારે એટલા માટે વધારે ૩૫ કરોડની જોગવાઈ આ વર્ષે કરી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પ્રશ્ન નં.૨ ના જવાબમાં ૨૧૮ અરજીઓ મંજૂર કરવામાં આવી. તો માનનીય મંત્રીશ્રી પાસેથી જે રાજ્યની અંદર જેટલીઓ અરજીઓ આવે તે તમામ અરજીઓ મંજૂર કરવા માટેનું કોઈ આયોજન કરવા માગો છો કે નહિ?

**શ્રી દિલીપ સંઘાણી** : ટ્રેક્ટર આપવાની યોજના વર્કપ્લાન મુજબ સંપૂર્ણ કેન્દ્ર સરકારની છે. બાવકુભાઈની લાગણી સાથે સંમત છું. છેલ્લાં બે વર્ષથી જેટલી માગણીઓ આવે અને તે પૂર્ણ કરવા માટે રાજ્ય સરકાર તરફથી કેન્દ્રને વારંવાર રજૂઆત કરેલ છે, પણ આનો પ્રત્યુત્તર નહિ મળતા આ વખતે પહેલી વખત રાજ્ય સરકારે બજેટમાં રાજ્ય સરકારની પોતાની યોજનામાંથી ૩૫ કરોડ જેવી રકમની જોગવાઈ કરી છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ટ્રેક્ટર સહાય મેળવવા માટે કયા કયા સાધનિક કાગળોની જરૂર પડે છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : સૌ પ્રથમ અરજદારની અરજીઓ સ્વીકારવામાં આવે છે. જેમાં અરજી સાથે ૭/૧૨ ની અને ૮-અ ની નકલ અને ક્વોટેશનની નકલ સામેલ રાખવામાં આવે છે. ત્યારબાદ સિનિયોરિટી ક્રમાંક પ્રમાણે નિયત સમય મર્યાદામાં મંજૂરી આપવામાં આવે છે અને સમય મર્યાદાની અંદર સાધનિક કાગળો રજૂ કરવામાં આવે છે જે નીચે મુજબ આપેલાં છે. પ્રાથમિક મંજૂરીની નકલ, કબુલાત નામું, બાંહેધરી પત્રક, બૅન્ક ખાતાના પાસબુકની નકલ, સહાયનાં નાણાં રૂપિયા ૪૫,૦૦૦ ની એડવાન્સ સ્ટૅમ્પ રસીદ, ટ્રૅક્ટર ખરીદીના બિલની નકલ, ટ્રૅક્ટર ખરીદીનાં નાણાં ભર્યાની રસીદ અને ચુકવેલ રકમની નકલ, આર.ટી.ઓ. પ્રમાણપત્ર નકલ, આર.સી. બુક, વીમાની નકલ આટલી વસ્તુઓ સાથે જોડવામાં આવે છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટોટલ ૧૪૩૦ અરજીઓ જૂનાગઢ જિલ્લામાં આવેલી છે. એમાંથી બે વર્ષના સમયગાળામાં ખાલી ૨૧૮ અરજીઓની સહાય ચુકવવામાં આવેલ છે. બાકીની અરજીઓની સહાય નહિ ચુકવવાનાં શાં કારણો છે? કઈ કંપનીના ટ્રૅક્ટર ઉપર સહાય ચુકવવામાં આવે છે. કઈ કંપનીના ટ્રૅક્ટર કઈ એજન્સી પાસેથી ખરીદવામાં આવેલ છે?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી,મેં હમણાં જ જવાબ આપ્યો તેમ આ યોજના સંપૂર્ણ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. કેન્દ્ર સરકાર તરફથી અલગ અલગ રાજયોને ફાળવવામાં આવે તેમાં આખા રાજયમાં જે ફાળવવામાં આવે છે તેમાં આપણા રાજયમાંથી જિલ્લાદીઠ જે માગણીઓ હોય તેના સપ્રમાણમાં માગણીઓના

આધારે દરેક જિલ્લાને ફાળવવામાં આવે છે. આ માગણીઓને પૂર્ણ રીતે ફળવાય અને કોનું ટ્રેકટર ખરીદવું તેનું લીસ્ટ કેન્દ્ર સરકાર તરફથી કઈ કઈ કંપનીના ટ્રેકટર માન્ય છે તેનું આપવામાં આવે છે અને તેમાંથી જ ખેડૂતો પૂર્વ મંજૂરી, અને કોને આપી શકાય તે કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન છે. તેમાં સૌ પ્રથમ અરજી હોવી જોઈએ, તે અરજી કર્યા પછી તેની પૂર્વ મંજૂરી મળવી જોઈએ અને તે મળ્યા પછી ટ્રેકટર ખરીદે, પછી આર.ટી.ઓ.માં પાસીંગ કરાવે અને ત્યારપછી વધુમાં વધુ ૪૫ હજાર રૂપિયાની સહાય અથવા તો ૫૦ ટકાની સહાય આપવાની યોજના છે. જેમ રાજય સરકાર તરફથી પણ રાજયની આવડી મોટી માગણીના ૨૦ ટકા જેટલી પણ માગણીઓ સ્વીકારાતી નથી તો વધારે સ્વીકારવા માટે એક કરતાં અનેક વખત અધિકારી કક્ષાએ અને મારી કક્ષાએથી લખવામાં આવેલ છે. તે મંજૂરી વધારે નહીં મળતાં પહેલી વખત બજેટમાં આ વખતે ૩૫ કરોડ રૂપિયા ખેડૂતોની માગણીને પહોંચી વળવા માટે આપવાનો પ્રયત્ન કર્યો છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે જવાબ માગ્યો છે તે માનનીય મંત્રીશ્રીએ આપ્યો નથી. મેં પ્રશ્ન પૂછયો છે કે કંઈ કંપની પાસેથી ખરીદવામાં આવ્યા છે, કંઈ કંપનીનું ટ્રેકટર છે અને કઈ એજન્સી પાસેથી ખરીદવામાં આવ્યા છે? એ તો વિગત ગુજરાત સરકાર પાસે હોવી જોઈએ..

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કયું ટ્રેકટર ખરીદવું તે ખેડૂતનો અધિકાર છે. તેમાં રાજય સરકાર કોઈ ઈન્સીટ કરતું નથી. ખેડૂતોનો અધિકાર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ સભ્યશ્રીનો એટલો છે અને માત્ર એક જિલ્લા પૂરતો મર્યાદિત છે. સવાલનું સ્કોપ લીમીટેડ છે. માનનીય નીતિનભાઈ તે જવાબ આપશે. મારો જવાબ નહીં આવે. આપણા મારફતે જાણવું છે અને આ એક જિલ્લાનો પ્રશ્ન છે, લિમિટેડ અરજીઓ છે. સભ્યશ્રીને સંતોષ થાય. વિગત આપની પાસે હશે. કઈ કઈ કંપનીના કઈ એજન્સી મારફતના આ ટ્રેકટરો છે? જો વિગત હોય તો આપ આપો અને ન હોય તો મેજ પર મૂકશો તો પણ સંતોષ થશે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કયું ટ્રેકટર ખરીદવું તે ખેડૂતને પોતાને અધિકાર છે. એટલા માટે ૨૧૮ કઈ કંપનીના ખરીદયા આ વિગતો આમાંથી ઉત્પન્ન થતી નથી. પણ માનનીય સભ્યશ્રીએ જરૂરિયાત છે તો હું જે તે જિલ્લાના ખેતીવાડી અધિકારીને કહીશ કે તેની વિગતો તેમને વ્યકિતગત પહોંચાડી આપશે.

**વિરપુર તાલુકાની લાવરી નદી પરનો પૂલ પહોળો કરવા બાબત**

*** ૧૭૪૧૭ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) ખેડા જિલ્લાના વિરપુર તાલુકાની લાવરી નદી ઉપરનો સાંકડો પુલ પહોળો કરવા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને

(૨) આ પુલ પહોળો કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:-**

(૧) કોઈ નહીં.

(૨) હાલમાં આયોજન નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડા જિલ્લાના વિરપુર તાલુકામાં લાવરી નદી બંને છેડે એટલે કે પૂર્વ અને પશ્ચિમ બંને છેડે આવેલી છે. જવાબ આપ્યો છે કે બે વર્ષમાં કોઈ ફરિયાદ મળી છે કે કેમ? તો કોઈપણ ફરિયાદ મળી નથી. અગાઉ પણ આ નદી ઉપર એક પહોળો પુલ બનાવવામાં આવ્યો છે. એટલા માટે કે વિરપુરના ડર ગામ છે અને ચોમાસામાં પુષ્કળ પૂર આવે ત્યારે પંદર વીસ દિવસ સુધી તે રસ્તો બંધ રહે છે અને શાળા કોલેજના વિદ્યાર્થીઓ સ્કૂલ/કોલેજમાં જઈ શકતા ન હતા. તેથી વધારે મામલતદાર કચેરીમાં આ લાવરી નદીમાં પુલ નહીં બાંધવાને કારણે પાણી ઘૂસી ગયું હતું અને તેનું રેકર્ડ ખલાસ થઈ ગયું હતું. તો તે વખતે આ રજૂઆત થયેલી અને અધિકારીઓએ જોયેલ કે લાવરી નદીના બંને છેડે પુલ બાંધવા જોઈએ. એક પુલ પહોળો બન્યો છે અને બીજો સાંકડો છે અને આ સાંકડા પુલને લીધે અનેક અકસ્માતો થાય છે અને વાહનોને લાઈનમાં ઉભા રહેવું પડે છે. ત્યારે મંત્રીશ્રી આ અંગે પુન:વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગેની રજૂઆત સરકારશ્રીના ધ્યાને આજદિન સુધી આવી નથી. પરંતુ માનનીય સભ્યશ્રીની લાગણી છે અને લાવરી નદી ઉપરનો હાલનો પુલ સારી સ્થિતિમાં છે, તેના ઉપર વાહન વ્યવહાર સારી રીતે કાર્યરત છે. વાહન વ્યવહારમાં મુશ્કેલી પડી હોય તેવી કોઈ ફરિયાદ આજદિન સુધી મળેલ નથી. તેમ છતાં માનનીય સભ્યશ્રીની લાગણીને માન આપી મારા વિભાગના અધિકારીશ્રીઓ દ્વારા ચકાસણી કરાવી તેનો અહેવાલ આવ્યા બાદ યોગ્ય નિર્ણય સરકાર કરશે.

**શ્રી કનુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, લાવરી નદી પરના સાંકડા પુલની હાલની સ્થિતિ કેવી છે તથા તે વાહન વ્યવહાર અને અવરજવર માટે યોગ્ય છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં કહ્યું એમ લાવરી નદી ઉપરનો પુલ હાલમાં સારી સ્થિતિમાં છે, અત્યાર સુધી સરકારમાં એની કોઈ રજૂઆત મળી નથી પણ જ્યારે આ સન્માનનીય ગૃહમાં આજે માનનીય સભ્યશ્રી માનસિંહભાઈ અને માનનીય સભ્યશ્રી કનુભાઈની જે રજૂઆત છે એને ધ્યાનમાં લઈને જેટલું વહેલું બને એટલું અધિકારીઓને આ સ્થળ ઉપર મોકલી અને એમનો રિપૉર્ટ આવ્યા પછી અમે એને ગંભીરતાપૂર્વક વિચારી અને યોગ્ય નિર્ણય લઈશું.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે લાવરી નદી ઉપરનો આ સાંકડો પુલ ક્યારે બાંધવામાં આવ્યો હતો?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, લાવરી નદી ઉપરનો પુલ આજની લગભગ ૬૧ વર્ષ પહેલાં છેલ્લે ૧૯૫૦માં બનેલો.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : સન્માનીય યુવા અધ્યક્ષશ્રી, આપના મારફતથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ સૂચિત નવો પુલ મંજૂર કરવામાં આવે તો કયા કયા ગામોની કેટલી વસતીને આનો લાભ મળે એમ છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ પુલથી અત્યારે અવરજવરની વ્યવસ્થા છે જ, આ પુલ ઉપરથી જે અવરજવર કરે છે એ ગામોમાં કુલ તેર ગામ છે જેની વસતી ૪૨૫૪૨ની છે. જેમાં વીરપુર ગામની વસતી ૮૫૯૪ છે, રસુલપુર ગામની વસતિ ૧૩૬૧ છે, ટેબાલી ગામની વસતી ૪૩૯૬ છે, ગુંદણવાડી ગામની વસતી ૨૬૨૯ છે, નકશાળી ગામની વસતિ ૧૧૫૪ છે, સદાવીયા ગામની વસતિ ૫૪૨૦ છે, વડોદરા ગામની વસતિ ૧૮૩૩ છે, બારગામની વસતિ ૫૦૮૧ છે, જોધપુર ગામની વસતિ ૨૦૭૧ છે રતનકુવા ગામની વસતિ ૧૧૧૭ છે, આજુદોડિયા ગામની વસતિ ૯૬૯ છે. કોરીડેમની વસતિ ૪૩૮૧ છે અને લીંબરવાડા ગામ જેની વસતિ ૩૫૫૬ છે આમ કુલ ૪૨૫૪૨ની વસતિ ધરાવતા લોકોને આ થાય તો એનાથી લાભ થાય એમ છે.

**જંબુસર તાલુકામાં સેઝ હેઠળ ફાળવાયેલ જમીન**

*** ૧૭૪૧૯ શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સેઝ હેઠળ કઈ કઈ ફૅક્ટરીઓને કેટકેટલી જમીન શા ભાવે ફાવળવામાં આવી, અને

(૨) તે અન્વયે સ્ટર્લિંગ સેઝ કંપનીને કયા જંત્રી રેટથી કેટલી જમીન ફાળવી ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) સ્ટર્લિંગ ઈરેકશન એન્ડ ઈન્ફાસ્ટ્રકચર લી.ને સેઝ માટે સારોદ ગામની હે. ૫૭૭-૪૭-૧૭ ચો.મી. જમીન પ્રતિ ચો.મી.ના રૂા. ૫૭/-ના ભાવે અને વલીપોર ગામની હે. ૬૮૫-૫૩-૦૦ ચો.મી. જમીન પ્રતિ ચો.મી.ના રૂા. ૪૦/-ના ભાવે ફાળવી.

(૨) આ જમીન જંત્રીના ભાવે નહીં પરંતુ રાજય મુલ્યાંકત સમિતિ દ્વારા નક્કી થયેલ ભાવે જમીન ફાળવી.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ભરૂચ જિલ્લામાં જંબુસર તાલુકામાં જેને જમીન આપવામાં આવેલ છે એમાં સારોદ ગામની હે. ૫૭૭-૪૭-૧૭ ચો.મી. રૂપિયા ૫૭ના ભાવે આપી છે તે સમયે જંત્રીના શું ભાવ હતા અને રાજય મુલ્યાંકન સમિતિના દર શા હતા ? મારો પ્રશ્ન નંબર બે એ છે કે, વલીપોર તાલુકા જંબુસરમાં આવેલી હે. ૬૮૫-૫૩-૦૦ ચો. મી. રૂપિયા ૪૦ના ભાવે આપી છે તે સમયે જંત્રીના દર શા હતા અને રાજય મુલ્યાંકન સમિતિના દર શા હતા? માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક-૩ છે કે, મને કહેતાં દુ:ખ થાય છે કે જંબુસર તાલુકાના ઉદેર ગામની જમીન સૌથી વધારેમાં વધારે આપવામાં આવી છે પણ એની વિગત આ જવાબની અંદર આપવામાં આવી નથી એટલે માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, બ્લોક નંબર અને સર્વે નંબર ૧૫૫૯, ૧૫૫૧, ૧૩૮૩ અને ૧૬૦૩ સરવે નંબરની જે જમીન છે એ કયા વર્ષે કોને આપવામાં આવી અને અત્યારે કબજો કોની પાસે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જંબુસર તાલુકામાં સ્ટર્લીંગ ઈરેકશન એન્ડ ઈન્ફાસ્ટ્રકચર લી.ને સેઝ માટે સારોદ ગામની ૫૭૭ હેકટર અને ૪૭ આરે અને ૧૭ ચો.મી. જમીન ૫૭ રૂપિયાના ભાવે આપી અને એ સમયે સારોદની જમીનની જંત્રીની કિંમત ૪૯૫ રૂપિયા હતી અને વલીપોર ૨૨૦ રૂપિયા હતી. વલીપોર ગામની ૬૮૫ હેકટર અને ૫૩ આરે જમીન પ્રતિ ચો.મી.ના રૂા. ૪૦ના ભાવે આપી અને આ જે જમીનો અપાઈ છે તે જિલ્લા મુલ્યાંકન સમિતિ અને રાજય મુલ્યાંકન સમિતિ દ્વારા નિશ્ચિત થાય છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, જે જમીનો જે કંપનીને આપી છે એમાં જવાબ છે કે, રાજયની મૂલ્યાંકન સમિતિ દ્વારા નક્કી થયેલ છે. તો આ રાજયની મૂલ્યાંકન સમિતિ કોના નેજા હેઠળ રચવામાં આવી છે, અને એના સભ્ય કોણ કોણ છે? આ જે જમીન આપવામાં આવી છે એ ૪૦ રૂપિયાના ભાવે અને ૫૭ રૂપિયાના ભાવે આપી છે. બીજો મારો પ્રશ્ન એ છે કે, આજની જે પ્રશ્નોતરી છે એમાં જે જમીનો આપી છે કંપનીઓને એ ૧૦૦૦ રૂપિયા ઉપરના ભાવથી આપી છે તો આવા ભાવના તફાવત શા માટે રાખવામાં આવ્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જમીનના મૂલ્યાંકન માટે રાજય સરકારે ખાસ પધ્ધતિ નક્કી કરી છે. જિલ્લા કક્ષાએ જિલ્લા મૂલ્યાંકન સમિતિ મૂલ્યાંકન નક્કી કરે છે જેમાં કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર હોય છે. ટાઉન પ્લાનર છેલ્લા એક વર્ષના અને એકથી દોઢ કિલોમિટરની ત્રિજીયાના સરખામણી કરવા પાત્ર વેચાણ વ્યવહારો ધ્યાને લઈ સરેરાશ કિંમત નક્કી કરે છે. જમીનને મળતા રસ્તાઓની પહોળાઈ, નજીકના વિસ્તારોમાં આકાર લઈ રહેલા મોટા પ્રોજેક્ટ, જમીન મહાનગરપાલિકા, નગરપાલિકા કે ગ્રામ્ય વિસ્તારની છે, ટાઉન પ્લાનિંગ વિસ્તારની છે કે વિસ્તાર બહારની છે, ક્યા ઝોનમાં આવેલી છે, જમીનનું ખેતી કે બિન ખેતી માટે મૂલ્યાંકન કરવાનું છે, કુદરતી પરિબળોને કારણે જમીન અસર પામેલ છે જેમ કે ડુંગરાળ, ખાડા-ટેકરાવાળી, માનવસર્જીત પરિબળો જેવા કે, કેનાલ, હાઈટેન્શન ઈલેકિટ્રક લાઈન, એરપોર્ટ, રેલવે લાઈન, રીબન ડેવલપમેન્ટ રૂલ્સ વગેરેને કારણે જમીન ઉપયોગમાંથી છોડી દેવીપડતી હોય તે તમામ પરિબળો ધ્યાને લઈ આવી સરેરાશ કિંમત ઉપર ટાઉન પ્લાનર જમીનની કિંમત તૈયાર કરી જિલ્લા મૂલ્યાંકન સમિતિ સમક્ષ રજૂ કરે છે અને જિલ્લા મૂલ્યાંકન સમિતિ એનું મૂલ્યાંકન કરે છે આવું મૂલ્યાંકન ૫૦ લાખથી વધુ હોય તેવા કિસ્સામાં મુખ્ય નગરનિયોજકના અભિપ્રાય સાથે રાજય મૂલ્યાંકાન સમિતિમાં રજૂ કરવામાં આવે છે અને મૂલ્યાંકન આખરી કરવામાં આવે છે. રાજય મૂલ્યાંકન સમિતિમાં અધિક મુખ્યસચિવશ્રી નાણાં, અધિક મુખ્ય સચિવશ્રી શહેરી વિકાસ, અગ્ર સચિવશ્રી મહેસુલ, સચિવશ્રી જમીન સુધારણા સભ્ય તરીકે હોય છે અને રાજય મૂલ્યાંકન સમિતિ દ્વારા આખરી થયેલું મૂલ્યાંકન જો એક કરોડ કરતાં વધારે હોય તો જ કેબિનેટમાં આવે છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મારા ત્રીજા પ્રશ્નનો જવાબ નથી મળ્યો એ કુબેર તાલુકો જંબૂસરની જે જમીન ગઈ છે એમાં બ્લોક નંબર આપને મેં કહ્યા છે એ પ્રમાણે ૧૫૫૯, ૧૩૮૩ અને ૧૯૦૬ આ બ્લોક નંબર છે એ બ્લોક નંબર અત્યારે કોની પાસે છે, એનો કબજો કોની પાસે છે, કયા વર્ષમાં આપવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં આવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમાં સેઝનું પૂછ્યું છે અને સેઝ અંગેની માહિતી મેં આપી છે. સેઝ સિવાય કોઈને જમીન અપાઈ હોય તો એ અહીં મારી પાસે જવાબ ન હોઈ શકે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ માત્ર ભરૂચ જિલ્લાના જંબૂસર તાલુકાના સેઝ હેઠળની જમીનમાં માત્ર સ્ટર્લિંગ ઈરેક્શનને આપેલી છે. માનનીય સભ્યશ્રીને સંતોષ થાય એ રીતનો જવાબ કદાચ મંત્રીશ્રી પાસે અત્યારે ન હોય તો આટલા બ્લોકની તપાસ કરીને કાં મેજ ઉપર મૂકવી જોઈએ કાં તો પ્રશ્ન મુલતવી રાખવો જોઈએ. સભ્યશ્રીને પહોંચાડવા સુધીનું ઔચિત્ય પણ જો માનનીય મંત્રીશ્રી ન દાખવતા હોય તો માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોતરીમાં અમારા સમયનો અમારા પ્રશ્નનો જવાબ કેવી રીતે મળ્યો ગણાય?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર સેઝમાં કેટલી જમીન અપાઈ છે, કઈ કંપનીને અપાઈ છે એજ પ્રશ્ન છે. કેટલાય બ્લોક એની અંદર હોઈ શકે અને એમાં જે જમીન અપાઈ છે કેટલા હેકટર અપાઈ છે એનો જવાબ મેં આપી દીધો છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, જે કંપનીઓને આ જમીન આપવામાં આવી છે તેમાં અત્યાર સુધીનું કેટલું કામ થયું છે, કેટલું મૂડી રોકાણ થયેલું છે અને કેટલી રોજગારી મળેલ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કંપનીએ અત્યાર સુધીમાં ફાળવેલ જમીન ઉપર એપ્રોચ રોડ, કંમ્પાઉન્ડ વોલ, અન્ડર ગ્રાઉન્ડ વોટરસંપ, હેડ વોટરટેંક, ઉદ્યોગોને પાણી પૂરું પાડવા માટેની પાવર સિસ્ટમ, કન્સ્ટ્રકશન પાવર લાઈન, સુએજ કનેકશન, નેટવર્ક, પાવર સ્ટેશન, કસ્ટમ સિક્યોરીટી બિલ્ડીંગનું મકાન વગેરે કરવામાં ૩૮૯ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. આમ, ૩૮૯ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ કરી દીધું છે અને એણે જે પ્રાયમરી કામ કરવાનું છે એ કામ એણે પૂરું કરી દીધું છે.

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય મંત્રીશ્રીને હું પુછવા માગું છું કે, સારોદ અને વલીપુર ગામની જમીનો સ્ટર્લીંગ ઈરેકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લી., ને કયા હેતુ માટે ફાળવેલી છે અને આ ફાળવેલી જમીનો પૈકી સરકારી હેડે ગૌચર, ગામતળ કે ખરાબાની જમીન કેટલી અને આ જમીનો જંતરીથી આપવી કે મૂલ્યાંકન સમિતિથી આપવી કે સંપાદનથી આપવી એ સર્વગ્રાહી નીતિ કોણ નક્કી કરે છે, કયા નિર્ણયથી લેવાય છે? એકને ગોળ અને બીજાને ખોળ આવી નીતિ કેમ અપનાવવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ:** જમીનની કિંમત કેવી રીતે ગણવી એની જે લાંબી પ્રોસેસ છે એની માહિતી મેં આ સભાગૃહના ધ્યાન પર મૂકી દીધી છે અને જે જમીન છે એમાં કયા પ્રકારની મુશ્કેલીઓ છે એ બધું જોવામાં આવે છે અને ત્યારપછી જિલ્લા મૂલ્યાંકન સમિતિ એનો ભાવ નક્કી કરતી હોય છે. આ જે જમીન છે તે માત્ર સરકારી જ જમીન છે એમાં ગૌચર કે ગામતળ વિગેરેની કોઈ જમીન આવેલી નથી.

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની જરૂરિયાત**

***૧૭૬૩૦ શ્રી લાલસિંહ ઉ. વડોદીયા (ઉમરેઠ) માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે:-

(૧) સન ૨૦૧૦-૧૧માં પ્રાથમિક શાળામાં ધોરણ-૮નો સમાવેશ થતાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા વર્ગોની જરૂરિયાત ઉભી થશે,

(૨) સરકાર દ્વારા નવા વર્ગો બનાવવાની શું યોજના બનાવી છે,

(૩) ક્યાંસુધીમાં શાળા નવા ઓરડા બનાવી શકશે, અને

(૪) આ માટે સરકાર જિલ્લામાં કેટલો ખર્ચ કરવા માગે છે?

**શિક્ષણમંત્રીશ્રી**

(૧) પ્રાથમિક શાળામાં ધોરણ-૮નો સમાવેશ થતાં આણંદ જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર નવા વર્ગોની જરૂરિયાત ઉભી થશે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ગોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૦ |
| ૨ | ઉમરેઠ | ૧૧ |
| ૩ | બોરસદ | ૩૦ |
| ૪ | આંકલાવ | ૧૪ |
| ૫ | પેટલાદ | ૨૫ |
| ૬ | સોજીત્રા | ૦૭ |
| ૭ | ખંભાત | ૨૫ |
| ૮ | તારાપુર | ૨૫ |
| | ... કુલ ... | ૧૪૭ |

(૨) સરકારશ્રી દ્વારા હાલ ૧૦૩ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ માટે ૧૦૩ નવા વર્ગો બનાવવાનું બાંધકામ ચાલુ છે. ૨૯ વર્ગોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. જ્યારે ૧૫ પ્રાથમિક શાળાઓના કમ્પાઉન્ડમાં જમીન ઉપલબ્ધ ના હોવાથી ગામ આગેવાનો મારફત જમીન મેળવવાના પ્રયત્નો ચાલુ છે.

(૩) ૧૫ પ્રાથમિક શાળાઓમાં કમ્પાઉન્ડમાં જમીન ઉપલબ્ધ ના હોવાથી ગામ આગેવાનો મારફત જમીન મેળવવાના પ્રયત્નો ચાલુ છે, જે જમીન ઉપલબ્ધ થયેથી ઓરડા બાંધવામાં આવશે.

(૪) ધોરણ-૮ના પ્રતિ ઓરડાદીઠ રૂા.૪,૨૫,૦૦૦/ નો ખર્ચ કરવામાં આવશે.

શ્રી લાલસિંહ ઉ. વડોદીયા: માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પુછવા માગું છું કે, મારા ઉમરેઠ તાલુકામાં ૩૮ ગામો છે એમાં ધોરણ-૭ સુધીની કેટલી શાળાઓ છે એમાંથી ૧૧ જેટલી જગ્યાએ ઓરડાઓ બાંધવાની વાત છે તો બાકી રહેલી જગ્યામાં ક્યારે ઓરડાઓ બાંધવામાં આવશે બીજા પ્રશ્નનો જવાબ આપ્યો છે એમાં કહ્યું છે કે, જિલ્લામાં ૧૫ જગ્યાઓએ કમ્પાઉન્ડમાં જમીન નહિ હોવાના કારણે જમીન ઉપલબ્ધ થયેથી બાંધવાની વાત છે તો શાળાનું જે હયાત મકાન છે એના ઉપર બીજો માળ કરી ત્યાં ધોરણ-૮ના બાળકો બેસી શકે એવી વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ :** આણંદ જિલ્લામાં ઉમરેઠ તાલુકાનો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે, રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ, આ જિલ્લામાં ૧૪૭ જેટલા ધોરણ-૮ ના વર્ગો ચાલુ કરવામાં આવ્યાં છે. એમાંથી ૧૦૩ શાળાઓના વર્ગોનું બાંધકામ અત્યારે ચાલુ છે. ૨૯ જેટલા વર્ગોનું બાંધકામ પૂરું થયેલું છે અને બાકી રહ્યા ૧૫ એમાં ઉમરેઠ તાલુકાના ૧૧ ગામો છે એમાં બેચરી, ઘાટપુરા, અમીદપુરા, ખાખણપુર, ધૂળેટા, જાલાબોરડી, જાખલા, ઉંટખરી, દાગજીપુરા, ખોરવડ અને ધોરી આ ૧૧ ગામોની અંદર અત્યારે ઓરડાઓનું કામ થયેલ છે જે નથી થયાં એમાં એક ગામ છે જાલાબોરડી જેમાં ૩૩૧ જેટલા બાળકોની સંખ્યા છે ત્યાં શાળાના કમ્પાઉન્ડમાં જમીન ઉપલબ્ધ નથી એનો એક રૂમ હતો એ જુનો જર્જરિત થઈ ગયો છે એની મંજૂરી પણ આવી ગઈ છે. એ નિકાલ થયાં પછી ત્યાં ધોરણ-૮ ના વર્ગનો રૂમ બનશે. માનનીય ધારાસભ્યશ્રીઓને હું અપીલ નહિ પણ વિનંતી કરું છું કે, જે ૧૫ રૂમો બનતા નથી, જ્યાં કમ્પાઉન્ડમાં જગ્યા નથી તો ત્યાં ગામ લોકો પ્રયત્ન કરે છે. ગામના સરપંચ પ્રયત્ન કરે છે તો બાળકો એ આપણા બાળકો છે એની ચિંતા કરી તમે બધા પણ સહયોગ આપો અને તાલુકાઓના ટી.ડી.ઓ. પણ એમાં મદદ કરતાં હોય તો આપ જલ્દી મદદ કરો અને આ જ્યારે જમીનો પ્રાપ્ત થશે એટલે સત્વરે એ રૂમોનું બાંધકામ શરૂ કરવામાં આવશે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા:** માનનીય અધ્યક્ષશ્રી, એમાં ઉપર માળ બનાવીને બાળકોને ત્યાં બેસાડવાની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ અને હા તો કેટલા સમયમાં?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે, જમીન નથી ત્યાં તો જર્જરિત રૂમ થઈ ગયો હશે તો તેનો નિકાલ કરવા માટેની પ્રક્રિયા છે અને તેની અંદર ધારાસભ્યશ્રીઓ સહયોગ આપે. સત્વરે આ કામ ચોકકસ થશે એ જૂના જર્જરિત રૂમોનો નિકાલ થયા પછી નવાનું બાંધકામ પણ થશે. ગ્રાઉન્ડ ફલોર વત્તા એકની યોજના છે જ એ જર્જરિત રૂમોના નિકાલ પછી કરવામાં આવશે એટલા માટે હું આપને બધાને વિનંતી કરું છું કે આપ તેની અંદર સહયોગ આપો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણ છે તે આપણાં સૌની જવાબદારી છે અને તેના માટે નવા શાળાના રૂમો બાંધવાની પણ યોજના છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફતે પૂછવા માગુ છું કે આ જે શાળાના રૂમો બંધાય છે તેમાં ઘણી વખતે દરેક જિલ્લાઓમાં એવું નથી પરંતુ ઘણી વખત એવું બને છે કે તેમાં કમ્પાઉન્ડની જોગવાઈ રાખવામાં આવતી નથી. લાઈનમાં રૂમો હોવા જોઈએ તે પણ ઘણી જગ્યાએ હોતા નથી. ..અંતરાય.. મને ડિસ્ટર્બ ના કરો, હું પોલિટિકલી બોલીશ પછી મને કહેતા નહીં. (અંતરાય) મને બહુ સારી રીતે જવાબ આપતાં આવડે છે. આ જમીનો વાળવાનો પ્રશ્ન નથી આ શાળાના બાળકો માટેનો પ્રશ્ન છે. આ ભુજમાં થઈ શકે તો ભરૂચમાં પણ થઈ શકે એમ જરાક અહીંયા પણ કહેજો તમે. (અંતરાય) મને ખબર છે મારે કયાં જોઈને બોલવાનું તે મને ખબર છે પણ મારું ધ્યાન ત્યાં આકર્ષિત ના કરો . નહીંતર છે ને ઘણાંનું ધ્યાન આકર્ષિત લાઈવ કપડામાં થાય છે એટલે ઘણાંને પકડી લેવાય છે અને ઘણાંને નથી પકડાતાં.

**શ્રી વજુભાઈ વાળા** : તમારું આકર્ષણ થવાની પધ્ધતિ છે તે બંધ કરીને આ તરફ જ આકર્ષો. હવે આકર્ષણ વધવાના જ છે આપને.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ભુજમાં પકડી શકાયું પણ ત્યાં નથી પકડાતું મારે તે કહેવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ છે કે, માનનીય મંત્રીશ્રી આ બાબતે શાળાના રૂમો વ્યવસ્થિત બને તેનું કમ્પાઉન્ડ યોગ્ય રીતે, જે નિયમ પ્રમાણે છે તે પ્રમાણેનું થાય છે કે નહીં તેના માટેનું કોઈ ચેકલીસ્ટ બનાવવા માગે છે કે કેમ ? બધાની જવાબદારી છે આપે વાત કરી તેમ પણ ચેક લિસ્ટ હોય તો નવા જે આપણે મૂડીરોકાણો કરીએ છીએ તે ભૂતકાળની ઘણાં વર્ષો જૂની જે સ્કૂલો છે તેમાં કમ્પાઉન્ડ વોલ અને બધી જોગવાઈઓ હોય છે. નવી સ્કૂલોમાં કયાંક કયાંક આ ઝડપથી રૂમો બનાવવાની પ્રક્રિયામાં નથી થઈ શકતું તો એ કરવા માગો છો કે કેમ ?

બીજું સિન્ટેકસની વાત ઉખેડીએ તો તેમાં ઘણું બધું થાશે આપણે એમાં અત્યારે નથી પડવું. અત્યારે સિન્ટેકસવાળુ થાતું નથી એટલે હું મંત્રીશ્રીનો આભાર માનું છું. બીજો મારો પ્રશ્ન એ છે કે, આ જે ધોરણ ૮ના પ્રતિ ઓરડા દીઠ રૂપિયા ૪,૨૫,૦૦૦ જેટલો માતબર ખર્ચ કરવામાં આવનાર છે. તો આ જે જોગવાઈ છે તેમાં રાજય સરકારનો ફાળો કેટલો છે અને કેન્દ્ર સરકારનો ફાળો કેટલો છે ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન સારું છે અને તે પ્રમાણે જરૂરીથી વિભાગ તેમાં કામ કરશે જેથી જેટલી જગ્યા હોય તે પ્રમાણેના પૂરતાં રૂમો મળે. તેમણે કેન્દ્ર સરકારની ગ્રાન્ટની વાત કરી છે આ યોજના ચાલુ થઈ ત્યારથી અત્યાર સુધીમાં આ તબકકે ૬૫ ટકાનો હિસ્સો તે કેન્દ્ર સરકારનો હોય છે ૩૫ ટકાનો હિસ્સો તે રાજય સરકાર આપે છે. પરંતુ મારે એ વાત કહેવી છે કે, આખા દેશમાં ગુજરાત

એક માત્ર રાજય એવું છે કે આખા દેશમાં ધોરણ ૧ થી ૭ના તમામ શિક્ષકોનો પગાર કેન્દ્ર સરકાર ચૂકવે છે માત્ર ગુજરાતમાં ચૂકવાતો નથી. યુ. પી. માં ૨૪૮૬ કરોડ, બિહારમાં ૧૩૮૧ કરોડ, રાજસ્થાનમાં ૧૨૭૯ કરોડ મારા કહેવાનો મતલબ એ છે કે ગુજરાતમાં ૧ થી ૭ ધોરણમાં જે શિક્ષકો છે, એનો પગાર ચૂકવાતો નથી. આ એક વાત. બીજી વાત કે ઘણીબધી જગ્યાએ એની કેન્દ્ર સરકારની નીતિ પણ એ છે કે ૫ વર્ષમાં કેન્દ્ર સરકારની નીતિ પૂરી થઈ જાય છે. પરંતુ એડવાન્સમાં પ્લાનિંગ કર્યુ છે, તો તમને એનો ફાળો મળતો નથી. કેન્દ્ર સરકારની નીતિ છે, એ નીતિના કારણે.. (અંતરાય) હું જે કહી રહ્યો છું, એનો મતલબ એવો થયો કે આખા દેશમાં ગુજરાત સરકાર જેવી પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કંયાય નથી. એથી આગળ મારે કહેવું છે કે ધોરણ ૧થી ૭ના પાઠય પુસ્તકો આખા દેશની અંદર એની ગ્રાન્ટ ચૂકવાય છે. એક માત્ર ગુજરાત રાજયમાં એક પણ નવા પૈસાની ગ્રાન્ટ ચૂકવાતી નથી. એથી આગળ વધીને મારે કહેવું છે કે સર્વ શિક્ષા અભિયાનમાં જે ગ્રાન્ટ મળે છે, એ ગ્રાન્ટમાં શિક્ષકોને મળતા પગાર, પાઠય પુસ્તકો અંગેનો પગાર અને કુલ રકમના ૩૩ ટકા રકમ.. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ જોઈએ. મારો જવાબ પૂરો થયો નથી. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપનો જવાબ ટૂંકમાં આપો. (અંતરાય) એમનો જવાબ ટૂંકમાં સાંભળી લો.

**શ્રી રમણલાલ વોરા**: મારી વાત છે તે..(સતત અંતરાય) મારી વાત એ છે કે ગુજરાતમાં શિક્ષકોને પગાર ન આપો, ધોરણ ૧થી ૭ ના પાઠય પુસ્તકોની ગ્રાન્ટ પણ ન આપો, પરંતુ.... (સતત અંતરાય) સાહેબ, મરચાં લાગવા માંડયા. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (સતત અંતરાય) આપ બેસો. આપ બેસી જાઓ. આપ બેસો. (સતત અંતરાય) માનનીય મંત્રીશ્રી, આપની પાસે ફકત ઓરડા પૂરતી માહિતી હોય, એટલી જ માહિતી આપ આપો. માત્ર ઓરડા પૂરતી.

**શ્રી રમણલાલ વોરા**: માનનીય અધ્યક્ષશ્રી, મારો મૂળ પ્રશ્ન માત્ર ઓરડાઓ માટેનો છે. મારે એટલું કહેવું છે કે શિક્ષકોનો પગાર આપતા નથી, પાઠય પુસ્તકો અંગેની ગ્રાન્ટ મળતી નથી. સર્વ શિક્ષા અભિયાનમાં કુલ રકમના ૩૩ ટકા હિસ્સો અમને સિવિલ વર્ક માટે આપે છે. રાજય સરકારે અત્યાર સુધીમાં ૧૬,૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે એ મજરે આપવામાં આવતો નથી. અને સિવિલ વર્કના ઓછા રૂપિયા મળવાના કારણે ખૂટતા શાળાના ઓરડાઓ પૂરા થતા નથી. રાજય સરકારે પોતાની ગ્રાન્ટમાંથી ૧૮ હજાર કરતા વધારે શાળાના ઓરડાઓ કર્યા છે. રાજય સરકાર જયારે પોતાના બજેટમાંથી પુસ્તકો આપે, પોતાના બજેટમાંથી શિક્ષકોનો પગાર આપે, એ જ ગ્રાન્ટ જો સર્વ શિક્ષા અભિયાનમાં અપાય તો વધારે શાળાના ઓરડા આપણે કરી શકીએ, આટલી મારી પૂર્તતા છે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ. પ્રશ્ન ક્રમાંક ૯.

**ભરૂચ જિલ્લાના માર્ગોની કામગીરી બાબત**

*** ૧૭૩૭૫ શ્રી ઈકબાલ પટેલ(વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના ભરૂચ વાગરા-આમોદ તાલુકામાં દયાદરા અને દેરોલ વિલાયત જી.આઈ.ડી.સી.ને જોડતા એસાઈડ પ્રોજેકટ હેઠળના માર્ગની કામગીરી ખૂબ જ ધીમી ગતિએ થાય છે તે હકીકત સાચી છે?

(૨) આ રસ્તાનું કામ કયારે કેટલી રકમ સાથે કેટલા સમયમાં પૂર્ણ કરવાની મંજૂરી આપી, અને

(૩) આ કામ સત્વરે પૂર્ણ કરવા સરકારે શી કાર્યવાહી કરી?

**માર્ગ અને મકાન મંત્રી:**

(૧) (૨) અને (૩)

વન વિભાગ, ભારત સરકારની ઝાડ કાપવાની મંજૂરી તાજેતરમાં જ તા. ૧૦/૧/૧૧ ના રોજ મળેલ છે.

કામગીરી માર્ચ-૨૦૧૦થી શરુ કરી ૨૪ માસમાં રૂા. ૬૦૮૧ લાખના ખર્ચે કરારની સમય મર્યાદામાં પૂર્ણ કરવાની મંજૂરી આપેલ. કામગીરી શકય તેટલી વહેલી પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જી.આઈ.ડી.સી. વિલાયત અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનને જોડતા આ મહત્વના રસ્તાને ૧૨ મહિના પહેલા વર્કઓર્ડર આપવામાં આવ્યો છે. આ રસ્તા પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે કેવા પ્રકારનું આયોજન છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય તે માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નો રહ્યાં છે. અને પક્ષાપક્ષીથી પર રહીને સમગ્ર ગુજરાતનો વિકાસ થાય એ આ રાજય સરકારની નેમ છે. અમારી સરકારે આ વિસ્તારમાં લગભગ ૯૫૦૦ કરોડ ઉપરાંતના આ ૩ રસ્તા મંજૂર કર્યા છે. અત્યારસુધી આ ત્રણે ત્રણ રસ્તા પાછળ ૧૦૧૨.૮૨ નો ખર્ચ આ રસ્તાઓ ઉપર અમારી રાજય સરકારે કર્યો છે અને જેટલા બને તેટલા જલદી આગળની કામગીરી કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**ગાંધીનગર જિલ્લામાં જમીન માપણીનું કામ**

૧૭૮૭૮ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં જમીન માપણીનું કામ ક્યારથી શરૂ થયું, | (૧) ગાંધીનગર જિલ્લામાં જમીન માપણીનું કામ માટે ખાનગી એજન્સી સાથે કરાર તા. ૨૦-૧૨-૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ છે. |
| (૨) કેટલા તાલુકામાં માપણીનું કામ પૂર્ણ થયું છે, અને | (૨) એક પણ તાલુકામાં માપણીનું કામ પૂર્ણ થયેલ નથી. |
| (૩) બાકીના તાલુકાનું રી-સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે? | (૩) કામગીરી શરૂ થયાથી નિયત સમય મર્યાદામાં તમામ તાલુકાઓનું રી-સર્વેનું કામ પૂર્ણ થશે. |

**ખેડા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ**

૧૭૯૦૭ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે, | (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮(૬) હેઠળ ૧૮૮ કેસોનો નિકાલ કરવાનો બાકી છે. |
| (૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે, | (૨) ૧૩. |
| (૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે, | (૩) ૭૦. |
| (૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે અને | (૪) ૩ થી ૬ માસના ૫૧ અને ૩ માસથી નીચેના ૫૪ કેસો છે. |
| (૫) આ કેસોનો નિકાલ ક્યારે થશે ? | (૫) કેસોના નિકાલમાં અર્ધન્યાયિક પ્રક્રિયા અનુસરવાની હોવાથી સમયમર્યાદા આપી શકાય તેમ નથી. |

**ભાવનગર જિલ્લામાં ઈ-ધરામાં ખેડૂતોને અપાયેલ નકલ**

૧૭૮૮૯ : **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ઈ ધરા ૭/૧૨ અને ૮/અની કેટલી નકલો ખેડૂતોને અપાઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) ૭/૧૨ની ૫,૪૧,૬૩૨ નકલો
૮/અ ની ૩,૬૦,૪૯૭ નકલો.

(૨) રકમ રૂ. ૪૫,૧૦,૬૪૫.

**વાયબ્રન્ટ સમીટમાં એમ.ઓ.યુ. કરેલ ઉદ્યોગોને વેચાણ આપવામાં આવેલ જમીનની સ્ટેમ્પડ્યુટીની થયેલ આવક**

૧૮૯૨૬ : **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૭ અને ૨૦૦૯માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં જે ઉદ્યોગોએ એમ.ઓ.યુ. કરેલા છે તેમને જમીન વેચાણ આપ્યા પછી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સ્ટેમ્પ ડ્યુટી પેટે સરકારને કેટલી રકમ મળી ?

**જવાબ**

રૂ. ૧૭.૦૨ કરોડ.

--------

**કમોસમી વરસાદના કારણે વડોદરા જિલ્લાના ખેડુતોને નુકસાન**

૧૭૩૨૬ : **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવેલા કમોસમી વરસાદ અને માવઠાના કારણે વડોદરા જિલ્લામાં ખેડૂતોને થયેલા નુકસાનનો અંદાજ શું છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા આ ખેડુતોને મદદ કરવાનું શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કમોસમી વરસાદ અને માવઠાના કારણે વડોદરા જિલ્લામાં ખેડૂતોને થયેલ નુકસાન અંગે કોઇ અહેવાલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પોરબંદર જિલ્લામાં શરૂ કરવામાં આવેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૧૮૦૫૫ : **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ શાળાઓ પેકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી ?

**જવાબ**

(૧) ૦૩.

(૨)

| વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | કુલ |
|---|---|---|
| ૦૧ | ૦૨ | ૦૩ |

**ગાંધીનગર જિલ્લામાં રેવન્યુ કોડની કલમ ૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ**

૧૭૯૦૩ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે,

(૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે,

(૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે,

(૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે, અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે, અને

(૫) આ કેસોનો નિકાલ ક્યારે થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮(૬) હેઠળનાં ૩૯૩ કેસોનો નિકાલ કરવાનો બાકી છે.

(૨) ૧૭૪

(૩) ૬૩

(૪) ૩ થી ૬ માસનાં-૧૦૨
૩ માસથી નીચેના-૫૪

(૫) કેસોનાં નિકાલમાં અર્ધન્યાયીક પ્રક્રિયા અનુસરવાની હોવાથી ચોક્કસ સમય મર્યાદામાં આપવી

શક્ય નથી.

--------

**માંડવી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં મંજૂર થયેલ મહેકમ**

૧૮૪૬૯ : **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના માંડવી ખાતેની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં તા. ૨૭-૧-૨૦૧૧ની સ્થિતિએ પ્રાધ્યાપકો તથા વહીવટી સ્ટાફની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી તા. ૨૭-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૨૭-૧-૨૦૧૧ના રોજ

| | મંજૂર જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| પ્રાધ્યાપકો | ૧૦ | ૦૭ |
| વહીવટી સ્ટાફ | ૧૨ | ૦૫ |

(૩) ૧. પ્રાધ્યાપકો ખાલી જગ્યાઓની કેન્દ્રીયકૃત ભરતી કાર્યવાહી ઓનલાઈન કરેલ હતી પરંતુ સદર સંસ્થાએ આ ભરતીની કાર્યવાહીની સંમતિ ન આપતાં જગ્યાઓ ભરાયેલ નથી.
૨. વહીવટી સ્ટાફની ખાલી જગ્યાઓ ભરવા તથા બઢતી આપવા બાબતની કાર્યવાહી ચાલુ છે.

--------

**કમોસમી વરસાદના કારણે થયેલ નુકસાન**

૧૭૩૭૯ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દક્ષિણ ગુજરાતમાં સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં પડેલા કમોસમી વરસાદના કારણે નવસારી અને વલસાડ જિલ્લામાં ડાંગરના પાકને ભારે નુકસાન થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણે અંદાજે કેટલી રકમનું નુકસાન થયેલ છે, અને

(૩) અસરગ્રસ્ત ખેડૂતોને નુકસાનીનો અંદાજ મેળવી વળતર આપવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વલસાડ જિલ્લામાં અંદાજે રૂ. ૧૫૧.૦૦ લાખનું તેમજ નવસારી જિલ્લામાં રૂ. ૧૦૩૪.૩૩ લાખનું નુકસાન થયેલ છે.

(૩) ખેડૂતોને વળતર આપવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત રજૂ કરેલ છે.

--------

**ભાવનગર જિલ્લાના રસ્તાઓનું રીપેરીંગ કામ**

૧૭૭૦૮ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના શિહોર અને ગારીયાધાર તાલુકાના પંચાયત અને રાજ્ય હસ્તકનાં રસ્તાઓમાં ડામર કામ કર્યા વગરનાં છેલ્લા પાંચ વર્ષ અને સાત વર્ષથી વધુ સમયનાં કુલ કેટલા રસ્તાઓ બાકી છે, અને

(૨) સરકાર આ રસ્તાઓને ક્યાં સુધીમાં ડામર કામ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના શિહોર અને ગારીયાધાર તાલુકાના પંચાયત અને રાજ્ય હસ્તકનાં ડામર કર્યા વગરનાં રસ્તાઓની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | વિગત | ૫ થી ૭ વર્ષ સુધીના | ૭ વર્ષથી વધુ સમયના |
|---|---|---|---|
| ગારીયાધાર | પંચાયત | ૫ | ૭ |
| | રાજ્ય | ૨ | ૩ |
| શિહોર | પંચાયત | ૫ | ૧૨ |
| | રાજ્ય | ૦ | ૨ |

(૨) ૧૩ કામો મંજૂર કરેલ છે. મંજુરી રસ્તાની સ્થળ સ્થિતિ, ટ્રાફિક, નાણાકિય ઉપલબ્ધતા વગેરે ધ્યાને લઈને આપવામાં આવતી હોઈ, કોઈ ચોક્કસ સમય મર્યાદા નથી.

**કૃષિ મહોત્સવમાં ખેડૂતોને મળેલ પ્રોત્સાહન**

૧૭૮૪૪ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને પ્રોત્સાહન માટે શું શું આપવામાં આવે છે, અને | (૧) કૃષિ કીટમાં મુખ્ય પાકને ધ્યાને લઈ પાકનું સુધારેલ બિયારણ, જંતુનાશક દવા, ખાતર, જંતુનાશક દવા છાંટવાનો પંપ અથવા તાડપત્રી અથવા ખેડૂતોની પસંદગીનું આધુનીક કૃષિ ઓજાર આપવામાં આવે છે. બાગાયતી કીટમાં શાકભાજી, મસાલા પાકોના ઈનપુટ કીટસ આપવામાં આવે છે. |
| (૨) તેનાથી ખેડૂતોને શું શું લાભ થાય ? | (૨) ખેડૂતો સુધારેલ બિયારણ, જંતુનાશક દવા, ખાતરનો ઉપયોગ કરી વધુ ઉત્પાદન મેળવી શકે અને ખેતીમાં આધુનીક ખેત ઓજારોનો ઉપયોગ કરતા થાય. ખેડૂતો નવા નવા શાકભાજી, મસાલા પાકોની વધુ ઉત્પાદન આપતી જાતો અપનાવતા થાય અને તેથી તેમની આવકમાં વધારો થાય. |

--------

**કપડવંજ તાલુકામાં તાલુકા સદન બાંધવા બાબત**

૧૮૧૧૨ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં તાલુકા સદન બાંધવા માટે ક્યા સ્થળની પસંદગી કરવામાં આવી છે, | (૧) મામલતદાર ક્ચેરી કેમ્પસ |
| (૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બાંધકામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવશે, અને | (૨) બાંધકામ પાછળ કોઈજ ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરી પૂરૂં કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે શક્ય તેટલુ વહેલું |

--------

**સાવરકુંડલા શહેરમાં બાયપાસ રોડની મંજૂરી**

૧૭૬૭૮ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા શહેરમાંથી પસાર થતા અમરેલી, રાજુલા, પીપાવાવ, મહુવા, સ્ટેટ હાઈવેના કારણે ઉદભવતી ટ્રાફીકની સમસ્યા દૂર કરવા સરકાર તરફથી બાયપાસ રોડ મંજૂર થયેલ છે તે વાત તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ સાચી છે, | (૧) બાયપાસ માટે જમીન સંપાદન મંજૂર કરેલ છે. |
| (૨) જો હા, તો આ બાયપાસ રોડ સંબંધમાં જમીન સંપાદન સહિતની શી કાર્યવાહી થયેલ છે, અને | (૨) કુલ ૩ ગામો પૈકી મોટા ઝીંઝુડા માટે જમીન સંપાદન એવોર્ડ થઈ ગયેલ હોય જરૂરી નાણાં જમા કરાવેલ છે જ્યારે સાવર સામાપાદર અને સાવરકુંડલા ગામોની જમીન માટે ૯(૧)(૨) નું જાહેરનામું પ્રસિધ્ધ થયેલ છે. |
| (૩) આ કાર્યવાહી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) જમીન સંપાદન પ્રક્રિયા શક્ય એટલું વહેલુ |

--------

**જેલોમાં ઓવર ક્રાઉડીંગની સમસ્યા**

૧૮૧૮૫ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની જેલોમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઓવર ક્રાઉડીંગની સમસ્યા દૂર કરવા કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) રાજ્યની જેલોમાં ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ કરવા માટે સરકારશ્રી દ્વારા નીચે જણાવેલ વિગતે આયોજન કરવામાં આવેલ છે.<br>(અ) પાટણ, ગલપાદર અને દાહોદ ખાતે દરેક જગ્યાએ ૨૦૦ કેદીઓની ક્ષમતાવાળી નવી સબ જેલ બનાવવા માટે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.<br>(બ) લાજપોર (સુરત) ખાતે ૨૫૦૦ કેદીઓની ક્ષમતાવાળી નવી અદ્યતન મધ્યસ્થ જેલ શરૂ કરવાની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.<br>(ક) વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓની સમાવેશ સંખ્યા વધારીને ૨૫૦૦ કરવા માટેની કાર્યવાહી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા હાથ ધરાયેલ છે.<br>(ડ) અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કાચા કામના આરોપીઓ માટે ૫૩૦ કેદીઓની ક્ષમતાવાળી નવી અન્ડરટ્રાયલ જેલ તા. ૧૪-૦૪-૨૦૧૦ થી કાર્યરત કરવામાં આવેલ છે.<br>અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૪૦૦ સેલ બનાવવાનું આયોજન છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ૨૦૦ સેલનું બાંધકામ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા શરૂ કરવામાં આવેલ છે.<br>(ઈ) અમરેલી ઓપન જેલ ખાતે ૧૫૦ કેદીઓની ક્ષમતાવાળી નવી બાંધવામાં આવેલ અમરેલી સબ જેલ તા. ૨૨-૦૧-૨૦૧૧થી કાર્યરત કરવામાં આવેલ છે. |

--------

**આણંદ અને ખેડા જિલ્લામાં આપવામાં આવેલ ગોચરની જમીન**

૧૮૭૦૧ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં ગોચરની જમીન કેટલી છે, અને | (૧) |

| જિલ્લાનું નામ | ગોચરની જમીન હે.આરે.ચો.મી. |
|---|---|
| (૧) આણંદ | કુલ :-૮,૦૬૭-૮૭-૭૬ |
| (૨) ખેડા | ૨૦,૪૭૩-૭૩-૦૨ |
| | **કુલ :-૨૮,૫૪૧-૬૦-૭૮** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા હેતુ માટે ગોચરની જમીનો કેટલી, શા ભાવે આપી ?

(૨)

| જિલ્લાનું નામ | હેતુ | આપેલ જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | જમીનની કિંમત (પ્રતિ ચો.મી.) |
|---|---|---|---|
| ૧. આણંદ | ૬૬ કે.વી. સબ સ્ટેશન બનાવવા | (૧) ૪૯૦૦<br>(૨) ૪૯૦૦<br>(૩) ૪૯૦૦ | રૂા. ૫૪૦/-<br>રૂા. ૧૧૫/-<br>રૂા. ૯૦૦/- |

(૪) ૪૯૦૦ રૂા. ૫૨૫/-
કુલઃ૧૯,૬૦૦ કુલ રૂા.
૧,૦૧,૯૨,૦૦૦/-
ની રકમ વસુલ લઈ
જમીન આપવામાં
આવેલ છે.

૨. ખેડા ૧. ભૂગર્ભ (૧) ૫૬૨૫
રૂા. ૧૧૨/-
સંપ, અને
ટાંકી, પંપરૂમ
૨. પાઈપ (૨) ૧૬૯૭૪ રૂા.
૧૦૦ના લાઈન
૧૦% વપરાશી
નાંખવા હક્કના રૂા.
૧૦ લેખે.

૩. દૂધ મંડળીના (૩) ૨૦૦
રૂા. ૩૬૦/-ના
મકાનના ૫૦% લેખે
બાંધકામ માટે રૂા.
૧૮૦/-

૪. દૂધ મંડળીના (૪) ૨૦૦
રૂા. ૨૯૦/-ના મકાનના
૫૦% લેખે
બાંધકામ માટે. રૂા. ૧૪૫/-
કુલ રૂા.
૮,૬૪,૭૪૦/- ની રકમ
વસુલ લઈ
જમીન આપવામાં
આવેલ છે.

## કૃષિ ઉત્પાદનનો દર

૧૭૬૧૫ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષનો કૃષિ ઉત્પાદનનો દર કેટલો છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષનો કૃષિ ઉત્પાદન દર નીચે મુજબ છે.
(બ્યુરો કચેરી- અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી દ્વારા પ્રસિધ્ધ થયેલ દરો)

| અ.નં. | વર્ષ | કૃષિ ઉત્પાદનનો દર |
|---|---|---|
| ૧. | ૨૦૦૬-૦૭ થી ૨૦૦૮-૦૯ | ૧૩.૬૪ % |

ઉપરોક્ત દર રાજ્યના સફળ કૃષિ ઘરેલું ઉત્પાદનનો પ્રવર્તમાન બજાર ભાવ મુજબ નક્કી થયેલ છે.

**પ્રશ્ન**

(૨) કૃષિ ઉત્પાદન વધે તે માટે સરકારે લીધેલ પ્રોત્સાહક પગલાંઓ શાં છે ?

**જવાબ**

(૨) કૃષિ ઉત્પાદન વધે તે માટે સરકારશ્રી દ્વારા ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓનું અમલીકરણ કરીને તેમને પ્રોત્સાહીત કરવામાં આવે છે. તેમજ ખેડૂતોના જ્ઞાનમાં

વધારો થાય તે માટે ખેડૂત તાલીમ કેન્દ્રો દ્વારા નવીન કૃષિ સંશોધનની માહિતી આપી માહિતગાર કરવામાં આવે છે. કૃષિ મેળા, કૃષિ મહોત્સવ જેવા કાર્યક્રમો યોજીને નવીન સંશોધનથી કૃષિ ઉત્પાદનમાં વધારો કરવામાં ફળદાયી નીવડે છે.

--------

**ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૧માં શિક્ષણ ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૧૭૫૪૧ : **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ ગુજરાત વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટ્ર્સ સામિટ-૨૦૧૧માં શિક્ષણક્ષેત્રે ક્યા ક્યા હેતુઓ માટે કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને | (૧) (૧) તાંત્રિક શિક્ષણના હેતુ માટે ૩૫ એમ.ઓ.યુ. ૩૬૪૧.૨૧ કરોડના<br>(૨) ઉચ્ચ શિક્ષણના (નોન ટેક્નીક્લ) હેતુ માટે ૩૪ એમ.ઓ.યુ. ૪૭૧૧.૫૦ કરોડના<br>(૩) માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિકશિક્ષણના હેતુ માટે ૨૪ એમ.ઓ.યું. ૧૯૧૭.૦૦ કરોડના |
| (૨) શિક્ષણક્ષેત્રે થયેલા આવા એમ.ઓ.યુ.ના કારણે આદિવાસી અને પછાત વિસ્તારના યુવાનોને કેટલો લાભ મળવાનો અંદાજ છે ? | (૨) ઉક્ત એમ.ઓ.યુ. થકી ઉપલબ્ધ થનાર શૈક્ષણિક સવલતોનો રાજ્ય સરકારની નીતિ મુજબ આદિવાસી અને પછાત વિસ્તારના યુવાનોને લાભ થશે. |

--------

**સુરત જિલ્લામાં મંજૂર થયેલ રસ્તાઓ**

૧૮૮૦૭ : **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટના ક્યા ક્યા રસ્તાઓ મંજૂર થયા છે, અને<br>(૨) આ રસ્તાઓની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૧) અને (૨)<br>તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ૧૭૮ કામો મંજુર કરેલ જેની પરિસ્થિતિ નીચે મુજબ છે.<br>પૂર્ણ-૪૯<br>પ્રગતિમાં-૧૧૫ અને<br>શરૂ થવામાં-૧૪<br>તાલુકાવાર મંજૂર થયેલ રસ્તાની વિગત પરિશિષ્ટ-૧ મુજબ છે. |

**પરિશિષ્ટ-૧**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર પંચાયતના નીચે મુજબના રસ્તાઓ મંજૂર થયા છે.

| અ. નં. | તાલુકો | રાજ્ય/ પંચાયત | રસ્તાનું નામ | રસ્તાની સ્થિતિ પૂર્ણ/પ્રગતિ હેઠળ/શરૂ થનાર |
|---|---|---|---|---|
| ૧ | પલસાણા | પંચાયત | ચલથાણ વાંકાનેર નીયોલ રોડ કિ.મી. ૦/૦ થી ૧/૫૦ | પ્રગતિ હેઠળ |
| ૨ | પલસાણા | પંચાયત | વડદલા એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૩ | પલસાણા | પંચાયત | વાંઝ વક્તાણા વડદલા એરથાણ રોડ તા. પલસાણા | પૂર્ણ |
| ૪ | પલસાણા | પંચાયત | વાંકાનેડા અંત્રોલી રોડ તા. પલસાણા | પૂર્ણ |
| ૫ | પલસાણા | પંચાયત | હરીજન વાસ એપ્રોચ રોડ જોઈનીંગ ઓલ્ડ બી.એ. રોડ તા. પલસાણા | પૂર્ણ |
| ૬ | પલસાણા | પંચાયત | ઓલ્ડ એન.એચ.પાસીંગ થ્રુ ચલથાણ બલેશ્વર પલસાણા રોડ | પૂર્ણ |
| ૭ | પલસાણા | પંચાયત | ચલથાણ વાંકાનેડા નિયોલ રોડ | પૂર્ણ |
| ૮ | બારડોલી | સ્ટેટ | ટી.કે.બી.એસ.એન. રોડ કિ.મી.૪૫/૦ થી ૭૪/૪ (પસંદગીની લંબાઈ ૧.૬૮ કિ.મી.) | પ્રગતિમાં |
| ૯ | બારડોલી | સ્ટેટ | ટી.કે.બી.એસ.એન. રોડ | પ્રગતિમાં |
| ૧૦ | બારડોલી | સ્ટેટ | બારડોલી-કોસાડી રોડ | પ્રગતિમાં |
| ૧૧ | બારડોલી | સ્ટેટ | બારડોલી-વાંકાનેર-વાલોડ રોડ | પ્રગતિમાં |

| અ. નં. | તાલુકો | રાજ્ય/ પંચાયત | રસ્તાનું નામ | રસ્તાની સ્થિતિ પૂર્ણ/પ્રગતિ હેઠળ/શરૂ થનાર |
|---|---|---|---|---|
| ૧૨ | બારડોલી | સ્ટેટ | પૂર્વીય રાજ્ય ધોરી માર્ગ નં. ૫ વ્યારા-માંડવી-ભરૂચ જિલ્લા હદ સુધી રસ્તો પહોળો કરવાનું કામ | પ્રગતિમાં |
| ૧૩ | બારડોલી | પંચાયત | ખોજ પારડી વાઘેચા રોડ તા. બારડોલી | પૂર્ણ |
| ૧૪ | બારડોલી | પંચાયત | વરાડ રાયમ રોડ જોનીંગ એસ.એચ. ટુ બારડોલી | પૂર્ણ |
| ૧૫ | બારડોલી | પંચાયત | બાબેન એપ્રોચ રોડ, તા. બારડોલી | પૂર્ણ |
| ૧૬ | બારડોલી | પંચાયત | ઉવા એપ્રોચ રોડ, તા. બારડોલી | પૂર્ણ |
| ૧૭ | બારડોલી | પંચાયત | અસ્તાન લીંક રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૮ | બારડોલી | પંચાયત | ખોજ પારડી રુવા રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૯ | બારડોલી | પંચાયત | જાખલા નહેરથી રજવાડ પાટીયા રોડ તા. બારડોલી | પ્રગતિ હેઠળ |
| ૨૦ | બારડોલી | પંચાયત | વાંકાનેર એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૨૧ | બારડોલી | પંચાયત | મોટા વરાડ ઓરગામ રોડ | પ્રગતિ હેઠળ |
| ૨૨ | બારડોલી | પંચાયત | કાંટી ફળિયા મઢી રોડ, તા. બારડોલી | પ્રગતિ હેઠળ |
| ૨૩ | બારડોલી | પંચાયત | બારડોલી કેદારેશ્વર રોડ | પ્રગતિ હેઠળ |
| ૨૪ | બારડોલી | પંચાયત | ભામેયા એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૨૫ | બારડોલી | પંચાયત | ખરવાસા જોઈનીંગ સામપુરા બારડોલી રોડ | પ્રગતિ હેઠળ |
| ૨૬ | બારડોલી | પંચાયત | નિળત સરભાણ રોડ | પ્રગતિ હેઠળ |
| ૨૭ | બારડોલી | પંચાયત | રાયમ સાકરી રોડ | શરૂ થનાર |
| ૨૮ | બારડોલી | પંચાયત | બારડોલી મીરાપુર ઓરણા રોડ | શરૂ થનાર |
| ૨૯ | મહુવા | સ્ટેટ | મહુવા નવસારી રોડ કિ.મી. ૧૫/૦ થી ૧૫/૨ | પ્રગતિમાં |
| ૩૦ | મહુવા | સ્ટેટ | મહુવા -અનાવલ રસ્તા પર પૂર્ણા નદી ઉપર ખુટતી કડીના પુલનું બાંધકામ | શરૂ થનાર |
| ૩૧ | મહુવા | સ્ટેટ | મહુવા-અલ્લુબોરિયા રોડ | પ્રગતિમાં |
| ૩૨ | મહુવા | સ્ટેટ | મહુવા-અનાવલ રોડ | પ્રગતિમાં |
| ૩૩ | મહુવા | સ્ટેટ | મહુવા-અનાવલ રોડ અને મહુવા-અલ્લુબોરિયા રોડ જંક્શન | પ્રગતિમાં |
| ૩૪ | મહુવા | સ્ટેટ | મહુવા-અનાવલ રોડ | પ્રગતિમાં |
| ૩૫ | મહુવા | પંચાયત | લોકલ ખાડી કરચેલીયા પર પુલનું બાંધકામ તા. મહુવા | પૂર્ણ |
| ૩૬ | મહુવા | પંચાયત | અનાવલ પાંચ કાકડા પર પુલનું કામ, તા. મહુવા | પૂર્ણ |
| ૩૭ | મહુવા | પંચાયત | કાછલ નલધારા રોડ, તા. મહુવા | પૂર્ણ |
| ૩૮ | મહુવા | પંચાયત | મીયાપુર મુદત મોરદેવી રોડ | પૂર્ણ |
| ૩૯ | મહુવા | પંચાયત | કાની રાણત રોડ | પૂર્ણ |
| ૪૦ | મહુવા | પંચાયત | ગુણસવેલ કાકડીયા રોડ, તા. મહુવા | પૂર્ણ |
| ૪૧ | મહુવા | પંચાયત | અનાવલ પાંચ કાકડા પર પુલના એપ્રોચનું કામ તા. મહુવા | પ્રગતિ હેઠળ |
| ૪૨ | મહુવા | પંચાયત | ધનગોરી હાઈસ્કુલની જમણી બાજુથી છીબાડ પટેલ ફળિયા થઈ ભોરીયા ગામને જોડતો રસ્તો | પ્રગતિ હેઠળ |
| ૪૩ | મહુવા | પંચાયત | વલવાડા હાઈસ્કુલ મંદિર ફળિયા, પટેલ ફળિયા થઈ ભોરિયાને જોડતો રસ્તો | પ્રગતિ હેઠળ |
| ૪૪ | મહુવા | પંચાયત | નળધરા સરકાર ફળિયા રોડ | પ્રગતિ હેઠળ |
| ૪૫ | મહુવા | પંચાયત | આંગલધરા કોષ રોડ | પ્રગતિ હેઠળ |
| ૪૬ | મહુવા | પંચાયત | તરકાણી એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૪૭ | મહુવા | પંચાયત | કાદીયા કેનાલથી અંધાત્રી મૂડત રોડ, તા. મહુવા | પ્રગતિ હેઠળ |
| ૪૮ | મહુવા | પંચાયત | અમરોલી રાણત રોડ | પ્રગતિ હેઠળ |
| ૪૯ | માંડવી | સ્ટેટ | તરસાડા-માંડવી-ઝંખવાવ રોડ | પૂર્ણ |
| ૫૦ | માંડવી | સ્ટેટ | માલ્ધાખાંટ-ઉમરપાડા-સાગબારા રોડ | પૂર્ણ |
| ૫૧ | માંડવી | સ્ટેટ | માંડવી-શેરૂલ્લા રોડ | પ્રગતિમાં |
| ૫૨ | માંડવી | સ્ટેટ | પૂર્વીય રાજ્ય ધોરી માર્ગ નં. ૫-વ્યારા-માંડવી-ભરૂચ જિલ્લા હદ સુધી રસ્તો પહોળો કરવાનું કામ | પ્રગતિમાં |
| ૫૩ | માંડવી | પંચાયત | કાછીયાબોરી ગોદાવાડી ઉન રોડ, તા. માંડવી | પૂર્ણ |
| ૫૪ | માંડવી | પંચાયત | માંડવી વરેઠ કાકરાપાર રોડ | પૂર્ણ |
| ૫૫ | માંડવી | પંચાયત | તડકેશ્વર રોસવડ રોડ, તા. માંડવી | પૂર્ણ |
| ૫૬ | માંડવી | પંચાયત | અરેઠ વેગી રોડ તા. માંડવી | પ્રગતિ હેઠળ |
| ૫૭ | માંડવી | પંચાયત | બોધાન બાયપાસ રોડ તા. માંડવી | પ્રગતિ હેઠળ |
| ૫૮ | માંડવી | પંચાયત | અમલસાડી એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૫૯ | માંડવી | પંચાયત | વરેઠી તડકેશ્વર રોડ | પ્રગતિ હેઠળ |
| ૬૦ | માંડવી | પંચાયત | વાંકલા એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૬૧ | માંડવી | પંચાયત | ઈસર ચોરંબા રોડ | પ્રગતિ હેઠળ |
| ૬૨ | માંડવી | પંચાયત | માલીકુવા પારડી રોડ ખૂટતી રકમ તા. માંડવી | પ્રગતિ હેઠળ |
| ૬૩ | માંડવી | પંચાયત | બલેઠી ખાંટ રોડ | પ્રગતિ હેઠળ |
| ૬૪ | માંડવી | પંચાયત | કીમ-માંડવી સ્ટેટ હાઈવેથી પારડી માલીકુવા રોડ, તા. માંડવી | પ્રગતિ હેઠળ |
| ૬૫ | માંડવી | પંચાયત | ઘટોલી ફંદરી ફળિયા થી મોરીઠા ને જોડતો રસ્તો તા. માંડવી | પ્રગતિ હેઠળ |
| ૬૬ | માંડવી | પંચાયત | ખંજરોલી ગવાછી રસ્તા પર પુલનું કામ, તા. માંડવી | શરૂ થનાર |
| ૬૭ | માંડવી | પંચાયત | ઝાબ પાતલ વેરાકુઈ રોડ | શરૂ થનાર |
| ૬૮ | માંગરોલ | સ્ટેટ | માંગરોલ-વાલીયા રોડ | પ્રગતિમાં |
| ૬૯ | માંગરોલ | સ્ટેટ | કોસંબા-કુંવારદા રોડ | પ્રગતિમાં |
| ૭૦ | માંગરોલ | સ્ટેટ | કોસંબા-વેલાછા-માંગરોળ રોડ | પ્રગતિમાં |
| ૭૧ | માંગરોલ | સ્ટેટ | પૂર્વીય રાજ્ય ધોરી માર્ગ નં. ૫ વ્યારા-માંડવી-ભરૂચ જિલ્લા હદ સુધી રસ્તો પહોળો કરવાનું કામ | પ્રગતિમાં |
| ૭૨ | માંગરોલ | પંચાયત | વાંકલ આમખુટા રોડ તા. માંગરોળ | પૂર્ણ |

| અ. નં. | તાલુકો | રાજ્ય/ પંચાયત | રસ્તાનું નામ | રસ્તાની સ્થિતિ પૂર્ણ/પ્રગતિ હેઠળ/શરૂ થનાર |
|---|---|---|---|---|
| ૭૩ | માંગરોલ | પંચાયત | રજનીવાડ સાતકાશી એપ્રોચ રોડ, તા. માંગરોલ | પૂર્ણ |
| ૭૪ | માંગરોલ | પંચાયત | ડુંગરી બોરસદ દેવડીયા રોડ | પૂર્ણ |
| ૭૫ | માંગરોલ | પંચાયત | દેગડીયા જ્વડીયા રોડ | પૂર્ણ |
| ૭૬ | માંગરોલ | પંચાયત | કોસંબા કીમ રોડ, તા. માંગરોલ | પૂર્ણ |
| ૭૭ | માંગરોલ | પંચાયત | વડ ઉભારીયા રોડ | પૂર્ણ |
| ૭૮ | માંગરોલ | પંચાયત | વાંકલ-નાંદોલા વડાઉભાડીયા રોડ તા. માંગરોલ | પૂર્ણ |
| ૭૯ | માંગરોલ | પંચાયત | વાંકલ આમકુટા રોડ તા. માંગરોલ | પ્રગતિ હેઠળ |
| ૮૦ | માંગરોલ | પંચાયત | તરસાડી બાય પાસ રોડ જોઈનીગ કોસંબા સીસોદ્રા રોડ, તા. માંગરોલ | પ્રગતિ હેઠળ |
| ૮૧ | માંગરોલ | પંચાયત | વેલાછા શેઠી રોડ  તા. માંગરોલ | પ્રગતિ હેઠળ |
| ૮૨ | માંગરોલ | પંચાયત | સીયાલજ કોસંબા રોડ તા. માંગરોલ | પ્રગતિ હેઠળ |
| ૮૩ | માંગરોલ | પંચાયત | વાંકલ વેલાવી રોડ | પ્રગતિ હેઠળ |
| ૮૪ | માંગરોલ | પંચાયત | હથુરણ ધામડોદ રોડ, કિ.મી.૩/૦ થી ૫/૦ | પ્રગતિ હેઠળ |
| ૮૫ | માંગરોલ | પંચાયત | કનવાડા કોસાડી રોડ | પ્રગતિ હેઠળ |
| ૮૬ | માંગરોલ | પંચાયત | મોટીફળી એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૮૭ | માંગરોલ | પંચાયત | વડોલી એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૮૮ | માંગરોલ | પંચાયત | ક્મિ ખાડી પર પુલનું કામ તા. માંગરોલ | શરૂ થનાર |
| ૮૯ | માંગરોલ | પંચાયત | નાના બોરસરા રોડ | શરૂ થનાર |
| ૯૦ | માંગરોલ | પંચાયત | ઝંખવાવ એપ્રોચ રોડ | શરૂ થનાર |
| ૯૧ | ઉમરપાડા | સ્ટેટ | ઉમરપાડા-ઘાટા રોડ | પ્રગતિમાં |
| ૯૨ | ઉમરપાડા | સ્ટેટ | ઉમરપાડા-થવા રોડ | પ્રગતિમાં |
| ૯૩ | ઉમરપાડા | સ્ટેટ | માલ્ધાખાંટ-ઉંમરપાડા-સાગબારા-રોડ | પ્રગતિમાં |
| ૯૪ | ઉમરપાડા | સ્ટેટ | પૂર્વીય રાજ્ય ધોરી માર્ગ નં. ૫ વ્યારા-માંડવી-ભરૂચ જિલ્લા હદ સુધી રસ્તો પહોળો કરવાનું કામ | પ્રગતિમાં |
| ૯૫ | ઉમરપાડા | પંચાયત | ડોગરીપાડા એપ્રોચ રોડ તા. ઉમરપાડા | પ્રગતિ હેઠળ |
| ૯૬ | ઉમરપાડા | પંચાયત | ખોડંબા ચીખવાડા રોડ, તા. ઉંમરપાડા | પ્રગતિ હેઠળ |
| ૯૭ | ઉમરપાડા | પંચાયત | દિવતણ હલધરી રોડ | શરૂ થનાર |
| ૯૮ | ચોર્યાસી | સ્ટેટ | સુરત-સચીન-નવસારી-રોડ કિ.મી. ૧૨/૮ થી ૨૧/૪ (પસંદગીની ૩.૯૦ કિ.મી લંબાઈ) | પૂર્ણ |
| ૯૯ | ચોર્યાસી | સ્ટેટ | વાયડનીંગ એન્ડ સ્ટ્રે. ડીડોલી-કરાડવા-ઈક્લેરા-રોડ કિ.મી.૦/૮ થી ૮/૦ | પૂર્ણ |
| ૧૦૦ | ચોર્યાસી | સ્ટેટ | સુરત -સચીન-નવસારી-રોડ કિ.મી. ૧૩/૪ થી ૨૧/૪ | પ્રગતિમાં |
| ૧૦૧ | ચોર્યાસી | પંચાયત | અમરોલી કોસાડ ભરથાણા રોડ | પૂર્ણ |
| ૧૦૨ | ચોર્યાસી | પંચાયત | ખરવાસા ઈક્લેરા વાયા બગડીયા નાળ રોડ તા. ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૦૩ | ચોર્યાસી | પંચાયત | કનસાડ એ. રોડ, તા. ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૦૪ | ચોર્યાસી | પંચાયત | બોણદ એરથાણ રોડ તા. ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૦૫ | ચોર્યાસી | પંચાયત | સચીન તલંગપોર ઉભેર રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૦૬ | ચોર્યાસી | પંચાયત | નાના વરાછા, સીમાડા, સણીયા કણદે રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૦૭ | ચોર્યાસી | પંચાયત | દામકા બ્રાહમણ ફળિયાથી માતા ફળિયા રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૦૮ | ચોર્યાસી | પંચાયત | વાંસવા સંતોષી માતા મંદિરથી શાળા રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૦૯ | ચોર્યાસી | પંચાયત | દામકા બ્રાહમણ ફળિયા થી તેના ખાડી રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૧૦ | ચોર્યાસી | પંચાયત | ભાટીયા કાછોલી રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૧૧ | ચોર્યાસી | પંચાયત | કનસાડ પાલી રોડ, તા. ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૧૨ | ચોર્યાસી | પંચાયત | અંબ્રામાથી ભરથાણા કોસાડ રોડ, તા. ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૧૩ | ચોર્યાસી | પંચાયત | નાના વરાછા સીમાડા સણીયા કણદે રોડ ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૧૪ | ચોર્યાસી | પંચાયત | ભરથાણા કોસાડ માટો વરાછા રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૧૫ | ચોર્યાસી | પંચાયત | ઈચ્છાપોર મલગામા રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૧૬ | ચોર્યાસી | પંચાયત | સચિન તલંગપોર ઉબેર રોડ તા. ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૧૭ | ચોર્યાસી | પંચાયત | ઈચ્છાપોર હળપતિવાસ રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૧૮ | ચોર્યાસી | પંચાયત | દામકા ભટલાઈ પ્રાથમિક શાળા રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૧૯ | ચોર્યાસી | પંચાયત | સારોલી એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૨૦ | ચોર્યાસી | પંચાયત | ભાણોદર ઉન રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૨૧ | ચોર્યાસી | પંચાયત | દેલાડા સેઢાવ રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૨૨ | ચોર્યાસી | પંચાયત | કનસાડ લાજપોર રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૨૩ | ચોર્યાસી | પંચાયત | કંછોલી ભાટીયા રોડ, તા. ચોર્યાસી | પ્રગતિ હેઠળ |
| ૧૨૪ | ચોર્યાસી | પંચાયત | દામકા ભસ્તા રોડથી ભટલાઈ ગામમાં જતો રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૨૫ | ચોર્યાસી | પંચાયત | રાજગરી એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૨૬ | કામરેજ | સ્ટેટ | સાયણ-કઠોર-રોડ કિ.મી. ૧૫/૫૭૦થી ૧૬/૦૫૦ અને ૧૬/૯૭ થી ૧૭/૭૦૦ | પ્રગતિમાં |
| ૧૨૭ | કામરેજ | સ્ટેટ | કામરેજ-શામપુરા રોડ કિ.મી. ૭/૦ થી ૭/૮ | પુર્ણ |
| ૧૨૮ | કામરેજ | સ્ટેટ | સુરત-કામરેજ રોડ કિ.મી. ૧૨/૮ થી ૧૮/૦ | પુર્ણ |
| ૧૨૯ | કામરેજ | સ્ટેટ | સુરત-કામરેજ રોડ | પ્રગતિમાં |
| ૧૩૦ | કામરેજ | સ્ટેટ | બારડોલી-ટીંબા-ગલતેશ્વર માર્ગ ઉપર ટીંબા ગામ પાસે તાપી નદી ઉપર ઉંચા પુલનું બાંધકામ | શરૂ થનાર |
| ૧૩૧ | કામરેજ | પંચાયત | મોટા હલધરુ રોડ, તા. કામરેજ | પુર્ણ |
| ૧૩૨ | કામરેજ | પંચાયત | હલધરુ ગામથી ને.હા. ને જોડતો રસ્તો, તા. કામરેજ | પુર્ણ |
| ૧૩૩ | કામરેજ | પંચાયત | આખાખોલ એપ્રોચ રોડ, તા. કામરેજ | પુર્ણ |
| ૧૩૪ | કામરેજ | પંચાયત | કરજણ એપ્રોચ રોડ જોઈનીંગ અરેઠ બોધાન ઘલા રોડ | પુર્ણ |

| અ. નં. | તાલુકો | રાજ્ય/ પંચાયત | રસ્તાનું નામ | રસ્તાની સ્થિતિ પૂર્ણ/પ્રગતિ હેઠળ/શરૂ થનાર |
|---|---|---|---|---|
| ૧૩૫ | કામરેજ | પંચાયત | સ્ટેટ હાઈવે સુરત કામરેજ ટુ પાસોદરા કઠોદરા રોડ | પુર્ણ |
| ૧૩૬ | કામરેજ | પંચાયત | કામરેજ વાવ રસ્તો વાયા સત્યમ નગરરોડ, તા. કામરેજ | પુર્ણ |
| ૧૩૭ | કામરેજ | પંચાયત | ડુંગરા દેરોડ રોડ તા. કામરેજ | પુર્ણ |
| ૧૩૮ | કામરેજ | પંચાયત | ઉંભેળ વલણ રોડ વાયા ખંધપુર, તા. કામરેજ | પુર્ણ |
| ૧૩૯ | કામરેજ | પંચાયત | ડુંગરા ખોલેશ્વર રોડ તા. કામરેજ | પુર્ણ |
| ૧૪૦ | કામરેજ | પંચાયત | અબ્રામાં ભરથાણા કોસાડ રોડ તા. કામરેજ | પુર્ણ |
| ૧૪૧ | કામરેજ | પંચાયત | પાસોદરા સરથાણા રોડ  તા. કામરેજ | પુર્ણ |
| ૧૪૨ | કામરેજ | પંચાયત | તાતીથૈયા હલધરુ મોટા વરાડ રાયમ અકોટી ઓરગામ રોડ તા. કામરેજ | પુર્ણ |
| ૧૪૩ | કામરેજ | પંચાયત | લાડવીથી કોસમડા રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૪૪ | કામરેજ | પંચાયત | નાના વરાછા કઠોદરા મોરથાણા સેવણી વિહાણ રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૪૫ | કામરેજ | પંચાયત | શેખપુરથી કારેલી રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૪૬ | કામરેજ | પંચાયત | નેઈહા નં ૬ થી છેડકા કોસમાડા ખરસદ રોડ, તા. કામરેજ | પ્રગતિ હેઠળ |
| ૧૪૭ | કામરેજ | પંચાયત | શામપુરા દેથલી રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૪૮ | કામરેજ | પંચાયત | પરબ હલધરુ રોડ | શરૂ થનાર |
| ૧૪૯ | કામરેજ | પંચાયત | નાના વરાછા કઠોદરા મોરથાણા વિહાણ રોડ કિ.મી. ૧/૦ થી ૭/૦ | શરૂ થનાર |
| ૧૫૦ | ઓલપાડ | સ્ટેટ | સુરત-ઓલપાડ-સાહોલ રોડ કિમી. ૨૪/૦ થી ૨૯/૨ | પ્રગતિમાં |
| ૧૫૧ | ઓલપાડ | સ્ટેટ | સુરત-દાંડી રોડ કિ.મી. ૨/૬ થી ૨/૯૨, ૪/૨ થી ૪/૪૬૦ અને ૯/૩૭૫ થી ૧૦/૧૦ | પ્રગતિમાં |
| ૧૫૨ | ઓલપાડ | સ્ટેટ | ઓલપાડ-અસનાદ-મંદ્રોઈ રોડ | પ્રગતિમાં |
| ૧૫૩ | ઓલપાડ | સ્ટેટ | મોર-ભગવા જોઈનીંગ ઓલપાડ-કરંજ રોડ | પ્રગતિમાં |
| ૧૫૪ | ઓલપાડ | સ્ટેટ | સાયણ-કદરામા રોડ | પ્રગતિમાં |
| ૧૫૫ | ઓલપાડ | સ્ટેટ | એરથાણ-સીમલ્થુ-બોલાવ રોડ | પ્રગતિમાં |
| ૧૫૬ | ઓલપાડ | સ્ટેટ | સુરત-દાંડી રોડ | પ્રગતિમાં |
| ૧૫૭ | ઓલપાડ | સ્ટેટ | ઓલપાડ-સાયણ-કઠોર રોડ | પ્રગતિમાં |
| ૧૫૮ | ઓલપાડ | સ્ટેટ | રાંદેર-બરબોધાન-તેના રોડ | પ્રગતિમાં |
| ૧૫૯ | ઓલપાડ | સ્ટેટ | જહાંગીરપુરા-વરીયાવ-નવી પારડી રોડ કિ.મી. ૧૦/૦ થી ૧૪/૦ (ગોથાણ ગામ પાસે આર.ઓ.બી. એપ્રોચ અને રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી) | શરૂ થનાર |
| ૧૬૦ | ઓલપાડ | સ્ટેટ | સુરત-ઓલપાડ-સાહોલ રોડ | પ્રગતિમાં |
| ૧૬૧ | ઓલપાડ | સ્ટેટ | જહાંગીરપુરા-ઓલપાડ-સાહોલ રોડ | પ્રગતમિાં |
| ૧૬૨ | ઓલપાડ | સ્ટેટ | સાહોલ-કીમ રોડ | પ્રગતિમાં |
| ૧૬૩ | ઓલપાડ | સ્ટેટ | સાહોલ-કીમ રોડ ઉપર એલ. સી. નં. ૧૫૮ પર આર. ઓ. બી. નું કામ | શરૂ થનાર |
| ૧૬૪ | ઓલપાડ | સ્ટેટ | સુરત-ઓલપાડ-સાહોલ રોડ કિ.મી. ૯/૮ થી ૧૯/૨ | પ્રગતિમાં |
| ૧૬૫ | ઓલપાડ | સ્ટેટ | શેરડી-કોસમ-કરમાલા રોડ | પ્રગતિમાં |
| ૧૬૬ | ઓલપાડ | સ્ટેટ | ઓલપાડ-સરસ-કુદિયાણા રોડ | પ્રગતિમાં |
| ૧૬૭ | ઓલપાડ | પંચાયત | કપાસી એપ્રોચ રોડ તા. ઓલપાડ | પુર્ણ |
| ૧૬૮ | ઓલપાડ | પંચાયત | તળાદથી પાટીયા વડોદ રોડ તા. ઓલપાડ | પુર્ણ |
| ૧૬૯ | ઓલપાડ | પંચાયત | સોંદલાખારા દેલાસા રોડ તા. ઓલપાડ | પુર્ણ |
| ૧૭૦ | ઓલપાડ | પંચાયત | સાયણ ગોથાણ રોડ | પુર્ણ |
| ૧૭૧ | ઓલપાડ | પંચાયત | કરંજથી જીણોદ રોડ તા. ઓલપાડ | પુર્ણ |
| ૧૭૨ | ઓલપાડ | પંચાયત | સેગવા સ્યાદલા વસવારી રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૭૩ | ઓલપાડ | પંચાયત | જીણોદ એપ્રોચ રોડ. | પ્રગતિ હેઠળ |
| ૧૭૪ | ઓલપાડ | પંચાયત | ગોથાણ વસવારી રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૭૫ | ઓલપાડ | પંચાયત | સ્યાદલા એપ્રોચ રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૭૬ | ઓલપાડ | પંચાયત | ઠોઠબ એપ્રોચ રોડ તા. ઓલપાડ | પ્રગતિ હેઠળ |
| ૧૭૭ | ઓલપાડ | પંચાયત | કાછોલ એપ્રોચ રોડ જોઈનીંગ ઓલપાડ સરસ રોડ | પ્રગતિ હેઠળ |
| ૧૭૮ | ઓલપાડ | પંચાયત | અડમોર એપ્રોચ રોડ તા. ઓલપાડ | પ્રગતિ હેઠળ |

--------

## ખેડા જિલ્લાના નડીયાદ કપડવંજ રોડને બાયપાસ કરવા બાબત

૧૮૯૭૫ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડીયાદ-કપડવંજ રોડને ડાકોર બાયપાસ રોડ કરવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | કોઈ આયોજન નથી. |

--------

### કચ્છ જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ

૧૭૯૦૪ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મેહસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે, | (૧) ૩૧૧ |
| (૨) એક્વર્ષથી ઉપરના કેટલા કેસો છે, | (૨) ૫૫ |
| (૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે, | (૩) ૧૭૬ |
| (૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે, અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે, અને | (૪) ત્રણ માસથી છ માસના કેસો - ૩૪<br>૩ માસ નીચેના કેસો - ૪૬ |
| (૫) આ કેસોનો નિકાલ ક્યારે થશે ? | (૫) અર્ધન્યાયીક પ્રક્રિયા હોઈ ન્યાયનાં હિતમાં સમય મર્યાદા નક્કી કરી શકાય તેમ નથી. |

### બિન આદીવાસી વિસ્તારમાં આદિવાસી ખેડૂતોને સિંચાઈની સવલત માટે સહાય

૧૭૮૬૪ : **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિવાસી વિસ્તાર સિવાયનાં વિસ્તારમાં આદિવાસી ખેડૂતોને સિંચાઈની સવલત માટે કોઈ સહાય આપવામાં આવે છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા જિલ્લામાં આવી સહાય આપવામાં આવે છે ? | (૨) અમદાવાદ, ખેડા, વડોદરા, પંચમહાલ, ભરૂચ, નવસારી, વલસાડ, બનાસકાંઠા, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, જુનાગઢ અને પોરબંદર જિલ્લાઓમાં સહાય આપવામાં આવે છે. |

### દાહોદ જિલ્લામાં બિયારણ કિટસનું વિતરણ કરવા બાબત

૧૮૯૯૭ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના તાલુકાઓમાં તારીખ ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા બિયારણના કિટસના વિતરણનું આયોજન કરેલ હતુ,

(૨) આ પૈકી કેટલી કિટસનું ખેડૂતોને વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) આ વિતરણ કઈ કઈ સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના તાલુકાઓમાં વર્ષવાર નીચે મુજબ બિયારણના કિટસના વિતરણનું આયોજન કરેલ છે.

| | |
|---|---|
| (૧) તા. ૧-૦૪-૨૦૦૮ થી તા. ૩૧-૦૩-૨૦૦૯ | ૨૯૦૩૨ |
| (૨) તા. ૧-૦૪-૨૦૦૯ થી તા. ૩૧-૦૩-૨૦૧૦ | ૨૬૫૪૬ |

(૨) બિયારણ કિટસના વિતરણની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) તા. ૧-૦૪-૨૦૦૮ થી તા. ૩૧-૦૩-૨૦૦૯ | ૨૮૪૯૨ |
| (૨) તા. ૧-૦૪-૨૦૦૯ થી તા. ૩૧-૦૩-૨૦૧૦ | ૧૯૦૯૬ |

(૩) આ વિતરણ નીચે મુજબની સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ હતું.

| ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
|---|---|
| એગ્રી બીઝનેશ સેન્ટર, બલેયા | એગ્રી બીઝનેશ સેન્ટર, સુખસર |
| એગ્રી બીઝનેશ સેન્ટર, ફતેપુરા-૧ | એગ્રી બીઝનેશ સેન્ટર, ફતેપુરા |
| એગ્રી બીઝનેશ સેન્ટર, ફતેપુરા-૨ | એગ્રી બીઝનેશ સેન્ટર, વાંગડ |
| એગ્રી બીઝનેશ સેન્ટર, ઘુઘસ | એગ્રી બીઝનેશ સેન્ટર, ઘુઘસ |
| એગ્રી બીઝનેશ સેન્ટર, વાંગડ | એગ્રી બીઝનેશ સેન્ટર, બલેયા |
| એગ્રી બીઝનેશ સેન્ટર, સુખસર | ધી ઝાલોદ તાલુકા ખરીદ વેચાણ સંઘ, ઝાલોદ |
| એગ્રો સર્વિસ સેન્ટર, ઝાલોદ | તાલુકા ખરીદ વેચાણ સંઘ, દાહોદ |
| એગ્રી બીઝનેશ સેન્ટર, ગરાડુ | એગ્રી બીઝનેશ સેન્ટર, ગરબાડા |
| એગ્રી બીઝનેશ સેન્ટર, સંજેલી | ધી કેલીયા સહકારી મંડળી લી. કેલીયા |
| એગ્રી બીઝનેશ સેન્ટર, પેથાપુર | એગ્રી બીઝનેશ સેન્ટર, સેવનીયા |
| એગ્રી બીઝનેશ સેન્ટર, લીલવાઠાકોર | એગ્રી બીઝનેશ સેન્ટર, દેવ.બારીયા |
| તાલુકા ખરીદ વેચાણ સંઘ, ઝાલોદ | એગ્રી બીઝનેશ સેન્ટર, મોટી ખજુરી |
| એગ્રી સર્વિસ સેન્ટર, કતવારા | ધી રંધીકપુર મોટાકદની મં.લી. |

| | |
|---|---|
| | રંધીક્પુર |
| એગ્રી બીઝનેશ સેન્ટર, નવાગામ | લીમખેડા ખરીદ વેચાણ સંઘ, લી. લીમખેડા |
| એગ્રી બીઝનેશ સેન્ટર, ગાંગરડી | ધાનપુર મોટા કદની મંડળી લી. પીપેરો |
| એગ્રી બીઝનેશ સેન્ટર, સેવનીયા | એગ્રો સર્વિસ સેન્ટર, પીપેરો |
| એગ્રી બીઝનેશ સેન્ટર, મોટીખજુરી | |
| ધી ક્લીયા સહકારી મંડળી લી. ક્લીયા | |
| સેવા સહકારી મંડળી, કાળી ડુંગરી | |
| ધી રંધીક્પુર મોટાક્દની મં.લી. રંધીક્પુર | |
| લીમખેડા ખરીદ વેચાણ સંઘ, લી. લીમખેડા | |
| એગ્રો સર્વિસ સેન્ટર, પીપેરો | |
| ધાનપુર મોટા કદની મંડળી લી. પીપેરો | |

--------

**અમદાવાદ જિલ્લામાં એ.જી.આર-૪ યોજના હેઠળ ઈનપુટ કીટની સહાય બાબત**

૧૭૮૬૨ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એજીઆર-૪ યોજનામાં ઈનપુટ કીટ સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૧૬૫૯ અરજીઓ મળી, |
| (૨) તે પૈકી કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા, અને | (૨) કુલ ૧૬૫૯ લાભાર્થીઓને આપવામાં આવ્યા, અને |
| (૩) તેમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૩) કુલ ૧૭,૭૦,૮૦૩/- રૂપિયાની સહાય ચૂકવવામાં આવી. |

--------

**વડોદરા જિલ્લામાં ઈ-ધરામાં ખેડૂતોને અપાયેલ નકલો**

૧૭૮૯૦ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વડોદરા જિલ્લામાં ઈ-ધરામાં ૭/૧૨અને ૮ અની કેટલી નકલો ખેડૂતોને અપાઇ, અને | (૧) ૧૫,૭૨,૪૭૫ નકલો. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૨) રૂ. ૭૮,૬૨,૩૭૫/-. |

--------

**બનાસકાંઠા જિલ્લાની સરકારી જમીન ઉપરના દબાણો દૂર કરવા બાબત**

૧૭૮૭૧ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી જમીનો ઉપરનાં દબાણો હટાવાયા, | (૧) કુલ ૨,૩૭૮ સરકારી જમીનો ઉપરના દબાણો હટાવાયા. |
| (૨) કેટલા ચો.મી. જમીન ખુલ્લી થઈ, અને | (૨) ૧,૩૧,૫૭,૯૩૨ ચો.મી. જમીન ખુલ્લી થઈ. |
| (૩) આ જમીનની અંદાજીત રકમ કેટલી થઈ? | (૩) સવાલવાળી જમીનની અંદાજીત રકમ (જંત્રી મુજબ) રૂપિયા ૮૭,૬૬,૧૩,૧૭૪/-થાય છે. |

**કચ્છ જિલ્લામાં મુંદ્રાના ખારેક સંશોધન અને રોપા ઉછેર કેન્દ્રનું સ્થળ બદલવા બાબત**

૧૮૮૭૮ : **શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લાના મુંદ્રાના ખારેક સંશોધન અને રોપા ઉછેર કેન્દ્રને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યું છે કે ખસેડવાની દરખાસ્ત આવી છે તે હકીક્ત સાચી છે,

(૨) આ ખારેક સંશોધન કેન્દ્ર મુંદ્રા તાલુકામાં કેટલા વિસ્તારની જમીનમાં ક્યારે શરૂ કરાયું હતુ,

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર મહેક્મ અને વહિવટી અને વિકાસ માટે કેટ કેટલુ નાણાકીય ફાળવણી અને ખર્ચ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લાના મુન્દ્રાના ખારેક સંશોધન અને રોપા ઉછેર કેન્દ્રને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યું નથી. અદ્યાણી ગૃપ દ્વારા મુન્દ્રા ખાતેનું ખારેક સંશોધન કેન્દ્ર ખસેડવાની દરખાસ્ત આવી છે.

(૨) ખારેક સંશોધન કેન્દ્ર, મુન્દ્રા સને ૧૯૮૨ થી ૬૦ હેકટર જમીનમાં શરૂ કરાયેલ છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર મહેક્મની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા | જે તે વર્ષમાં ભરાયેલ જગ્યાની સ્થિતિ | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | સહ સંશોધન વૈજ્ઞાનિક | ૨ | નીલ | નીલ | નીલ |
| ૨ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક | ૩ | ૨ | ૨ | ૩ |
| ૩ | ખેતી અધિકારી/સી.રી. આસી. | ૩ | ૩ | ૨ | ૧ |
| ૪. | ખેતી મદદનીશ | ૩ | ૩ | ૨ | ૧ |
| ૫. | લેબ. આસીસ્ટન્ટ | ૧ | નીલ | નીલ | નીલ |
| ૬. | ટેકનિકલ આસીસ્ટન્ટ | ૧ | નીલ | નીલ | નીલ |
| ૭. | જીપ ડ્રાઇવર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૮. | ટ્રેકટર ડ્રાઇવર | ૧ | ૧ | ૧ | ૧ |
| ૯. | માળી | ૪ | ૪ | ૩ | ૨ |
| ૧૦. | ચોકીદાર | ૧ | ૧ | નીલ | નીલ |
| ૧૧. | સાથી | ૧ | ૧ | નીલ | નીલ |

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં મેળવેલ ગ્રાન્ટ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | યોજનાનું નામ | મેળવેલ ગ્રાન્ટ | | | થયેલ ખર્ચ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | ઓલ ઈન્ડીયા કો. ઓર્ડીનેટેડ રીસર્ચ પ્રોજેક્ટ ઓન એરીડ ઝોન ફ્રુટસ | ૧૭૪૬૫૬૩ | ૧૫૮૬૬૮૪ | ૨૫૯૫૯૭૨ | ૧૭૪૭૫૬૩ | ૧૫૮૦૬૮૪ | ૨૫૯૨૯૭૨ |
| ૨ | ન્યુ ટીસ્યુકલ્ચર રીસર્ચ ઈન ડેટપામ | ૧૧૨૦૬૭૦ | ૭૩૪૭૮૭ | ૭૮૫૮૨૭ | ૧૧૧૨૬૭૦ | ૭૨૫૭૮૭ | ૭૮૩૨૨૭ |
| ૩ | ફળ સંશોધન યોજના, ખેડોઈ | ૫૨૩૦૯૮ | ૭૨૪૪૫૬ | ૯૩૬૧૯૨ | ૫૧૭૦૯૮ | ૭૨૦૮૫૬ | ૯૩૧૫૯૨ |
| ૪ | ફળ સંશોધન યોજના, મુંદ્રા | ૨૫૮૬૮૦ | ૨૩૬૨૮૦ | ૨૮૫૧૬૦ | ૨૫૫૧૫૯ | ૨૨૯૨૫૦ | ૨૭૬૨૬૮ |
| ૫ | નેશનલ એગ્રીકલ્ચર રીસર્ચ પ્રોજેક્ટ | ૩૧૦૭૨૬ | ૩૦૪૯૫૫ | ૩૩૬૫૦૨ | ૩૦૧૯૭૧ | ૨૯૫૧૫૫ | ૩૩૦૯૮૦ |

(૪) કચ્છ જિલ્લામાં ખારેક્નું ઉત્પાદન મુખ્યત્વે મેળવતા તાલુકા અંજાર, મુંદ્રા, માંડવી સિવાયના તાલુકામાં આ સંશોધન કેન્દ્ર કે રોપ ઉછેર કેન્દ્ર ખસેડવાની યોજના માટેના કારણો શા છે?

(૪) પ્રશ્નમાં દર્શાવવામાં આવેલા તાલુકાઓ સિવાયના સ્થળે આ કેન્દ્ર ખસેડવાની કોઈ યોજના નથી.

**ધારી તાલુકાના આંબરડી-ગોપાલગામ રોડની કામગીરી બાબત**

૧૭૮૨૧ : **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના ધારી તાલુકાના આંબરડી/ગોપાલગ્રામ રોડનો વર્ક ઓર્ડર ક્યારે આપ્યો,

**જવાબ**

(૧) કામનો વર્કઓર્ડર તા. ૨૦-૯-૦૭ થી આપવામાં આવેલ.

(૨) આ ગામમાં ક્વોલીટી ક્ન્ટ્રોલ દ્વારા કોઈ તપાસ કરવામાં આવી છે કે કેમ,

(૨) હા, આ કામની ક્વોલીટી ક્ન્ટ્રોલ દ્વારા તારીખ ૧૬-૧-૧૦ થી તા. ૧૭-૧-૧૦ દરમ્યાન તપાસ હાથ ધરવામાં આવેલ હતી.

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તપાસનો રીપોર્ટ આવેલ છે કે કેમ,

(૩) હા, જી.

(૪) જો ના, તો રીપોર્ટ લેઈટ થવાનું કારણ શું છે,

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) ઉપરોક્ત કામની જવાબદાર એજન્સી સામે શી કાર્યવાહી કરી, અને

(૫) કામના ઇજારદારશ્રી સામે ટેન્ડર ક્લોઝ મુજબ વળતર વસુલાત કરવાના હુકમ થયેલ છે.

(૬) ઉપરોક્ત રોડ ક્યારે પૂરો થશે ?

(૬) બાકી રહેતા કામના ટેન્ડર માંગવામાં આવેલ છે. જે અંગે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે, સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

## બાગાયતી પાકો માટે અનુસૂચિત જાતિ માટે સહાય

૧૭૮૫૨ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બાગાયતી પાકો માટે અનુસૂચિત જાતિ માટે કોઈ સહાય યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે, અને

(૨) એચ.આર.ટી.-૪ (એ.જી.આર.૨૫) પ્લાન, ખાસ અંગભૂત યોજના (પ્લાન) હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓ માટે બાગાયત વિકાસ કાર્યક્રમ માટેની યોજના અમલમાં છે.

(૩) તે હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે ?

(૩) એચ.આર.ટી.-૪ (એ.જી.આર.૨૫) પ્લાન હેઠળ ચૂકવવામાં આવતી ઘટકવાર સહાયની વિગતોનું પત્રક-૧ સામેલ રાખેલ છે.

### પત્રક-૧

### એ.જી.આર. ૨૫ અનુસુચિત જાતીના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસ.સી.પી.) હેઠળ બાગાયત વિકાસ કાર્યક્રમોની યોજના

| અ.નં. | યોજનાનો નંબર | યોજનાનું નામ | ઘટક | સહાયનું ધોરણ | જીલ્લા કક્ષાએ અમલીકરણ કચેરીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | એ.જી.આર.૨૫ | અનુ.સુચિત જાતીના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસ.સી.પી.) હેઠળ બાગાયતી વિકાસ કાર્યક્રમો | ફળપાકોનો વાવેતર વિસ્તાર વધારવો | સદર યોજના હેઠળ લાભાર્થી ખેડૂતો પોતાની માલીકીની જમીનમાં ૦.૧૦ ગુંઠા કે તેથી વધારે વિસ્તારમાં બાગાયતી ફળ પાકોનું વાવેતર કરે તો સહાયને પાત્ર થશે. વધુમાં વધુ ૪.૦૦ હે. સુધી સહાય આપવામાં આવે છે.<br>આ યોજના હેઠળ બહુવર્ષાયુ ફળ પાકના વાવેતરનો ખર્ચ અંદાજીત રૂ. ૩૦,૦૦૦/- પ્રતિ હેક્ટરે ધ્યાને રાખી ખર્ચના ૭૫ ટકા મુજબ પ્રતિ હેક્ટર ૨૨,૫૦૦/- ની મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે. જે સહાય ત્રણ હપ્તે ૫૦ : ૨૦ : ૩૦ પ્રમાણે ચૂકવવાની રહેશે. જે માટે પ્રથમ વર્ષે ૭૫ ટકા અને બીજા તથા ત્રીજા વર્ષે ૯૦ ટકા છોડ જીવંત હોવા જરૂરી છે. જ્યારે વર્ષાયુ ફળ પાક વાવેતરનો ખર્ચ અંદાજીત રૂ. ૩૦,૦૦૦/- પ્રતિ હેક્ટરે ધ્યાને લેતા ખર્ચના ૫૦ ટકા મુજબ રૂ. ૧૫,૦૦૦/-ની મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે. આ સહાય ત્રણ હપ્તે ૫૦,૨૦,૩૦ પ્રમાણે ચૂકવવાની રહેશે વર્ષાયુ પાક જેવા કે કેળા તથા પપેયા માટે બીજા અને ત્રીજા વર્ષની સહાય મેળવવા માટે જે તે લાભાર્થી દ્વારા પ્રથમ વર્ષે ચૂકવેલ સહાય હેઠળના વાવેતરની જમીનમાં ફરીથી નવું વાવેતર કરી કેશ પેપર/ દરખાસ્ત તેયાર કરવાની રહેશે. | નાયબ / મદદનીશ બાગાયત નિયામક રાજ્યના તમામ જિલ્લાઓ. |

| અ.નં. | યોજનાનો નંબર | યોજનાનું નામ | ઘટક | સહાયનું ધોરણ | જીલ્લા કક્ષાએ અમલીકરણ કચેરીનું નામ |
|---|---|---|---|---|---|
| ૨ | એ.જી.આર.૨ ૫ | અનુ.સુચિત જાતીના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસ.સી.પી.) હેઠળ બાગાયતી વિકાસ કાર્યક્રમો | સેન્દ્રીય ખેતી માટે સહાયનો કાર્યક્રમ | બાગાયતી પાકોમાં ઓર્ગેનીક ફાર્મીંગમાં જુદા જુદા સેન્દ્રીય ખાતરો જેવા કે છાણીયુ ખાતર, દિવેલી ખોળ, બાયો ફર્ટીલાઈઝર, વર્મી કલ્ચર તેમજ જુદા જુદા જૈવિક કલ્ચર વિગેરેમાં પ્રતિ હેક્ટરે અંદાજીત રૂ. ૧૦,૦૦૦/- નો ખર્ચ થાય છે તેને લક્ષમાં રાખી ખર્ચના ૭૫ ટકા અથવા રૂ.૬૦૦૦/- બે માંથી ઓછું હોય તેટલી સહાયની રકમ બાગાયતદાર ખેડૂતને પ્રતિ હેક્ટરે ચૂકવવાની રહેશે. ઓર્ગેનીક ફાર્મીંગ કરતા ખેડૂતોને ૦.૧૦ ગુઠાથી ૧.૦૦ હેક્ટર સુધીના વિસ્તાર માટે લાભ આપવાનો રહેશે. | નાયબ / મદદનીશ બાગાયત નિયામક રાજ્યના તમામ જિલ્લાઓ. |
| ૩ | "" | "" | ગરીબી રેખા નીચેના ખેડૂતોને વિના મૂલ્યે ઈનપુટ કીટ આપવાનો કાર્યક્રમ | આ કાર્યક્રમ હેઠળ ગરીબી રેખા નીચેના ખેડૂતોને પોતાની માલીકીની જમીનમાં બાગાયતી પાકોનું વાવેતર કરે તે માટે રૂ. ૧૦૦૦/- મર્યાદામાં ઈનપુટ કીટ વિના મૂલ્યે આપવાના રહેશે. જેમાં પ્લાટીંગ મટીરીયલ, શાકભાજી, મસાલા પાક્ના બિયારણ, ખાતર, જંતુનાશક દવા, જૈવિક દવા વિગેરે ઈનપુટ કીટમાં આપવાના રહેશે. લાભાર્થીની પસંદગી ગ્રામ સભાના માધ્યમ દ્વારા કરવાની રહેશે. | "" |
| ૪ | "" | "" | પાવર ટીલર/ મીની ટ્રેક્ટરની ખરીદી માટે સહાય | આ યોજના ના લાભાર્થી બાગાયતદાર ઓછામાં ઓછા ૧.૦૦ હેક્ટરમાં બાગાયતી ખેતી કરતો હોય તેને પાવર ટીલર/મીની ટ્રેક્ટરની કુલ કિંમતના ૫૦ ટકા સહાયનું ધોરણ ને વધુમાં વધુ રૂ. ૬૦,૦૦૦/- ની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. | "" |
| ૫ | | | ખેડૂતોને બાગાયતી પાકોની ગુણવત્તા જાળવવા ગ્રેડીંગ, શોર્ટીંગ તથા ખળા માટે સાધન સામગ્રી સહાય દરે આપવાની યોજના | ખેડૂતોને બાગાયતી પાકોની ગુણવત્તા જાળવવા ગ્રેડીંગ, શોર્ટીંગ તથા ખળા માટે સાધન સામગ્રીની ખરીદી કિંમતના ૫૦ ટકા પ્રમાણે રૂ. ૨,૦૦૦/-ની મર્યાદામાં વર્ષમાં એક વખત સહાય આપવામાં આવે છે. | |
| ૬ | "" | "" | પાક સંરક્ષણ સાધનો માટે સહાયનો કાર્યક્રમ | બાગાયતદાર ખેડૂત અને સાધનના પ્રકાર મુજબ સહાય નીચે મુજબ આપવામાં આવે છે.<br>૧. માનવ સંચાલિત પાક સંરક્ષણ સાધન - ખરીદ કિંમતના ૭૫ ટકા અથવા સાધન દીઠ રૂ. ૧,૧૨૫/-ની મર્યાદામાં<br>૨. પાવરથી ચાલતા પાક સંરક્ષણ સાધન - ખરીદ કિંમતના ૭૫ ટકા અથવા સાધન દીઠ રૂ. ૩,૭૫૦/-ની મર્યાદામાં<br>૩. ટ્રેક્ટર માઉન્ટેડ - ખરીદ કિંમતના ૭૫ ટકા અથવા સાધન દીઠ રૂ. ૨૫,૦૦૦/-ની મર્યાદામાં | "" |
| ૭ | એ.જી.આર.૨ ૫ | અનુ.સુચિત જાતીના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસ.સી.પી.) હેઠળ બાગાયતી વિકાસ કાર્યક્રમો | ખેડૂતોને નવી નર્સરીઓ સ્થાપવા તથા ચાલુ નર્સરીઓને સુદ્રઢ બનાવવા તથા આધુનિકરણ કરવા માટે સહાય આપવાનો કાર્યક્રમ | લાભાર્થીને નર્સરી સ્થાપવા અગર ચાલુ નર્સરીને સુદ્રઢ અને આધુનિકરણ કરવા ઘટકવાર ૫૦ ટકા અને વધુમાં વધુ રૂ. ૧,૦૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે રકમ સહાય તરીકે ચૂકવવાની રહેશે. ઘટકવાર સહાયનું ધોરણ -<br>૧. ૦.૨૦ થી ૨.૦૦ હે. ના માતૃઝાડોનું વાવેતર કરવા રૂ. ૬૦૦૦/- પ્રતિ હેક્ટર લેખે વધુમાં વધુ રૂ. ૧૨૦૦૦/-ની મર્યાદામાં સહાયનું ધોરણ રહેશે.<br>૨. ૪૦૦ ચો.મી. સુધીના નેટ હાઉસ માટે વધુમાં વધુ રૂ. ૮૦૦૦/-ની મર્યાદામાં સહાયનું ધોરણ રહેશે. પરંતુ ઓછામાં ઓછું ૨૦૦ ચો.મી.નું નેટ હાઉસ સહાયને પાત્ર રહેશે.<br>૩. નર્સરીમાં પિયત સુવિધાના આધુનિકરણ માટે સ્પ્રીંક્લર/ ડ્રીપસેટ માટે વધુમાં રૂ. ૧૦,૦૦૦/-ની સહાયનું ધોરણ રહેશે.<br>૪. નર્સરીમાં પિયત સુવિધા વધારવા માટે પાઈપલાઈન વધુમાં વધુ રૂ. ૧૦,૦૦૦/-ની સહાયનું ધોરણ રહેશે.<br>૫. નર્સરી ઉપયોગી સુધારેલ સાધનો જેવા કે બડીંગ નાઈફ, સીકેટર, ગાર્ડનસીઝર્સ, પાણીનો ઝારો, વિલબરો તથા અન્ય જરૂરી સાધનોની ખરીદી માટે વધુમાં વધુ રૂ. ૧૦,૦૦૦/-ની સહાયનું ધારણ રહેશે.<br>૬. ૫૦૦ ચો.મી.ના ગ્રીનહાઉસ માટે વધુમાં વધુ રૂ. ૫૦,૦૦૦/- ની સહાયનું ધોરણ રહેશે. | નાયબ/મદદનીશ બાગાયત નિયામક રાજ્યના તમામ જિલ્લાઓ. |
| ૮ | "" | "" | શેઢે પાળે બાગાયતી વક્ષોના ઉછેર માટે | લાભાર્થી ખેડૂત પોતાની માલીકીની ખુલ્લી અને શેઢેપાળાની જમીનમાં બાગાયતી વક્ષોનું નવું વાવેતર કરે તો કલમ ખરીદીના ૫૦ ટકા અથવા | "" |

| અ.નં. | યોજનાનો નંબર | યોજનાનું નામ | ઘટક | સહાયનું ધોરણ | જીલ્લા કક્ષાએ અમલીકરણ કચેરીનું નામ |
|---|---|---|---|---|---|
| | | | સહાય આપવાનો કાર્યક્રમ | રૂ. ૧૨૫૦/- બે માંથી જે ઓછું હોય તેટલી સહાય લાભાર્થી દીઠ જે તે નર્સરીને ચૂકવવાની રહેશે. આ કાર્યક્રમ હેઠળ લાભાર્થીને ઓછામાં ઓછી ૨૫ કલમો અને વધુમાં વધુ ૫૦ કલમો તેની માંગણી મુજબ આપવામાં આવશે. | |
| ૯ | એ.જી.આર.૨૫ | અનુ.સુચિત જાતીના ખેડૂતો માટે ખાસ અંગભૂત યોજના (એસ.સી.પી.) હેઠળ બાગાયતી વિકાસ કાર્યક્રમો | બાગાયતદારો માટે વેલાવાળા શાકભાજી પાકો માટે પાકા સ્ટ્રક્ચર બાંધકામ ઉપર સહાયનો કાર્યક્રમ | લાભાર્થી ખેડૂતો પોતાની માલિકીની જમીનમાં વેલાવાળા શાકભાજી જેવા કે ટામેટા, પરવળ, દુધી, કારેલા, ગીલોડી, તુરીયા, કંકોડા, ગલકા વિગેરે પાકોને ટેકા આપવા માટે પાકા સિમેન્ટ અને લોખંડના થાંભલા ઉભા કરી ગેલ્વેનાઇઝ વાયરના મંડપ સાથે પાકા સ્ટ્રક્ચર બનાવે તો થતા ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૫૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તેટલી સહાય આપવામાં આવે છે. | નાયબ / મદદનીશ બાગાયત નિયામક રાજ્યના તમામ જિલ્લાઓ. |
| ૧૦ | "" | "" | કાપણીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરી ખરીદીનો કાર્યક્રમ | યોજના હેઠળ વર્ષ દરમ્યાન કાપણીના સાધનોની ખરીદી માટે કિંમતના ૫૦ ટકા લાભાર્થી દીઠ રૂ. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં સહાય તથા પ્રોસેસીંગ સાધનોની ખરીદી માટે કિંમતના ૫૦ ટકા લાભાર્થી દીઠ રૂ. ૨.૦૦ લાખની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. | "" |

--------

## આણંદ જિલ્લામાં બિનખેતીની પરવાનગી માટે મળેલ અરજીઓ

૧૮૧૪૫ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બિન-ખેતી પરવાનગી કલમ ૪૩, ૬૩ અને ૬૩AA ની મંજૂરી માટે કેટલી અરજીઓ મળી,

(૧)

| કલમ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
|---|---|---|---|
| ૪૩ | ૧૦૨ | ૧૩૪ | ૨૩૬ |
| ૬૩ | ૨૭ | ૨૬ | ૫૩ |
| ૬૩એએ | ૧૮ | ૦૬ | ૨૪ |
| કુલ | ૧૪૭ | ૧૬૬ | ૩૧૩ |

(૨) તે પેકી કેટલાને મંજૂરી આપવામાં આવી,

(૨)

| કલમ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
|---|---|---|---|
| ૪૩ | ૬૧ | ૩૦ | ૯૧ |
| ૬૩ | ૨૦ | ૧૪ | ૩૪ |
| ૬૩એએ | ૧૨ | ૦૩ | ૧૫ |
| કુલ | ૯૩ | ૪૭ | ૧૪૦ |

(૩) અરજી મળેથી મંજૂરી આપવાની સમય મર્યાદા કેટલી છે, અને

(૩) અરજીઓના નિકાલ માટે કાયદામાં કોઇ સમય મર્યાદા નક્કી કરેલ નથી.

(૪) મળેલ અરજીઓ પેકી ૧ મહીનામાં, ૨ મહિનામાં અને તેથી વધુ સમય ગાળા બાદ કેટલી અરજીઓને મંજૂરી આપવામાં આવી ?

(૪)

| કલમ | ૧ માસ | ૨ માસ | ૨ માસથી વધુ | કુલ |
|---|---|---|---|---|
| ૪૩ | ૦૮ | ૧૧ | ૭૨ | ૯૧ |
| ૬૩ | ૦૮ | ૧૪ | ૧૨ | ૩૪ |
| ૬૩એએ | ૦૬ | ૦૭ | ૦૨ | ૧૫ |
| કુલ | ૨૨ | ૩૨ | ૮૬ | ૧૪૦ |

--------

## અમદાવાદ સેન્ટ્રલ જેલના વહીવટી સંવર્ગની ખાલી જ્ગ્યાઓ

૧૭૯૬૯ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ સેન્ટ્રલ જેલના જુદા જુદા વહીવટી સંવર્ગની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જ્ગ્યાઓ ખાલી, અને,

(૧) અને (૨)

| ક્રમ | સંવર્ગ | મંજૂર જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૦૬ | ૦૧ |
| ૨ | વર્ગ-૨ | ૧૦ | ૦૨ |
| ૩ | વર્ગ-૩ | ૩૯૯ | ૨૦૯ |
| ૪ | વર્ગ-૪ | ૦૩ | ૦૨ |
| | કુલ : | ૪૧૮ | ૨૧૪ |

(૩) ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વહીવટી અનુકૂળતા મુજબ અધિકારી/ કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

--------

## જૂનાગઢ જિલ્લાની શાળાઓની મંજૂર થયેલી શૈક્ષણિક જ્ગ્યાઓ

૧૭૭૪૨ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) સન ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાની સરકારી ગ્રાન્ટેડ, માધ્યમિક ને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર કેટલી શૈક્ષણિક જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧) મંજૂર થયેલ મહેક્મની સંખ્યા

| ક્રમ | સંવર્ગ | બિન સરકારી ગ્રાન્ટેડ | સરકારી શાળાઓ |
|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૩૩૯ | ૧૨ |
| ૨ | મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક (માધ્યમિક) | ૨૫૭૬ | ૧૭૦ |
| ૩ | મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક (ઉચ્ચતર માધ્યમિક) | ૮૩૪ | ૧૪૦ |
| | કુલ | ૩૭૪૯ | ૩૨૨ |

(૨) તે અન્વયે મંજૂર થયેલ જ્ગ્યાઓ સામે સંવર્ગવાર કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) મંજૂર થયેલ જ્ગ્યાઓ સામે સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓની સંખ્યા

| ક્રમ | સંવર્ગ | બિન સરકારી ગ્રાન્ટેડ | કેટલા સમયથી ખાલી છે. | સરકારી શાળાઓ | કેટલા સમયથી ખાલી છે |
|---|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૬૪ | સરેરાશ ૧૮ માસ | ૦૫ | સરેરાશ ૧૮ માસ |
| ૨ | મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક (માધ્યમિક) | ૨૬૦ | સરેરાશ ૧૮ માસ | -- | -- |
| ૩ | મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયક (ઉચ્ચતર માધ્યમિક) | ૧૭૫ | સરેરાશ ૧૮ માસ | -- | -- |
| | કુલ | ૪૯૯ | -- | ૦૫ | |

(૩) આ જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

**રાજકોટ જિલ્લામાં ઈ-ધરામાં ખેડૂતોને અપાયેલ નક્લો**

૧૭૮૮૭ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૭/૧૨, ૮-અ ની કેટલી નક્લો ખેડૂતોને અપાઈ, અને | (૧) (૧) ૭/૧૨ ની ૯.૦૭.૬૮૭ નક્લો<br>(૨) ૮/અ ની ૬,૫૪,૬૯૧ નક્લો |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ ? | (૨) (૧) ૭/૧૨ ની આવક રૂા. ૪૫,૩૮,૪૩૫/-<br>(૨) ૮/અ ની આવક રૂા.૩૨,૭૩,૪૫૫/- |

**ક્લીમીટી ફંડની જમા રકમ**

૧૭૪૪૩ : **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે ક્લીમીટી ફંડની કેટલી રકમ જમા છે, | (૧) રૂા. ૧૧૭૦.૧૭ કરોડ. |
| (૨) આ રકમમાંથી સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં થયેલ ભારે વરસાદ અને ક્મોસમી વરસાદને કારણે કૃષિ પાક્ને થયેલ નુક્સાન અન્વયે કેટલી રકમ ઉક્ત સ્થિતિએ ખેડૂતોને ચૂક્વવામાં આવી, અને | (૨) અસરગ્રસ્ત ખેડૂતોને થયેલ નુક્શાનીનો પ્રાથમિક અંદાજ મેળવી વળતર આપવા રાજ્ય સરકારશ્રીએ કેન્દ્ર સરકારને દરખાસ્ત રજુ કરેલ છે. |
| (૩) આ ફંડમાંથી આવી રકમ ન ચુકવાઈ હોય તો તેના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાયની અરજીઓ**

૧૭૯૩૮ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા )** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે અરજીઓ આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧૦૬૨ ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે અરજીઓ આવી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી? | (૨) તે પૈકી કુલ-૮૩૯ અરજીઓ મંજૂર કરવામાં આવી. |

**રાજ્યમાં નવી બનાવવામાં આવેલ જેલો**

૧૭૯૧૨ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા)** : **માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવી કેટલી જેલો બનાવવામાં આવેલ છે,<br>(૨) તે ક્યાં ક્યાં બનાવવામાં આવી, અને | (૧) અને (૨) :<br>૧. ગોંડલ સબ જેલ<br>૨. પાલારા (ભુજ) ખાસ જેલ<br>૩. મહેસાણા જિલ્લા જેલ<br>૪. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે અન્ડર ટ્રાયલ જેલ |
| (૩) દરેક્ની કેપેસીટી કેટલી છે ? | (૩)<br>૧. ગોંડલ સબ જેલ - ૧૬૫ કેદીઓ<br>૨. પાલારા ખાસ જેલ - ૫૩૦ કેદીઓ<br>૩. મહેસાણા જીલ્લા જેલ - ૩૪૪ કેદીઓ<br>૪. અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે અન્ડર ટ્રાયલ જેલ - ૫૩૦ કેદીઓ |

**ગુજરાત હોર્ટીક્લ્ચર મીશન હેઠળ બાગાયત પાક માટે બજાર વ્યવસ્થા**

૧૭૮૪૮ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હોર્ટીક્લ્ચર મીશન હેઠળ બાગાયતી પાકો માટે બજાર વ્યવસ્થાની કોઈ સવલત છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કઈ સવલતો છે ? | (૨) સામેલ પત્રક-૧ મુજબ |

**પત્રક-૧**

| અ. નં. | ઘટક | એકમ ખર્ચ | સહાયનું ધોરણ |
|---|---|---|---|
| ૧ | ટર્મિનલ માર્કેટ | રૂા. ૧૫૦.૦૦ કરોડ / પ્રોજેક્ટ | શાખા આધારિત પાછળની અંતિત સહાય મુડી ખર્ચના ૨૫% થી ૪૦% (રૂા. ૫૦ કરોડની મર્યાદા પી.પી.પી. મોડ) |
| ૨ | હોલ સેલ માર્કેટ | રૂા. ૧૦૦.૦૦ કરોડ / પ્રોજેક્ટ | શાખા આધારિત પાછળની અંતિત સહાય મુડી ખર્ચના ૨૫% આદિજાતિ વિસ્તાર માટે ૩૩.૩૩% |
| ૩ | અપની મંડી-ગ્રામ્ય બજાર-સીધું બજાર | રૂા. ૨૦.૦૦ લાખ / એકમ | શાખા આધારિત પાછળની અંતિત સહાય મુડી ખર્ચના ૪૦% આદિજાતિ વિસ્તારોમાં ૫૫% |
| ૪ | રીટેલ માર્કેટ/આઉટ લેટ (વાતાનુકૂલિત) | રૂા. ૧૦.૦૦ લાખ / એકમ | શાખા આધારિત પાછળની અંતિત સહાય મુડી ખર્ચના ૪૦% આદિજાતિ વિસ્તારોમાં ૫૫% |
| ૫ | ફરતી અથવા સ્થાઈ વેડીંગ કાર્ટ/પ્લેટફોર્મ-કુલ ચેમ્બર સાથે | રૂા. ૦.૩૦ લાખ / એકમ | મૂડી ખર્ચના ૫૦% |
| ૬ | ક્લેક્શન-શોટીંગ અને ગ્રેડીંગ-પેકીંગ એકમ | રૂા. ૧૫.૦૦ લાખ / એકમ | શાખા આધારિત પાછળની અંતિત સહાય મુડી ખર્ચના ૪૦% આદિજાતિ વિસ્તારોમાં ૫૫% |
| ૭ એચબી-[illegible] | ગુણવત્તા નિયંત્રણ / પૃથ્થકરણ પ્રયોગશાળા | રૂા. ૨૦૦.૦૦ લાખ / એકમ | જાહેરક્ષેત્ર માટે રૂા. ૨૦૦.૦૦ લાખ/એકમ, ખાનગી ક્ષેત્ર-શાખા આધારિત પાછળની અંતિત સહાય, મુડી ખર્ચના ૫૦% |
| ૮ | બજાર વિસ્તરણ, ક્વોલીટી અવેરનેશ કાર્યક્રમ અને તાજી જણસ માટે બજાર આધારિત વિસ્તરણ પ્રવૃત્તિ | રૂા. ૩૦૦.૦૦ લાખ / એકમ | જાહેર ક્ષેત્ર માટે રૂા. ૩.૦૦ લાખ / કાર્યક્રમ |

--------

## કમોસમી વરસાદથી થયેલ નુકશાન

**૧૭૫૮૨ : શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦ના નવેમ્બર-ડીસેમ્બર માસમાં રાજ્યમાં થયેલા કમોસમી વરસાદથી ખેતીને થયેલ નુક્સાન પેટે કેટલી રકમ ફાળવવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને ક્યારે દરખાસ્ત કરી, અને | (૧) રૂા. ૩૩૧૨૮૨ લાખ નુક્સાની પેટે મેળવવાની દરખાસ્ત કેન્દ્ર સરકારને તા. ૧૯/૧/૨૦૧૧ના રોજ કરેલ છે. |
| (૨) તે અન્વયે સરકારે શો પ્રતિભાવ આપ્યો? | (૨) કેન્દ્ર સરકાર તરફથી આજદિન સુધી કોઈ જવાબ મળેલ નથી. |

## અમદાવાદ જિલ્લામાં ઈ-ધારામાં ખેડૂતોને અપાયેલ નકલો

**૧૭૮૮૬ : શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ઈ-ધારામાં ૭/૧૨અને ૮-અ ની કેટલી નકલો ખેડૂતોને અપાઈ, અને | (૧) (૧) ૭/૧૨ની ૨૯,૧૪,૩૨૩ નકલો<br>(૨) ૮-અની ૧૧,૨૯,૬૩૦ નકલો |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ? | (૨) રૂા. ૮૮,૯૩,૭૯૧/- |

## જામનગર જિલ્લામાં શાળાઓના મકાન બાંધવા અપાયેલ જમીન

**૧૭૮૮૧ : શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મકાન બાંધવા માટે કેટલી જમીન અપાઈ, અને | (૧) ૭૧,૯૫૨ ચો.મી. |
| (૨) આ જમીનની જંત્રી પ્રમાણે કેટલી કિંમત થાય? | (૨) રૂા. ૧,૨૭,૯૧,૮૩૫/- |

-------

## ગ્લોબલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ અને ૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ. માટે જમીનની માંગણી

**૧૭૩૭૦ : શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ઉદ્યોગકારોએ કરેલા એમ.ઓ.યુ. પૈકીના કેટલા ઉદ્યોગકારોની કેટલી જમીનની માંગણીઓ કરતી અરજીઓ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સરકારને મળી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી, અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) મંજૂર થયેલ અરજીઓ પેકી ક્યા ક્યા ઉદ્યોગો માટે કેટલી જમીન શા ભાવે આપવામાં આવી?

**જવાબ**

(૧) ૪૧-ઉદ્યોગકારોની જમીનની માંગણીઓ કરતી અરજીઓ મળી,

(૨) ૨૨-અરજીઓ મંજૂર કરી, અને
૧૯-અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) સાથે સામેલ પત્રક મુજબ

**પત્રક**

| ક્રમ | જિલ્લો | જમીનની માંગણી કરનાર ઉદ્યોગકારનું નામ | હે.આરે.ચો.મી. | જમીનના ભાવ (પ્રતિ ચો.મી. ના) રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નવસારી | દત્ત એક્વાકલ્ચર ફાર્મસ પ્રા. લી. | ૧૦૦-૦૦-૦૦ | હેકટરદિઠ રૂા. ૧૦૦૦/-ના ભાડે |
| ૨ | સુરત | ૧ : ગુજરાત હીરાબુશ.<br>૨ : ધી સર્ધન ગુજરાત ચેમ્બર્સ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી | ૮-૮૦-૯૭<br>૧૨-૯૪-૪૮ | ૨૯૦<br>૧૫૦ |
| ૩ | ખેડા | માર્ક બાયોસાયન્સ લી. | ૦-૪૬-૮૭ | ૩૦૦/- |
| ૪ | અમદાવાદ | ભારત હોટલ્સ પ્રા. લી. | ૨-૧૩-૦૦<br>૦-૪૪-૨૪ | ૩૪૭૦/-<br>૬૮૦૦/- |
| ૫ | ગાંધીનગર | અરવિંદ મીલ્સ લી. | ૦-૨૧-૪૦ | ૯૦૦ |
| ૬ | કચ્છ | ૧ : આર્ચિયન કેમિકલ્સ<br>૨ : કચ્છ સ્ટિલ પ્રા.લી.<br>૩ : સાલ સ્ટીલ લી. | ૨૪૦૨૧-૦૦-૦૦<br>૩-૯૨-૫૪<br>૧૩-૬૭-૮૫ | ભાડે<br>૯૦/-<br>૬૫/- |
| ૭ | પોરબંદર | સુઝલોન એનર્જી લી. | ૫૬-૭૦-૦૦ | ભાડે |
| ૮ | જુનાગઢ | ગુજરાત અંબુજા સિમેન્ટ | ૭-૫૩-૫૭<br>૫-૬૪-૩૪<br>૨-૯૦-૫૫<br>૨-૨૭-૩૨<br>૦-૩૩-૭૯<br>૨-૨૦-૭૯<br>૧-૩૭-૭૧<br>૨૮-૭૬-૫૨<br>૦-૮૦-૯૪ | ૫૫/-<br>૬૫/-<br>૬૫/-<br>૬૦/-<br>૬૦/-<br>૬૦/-<br>૬૯/-<br>૬૦/-<br>૮૭/- |
| ૯ | રાજકોટ | જેતપુર ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ્સ પાર્ક | ૮૭-૦૦-૦૦ | ૫૩/- |
| ૧૦ | ભાવનગર | ૧ : નિરમા લી. | ૧૬૮-૮૬-૫૨ | ૬૧.૩૫ |
| | | ૨ : ગુજરાત પાવર કોર્પોરેશન લી. | ૬૭-૯૮-૦૬ | ૪૬/- |

--------

## મહેસાણા જિલ્લામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ

**૧૭૯૪૧ : શ્રી કાંતિલાલ ૨ા.પટેલ (વિજાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) બાકી રહેલ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ કેટલા સમયમાં આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ૯૬૭૪૮ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) બાકી રહેલ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ તબક્કાવાર આપવાની કાર્યવાહી ચાલુ છે.

## કમોસમી વરસાદને કારણે કૃષિ પાકને થયેલ નુકસાન

૧૭૫૫૧ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં રાજ્યમાં ભારે અને કમોસમી વરસાદને કારણે રાજ્યમાં કૃષિ પાકને તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી રકમનું નુકસાન થયું, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ પાકને અંદાજીત રૂા. ૩૩૧૨૮૨ લાખનું નુકસાન થયેલ છે. |
| (૨) આ નુકસાનનો સર્વે ક્યારે હાથ ધરવામાં આવ્યો ? | (૨) કમોસમી વરસાદથી નુકસાનના અહેવાલ મળ્યા બાદ. |

--------

## અમદાવાદ જિલ્લામાં કિશાનપથ યોજના હેઠળ મંજૂર થયેલ કામો

૧૭૮૫૯ : **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં કિસાનપથ યોજના તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના અને કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) કિસાનપથ યોજના હેઠળ ૨૯ રસ્તાના કામો રૂા. ૧૫૪૩.૫૦ લાખની રકમના મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) આ કામો ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) મંજુર થયેલ ૨૯ કામો પેકી ૨૨ કામો પૂર્ણ અને ૭ કામો પ્રગતિમાં છે. |

## રાજ્યમાં કેદીઓને શિક્ષણ માટેનું આયોજન

૧૭૯૧૬ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની જેલોમાંનાં કેદીઓને શિક્ષણ મળી રહે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) રાજ્યની જેલોમાં કેદીઓને શિક્ષણ મળી રહે તે માટે સરકારે કરેલ આયોજનની વિગતો નીચે મુજબ છે.<br>૧. રાજ્યની જેલોના તમામ કેદીઓ પેકી નિરક્ષર કેદીઓને સાક્ષર બનાવવા સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ દરમિયાન હાથ ધરવામાં આવેલ સાક્ષરતા અભિયાનમાં કુલ-૩૯૩૧ કેદીઓને સાક્ષર કરવામાં આવેલ છે.<br>૨. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલોમાં સાક્ષર કેદીઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનું અભ્યાસ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવેલ છે. જેમાં **કુલ-૧૭૭** કેદીઓ અભ્યાસ કરી રહેલ છે.<br>૩. રાજ્યની અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, રાજકોટ / જુનાગઢ / ભાવનગર / સુરત /નડીયાદ / જામનગર/ પાલનપુર/મહેસાણા જીલ્લા જેલો અને પાલારા (ભુજ)/પોરબંદર ખાસ જેલો ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ છે. આ જેલોના કુલ ૩૦૦ કેદીઓ આ યુનિવર્સિટી મારફત અભ્યાસ કરી રહેલ છે. તદઉપરાંત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે આ યુનિવર્સિટીના સહકારથી ભારતમાં પ્રથમ વખત કુલ |

૨૪ કોમ્પ્યુટર સુવિધાવાળી કોમ્પ્યુટર લેંગ્વેજ લેબ ટ્રેનર સાથે સ્થાપિત કરવામાં આવતા કેદીઓને કોમ્પ્યુટર વિજ્ઞાનથી પણ શિક્ષિત કરવામાં આવી રહેલ છે.

૪. અન્નામલાઈ યુનિવર્સિટી અને પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ સંસ્થાના સહયોગથી દાખલ કરવામાં આવેલ મુલ્યનિષ્ઠ શિક્ષણ અને આધ્યાત્મિક્તા પર પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા કોર્ષમાં કુલ ૮૬ સ્નાતક કેદીઓને જોડવામાં આવી રહેલ છે.

૫. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા માન્ય સંસ્થા બ્યુરો ઓફ સ્કીલ એસેસમેન્ટ દ્વારા રાજ્યની અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેલ ખાતેના ઉદ્યોગ વિભાગમાં કામ કરતા કેદીઓનું કૌશલ્ય વિકાસ મુલ્યાંકનની કસોટી થતાં કુલ : ૫૪૧ કેદીઓને ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા આઈ.ટી.આઈ. સમકક્ષ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે. જેના પદવીદાન સમારોહમાં એફઆઈસીસીઆઇ/ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

૬. વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા હીરો હોન્ડાના સહયોગથી તા. ૧૬-૩-૨૦૧૧થી સર્ટીફીકેટ ઈન મોટરસાયકલ સર્વિસ એન્ડ રીપેર (સીએમએસઆર) ના તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે.

૭. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આણંદ તેમજ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા રાજ્યની જેલોના **કુલ ૬૦ કેદીઓને** પશુપાલન અને ડેરી વિજ્ઞાન અભ્યાસક્રમની તાલીમ આપવામાં આવેલ છે.

૮. રાજ્યની તમામ જેલોમાં કેદીઓના વાંચન માટે લાઈબ્રેરીનું આયોજન કરવામાં આવેલ છે. જ્યાં કુલ ૪૪૨૪૪ ધાર્મિક, સાહિત્યિક, મૌલિક પુસ્તકો અને **૪૧૬૦ મેગેઝીન** ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

૯. શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાનના સહયોગથી અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ ખાતે રાખવામાં આવેલ મહિલા કેદીઓના બાળકોને પ્રાથમિક શિક્ષણ અને વૈજ્ઞાનિક ઢબે પ્રશિક્ષિત કરવા મહિલા અધ્યાપિકાઓ અને સંગીત અધ્યાપિકાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવી રહેલ છે.

## રાજ્યની સરકારી ઈજનેરી કોલેજ અને પોલીટકનીકોની પ્રયોગશાળાઓના આધુનિકરણનું આયોજન

૧૮૦૪૯ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારી ઈજનેરી કોલેજો અને પોલીટક્નીકોની પ્રયોગ શાળાઓના આધુનિકરણ માટે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા. |

(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને

(૨)
* પ્રયોગશાળાઓની જરૂરિયાત ધ્યાને લઈ, વિવિધ ઈજનેરી વિદ્યાશાખાના તજજ્ઞ ધ્વારા કમ્પ્યુટર્સના અલગ અલગ સોફ્ટવેર તેમજ સમયની માંગને ધ્યાને લઈ સીએનજી (કોમ્પ્યુટરાઈઝડ ન્યુમરિક્લ ક્ન્ટ્રોલ) નામની પધ્ધતિનો ઉપયોગ કરી મશીનટુલ્સનો પ્રયોગશાળામાં ઉપયોગ કરવામાં આવે છે.
* કેન્દ્ર સરકાર ધ્વારા ટેક્નીકલ ક્વોલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ-૧ માં રાજ્ય સરકારે ભાગીદારી કરીને ત્રણ ડીગ્રી અને બે પોલીટેક્નીક ઈજનેરી સંસ્થાઓ માટે અતિ આધુનિક અને ઉચ્ચ ક્ક્ષાની ગુણવત્તા ધરાવતા કમ્પ્યુટર સોફ્ટવેર, લર્નિંગ રીસોર્સીસ તેમજ ફોરેન પબ્લીકેશનની રેફરન્સ બુકો લાવી આધુનિકરણ કરેલ છે. ટેક્નીક્લ ક્વોલીટી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ-૨ પણ શરૂ થનાર છે. તેમાં રાજ્ય સરકારે જોડાવા માટે કેન્દ્ર સરકારને સંમતિ આપેલ છે.
* રાજ્ય સરકારની બધી જ સંસ્થાઓમાં કેમ્પસ વાઈડ એરીયા નેટવર્કીંગની સુવિધા પુરી પાડીને ક્ષમતાયુક્ત ઈન્ટરનેટ લીઝ લાઈનની સુવિધા પુરી પાડવામાં આવે છે.
* ગુજરાત ટેક્નોલોજીક્લ યુનિવર્સિટીને કેન્દ્ર સરકારની એમ.એચ.આર.ડી. ની ગાઈડલાઈન મુજબ એક જીબીપીએસ ની લીઝવાઈનથી સુસજજ કરી આ માધ્યમથી રાજ્યની અન્ય યુનિવર્સિટીને ટેક્નીક્લ સંસ્થાની સુવિધાનો લાભ મળે તે માટે રૂા. ૪૯.૦૦ લાખની રકમ ગુજરાત ટેક્નોલોજીક્લ યુનિવર્સિટીને ફાળવેલ છે.

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાંની સરકારી ઈજનેરી કોલેજ તથા સરકારી પોલીટેક્નીક સંસ્થાઓ ખાતે પ્રયોગશાળાઓના આધુનિકરણ માટે રૂા. ૯૬.૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

## ભાવનગર જિલ્લામાં આંગણવાડીઓને અપાયેલ ગેસ જોડાણ

૧૮૦૭૨ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ ક્નેકશન અપાયેલ છે, | (૧) ૧૯૪૧. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) રૂા. ૬૧,૧૯,૨૬૨/-. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) બાકી આંગણવાડીઓમાં ગેસ ક્નેકશન માટે શું આયોજન છે ? | (૪) બાકીની આંગણવાડીઓને ટૂંક સમયમાં ગેસ ક્નેકશન આપવાનું આયોજન છે. |

## રાજ્યમાં નવી બનાવવામાં આવેલ જેલો

૧૭૯૧૩ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સન ૨૦૧૦-૨૦૧૧માં સરકાર દ્વારા રાજ્યમાં નવી જેલ બનાવવા માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા,જી

(૨) રાજ્યની જેલોમાં ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ કરવા માટે સરકારશ્રી દ્વારા નીચે જણાવેલ વિગતે આયોજન કરવામાં આવેલ છે.

(અ) પાટણ, ગલપાદર અને દાહોદ ખાતે દરેક જ્યાએ ૨૦૦ કેદીઓની ક્ષમતાવાળી નવી સબ જેલ બનાવવા માટે ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે.

(બ) લાજપોર (સુરત) ખાતે ૨૫૦૦ કેદીઓની ક્ષમતાવાળી નવી અદ્યતન મધ્યસ્થ જેલ શરૂ કરવાની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.

(ક) વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓની સમાવેશ સંખ્યા વધારીને ૨૫૦૦ કરવા માટેની બાંધકામની કાર્યવાહી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા હાથ ધરાયેલ છે.

(ડ) અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૪૦૦ સેલ બનાવવાનું આયોજન છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ૨૦૦ સેલનું બાંધકામ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

--------

## ખેડા જિલ્લામાં કૃષિ માર્ગદર્શન શિબિરો

૧૭૮૬૧ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા સ્થળે કૃષિ માર્ગદર્શન શિબિરો યોજવામાં આવી, અને

(૨) તેમાં દરેક શિબિરોમાં કેટલા લાભાર્થીએ લાભ લીધેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ કૃષિ માર્ગદર્શન શિબિરોની વર્ષ, તાલુકા, શિબિરનું સ્થળ તેમજ દરેક શિબિરમાં લાભાર્થીઓની સંખ્યાની માહિતી દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**

ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજવામાં આવેલ કૃષિ માર્ગદશન શિબિરોની વર્ષ, તાલુકા, શિબિરનુ સ્થળ તેમજ લાભાર્થીઓની સંખ્યાની માહિતી દર્શાવતું પત્રક

| તા. ૧-૧-૦૯ થી તા-૩૧-૧૨-૦૯ | | | | તા-૧-૧-૧૦ થી તા-૩૧-૧૨-૧૦ | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકા** | **શિબિરનું સ્થળ** | **લાભાર્થીની સંખ્યા** | **તાલુકા** | **શિબિરનું સ્થળ** | **લાભાર્થીની સંખ્યા** |
| ૧ | માતર | ૧.દેથલી | ૧૦૪ | માતર | ૧. સીંજીવાડા<br>૨. નધાનપુર | ૨૦૪<br>૨૦૨ |
| ૨ | કપડવંજ | ૨. હીરાપુરા (અલવા)<br>૩. નાથાના મુવાડા<br>૪. દનાદરા | ૭૦<br>૧૦૯<br>૧૬૮ | કપડવંજ | ૩. આંબલીયારા | ૧૨૫ |
| ૩ | ખેડા | ૫. ઘરોડા | ૨૧૪ | ખેડા | ૪. ખુમરવાડ<br>૫. દેદરડા | ૧૫૦<br>૧૨૫ |
| ૪ | નડીયાદ | ૬. જાવોલ<br>૭. અલીન્દ્રા | ૨૦૯<br>૨૩૬ | નડીયાદ | ૬. ફતેપુરા | ૨૧૦ |
| ૫ | ઠાસરા | ૮. ચેતરસુંબા (લાભપુરા)<br>૯. રૂસ્તમપુરા<br>૧૦. ફતેપુરા | ૧૧૬<br>૧૧૫<br>૧૧૭ | ઠાસરા | ૭. ઘડીયા | ૧૧૦ |
| ૬ | કઠલાલ | ૧૧. સીકદર પોરડા | ૧૧૪ | કઠલાલ | ૮. ચરેડ | ૧૭૨ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | બાલાશીનોર | ૧૨. સાકરીયા<br>૧૩. પરબીયા | ૧૦૯<br>૧૨૮ | બાલાશીનોર | ૯. લીમડી<br>૧૦. પાંડવા | ૧૦૯<br>૧૦૪ |
| ૮ | વિરપુર | ૧૪. વરઘરા | ૧૫૧ | વિરપુર | ૧૧. ગાંધેલી<br>૧૨. ખારોલી | ૧૫૫<br>૧૫૨ |
| ૯ | --- | --- | --- | મહેમદાવાદ | ૧૩. જાલમપુરા | ૨૨૨ |
| ૧૦ | --- | --- | --- | મહુધા | ૧૪. વાસણા | ૨૦૦ |
| | | **કુલ** | **૧૯૬૦** | | | **૨૨૪૦** |

--------

## જૂનાગઢ જિલ્લામાં ઈ-ધરામાં ખેડૂતોને અપાયેલ નક્લો

**૧૭૮૯૧ : શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં ઈ-ધરામાં ૭/૧૨, ૮-અ ની કેટલી નક્લો ખેડૂતોને અપાઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧) ૭/૧૨ ની ૭,૦૫,૭૮૫ નક્લો
૮-અ ની ૫,૧૪,૧૫૧ નક્લો.

(૨) ૭/૧૨ ની આવક રૂા ૩૫,૨૮,૯૨૫/-
૮-અ ની આવક રૂા. ૨૫,૭૦,૭૫૫/-

## જૂનાગઢ જિલ્લાના રસ્તાઓની મરામત

**૧૭૩૭૮: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જૂનાગઢથી સાસણ (વાયા મેંદરડા) અને સાસણથી વેરાવળ જતો રસ્તો ખૂબ જ ખરાબ હાલતમાં છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ માર્ગની મરામત સત્વરે કરવા શી કાર્યવાહી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) અને (૨)
કુલ ૯૪.૮ કિ.મી. નો રસ્તો છે, જેમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે પેચ પડેલ જે રીપેર કરી રસ્તાની સપાટી વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે.

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોનું મંજૂર થયેલ મહેકમ

**૧૮૫૦૦ : શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૦-૯-૧૦ની સ્થિતિએ તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોનું મંજુર થયેલ મહેક્મ કેટલું છે, તે પેકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

(૨) સરકાર દ્વારા શિક્ષકોની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે શું આયોજન થયેલ છે, અને

(૩) કેટલા સમયમાં આવી ખાલી જ્ગ્યાઓ પુરાઈ જશે ?

**જવાબ**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતાં તા. ૦૩-૦૬-૧૦ના ઠરાવથી વિદ્યાર્થી-શિક્ષક્ના ધોરણો સુધારતાં મંજુર થયેલ મહેક્મ તથા ખાલી જ્ગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ મહેક્મ | ખાલી જ્ગ્યા |
|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૮૮૬ | ૦૮ |
| ૨ | લીંબડી | ૬૬૮ | ૧૮ |
| ૩ | ચુડા | ૪૪૯ | ૨૦ |
| ૪ | મુળી | ૬૩૧ | ૦૬ |
| ૫ | સાયલા | ૮૩૫ | ૩૦ |
| ૬ | ચોટીલા | ૧૨૩૬ | ૭૧ |
| ૭ | હળવદ | ૮૩૬ | ૧૬ |
| ૮ | ધ્રાંગધ્રા | ૮૬૫ | ૧૩ |
| ૯ | લખતર | ૩૬૦ | ૧૩ |
| ૧૦ | પાટડી | ૮૩૫ | ૧૩ |
| | **કુલ** | **૭૬૦૧** | **૧૮૨** |

(૨) જુન-જુલાઈમાં ખાલી જ્ગ્યાઓ ભરવાનું આયોજન છે.

(૩) આગામી ભરતી સમયે.

## ગુજરાત હોર્ટીકલ્ચર મીશન હેઠળ ઓર્ગેનીક ફાર્મીંગ માટે સહાય

**૧૭૮૪૭ : શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગુજરાત હોર્ટીકલ્ચર મીશન હેઠળ ઓર્ગેનીક ફાર્મીંગ માટે કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી સહાય આપવામાં આવે છે ? | (૨) સામેલ પત્રક-૧ મુજબ |

**પત્રક-૧**

**ગુજરાત હોર્ટીકલ્ચર મિશન હેઠળ ઓર્ગેનીક ફાર્મીંગ માટે નીચે મુજબની સહાય આપવામાં આવે છે.**

| અ.નં. | યોજના | અંદાજીત ખર્ચ | સહાયનું ધોરણ |
|---|---|---|---|
| ૧ | સેન્દ્રીય ખેતી અપનાવવી (સર્ટીફીકેશન સાથેનો કાર્યક્રમ) | રૂા. ૨૦,૦૦૦ હેકટર | ખર્ચના ૫૦ રૂા. ૧૦,૦૦૦/- હેકટર લેખે લાભાર્થી દીઠ ૪ હેકટરની મર્યાદામાં ૩ વર્ષ માટે, પ્રથમ વર્ષે રૂા. ૪,૦૦૦/- જ્યારે બીજા અને ત્રીજા વર્ષે રૂા. ૩૦૦૦ મળવાપાત્ર થાય છે. |
| ૨ | સેન્દ્રીય ઉત્પાદન પ્રમાણન (સર્ટીફીકેશન) | રૂા. ૧૦૦.૦૦ કરોડ પ્રોજેક્ટ | ૫૦ હેકટરના જુથમાં, જુથ દીઠ રૂા. ૫ લાખ લેખે, જેમાં પ્રથમ વર્ષે રૂા. ૧.૫૦ લાખ, બીજા વર્ષે ૧.૫૦ લાખ અને ત્રીજા વર્ષે રૂા. ૨.૦૦ લાખ મળવાપાત્ર થાય છે. |
| ૩ | વર્મી કમ્પોસ્ટ/સેન્દ્રીય ઈનપુટ ઉત્પાદન એકમ ઉભું કરવું. | કાયમી માળખા માટે રૂા. ૬૦,૦૦૦/- એકમ જ્યારે HDPE વર્મીબેડ માટે રૂા. ૧૦,૦૦૦/- એકમ | -કાયમી માળખા માટે ખર્ચના ૫૦ % કે જે એકમની સાઈઝ ૩૦"x ૮" x ૨.૫ HDPE<br>-વર્મીબેડ માટે ખર્ચના ૫૦ % કે જે એકમની સાઈઝ ૧૨" x ૪" x ૨" હોય તેવા |

--------

## મહિલા ખેડૂતોને કૃષિ લક્ષી તાલીમ

**૧૭૮૬૫ : શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહિલા ખેડૂતોને કૃષિલક્ષી તાલીમ આપવા માટે કોઈ વ્યવસ્થા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કેવા પ્રકારની તાલીમ આપવામાં આવે છે ? | (૨) ખેડૂત તાલીમ કેન્દ્રોમાં મહિલા ખેડૂતોને કૃષિ તેમજ સંલગ્ન વિષયોની તાલીમ આપવામાં આવે છે. જેમાં ખેતી, પશુપાલન, મરઘા-બતકા ઉછેર બાગાયત, પોલ્ટ્રીફાર્મ, ઉર્જાસ્ત્રોત, સેન્દ્રીયવર્મી કંપોસ્ટ, ફાર્મ ફોરેસ્ટ્રી, અનાજ અને બીજની માવજત, જળ અને જમીન સંરક્ષણ, ફળ પરિરક્ષણ, માર્કેટીંગ, વિવિધ પાકોમાં આવતી રોગ, જીવાત, નિયંત્રણના પગલાં, નિંદણ નિયંત્રણ, સપ્રમાણ ખાતરનો વપરાશ જેવા વિષયો ઉપર તાલીમ આપવામાં આવે છે. |

## રાજ્યના કેદીઓના સ્વાસ્થ્ય માટે લીધેલ પગલાં

**૧૭૮૩૬ : શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જેલમાં કેદીઓના સ્વાસ્થ્ય માટે સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું પગલાં લેવામાં આવ્યા ? | (૨) કેદીઓના સ્વાસ્થ્ય માટે પગલાં લેવામાં આવતા પગલાંઓની વિગતો નીચે મુજબ છે.<br><br>૧. રાજ્યની મધ્યસ્થ, જિલ્લા તેમજ ખાસ જેલો ખાતે કેદીઓના સ્વાસ્થ્ય માટે જેલોમાં સંબંધિત મેડિક્લ/પેરા મેડીક્લ સ્ટાફની સુવિધા સાથે |

દવાખાનાની સુવિધા ઉપલબ્ધ કરેલ છે.

૨. રાજ્યની સૌથી મોટી જેલ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે કેદીઓના સારવાર માટે ફીજીશીયન, જનરલ સર્જન, મેડીકલ ઓફિસર, ફાર્માસીસ્ટ, ઈ.સી.જી. ટેક્નીશીયન, લેબ ટેક્નીશીયન, એક્સરે ટેક્નીશીયન, બ્રધર્સ (મેલ નર્સ) સીસ્ટર (ફીમેલ નર્સ) મારફત કેદીઓની સારવાર કરવામાં આવે છે. કેદીઓની જેલની બહાર મોકલ્યા વગર તજજ્ઞ ડોકટર દ્વારા સારવાર મળી રહે તે હેતુથી અપોલો હોસ્પીટલને જોડતી ટેલીમેડીશીન સીસ્ટમ ઈસરોના સહયોગથી કાર્યરત કરવામાં આવેલ છે. આમ, અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે પ્રાથમિક સારવારને લગતા સાધનો સહિત સંપૂર્ણ સુસજ્જ હોસ્પીટલની સુવિધા ઉપલબ્ધ થતાં એક હોસ્પીટલ જેવું માળખું ઉભું કરવામાં આવેલ છે.

૩. રાજ્યની સબ જેલો ખાતે સ્થાનિક સિવિલ હોસ્પીટલમાંથી મેડીકલ ઓફિસર દ્વારા કેદીઓની સારવાર માટે અઠવાડિયામાં ત્રણ વખત તેમજ જરૂરિયાત મુજબ વિઝીટ કરી, સારવાર આપવામાં આવે છે.

૪. રાજ્યની અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, જામનગર જિલ્લા જેલ ખાતે એક્સ-રે મશીન, અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, સુરત, રાજકોટ, જામનગર જિલ્લા જેલ ખાતે સોનોગ્રાફી મશીન, અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, સુરત, રાજકોટ, જામનગર જીલ્લા જેલ અને પાલારા (ભુજ) ખાસ જેલ ખાતે ઈ.સી.જી. મશીન વસાવવામાં આવેલ છે.

૫. કેદીઓની ગંભીર પ્રકારની તેમજ આકસ્મિક બિમારીઓ કે જેની સારવાર જેલ દવાખાનામાં આપી શકાતી નથી. તેવી બિમારીઓ માટે કેદીઓને તાત્કાલિક સિવિલ હોસ્પીટલ ખાતે મોકલી શકાય તે હેતુસર પ્રાથમિક સુવિધાવાળી એમ્બ્યુલન્સ વાન ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

૬. રાજ્યની જેલોમાં કેદીઓ દાખલ થતા તેઓની અગાઉની બિમારી અંગેનો પૂર્વ ઈતિહાસ તેઓ પાસેથી મેળવી દાખલ થતાંની સાથે જ સ્વાસ્થ્ય સંબંધી શારિરીક તપાસ મેડીકલ ઓફિસર દ્વારા કરી, તે અંગેની નોંધ કેદીનાં હેલ્થ કાર્ડમાં કરવામાં આવે છે.

૭. રાજ્યની સૌથી મોટી જેલ અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને જેલની બહાર મોકલ્યા વગર તજજ્ઞ ડોકટર દ્વારા સારવાર મળી રહે તે હેતુથી અપોલો હોસ્પીટલને જોડતી ટેલીમેડીશીન સીસ્ટમ ઈસરોના સહયોગથી કાર્યરત કરવામાં આવેલ છે. આ સીસ્ટમ ભારતની જેલોમાં પ્રથમ વખત સ્થાપિત કરવામાં આવેલ છે. આ સીસ્ટમને મંથન એવોર્ડ પણ એનાયત થયેલ છે.

૮. રાજ્યની તમામ જેલોમાંથી કેદીઓને ફોલો-અપ સારવાર માટે નિયમિત સ્થાનિક સિવિલ હોસ્પીટલ ખાતે મોકલવામાં આવે છે.

--------

**વરસાદના કારણે આણંદ જિલ્લામાં થયેલ નુકસાન**

૧૭૪૮૧ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં ભારે અને ક્મોસમી વરસાદના કારણે આણંદ જિલ્લામાં ક્યા ક્યા પાકોને કેટલી રકમનું નુક્સાન થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં ભારે અને ક્મોસમી વરસાદના કારણે આણંદ જિલ્લામાં નીચે દર્શાવેલ રકમનું અંદાજીત નુક્સાન થયેલ છે.

| અ. નં. | પાક્નું નામ | અંદાજીત નુક્સાન (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | તમાકુ | ૧૩૯ |
| ૨ | ડાંગર | ૫૬૭ |
| ૩ | ક્પાસ | ૪૩૧ |
| | **કુલ :** | **૧૧૩૭** |

--------

**રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ ક્નેક્શન**

૧૭૮૫૮ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી આંગણવાડીઓને ગેસ ક્નેક્શન અપાયેલ છે,

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે,

(૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને

(૪) બાકી આંગણવાડીઓમાં ગેસ ક્નેક્શન માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૭૬૨

(૨) રૂા. ૪૨,૪૪,૫૮૬/-

(૩) ના, જી.

(૪) બાકીની આંગણવાડીઓને ટુંક સમયમાં ગેસ ક્નેક્શન આપવાનું આયોજન છે.

--------

**અમદાવાદ શહેરની ખાનગી શાળાઓ દ્વારા લેવામાં આવતું ડોનેશન**

૧૭૬૪૧ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૮-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ જી. એલ.એસ. માઉન્ટ કારમેલ જેવી ખાનગી શાળાઓ ડોનેશન લે છે તેનાથી સરકાર વાકેફ છે, અને

(૨) વિભાગ તરફથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી શાળાઓની આ બાબતે તપાસ કરી યોગ્ય પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ડોનેશન અંગે કોઈ ફરિયાદ આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**પાટણ જિલ્લાના લેન્ડ રેવન્યુ કોડની ક્લમ-૧૦૮/૬ હેઠળના કેસોના નિકાલ**

૧૭૯૦૧ : **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની ક્લમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોના નિકાલ કરવાનો બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પાટણ જિલ્લામાં લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮(૬) હેઠળનાં ૧૨૭ કેસોનો નિકાલ કરવાનો બાકી છે.

(૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે,
(૨) ૨૪

(૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે,
(૩) ૨૯

(૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે, અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે, અને
(૪) ૩ થી ૬ માસના - ૧૨
૩ માસથી નીચેના - ૬૨

(૫) આ કેસોનો નિકાલ ક્યારે થશે ?
(૫) કેસોના નિકાલમાં અર્ધન્યાયીક પ્રક્રિયા અનુસરવાની હોવાથી ચોક્કસ સમય મર્યાદા આપવી શક્ય નથી.

--------

**સુરત જિલ્લામાં બી.પી.એલ. પરિવારને અપાયેલ ગામતળની જમીન**

૧૭૮૭૪ : **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૦ થી ૧૬ બી. પી. એલ. પરિવારોને મકાન માટે કેટલા હેક્ટર ગામતળ જમીન નીમ કરી ,
(૧) હે.-આરે.-ચો.મી.
૩૭૯-૫૭-૯૦

(૨) કેટલા ગામમાં ગામતળ નીમ કરવાનું બાકી છે, અને
(૨) ૨૫ ગામોમાં

(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ?
(૩) કાર્યવાહી ચાલુ છે.

**રાજ્યમાં જેલના કેદીઓને સુધારણા માટે આયોજન**

૧૭૯૧૭ : **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જેલ સુધારણા સાથે સાથે રાજ્યની જેલોમાંના કેદીઓની સુધારણા માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને
(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?
(૨) રાજ્યની જેલોના કેદીઓની સુધારણા માટેના આયોજનની વિગતો નીચે મુજબ છે.

૧. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલોમાં નિરક્ષર કેદીઓને સાક્ષર બનાવવા તથા સાક્ષર કેદીઓ ઉચ્ચ અભ્યાસ કરી શકે તે માટે ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીનું અભ્યાસ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવેલ છે. જેમાં **કુલ-૧૭૭** કેદીઓ અભ્યાસ કરે છે.
૨. રાજ્યની અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, રાજકોટ / જુનાગઢ / ભાવનગર / સુરત /નડીયાદ / જામનગર/ પાલનપુર/મહેસાણા જીલ્લા જેલો અને પાલારા (ભુજ)/પોરબંદર ખાસ જેલો ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કેન્દ્રો કાર્યરત કરવામાં આવેલ છે. આ જેલોના કુલ ૩૦૦ કેદીઓ આ યુનિવર્સિટી મારફત અભ્યાસ કરી રહેલ છે. તદઉપરાંત અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે આ યુનિવર્સિટીના સહકારથી ભારતની જેલોમાં પ્રથમ વખત કુલ **૨૪ કોમ્પ્યુટર** સુવિધાવાળી કોમ્પ્યુટર લેંગ્વેજ લેબ ટ્રેનર સાથે સ્થાપિત કરવામાં આવેલ છે.
૩. અન્નામલાઈ યુનિવર્સિટી અને પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ સંસ્થાના સહયોગથી દાખલ કરવામાં આવેલ મુલ્યનિષ્ઠ શિક્ષણ અને આધ્યાત્મિક્તા પર પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા કોર્ષમાં કુલ **૮૬ સ્નાતક** કેદીઓ જોડાયેલ છે.

૪. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા માન્ય સંસ્થા બ્યુરો ઓફ સ્કીલ એસેસમેન્ટ દ્વારા રાજ્યની અમદાવાદ, વડોદરા અને રાજકોટ જેલ ખાતેના ઉદ્યોગ વિભાગમાં કામ કરતા કેદીઓનું કૌશલ્ય વિકાસ મુલ્યાંકનની કસોટીમાં ભાગ લેનાર **કુલ : ૫૪૧** કેદીઓને ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા આઈ.ટી.આઈ. સમકક્ષ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે.

૫. વડોદરા મધ્યસ્થ જેલ ખાતે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી તથા હીરો હોન્ડાના સહયોગથી તા. ૧૬-૩-૨૦૧૧થી સર્ટીફીકેટ ઈન મોટરસાયકલ સર્વિસ એન્ડ રીપેર (CMSR) ના તાલીમ કેન્દ્રો શરૂ કરવામાં આવનાર છે.

૬. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આણંદ તેમજ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા રાજ્યની જેલોના **કુલ ૬૦ કેદીઓને** પશુપાલન અને ડેરી વિજ્ઞાન અભ્યાસક્રમની તાલીમ આપવામાં આવેલ છે.

૭. રાજ્યની જેલોના તમામ કેદીઓ પૈકી નિરક્ષર કેદીઓને સાક્ષર બનાવવા સ્વર્ણિમ ગુજરાત વર્ષ ૨૦૧૦ દરમિયાન હાથ ધરવામાં આવેલ સાક્ષરતા અભિયાનમાં **કુલ-૩૯૩૧** કેદીઓને સાક્ષર કરવામાં આવેલ છે.

૮. રાજ્યની તમામ જેલોમાં કેદીઓના વાંચન માટે લાયબ્રેરીનું આયોજન કરવામાં આવેલ છે. લાયબ્રેરીમાં **કુલ ૪૪૨૪૪** ધાર્મિક, સાહિત્યિક, મૌલિક પુસ્તકો અને **૪૧૬૦ મેગેઝીન** ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

૯. શ્રી યોગક્ષેમ માનવ ગૌરવ સંસ્થાનના સહયોગથી અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ ખાતે રાખવામાં આવેલ મહિલા કેદીઓના બાળકોને પ્રાથમિક શિક્ષણ અને વૈજ્ઞાનિક ઢબે પ્રશિક્ષિત કરવા મહિલા અધ્યાપિકાઓ અને સંગીત અધ્યાપિકાઓ દ્વારા શિક્ષણ આપવામાં આવી રહેલ છે.

૧૦. શ્રી યોગેક્ષેમ માનવ ગૌરવ સંસ્થાન તથા રાજ્ય સરકારશ્રીના સહયોગથી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે આંગણવાડી કાર્યરત કરવામાં આવેલ છે.

૧૧. કેદીઓનું માનસ પરિવર્તન તેમજ તેઓના જીવન પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવવા તથા આધ્યાત્મિક ઉત્થાન માટે વિવિધ બિનસરકારી સેવાભાવી સંસ્થા જેવી કે આર્ટ ઓફ લીવીંગ, ગુર્જર વિપશ્યના કેન્દ્ર, પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ સંસ્થા, બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા, ઈસ્કોન સંસ્થા, ભારતીય ચરિત્ર નિર્માણ સંસ્થા, પિરામીડ સંસ્થા, ગાયત્રી ચેતન કેન્દ્ર, રામકૃષ્ણ મિશન, દાવત ઈસ્લામી (હિન્દ) સંસ્થા, દ્વારા નૈતિક પ્રવચનો તેમજ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. કેદીઓના સ્વાસ્થ્ય માટે વિવિધ સંસ્થાઓના સહયોગથી યોગ, પ્રાણાયામ અને શારિરીક ફીટનેસ માટે જીમની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

## રાઇટ ટુ એજ્યુકેશન એક્ટના અમલ બાબત

૧૭૩૭૨ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારના રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ રાજ્યની પ્રત્યેક ખાનગી શાળામાં ગરીબ અને વંચીત વર્ગના વિદ્યાર્થીઓ માટે ૨૫ ટકા અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ આ રાઇટ ટુ એજ્યુકેશનનો અમલ રાજ્યમાં લાગુ પાડવા ક્યા ક્યા પ્રકારની કામગીરી હાથ ધરી, અને

(૩) સરકાર તેનો અમલ ક્યારથી શરૂ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગુજરાત એલીમેન્ટરી એજ્યુકેશન એક્ટ અને રૂલ્સ બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) જેમ બને તેટલું વહેલાસર

## આણંદ જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ

૧૭૮૪૯ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૧૯૭૯ આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ છે અને તાલુકાવાર નીચે મુજબની આંગણવાડી છે.

| ક્રમ | જિલ્લા/ઘટકનું નામ | આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૨૭૮ |
| ૨ | પેટલાદ | ૨૭૩ |
| ૩ | બોરસદ | ૩૯૭ |
| ૪ | સોજીત્રા | ૧૧૬ |
| ૫ | આંકલાવ | ૧૫૨ |
| ૬ | આણંદ | ૪૬૩ |
| ૭ | ઉમરેઠ | ૨૦૧ |
| ૮ | તારાપુર | ૯૯ |
| | **કુલ :** | **૧૯૭૯** |

(૨) તે પેકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨) તે પેકી આણંદ જિલ્લામાં કુલ ૮૬૭ આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે.

| ક્રમ | જિલ્લા/ઘટકનું નામ | પોતાના મકાનમાં બેસે છે તેવી આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૧૭૬ |
| ૨ | પેટલાદ | ૧૨૯ |
| ૩ | બોરસદ | ૧૫૫ |
| ૪ | સોજીત્રા | ૬૨ |
| ૫ | આંકલાવ | ૭૪ |
| ૬ | આણંદ | ૧૩૦ |
| ૭ | ઉમરેઠ | ૭૬ |
| ૮ | તારાપુર | ૬૫ |
| | **કુલ :** | **૮૬૭** |

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે?

(૩) તે પેકી આણંદ જિલ્લામાં ૭૭૦ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે. જેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા/ઘટકનું નામ | ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૬૭ |
| ૨ | પેટલાદ | ૭૩ |
| ૩ | બોરસદ | ૧૬૬ |
| ૪ | સોજીત્રા | ૩૨ |

| | | |
|---|---|---|
| ૫ | આંકલાવ | ૩૮ |
| ૬ | આણંદ | ૨૮૧ |
| ૭ | ઉમરેઠ | ૧૦૧ |
| ૮ | તારાપુર | ૧૨ |
| | **કુલ :** | **૭૭૦** |

--------

**જેલોનું આધુનિકીકરણ**

૧૮૧૮૭ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં જેલોનું આધુનિકરણ કરવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં કેટલી જેલોનું નવીનીકરણ આધુનિકીકરણ કરવામાં આવ્યું છે, અને

**જવાબ**

(૧) હા.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં જેલોના આધુનિકરણની વિગતો નીચે મુજબ છે.

**૧.** અમદાવાદ મધ્યસ્થ જેલમાં હાઈમાસ્ટ પોલ સ્થાપિત કરવામાં આવેલ છે.

**૨.** મધ્યસ્થ જેલ અમદાવાદ, જિલ્લા જેલ જામનગર, જૂનાગઢ તથા સબ જેલ નવસારી, છોટાઉદેપુર, રાજપીપળા સબ જેલમાં હાઈવોલ્ટેજ ડી.સી.લાઈવ વાયર સીસ્ટમ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

**૩.** પાલારા (ભૂજ) ખાસ જેલ, અમદાવાદ મધ્યસ્થ જેલ વિભાગ-૨, મહેસાણા જિલ્લા જેલ તથા અમરેલી સબ જેલ કાર્યાન્વિત કરવામાં આવેલ છે. લાજપોર(સુરત) ખાતે અદ્યતન મધ્યસ્થ જેલ, તેમજ ગલપાદર, પાટણ અને દાહોદ ખાતે સબ જેલના બાંધકામની કાર્યવાહી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી., દ્વારા કરવામાં આવી રહેલ છે.

**૪.** છેલ્લા બે વર્ષ દરમિયાન અલગ અલગ જેલો ઉપર કુલ ૬૧ સ્ટાફ ક્વાટર્સનું બાંધકામ પૂર્ણ થયેલ છે. અને બીજા ૪૦૦ ક્વાટર્સ અલગ અલગ જેલો ઉપર બાંધવાની કાર્યવાહી તબક્કાવાર થઈ રહેલ છે.

**૫.** રાજ્યની સોથી મોટી જેલ અમદાવાદ મધ્યસ્થ જેલમાં કેદીઓને જેલની બહાર મોકલ્યા વગર તજજ્ઞ ડોકટર દ્વારા સારવાર મળી રહે તે હેતુથી અપોલો હોસ્પીટલને જોડતી ટેલીમેડીશીન સીસ્ટમ ઈસરોના સહયોગથી કાર્યરત કરવામાં આવેલ છે. દેશમાં પ્રથમવાર આ સીસ્ટમ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સ્થાપિત કરવામાં આવેલ છે.

**૬.** અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સોલર સ્ટીમ જનરેટીંગ સીસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે. તેમજ ડોરફ્રેમ મેટલ ડીટેકટર, નારકોટીક્સ એક્સપ્લોઝીવ ડીટેકટર, મોબાઈલ ફોન ડીટેકટરની ખરીદી કરવામાં આવી રહેલ છે.

**૭.** પાલારા (ભૂજ) ખાસ જેલ ખાતે હેવી ડ્યૂટી જનરેટર સેટ વસાવવામાં આવેલ છે તેમજ નાઈટ વિઝન ગોગલ્સ અને બાયનોક્યુલરની ખરીદી કરવામાં આવી રહેલ છે. આ જેલની હોસ્પિટલ માટે એક્ષરે મશીન, સોનોગ્રાફી મશીન તથા હોસ્પિટલના સાધનોની ખરીદી કરવામાં આવી રહેલ છે.

**૮.** વર્ષ ૨૦૧૦-૧૧ માં અમદાવાદ અને વડોદરા

મધ્યસ્થ જેલના ઉદ્યોગોના આધુનિકીકરણ માટે અદ્યતન યંત્રોની ખરીદી કરવામાં આવી રહેલ છે.

**૯.** વડોદરા મધ્યસ્થ જેલ, પાલારા (ભૂજ) ખાસ જેલ, ભરૂચ, હિંમતનગર સબ જેલમાં ખેત ઉત્પાદન વધારવા માટે ટ્રેક્ટર તથા ખેતીના સાધનોની ખરીદી કરવામાં આવી રહેલ છે.

**૧૦.** વર્ષ ૨૦૧૦-૧૧માં જૂનાગઢ, ભાવનગર, પોરબંદર જેલ માટે વિડિયો સર્વેલન્સ સિસ્ટમ સ્થાપિત કરવા માટે જરૂરી ખરીદી કરવામાં આવી રહેલ છે.

**૧૧** . રાજકોટ, જૂનાગઢ અને પાલારા(ભૂજ) જેલ માટે લોડીંગ વાન વસાવવામાં આવેલ છે.

**૧૨.**વડોદરા મધ્યસ્થ જેલ, સુરત, રાજકોટ, નડિયાદ, પાલનપુર, પોરબંદર, સુરેન્દ્રનગર, ગોધરા, નવસારી જેલો માટે એમ્બ્યુલન્સ વાન ખરીદવામાં આવેલ છે.

**૧૩** .વર્ષ ૨૦૧૦-૧૧માં અમદાવાદ, સુરત, જૂનાગઢ, ભાવનગર જેલ માટે એક્ષરે સ્કેનીંગ મશીનની ખરીદી કરવામાં આવી રહેલ છે.

**૧૪** .વર્ષ ૨૦૧૦-૧૧ માં વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર, નડિયાદ, મહેસાણા, પાલનપુર, સુરત અને પાલારા(ભૂજ) જેલ માટે મોબાઈલ ફોન ડીટેકટરની ખરીદી કરવામાં આવી રહેલ છે.

(૩) તે પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩)

| વર્ષ | બાંધકામ માટે થયેલ ખર્ચ (રૂ.) | યંત્ર/સાધન સામગ્રી માટે માટે થયેલ ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૯,૬૦,૦૦,૦૦૦ | ૭૩,૭૬,૦૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૫,૫૧,૮૪,૦૦૦ | ૨,૦૯,૩૩,૦૦૦ |

--------

## કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી માટે એવોર્ડ

૧૭૮૪૫ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી માટે કોઈ એવોર્ડ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા એવોર્ડ આપવામાં આવે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકાર દ્વારા સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર આપવામાં આવે છે.

--------

## બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને રોટાવેટરના લાભ અંગેની અરજીઓ

૧૭૯૩૬ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખેડુતોની વિવિધ સહાય યોજના હેઠળ રોટાવેટરનો લાભ મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોની વિવિધ સહાય યોજના હેઠળ રોટાવેટરનો લાભ મેળવવા માટે નીચે મુજબની અરજીઓ આવી,

| તા.૧-૧-૨૦૦૯ થી | તા.૧-૧-૨૦૧૦ થી |
|---|---|
| ૯૪ | ૧૮૭ |

| ૯૪ | ૧૮૭ |
|---|---|

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

(૨)

| તા.૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ સુધી મંજૂર કરેલ અરજીઓ | તા.૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધી મંજૂર કરેલ અરજીઓ |
|---|---|
| ૬૯ | ૧૮૭ |

--------

**કેલેમીટી ફંડની જમા રકમ**

૧૭૩૬૭ **શ્રી ચંદુભાઈ ડાભી** (કરજણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે કેલેમીટી ફંડની કુલ કેટલી રકમ જમા છે?

રૂ. ૧૧૭૦.૧૭ કરોડ.

--------

**ગાંધીનગર જિલ્લાના આઈ.ટી. સેઝ માટે ફાળવાયેલ જમીન**

૧૭૫૪૫ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી. સેઝ બનાવવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કઈ કઈ કંપનીઓને ક્યા ક્યા ભાવે, કેટ કેટલી જમીન ફાળવવામાં આવી, અને

(૧) આઈ.ટી. સેઝ બનાવવા ફાળવેલ જમીનની વિગત .

૧. એક્વાલાઈન પ્રોપર્ટીઝ પ્રા.લી. (કે.રાહેજા) ને પ્રતિ ચો.મી.દીઠ રૂ.૪૭૦/- ના ભાવથી ૩,૭૬,૫૬૧ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
૨. ડી.એલ.એફ. કંપની લી.ને પ્રતિ ચો.મી. દીઠ રૂા.૫૦૦૦/-ના ભાવથી ૧,૦૧,૨૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
૩. ટાટા ક્ન્સલટન્ટ સર્વીસીઝ લી., મુંબઈને પ્રતિ ચો.મી. દીઠ રૂ.૧૧૦૦/- ના ભાવથી, ૧,૦૩,૧૯૪-૮૩ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
૪. મેસર્સ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકને પ્રતિ ચો.મી. દીઠ રૂ.૧૧૦૦/-ના ભાવથી ૭૧,૨૬૪ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
૫. જી.આઈ.ડી.સી. ગાંધીનગરને પ્રતિ ચો.મી.દીઠ રૂ.૧૧૦૦/-ના ભાવથી ૨,૨૨,૫૮૫ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
૬. સત્યમ કોમ્પ્યુટર્સ સર્વીસીઝ લી.ને પ્રતિ ચો.મી. દીઠ રૂ.૧૧૦૦/-ના ભાવથી ૧,૦૫,૨૨૨ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
૭. યુનિવર્સીટી ગ્રાન્ટસ કમિશન (ભારત સરકાર) ને વિના મૂલ્યે ૧૦,૦૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી.
૮. ટોરેન્ટ પાવર લી., ને પ્રતિ ચો.મી.દીઠ રૂ.૬૦૦૦/-ના ભાવથી ૧૦,૦૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી.

(૨) તે અન્વયે જે સેઝને જમીન ફાળવી છે તેના કરાર આધારીત કોઈ શરતભંગ થયો હોય કે બાંધકામ શરૂ ન થયું હોય તો આવી જમીન પરત મેળવવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) શરત ભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

--------

## આણંદ જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ

૧૭૯૦૬ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોના નિકાલ કરવાનો બાકી છે, | (૧) લેન્ડ રેવન્યુ નિયમ-૧૦૮(૬) હેઠળના-૯૭૩ કેસો. |
| (૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે, | (૨) ૪૩૫ |
| (૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે, | (૩) ૧૦૯ |
| (૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે, અને | (૪) ૮૨<br>૩૪૭ |
| (૫) આ કેસોનો નિકાલ ક્યારે થશે ? | (૫) ""કેસોના નિકાલમાં અર્ધન્યાયિક પ્રક્રિયા અનુસરવાની હોવાથી ચોક્કસ સમય-મર્યાદા આપવી શક્ય નથી."" |

--------

## અમદાવાદ જિલ્લાના ખેડૂત ખાતેદારોને ઈ-રજીસ્ટ્રેશન કરવા અંગે

૧૭૮૯૫ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગુજરાતના તમામ ખેડૂત ખાતેદારોનું ઈ-રજીસ્ટ્રેશન થઈ રહ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તાલુકાઓમાં ઈ-રજીસ્ટ્રેશન કેટલા ટકા થયું છે, અને | (૨) અમદાવાદ જિલ્લામાં નવ તાલુકાઓમાં સરેરાશ ૬૯.૧૪ ટકા ઈ-રજીસ્ટ્રેશન થયું છે. |
| (૩) આનાથી ખેડૂતોને શું ફાયદો થશે ? | (૩) ખેતીની જમીનના વેચાણ દસ્તાવેજની નોંધણીમાં ઓટોમ્યુટેશનની કાર્યવાહી માટે ખેડૂત ખાતેદારોની ખરાઈ કરવામાં આવતી હોવાથી ખેડૂત ખાતેદારો સાથે છેતરપીંડીના કિસ્સાઓ ઉપર નિયંત્રણ આવશે. બોગસ દસ્તાવેજોનું પ્રમાણ ઘટશે તથા ખેડૂત ખાતેદારોની મિલ્કતના હક્કોની સલામતી રહેશે. |

--------

## બાગાયતી પાક માટે અનુસૂચિત જનજાતિને પ્રોત્સાહન આપવા બાબત

૧૭૮૫૩ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બાગાયતી પાકો માટે અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે કોઈ સહાય યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ કઈ યોજના અમલમાં છે, અને | (૨) એચ.આર.ટી.-૩ (એ.જી.આર.૨૪) પ્લાન આદિજાતિ વિસ્તારોમાં સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો માટેની યોજના અમલમાં છે. |
| (૩) તે હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે ? | (૩) એચ.આર.ટી.-૩ (એ.જી.આર.૨૪) પ્લાન હેઠળ ચૂકવવામાં આવતી ઘટકવાર સહાયની વિગતોનું પત્રક-૧ સામેલ રાખેલ છે. |

## પ ત્ર ક - ૧

## એ.જી.આર. ૨૪ આદિજાતિ વિસ્તારોમાં બાગાયત વિકાસ કાર્યક્રમોની યોજના

| અ.નં. | યોજનાનો નંબર | યોજનાનું નામ | ઘટક | સહાયનું ધોરણ | જિલ્લા કક્ષાએ અમલીકરણ કચેરીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | એ.જી.આર.૨૪ | આદિજાતિ વિસ્તારોમાં બાગાયતી વિકાસ કાર્યક્રમો | ફળપાકોનો વાવેતર વિસ્તાર વધારવો | સદર યોજના હેઠળ લાભાર્થી ખેડૂતો પોતાની માલીકીની જમીનમાં ૦.૧૦ ગુંઠા કે તેથી વધારે વિસ્તારમાં બાગાયતી ફળ પાકોનું વાવેતર કરે તો સહાયને પાત્ર થશે. વધુમાં વધુ ૪.૦૦ હે. સુધી સહાય આપવામાં આવે છે.<br>આ યોજના હેઠળ બહુવર્ષાયુ ફળ પાક્ના વાવેતરનો ખર્ચ અંદાજીત રૂા. ૩૦,૦૦૦/- પ્રતિ હેકટરે ધ્યાને રાખી ખર્ચના ૭૫ ટકા મુજબ પ્રતિ હેકટર રૂા. ૨૨,૫૦૦/-ની મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે. જે સહાય ત્રણ હપ્તે ૫૦ -૨૦ -૩૦ પ્રમાણે ચુકવવાની રહેશે. જે માટે પ્રથમ વર્ષે ૭૫ ટકા અને બીજા તથા ત્રીજા વર્ષે ૯૦ ટકા છોડ જીંવત હોવા જરૂરી છે, જ્યારે વર્ષાયુ ફળ પાક વાવેતરનો ખર્ચ અંદાજીત રૂા. ૩૦,૦૦૦/-પ્રતિ હેકટરે ધ્યાને લેતા ખર્ચના ૫૦ ટકા મુજબ રૂા. ૧૫,૦૦૦/-ની મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે. આ સહાય ત્રણ હપ્તે ૫૦, ૨૦, ૩૦ પ્રમાણે ચુકવવાની રહેશે. વર્ષાયુ પાક જેવા કે કેળા, તથા પપેયા માટે બીજા અને ત્રીજા વર્ષની સહાય મેળવવા માટે જે તે લાભાર્થી ધ્વારા પ્રથમ વર્ષે ચુકવેલ સહાય હેઠળના વાવેતરની જમીનમાં ફરીથી નવું વાવેતર કરી કેશ પેપર/દરખાસ્ત તૈયાર કરવાની રહેશે. | નાયબ/મદદનીશ બાગાયત નિયામક રાજ્યના આદિજાતિ જિલ્લાઓ. |
| ૨ | -- સદર -- | -- સદર | સેન્દ્રીય ખેતી માટે સહાયનો કાર્યક્રમ | બાગાયતી પાકોમાં ઓર્ગેનીક ફાર્મીંગમાં જુદા જુદા સેન્દ્રીય ખાતરો જેવા કે છાણીયું ખાતર, દિવેલી ખોળ, બાયો ફર્ટીલાઈઝર, વર્મી ક્લ્ચર, તેમજ જુદા જુદા જૈવિક ક્લ્ચર વિગેરેમાં પ્રતિ હેકટરે અંદાજીત રૂ.૧૦,૦૦૦/- નો ખર્ચ થાય છે તેને લક્ષમાં રાખી ખર્ચના ૭૫ ટકા અથવા રૂ.૬૦૦૦/- બે માંથી ઓછું હોય તેટલી સહાયની રક્મ બાગાયતદાર ખેડૂતને પ્રતિ હેકટરે ચૂકવવાની રહેશે. ઓર્ગેનીક ફાર્મીગ કરતા ખેડૂતોને ૦.૧૦ ગુંઠાથી ૧.૦૦ હેકટર સુધીના વિસ્તાર માટે લાભ આપવાનો રહેશે. | -- સદર -- |
| ૩ | -- સદર -- | -- સદર -- | ગરીબી રેખા નીચેના ખેડૂતોને વિના મૂલ્યે ઈનપુટ કીટ આપવાનો કાર્યક્રમ | આ કાર્યક્રમ હેઠળ ગરીબી રેખા નીચેના ખેડૂતોને પોતાની માલીકીની જમીનમાં બાગાયતી પાકોનું વાવેતર કરે તે માટે રૂ.૧૦૦૦/- મર્યાદામાં ઈનપુટ કીટ વિના મૂલ્યે આપવાના રહેશે. જેમાં પ્લાટીંગ મટીરીયલ, શાકભાજી, મસાલા પાક્ના બિયારણ, ખાતર, જંતુનાશક દવા, જૈવિક દવા વિગેરે ઈનપુટ કીટમાં આપવાના રહેશે. લાભાર્થીની પસંદગી ગ્રામ સભાના માધ્યમ દ્વારા કરવાની રહેશે. | -- સદર -- |
| ૪ | -- સદર -- | -- સદર -- | પાવર ટીલર/મીની ટ્રેકટરની ખરીદી માટે સહાય | આ યોજનાના લાભાર્થી બાગાયતદાર ઓછામાં ઓછા ૧.૦૦ હેકટરમાં બાગાયતી ખેતી કરતો હોય તેને પાવર ટીલર/મીની ટ્રેકટરની કુલ કિંમતના ૫૦ ટકા સહાયનું ધોરણ ને વધુમાં વધુ રૂ.૬૦,૦૦૦/- ની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. | -- સદર -- |
| ૫ | -- સદર -- | -- સદર -- | ખેડૂતોને બાગાયતી પાકોની ગુણવત્તા જાળવવા ગ્રેડીંગ, શોર્ટીગ તથા ખળા માટે સાધન સામગ્રી સહાય દરે આપવાની યોજના. | ખેડૂતોને બાગાયતી પાકોની ગુણવત્તા જાળવવા ગ્રેડીંગ, શોર્ટીગ તથા ખળા માટે સાધન સામગ્રીની ખરીદી કિંમતના ૫૦ ટકા પ્રમાણે રૂ.૨૦૦૦/- ની મર્યાદામાં વર્ષમાં એક વખત સહાય આપવામાં આવે છે. | -- સદર -- |
| ૬ | -- સદર -- | -- સદર -- | પાક સંરક્ષણ સાધનો માટે સહાયનો કાર્યક્રમ | બાગાયતદાર ખેડૂત અને સાધનના પ્રકાર મુજબ સહાય નીચે મુજબ આપવામાં આવે છે.<br>.૧ માનવ સંચાલિત પાક સંરક્ષણ સાધન- ખરીદ કિંમતના ૭૫ ટકા અથવા સાધન દીઠ રૂ.૧૧૨૫/- ની મર્યાદામાં<br>૨ પાવરથી ચાલતા પાક સંરક્ષણ સાધન- ખરીદ કિંમતના ૭૫ ટકા અથવા સાધન દીઠ રૂ.૩૭૫૦/- ની મર્યાદામાં<br>૩ ટ્રેકટર માઉન્ટેડ ખરીદ કિંમતના ૭૫ ટકા અથવા સાધન દીઠ રૂ.૨૫,૦૦૦/- ની મર્યાદામાં | -- સદર -- |
| ૭ | -- સદર -- | -- સદર -- | ખેડૂતોને નવી નર્સરીઓ સ્થાપવા તથા ચાલુ નર્સરીઓને સુદ્રઢ બનાવવા તથા આધુનિકરણ કરવા માટે સહાય આપવાનો કાર્યક્રમ | લાભાર્થીને નર્સરી સ્થાપવા અગર ચાલુ નર્સરીને સુદ્રઢ અને આધુનિકરણ કરવા ઘટકવાર ૫૦ ટકા અને વધુમાં વધુ રૂ.૧,૦૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે રકમ સહાય તરીકે ચૂકવવાની રહેશે. ઘટકવાર સહાયનું ધોરણ -<br>૧. ૦.૨૦ થી ૨.૦૦ હે.ના માતૃઝાડોનું વાવેતર કરવા રૂ.૬૦૦૦/- પ્રતિ હેકટર લેખે વધુમાં વધુ રૂ.૧૨,૦૦૦/- ની મર્યાદામાં સહાયનું ધોરણ રહેશે.<br>૨. ૪૦૦ ચો.મી. સુધીના નેટ હાઉસ માટે વધુમાં વધુ રૂ.૮૦૦૦/-ની મર્યાદામાં સહાયનું ધોરણ રહેશે. પરંતુ ઓછામાં ઓછુ ૨૦૦ ચો.મી.નું નેટ હાઉસ સહાયને પાત્ર રહેશે.<br>૩. નર્સરીના પિયત સુવિધાના આધુનિકરણ માટે સ્પ્રીંક્લર/ ડ્રીપસેટ માટે વધુમાં રૂા.૧૦,૦૦૦/- ની સહાયનું ધોરણ રહેશે. | -- સદર -- |

| અ.નં. | યોજનાનો નંબર | યોજનાનું નામ | ઘટક | સહાયનું ધોરણ | જિલ્લા કક્ષાએ અમલીકરણ કચેરીનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | ૪. નર્સરીમાં પિયત સુવિધા વધારવા માટે પાઈપલાઈન વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/-ની સહાયનું ધોરણ રહેશે.<br>૫. નર્સરી ઉપયોગી સુધારેલ સાધનો જેવા કે બડીંગ નાઈફ, સીકેટર, ગાર્ડનસીઝર્સ, પાણીનો ઝારો, વિલબરો તથા અન્ય જરૂરી સાધનોની ખરીદી માટે વધુમાં વધુ રૂ.૧૦,૦૦૦/ ની સહાયનું ધોરણ રહેશે.<br>૬. ૫૦૦ ચો.મી.ના ગ્રીનહાઉસ માટે વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/- ની સહાયનું ધોરણ રહેશે. | |
| ૮ | -- સદર -- | -- સદર -- | શેઢે પાળે બાગાયતી વૃક્ષોના ઉછેર માટે સહાય આપવાનો કાર્યક્રમ | લાભાર્થી ખેડૂત પોતાની માલીકીની ખુલ્લી અને શેઢેપાળાની જમીનમાં બાગાયતી વૃક્ષોનું નવું વાવેતર કરે તો કલમ ખરીદીના ૫૦ ટકા અથવા રૂ.૧૨૫૦/- બે માંથી જે ઓછુ હોય તેટલી સહાય લાભાર્થી દીઠ જે તે નર્સરીને ચૂકવવાની રહેશે. આ કાર્યક્રમ હેઠળ લાભાર્થીને ઓછામાં ઓછી ૨૫ કલમો અને વધુમાં વધુ ૫૦ કલમો તેની માંગણી મુજબ આપવામાં આવશે. | -- સદર -- |
| ૯ | -- સદર -- | -- સદર -- | બાગાયતદરો માટે વેલાવાળા શાકભાજી પાકો માટે પાકા સ્ટ્રક્ચર બાંધકામ ઉપર સહાયનો કાર્યક્રમ | લાભાર્થી ખેડૂતો પોતાની માલીકીની જમીનમાં વેલાવાળા શાકભાજી જેવા કે ટામેટા, પરવળ, દુધી, કારેલા, ગીંલોડી, તુરીયા, કંકોડા, ગલકા વિગેરે પાકોને ટેકો આપવા માટે પાકા સિમેન્ટ અને લોખંડના થાંભલા ઉભા કરી ગેલ્વેનાલઝ વાયરના મંડપ સાથે પાકા સ્ટ્રક્ચર બનાવે તો થતા ખર્ચના ૫૦ ટકા અથવા રૂ.૫૦,૦૦૦/- બે માંથી જે ઓછુ હોય તેટલી સહાય આપવામાં આવે છે. | -- સદર -- |
| ૧૦ | -- સદર -- | -- સદર -- | કાપણીના સાધનો તથા પ્રોસેસીંગ મશીનરી ખરીદીનો કાર્યક્રમ | યોજના હેઠળ વર્ષ દરમ્યાન કાપણીના સાધનોની ખરીદી માટે કિંમતના ૫૦ ટકા લાભાર્થી દીઠ રૂ.૫૦,૦૦૦/- ની મર્યાદામાં સહાય તથા પ્રોસેસીંગ સાધનોની ખરીદી માટે કિંમતના ૫૦ ટકા લાભાર્થી દીઠ રૂ.૨.૦૦ લાખની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. | -- સદર -- |
| ૧૧ | -- સદર -- | -- સદર -- | સંપૂર્ણ ગામને બાગાયતી ખેતી કરવા પ્રોત્સાહીત કરવાનો કાર્યક્રમ | પસંદગી કરેલ લાભાર્થી ગામો બાગાયતી ખેતી આધુનિક રીતે કરે તે માટે ગામમાં પિયત સુવિધા, પાઈપલાઈન, ડ્રીપ સ્પ્રીન્કલર, ઉત્પાદન હેરફેર કરવા વાહન સુવિધા વિગેરે માટે ગ્રામ પંચાયતને રૂ.૫.૦૦ લાખ અનુદાન તરીકે આપવામાં આવે છે. | -- સદર -- |

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડુતોને જિપ્સમ ખરીદવા અપાયેલ સહાય

૧૮૦૯૫ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે અરજીઓ આવી, અને | (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૧૦૬૨ ખેડૂતોની જીપ્સમ સહાય મેળવવા માટે અરજીઓ આવી. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ? | (૨) તે પેકી કુલ-૮૩૯ અરજીઓ મંજૂર કરવામાં આવી. |

## રાજ્યમાં કૃષિ મહોત્સવને કારણે વધેલ ઉત્પાદન

૧૭૮૪૩ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવને કારણે કૃષિ પાક્ના વાર્ષિક ઉત્પાદનમાં કોઈ વધારો થયેલ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો વધારો થયેલ છે ? | (૨) |

| ઉત્પાદન લાખ મે. ટનમાં | | |
|---|---|---|
| પાકનું નામ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| કુલ ધાન્ય પાક | ૧૦.૬૪ | ૦૪.૧૪ |
| કુલ કઠોળ | ૦૧.૨૮ | ૦૦.૩૮ |
| કુલ તેલીબીયાં | ૧૦.૩૩ | ૦૧.૧૧ |
| કપાસ | ૧૪.૭૦ | ૧૮.૫૭ |
| ફળ પાક | ૧૯.૭૮ | ૨૯.૬૬ |
| શાકભાજી પાક | ૧૯.૪૧ | ૨૩.૮૯ |
| મસાલા પાક | ૦૪.૯૫ | ૦૫.૧૯ |
| કુલ પાકો | ૦૦.૪૪ | ૦૦.૫૪ |

## ભરૂચ જિલ્લામાં સાંથણીમાં અપાયેલ જમીન

૧૭૮૬૬ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં ૮૯ વ્યક્તિઓને હે.આરે. |

સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જમીન વ્યક્તિઓને સાંથણીમાં અપાઈ, અને

૧૦૩.૪૦.૩૬ ચો.મી. જમીન સાંથણીમાં આપેલ છે.

(૨) આ જમીનની જંત્રી પ્રમાણે કેટલી કિંમત થાય ?

(૨) આ જમીનની જંત્રી પ્રમાણે કિંમત રૂા. ૪,૮૨,૧૦,૮૨૬/- થાય છે.

--------

## કૃષિ મહોત્સવ ૨૦૧૧ અંતર્ગત કીટ આપવાનું આયોજન

૧૭૯૧૯ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કૃષિ મહોત્સવ-૨૦૧૧ અંતર્ગત આપવામાં આવનાર કીટસમાં કઈ-કઈ સાધનસામગ્રી આપવાનું આયોજન કરેલ છે, અને

(૧)

| | |
|---|---|
| કૃષિ કીટસ | બિયારણ, જૈવિક ખાતર (પ્રવાહી), જંતુનાશક દવા, માઈક્રોન્યુટ્રીયન્ટ, ખેડૂત પસંદગીનું એક ખેત ઓજાર/ખેત સાધન |
| બાગાયત કીટસ | શાકભાજી/મસાલા પાકની વધુ ઉત્પાદન આપતી/હાઈબ્રીડ જાતોના બિયારણ તથા લીક્વીડ બાયોફર્ટીલાઈઝર |
| પશુપાલન કીટસ | કીટસની સાધનસામગ્રી નક્કી કરવાની છે. |
| મત્સ્યોદ્યોગ કીટસ | (૧) દરીયાકાંઠાના જિલ્લાના પગડીયા માછીમારોને સાયકલ, જાળ તથા વજનકાંટો (૨) આદિજાતિ વિસ્તારના તાલીમાર્થીઓને ગીલનેટ, ચક્કરજાળ, નાયલોન દોરા અને વણાટના સાધનની તાલીમ કીટ. |

(૨) આ અંગે કેટલો ખર્ચ અંદાજવામાં આવેલ છે ?

(૨)

| | |
|---|---|
| કૃષિ કીટસ | રૂા. ૪૯૩૦.૦૦ લાખ અંદાજીત |
| બાગાયત કીટસ | રૂા. ૧૪૫૦.૦૦ લાખ અંદાજીત |
| પશુપાલન કીટસ | રૂા. ૦૪૫૩.૦૫ લાખ અંદાજીત |
| મત્સ્યોદ્યોગ કીટસ | રૂા. ૦૦૫૩.૭૫ લાખ અંદાજીત |

---------

## કચ્છ જિલ્લામાં ચૂકવાયેલ વિધવા સહાય બાબત

૧૮૦૬૬ : **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિધવા સહાય યોજના હેઠળ નિરાધાર વિધવાઓને માસિક કેટલી રકમની સહાય આપવામાં આવી છે, અને

(૧) વિધવા લાભાર્થીને માસિક રૂા. ૫૦૦/- તથા આધારીત બાળકને, બાળક દીઠ માસિક રૂા. ૮૦/- મુજબ બે બાળકોની મર્યાદામાં કુલ રૂા. ૫૨૧.૨૫ લાખની સહાય આપવામાં આવેલ છે.

(૨) આ રકમ કેવી રીતે ચૂકવવામાં આવે છે ?

(૨) પોષ્ટ ખાતા મારફત વિધવા લાભાર્થીના W.F.A. A/c. માં જમા કરવામાં આવે છે.

## બનાસકાંઠા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ થવા બાબત

૧૭૯૦૦ : **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે,

(૧) ૩૦૭

(૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે,

(૨) ૧૬

(૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે,

(૩) ૪૭

(૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે, અને

(૪) ૨૪૪

(૫) આ કેસોનો નિકાલ ક્યારે થશે ?

(૫) કેસોના નિકાલમાં અર્ધન્યાયિક પ્રક્રિયા અનુસરવાની હોવાથી ચોક્કસ સમય-મર્યાદા આપવી શક્ય નથી.

## સુરત જિલ્લામાં રાસાયણિક ખાતરની ગુણવત્તા ચકાસણી

૧૭૮૬૦ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં રાસાયણિક ખાતરના કેટલા નમૂના લેવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં રાસાયણિક ખાતરના કુલ-૩૦૫ નમુના લેવામાં આવ્યા. |
| (૨) તે પૈકી હલકી ગુણવત્તાવાળા હતા કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) તે અંગે સંબંધિતો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) તે અંગે સબંધિતો સામે રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ-૧૯૮૫ ની જોગવાઈઓ મુજબ પગલાં લેવામાં આવેલ છે. |

--------

## રાજ્યમાં નેટ હાઉસ તૈયાર કરવા બાબત

૧૭૮૩૯ : **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા નેટ હાઉસ તૈયાર કરવા માટે કોઈ પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શું પ્રોત્સાહન આપવામાં આવે છે ? | (૨) રાજ્ય સરકાર દ્વારા ૧૦૦૦ ચો.મી. સુધીના નેટ હાઉસ બનાવવા માટે નેટ હાઉસના પ્રકાર મુજબ લાભાર્થીને નીચે મુજબ સહાય આપવામાં આવે છે.<br>(અ) નળાકાર સ્ટ્રક્ચર-યુનિટ બનાવવા થતા ખર્ચના ૫૦ ટકા (રૂા. ૩૦૦/- પ્રતિ ચોરસમીટર ની મર્યાદામાં) સહાય આપવામાં આવે છે.<br>(બ) લાકડાનું સ્ટ્રક્ચર-યુનિટ બનાવવા થતા ખર્ચના ૫૦ ટકા (રૂા. ૨૦૫/- પ્રતિ ચોરસ મીટરની મર્યાદામાં) સહાય આપવામાં આવે છે.<br>(ક) વાંસનું સ્ટ્રક્ચર-યુનિટ બનાવવા થતા ખર્ચના ૫૦ ટકા (રૂા. ૧૫૦/-પ્રતિ ચોરસમીટરની મર્યાદામાં) સહાય આપવામાં આવે છે. |

--------

## સુરત જિલ્લાના માંડવી તાલુકાના તરસાડા-બાર ગામના બાયપાસ રોડની બજેટમાં જોગવાઈ કરવા બાબત

૧૮૭૭૧ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તરસાડા-બાર-ગામના બાયપાસનો રસ્તો બનાવવા માટે બજેટમાં જોગવાઈ કરેલ છે કે કેમ, | (૧) ના જી, |
| (૨) જો હા, તો આ કામ સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ માટે કેટલી જોગવાઈ કરવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વડોદરા જિલ્લામાં મહિલાઓના નામે સંપત્તિ ખરીદવા બાબત**

૧૭૮૯૮ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહિલાઓના નામે પરિવાર સંપત્તિ ખરીદે તો રજીસ્ટ્રેશન ફી માંથી સરકારે મુક્તિ આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મહિલાઓને તેનો લાભ મળ્યો ? | (૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાની કુલ ૧૯,૬૧૪ મહિલાઓએ રજીસ્ટ્રેશન ફી માંથી મુક્તિનો લાભ મેળવેલ છે. |

**રાજ્યની જેલોની સુરક્ષા**

૧૮૧૯૨ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જેલોની સુરક્ષા સઘન બનાવવા સરકારે શું પગલાં લીધા ? | તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જેલોની સુરક્ષા સઘન બનાવવા સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાની વિગતો નીચે મુજબ છે.<br>૧. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, જામનગર, જુનાગઢ, ભાવનગર જીલ્લા જેલ તથા નવસારી, છોટાઉદેપુર, રાજપીપળા, અમરેલી, ભરૂચ, છટાઉદેપુર, સબ જેલમાં હાઈવોલ્ટેજ ડી.સી. લાઈવ વાયર સીસ્ટમ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.<br>૨. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, જામનગર, જુનાગઢ, ભાવનગર જીલ્લા જેલ તથા નવસારી, છોટાઉદેપુર, રાજપીપળા, અમરેલી, ભરૂચ, સુરેન્દ્રનગર, મોરબી, ગોધરા, ગોંડલ, મોડાસા સબ જેલમાં હાઈમાસ્ટ પોલ સ્થાપિત કરવામાં આવેલ છે.<br>૩. પાલારા ખાસ જેલ ખાતે હેવી ડયુટી જનરેટર સેટ સ્થાપિત કરવામાં આવેલ છે.<br>૪. રાજ્યની તમામ જેલો ખાતે ડોર ફ્રેમ મેટલ ડીટેકટર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.<br>૫. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, રાજકોટ જીલ્લા જેલ ખાતે વિડીયો સર્વેલન્સ સીસ્ટમ તથા એક્સ-રે સ્ક્રેનિંગ મશીન સ્થાપિત કરવામાં આવેલ છે.<br>૬. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ ખાતે સેલ ફોન જામર સીસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે.<br>૭. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, સુરત, રાજકોટ જીલ્લા જેલ અને પોરબંદર ખાસ જેલ ખાતે મોબાઈલ ફોન ડીટેકટર વસાવવામાં આવેલ છે.<br>૮. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ, ખાતે નારકોટીક્સ/ એક્સક્લોઝીવ ડીટેક્ટર વસાવવામાં આવેલ છે. |

**અમદાવાદ જિલ્લામાં મહિલાઓના નામે સંપત્તિ ખરીદવા બાબત**

૧૭૮૯૬ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહિલાઓના નામે સંપત્તિ પરિવાર ખરીદે તો રજીસ્ટ્રેશન ફી માંથી સરકારે મુક્તિ આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મહિલાઓને તેનો લાભ મળ્યો ?

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની કુલ ૪૨,૨૦૯ મહિલાઓએ રજીસ્ટ્રેશન ફી માંથી મુક્તિનો લાભ મેળવેલ છે.

--------

**ભાવનગર જિલ્લાના મહુવા-ઉમણીયાવદર-કાંજળી રોડની કામગીરી અંગે**

૧૮૭૭૭ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મહુવા-ઉમણીયાવદર-કાંજળી બિસ્માર રોડની મરામત, મજબુતીકરણ તેમજ પહોળાઇ વધારવાની કામગીરી કરવા અંગેની કાર્યવાહી તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. હાલ આયોજન નથી.

---------

**ગોધરા કાંડ બાદના અસરગ્રસ્તોને સહાય**

૧૮૩૯૫ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગોધરા કાંડ બાદના કોમી તોફાનોમાં નુકશાન પામેલી અનઇનસ્યોર્ડ પ્રોપર્ટી સહીતની બાકી કેટેગરીના રમખાણગ્રસ્તોને સહાય ચુકવવા કેન્દ્ર સરકારે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની સહાય સરકારને આપી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સહાયની આ રકમ અસરગ્રસ્તોને કેટલી અને ક્યારે ચૂકવી આપવામાં આવી?

**જવાબ**

(૧)

| સહાયનો પ્રકાર | કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમની તારીખ | ફાળવેલ રકમ |
|---|---|---|
| મૃત્યુ સહાય | ૨૨-૭-૨૦૦૪ સુધીમાં | ૧૧,૩૦,૦૦,૦૦૦ |
| ઇજા સહાય | ૨૨-૭-૨૦૦૪ સુધીમાં | ૨,૧૯,૮૪,૦૦૦ |
| મકાન સહાય | ૧૦-૫-૨૦૦૨ | ૨૬,૩૭,૦૦,૦૦૦ |
| | ૧૦-૫-૨૦૦૨ | ૧૫,૩૦,૯૯,૦૦૦ |
| પરચૂરણ | ૧૦-૫-૨૦૦૨ | ૪,૦૦,૦૦,૦૦૦ |
| ધંધાર્થીઓને સહાય | ૧૦-૫-૨૦૦૨ | ૩,૩૭,૦૦,૦૦૦ |
| | ૩૦-૫-૨૦૦૨ | ૧,૦૦,૦૦,૦૦૦ |
| | ૨૨-૧૨-૨૦૦૩ | ૮૪,૧૦,૦૦૦ |
| ઘરવખરી સહાય | ૨૨-૭-૨૦૦૪ સુધીમાં | ૧૦,૩૩,૮૨,૦૦૦ |
| નાના ઉદ્યોગોને | ૧૦-૫-૨૦૦૨ | ૧,૨૦,૦૦,૦૦૦ |
| સબસીડી/વ્યાજ સહાય (ઇનસ્યોર્ડ અને અનઇન્સ્યોર્ડ) | ૩૦-૫-૨૦૦૨ | ૧,૮૦,૦૦,૦૦૦ |
| મોટા ઉદ્યોગોને | ૧૦-૫-૨૦૦૨ | ૯,૮૩,૦૦,૦૦૦ |
| સબસીડી/વ્યાજ સહાય (ઇનસ્યોર્ડ અને અનઇન્સ્યોર્ડ) | ૩૦-૫-૨૦૦૨ | ૧,૪૦,૦૦,૦૦૦ |
| નવા પેકેજની મૃત્યુ/ઇજા સહાય | ૧૧-૯-૨૦૦૭ | ૭૦,૫૫,૦૦,૦૦૦ |
| નવા પેકેજની | ૨૩-૧૨-૨૦૦૮ | ૫૦,૦૦,૦૦,૦૦૦ |
| મકાન સહાય | ૩૦-૩-૨૦૦૯ | ૨૧૨,૪૪,,૦૦,૦૦૦ |
| નવા પેકેજની પરચૂરણ ધંધાર્થીઓને સહાય | ૨૧-૧૦-૨૦૧૦ | ૮૫,૭૫,૦૦,૦૦૦ |

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબના અસરગ્રસ્તોને ચુકવી આપવામાં આવી.

| સહાયનો પ્રકાર | અસરગ્રસ્તોની સંખ્યા | ચુકવેલ સહાય |
|---|---|---|
| મૃત્યુ સહાય | ૧૧૬૯ | ૧૭,૫૩,૫૦,૦૦૦ |
| ઇજા સહાય | ૨૫૪૮ | ૨,૨૧,૧૭,૭૦૦ |
| મકાન સહાય | ૧૧૨૦૪ | ૧૭,૮૨,૨૭,૫૭૭ |
| | ૧૮૦૩૭ | ૧૨,૨૭,૯૨,૯૯૪ |
| પરચૂરણ | ૬૬૩૧ | ૪,૭૨,૬૭,૦૭૦ |
| ધંધાર્થીઓને સહાય | ૧૦૫૬૪ | ૪,૩૯,૭૫,૧૮૩ |
| ઘરવખરી સહાય | ૪૨૭૮૬ | ૧૦,૨૭,૫૧,૨૦૦ |

| | | |
|---|---|---|
| નાના ઉદ્યોગોને સબસીડી/વ્યાજ સહાય (ઇનસ્યોર્ડ અને અનઇન્સ્યોર્ડ) | ૪૩૭૨ યુનીટ | ૨,૬૪,૩૪,૩૮૯ |
| મોટા ઉદ્યોગોને સબસીડી/ વ્યાજ સહાય (ઇનસ્યોર્ડ અને અનઇન્સ્યોર્ડ) | ૨૯૦૯ યુનીટ | ૭,૯૫,૫૯,૩૧૯ |
| નવા પેકેજની મૃત્યુ/ | ૧૧૬૩ | ૪૦,૭૦,૫૦,૦૦૦ |
| ઇજા સહાય | ૨૫૧૩ | ૨૯,૫૮,૭૫,૦૦૦ |
| નવા પેકેજની મકાન સહાય | ૨૯૧૧૧ | ૨,૫૯,૪૭,૦૯,૮૮૬ |

## નવસારી જિલ્લામાં ઇજનેરી અને પોલીટેકનિક કોલેજોને પી.પી.પી. મોડેલ હેઠળ અપાયેલ જમીનો

૧૭૮૭૩ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવસારી જિલ્લામાં પી.પી.પી. મોડેલ અન્વયે કેટલી ઇજનેરી અને પોલીટેકનિક કોલેજોને કેટલી જમીનો આપવામાં આવી, અને

(૨) આ જમીનોની જંત્રી પ્રમાણે કેટલી કિંમત થાય ?

**જવાબ**

(૧)

| | **હે.આર.ચો.મી.** |
|---|---|
| ઇજનેરી કોલેજો માટે : | ૪-૦૦-૦૦ |
| પોલીટેકનિક કોલેજો માટે : | ૨-૦૦-૦૦ |
| **કુલ :** | **૬-૦૦-૦૦** |

(૨) રૂા. ૧૭,૩૨,૦૦૦/-.

## ૫૭/page> દાહોદ જિલ્લામાં ગોચર અને ખરાબાની જમીન

૧૭૪૮૨ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગોચર અને ખરાબાની કેટલી જમીન છે, અને

(૨) ક્યા ક્યા તાલુકામાં ગોચર અને ખરાબાની જમીન નિયમાનુસાર રખાઇ નથી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગોચર અને ખરાબાની જમીન નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ગોચરની જમીન (હે-આર-ચો.મી.)** | **ખરાબાની જમીન (હે-આર-ચો.મી.)** |
|---|---|---|---|
| ૧ | ગરબાડા | ૧૦૨-૯૧-૯૦ | ૪૮૦૨-૮૧-૦૦ |
| ૨ | ફતેપુરા | ૪૦૩૨-૭૧-૦૦ | ૧૨૫૮-૧૭-૦૦ |
| ૩ | ધાનપુર | ૧૯૯૭-૬૪-૦૦ | ૧૦૫૫-૬૨-૦૦ |
| ૪ | ઝાલોદ | ૪૩૬૪-૩૦-૦૦ | ૩૮૫૮-૪૪-૦૦ |
| (૩) કેટલા સમયમાં આવી સહાય ચુકવવામાં આવશે ? | (૩) દરખાસ્ત મંજુર થયેથી સહાય ચૂકવવામાં આવશે. |

**મહેસાણા જિલ્લામાં નિરાધાર વિધવાઓને તાલીમ આપવા બાબત**

૧૮૦૬૫ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે, અને | (૧) ૭૭૫ વિધવા લાભાર્થી. |
| (૨) તે પાછળ રાજ્ય સરકારે કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂા. ૬૨.૫૦ લાખ. |

**બનાસકાંઠા જિલ્લામાં પસાયતાના, અને ચાકરીયાતના પડતર કેસો**

૧૭૯૦૮ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પસાયતા, ચાકરીયાતનાં કેટલા કેસો પડતર છે, | (૧) ૫૩૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસોનો નિકાલ થયેલ છે, અને | (૨) ૫૩૩. |
| (૩) કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે ? | (૩) ૫૩૯. |

--------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં શિક્ષણ ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૧૭૫૮૩ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| જાન્યુઆરી, ૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૧માં શિક્ષણક્ષેત્રે ક્યા ક્યા કેટલી રકમના કોના કોના એમ.ઓ.યુ. થયા? | (૧) તાંત્રિક શિક્ષણના હેતુ માટે ૩૫ એમ.ઓ.યુ. (૨) ઉચ્ચ શિક્ષણના (નોન ટેક્નીકલ) હેતુ માટે ૩૪ એમ.ઓ.યુ. અને (૩) માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના હેતુ માટે ૨૪ એમ.ઓ.યુ. થયેલ છે જેનું પત્રક આ સાથે સામેલ છે. |

## Annexure

| Sr. No. | Name of Company | Proposed Investment (Rs. In Cr.) | HOD |
|---|---|---|---|
| EDU-01 | LIMBDI VIKAS TRUST | 25 | Technical |
| EDU-02 | Perennial Projects | 172.21 | Technical |
| EDU-03 | VISION INDIA | 20 | Higher |
| EDU-04 | MNDLOGICX INFRATEC LTD | 50 | Technical |
| EDU-05 | Techno India Group | 200 | Higher |
| EDU-06 | Jetking infotrain ltd | 40 | Higher |
| EDU-07 | M T Educare Pvt Ltd | 50 | Higher |
| EDU-08 | Financial Inclusion Network and Operation Ltd. | 50 | Higher |
| EDU-09 | Raisoni Group of industries | 50 | Higher |
| EDU-10 | Research Foundation for Governance in India | 100 | Higher |
| EDU-11 | Against the Flow Communication Pvt Ltd | 5 | Higher |
| EDU-12 | AMIRAJ COLLEGE OF ENGINEERING AND TECHNOLOGY | 40 | Technical |
| EDU-13 | HARIA INVESTMENT PVT LTD | 100 | CoS |
| EDU-14 | HARIA INTERNATIONAL INSTITUTE | 100 | CoS |
| EDU-15 | TAPTI VALLEY EDUCATION FOUNDATION | 100 | CoS |
| EDU-16 | Sayona Foundation | 25 | CoS |
| EDU-17 | Proposed Bhojalram Education & seava samal | 20 | Higher |
| EDU-18 | SHREEM SOIL DEVELOPMENT PRIVATE LIMITED | 108 | CoS |
| EDU-19 | SATVA FOUNDATIONS | 15 | Technical |
| EDU-20 | LN KNOWLEDGE RESOURCES | 25 | Higher |
| EDU-21 | Treehouse Education & Accessories Pvt Limited | 50 | CoS |
| EDU-22 | Ace EduTrend Ltd | 50 | CoS |
| EDU-23 | Hari Krishna Charitable Trust | 251 | Higher |
| EDU-24 | SUNSHAKTI ENERGY SOLUTION PVT LTD | 10 | Higher |
| EDU-25 | WORLD WELFAIR ORGANISION | 150 | Higher |
| EDU-26 | CHARUTAR VIDYA MANDAL CVM | 500 | Technical |
| EDU-27 | CHIRIPAL CHARITABLE TRUST | 150 | Higher |
| EDU-28 | Silver Oak Shops and Offices Co-operative Housing Society Ltd. | 100 | Technical |
| EDU-29 | satsang shiksha parishad | 45 | CoS |

| Sr. No. | Name of Company | Proposed Investment (Rs. In Cr.) | HOD |
|---|---|---|---|
| EDU-30 | society for relief & rehabilitation of the disablled | 5 | CoS |
| EDU-31 | International Innovation and Research Foundation | 140 | Technical |
| EDU-32 | American Greenz Inc | 20 | Technical |
| EDU-33 | Futuristic Initiatives | 50 | CoS |
| EDU-34 | KARE EDUMIN LTD. | 200 | CoS |
| EDU-35 | Rustomjee Kerawalla Foundation | 200 | CoS |
| EDU-36 | Feelings Multimedia Ltd. | 36 | Higher |
| EDU-37 | Teamlease Services | 50 | Higher |
| EDU-38 | Pepperdine University | 150 | Higher |
| EDU-39 | SUMAN ECUCATION SOCIETY | 12 | Higher |
| EDU-40 | E I Technologies Pvt. Ltd. | 125 | CoS |
| EDU-41 | SASTRA UNIVERSITY | 200 | Higher |
| EDU-42 | ANJANEE INFRASPACE LIMITED | 30 | CoS |
| EDU-43 | Career Point Infosystems Ltd | 300 | Higher |
| EDU-44 | Global Education Research Foundation Trust (under brandname Global Discovery Academy - GDA school) | 500 | CoS |
| EDU-45 | Variant Hospitality Pvt. Ltd. | 3 | Technical |
| EDU-46 | TRiZ Innovation Pvt Ltd | 50 | CoS |
| EDU-47 | World Welfair Organision | 150 | Higher |
| EDU-48 | Kalpataru Infrastructure Pvt Ltd | 450 | Higher |
| EDU-49 | St. kabir university | 150 | Higher |
| EDU-50 | PRABUDDHA EDUCATION TRUST | 100 | Technical |
| EDU-51 | eN Buzyness Soluzions | 5 | Higher |
| EDU-52 | Gurukul Cultural Centre | 20 | Higher |
| EDU-53 | Gujarat State Fertilizers & Chemicals Limited | 50 | Technical |
| EDU-54 | AURO INTERNATIONAL SCHOOL OF HOSPITALITY MANAGEMENT | 150 | Higher |
| EDU-55 | PRATHAM Educare Pvt Ltd | 10 | CoS |
| EDU-56 | GUJARAT POWER CORPORATION LIMITED | 50 | Technical |
| EDU-57 | Arraycom Limited | 200 | Higher |
| EDU-58 | samata lok sansthan | 638 | Higher |
| EDU-59 | GUJARAT INDUSTRIAL DEVELOPMENT CORPORATION | 25 | Technical |
| EDU-60 | ITM Group | 350 | Higher |
| EDU-61 | sri sri seva kendra | 135 | CoS |
| EDU-62 | Shree Foundation Trust | 50 | Higher |
| EDU-63 | GUJARAT MARITIME BOARD | 10 | Technical |
| EDU-64 | Integral Education Society | 40 | Higher |
| EDU-65 | Gujarat Mineral Development Corporation Limited | 30 | Technical |
| EDU-66 | Jyoti Engineers and Contractors Pvt. Ltd. | 25 | Technical |
| EDU-67 | E M CHARITABLE TRUST | 500 | Technical |
| EDU-68 | GNFC LTD | 18 | Technical |
| EDU-69 | GUJARAT ALKALIES AND CHEMICALS LTD., | 25 | Technical |
| EDU-70 | AMRITA VISHWA VIDYAPEETHAM (MATA AMRITANANDAMAYI MATH) | 250 | Higher |
| EDU-71 | ZEE LEARN | 25 | CoS |
| EDU-72 | TOPS Technologies Pvt Ltd | 25 | Technical |
| EDU-73 | Arka Educational & Cultural Trust | 200 | Higher |
| EDU-74 | Sadbhav Engineering Limited | 700 | Technical |
| EDU-75 | JEEVAN JYOTI EDUCATION & RESEARCH FOUNDATION | 5 | Technical |
| EDU-76 | Love India Foundation for Education | 5 | CoS |
| EDU-77 | MOISTCLAY GROUP OF COMPANIES | 10 | CoS |
| EDU-78 | BHAGVAN MAHVIR EDUCATION SOCIETY | 15 | Technical |
| EDU-79 | Shree Satsang Shiksha Parishad,Chhaya - Porbandar | 30 | Technical |

| Sr. No. | Name of Company | Proposed Investment (Rs. In Cr.) | HOD |
|---|---|---|---|
| EDU-80 | VISHWA BHARTI CHERITABLE TRUST | 100 | Technical |
| EDU-81 | Ratanji Faramji Daboo Kelavani Mandal - Smt Bhavnaben Deepakbhai Dhimar Trust For Technologies | 30 | Technical |
| EDU-82 | Leads (India) Education Trust | 100 | Technical |
| EDU-83 | Reliance Foundation | 128 | Technical |
| EDU-84 | Pathshala Trust | 10 | CoS |
| EDU-85 | GROWMORE FOUNDATION | 4.5 | Higher |
| EDU-86 | IIMT | 30 | Technical |
| EDU-87 | Gujarat state Petroleum Corporation Ltd., Gandhinagar | 25 | Technical |
| EDU-88 | Gujarat State Petronet Ltd. , Gandhinagar | 25 | Technical |
| EDU-89 | Everonn Education Limited | 85 | Technical |
| EDU-90 | Rasna Pvt. Ltd. & Areez Khambatta Benevolent Trust | 100 | Higher |
| EDU-91 | Areez Khambatta Benevolent Trust (RASNA Group) | 100 | Higher |
| EDU-92 | BMS EDUCATIONAL TRUST | 30 | Higher |
| EDU-93 | Smart Brains | 15 | CoS |

**જામનગર જિલ્લાની માધ્યમિક શાળાઓની કન્યાઓને અપાયેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૮૦૫૮ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાની માધ્યમિક શાળાની કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| વર્ષ | બોન્ડ અપાયેલ કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૬૮ |
| ૨૦૧૦-૧૧ | ૦૯ |
| કુલ | ૭૭ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ ₹ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ₹ ૧,૩૬,૦૦૦/- |
| ૨૦૧૦-૧૧ | ₹ ૦,૧૮,૦૦૦/- |
| કુલ | ₹ ૧,૫૪,૦૦૦/- |

**ટોલટેક્ષ પેટે મળેલ રકમ**

૧૭૩૭૧ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારને ટોલટેક્ષ પેટે વર્ષવાર કેટલી રકમ મળી?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં રૂા. ૨૭૬૪.૮૪ લાખ અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં રૂા. ૨૧૦૭.૫૩ લાખ

**ખેડા અને આણંદ જિલ્લામાં ભુમાફિયાઓ વિરૂધ્ધ મળેલ ફરિયાદો**

૧૭૫૫૨ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં ભુમાફીયાઓ વિરૂધ્ધ કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો સામે સરકારે ક્યા ક્યા ભુમાફિયાઓ સામે કઈ કઈ કલમો લગાવી, અને

(૩) શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) મળેલ ફરિયાદો
ખેડા જિલ્લો- શૂન્ય
આણંદ જિલ્લો- શૂન્ય

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

## રાજકોટ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જ્ગ્યાઓ

૧૮૦૯૪ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતાં તા. ૦૩/૦૬/૧૦ના ઠરાવથી વિદ્યાર્થી-શિક્ષક્ના ધોરણો સુધારતાં તાલુકાવાર શિક્ષકોની ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| ૧ | ઉપલેટા | ૨૧ |
| ૨ | જામ કંડોરણા | ૧૧ |
| ૩ | જસદણ | ૯૮ |
| ૪ | કોટડા સાંગાણી | ૧૪ |
| ૫ | માળિયા મિંયાણા | ૬૯ |
| ૬ | લોધીકા | ૦૬ |
| ૭ | ટંકારા | ૦૮ |
| ૮ | ધોરાજી | ૨૪ |
| ૯ | રાજકોટ | ૩૯ |
| ૧૦ | જેતપુર | ૧૪ |
| ૧૧ | પડધરી | ૧૦ |
| ૧૨ | વાંકાનેર | ૫૪ |
| ૧૩ | મોરબી | ૪૪ |
| ૧૪ | ગોંડલ | ૨૧ |
| | કુલ :- | ૪૩૩ |

(૨) જુન-જુલાઈ-૨૦૧૧માં આ ખાલી જ્ગ્યાઓ ભરવાનું આયોજન છે.

--------

## ભાવનગર-અમદાવાદ રોડને પહોળો કરવા બાબત

૧૮૦૮૬ **: શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભાવનગર-અમદાવાદ રોડને ૧૦.૦ મીટર પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી લંબાઈમાં આ કામ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામ કેટલી સમય મર્યાદામાં પૂર્ણ થનાર છે?

**જવાબ**

(૧) સરખેજ-ધોળકા-વટામણ-પીપળી-ધોલેરા-ભાવનગર રસ્તાને
હા, જી.

(૨) ૧૫૨.૦૦ કિ.મી.

(૩) ભાવનગર જિલ્લામાંની ૩૫.૬૦ કિ.મી. લંબાઈમાં કરારનામાંની જોગવાઈ મુજબ તારીખ ૨૬-૭-૨૦૧૨ સુધીમાં અને અમદાવાદ જિલ્લામાંની ૧૧૬.૪૦ કિ.મી. લંબાઈમાં વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## રાજ્યની જેલોમાં આધુનિકરણ

૧૭૯૧૪ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જેલોનું આધુનિકરણ કરવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧. રાજ્યની બાકી રહેલ જેલોમાં સલામતી સુદ્રઢ કરવા માટે લાઈવ વાયર સિસ્ટમ પ્રસ્થાપિત કરવાનું આયોજન છે.

૨. રાજ્યની મધ્યસ્થ જેલો, જિલ્લા જેલો તેમજ ખાસ જેલના કેદીઓ માટે ડો. આંબેડકર ઓપન યુનિવર્સીટી કાર્યારત થયેલ છે. જે અભ્યાસક્રમો માટે સ્ટડી સેન્ટર બાંધવાનું આયોજન છે. ઉપરાંત આ જેલો ખાતે

રાખવામાં આવેલ સ્ત્રી કેદીઓ સાથે રહેતા છ વર્ષથી નીચેના બાળકો માટે આંગણવાડી કેન્દ્રો બાંધવાનું આયોજન છે.
૩. રાજ્યની મધ્યસ્થ જેલોમાં ફુલ બોડી સ્કેનર મશીન તેમજ રાજ્યની તમામ જેલો માટે હેન્ડ હેલ્ડ મેટલ ડીટેક્ટર અને વિડિયો સર્વેલન્સ સિસ્ટમ પ્રસ્થાપિત કરવાનું આયોજન છે.
૪. પોરબંદર અને પાલારા (ભુજ) ખાસ જેલો તેમજ નડિયાદ, મહેસાણા, પાલનપુર અને જામનગર જિલ્લા જેલો ખાતે એક્ષરે સ્કેનીંગ મશીન વસાવવાનું આયોજન છે.
૫. લાજપોર (સુરત) ખાતે ૨૫૦૦ કેદીઓની ક્ષમતા વાળી અદ્યતન મધ્યસ્થ જેલ ટૂંક સમયમાં શરૂ કરવાનું આયોજન છે.
૬. પાટણ, ગલપાદર અને દાહોદ ખાતે નવી સબ જેલો બનાવવા માટેની કાર્યવાહી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા હાથ ધરવામાં આવેલ છે.
૭. વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓની સમાવેશ સંખ્યા વધારીને ૨૫૦૦ કરવા માટેની કાર્યવાહી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે.

## શિક્ષકોના ભરતી બોર્ડની રચના

૧૭૫૪૮ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તલાલા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે શિક્ષકોની ભરતી કરવા માટે બોર્ડની રચના કરવાની જાહેરાત ક્યારે કરી, અને
(૨) ઉક્ત સ્થિતિએ આ બોર્ડની રચનાની કાર્યવાહી ક્યા તબક્કે પહોંચી છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે શિક્ષકોની ભરતી કરવા માટે બોર્ડની રચના કરવાની જાહેરાત કરેલ ન હતી.
(૨) ઉક્ત સ્થિતિએ દરખાસ્ત સરકારમાં વિચારણા હેઠળ હતી.

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં અપાયેલ સોઈલ હેલ્થ કાર્ડ

૧૮૫૦૧ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ અપાયેલ છે, અને
(૨) આ બાબતે કેટલી રકમનું ખર્ચ થયેલ છે, અને

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૯૮૫૫ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ અપાયેલ છે.
(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચનું પત્રક સામેલ છે.

| અનુ.નં. | કામગીરી વિગત | સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | જમીનના નમુના એકત્રીકરણ માટે | ૭૩૦૧૫ | ૧૦.૯૫ |
| **અનુ.નં.** | **કામગીરી વિગત** | **સંખ્યા** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
| ૨ | જમીનના નમુનાનું પૃથ્થકરણ | ૧,૧૮,૪૯૨ | ૬૨.૦૫ |
| ૩ | ડેટાએન્ટ્રીની કામગીરી માટે | ૧૨,૧૪૯ | ૦.૧૯ |
| **કુલ ખર્ચ** | - | - | **૭૩.૧૯** |

(૩) બાકી રહેલા ખેડૂતોને આગામી બે વર્ષમાં સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટે શું આયોજન થયેલ છે?

(૩) જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી પૂર્ણ થયેલ છે તેની ડેટાએન્ટ્રી કરી શક્ય તેટલા વહેલા સોઈલ હેલ્થ કાર્ડ આપવાની કામગીરી પ્રગતીમાં છે.

--------

**સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ ૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ થવા બાબત**

૧૭૮૯૯ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે,

(૨) એક વર્ષ ઉપરનાં કેટલા કેસો છે,

(૩) ૬ થી ૧૨ માસનાં કેટલા કેસો છે અને ૩ માસ નીચેનાં કેટલા કેસો છે, અને

(૪) આ કેસોનો નિકાલ ક્યારે થશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં લેન્ડ રેવન્યુ રૂલ્સ ૧૦૮ (૬) હેઠળના ૨૩૨ કેસોનો નિકાલ કરવાનો બાકી છે.

(૨) ૧૦૩

(૩) ૬ થી ૧૨ માસના - ૯૦
૩ માસ નીચેના - ૩૯

(૪) કેસોના નિકાલમાં અર્ધન્યાયિક પ્રક્રિયા અનુસરવાની હોવાથી ચોક્કસ સમય-મર્યાદા આપવી શક્ય નથી.

**શિક્ષણના હેતુ માટે જમીનના વેચાણ બાબત**

૧૭૬૪૨ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦માં અમદાવાદ એજ્યુકેશન ટ્રસ્ટ, નાણાંવટી, જી.એલ.એસ. ટ્રસ્ટ દ્વારા શિક્ષણના હેતુ માટે ખરીદેલ જમીન જે સસ્તા ભાવે અને દાનમાં મળેલ તે ચેરિટી કમિશનર મારફતે મોંઘાભાવે વેચી નાણાંનો દુરપયોગ કરવાની હકીકત ધ્યાને આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકારશ્રી આ બાબતે યોગ્ય ચકાસણી કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**પાટણ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાના કામો**

૧૮૦૮૮ : **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ખાસ અંગભૂત યોજના હેઠળ કુલ ૧૯ (ઓગણીસ) કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજુર થયેલ ૧૯ કામો પૈકી ૯ (નવ) કામો પૂર્ણ થયેલ છે અને ૧૦ (દશ) પ્રગતિ હેઠળ છે.

--------

**ભરૂચ, સુરત અને તાપી જિલ્લાની આંગણવાડીઓને અપાયેલ ગેસ જોડાણ**

૧૮૦૭૧ : **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ, સુરત અને તાપી જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન અપાયેલ છે,

**જવાબ**

(૧) અને (૨)

| અ.નં. | જિલ્લાનું નામ | બે વર્ષમાં આપેલ ગેસ કનેકશન | થયેલ ખર્ચની રકમ |
|---|---|---|---|

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે,

| | | | |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૨૮૧ | રૂ.૬૪,૨૬,૦૭૪ |
| ૨ | સુરત | ૧૫૫૩ | રૂ.૫૮,૨૫,૪૯૦ |
| ૩ | તાપી | ૯૮૩ | રૂ.૩૮,૮૨,૦૦૦ |

(૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઇ ફાળો છે કે કેમ, અને

(૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઇ ફાળો નથી.

(૪) બાકી આંગણવાડીઓને ગેસ ક્નેક્શન માટે શું આયોજન છે ?

(૪) બાકી આંગણવાડીઓમાં ટૂંક સમયમાં ગેસ ક્નેક્શન આપવાનું આયોજન છે.

--------

**બનાસકાંઠા, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાગર માટે મંજૂર થયેલ જ્ગ્યાઓ**

૧૮૦૭૫ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ બનાસકાંઠા, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જ્ગ્યા કેટલી છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા, પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જ્ગ્યા નીચે મુજબ છે.

(અ) બનાસકાંઠા

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડી | મંજૂર થયેલ આંગણવાડી |
|---|---|---|---|
| ૧ | દાંતા | ૨૪૮ | ૧૯૪ |
| ૨ | વાવ-૧ | ૧૧૭ | ૧૧૦ |
| ૩ | વાવ-૨ | ૧૧૩ | ૧૦૬ |
| ૪ | થરાદ-૧ | ૧૩૦ | ૧૨૩ |
| ૫ | થરાદ-૨ | ૧૨૭ | ૧૧૭ |
| ૬ | દિયોદર | ૧૭૩ | ૧૫૭ |
| ૭ | શિહોરી | ૨૬૧ | ૨૪૬ |
| ૮ | ધાનેરા | ૧૮૨ | ૧૫૬ |
| ૯ | ડીસા-૧ | ૧૪૦ | ૧૩૬ |
| ૧૦ | ડીસા-૨ | ૨૦૯ | ૨૦૫ |
| ૧૧ | ડીસા-૩ | ૧૦૫ | ૯૯ |
| ૧૨ | પાલનપુર-૧ | ૨૦૦ | ૧૯૨ |
| ૧૩ | પાલનપુર-૨ | ૧૬૮ | ૧૫૩ |
| ૧૪ | વડગામ-૧ | ૧૨૮ | ૧૧૮ |
| ૧૫ | વડગામ-૨ | ૧૨૨ | ૧૧૬ |
| ૧૬ | અમીરગઢ | ૧૭૨ | ૧૫૬ |
| ૧૭ | ભાભર | ૧૧૧ | ૧૦૪ |
| ૧૮ | દાંતીવાડા | ૧૦૧ | ૯૮ |
| | કુલ | ૨૮૦૭ | ૨૫૮૬ |

(બ) પંચમહાલ

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર થયેલ | મંજૂર થયેલ |
|---|---|---|---|
| ૧ | જાંબુઘોડા | ૧૫૪ | ૧૫૧ |
| ૨ | હાલોલ-૧ | ૮૬ | ૮૬ |
| ૩ | હાલોલ-૨ | ૮૮ | ૮૮ |
| ૪ | કાલોલ | ૨૨૧ | ૧૮૮ |
| ૫ | ગોધરા | ૨૭૭ | ૨૪૮ |
| ૬ | મોરવા(હ)-૧ | ૧૩૨ | ૮૨ |
| ૭ | મોરવા(હ)-૨ | ૭૭ | ૭૭ |
| ૮ | શહેરા-૧ | ૧૫૨ | ૧૩૫ |
| ૯ | શહેરા-૨ | ૧૧૩ | ૧૧૩ |
| ૧૦ | ખાનપુર | ૧૦૧ | ૧૦૦ |
| ૧૧ | કડાણા | ૨૦૧ | ૧૪૫ |
| ૧૨ | સંતરામપુર-૧ | ૧૫૫ | ૧૫૫ |
| ૧૩ | સંતરામપુર-૨ | ૧૪૧ | ૧૪૧ |
| ૧૪ | લુણાવાડા | ૨૪૧ | ૨૩૨ |
| ૧૫ | ઘોઘંબા-૧ | ૧૫૧ | ૧૫૧ |
| ૧૬ | ઘોઘંબા-૨ | ૧૫૦ | ૧૫૦ |
| | કુલ | ૨૪૫૦ | ૨૨૬૨ |

(ક) સાબરકાંઠા

| | | આંગણવાડી કાર્યકરની જ્ગ્યા | આંગણવાડી તેડાગરની જ્ગ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા-૧ | ૧૭૩ | ૧૭૩ |
| ૨ | ખેડબ્રહ્મા-૨ | ૧૬૮ | ૧૬૮ |
| ૩ | ભીલોડા-૧ | ૨૪૦ | ૨૪૦ |
| ૪ | ભીલોડા-૨ | ૨૧૧ | ૨૧૧ |
| ૫ | મેઘરજ-૧ | ૧૧૭ | ૧૧૭ |
| ૬ | મેઘરજ-૨ | ૧૧૯ | ૧૧૯ |
| ૭ | વીજ્યનગર-૧ | ૧૧૦ | ૧૧૦ |
| ૮ | વીજ્યનગર-૨ | ૧૨૪ | ૧૨૪ |
| ૯ | ઈડર-૧ | ૧૬૭ | ૧૬૭ |
| ૧૦ | ઈડર-૨ | ૨૦૫ | ૨૦૫ |
| ૧૧ | બાયડ-૧ | ૧૪૨ | ૧૪૨ |
| ૧૨ | બાયડ-૨ | ૧૦૭ | ૧૦૭ |
| ૧૩ | હિમતનગર-૧ | ૧૭૯ | ૧૭૬ |
| ૧૪ | હિમતનગર-૨ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૫ | માલપુર | ૧૪૧ | ૧૪૧ |
| ૧૬ | વડાલી | ૧૩૩ | ૧૩૩ |
| ૧૭ | મોડાસા | ૨૨૬ | ૨૨૬ |
| ૧૮ | પ્રાંતિજ | ૨૧૩ | ૨૦૮ |
| ૧૯ | ધનસુરા | ૧૦૫ | ૧૦૫ |
| ૨૦ | તલોદ | ૧૭૫ | ૧૭૫ |
| | કુલ | ૩૨૦૫ | ૩૧૯૭ |

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ ભરાયેલ છે,

(૨) (અ) બનાસકાંઠા

આંગણવાડી કાર્યકર ૨૩૮૪
આંગણવાડી તેડાગર ૨૨૭૭

(બ) પંચમહાલ

આંગણવાડી કાર્યકર ૨૩૯૦
આંગણવાડી તેડાગર ૨૨૧૨

(ક) સાબરકાંઠા

આંગણવાડી કાર્યકર ૩૦૬૪
આંગણવાડી તેડાગર ૩૦૫૭

(૩) કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૩) (અ) બનાસકાંઠા

આંગણવાડી કાર્યકર ૪૨૩
આંગણવાડી તેડાગર ૩૦૯

(બ) પંચમહાલ

આંગણવાડી કાર્યકર ૬૦
આંગણવાડી તેડાગર ૫૦

(ક) સાબરકાંઠા

આંગણવાડી કાર્યકર ૧૪૧
આંગણવાડી તેડાગર ૧૪૦

(૪)આ ખાલી જ્ગ્યાઓ ભરવાનું શું આયોજન છે?

(૪) તમામ જિલ્લાઓમાં ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

## ભુમાફીયાઓ વિરૂધ્ધ મળેલ ફરીયાદો

૧૭૩૭૩ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ભુમાફીયાઓ વિરૂધ્ધ કેટલી ફરિયાદો સરકારને મળી,

(૧) ૨૬૫

(૨) મળેલ ફરિયાદો સામે ક્યા ક્યા ભુમાફીયાઓ સામે રાજ્ય સરકારે કઇ કલમો લગાવી, અને

(૨) મળેલ ફરિયાદો પેકી ૩૫ ફરીયાદોમાં પત્રક-૧ મુજબ કલમો લગાડવામાં આવી છે.

**પત્રક-૧**

| ક્રમ નંબર | ભુમાફીયા નું નામ | લગાવેલ કલમ | લીધેલ પગલાં |
|---|---|---|---|
| ૧ | શ્રી વિક્રમભાઈ ફુલાભાઈ સોલંકી | ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૪૬૮ મુજબ | વિક્રમભાઈ ફુલાભાઈ સોલંકી તા.૨૭-૧૦-૧૦ ક. ૧૨/૪૫ વાગે પકડી અટક કરી કોર્ટ હવાલે મોકલી આપેલ છે. |
| ૨ | ગાંડાભાઈ ભીખાભાઈ સેનામા બાબુભાઈ ભીખાભાઈ સેનામા જ્યંતિભાઈ આત્મારામ ધુળીબેન તે ભીખાભાઈ વાલાભાઈની દિકરી કમલેશભાઈ બાબુભાઈ રાવત જ્યશ્રીબેન ગાંડાભાઈ | ઈ.પી.કો. કલમ ૪૯૧,૪૨૦,૪૬૭,૪૭૧,૧૨૦/બી. | કમીટ ૨૧-૪-૧૦ મેટ્રો. કોર્ટ નં. ૯. |
| ૩ | હરશંકર જ્યસ્વાલ | ઈ.પી.કો. કલમ ૪૦૬,૪૨૦,૪૬૫,૪૬૭,૪૬૮, ૪૭૧ ૧૨૦-બી મુજબ | સી.એફ. ૩૧-૧૦-૧૦ |
| ૪ | કનેયાલાલ માણેકલાલ પટેલ, કનુભાઈ ગણેશભાઈ, દિલીપભાઈ છોટાલાલ પટેલ, અરવિંદજી છોટાજી ઠાકોર, | ઈ.પી.કો.ક. ૪૬૫/૪૬૭,૪૬૮, ૪૭૧, ૩૪ મુજબ | |
| ૫ | ઘનશ્યામભાઈ ગોપાલભાઈ | ઈ.પી.કો.ક. ૪૨૦,૪૦૬,૪૬૫,૪૬૭,૪૬૮, ૪૭૧ | તપાસ ચાલુ છે. |
| ૬ | ઘનશ્યામભાઈ ગોપાલભાઈ | ઈ.પી.કો.ક. ૪૨૦,૪૦૬,૪૬૫,૪૬૭,૪૬૮, ૫૦૬, ૧૨૦/બી | તપાસ ચાલુ છે. |
| ૭ | જીતેન્દ્રકુમાર દયાશંકર વ્યાસ | ઈ.પી.કો.ક. ૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી | બન્ને પક્ષકારો વચ્ચે ચીફ કોર્ટ સમાધાન થતા ના.કોર્ટને રીપોર્ટ કર્યો તા.૨-૭-૧૦ સી.સી.નં. ૮૧૧/૧ |
| ૮ | બળદેવભાઈ શકરાજી ઠાકોર બિપીનકુમાર વિઠ્ઠલદાસ મિલન ભુપેન્દ્ર સોમાભાઈ મગનભાઈ કાલુભાઈ વાઘેલા ગોરાંગ ધીરજલાલ શાહ પરેશ પુંજાભાઈ ચાવડા | ઈ.પી.કો.ક. ૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી | ચાર્જસીટ-૬ તા.૧૩-૧૦-૦૯ સી.સી.નં. ૧૭૧૦/૯ |
| ૯ | મુકેશ વાડાલાલ પટેલ | ઈ.પી.કો.ક. ૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી | ફ્ર.નં. ૨૪૮/૮ વર્ગ-સી સમરી માંગી ૩/૯/૦૮ |
| ૧૦ | ખોડાભાઈ નાથુજી પરમાર ૦૯-૧૦ | ઈ.પી.કો.ક. ૩૪, ૧૧૪, ૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી | કમીટી ૭-૧૦-૧૦ કોર્ટ નં. ૨ સી.સી.નં. ૧૪૬૮૨/૧૦ |
| ૧૧ | બાબુભાઈ મણીભાઈ પ્રજાપતિ અમૃતજી ભાખાજી ઠાકોર | ઈ.પી.કો.ક. ૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, ૩૮૪,૧૧૪ | કમીટ ૧૪-૯-૦૯ |
| ૧૨ | મનહરભાઈ નરણભાઈ વ્યાસ-૧-૨ | ઈ.પી.કો.ક. ૧૯૬, ૧૧૪,૧૯૧,૧૯૨,૧૯૩,૧૦૬, ૪૬૭,૪૬૮ | કમીટ તા. ૧૨-૨-૦૯ કોર્ટ નં.૨૦ સી. સી. નં. ૧૭૨/૦૯ |
| ૧૩ | સુરેશભાઈ ગોરધનભાઈ પટેલ | ઈ.પી.કો.ક. ૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી | કમીટ તા.૪-૨-૧૦ કોર્ટ નં. ૨૦ સી.સી.નં. ૧૮૧/૧૦ |
| ૧૪ | પ્રવિણભાઈ મહીપતસિંહ દીલીપસિંહ ઘનશ્યામસિંહ રાજેન્દ્રકુમાર મોહનલાલ વાસુદેવ માંગીલાલ અનીલકુમાર રામેશ્વર, લાલજીભાઈ પરમાર છત્રજીભાઈ દાદાભાઈ | ઈ.પી.કો.ક. ૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, ૪૨૦ | એએફ ૧૦-૨-૧૦<br>એએફ મંજુર ૧૯-૫-૧૦ |
| ૧૫ | બબાજી ગુપ્તાજી ઠાકોર બુધાજી ગુપ્તાજી ઠાકોર | ઈ.પી.કો.ક. ૪૦૬,૧૧૪, ૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, | તપાસ ચાલુ છે. |
| ૧૬ | રમેશભાઈ બબલદાસ પટેલ વનરાજસિંહ દિલીપસિંહ જશવંતસિંહ નટવરસિંહ | ઈ.પી.કો.ક. ૪૦૬,૫૦૬ (૧) ૨૯૪ (ખ) ૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, | તપાસ ચાલુ છે. |
| ૧૭ | પ્રવિણભાઈ સોમનાથભાઈ પટેલ જસુમતીભાઈ શાંતીલાલ | ઈ.પી.કો.ક. ૪૨૦,૪૦૫,૪૦૬, ૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, | કમીટ તા.૧૦-૬-૧૦ સી.સી.નં.૧૨૭૭/૧૦ |
| ૧૮ | કનુભાઈ રમણભાઈ પટેલ ગીરીશભાઈ રમણભાઈ વ્યાસ શકરાજી કાળાજી ઠાકોર સજ્જાદ ગુલામહુસેન મલેક ભાવેજ જીતુભાઈ ગજ્જર બીજલભાઈ ખેગાભાઈ શ્રબારી દેસાઈ મેલાભાઈ ગોકાભાઈ કરશન હરજી રબારી લીલાજી રણછોડજી ઠાકોર વિનોદ વિષ્ણુભાઈ બારોટ હિતેન્દ્રસિંહ મનુજી ડાભી | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી,૪૬૫,૧૧૪ | કમીટ તા.૧૦-૫-૧૦ |
| ૧૯ | જશવંતસિંહ જેસંગજી-૨૫-૨૬ | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, ૪૮૧, ૩૮૭,૩૮૮ | કમીટ તા.૨૮-૬-૧૦ સી.સી.નં.૮૪૭/૧૦ |
| ૨૦ | તપાસ ચાલુ છે. | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, | એએફ ૨૨-૫-૦૯<br>એએફ મંજુર<br>૧૭-૬-૦૯ |
| ૨૧ | જીતેન્દ્રસિંહ હરીદાસજી ઠાકોર | ઈ.પી.કો.ક. ૪૦૬,૪૨૦,૫૦૬ | કમીટ ૨૩-૩-૧૦ સી.સી.નં.૪૮૫૦/૧૦ |
| ૨૨ | સંજ્યકુમાર ઈન્દ્રમલ જૈન નારણભાઈ કરશનભાઈ આહીર | ઈ.પી.કો.ક.૧૯૩,૧૯૯,૨૦૫,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી,૪૦૬, ૪૨૦, ૩૪,૧૧૪,૫૧૧ | કમીટ તા.૯-૩-૧૦ એડી.ચીફ જ્યુ.મેજિ. ૮મી કોર્ટ મીરજાપુર સી.સી.નં. ૪૩૮૫/૧૦ |
| ૨૩ | ગોતાજી શાકાજી | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી,૪૬૫, ૪૬૧,૧૧૪ | કમીટ તા.૧૮-૨-૦૯ કોર્ટ નં.૨૦ સી.સી.નં.૨૫૬/૦૬ |
| ૨૪ | નજુદ્દીન હમીરભાઈ સીદાણી ઉસ્માનભાઈ નસીબભાઈ સલીમ વલીભાઈ સીહાણી મસાભાઈ મગાભાઈ પઢાર કાનાભાઈ સવાભાઈ નાથીબેન ધનાભાઈ ગુકરભાઈ વલીભાઈ હનાભાઈ | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી,૪૧૯, ૧૧૪, | એ.એફ સમરી તા.૧૭-૮-૧૦ |
| ૨૫ | નીમેષ સુરેશચંદ્ર મોદી હિતેશ નટવરલાલ પટેલ વિયજ જ્યંતિલાલ ઠાકર દિલીપસિંહ રુપસિંહ ઠાકોર ચીનુભાઈ સોમાભાઈ દિપસિંહ રુપસિંહ બળદેવ દલાભાઈ દેસાઈ ભરતભાઈ જીવાભાઈ ભરતકુમાર હરીભાઈ ભટ્ટ | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૫૦૬,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦-બી,૩૮૪,૫૦૧, (૧) | કમીટ તા.૧૦-૫-૧૦ એમ.એમ.કોર્ટ નં.૨૨ પુરવણી ચાર્જ શીટ ૩/-૭-૧૦ |

| ક્રમ નંબર | ભુમાફીયા નું નામ | લગાવેલ કલમ | લીધેલ પગલાં |
|---|---|---|---|
| ૨૬ | શાંતાબેન પ્રવિણભાઈ હરિભાઈ પટેલ અનીતાબેન ડો/ઓ. પ્રવિણભાઈ હરીભાઈ પટેલ યતીનભાઈ પ્રવિણભાઈ હરીભાઈ ઈંદુભાઈ ભરવાડ અમરતભાઈ જે. પટેલ સંદીપભાઈ ભીખુભાઈ પડસાડા | ઈ.પી.કો.ક. ૪૦૬,૪૨૦,૧૨૦/બી ૧૧૪ મુજબ | તપાસ ચાલુ છે |
| ૨૭ | કલ્પેશભાઈ નાનજીભાઈ પટેલ નરેન્દ્રસિંહ સમરતસિંહ વાઘેલા કે.એન. પટણી, મયુર | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦-બી,૪૬૫,૩૪,૧૧૪ | તપાસ ચાલુ છે |
| ૨૮ | - | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦-બી | તપાસ ચાલુ છે |
| ૨૯ | શ્રીચંદ પરચારામ આહુડા પરચારામ મીરચુમલ | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦-બી,૪૬૫,૧૧૪ | ચાર્જશીટ તા.૨૫/૧૧/૧૦ કોર્ટ નં.૧૭ |
| ૩૦ | ગોપાલભાઈ ભરવાડ નાનુભાઈ સવજીભાઈ રબારી ચીરાગ નવીનભાઈ પટેલ | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮,૪૭૧,૧૨૦-બી | તપાસ ચાલુ છે |
| ૩૧ | મુકેશ વિમલ જૈન | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮,૪૭૧ | તપાસ ચાલુ છે |
| ૩૨ | મુકેશ વિમલ જૈન | ઈ.પી.કો.ક. ૪૦૬,૪૨૦,૪૬૭,૪૭૧ | તપાસ ચાલુ છે |
| ૩૩ | અમરીશભાઈ રાવલ ગોરાંગભાઈ મુકેશભાઈ જૈન | ઈ.પી.કો.ક.૪૨૦,૪૦૫,૪૦૬,૪૬૭,૪૬૮,૪૭૧,૧૧૪ | તપાસ ચાલુ છે |
| ૩૪ | ગોવિંદભાઈ વી. પટેલ વાસુદેવ ગોંવિંદભાઈ પટેલ કલ્પેશભાઈ પટેલ | ઈ.પી.કો.૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૯૫,૪૨૭,૪૫૨,૩૨૩,૨૯૪,ખ, ૫૦૬-૨,૧૨૦ | તપાસ ચાલુ છે |
| ૩૫ | અરવિંદ જેસીંગજી ઠાકોર ઉષાબેન અરવિંદ ઠાકોર | ઈપીકો કલમ ૨૦૫,૪૦૬,૪૨૦, ૪૬૫, ૪૬૮મ, ૪૭૧, ૧૧૪, ૧૨૦(બી) | તપાસ ચાલુ છે |

(૩) શાં પગલાં લીધા ?

(૩) મળેલ ફરિયાદો પેકી ૩૫ ફરીયાદોમાં પત્રક-૧ મુજબ પગલાંઓ લેવામાં આવ્યા છે, બાકીના કીસ્સાઓમાં જીલ્લા જમીન તકેદારી સમીતી દ્વારા સમયાંતરે મળતી બેઠકોમાં સમીક્ષા કરીને નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવે છે. તેમજ પોલીસ, સત્તાવાળાઓ દ્વારા તેમના સમક્ષની બાકી રહેતી ફરીયાદોમાં તપાસની કાર્યવાહી ચાલુ છે.

--------

## પાટણ જિલ્લામાં જમીન માપણીનું કામ

**૧૭૮૭૭ : શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં જમીન માપણીનું કામ ક્યારથી શરૂ થયું,

(૨) કેટલા તાલુકામાં માપણીનું કામ પૂર્ણ થયું છે, અને

(૩) બાકીનાં તાલુકાઓનું રી-સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં જમીન માપણીનું કામ ખાનગી એજન્સી મારફતે તા.૨૯-૩-૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે.

(૨) એક તાલુકો હારીજનું માપણીનું કામ પૂર્ણ થયું છે.

(૩) તા.૨૯-૩-૨૦૧૦ થી કામગીરી શરૂ થયાથી ૭૦ અઠવાડીયામાં બાકીના તાલુકાઓનું રી-સર્વેનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

## બનાસકાંઠા જિલ્લામાં કિસાનપથ હેઠળ મંજૂર થયેલ કામો

**૧૮૦૮૦ : શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન પથ યોજના હેઠળ કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે કેટલી રકમના મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાનપથ યોજના હેઠળ ૨૩ (ત્રેવીસ) રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૨૩૧૯.૭૮ લાખ મંજૂર કરવામાં આવ્યા.

(૩) મંજૂર થયેલ ૨૩ (ત્રેવીસ) પેકી ૨૧ (એકવીસ) કામો પૂર્ણ થયેલ છે. તથા ૨ (બે) કામો પ્રગતિ હેઠળ છે.

--------

## ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા માર્ગ માટે તોડવામાં આવેલ ઇમારતો

૧૭૩૬૮ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા તરીકે ઓળખાતા મુખ્ય માર્ગને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા મીટર પહોળો કરવાનું ક્યારે નક્કી કર્યું,

(૨) તે ક્યા ક્યા બોર્ડ/નિગમની કેટલી ઇમારતો, રહેણાંકો અને સરકારી ઇમારતો તોડી પાડવામાં આવી, અને

(૩) આ તોડફોડના કારણે કેટલી રકમનું નુક્સાન થયું ?

**જવાબ**

(૧) ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટાની ઓછામાં ઓછી પહોળાઈ ૧૬૨.૦ મીટર કરવાનું, રાજ્ય સરકારશ્રીએ તા.૮-૧૧-૨૦૧૦ ના રોજ નક્કી કર્યુ.

(૨) અને (૩) : રાજ્ય સરકારની સાયન્સ કોલેજનો ૭.૬ મીટરનો ભાગ, ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો ૧૦.૮૦ મીટરનો ભાગ અને સેકટર-૧૬ ના સરકારી રહેણાંક્ના જુના ૭ બ્લોક ઉતારી લેવામાં આવેલ છે, તે પૈકી બે બ્લોક નિકાલ હેઠળના બ્લોક હતા અને ૫ બ્લોક ઘણાંજ જુના હતા, કે જે નવા પ્લાનીંગનો ભાગ હોઈ નુક્શાનીનો પ્રશ્ન રહેતો નથી.

--------

## પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં ફીશરીઝની બોટ માટે અપાતી સબસીડી

૧૭૫૪૬ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૭૪ હો.પા. કરતાં વધારે કેપેસીટીની બોટને ડીઝલ સબસીડી આપવી નહીં તેવો નિર્ણય ક્યારે કરવામાં આવ્યો, અને

(૨) પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી સબસીડી ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) કૃષિ અને સહકાર વિભાગના તા.૮-૫-૨૦૦૯ના ઠરાવથી, પરંતુ તેનો અમલ હાલમાં મોકુફ રાખવામાં આવેલ છે.

(૨) (રૂ.લાખમાં)

| વર્ષ | પોરબંદર જિલ્લો | જામનગર જિલ્લો | જૂનાગઢ જિલ્લો |
|---|---|---|---|
| જાન્યુઆરી-૨૦૦૮ થી ડિસેમ્બર-૨૦૦૮ | ૨૨૮૩.૦૦ | ૧૯૩.૪૧ | ૪૭૦૦.૧૪ |
| જાન્યુઆરી-૨૦૦૯ થી ડિસેમ્બર-૨૦૦૯ | ૯૮૪.૧૯ | ૧૮૯.૨૧ | ૬૬૪.૮૮ |
| જાન્યુઆરી-૨૦૧૦ થી ડિસેમ્બર-૨૦૧૦ | - | - | - |

## આણંદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાના કામો

૧૮૦૮૪ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલી રકમના કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ખાસ અંગભૂત યોજના હેઠળ રૂ.૧૬૮૩.૭૬ લાખની રકમના ૩૫ રસ્તાના કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ૩૫ કામો પૈકી ૧૪ કામો પૂર્ણ અને ૨૧ કામો પ્રગતિમાં છે.

## અમદાવાદ જિલ્લાની માધ્યમિક શાળાઓની કન્યાઓને અપાયેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ

૧૮૦૫૭ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની માધ્યમિક શાળાની કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા

**જવાબ**

(૧)

| વર્ષ | બોન્ડ અપાયેલ કન્યાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૪૨ |
| ૨૦૧૦-૧૧ | ૧૩૭ |
| કુલ : | ૬૭૯ |

બોન્ડ આપવામાં આવ્યા,

(૨) કન્યા દીઠ કેટલી રકમનાં બોન્ડ આપવામાં આવે છે, અને

(૩) કુલ કેટલી રકમનાં બોન્ડ આપવામાં આવ્યા?

(૨) કન્યા દીઠ ₹૨૦૦૦/- ના બોન્ડ આપવામાં આવે છે.

(૩)

| વર્ષ | વર્ષવાર બોન્ડની રકમ ₹ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ₹૧૦,૮૪,૦૦૦/- |
| ૨૦૧૦-૧૧ | ₹૨,૭૪,૦૦૦/- |
| કુલ : | ₹૧૩,૫૮,૦૦૦ |

## વડોદરા જિલ્લામાં રાસાયણિક ખાતરની ચકાસણી

૧૭૯૩૪ : **શ્રી ગુલસીંગભાઈ ૨.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં રાસાયણિક ખાતરના કેટલા નમુના લેવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા નમુના વાંધાજનક જણાયા, અને

(૩) આ બાબતે રાજ્ય સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં રાસાયણિક ખાતરના કુલ-૫૧૦ નમુના લેવામાં આવ્યા.

(૨) તે પૈકી કુલ-૪ નમુના વાંધાજનક જણાયા,

(૩) આ બાબતે રાયાયણિક ખાતર નિયંત્રણ હુકમ-૧૯૮૫ ની જોગવાઈઓ મુજબ પગલાં લેવામાં આવેલ છે.

## જંબુસર-આમોદ-ભરૂચ રસ્તાને પહોળો કરવાની મંજૂરી

૧૮૦૭૯ : **શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ (ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જંબુસર-આમોદ-ભરૂચ રસ્તાને પહોળો કરવાની મંજૂરી સરકારે ક્યારે આપી,

(૨) તે કામગીરી કેટલી લંબાઇમાં થનાર છે,

(૩) તે પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામ ક્યારે શરૂ કરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૯-૯-૨૦૧૦ના રોજ.

(૨) ૧૭.૬૦ કી.મી.

(૩) ₹ ૩૨૦૦ લાખ.

(૪) વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૨ માસમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

## મહેસાણા જિલ્લામાં સબ જેલમાં સિપાઇ કેડરની જગ્યાઓ

૧૭૯૭૦ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મહેસાણા સબ જેલમાં સિપાઇ કેડરની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૩૨ જગ્યાઓ.

(૨) ૨૬ જગ્યાઓ.

(૩) જેલ ભરતી બોર્ડ દ્વારા સીધી ભરતીના જેલ સહાયકોની નિમણૂંકની પ્રક્રિયા સંદર્ભમાં તાજેતરમાં જાહેર કરવામાં આવેલ પસંદગી યાદી પૈકી જેલ સહાયકોની નિમણૂંકની નિયત કાર્યવાહી પૂર્ણ કરી ટૂંક સમયમાં જગ્યાઓ ભરવામાં આવશે.

## સુરત જિલ્લામાં સરકારી જમીન ઉપરના દબાણો દૂર કરવા બાબત

૧૭૮૭૦ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી સરકારી જમીન ઉપરના

**જવાબ**

(૧) કુલ ૩૬ દબાણો દૂર કરવામાં આવ્યા.

દબાણો હટાવાયા,

(૨) કેટલી ચો.મી. જમીન ખુલ્લી થઇ, અને

(૩) આ જમીનની અંદાજીત રકમ કેટલી થાય ?

(૨) ૩,૦૧૪.૯૦ ચો.મી. જમીન ખુલ્લી થઈ.

(૩) આ જમીનની અંદાજીત કિંમત રૂપિયા ૨૦,૬૯,૧૬,૫૭૮/- થાય છે.

---------

## જામનગર જિલ્લામાં જમીન માપણીનું કામ

૧૭૮૭૬ : **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં જમીન માપણીનું કામ ક્યારથી શરૂ થયું,

(૨) કેટલા તાલુકામાં માપણીનું કામ પૂર્ણ થયું છે, અને

(૩) બાકીના તાલુકામાં રી-સર્વેનું કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં જમીન માપણીની કામગીરી ખાનગી એજન્સી દ્વારા તા.૨૦-૦૧-૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે.

(૨) (૧) ધ્રોલ (૨) જોડીયા (૩) કાલાવડ (૪) ઓખા (દ્વારકા) (૫) લાલપુર (૬) ભાણવડ એમ કુલ છ તાલુકામાં માપણીનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) બાકી ચાર તાલુકા પૈકી જામજોધપુર તાલુકાની કામગીરી ચાલુ છે. જે ટૂંક સમયમાં પૂર્ણ થવાની સંભાવના છે. બાકીના ત્રણ તાલુકા જામનગર, કલ્યાણપુર અને ખંભાળીયા તાલુકાની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થશે.

## સુરત અને તાપી જિલ્લાઓમાં રસ્તાઓ બનાવવા અપાયેલ જોબ નંબરો

૧૮૭૭૨ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર કેટલી રકમના અને ક્યા ક્યા સદરે કેટલી રકમના જોબ નંબરોના તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવ્યા,

(૨) તે પૈકી ક્યા ક્યા રસ્તાઓ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના રસ્તાઓની કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) સુરત અને તાપી જિલ્લાઓમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર સદરવાર નીચે મુજબની રકમના મંજુર કરવામાં આવ્યા.

| જિલ્લો | તાલુકો | રકમ રૂા. લાખમાં | |
|---|---|---|---|
| | | બજેટ ઉચ્ચક જોગવાઇ | ખાસ મરામત |
| સુરત | ચોર્યાસી | ૨૮૭ | ૫૬૪ |
| | બારડોલી | ૪૭૭ | ૬૬૬ |
| | કામરેજ | ૧૬૮૨ | ૨૧૫૦.૫૦ |
| | પલસાણા | ૪૧૧ | ૧૨૫ |
| | મહુવા | ૧૦૦ | ૫૯૫.૫૦ |
| | ઓલપાડ | ૨૬૧ | ૪૭૧ |
| | માંગરોલ | ૩૨૧ | ૧૩૫૨.૬૮ |
| | ઉમરપાડા | ૧૪૧ | ૧૦૦ |
| | માંડવી | ૨૫૦ | ૪૪૭ |
| | **કુલ** | **૩૯૩૦** | **૬૪૭૧.૬૮** |
| તાપી | વ્યારા | ૬૬૦ | ૩૮૯ |
| | વાલોડ | ૧૮૫ | ૨૧૦ |
| | સોનગઢ | ૪૭૫ | ૧૦૫૮ |
| | ઉચ્છલ | ૫૦ | ૧૦૦ |
| | નિઝર | ૨૭ | ૨૪૮ |
| | **કુલ** | **૧૩૯૭** | **૨૦૦૫** |

(૨) અને (૩)

તે અન્વયે ૯૪ રસ્તાઓ પૂર્ણ કરેલ છે જેની વિગત પરિશિષ્ટ-૧ મુજબ છે જ્યારે ૭૯ કામો પ્રગતિ હેઠળ છે અને ૧૧ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

પરિશિષ્ટ -૧ પુર્ણ રસ્તાઓ

સુરત અને તાપી જિલ્લામાં રસ્તાઓ બનાવવા અપાયેલ જોબ નંબરો

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | પલસાણા-સચીન રોડ કિ.મી. ૦/૦ થી ૧૧/૬ |
| ૨ | સુરત-સચીન-નવસારી રોડ કિ.મી. ૧૨/૮ થી ૨૧/૪ |
| ૩ | સચીન ગામ ટુ જોઇનીંગ પારડી કણદે આશ્રમ સ્કુલ રોડ તા. ચોર્યાસી |
| ૪ | સ્લેબ ડ્રેઇન એટ સચીન ગામ ટુ જોઇનીંગ પારડી કણદે આશ્રમ સ્કુલ રોડ તા. ચોર્યાસી |
| ૫ | કનસાડ ગામ ટુ જોઇનીંગ ઉભેર ગામ રોડ તા. ચોર્યાસી |

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૬ | ખરવાસા ઇકલેરા વાયા બગડીયા નાળ રોડ તા. ચોર્યાસી |
| ૭ | ક્નસાડ એ.રોડતા. ચોર્યાસી |
| ૮ | બોણદ એરથાણ રોડ તા. ચોર્યાસી |
| ૯ | દામકા ભસ્તા રોડથી ભટલાઈ ગામમાં જતો રોડ |
| ૧૦ | ભરથાણા કોસાડ મોટાવરાછા રોડ |
| ૧૧ | ઈચ્છાપોર મલગામા રોડ |
| ૧૨ | લાજપોર ક્નસાદ સચીન રોડ |
| ૧૩ | સણીયા હેમદ ટુ સણીયા કણદે મેઇન રોડ |
| ૧૪ | ખરવાસા એકલેરા ભાણોદરા રોડ |
| ૧૫ | લાજપોર ક્નસાડ સચીન રોડ |
| ૧૬ | ઈચ્છાપોર હળપતિવાસ રોડ |
| ૧૭ | દામકા ભટલાઈ પ્રાથમિક શાળા રોડ |
| ૧૮ | અમરોલિ કોસાડ ભરથાણા રોડ |
| ૧૯ | ભાટીયા કાછોલિ રોડ |
| ૨૦ | કડોદ-બાલ્દા-ધામોદલા રોડ કિ.મી. ૦/૦ થી ૭/૪ |
| ૨૧ | ખોજ પારડી વાઘેચા રોડ |
| ૨૨ | વરાડ રાયમ રોડ જોંનીગ એસઈ એચઈ ટુ બારડોલી |
| ૨૩ | ખોજ પારડી રુવા રોડ |
| ૨૪ | કામરેજ-શામપુરા રોડ કિ.મી. ૦/૦ થી ૯/૦, ૧૨/૯ થી ૧૫/૮ |
| ૨૫ | સુરત-કામરેજ રોડ કિ.મી. ૧૨/૮ થી ૧૮/૦ |
| ૨૬ | અરેઠ બોધાન ગલા રોડ |
| ૨૭ | સેગવા અલુરા પરબ રોડ |
| ૨૮ | મોરથાણા જોઇનીંગ ને.હા. રોડ |
| ૨૯ | મોટા હલધરુ રોડ |
| ૩૦ | હલધરુ ગામથી ને.હા.ને જોડતો રસ્તો |
| ૩૧ | તાતીથૈયા હલધરુ મોટા વરાડ રાયમ અકોટી ઓરગામ રોડ |
| ૩૨ | ને.હા. થી કડોદરા અકળામુખી હનુમાન મંદિર થી જોઇનીંગ જોળવા ગામ રોડ |
| ૩૩ | ચલથાણ વાંકાનેડા નીયોલ રોડ. કિ.મી. ૦/૦ થી ૧/૫૦. |
| ૩૪ | ચલથાણ વાક્નેડા નિયોલ રોડ |
| ૩૫ | મહુવા-અનાવલ રોડ કિ.મી. ૨૨/૬ થી ૨૮/૯૬ |
| ૩૬ | મહુવા-અલ્લુબોરીયા રોડ કિ.મી ૦/૦ થી ૮/૫૦ |
| ૩૭ | ગુણસવેલ કાકડીયા રોડ તા. મહુવા |
| ૩૮ | કાની રાણત રોડ |
| ૩૯ | સાયણ-કદરામા રોડ કિ.મી. ૦/૦ થી ૯/૬૦ |
| ૪૦ | કુંભારી હાથીશા રોડ |
| ૪૧ | કછોલ કુડિયાણા રોડ |
| ૪૨ | કરંજથી જીણોદ રોડ |
| ૪૩ | કપાસી એપ્રોચ રોડ |
| ૪૪ | તળાદથી પાટીયા વડોદ રોડ |
| ૪૫ | ઓલપાડ હાથીશા રોડ |
| ૪૬ | ભાંડુત સેલુટ રોડ |
| ૪૭ | ભારુંડી સીથાણ રોડ |
| ૪૮ | ગોથાણ વસવારી રોડ |
| ૪૯ | તડકેશ્વર-નાની નરોલી-માંગરોળ રોડ કિ.મી. ૦/૦ થી ૧૬/૦ |
| ૫૦ | લીંબાડા મોટી પારડી રોડ |
| ૫૧ | નોગામા સીમોદરા રોડ પર કોઝવેનું કામ |
| ૫૨ | વાંક્લ આમખુટા રોડ |
| ૫૩ | રજનીવાડ સાતકાશી એપ્રોચ રોડ |
| ૫૪ | વાંક્લ નાંદોલા વડઉભાડીયા રોડ |
| ૫૫ | વડોલી એપ્રોચ રોડ |
| ૫૬ | ને.હા. થી હથુરણ વિલેજ વાયા ધામરોદ રોડ |
| ૫૭ | અસારમા ટુ વાસોલી રોડ |
| ૫૮ | લવે ભડકુવા રોડ પર નાળાનું કામ |
| ૫૯ | માંગરોલ ઝાબ પાતાલ વેરાકુઇ રોડ |
| ૬૦ | વેલાછા એપ્રોચ રોડ |
| ૬૧ | વાંક્લ આમકુટા વેરાકુઇ રોડ |
| ૬૨ | દેગડીયા જ્યડિયા રોડ |
| ૬૩ | વડ ઉભારીયા રોડ |
| ૬૪ | ઉમરપાડા ટુ ટેલગી ફળિયા રોડ |
| ૬૫ | હરીપુરા એપ્રોચ રોડ |
| ૬૬ | માંડવી-શેરૂલ્લા રોડ કિ.મી. ૦/૦ થી ૧૪/૦ |
| ૬૭ | ટુકેદ મધરકુઇ ટુ અંત્રોલી રોડ |
| ૬૮ | અરેઠ વેગી રોડ |
| ૬૯ | બોધાન બાયપાસ રોડ |
| ૭૦ | વ્યારા-ગડત-બેડચીત રોડ કિ.મી. ૨૭/૨ થી ૪૫/૦ (લેન્ગથ ઈન કિ.મી. ૧.૨૦) |
| ૭૧ | ઘાટા બેડકુવા રોડ |
| ૭૨ | પાઠકવાડી-પદમડુંગરી-ચુનાવાડી રોડ |
| ૭૩ | લખાલી ચીચબરડી રાનીઆંબા ઢોંગીઆબાં રોડ |
| ૭૪ | ઉમરકચ્છ એપ્રોચ રોડ |
| ૭૫ | છેવડી થી ઢોલીઉમર રોડ |
| ૭૬ | માયપુર બોરખડી રોડ |
| ૭૭ | ઉંચામાળા ખોડતળાવ રોડ |
| ૭૮ | મીરપુર રાનીઆંબા રોડ |

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૭૯ | ખુરદી કરંજવેલ રોડ જોઈનીંગ બાલપુર મિસિંગ લેન્થ |
| ૮૦ | વાકેનર - વાલોડ - વેડછી (એમ.ડી.આર) કન્સ્ટ્રકશન ઓફ ન્યુ બ્રીજ વીથ એપ્રોચ એટ વિલેજ અંબાચ કિ.મી. ૨૩/૮ થી ૨૪/૦. |
| ૮૧ | રાનવેરી નાલો ઠા કેળકુઈ રોડ |
| ૮૨ | સોનગઢ - બરડીપાડા રોડ કિ.મી. ૦/૦ થી ૧૭/૨ (એસ.એચ. નં.૧૭૪) |
| ૮૩ | શેરૂલ્લા - બોરદા રોડ કિ.મી. ૦/૦ થી ૨૯/૫ (એસ.એચ. નં. ૧૭૪) |
| ૮૪ | ધમોડી મંદિર ફળિયા રોડ |
| ૮૫ | ટોકરવા મિસ્ત્રી ફળિયા રોડ |
| ૮૬ | સોનગઢ સાદડકુવા આછલવા કીકાકુઈ રોડ |
| ૮૭ | ભરાડદા એપ્રોચ રોડ |
| ૮૮ | મોટી ખેરવાણ બસ સ્ટેન્ડ થી ગાલખડી રોડ |
| ૮૯ | મહુડી થી મોંધવણ રોડ |
| ૯૦ | નિઝર - દેવલા - વ્યાવલ રોડ કિ.મી. ૦/૦ થી ૧૦/૫ (એચ.એચ.નં.૮૦) |
| ૯૧ | નિઝર - વેલ્દા - કાવિઠા રોડ કિ.મી. ૦/૦ થી ૫/૨૬ સેકશન કિ.મી. ૦/૦ થી ૧/૪૦૦, ૧/૮ થી ૨/૦૮૦ |
| ૯૨ | લુપ રોડ જોઈનીંગ રેસ્ટ હાઉસ ટુ બસ સ્ટેન્ડ ટુ ઉચ્છલ - નિઝર રોડ, કિ.મી. ૦/૦ થી ૧/૦ |
| ૯૩ | ભમશાળ એપ્રોચ રોડ |
| ૯૪ | સરવાળા એપ્રોચ રોડ |

## વડોદરા જિલ્લામાં વિધવા સહાયની પડતર અરજીઓ

૧૮૦૬૮ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વિધવા સહાય માટેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ચૂકવણી બાકી હોય તેવી અરજીઓની ક્યારે ચુકવણી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૮૫ અરજીઓ.

(૨) ડીસેમ્બર-૧૦ સુધીનું ચૂકવણું થયેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અમદાવાદ જિલ્લામાં આંગણવાડી કાર્યકર અને તેડાગર માટે મંજૂર થયેલ જગ્યાઓ

૧૮૦૭૪ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જગ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તાલુકાવાર મંજૂર થયેલ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની જગ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર થયેલ આંગણવાડી કાર્યકરની જગ્યા | મંજૂર થયેલ આંગણવાડી તેડાગરની જગ્યા |
|---|---|---|---|
| ૧ | દેત્રોજ | ૧૧૭ | ૧૧૭ |
| ૨ | વિરમગામ | ૧૮૪ | ૧૮૪ |
| ૩ | માંડલ | ૯૮ | ૯૮ |
| ૪ | ધોળકા-૧ | ૧૩૯ | ૧૩૯ |
| ૫ | ધોળકા-૨ | ૧૩૨ | ૧૩૨ |
| ૬ | ધોળકા | ૧૫૭ | ૧૫૭ |
| ૭ | રાણપુર | ૬૮ | ૬૮ |
| ૮ | બરવાળા | ૬૦ | ૬૦ |
| ૯ | સાણંદ | ૧૯૧ | ૧૯૧ |
| ૧૦ | બાવળા | ૧૬૦ | ૧૫૯ |
| ૧૧ | સીટી | ૯૫ | ૯૫ |
| ૧૨ | દસ્ક્રોઈ-૧ | ૧૦૪ | ૧૦૪ |
| ૧૩ | દસ્ક્રોઈ-૨ | ૮૦ | ૮૦ |
| | કુલ.. | **૧૫૮૫** | **૧૫૮૪** |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૨) આંગણવાડી કાર્યકર ની - ૧૫૪૪
આંગણવાડી તેડાગર ની - ૧૫૩૩

(૩) કેટલી ખાલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આંગણવાડી કાર્યકર ની - ૪૧

આંગણવાડી તેડાગર ની - ૫૧

(૪) આ ખાલી જગ્યાઓ ભરવા માટેનું શું આયોજન છે ?

(૪) આ જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

--------

**ભાવનગર જિલ્લાના જેસર-આસરાણા રોડ ઉપરનો સુરનાળા પુલ મંજૂર કરવા બાબત**

૧૮૭૭૮ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના જેસર-આસરાણા રાજ્ય ધોરી માર્ગ ઉપરના સુરનાળા પુલ મંજૂર થવા અંગેની કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂરી અંગેની કાર્યવાહી કેટલા દિવસમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) ક્યારે મંજૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સુધારેલ વહીવટી મંજૂરીના સ્તરે.

(૨) અને (૩)
શક્ય તેટલી બનતી ત્વરાથી.

**દાહોદ જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળના કામો**

૧૭૪૮૩ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કિસાન પથ યોજના હેઠળ કેટલા રસ્તાઓના કામો કેટલી રકમના મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાનપથ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબના રસ્તાઓના અને રકમના કામો મંજૂર કરવામાં આવ્યા.

| તાલુકો | મંજૂર કરેલ રસ્તાઓની સંખ્યા | મંજૂર કરેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| દાહોદ | ૬ | ૫૮૧.૭૩ |
| ગરબાડા | ૨ | ૧૮૧.૪૫ |
| લીમખેડા | ૨ | ૨૯૩.૭૧ |
| ધાનપુર | ૨ | ૫૧.૮૭ |
| ઝાલોદ | ૪ | ૨૭૧.૩૩ |
| ફતેપુરા | ૨ | ૧૯૨.૫૩ |
| દેવગઢબારીયા | ૧ | ૪૮.૩૧ |
| કુલ | ૧૯ | ૧૬૨૦.૯૩ |

(૨) ઉપરોક્ત કામો હાલ નીચે જણાવ્યા મુજબ તબક્કે છે.

| તાલુકો | પૂર્ણ થયેલ કામો | પ્રગતિ હેઠળના કામો |
|---|---|---|
| દાહોદ | ૩ | ૩ |
| ગરબાડા | ૧ | ૧ |
| લીમખેડા | ૧ | ૧ |
| ધાનપુર | ૧ | ૧ |
| ઝાલોદ | ૪ | ૦ |
| ફતેપુરા | ૨ | ૦ |
| દેવગઢબારીયા | ૧ | ૦ |
| કુલ | ૧૩ | ૬ |

**અમરેલી જિલ્લાના રોડ રીપેર કરવા બાબત**

૧૮૩૬૯ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં માર્ગ મકાન પંચાયત તેમજ સ્ટેટના કુલ કેટલા રોડ રીપેર છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યા, અને

(૨) જે રોડ રીપેર કરવાની માંગણી કરવામાં આવી

**જવાબ**

(૧) માર્ગ અને મકાન પંચાયત વિભાગ, અમરેલી હસ્તકના ૪૧૫ રસ્તા અને રાજ્ય માર્ગ અને મકાન વિભાગ, અમરેલી હસ્તકના ૨૮ રસ્તા રીપેર કરવામાં આવ્યા.

(૨) સામાન્ય મરામત સતત ચાલતી પ્રક્રિયા હોય,

તે રોડના કામો ક્યારે શરૂ કરવામાં આવશે ?

જે જરૂરીયાત મુજબ મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. ખાસ મરામત પ્રકારની આવેલ રજૂઆતો પૈકી ૮૩ કામો મંજૂર કર્યા જે પૈકી ૪૨ કામો પૂર્ણ, ૧૭ કામો પ્રગતિમાં અને ૨૪ કામો હવે શરૂ થનાર છે.

## જામનગર અને પોરબંદર જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ

૧૮૦૭૩ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જામનગર અને પોરબંદર જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડી કેટલી છે,

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ નીચે મુજબ છે.

| ક્રમ | ઘટકનું નામ | મંજૂર થયેલ આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | દ્વારકા | ૧૪૮ |
| ૨ | કલ્યાણપુરા | ૧૭૯ |
| ૩ | ખંભાળીયા | ૧૯૯ |
| ૪ | લાલપુર | ૧૩૬ |
| ૫ | ભાણવડ | ૧૨૮ |
| ૬ | ધ્રોલ | ૯૧ |
| ૭ | જોડીયા | ૧૦૬ |
| ૮ | જામજોધપુર | ૧૫૧ |
| ૯ | કાલાવડ | ૧૮૩ |
| ૧૦ | જામનગર ગ્રામ્ય-૧ | ૧૧૫ |
| ૧૧ | જામનગર ગ્રામ્ય-૨ | ૧૨૦ |
| ૧૨ | જામનગર અર્બન-૧ | ૧૬૬ |
| ૧૩ | જામનગર અર્બન-૨ | ૧૦૦ |
| | **કુલ :** | **૧૮૨૨** |

પોરબંદર જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ નીચે મુજબ છે.

| ક્રમ | ઘટકનું નામ | મંજૂર થયેલ આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર-૧ | ૧૨૩ |
| ૨ | પોરબંદર-૨ | ૧૩૩ |
| ૩ | રાણાવાવ | ૧૦૬ |
| ૪ | કુતિયાણા | ૧૧૦ |
| | **કુલ :** | **૪૭૨** |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨) જામનગર જિલ્લામાં - ૯૫૨
પોરબંદર જિલ્લામાં - ૨૧૬

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

(૩) જામનગર જિલ્લામાં - ૭૨૬
પોરબંદર જિલ્લામાં - ૧૨૪

## વડોદરા જિલ્લાના પંચાયત હસ્તકના રસ્તાઓ રીકાર્પેટીંગ કરવા બાબત

૧૮૯૨૪ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ૨૬૬ રસ્તાઓના કામો

વર્ષમાં વડોદરા જિલ્લાના પંચાયત હસ્તકના કેટલા રસ્તા રીકાર્પેટીંગ કરવાના થતા હતા,

રીકાર્પેટીંગ માટે મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પેકી કેટલા રસ્તા રીકાર્પેટીંગ કરવામાં આવ્યા,

(૨) ૨૦૪ રસ્તા પૂર્ણ થયેલ છે.

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી છે તે ક્યાં સુધીમાં રીકાર્પેટીંગ કરી દેવામાં આવશે ?

(૩) અને (૪) : બાકી રહેતા ૬૨ રસ્તાના કામો પ્રગતિમાં છે, જે શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

## નર્મદા-વલસાડ જિલ્લામાં સંપાદન કરેલ જમીન અંગે વળતર

૧૭૫૩૯ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા-વલસાડ જિલ્લામાં જુદા જુદા હેતુ માટે મહેસુલ વિભાગ દ્વારા કેટ કેટલી જમીનો સંપાદન કરવામાં આવી,

(૨) સંપાદન થયેલી જમીન અન્વયે કેટલાને વળતર ચુકવાયું,

(૩) કેટલાને ચૂકવવાનું બાકી છે, અને

(૪) બાકી વળતર ક્યારે ચૂકવવાનું આયોજન છે?

**જવાબ**

(૧) સંપાદિત જમીનનું ક્ષેત્રફળ

| | | |
|---|---|---|
| (૧) | નર્મદા જિલ્લો હેતુ | હે.આરે.ચો.મી. |
| (અ) | ભુમલીયા ગામ નજીક ફિલ્ટરેશન પ્લાન્ટ માટે | ૦૧-૧૦-૯૬ |
| | **કુલ** | **૦૧-૧૦-૯૬** |
| (૨) | વલસાડ જિલ્લો હેતુ | હે.આર.ચો.મી. |
| (અ) | જીઆઈડીસી દ્વારા સરીગામ બાયપાસ રોડ બનાવવા | ૦૬-૨૯-૯૫ |
| (બ) | ગેઈલ ઈન્ડીયા દ્વારા વાલ્વ સ્ટેશન સ્થાપવા માટે | ૦-૨૪-૮૩ |
| (ક) | બલીઠા-હાટીયાવાડ રોડ પહોળો કરવા માટે | ૦-૬૨-૦૪ |
| (ડ) | ઉમરગામ જુથ પાણી પુરવઠા યોજના માટે | ૦-૧૭-૬૩ |
| | **કુલ :** | **૦૭-૩૪-૪૫** |

(૨) નર્મદા જિલ્લો - ખાતેદારોએ તા.૧૮-૧-૧૧ ના રોજ વાંધો રજુ કરી વળતર લીધેલ નથી.

વલસાડ જિલ્લો - ૬૪ ખાતેદારોને

(૩) નર્મદા જિલ્લો - ૯ ખાતેદારોને

વલસાડ જિલ્લો-૧ ખાતેદારને પૂર્ણ અને ૪ ખાતેદારને ૨૦ ટકા એમ કુલ ૫ ખાતેદારોને વળતર ચૂકવવાનું બાકી છે.

(૪) બનતી ત્વરાએ.

--------

## રાજ્યની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની ઘટ

૧૮૮૩૩ **: શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની કેટલી ઘટ છે, અને

(૨) બંને જિલ્લાઓની ઘટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરતાં તા.૦૩-૦૬-૧૦ના ઠરાવથી વિદ્યાર્થી શિક્ષકના ધોરણો સુધારતાં આણંદ જિલ્લામાં ૨૪૦ અને ખેડા જિલ્લામાં ૧૨૮ મળી કુલ ૩૬૮ પ્રાથમિક શિક્ષકોની ખાલી જગ્યા છે.

(૨) જુન-જુલાઈ ૨૦૧૧માં ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

--------

## સાબરકાંઠા જિલ્લાના ડેમોમાં માછીમારીના ઈજારા

૧૮૭૮૯ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ ડેમોમાં માછીમારી માટેનો ઈજારો ડેમવાર કઈ કઈ મંડળીઓને આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આવેલ ડેમોમાં માછીમારી માટેનો ઈજારો ડેમવાર નીચે મુજબની મંડળીઓને આપવામાં આવેલ છે.

| ડેમનું નામ | મંડળીનું નામ |
|---|---|
| ૧. પ્રાંતવેલ ડેમ | પ્રાંતવેલ ગ્રામ વન વિકાસ મંડળ મુ. પ્રાંતવેલ, પો. ગોતાપુર |
| ૨. કોંજણ ડેમ | જુથ લીડરશ્રી, જય અંબે સ્વસહાય જુથ, મું. રાયગઢ |
| ૩. હરણાંવ ડેમ | ધી વિજયનગર તાલુકા કાથોડી આદિમજુથ મત્સ્યોધ્યોગ સહકારી મંડલી લી. મુ. વણઘોલ |
| ૪. પટેરા ડેમ | ધી ડાભીપુરા મત્સ્યોધ્યોગ સહકારી મંડલી લી.મુ. ડાભીપુરા તા. ખેડબ્રહ્મા |
| **ડેમનું નામ** | **મંડળીનું નામ** |
| ૫. હાથમતી ડેમ | શ્રી ભિલોડા વિભાગ આદિજાતી મત્સ્યોધ્યોગ સહકારી મંડલી લી. મુ.ગંભીરપુરા |
| ૬. ઈન્દ્રાસી ડેમ | શ્રી હાથમતી-ઈન્દ્રાસી આદિવાસી મત્સ્યોધ્યોગ સહકારી મંડલી લી. મુ. મેરુખા પરેટા. |
| ૭. લાખીયા જળાશય | ધી લાખીયા ગ્રુપ આદીવાસી મત્સ્ય ઉછેર સહકારી મંડળી લી. મુ. લાખીયા તા. ખેડબ્રહ્મા. |
| ૮. વગડી જળાશય | જૂથ લીડરશ્રી, એક્તા સ્વસહાય બચત ધિરાણ જૂથ, મુ.પો. વગડી તા. હિંમતનગર. |

(૨) આની ચકાસણી સ્થળ પર કરવાની કોઈ સરકારી વ્યવસ્થા છે કે કેમ,

(૨) હા, જી. છે.

(૩) સ્થાનિક મંડળીઓને બદલે અન્ય ઈસમો પાસે માછીમારીનો ઈજારો હોય એવું કોઈ ડેમમાં માલુમ પડેલ છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો એની સામે કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ ?

(૪) સરકારશ્રીની તા.૨૫-૦૨-૨૦૦૪ ની ઈજારા નીતિની જોગવાઈ મુજબ આદિવાસી વિસ્તારમાં આવેલ જળાશયો સિવાયના જળાશયો માટે સ્પર્ધાત્મક ધોરણે ટેન્ડરો મંગાવી ઈજારો આપવામાં આવે છે, તેથી સૌથી ઉંચા ભાવ ભરનાર સ્થાનિક મંડળીઓ સિવાય અન્ય ઈસમોને વ્યક્તિગત ધોરણે પણ ઈજારો આપી શકાતો હોઈ કોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સાબરકાંઠા જિલ્લાના પાકા રસ્તાથી વંચિત ગામો

૧૮૭૫૮ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭ની વસ્તી ગણતરી પ્રમાણે સાબરકાંઠા જિલ્લાના તાલુકાદીઠ પાંચસોથી વધુ વસ્તીવાળા ક્યા ક્યા ગામો તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આ ગામોને પાકા રસ્તા કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

સને ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે સાબરકાંઠા જિલ્લામાં પાંચસોથી વધુ વસ્તીવાળુ એકપણ મહેસુલી ગામ પાકા રસ્તાથી વંચિત નથી.

## સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા અને ક્ષતિઓ

૧૭૯૪૦ : **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા સેમ્પલ લેવામાં આવ્યા, અને

(૨) સેમ્પલોમાં કેવા પ્રકારની ક્ષતિઓ જોવા મળી?

**જવાબ**

(૧) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક જંતુનાશક દવાઓ અને બિયારણની ગુણવત્તા જાળવવા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ સેમ્પલ લેવામાં આવ્યા.

| જિલ્લો | જં.દવાઓ | બિયારણ | કુલ લીધેલ નમુનાની સંખ્યા |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૬૭ | ૮૦ | ૧૪૭ |
| બનાસકાંઠા | ૩૦ | ૨૦ | ૫૦ |
| કુલ : | ૯૭ | ૧૦૦ | ૧૯૭ |

(૨) સેમ્પલોમાં નીચે મુજબની ક્ષતિઓ જોવા મળી.

| ઈનપુટ | જં.દવાઓ | | બિયારણ | |
|---|---|---|---|---|
| જિલ્લો | સંખ્યા | ક્ષતિ | સંખ્યા | ક્ષતિ |
| સાબરકાંઠા | ૦૯ | સક્રીય તત્વની ઘટ | ૦૪ | ૦૨- આનુવંશિક શુધ્ધતાની ઘટ ૦૨- |

| | | | | ઉગાડવાના ટકાની ઘટ |
|---|---|---|---|---|
| બનાસકાંઠા | ૦૨ | સક્રીય તત્વની ઘટ | -- | -- |
| કુલ : | ૧૧ | | ૦૪ | |

**રાજકોટ જિલ્લામાં ઓદ્યોગિક એકમ તથા વન વિકાસના કામ માટે સરકારી જમીન મેળવવા મળેલ અરજીઓ**

૧૮૭૫૪ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઓદ્યોગિક એકમ તથા વન વિકાસના કામ માટે સરકારી જમીન મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓની માગણી સ્વીકારી અને કેટલી અરજીઓ પડતર છે ?

**જવાબ**

(૧) ઓદ્યોગિક એકમ માટે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળી.

| ક્રમ | તાલુકો | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | રાજકોટ શહેર | ૦ |
| ૨ | રાજકોટ તાલુકો | ૧૨ |
| ક્રમ | તાલુકો | મળેલ અરજી |
| ૩ | જસદણ | ૧૩ |
| ૪ | લોધીકા | ૩ |
| ૫ | કોટડાસાંગાણી | ૭ |
| ૬ | ગોંડલ | ૨ |
| ૭ | જેતપુર | ૦ |
| ૮ | ધોરાજી | ૦ |
| ૯ | ઉપલેટા | ૬ |
| ૧૦ | જામકંડોરણા | ૦ |
| ૧૧ | મોરબી | ૬ |
| ૧૨ | માળીયા | ૦ |
| ૧૩ | ટંકારા | ૬ |
| ૧૪ | પડધરી | ૦ |
| ૧૫ | વાંકાનેર | ૫ |

વન વિકાસના કામે કોઈ અરજી મળેલ નથી.

(૨) કુલ ૩૫-અરજી સ્વિકારવામાં આવી અને ૧૯-અરજીઓ પડતર છે.

--------

**રાજ્યની પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર માટે વપરાતી વીજળીની રકમ પરત આપવા બાબત**

૧૮૦૯૧ **શ્રી ગોવીંદભાઈ પટેલ** (રાજકોટ-૧) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટીકરણ માટે વીજળી વપરાશતા ખર્ચની રકમ શાળાઓ ને આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા. જી

(૨) રાજ્યની પ્રાથમિક શાળાઓમાં થતા તમામ પ્રકારના બિલની પૂરેપૂરી રકમની ચૂકવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે.જેમાં શાળાને વીજળી પૂરી પાડતી વીજ કંપનીઓ દ્વારા શાળાને વિજવપરાશનું બીલ આપવામાં આવતું નથી, પરંતુ રાજ્ય કક્ષાએથી વીજ કંપનીને સીધી ચૂકવણી કરવામાં આવે છે.

--------

**ખેડૂતોના દેવા રાહત યોજના અંગે**

૧૭૪૨૧ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકારની ખેડૂતોના દેવા રાહત યોજના અન્વયે ભરૂચ ડી. કો. બેંક લી. ભરૂચ ધ્વારા રાહતની રકમ ખેડૂત મંડળીઓને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ચૂકવાઈ નથી તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) ના, જી

(૨) જો હા, તો આ રકમ સત્વરે ખેડૂત મંડળીઓને ચૂકવાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નવસારી જિલ્લાના કાર્યરત પશુ દવાખાનાઓ**

૧૭૫૯૩ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા પશુ દવાખાનાઓ કાર્યરત છે, અને

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટ કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કાર્યરત પશુ દવાખાનાઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ.ન. | તાલુકાનું નામ | પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવસારી | ૨ |
| ૨ | જલાલપોર | ૨ |
| ૩ | વાંસદા | ૨ |
| ૪ | ગણદેવી | ૩ |
| ૫ | ચીખલી | ૩ |
| | **કુલ :-** | **૧૨** |

| અ.ન. | સંવર્ગનું નામ | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૬ |
| ૨ | ડ્રેસર વર્ગ-૪ | ૩ |
| ૩ | પટાવાળા / એટેન્ડન્ટ વર્ગ-૪ | ૨ |

**ભાવનગર જિલ્લાના રસ્તાઓની મરામત**

૧૭૭૧૦ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના રાજ્ય હસ્તકના ગારીયાધારથી સણોસરા અને ગારીયાધારથી રૂપાવટીના રસ્તાઓ અતિ વરસાદના કારણે ખુબ જ ખરાબ થયેલ છે તે બાબત સરકારના ધ્યાનમાં આવેલ છે કે નહીં, અને

(૨) જો હા, તો આ બંને રસ્તાઓને કેટલા સમયમાં નવીનીકરણ કરવા માટે આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ચાલુ સાલે વધુ વરસાદમાં રસ્તાઓની સપાટીને નુકશાન થયેલ છે.

(૨) આ બંને રસ્તાઓની નવીનીકરણની કામગીરી મંજૂરી હેઠળ છે.

**પંચમહાલ જિલ્લામાં ચૂકવાયેલ વિધવા સહાય**

૧૮૦૭૦ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા મહિલાઓને સહાય મંજૂર કરી આપવામાં આવી,

(૨) અગાઉ જેમને વિધવા સહાય ચૂકવવામાં આવતી હતી તેવી કેટલી સહાયો સમય પૂરો થયા પહેલા

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૪૫૮ વિધવા મહિલાઓને નીચે મુજબ તાલુકાવાર સહાય મંજૂર કરી આપવામાં આવીઃ-

| અ.નં. | તાલુકાનુ નામ | લાભાર્થીની સંખ્યા. |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | ગોધરા | ૩૧૭ |
| ૨ | કાલોલ | ૧૯૧ |
| ૩ | હાલોલ | ૧૨૩ |
| ૪ | ધોધંબા | ૧૨૨ |
| ૫ | મોરવા (હ) | ૯૨ |
| ૬ | જાંબુઘોડા | ૧૬ |
| ૭ | લુણાવાડા | ૧૮૫ |
| ૮ | શહેરા | ૨૩૮ |
| ૯ | ખાનપુર | ૪૫ |
| ૧૦ | સંતરામપુર | ૬૯ |
| ૧૧ | કડાણા | ૬૦ |
| | **કુલ...** | **૧,૪૫૮** |

(૨) સમય પૂરો થયા પહેલાં કોઇ લાભાર્થીની વિધવા સહાય બંધ કરેલ નથી.

બંધ કરી દેવામાં આવી, અને

(૩) તેના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યને કૃષિ ક્ષેત્રે મળેલ રાષ્ટ્રીય એવોર્ડ**

૧૭૮૪૨ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યને કૃષિ ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાના કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કઈ કઈ સંસ્થાઓ ધ્વારા ક્યા ક્યા એવોર્ડ મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એગ્રીકલ્ચર ટુ ડે (રાષ્ટ્રીય કક્ષાનું અગ્રણી કૃષિ મેગેઝીન) ધ્વારા સ્ટેટ એગ્રીકલ્ચર લીડર શીપ એવોર્ડ-૨૦૦૯ મળેલ છે.

--------

**આણંદ જિલ્લામાં ફડચામાં ગયેલ સેવા સહકારી મંડળીઓ**

૧૮૯૫૧ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સેવા સહકારી મંડળીઓ ફડચામાં ગઈ,

(૨) આવી મંડળીઓ ફડચામાં જવાના કારણો શાં હતા, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) ૯ (નવ).

(૨) ફડચામાં જવાનાં કારણો.

(૧) મંડળી ઉદ્દેશ મુજબની કામગીરી કરતી ન હોવાથી,

(૨) બેંક્ની મુદત વીતી બાકી હોવા છતાં વસૂલાત અંગે પગલાં લીધેલ ન હોવાથી,

(૩) ઓડીટરના ઓડીટ અહેવાલમાં સૂચવ્યા અનુસારના કારણોસર,

(૪) મંડળીમાં એક્ત્રીત ખોટનું પ્રમાણ વધારે હોવાને કારણે તથા,

(૫) મંડળીના વ્યવસ્થાપક સભ્યો તેમજ મંડળીના સભાસદોને મંડળી ચલાવવામાં રસ ન હોવાથી.

(૩) મંડળી ઉદ્દેશ મુજબની કામગીરી ન કરતી હોવાથી, બેંક્ની મુદતવીતી બાકી હોવા છતાં મંડળી દ્વારા વસૂલાત અંગે પગલાં લીધેલ ન હોવાથી, ઉત્તરોત્તર મંડળીની ખોટમાં વધારો થવાના કારણોસર હોદ્દેદારોને દૂર કરી મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ હોવાથી અને ફડચો એ અંતિમ શિક્ષાત્મક પગલું હોવાથી વિશેષ પગલાં અપેક્ષીત નથી.

**તાપી જિલ્લાના રસ્તાઓની મરામત**

૧૭૫૪૩ : **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા ગામોના રસ્તાઓના મરામતની કામગીરી બાકી છે,

(૨) આવા રસ્તાઓની મરામત કામગીરી સત્વરે હાથ ધરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૩) કેટલા સમયમાં આ માર્ગોનું મરામત હાથ ધરાશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર મરામત જરૂરી હોય તેવા તમામ ગામોના રસ્તાઓની મરામત કરવામાં આવેલ છે. રસ્તા મરામતની કામગીરી સતત ચાલતી પ્રક્રિયા છે. સમયાંતરે જરૂરીયાત મુજબ રસ્તાઓની મરામતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

**ખેડૂતોને જમીનના ૭/૧૨ના ઉતારાની નકલો આપવાની વ્યવસ્થા બાબત**

૧૮૯૭૭ ૧૮૯૭૭ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂતોને પોતાની માલીકીની જમીનના ૭/૧૨ની નક્લ મેળવવા માટે મામલતદાર ક્ચેરીએ જવું પડે છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ નક્લો ગ્રામ પંચાયતની ક્ચેરીએથી તલાટી-મંત્રી મારફ્તે મળે તેવી વ્યવસ્થા સરકાર કરવા માંગે છે કે કેમ ? | (૨) R.O.R.@village project અંતગર્ત ૭/૧૨ની નક્લ ગ્રામ પંચાયતની ક્ચેરીએથી મળી રહે તેવી વ્યવસ્થા છે. |

**ક્ચ્છ જિલ્લામાં માતા યશોદા ગોરવનિધિ વીમા યોજના હેઠળ ચૂક્વાયેલ વીમાની રકમ**

૧૮૦૭૭ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્ચ્છ જિલ્લામાં માતા યશોદા ગોરવનિધિ વીમા યોજના હેઠળ કુલ કેટલી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને આવરી લીધેલ છે, અને | (૧) આંગણવાડી કાર્યકર - ૧૪૪૭<br>આંગણવાડી તેડાગર - ૧૩૨૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે હેઠળ વીમાની કોઈ ચૂક્વણી બાકી છે કે કેમ ? | (૨) હા, જી. |

--------

**ઝાલોદ તાલુકાના તૂટી ગયેલ નાળાઓ બાબત**

૧૮૯૯૯ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : શ્રી બચુભાઈ કિશોરી** (લીમડી) **: માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી-કરંબા, સંજેલી ડામર રોડનાં કેટલાક નાળાં બેસી ગયેલ છે અને રોડના કેટલાક ભાગોમાં રોડ તૂટી ગયેલ છે એ હકીક્ત સાચી છે, અને<br>(૨) જો હા, તો આ બેસી ગયેલ નાળા તથા તૂટી ગયેલ રોડની સુધારણા માટે સરકારનું શું આયોજન છે? | (૧) અને (૨)<br>સને ૨૦૧૦ના ચોમાસા દરમ્યાન ભારે વરસાદમાં રોડની સપાટીને અમુક ભાગમાં સામાન્ય નુક્સાન થયેલ હતું. જેની મરામત કરી દેવામાં આવેલ છે. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં રેવન્યુ જમીન ઉપરના દબાણો દૂર કરવા બાબત**

૧૭૭૩૨ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રેવન્યુની જમીનમાં થયેલા કેટલા દબાણો દૂર કરવામાં આવ્યા, | (૧) કુલ ૧,૨૧૮ દબાણો દૂર કરવામાં આવ્યા. |
| (૨) આવા દબાણો જિલ્લાના ક્યા ક્યા તાલુકામાંથી દૂર કરવામાં આવેલ, | (૨) તાલુકાવાર દબાણો દૂર કરાવ્યાની વિગત નીચે મુજબ છે :- |

| અ.નં. | તાલુકાનું નામ | દૂર કરાવેલ દબાણોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૭૩ |
| ૨ | વડગામ | ૦૧ |
| ૩ | દાંતા | ૦૩ |
| ૪ | દાંતીવાડા | ૦૦ |

| | | |
|---|---|---|
| ૫ | અમીરગઢ | ૦૦ |
| ૬ | ડીસા | ૬૧ |
| ૭ | ધાનેરા | ૩૦ |
| ૮ | કાંકરેજ | ૪૬ |
| ૯ | થરાદ | ૮૨ |
| ૧૦ | વાવ | ૧૦૮ |
| ૧૧ | દિયોદર | ૦૦ |
| ૧૨ | ભાભર | ૭૧૪ |
| | કુલ :- | **૧,૨૧૮** |

(૩) દબાણો દૂર કર્યા પછી ઉક્ત સ્થિતિએ આવી જમીનો કઈ સ્થિતિએ છે, અને

(૩) દબાણો દૂર કર્યા પછી હાલે જમીન સ્થળે ખુલ્લી છે. ભાભર તાલુકામાં કુલ ૭૧૪ દૂર કરાવેલ દબાણો પૈકી ૪૧ કિસ્સામાં ૧,૦૦૦ ચો.મી. જમીનમાં પુનઃ દબાણો થયેલ છે. કોર્ટ કેસ ચાલુ છે.

(૪) દબાણો દૂર કર્યા પછીની જે જમીનો ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લી થયેલ છે તે જમીનનો ઉપયોગ શું હેતુ માટે થશે ?

(૪) સરકારશ્રીની નીતિ મુજબ ઉપયોગ કરવાનો રહે છે.

--------

**રાજ્યની નિરાધાર વિધવા બહેનોને મળતા પેન્શનમાં વધારો કરવા બાબત**

**૧૮૮૭૯ : શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નિરાધાર વિધવા બહેનોને સરકાર ધ્વારા આર્થિક સહાય આપતા ધોરણોમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં કોઈ વધારો થયો નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) વધતી જતી મોંઘવારી અને જીવન નિર્વાહ માટેના વધતા ખર્ચને પહોંચી વળવા હાલ અપાતી રકમમાં ક્યારે ક્યારે વધારો કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) હા જી,

(૨) સરકારશ્રીના તારીખ ૨૬-૬-૧૯૭૯ના ઠરાવ મુજબ આ યોજના તા. ૧-૮-૧૯૮૦ થી અમલમાં આવી હતી, તે વખતે નિરાધાર વિધવા સહાયની રકમ રૂા. ૩૦/- તથા બે બાળકોની મર્યાદામાં બાળક દીઠ રૂા. ૨૫/-ની સહાય નક્કી થયેલ હતી.

ત્યાર બાદ ઉક્ત સહાયના દરોમાં વખતો વખત, નીચે દર્શાવેલ તારીખથી સહાયમાં વધારો કરી, સહાયની રકમ નક્કી કરવામાં આવેલ છે.

| અ.નં. | તારીખ | નિરાધાર વિધવાને આર્થિક સહાય, (માસિક રકમ રૂા.) | આધારિત બે બાળકની મર્યાદામાં બાળક દીઠ સહાય (માસિક રકમ રૂા.) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | તા.૧/૪/૧૯૮૭ | ૬૦/- | ૫૦/- |
| ૨ | તા.૧/૮/૧૯૮૯૦ | ૧૦૦/- | ૮૦/- |
| ૩ | તા.૧/૭/૧૯૯૫ | ૨૦૦/- | ૮૦/- |
| ૪ | તા.૧/૭/૧૯૯૭ | ૪૦૦/- | ૮૦/- |
| ૫ | તા.૧/૧૧/૧૯૯૭ | ૫૦૦/- | ૮૦/- |

--------

**અમરેલી જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ બાકી કેસો**

**૧૭૯૦૫ : શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળ કેટલા કેસોનો નિકાલ કરવાનો બાકી છે,

**જવાબ**

(૧) લેન્ડ રેવન્યુ નિયમ-૧૦૮(૬) હેઠળના ૯૯ કેસોનો નિકાલ બાકી છે.

(૨) એક વર્ષથી ઉપરના કેટલા કેસો છે,

(૩) ૬ થી ૧૨ માસ સુધીના કેટલા કેસો છે,

(૪) ૩ થી ૬ માસના કેટલા કેસો છે અને ૩ માસથી નીચેના કેટલા કેસો છે, અને

(૫) આ કેસોનો નિકાલ ક્યારે થશે ?

(૨) ૨૭

(૩) ૪૫

(૪) ૩ થી ૬ માસનાં - ૧૬
૩ માસ થી નીચેના - ૧૧

(૫) કેસોનાં નિકાલમાં અર્ધન્યાયીક પ્રક્રિયા અનુસરવાની હોવાથી ચોક્કસ સમય મર્યાદામાં આપવી શક્ય નથી.

--------

## જુનાગઢ જિલ્લાની સહકારી મંડળીમાં કેડર ગૃપ પધ્ધતિ અંગે

૧૭૭૪૪ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં આવેલ કોડીનાર કો. ઓપરેટીવ બેકીંગ યુનિયન લી. કોડીનારમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેડર ગૃપ પધ્ધતિ ચાલુ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત કેડર ગૃપ પધ્ધતિ નાબુદ કરવા નાબાર્ડનું માર્ગદર્શન માંગવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો નાબાર્ડના માર્ગદર્શન બાદ કેડર ગૃપ પધ્ધતિ નાબુદ કરવા સરકારશ્રીએ શી કાર્યવાહી કરી અને તેની વિગતો શું છે, અને

(૪) કેટલા સમયમાં કેડર ગૃપ પધ્ધતિ નાબુદ થઈ જશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) કોડીનાર કો.બેંકીંગ યુનિયન લી. કોડીનાર ધ્વારા તા. ૨૫-૦૬-૨૦૧૦ના પત્રથી નાબાર્ડ ધ્વારા માંગ્યા મુજબની માહિતી પુરી પાડેલ છે. આ ઉપરાંત નાબર્ડને ગૃપ મંત્રીની સંખ્યામાં તબક્કાવાર ઘટાડો કરવા રજુઆત કરેલ છે, જે અંગે નાબાર્ડ તરફથી આખરી જવાબ પ્રાપ્ત થયેથી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪) નાબાર્ડ તરફથી આખરી જવાબ પ્રાપ્ત થયેથી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## પાટણ જિલ્લાના માર્ગોની મરામત

૧૭૪૪૫ : **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા માર્ગોની મરામત કામગીરી કરવામાં આવી,

(૨) કેટલા માર્ગોની મરામત કામગીરી હાથ ધરવાની બાકી છે, અને

(૩) તે કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ માર્ગોની મરામત કામગીરી કરવામાં આવી.

| ક્રમ | તાલુકો | મરામત કરેલ રસ્તાની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | રાજ્ય | પંચાયત | |
| ૧ | ચાણસ્મા | ૫ | ૭ | ૧૨ |
| ૨ | પાટણ | ૫૦ | ૧૧ | ૬૧ |
| ૩ | રાધનપુર | ૧૭ | ૧૨ | ૨૯ |
| ૪ | સમી | ૧૯ | ૧૭ | ૩૬ |
| ૫ | સાંતલપુર | ૯ | ૧૩ | ૨૨ |
| ૬ | સિધ્ધપુર | ૩૩ | ૧૧ | ૪૪ |
| ૭ | હારીજ | ૧૦ | ૨ | ૧૨ |

(૨) અને (૩) :

જરૂરીયાત પ્રમાણે સમયાંતરે જિલ્લાના તમામ માર્ગોની મરામત કામગીરી કરીને રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

--------

## જામનગર જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ આપવા બાબત

૧૮૭૮૫ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટેની યોજના ક્યારે અમલમાં આવી, અને

(૨) આ યોજના હેઠળ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે તેમાં નિયમ પ્રમાણે દર ત્રણ વરસે જમીનનું પૃથ્થકરણ કરી આપવાની જાહેરાત બાબતે જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ખેડૂતોની કેટલી જમીનનું પૃથ્થકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) રાજ્યમાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા માટેની યોજના વર્ષ ૨૦૦૩-૦૪માં અમલમાં આવી.

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧,૮૩,૫૦૯ ખેડૂતોની જમીનનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

--------

## જામનગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

૧૮૦૬૭ : **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને ?

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૧૪૭૨ અરજીઓ,

(૨) ૭૫૮ અરજીઓ,

(૩) ૬૬૬ અરજીઓ.

(૪) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નિયત ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | વાર્ષિક આવક વધારે હોવાથી |
| ૩ | પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી |
| ૪ | નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઈ |
| ૫ | અન્ય કારણોસર |

--------

## ખેડા કલેક્ટર કચેરીનું મંજૂર થયેલ મહેકમ

૧૮૪૫૮ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લા કલેક્ટર કચેરીમાં સંવર્ગવાર મંજૂર જગ્યાઓ સામે ક્યા સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) સંવર્ગવાર માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| અધિક કલેક્ટર (સંકલન) | ૧ | - |
| નાયબ કલેક્ટર | ૪ | ૨ |
| મામલતદાર | ૬ | ૨ |
| નાયબ મામલતદાર | ૩૫ | ૨ |
| ક્લાર્ક | ૨૫ | ૩ |
| ટાઈપીસ્ટ | ૧૦ | ૨ |
| ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૨ | ૨ |
| ડ્રાયવર | ૧ | - |
| પટાવાળા | ૧૮ | - |
| પ્યુન કમ ડ્રાયવર | ૫ | - |

**પ્રશ્ન**

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા સરકાર તાત્કાલીક શું પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૨) નાયબ કલેક્ટરની ખાલી જગ્યાઓ અધિકારીઓની ઉપલબ્ધી થયેથી. મામલતદાર અને નાયબ મામલતદારની ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ થયેથી અને ક્લાર્ક, ટાઈપીસ્ટ અને ક્લાર્ક કમ ટાઈપીસ્ટની ખાલી જગ્યાઓ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની ભલામણ થયેથી ભરવામાં આવશે.

--------

**અમદાવાદના વિશાલા સર્કલ સરખેજ રોડ પર ઉઘરાવાતો ટોલટેક્ષ**

૧૭૬૪૪ **: શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદના વિશાલા સર્કલ સરખેજ રોડ ખાતેના ટોલટેક્ષ મુદત પુરી થઈ ગઈ છે તે વાત સાચી છે, અને<br>(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કોના આદેશથી ટોલટેક્ષ ઉઘરાવવામાં આવે છે ? | (૧) અને (૨) :<br>અમદાવાદના વિશાલા સર્કલ સરખેજ રોડ ખાતે ભારત સરકારશ્રીના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના નેશનલ હાઈવે નિયમો વર્ષ ૧૯૯૭ અન્વયે ટોલટેક્ષ ઉઘરાવવામાં આવે છે. જે સતત અને અવિરત રીતે ઉઘરાવવાનો રહે છે. જેથી મુદત પૂર્ણ થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ખાનગી શાળાઓની ફી નક્કી કરતો ઠરાવ**

૧૭૩૭૪ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર )** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓની ફી નક્કી કરતો ઠરાવ સરકારે છેલ્લે ક્યારે કર્યો છે, અને | (૧) આ બાબતનો ઠરાવ સરકારે તા. ૨૮-૮-૯૮ ના ઠરાવ ક્રમાંક-ઉમશ-૧૨૯૫-ઈએમઆર-૬૩-ગ.૧ કરેલ છે. |
| (૨) આ ઠરાવ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમલમાં છે કે કેમ ? | (૨) આ ઠરાવ તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ અમલમાં છે. |

**શિક્ષક ભરતી બોર્ડની રચના**

૧૭૩૬૯ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે શિક્ષકોની ભરતી કરવા માટે બોર્ડની રચના કરવાની જાહેરાત ક્યારે કરી, અને | (૧) તા. ૧૧-૨-૨૦૧૧ના જાહેરનામાથી ગ્રાન્ટેડ શાળાના હેડમાસ્તર અને શિક્ષકોની ભરતી અંગેના નિયમો બહાર પાડવામાં આવ્યા છે. |
| (૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આ બોર્ડની કાર્યવાહી ક્યા તબક્કે પહોંચેલ છે ? | (૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ દરખાસ્ત સરકારમાં વિચારણા હેઠળ હતી. |

--------

**અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

૧૮૦૬૨ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી છે ? | (૧) ૩૮૬૩ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, | (૨) ૩૨૨૭ અરજીઓ |
| (૩) કેટલી અરજીઓ મંજૂર કરવાની બાકી છે, અને | (૩) ૫ડતર રહેલ ૩૦ અરજીઓની ચકાસણી કરી તે પૈકી નિયમાનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ મંજૂર કરવાની બાકી રહે છે. |

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૪) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નિયત ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | વાર્ષિક આવક વધારે હોવાથી |
| ૩ | પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી |
| ૪ | નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઈ. |
| ૫ | અવસાન થવાથી. |
| ૬ | અન્ય કારણોસર જેવા કે, પુરાવાના અભાવે ડુપ્લીકેશન થવાથી વિગેરે. |

--------

## સુરત અને તાપી જિલ્લાના કાચા અને પાકા રસ્તાઓની કામગીરી

**૧૮૭૭૩ : શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ કાચા છે અને કેટલા રસ્તાને ડામર સપાટી કરવાની બાકી છે,

(૨) આ રસ્તાઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) જે ગામોમાં કાચા રસ્તાઓ છે તેને પાકા રસ્તાઓની સુવિધા સરકાર કેટલા સમયમાં આપવા માંગે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

તમામ મહેસુલી ગામો જોડતા રસ્તા પાકા છે. તા.૩૧-૧-૨૦૧૧થી સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાના એક ગામથી બીજા ગામને જોડતા આંતરીક રસ્તાઓની વિગત નીચે પ્રમાણે છે.

| જિલ્લો | તાલુકો | કાચી સપાટીવાળા રસ્તાઓની સંખ્યા | મેટલ સપાટીવાળા રસ્તાઓની સંખ્યા |
|---|---|---|---|
| સુરત | ચોર્યાસી | ૦ | ૨ |
| | પલસાણા | ૧ | ૨ |
| | બારડોલી | ૧ | ૨ |
| | મહુવા | ૦ | ૫ |
| | ઓલપાડ | ૧ | ૧ |
| | કામરેજ | ૧ | ૩ |
| | માંગરોલ | ૧ | ૪ |
| | ઉમરપાડા | ૧ | ૩ |
| | માંડવી | ૨ | ૩ |
| | કુલ : | ૮ | ૨૫ |
| તાપી | વાલોડ | ૦ | ૧ |
| | વ્યારા | ૦ | ૬ |
| | સોનગઢ | ૦ | ૧૫ |
| | ઉચ્છલ | ૦ | ૪ |
| | નિઝર | ૦ | ૩ |
| | કુલ : | ૦ | ૨૯ |

આ રસ્તાઓ સ્થાનિક કક્ષાએથી જુદી જુદી યોજનામાં થયેલ હોઈ, તમામ મહેસુલી ગામો પાકા રસ્તાથી જોડાયેલ હોઈ, પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવાનું જરૂરી હોઈ, હાલ આયોજન નથી.

--------

## ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ઈ-ધરા હેઠળ ખેડૂતોને ૭-૧૨ અને ૮-અની નકલો આપવાની સુવિધા

**૧૮૭૭૯ : શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં ક્યાં-ક્યા ગામે પંચાયત મથક ઉપર તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ ખેડૂતોને ૭-૧૨ અને ૮-અ ની કોમ્પ્યુટરાઈઝ્ડ નકલો મળવાની સુવિધા શરૂ છે,

**જવાબ**

(૧) પત્રક ૧ મુજબ

(૨) ઉપરોક્ત સ્થિતિએ ક્યા-ક્યા ગામોના ખેડૂતોને ૭-૧૨ અને ૮-અ ની કોમ્પ્યુટરાઈઝ્ડ નકલો ગ્રામ પંચાયત ખાતે મળવાની સુવિધા શરૂ કરી નથી, અને | (૨) પત્રક ૨ મુજબ

(૩) તે ક્યાં સુધીમાં શરૂ કરવાનું આયોજન છે ? | (૩) સત્વરે

**પત્રક-૧**

તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ ખેડૂતોને પંચાયત મથક ઉપરથી ૭/૧૨ની અને ૮/અની કોમ્પ્યુટરાઈઝ નકલો મળવાની સુવિધા શરુહોય તેવા મહુવા તાલુકાનાં કુલ - ૧૭ ગામોની યાદી

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૧ | અખેગઢ |
| ૨ | બગદાણા |
| ૩ | ભાણવડીયા |
| ૪ | બોરડી |
| ૫ | ગળથર |
| ૬ | જેસર |
| ૭ | હરલા |
| ૮ | ખડસલીયા |
| ૯ | ખારી |
| ૧૦ | કોજળી |
| ૧૧ | લોયંગા |
| ૧૨ | માળવાવ |
| ૧૩ | મોણપર |
| ૧૪ | મોટા ખુંટવડા |
| ૧૫ | રાતોલ |
| ૧૬ | તાતણીયા |
| ૧૭ | મહુવા |

**પત્રક-૨**

**તા. ૩૦-૧૧-૨૦૧૦ની સ્થિતિએ ખેડૂતોને પંચાયત મથક ઉપરથી ૭/૧૨ની અને ૮/અની કોમ્પ્યુટરાઈઝ નકલો મળવાની સુવિધા**

**શરુનથી તેવા મહુવા તાલુકાનાં કુલ - ૧૧૮ ગામોની યાદી**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમૃતવેલ | ૩૧ | ડુંગરપર | ૬૧ | લીલવણ | ૯૧ | રાણપરડા |
| ૨ | આંગણકા | ૩૨ | ગઢડા | ૬૨ | લોંગડી | ૯૨ | રતનપર |
| ૩ | ભાણવડ | ૩૩ | ગોરસ | ૬૩ | લુસડી | ૯૩ | સેદીયા |
| ૪ | બાંભણીયા | ૩૪ | ગુંજરડા | ૬૪ | માઢીયા | ૯૪ | રૂપાવટી |
| ૫ | બેડા | ૩૫ | ગુંદરણા | ૬૫ | માળીયા | ૯૫ | સાલોલી |
| ૬ | બેલમપર | ૩૬ | ગુંદરણી | ૬૬ | માતલપર | ૯૬ | સાંગણીયા |
| ૭ | ભાદરા | ૩૭ | હરીપરા | ૬૭ | મોદા | ૯૭ | સરેરા |
| ૮ | ભાદ્રોડ | ૩૮ | ઈટીયા | ૬૮ | મોદાળીયા | ૯૮ | સથરા |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૯ | ભાણાવાવ | ૩૯ | જાંબુડા | ૬૯ | મોટા આસરાણા | ૯૯ | સેંદરડા |
| ૧૦ | ભાટકડા | ૪૦ | કાળેલા | ૭૦ | મોટા જાદરા | ૧૦૦ | શાંતીનગર |
| ૧૧ | બીલા | ૪૧ | કળમોદર | ૭૧ | મોટા માલપરા | ૧૦૧ | શેત્રાંણા |
| ૧૨ | બીલડી | ૪૨ | કળસાર | ૭૨ | મોટા પીપળવા | ૧૦૨ | તલગાજરડા |
| ૧૩ | બોડા | ૪૩ | કાકીડી | ૭૩ | મોટી જાગધાર | ૧૦૩ | તરેડ |
| ૧૪ | બોરલા | ૪૪ | ક્રણકોટ | ૭૪ | મોટી સોડવદરી | ૧૦૪ | તરેડી |
| ૧૫ | ચારદીકા | ૪૫ | કંટાસર | ૭૫ | મોટી વડાળ | ૧૦૫ | તાવેડા |
| ૧૬ | છાપરી | ૪૬ | કંરજાળા | ૭૬ | નેઈપ | ૧૦૬ | થોરાળા |
| ૧૭ | છાપરીયાળી | ૪૭ | કરલા | ૭૭ | નાના આસરાણા | ૧૦૭ | ટીટોડીયા |
| ૧૮ | ચોક્વા | ૪૮ | ક્રમદીયા | ૭૮ | નાના જાદરા | ૧૦૮ | ટોલસલડી/ચોટીલી |
| ૧૯ | ચુણા | ૪૯ | ક્સાણ | ૭૯ | નાના ખુંટવડા | ૧૦૯ | ઉગલવાણ |
| ૨૦ | સમઢીયાળા નં.૩ | ૫૦ | કાટકડા | ૮૦ | નાના માલપરા | ૧૧૦ | ઉમણીયાવદર |
| ૨૧ | દયાળ | ૫૧ | ક્તપર | ૮૧ | નાના પીપળવા | ૧૧૧ | ઉંચા કોટડા |
| ૨૨ | દેગવડા | ૫૨ | ખરેડ | ૮૨ | નાની જાગધાર | ૧૧૨ | વડલી |
| ૨૩ | દેવળીયા | ૫૩ | ખાટસુરા | ૮૩ | નાની સોડવદરી | ૧૧૩ | વાઘનગર |
| ૨૪ | ધરાઈ | ૫૪ | કીંક્રીયા | ૮૪ | નેસવડ | ૧૧૪ | વાલાવાવ |
| ૨૫ | ડોળીયા | ૫૫ | કોબાડીયા | ૮૫ | નીચા કોટડા | ૧૧૫ | વાંગર |
| ૨૬ | દુદાણા | ૫૬ | કોટામોઈ | ૮૬ | નીકોલ | ૧૧૬ | વાવડી |
| ૨૭ | દુધાળા નં. ૧ | ૫૭ | કોટીયા | ૮૭ | ઓથા | ૧૧૭ | વીસાવદર |
| ૨૮ | દુધાળા નં. ૨ | ૫૮ | કુભણ | ૮૮ | પઢીયારકા | ૧૧૮ | વાઘવદરડા |
| ૨૯ | દુધેરી | ૫૯ | કુંભારીયા | ૮૯ | રાજાવદર | | |
| ૩૦ | ડુંડાસ | ૬૦ | લખુપરા | ૯૦ | રાણીવાડા | | |

--------

**વડોદરા જિલ્લાની ગ્રામ્ય દૂધ મંડળીઓને જમીન ફાળવવા બાબત**

૧૮૯૨૩ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાની ગ્રામ્ય દૂધ મંડળીઓને જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસૂલ વિભાગને મળી, | (૧) ૨ (બે) |
| (૨) તે પૈકી કેટલી મંડળીઓને જમીન ફાળવવામાં આવી અને કેટલી મંડળીઓને બાકી છે ? | (૨) બંને મંડળીઓને જમીન ફાળવવામાં આવી છે, કોઈ મંડળીને જમીન ફાળવવાની બાકી નથી. |
| (૩) બાકી છે તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી મંડળીઓને ક્યાં સુધીમાં જમીન ફાળવી આપવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અસંસદીય શબ્દો અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (સંસદીય બાબતોના મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. આજની પ્રશ્નોત્તરી દરમ્યાન જયારે પ્રશ્ન ક્રમાંક ૧ ના સંદર્ભમાં માનનીય સભ્યશ્રી પૂરક પ્રશ્ન પૂછી રહ્યા હતા ત્યારે એ પૂરક પ્રશ્ન દરમ્યાન તેમણે જે શબ્દનો ઉલ્લેખ કર્યો એ આ સન્માનનીય સભાગૃહને છાજે નહીં, એનો ઉપયોગ ના કરી શકાય એ પ્રમાણેના શબ્દનો તેમણે ઉલ્લેખ તેમણે કર્યો છે. (અંતરાય) આપ પણ આ સભાગૃહમાં જ હાજર હતા. (અંતરાય) માનનીય શકિતસિંહજી, હું મારી રીતે નહીં, પરંતુ જે નિયમો છે એ પ્રમાણે કહું છું. હું પહેલાં નિયમની વાત કરવા માગું છું કે નિયમ ૩૬(૧) પ્રમાણે વાત કરવા માગું છું. તેમણે *(xxx)શબ્દનો ઉલ્લેખ કર્યો હતો. જયારે પણ આ સભાગૃહમાં કોઈપણ શબ્દ આપણે વાપરતા હોઈએ તો એ શબ્દ આ સભાગૃહને છાજે તેવો શબ્દ હોવો જોઈએ. ગઈકાલના પણ પ્રવચનમાં (અંતરાય) આપ ગઈકાલના વન વિભાગનો અને મહેસૂલ વિભાગનો પ્રશ્ન કલબ કરીને કઈ રીતે ઉલ્લેખ આપ કરી શકો? જો આપ ઉલ્લેખ કરી શકતા હો તો હું કેમ ના કરી શકું? ગઈકાલનો ઉલ્લેખ આપે પણ કર્યો અને મહેસૂલ વિભાગ અને પર્યાવરણ વિભાગ એ બન્ને જો આપ કલબ કરી શકતા હો તો ગઈકાલની વાત હું શા માટે ના કરી શકું? ગઈકાલે વન વિભાગનો આપે ઉલ્લેખ કરેલ જ છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી હું એ કહેવા માગું છું કે હું આજની જ વાત કરવા માગું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આજનો આપનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો પ્રશ્ન હોય એની જ આપ વાત કરો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાનસભાના નિયમોના નિયમ ૩૬(૧) પ્રમાણે ચર્ચામાં વાપરવામાં આવેલા કોઈ પણ શબ્દ બદનક્ષીભરેલા, અશિસ્ત, અસદીય અને અણછાજતા છે એવું માનનીય અધ્યક્ષશ્રીને લાગે તો એવા શબ્દ કાર્યવાહીમાંથી કાઢી નાંખવાનો આદેશ આપી શકે છે. હું આપનું ધ્યાન એટલા માટે દોરું છું કે સમગ્ર ચર્ચા દરમ્યાન કયારેક કોઈ વક્રોકિત કે કયારેક જુદી જુદી વાર્તાઓ સાથે સુસંગત બનાવીને કયારેક અસંસદીય શબ્દો વાપરીને આ સભાગૃહની અંદર થતી ચર્ચાનું સ્તર એ લોકોની નજર સુધી પહોંચતું હોય છે ત્યારે આપણે આ સભાગૃહના સન્માનનીય સભ્યો એટલીસ્ટ એવો તો પ્રયત્ન કરીએ. (અંતરાય) માનનીય શકિતસિંહજી, મારું પૂરું થયા પછી આપશ્રી કહેજો. મારું પૂરું થયું નથી, હું કહી શકું છું. આ માત્ર (xxx)શબ્દની સાથે સાથે હું આપના દ્વારા આ સન્માનનીય સભાગૃહને એવું માર્ગદર્શન મળે કે જેથી આ પ્રમાણેના શબ્દો કે આ પ્રમાણેની વાતનો આ સભાગૃહમાં ઉલ્લેખ ન થાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગોની યાદી ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીની મોજુદ છે. આપ રેકર્ડના શબ્દો જોશો તો માનનીય સભ્યશ્રિએ કોઈને તમે (xxx) તાડપત્રીમાં એમ કહયું નથી. કે (xxx) કરવા માટે થઈને તાડપત્રી કીટમાંથી કાઢીને તાડપત્રીના બદલે બિયારણ, કારણ કે તાડપત્રીમાં (xxx) થયો છે એવો એમનો કોઈ આક્ષેપ નથી. એમણે એમ કહ્યું છે કે આવી ખેડૂતોમાં વાત ચર્ચાય છે કે આજસુધી કિસાન કીટમાં તાડપત્રી અપાતી હતી અને આ વખતે તાડપત્રીવળા પાસેથી (xxx) ના થાય અને એટલા માટે તાડપત્રી મળી નથી એવું તો નથી ને? આમ કોઈની સામે વક્ર વાત, બીજી વાત નથી, બહાર ઘણીબધી ચર્ચાઓ થાય છે,એમણે બીજી કોઈ વાત કરી નથી. મારી પાસે આ અસંસદીય શબ્દોની યાદી છે તેમછતાં આપ અધ્યક્ષશ્રી છો અને આપશ્રીને લાગતું હોય કે (xxx) પણ તમને નડે છે તો માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને તો ખબર નથી પડતી કે આ (xxx)એ દુખતી રગ છે આપણી?

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીભાઈ, આપ બેસો, આ ગૃહની ઉચ્ચ પ્રણાલિકા જાળવવી એ તમામ સભ્યોની ફરજ છે. કોઈ અસંસદીય શબ્દ ન વપરાય તે બન્ને પક્ષે ધ્યાન રાખવાનું હોય છે. આ (xxx) શબ્દ અસંસદીય હોવાથી હું તેને રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે શ્રી રજનીકાંતભાઈ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને શ્રીમતી વિભાવરીબેન દવેએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણીમ ગુજરાતમાં આ બજેટ સત્રમાં સ્વર્ણીમ જયંતિ ગુજરાત રાજય ઉજવી રહ્યું છે અને આ ગુહમાં આ સત્રમાં મારું પ્રથમ પ્રવચન આપતા હું આનંદ અનુભવું છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ ચકાસી લેજો, પહેલા માનનીય સભ્યશ્રી દેવુંસિંહ બોલતા હતા, જુનિયર મેમ્બર છે એટલે હું કંઈ નહોતો બોલ્યો, માનનીય અધ્યક્ષશ્રીની જયારે નિયુકિત થાય છે ત્યારે એમના વિષે પ્રસંશાના પુષ્પોથી માંડી અને એમના બાયોડેટાથી માંડીને બધી જ વાત થાય છે તે પછી માનનીય રાજયપાલશ્રી કે માનનીય અધ્યક્ષશ્રી, એમની બાબતમાં કયા સમાજમાંથી આવો છો, આપની ઉમર શું છે, અને બીજું શું છે તે બાબતોનો આપણે અહીંયા ઉલ્લેખ કરવાની બિલકૂલ પરંપરા નથી, માનનીય મંત્રીશ્રી બોલે છે, સભ્યશ્રી હતા ત્યાં સુધી મને એમ લાગ્યું કે માનનીય દેવુસિંહભાઈ પર્સનલી મળશે ત્યારે વાત કરીશ કે આપ યુવા ટાઈટલ આગળ ન વાપરો, માનનીય વિભાવરીબેન બોલ્યા પણ જુનીયર સભ્ય છે એટલે સમજી શકાય, પણ માનનીય મંત્રીશ્રી આ રીતે શરુઆત કરશે, તો આપણી જે પ્રસ્થાપિત પ્રણાલિકાઓ છે તેના માટે બરાબર નથી અને માનનીય મંત્રીશ્રી રાજયપાલશ્રીના પ્રવચન પર બોલે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી ની આગળ પાછળના જે અવતરણો છે તેમાં નહીં પડે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીઓને અને માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે હવે પછી આવા શબ્દોનો પ્રયોગ ન થાય.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અમારો આનંદ છે, આનંદને અમે અહીં નહીં તો બહાર પણ વ્યકત કરવાના છીએ, અમે તેને ચોકકસ ગૌરવ માનીએ છીએ, અમને આનંદ છે અમને ગૌરવ છે અને અમે તે વ્યકત કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : હવે સીધા સંબોધન પર આવો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી રજનીભાઈ પટેલે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને માનનીય સભ્ય શ્રીમતી વિભાવરી બેનનું સમર્થન મળ્યું છે તેને હું પણ મારું સમર્થન આપું છું. અત્યારે વર્લ્ડ કપની મેચો ચાલી રહી છે આખા દેશમાં ક્રીકેટનો માહોલ જામ્યો છે આપણા એશિયા ખંડમાં અને દુનિયાના જે જે દેશોમાં ક્રિકેટ રમાય છે ત્યાં ક્રિકેટ માટે ઉત્સાહ અને આનંદ છે. અત્યારે વર્લ્ડકપની મૅચોમાં ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જામે છે અને વિકેટ લેવાની હોડ જામે છે એવા વાતાવરણની અંદર એક ક્રિકેટ એટલે ખેલદિલીની રમત એવા મહોત્સવના વાતાવરણની અંદર ગુજરાતમાં પણ ભારતીય જનતા પક્ષના માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી આ સરકારે છેલ્લા દસ વર્ષથી ગુજરાતના વિકાસની જે ચોગ્ગા છગ્ગારૂપી યોજનાઓ ફટકારીને રનોનો વરસાદ કર્યો છે. જે રનોની રમઝટ બોલાવી છે એ પણ આખું ગુજરાત એને જાણે છે અને ગુજરાતનો વિકાસ ગુજરાતની પ્રગતિ એ આપણે જોઈ રહ્યા છીએ. જે રીતે ક્રિકેટના મેદાનમાં ખેલાડી સચિન તેડુંલકર હોય, મહેન્દ્રસિંહ ધોની, સહેવાગ હોય કે યુવરાજસિંહ જેવા હોય એ ક્રિકેટના મેદાનમાં ચારેબાજુ ફટકાબાજી કરીને રન લે અને એ રીતે સદી કરે એ પ્રમાણે અમારી સરકારે પણ ગુજરાતના તમામ વિસ્તારોની અંદર યોજનાઓનો વરસાદ વરસાવ્યો છે, આજે ગુજરાતના એકે એક જિલ્લાનો એકે એક તાલુકાનો માનનીય નરેન્દ્રભાઈ મોદીની ભારતીય જનતા પક્ષની સરકારે વિકાસરૂપી યોજનાઓ દ્વારા સર્વાંગી વિકાસ કર્યો છે. (અંતરાય) માનનીય બાવકુભાઈ, તમને કશું નહોતું થયું છતાં સ્ટ્રેચર ઉપર ગયા હતા એ ભૂલી ગયા? આવું તો ઘણું બધું હું ઘણા બધાનું જાણુ છું. બાંધી મૂઠી સવા લાખની. ક્રિકેટ એક રમત છે, પરંતુ આપણી ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રીએ આ સ્વર્ણિમ ગુજરાતમાં ખેલ મહાકુંભની રમતોનું આયોજન કર્યુ છે. ખેલ મહાકુંભની અંદર ૧૬ જેટલી વિવિધ રમતો યોજવામાં આવી, આ ખેલ મહાકુંભમાં આપણા ગુજરાતના યુવક યુવતીઓ, દીકરા-દીકરીઓ, કૉલેજ કે સ્કૂલમાં ભણતા હોય ન ભણતા હોય, વ્યવસાય કરતા હોય, નાના નગરમાં રહેતા હોય કે મહાનગરમાં રહેતા હોય, ગામડે રહેતા હોય કે શહેરમાં રહેતા હોય. કૉલેજો અને સ્કૂલોમાં નાની મોટી રમતોની હરીફાઇ યોજવામાં આવતી હોય એની કક્ષા પ્રમાણે લાભ લે પરંતુ ગુજરાતના લોકોનું સદ્‌નસીબ ઇચ્છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઓલેમ્પિક કક્ષાનું આયોજન કર્યુ જેમ આખા

દેશમાં અને દુનિયામાં ઓલેમ્પિકનો ઉત્સાહ હોય પેલી દિલ્હીમાં રમાતી હતી એની વાત હું નથી કરતો ઓલેમ્પિક હું જુદા કારણથી કહું છું. દિલ્હીની વાત કરીશ તો નવા પ્રશ્ન ઊભા થશે. *(xxxx) (xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, મૂળ વિષય ઉપર આવી જાવ, અન્ય ચર્ચાઓમાં ન પડો. પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય મંત્રીશ્રીએ જે કોમનવેલ્થ ગેમ્સની વાત કરી.(અંતરાય) તેઓ બોલ્યા છે મને કોઈ વાંધો નથી પણ પછી અમે (xxxx) (xxxx) (xxxx) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ બેસો, માનનીય દિલીપભાઈ, માનનીય શકિતસિંહભાઈ, માનનીય ઈકબાલભાઈ..(અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું એક ધ્યાન દોરવા માગું છું કે જ્યારે મંત્રીશ્રીએ પોતાના પ્રવચનમાં કોઈ આવી સબજયુડિસ મેટરનો..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સબજયુડિસ નહીં, ગૃહમાં હાજર ન હોય તેનો ન થાય..આપ કાયદા વિભાગના મંત્રી છો..

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારી વાત તો પૂરી કરવા દો. માનનીય અધ્યક્ષશ્રી નક્કી કરશે. મારી વાત પૂરી કરવા દો. આપ શા માટે અધ્યક્ષ તરીકે નિર્ણય લો છો? મારે એક જ વસ્તુ કહેવી છે કે સબજયુડિસ મેટરનો માનનીય મંત્રીશ્રી કોઈ ઉલ્લેખ કરવા માગતા નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ કોઈ મુદ્દો જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈનો મુદ્દો જ સબજયુડિસ મેટરનો નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારી વાત પૂરી કરવા દો. એ માનનીય અધ્યક્ષશ્રીનો અધિકાર છે. (અંતરાય) મારે મુદ્દો એટલો જ કહેવાનો છે કે અર્જુનભાઈએ જે શબ્દો વાપર્યા એ આને કોઈ રીતે સુસંગત નથી, એ શબ્દો રૅકૉર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : જે અસંસદીય શબ્દો બન્ને પક્ષના હશે તે દૂર કરવામાં આવશે અને આપ મૂળ વિષય ઉપર આવી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હજુ તો કશું બોલ્યો જ નથી. છતાં આટલું ચચરે છે કે બધા ઉભા થઈ જાય છે. કશું જ બોલ્યો નથી હું.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ,

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું તો ૧૩ લાખ કરતાં વધુ..(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીતનો ઉલ્લેખ આપના કહ્યા પછી પણ ચાલે એ બરાબર નથી. મંત્રીશ્રી બોલે છે. એ શબ્દો દૂર કરવા પડે.

**અધ્યક્ષશ્રી** : જે અસંસદીય શબ્દો બન્ને પક્ષના બોલશે તે રેકર્ડ ઉપરથી દૂર કરીશું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સંમત છું. આ ખેલ મહાકુંભમાં વિશેષ રૅકૉર્ડ થયા. ગુજરાત વિષે એક ભાવના હતી. ગુજરાતીઓ એટલે વેપાર, ધંધો અને પોતાની આવક. વિકાસની ફાયનાન્શીયલ બાબતો વિશે ઓછું જાણે. આ ખેલ મહાકુંભનું આયોજન થયું, જે બાળકો, દીકરા, દીકરી, યુવાનો પોતાનામાં જે શકિત પડી છે, પોતાનામાં જે સક્ષમતા છે. તે પુરવાર કરવાની જેમને તક મળતી નહોતી. ભૂતકાળમાં આવું કોઈ આયોજન થયું નહોતું. કોઈ તિરંદાજીમાં હોય, કોલ કબડ્ડીમાં હોય, કોઈ ખો-ખોમાં હોય, આ પ્રકારની આપણી દેશી ભારતીય રમતગમતોને પ્રોત્સાહન આપીને જે વ્યવસ્થા કરવામાં આવી, જિલ્લાથી માંડીને આખા રાજય સુધીની જે તબકકાવાઈઝ હરિફાઈઓ યોજાઈ, ૧૩ લાખ વિદ્યાર્થીઓ, યુવાન-યુવતીઓએ ભાગ લીધો. કરોડો રુપિયાના ઈનામો આપવામાં આવ્યા. ફક્ત હરિફાઈ નહીં, આપણાં ગુજરાતના ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે સરકાર તરફથી કરોડો રૂપિયાના ઈનામો આપવામાં આવ્યા અને તેનાથી યુવાનોમાં જે જોમ અને જુસ્સો પ્રગટ્યો, તેમને એમ લાગ્યું કે આ સરકાર એવી છે કે અમારો ઉત્સાહ અને અમારું સામર્થ્ય વધારવા માગે છે અને તેમણે આમાં ભાગ લીધો.

માનનીય અધ્યક્ષશ્રી, એક ચૅસની સ્પર્ધા યોજવામાં આવી. આમ તો નાની મોટી છૂટક છૂટક હરિફાઈઓ ઘ ાણી થતી હોય છે પણ ગુજરાત સરકારે નક્કી કર્યું, મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું કે આ સ્વર્ણિમ વર્ષમાં ખેલ મહાકુંભમાં ચૅસની સ્પર્ધાનું પણ આયોજન કરીએ, તેના માટે વ્યવસ્થા કરવામાં આવી. તેમાં ૨૦,૦૦૦ કરતાં વધુ

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ખેલાડીઓએ એક જ છત નીચે આખા ભારતમાં નહીં, આખી દુનિયામાં કયાંય ૨૦,૦૦૦ ખેલાડીઓએ ચૅસની રમતમાં ભાગ લીધો નથી, આમ તેને સારામાં સારી રીતે વ્યવસ્થા આપી.
અને એનો આપણે વર્લ્ડ રૅકૉર્ડ કર્યો. ગુજરાત માટે ગુજરાતના માનસિક અને શારીરિક ક્ષમતા ધરાવતા આપણા યુવક યુવતીઓ છે એમના માટે ખેલ મહાકુંભ યોજીને પ્રોત્સાહન રૂપ થયા છે. શારીરિક ક્ષમતા હોય, એની સાથે એમનો માનસિક વિકાસ થાય, એમના જ્ઞાનનો વિકાસ થાય, માહિતીનો વિકાસ થાય, માનસિક રીતે સ્ત્રીઓ પૃષ્ઠ બને. સમાજમાં ઈલેકટ્રોનીક મિડિયા જે રીતે છવાઈ ગયું છે, લોકો ટીવી જોઈને સંતોષ માને છે, સમય પસાર કરે છે. એમને આપણો ઐતિહાસિક વારસો, ધાર્મિક વારસો, સાંસ્કૃતિક વારસો અને આપણા દેશમાં થઈ ગયેલા, ગુજરાતમાં થઈ ગયેલા હજારો મહાન લેખકો, એમની કૃતિઓ આપણા બાળકો, આવનારી પેઢી એ ન વાંચે તો આપણા વારસાનો તેઓ લાભ મેળવી શકતા નથી અને એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આખા ભારતમાં કોઈને વિચાર ન આવ્યો હોય, કોઈ પક્ષને વિચાર આવ્યો ન હોય, કોઈ એન.જી.ઓ.ને વિચાર ન આવ્યો હોય એવો વિચાર એમને આવ્યો અને વાંચે ગુજરાત કાર્યક્રમ અમલમાં મૂક્યો. આજે ગુજરાતની અંદર વાંચે ગુજરાત અને ખેલ મહાકુંભ બન્ને કાર્યક્રમો થયા. આ બન્ને રાજકીય કાર્યક્રમો નહોતા, એ મત બેંક વધારવાના કાર્યક્રમો નહોતા, એક વર્ગ કે સમાજના વિસ્તારને ધ્યાનમાં રાખીને કરાનારી યોજનાઓ નહોતી. આખા રાજયમાંથી ગરીબમાં ગરીબ માણસે એમાં ભાગ લીધો. વિદ્યાર્થીઓએ ભણવાની સાથે વાંચે ગુજરાતમાં ભાગ લીધો. એના કારણે હજારો નવા પુસ્તકો આપણા બાળકો, આપણા દીકરા-દીકરીઓએ વાંચ્યા. એના કારણે એમનામાં જિજ્ઞાસા અને જ્ઞાનપીપાસા જાગી. એ આવનારા દિવસોમાં ગુજરાતની પેઢીને લાભ કરશે. વાંચે ગુજરાત કાર્યક્રમ આવનારી પેઢી માટે અમલમાં મૂક્યો. એ આપણા સૌના માટે ખૂબ અગત્યનું છે. શિક્ષણ વધારવાની વાત છે.(અંતરાય) તમારા જેવું ચોપડીયું જ્ઞાન નથી. આખી દુનિયાનું જ્ઞાન માનનીય મુખ્યમંત્રીશ્રી બધાને આપવા માગે છે. આ પ્રમાણે જે આયોજન થયું એ સર્વ રીતનું આયોજન છે. એમાં નવો અભિગમ રાખવામાં આવ્યો છે. ગરીબમાં ગરીબ માણસને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે. (અંતરાય)ખુમાનસિંહભાઈ બીજા સભ્યશ્રીની જગ્યાએ બેસીને બોલે છે. એમની અડખે-પડખે બેઠેલા બન્ને નેતાઓ એમને ઉશ્કેરે છે. (અંતરાય) મારી જગ્યા છોડતો નથી.. જાતે પકડાઈ ગયા છો. (અંતરાય) એ ચાલાકી કોર્ટમાં કરજો. એમાં ચાલે અહીં નહીં ચાલે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનું જે આયોજન થયું. શરૂઆતમાં જે પ્રમાણેની વાત ચાલી. કેટલાક લોકો ગુજરાતમાં એવા છે કે, જે આને સમજી શક્યા નહીં, કેટલાક લોકો એને સ્વીકારી શક્યા નહીં. ન સ્વીકારી શક્યા, ન સમજી શક્યા. એના કારણે એ લોકોએ અત્યાર સુધી વર્ષો સુધી ગરીબ ભોળી પ્રજાને, આદિવાસી, દલિત, બક્ષીપંચની ગામડામાં રહેતી, ખેડૂત સમાજની પ્રજાને ભૂતકાળમાં ચૂંટણીઓમાં વચનોની લહાણી કરી, એ વખતે એક સૂત્ર ખૂબ પ્રચલિત થયું હતું. "ગરીબી હટાવો." બહુ ગાજ્યું. (xxxx) (xxxx) (xxxx)

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દોની ચોપડી પાના નં.૧૭ ઉપર પ્રજાને છેતરીને સત્તામાં આવ્યા એ શબ્દો અસંસદીય છે. એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : (xxxx) (xxxx) ભૂતકાળ શબ્દ વાપરેલો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : પ્રસ્થાપિત પ્રણાલિકા પ્રમાણે નક્કી થયેલું છે કે એ શબ્દો અસંસદીય છે. ભૂતકાળ શબ્દથી એ પરમિસિબલ ન હોઈ શકે

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, આપ સમયનો સદઉપયોગ કરીને આપ સીધા પ્રવચન ઉપર આવી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કડવી હકીકતો સત્ય હોય પણ હવે જે કડવું છે એ કડવું જ છે. આ બન્યું દેશની અંદર પણ જે કરવાનું હતું એ ના કરી શકયા. અમારા મુખ્યમંત્રીશ્રીએ આ ગરીબ કલ્યાણ મેળાના જે આયોજન કર્યા , એનો લાભ અહીં બેઠેલા, રાજયની અંદરના તમામ લોકોએ પ્રત્યક્ષ જોયો છે. નજરે જોયો છે, અને લાખો ગરીબોને અબજો રુપિયાની જે સહાય મળી, એ સહાય પ્રજાની વચ્ચે હજારો લોકોની ઉપસ્થિતિમાં જે રીતે આપવામાં આવી એનો લાભ જોઈ અને (અંતરાય)મારે રાજકારણને આની સાથે નથી જોડવું પણ પ્રજા બધું જોતી હોય છે. ગરીબ કલ્યાણ મેળાના આયોજનો, સ્વર્ણિમ ગુજરાતના આયોજનો, જળસંચયના કામો, શિક્ષણના કામો, આરોગ્યના કામો, ઈન્ફ્રાસ્ટ્રકચરના કામો, ગરીબ લક્ષી કાર્યક્રમો, ગામડા લક્ષી કાર્યક્રમો, મેં કીધુંને કે રમઝટ બોલાવી, પ્રજાએ રમઝટ સ્વીકારી, જે તાલુકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણીઓ પૂર્ણ થઈ, લોકોએ અમને વધાવી લીધા, અમારી યોજનાઓને વધાવી લીધી, મુખ્યમંત્રીશ્રીને વધાવી લીધા, સમર્થન આપ્યું અને સામેના લોકોના સૂપડા સાફ કરી દીધા, અહીં બેઠેલા બધા જ લોકો, આ બધા સાહેબ (અંતરાય).અમારી એક ચેકડેમની યોજના છે, તળાવ ઊંડા કરવાની યોજના છે એને લોકો ૯૦:૧૦ ની યોજના કહે છે, અંતરાય.. રામસિંહભાઈ, તમે તમારી જગ્યાએ નથી. તમે તમારી જગ્યાએ જાવ પહેલા. અંતરાય.. સાહેબ પહેલા એમને એમની જગ્યાએ મોકલો,.. જાવ.

**અધ્યક્ષશ્રી** : રામસિહભાઈ (અંતરાય) ઈકબાલભાઈ..નહીં આપ પણ દંડક તરીકે આપના સભ્યોને કહો થોડી શાંતિ રાખે.. બંને પક્ષના સભ્યોને આપણે સાંભળવાના છે. આપ બેસી જાવ (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : અંતરાય.. સાહેબ સૂપડા સાફ થયા એ હકીકત છે(અંતરાય) ના હોય તો ના કહો, (અંતરાય) તમારા સૂપડા સાફ થયા છે કે નહીં તમે કહો ને, અમને શું કરવા કહો છો (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમારે ૯૦:૧૦ની યોજના ચાલે છે, ચેકડેમ બનાવવાની, તળાવ ઊંડા કરવાની, એટલે પ્રજાએ નક્કી કર્યુ કે આ ચેકડેમ, તળાવ ઊંડા કરવાની જે યોજના છે, એ રાજકારણમાં એ લાગુ કરો, ભાજપ ૯૦ ટકા અને ૧૦ ટકા કોંગ્રેસ, આખા રાજયની અંદર તમામ જગ્યાએ પછી આદિવાસી વિસ્તાર હોય, સુરત જિલ્લો હોય, કોંગ્રેસના કહેવાતા ભૂતકાળના આખા મોટા કિલ્લા હોય એ બધા જ કિલ્લા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની વિકાસ યોજનાઓએ ધ્વંશ કરી નાખ્યા અને કોંગ્રેસને આજે ગુજરાતના રાજકારણમાં, ગુજરાતના વહીવટમાં કયાંય રહેવા દીધી નથી. મારે સમયની મર્યાદા છે એટલે બહુ નહીં કહુ, પણ એના પરિણામ જુવો તમે, ક્રિકેટમાં એવું હોય કે કોઈ બોલર બરાબર ના ચાલે તો બદલાઈ જાય, કોઈ બેટસમેન બરાબર ના ચાલે તો પડતો મુકવામાં આવે, કોઈ કેપ્ટનને પણ બદલાઈ જવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, આની અસર એવી થઈ માનનીય આત્મારામભાઈ પરમ દિવસે બોલ્યા હતા કે ભૂતિયા હોદ્દાઓ ચાલે છે. એક પક્ષની અંદર ભૂતિયા કાર્ડની જેમ, એવી અસર થઈ આત્મારામભાઈના ભાષણની, દિલ્હી સુધી એનો રેલો પહોંચ્યો, તાત્કાલિક મીટિંગો થઈ, ચાર-ચાર મહીનાથી જે નિણર્ય નહોતો કરી શક્યા એ નિર્ણય કરવો પડ્યો અને કૅપ્ટન બદલાઈ ગયા કોંગ્રેસના પ્રમુખની બદલી થઈ ગઈ, (સતત અંતરાય) (અંતરાય)અને બદલી કેવી થઈ .. બેસી જાવ ભાઈ, (અંતરાય) સાહેબ મને રક્ષણ આપો હળપતિથી .. (અંતરાય) એ જનારા જશે (સતત અંતરાય) અત્યારે આ સાંભળો, આમ તો પાછું એવું હોય કે કેવા ખેલાડીને .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, (અંતરાય)નીતિનભાઈ આપનો સમય ખૂબ ઓછો છે, આપ મૂળ વિષય ઉપર આવી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : કોઈ સફળ ખેલાડીને કેપ્ટન બનાવો તો બરાબર, કોઈ સફળ નેતાને પ્રમુખ બનાવો તો બરાબર, મને આજે જરા થોડું યાદ આવ્યું, કે આ અર્જુનભાઈ અને ભરતસિંહ જ્યારે હતા, અર્જુનભાઈ વિપક્ષના નેતા હતા, ભરતસિંહ પક્ષના પ્રમુખ હતા એ વખતે પણ વિધાનસભાની ચૂંટણીઓમાં ગુજરાતની પ્રજાએ કોંગ્રેસના સુપડા સાફ કર્યા , એ વખતે આ લોકોએ અમે નિષ્ફળ ગયા છીએ માટે રાજીનામું આપીએ છીએ એમ કરીને રાજીનામા આપ્યા, પ્રમુખો બદલાયા અને ફરી(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ, આપ સમય ખૂબ ઓછો છે, આપ વિષય ઉપર આવી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : વિષય ઉપર જ છું સાહેબ, હું સરકારની સફળતા બતાવુ છું. સરકારની સફળતાનું પરિણામ કેટલું આવે છે એ હું બતાવુ છું.
આ સફળતાની અસરો છે. પક્ષના પ્રમુખોને બદલાઈ જવું પડે અને નિષ્ફળ ગયેલા લોકોને ફરી લાવવા પડે. આ પ્રમાણેની ગુજરાત કોંગ્રેસની રાજકીય પરિસ્થિતિ આ સરકારે ઊભી કરી છે. અહીં વારંવાર એવી વાત કરવામાં આવી છે કે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપની પાસે માત્ર બે મિનિટ છે. (અંતરાય) આપ ચાલુ રાખો. મારા તરફ ધ્યાન આપીને ચાલું રાખો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એક વાત બહુ ગંભીરતાથી કરવી છે. જે ગુજરાતના એકેએક નાગરિક માટે ગૌરવ સમાન છે. આ કોંગ્રેસના સભ્યો અહીંયા બેઠા બેઠા દરેક પ્રશ્નમાં, દરેક ચર્ચામાં એક જ વાત કર્યા કરે છે કે કેન્દ્રની સરકારે કેટલા આપ્યા, કેન્દ્ર સરકારે શું આપ્યું? હું કોંગ્રેસને, આખા ગુજરાતના લોકોને આ ગૃહમાંથી કહેવા માગું છું કે તમારી કોંગ્રેસની હોય, એન.ડી.એ.ની હોય, મનમોહનસિંહની હોય કે યુ.પી.એ.ની સરકાર હોય એ ગુજરાતને આપે છે એ દયાથી નથી આપતી, ભીખથી નથી આપતી. (અંતરાય) ઈકબાલભાઈ, તમે સાંભળો. (અંતરાય) એકેયને બોલવા નહીં દઉં મને સાંભળો. (અંતરાય) પ્રમુખો બદલાઈ ગયા. બદલાયેલા પ્રમુખ બોલે છે. (અંતરાય) મને સાંભળવા માગતા નથી. મને રક્ષણ આપો. આ લોકોએ નક્કી કર્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, આપ બેસી જાવ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારો સમય બગાડે છે. (અંતરાય) ગુજરાતને કેન્દ્ર સરકાર આપે છે એ બંધારણીય જોગવાઈઓ પ્રમાણે આપે છે. કોઈના ખિસ્સામાંથી કાઢીને આપતી નથી. ગુજરાત ઉપર કોઈ દયા કરતું નથી. આખા ભારતે જે રકમ આપે છે, જે યોજનાઓના લાભો આપે છે એ જ યોજનાઓના લાભો આપણને આપે છે. એ પ્રમાણે જ ગ્રાન્ટ આપે છે. એટલે ગુજરાત ઉપર દયા કરે છે એવી તમારા મનમાં માનસિક વિકલાંગતાનો બોજો હોય તો કાઢી નાખજો. ગુજરાતની પ્રજાનો અધિકાર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ, આપનો સમય પૂરો થાય છે. આપ બેસી જાઓ. (અંતરાય) ખુમાનસિંહભાઈ, આપ બેસી જાઓ. માનનીય સિદ્ધાર્થભાઈ આપનું પ્રવચન શરૂ કરો. (અંતરાય)

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય નીતિનભાઈ, આપ જેવી જવાબદાર વ્યક્તિને આ શોભતું નથી. (અંતરાય) આ સભાગૃહે અહીંયા કેટલીક મર્યાદાઓ રાખી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ અને ખુમાનસિંહભાઈ પ્લીઝ, (અંતરાય) સિદ્ધાર્થભાઈ, આપનું પ્રવચન ચાલું રાખો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો છે. મારી અગાઉના સન્નમાનીય મંત્રીશ્રી નીતિનભાઈ પોતાના વિચારો વ્યકત કરી રહયા હતા અને એ જયારે વિચારો વ્યકત કરી રહયા હતા ત્યારે મને લાગ્યું કે, સરકારની કામગીરી વિશે એમને બહું ઝાઝું કહેવાનું નથી એટલે થોડું રાજકીય અવલોકન અને વિવાદાસ્પદ શબ્દોનો ઉપયોગ કરી અને એમણે એમનો સમય પૂરો કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ બહું ગંભીરતાથી રાજકીય અવલોકન કર્યા વગર અને ગુજરાત માટેની બહું ઉંડી ચિંતા સાથે કેટલીક સત્ય હકીકતો માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીનું પ્રવચન એ સરકાર ધ્વારા તૈયાર થયેલો એક મહત્વનો દસ્તાવેજ છે. એમાં સરકારની નીતિઓનું નિરૂપણ હોય છે. એમાં પ્રજાની અપેક્ષાઓનો પડઘો પડતો હોય છે અને એ સંદર્ભમાં સરકાર ધ્વારા કેવા પગલાઓ લેવામાં આવશે, શું સ્થિતિ છે એનો ચિતાર રજૂ કરતો આ દસ્તાવેજ હોય છે પણ આ પ્રવચનનો જે મુસદ્દો અહીંયા રજૂ થયો છે, જે પ્રવચન અહીંયા રજૂ થયું છે, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજાની અપેક્ષાઓનો પડઘો પાડવામાં આ પ્રવચન સંપૂર્ણ રીતે ઉણું ઉતર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર ગમે તે પક્ષની હોય, સરકાર સામે બેઠેલા પક્ષની હોય કે અહીંયા બેઠેલા પક્ષની હોય, ગુજરાતની પ્રજાને એની સાથે બહું ઝાઝી લેવા દેવા હોતી નથી. પ્રજાને ચિંતા હોય છે પોતાના વિકાસની, પ્રજાને ચિંતા હોય છે, પ્રજાને ચિંતા હોય છે પોતે ગૌરવપૂર્ણ જીવન કેવી રીતે વિતાવી શકે અને એના સંદર્ભમાં જે સરકાર સત્તા ઉપર બેઠી છે એ સરકાર શું પગલા લઈ રહેલી છે એની ચિંતા પ્રજાને હોય છે. પણ આજે પરિસ્થિતિ શું છે ગુજરાતમાં  આજે ગુજરાતમાં એવી પરિસ્થિતિ ઉભી થઈ છે કે, ગુજરાતમાં એક બાજુ ગરીબ અને મધ્યમ વર્ગનું એક મોટું ગુજરાત અને બીજી બાજુ ઉદ્યોગપતિઓ અને પૈસાદાર વર્ગનું એક નાનું ગુજરાત, આ પરિસ્થિતિ આજે ગુજરાતમાં ઉભી થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બંને ગુજરાત વચ્ચે આ મધ્યમવર્ગનું ગુજરાત અને આ ગણ્યા ગાંઠયા ઉદ્યોગપતિઓના ગુજરાતની વચ્ચે એક એવી ખાઈ ઉભી થઈ છે, એવી એક અસમાનતા ઉભી થઈ છે અને એ ઉભી થયેલી અસમાનતા એ હું માનું છું કે, આ ગૃહમાં બેઠેલા દરેકે દરેક સભ્યો માટે બહું મોટી ચિંતાનો વિષય હોવો જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતની વાત મોટા પાયે કરવામાં આવે, વાયબ્રન્ટ ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત એવા શબ્દો, ભારેખમ શબ્દોનો બહું મોટાપાયે ઉપયોગ કરવામાં આવે પણ એની પાછળની વાસ્તવિકતા શું? માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં એવી સ્થિતિ ઉભી થઈ છે કે લોકોને પોતાના અધિકાર મેળવવા માટે જીવ આપી દેવા પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાપરમાં, જબ્બરદાન ગઢવીને પોતાના જમીનનો ઉતારો મેળવવા માટે આત્મવિલોપન કરવું પડે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમીત જેઠવા નામના એક એકટિવીસ્ટ અને એ ગુજરાતમાં જે ખાણ ખનીજોની ચોરી થાય એની સામે વિરોધ ઉભો કરી અને કોર્ટમાં કેસ દાખલ કરે સાહેબ એની જાહેર માર્ગ ઉપર હત્યા કરી દેવામાં આવે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી કઈ દિશામાં ? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : સબ-જયુડિશ મેટર છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : એની હત્યા તો થઈ ને.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કોણે કોનું ખૂન કર્યુ છે કે નહીં એ મેટર સબ-જયુડિશ છે એટલે આ રીતે ન બોલી શકે અને આ શબ્દો રેકર્ડ ઉપરથી કાઢી નાખવા જોઈએ. એ એમ કહે કે, આ કેસ કોર્ટમાં નથી (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ ઉલ્લેખ થાય એ નવી વાત નથી  (અંતરાય) હું એક નહીં પચાસ દાખલા બતાવીશ, વજુભાઈ ડોન્ટ ડિસ્ર્ટબ મી.(અંતરાય)

(અંતરાય)

શ્રી વજુભાઈ વાળા : ડીસ્ટર્બનો સવાલ જ નથી.

શ્રી શકિતસિંહ ગોહિલ : પણ શેના માટે તમે કહો છો?

શ્રી વજુભાઈ વાળા : સબજયુડિસ મેટર છે. આપ કહો, આ મેટર સબજયુડિસન નથી? આ કોર્ટમાં કેસ નથી? (અંતરાય)

શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એનો જ ખુલાસો કરું છું. આઈ એમ રીએકટીંગ.

અધ્યક્ષશ્રી : કોર્ટ મેટર હશે તો આ શબ્દો કાઢી નાખવામાં આવશે.

શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો ખુલાસો સાંભળીને આપ નિર્ણય લો. મેં શબ્દ વાપર્યા છે. મારો ખુલાસો સાંભળી અને પછી આપને જે નિર્ણય લેવો હોય તે લો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જે વિષય કોર્ટમાં ..(અંતરાય)

શ્રી પ્રદિપસિંહ જાડેજા : જે મેટર કોર્ટમાં ન્યાયાધીશને હસ્તક હોય એવી કોઈપણ મેટર કે એના સંદર્ભને પણ આ સન્માનનીય સભાગૃહની અંદર નિયમ પ્રમાણે આપણે ટાંકી શકતા નથી એટલે મારી આપને વિનંતી છે કે આ સન્માનનીય સભાગૃહ વિધાનસભાના નિયમો પ્રમાણે આ પ્રમાણેની સબજયુડિસ મેટરોનો ઉલ્લેખ ન થાય એવું માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન દોરવા માગું છું.

શ્રી શકિતસિંહ ગોહિલ : આ રીતે ગૃહ ચાલે જ નહીં સાહેબ, અમે આપનો નિર્ણય માગીએ છીએ, ઈચ્છીએ છીએ. આ મુદ્દા ઉપર નિર્ણય નહીં આવે ત્યાં સુધી સંતોષ નહીં થાય.

શ્રી વજુભાઈ વાળા : માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે ધમકી ન દેવાય.

શ્રી શકિતસિંહ ગોહિલ : આ ધમકી છે તો ધમકી છે.

શ્રી વજુભાઈ વાળા : આ ગૃહ છે. આ ગૃહના નિયમ પ્રમાણે ચાલે. આપ અધ્યક્ષને કોઈ ધમકી ન આપી શકો. માનનીય અધ્યક્ષશ્રી, આવી ધમકી કોઈ સભ્ય ન આપી શકે અધ્યક્ષને કે અમે હાઉસ નહીં ચાલવા દઈએ.

" વેવાઈની વકીલાત બંધ કરો-- સુત્રોચ્ચાર

શ્રી શકિતસિંહ ગોહિલ : તમે આખું સંસદનું સત્ર નથી ચાલવા દીધુ વજુભાઈ. કયા મોઢે વાત કરો છો. સંસદનું આખું સત્ર નથી ચાલવા દીધું.

શ્રી વજુભાઈ વાળા : તમેય અહિંયા માઈક ઉડાડયા હતા એ ભુલી ગયા?

શ્રી શકિતસિંહ ગોહિલ : અને એ સી.બી.આઈ.ની કોર્ટ મેટર હતી.

શ્રી વજુભાઈ વાળા : માઈક ઉડાડયા હતા એ ભુલી ગયા?

શ્રી શકિતસિંહ ગોહિલ : સુપ્રિમ કોર્ટમાં પડેલી મેટર હતી.

શ્રી વજુભાઈ વાળા : કોઈ સવાલ જ નથી.

શ્રી શકિતસિંહ ગોહિલ : ટુ જીસ્પ્રેકટ્રમ સી.બી.આઈ.માં પડેલુ હતુ. આખુ સત્ર નથી ચાલવા દીધું.

શ્રી વજુભાઈ વાળા : જે કોર્ટની અંદર હોય મેટર એ સબજયુડિસ કહેવાય એનો ઉલ્લેખ અહીંયા ન થાય.

શ્રી શકિતસિંહ ગોહિલ : માત્ર ઉલ્લેખ કર્યો છે. કોઈ મેરીટસમાં ગયા નથી અને જો કોઈ ઉલ્લેખ તમે અહીંયા ન કરવા દેવાના હો મંત્રીશ્રી ઉભા થાય એટલે બધું જ ચાલવાનું હોય.

શ્રી વજુભાઈ વાળા : એવું કાંઈ નથી. (અંતરાય) તમે બે વાત કરી લો પછી નકકી કરો.

શ્રી શકિતસિંહ ગોહિલ : કેટલા ખુન થયા તો તો ખુનની વાત જ નહીં કરવા દો તમે હાઉસમાં? અને એક નહીં હું આપને સેંકડો દાખલા બતાવી શકીશ જયારે આ પક્ષ અહીંયા બેઠો હતો ત્યારે ચાહે નાનામાં નાનો મુદ્દો હશે કે મોટા કૌભાંડની વાત હશે. સબજયુડિસ હોવા છતાં આપે અહીંયા બેસીને જેટલા ઉલ્લેખો કર્યા છે. સિદ્ધાર્થભાઈ તો મેરીટસમાં ગયા જ નથી હજી. મેરીટસમાં ગયા નથી. * (xxxx) (xxxx) તમારી કોઈ વાત કરી નથી. હજી તો માત્ર ઉલ્લેખ કરે અને ઉલ્લેખ પણ ન કરવા દો એ કેવી રીતે ચાલે?

શ્રી વજુભાઈ વાળા : ઉલ્લેખ શું શરૂઆત પણ ન કરી શકે.

શ્રી શકિતસિંહ ગોહિલ : ટુજીસ્પેકટ્રમ સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ હતું. કોમન વેલ્થ સુપ્રિમ કોર્ટમાં પેન્ડીંગ છે. સંસદમાં તમે આખું સત્ર ન ચાલવા દો. તપાસ ચાલતી હોય, કોર્ટમાં પેન્ડીંગ હોય અને તમે જો એને એ રીતે ઉલ્લેખ પણ ન કરવા દો.

શ્રી વજુભાઈ વાળા : અમે કરીએ એમ તમારે કરવાનું?

શ્રી શકિતસિંહ ગોહિલ : તમારી છાપ સામે જોઈને તો વિચાર કરો સાહેબ કે તમે શું ધંધા કરો છો?

શ્રી વજુભાઈ વાળા : કોઈ રીતે એ ન ચાલી શકે. એવા સબજયુડિસ મેટરની વાત ન થાય.

શ્રી શકિતસિંહ ગોહિલ : આ રીતે મંત્રીઓ ઈચ્છે એમ જો ગૃહ ચાલે (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, જે બાબત કોર્ટ સમક્ષ વિચારણા હેઠળ હોય તે બાબતોનો ઉલ્લેખ ન થાય. અમિત જેઠવા કેસની જે બાબત કોર્ટ સમક્ષ છે તે ઉલ્લેખો કરવામાં ન આવે. જો મેટર સબંધિત ઉલ્લેખ હશે તો રેકોર્ડ જોઈને દૂર કરવામાં આવશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સિદ્ધાર્થભાઈ, બને ત્યાં સુધી આવા ઉલ્લેખો આપ ન કરતા. આપનું પ્રવચન ચાલુ રાખો.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (અંતરાય) જેઠવાનું ખૂન થયું છે તે રેકર્ડ ઉપર રહે એના મેરિટસમાં અમે નહિ જઈએ.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : રાજ્યની સંપત્તિ માટે લડનાર, રાજ્યની સંપત્તિની ચિંતા કરીને એના માટે લડનાર એક્ટિવિસ્ટની હત્યા થાય અને એ પણ ખુલ્લેઆમ રોડ ઉપર હત્યા થાય. કોણ સંડોવાયેલું છે, કોની સામે આક્ષેપ

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

છે, તેની ચર્ચા હું આ સભાગૃહમાં કરવા નથી માગતો. ચિંતાનો વિષય એ છે કે આ રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે થતી જાય છે. રોજબરોજ મોટા પ્રમાણમાં ખૂનના બનાવો બને. ચોરી, ધાડ અને લૂંટના બનાવ બને અને વહીવટી તંત્ર જાણે નિષ્ક્રિયતા પૂર્વક બેઠું હોય તેવી પરિસ્થિતિ ઊભી થાય. આ ગુજરાત રાજ્યમાં એવી સ્થિતિ ઊભી થઈ છે કે રાજ્યની સરકાર અને રાજ્યના વહીવટી તંત્રએ જાણે સંવેદનશીલતા ગુમાવી દીધી હોય તેવી સ્થિતિ આજે ગુજરાતમાં ઊભી થઈ છે. ગુજરાતની સરકાર માનવતા વીહિન બની ગઈ હોય તે સ્થિતિ આજે ગુજરાતમાં ઊભી થઈ છે.

તાજેતરમાં વાઈબ્રન્ટ ગુજરાતના નામે બહુ મોટા ઉત્સવો ઊજવાયા. ૨૦લાખ કરોડ રૂપિયાથી વધારે મૂડીરોકાણ ગુજરાતમાં આવી રહ્યું છે, એવી એક આભા ઊભી કરવામાં આવી. વાસ્તવિકતા શું છે? મારે આ સન્માનનીય સભાગૃહના સામી પાટલીએ બેઠેલા સભ્યો સમક્ષ વાત મુકવાની છે. હું કેટલાક આંકડા રજૂ કરવા માગું છું: ૨૦૦૩ માં પહેલું સમીટ થયું, ૨૦૦૫ માં બીજું સમીટ થયું, ૨૦૦૭ માં ત્રીજું સમીટ થયું, ૨૦૦૯ માં ચોથું સમીટ થયું. હજુ પાંચમાં સમીટની વાત નથી કરતો, એટલા માટે આ સમીટ હમણા થયું છે. એમાં ઈમ્પ્લીમેન્ટેશનમાં સમય આપવાની જરૂરિયાત છે. બાકી પહેલા ચાર સમીટ થયા એમાં ૧૮,૭૭,૧૦૦ કરોડ રૂપિયાના રોકાણોની વાત કરવામાં આવી. એમ.ઓ.યુ.ની વાત કરવામાં આવી. ઈમ્પ્લીમેન્ટેશનનો રેટ શું રહ્યો? ઈમ્પ્લીમેન્ટેશનનો રેટ ૯.૬ ટકા. ૧૮,૬૬૭ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ આ ૪ સમીટના કારણે ગુજરાતમાં આવ્યું છે. આ તો સમીટ ન કરવામાં આવ્યા હોત તો પણ આનાથી વધારે મૂડીરોકાણ ગુજરાતમાં આવત.

પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે અહીયા જમીનની પ્રશ્નોત્તરીમાં બીજી ચિંતા કરવામાં આવી. ૩૭૭ ઔદ્યોગિક એકમોને ૧૫૪૯૫ હેક્ટર જમીનો આ સરકાર દ્વારા આપવામાં આવી અને ૩૭૩ યુનિટોમાંથી આજસુધી ૨૩૨ યુનિટોએ કોઈ કામ જ ચાલુ નથી કર્યુ. જમીન લઈ લે અને ઈમ્પ્લીમેન્ટેશનમાં આ યુનિટો ગયા જ નથી.

**અધ્યક્ષશ્રી :** બે જ મિનિટનો સમય છે.

**શ્રી સિદ્ધાર્થ પટેલ** : મારી તો હજુ શરૂઆત છે. આ રાજ્યમાં આંતરમાળખાકીય સુવિધા બહુ મોટા પ્રમાણમાં વધારવામાં આવી રહી છે. એવી વાત રજૂ કરવામાં આવી. મારે આ સભાગૃનું ધ્યાન દોરવાનું છે. આ રાજ્યની અંદર રાષ્ટ્રીય ધોરી રસ્તા, રાજ્યના રસ્તા છે, જિલ્લાના માર્ગો છે અને ગ્રામકક્ષાના માર્ગો છે. આ બધા માર્ગોનો સરવાળો કરીએ તો ૨૦૦૩-૦૪ માં આજથી ૭ વર્ષ પહેલાં
રાજયના કુલ માર્ગો ૭૪૦૧૮ કિલોમીટરના હતા. આજે સાત વર્ષ વીતી ગયા અને શું સ્થિતિ છે? આજે ૭૪૧૧૨ કિલોમીટરના રસ્તાઓ આ સાત વર્ષના ગાળામાં સમગ્ર રાજયની અંદર તમામ કેટેગરી ભેગી કરીએ તો ફક્ત ૯૬ કિલોમીટરના રસ્તાઓ આ સરકારે બનાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, તમારી અને તમારી ચોપડીઓમાં જ છે. ચિંતા ના કરશો. તમારી પ્રસિદ્ધ કરેલી ચોપડીઓના આ આંકડા છે. વાઈબ્રન્ટ ગુજરાત. બિલકુલ દુ:ખી નથી. મારી ચિંતા તમે ન કરશો. તમે માત્ર તમારા પક્ષની જ ચિંતા કરો. વાઈબ્રન્ટના નામે મોટા મોટા ઈન્વેસ્ટમેન્ટની વાતો થાય. જે બે ગુજરાતની વાત કરું છું તે આમાંથી પ્રસ્થાપિત થાય છે. એક બાજું ગરીબ અને મધ્યમ વર્ગનું ગુજરાત છે. તેને પોતાના માટે ૨૫ એકરનો પ્લોટ જોઈતો હોય તો તેને વર્ષો નીકળી જાય. તેને કૂવો બનાવવા માટે નાનકડી જમીન જોઈતી હોય તો આ સરકારમાં તેને જમીન મળતાં વર્ષોના વર્ષો નીકળી જાય. એસ્સારને ફળવાયેલી જમીન, બીજી કંપનીઓને ફળવાયેલી જમીન..

**અધ્યક્ષશ્રી** : માનની શંકરભાઈ,

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અને કયા દરે, વાઈબ્રન્ટ ગુજરાતની આ સ્થિતિ છે.

**અધ્યક્ષશ્રી** : માનની સિદ્ધાર્થભાઈ આપનો સમય પૂરો થાય છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું બે મિનિટમાં પૂરું કરીશ. મારે સ્વર્ણિમ ગુજરાતની વાત કરવી છે. સ્વર્ણિમ ગુજરાત અને તેને મહાત્મા ગાંધીના નામ સાથે જોડી અને આપણે બહું મોટું મહાત્મા મંદિર બનાવી પ્રચાર કરવાનો એક પ્રયત્ન કર્યો છે. અમારા નેતાશ્રી જ્યારે બોલતા હતા ત્યારે આ રાજયના કાયદો અને વ્યવસ્થાના સંદર્ભમાં કેવા કેવા લોકોને હથિયારોના પરવાના અપાય છે તેની એમણે ચિંતા કરી. મારે તે વિષયમાં પડવું નથી. પણ જ્યારે મહાત્મા ગાંધીના નામે વાત કરીએ છીએ ત્યારે મારે ૩૦મી જાન્યુઆરીનો દાખલો આ સભાગૃહ સમક્ષ મૂકવો છે. ૩૦મી જાન્યુઆરી મહાત્મા ગાંધીના નિર્વાણ દિન નિમિત્તે પોરબંદરમાં કાર્યક્રમ થયો. મહાત્મા ગાંધીની જન્મભૂમિના સ્થળે કાર્યક્રમ થાય અને આ કાર્યક્રમની અંદર સામાન્ય રીતે શિરસ્તો એવો હોય કાં તો મુખ્યમંત્રી જાય કાં તો કોઈ જવાબદાર મંત્રીને મોકલવામાં આવે. પણ આ સરકારના શાસનમાં ૩૦મી જાન્યુઆરીના દિવસે પોરબંદરમાં થયેલા કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે એવી વ્યકિતને મોકલવામાં આવી કે જેના ઉપર ખનીજ ચોરીના આરોપો હોય. કયું મહાત્મા ગાંધીનું સન્માન કરવાની આપણે વાત કરી રહ્યા છીએ?. આ સરકાર, મારે બહું ગંભીરતા સાથે કહેવું છે નીતિનભાઈ. માનવ અધિકારોની સદંતર રીતે ઉપેક્ષા આ સરકારમાં કરવામાં આવી રહી છે. દલિતોની સ્થિતિ શું? દલિત સમાજ હોય, આદિવાસી સમાજ હોય, લઘુમતિ સમાજ હોય કે ખેડૂત હોય...

**અધ્યક્ષશ્રી** : માનની શંકરભાઈ. માનનીય સિદ્ધાર્થભાઈ આપના અન્ય સભ્યોને બિલકુલ સમય મળતો નથી. માનનીય શંકરભાઈ ચૌધરી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને માનનીય રાજયપાલશ્રીએ સંબોધન કર્યુ અને આ જ વિધાનસભાગૃહના અમારા સન્માનનીય સભ્ય રજનીભાઈ પટેલ આ રાજયપાલશ્રીના સંબોધનનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલાં સન્માનનીય સિદ્ધાર્થભાઈ આજે ગ્લાનિ સાથે રાજયપાલશ્રીના પ્રવચનની અંદર પોતાનો વિષય મૂક્યો. ગ્લાનિનું કારણ સ્વાભાવિક છે સમજી શકાય. તે વિષયની અંદર મારે નથી જવું. આ રાજય સરકાર ગરીબોનું કલ્યાણ કરવાવાળી સરકાર છે.
આ એ રાજય સરકાર છે કે જે એક હાથમાં નેનો રાખે છે અને બીજા હાથમાં નટ અને બજાણિયાને પણ રાખે છે. એક બાજુ નેનોના માધ્યમથી ગરીબમાં ગરીબ ઝુંપડામાં રહેતા માનવીને પણ મદદ કેવી રીતે કરી શકાય, ગરીબોનું કલ્યાણ કરવાવાળી, ગરીબોની ચિંતા કરવાવાળી આ સરકાર છે માનનીય અધ્યક્ષશ્રી, મારે એ બાબતનું ધ્યાન આ સભાગૃહના સૌ માનનીય સભ્યશ્રીઓના ધ્યાને મૂકવું હતું કે માનનીય અધ્યક્ષશ્રી હમણાં રાજય સરકારે ૩૫૦ જેટલા ગરીબ કલ્યાણ મેળા કર્યા, આ ગરીબ કલ્યાણ મેળામાં જે વિગતો ધ્યાનમાં આવી એ હું આપ સૌના ધ્યાન ઉપર મૂકું છું. મિત્રો, મેં કયારેય આ સભાગૃહના કોઈપણ સભ્યશ્રીને ડીસ્ટર્બ કરવા માટેનો પ્રયત્ન નથી કર્યો, અને એટલે જે સ્વાભાવિક રીતે જ અપેક્ષા રાખું કે મને કોઈ ડીસ્ટર્બ ન કરે અને સન્માનનીય વિરોધપક્ષના માનનીય નેતાશ્રી પણ આ બાબતે જરા ચિંતા કરશે, મને લેવાદેવા વગર પોલીટીકલ વિષયમાં શું કરવા લઈ જાઓ છો ? માનનીય અધ્યક્ષશ્રી, મારે એ બાબતનું ધ્યાન આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓના ધ્યાને મૂકવું છે કે, ગુજરાતની અંદર ગરીબ કલ્યાણ મેળો જ્યારે થયો ત્યારે ૫૦ વર્ષની આઝાદી પછી ૨,૪૫,૪૮૭ લોકોને માથે છત્ર ન હતું એને આવાસ આપ્યા, મકાન આપ્યા, ઉપર આભ નીચે ધરતી વચ્ચે જીવતો માણસ આઝાદીના ૫૦ વર્ષ પછી દેશની અંદર નવી દિશા આપવાનું કામ જો કોઈ જગ્યાએ થયું હોય તો એ ગુજરાતમાં થયું, ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ દિશા દેશને આપી છે. એ જ સ્થિતિ હતી આપણા રાજયની ગરીબ કલ્યાણ મેળાની અંદર ૬૦૧૭૮ જેટલા પરિવારોને પોતાનું સરનામુ લખવા માટે પ્લૉટની વ્યવસ્થા ન હતી એ વ્યવસ્થા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. આટલા મોટા પ્રમાણમાં પ્લૉટની વ્યવસ્થા આ સરકારે કરી છે. ૩ લાખ ૭૩ હજારની પણ વધારે લાભાર્થીઓને લાભ આપીને ૪૮૬૯૦૦૦ કરોડ રૂપિયાનું ડાયરેકટલી ગરીબોને હાથોહાથ સહાય આપીને ગરીબો માટેનુ કામ કરવાનું કામ હિન્દુસ્તાનમાં પહેલી વખત આ ભારતીય જનતા પાર્ટીની માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે. આ સરકાર પંડિત દીનદયાળ ઉપાધ્યાયે ચીંધેલા રસ્તા ઉપર ચાલવાવાળી સરકાર છે, પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ચીંધેલા રસ્તા ઉપર ચાલવાવાળી સરકાર છે. મહાત્મા ગાંધીજી, પૂજ્ય રવિશંકર મહારાજે જે સ્વપ્ન જોયાં હતાં એ સ્વપ્ન પૂરું કરવાનું કામ આ સરકાર કરી રહી છે. એ જ પૂજ્ય બાપુની, મહાત્મા ગાંધીજીની ઇચ્છા અધૂરી રહી ગઈ હતી અને એ ઇચ્છા એ હતી, મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું સ્વતંત્રતા મળ્યા પછી કે આ કોંગ્રેસનું વિસર્જન કરી નાખો. બાપુની આ અધૂરી ઇચ્છા પૂરી ન થઈ, ગુજરાતની અંદર રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોંગ્રેસનું વિસર્જન થાય, કોંગ્રેસના સૂપડાં સાફ થઈ જાય એ પ્રમાણેનું વિકાસનું કામ આ ભારતીય જનતાપાર્ટીની સરકાર કરી રહી છે મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન અહીંયાં મહાત્મા મંદિર માત્ર બને એટલું જ નહીં પણ એમનો જે સંકલ્પ હતો, એમના મનની જે ઇચ્છા હતી એ પણ અહીંયા પૂરી થઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર વિકાસનું વાવાઝોડુ આવ્યું, બધાય એને કહેતા હોય કે માનનીય નરેન્દ્રભાઈ મોદીનું વિકાસનું વાવાઝોડુ, એવું વાવાઝોડુ આવ્યું કે જિલ્લા પંચાયતની ચૂંટણીઓની અંદર ટોટલ જે ૮૦૪ સીટો હતી, એની અંદરથી કોંગ્રેસને માત્ર ૨૪૪ સીટો મળી, માત્ર ૨૪૪, અને ૫૪૮ સીટો ઉપર ભારતીય જનતા પાર્ટીને આ વિકાસના કારણે વિજય થયો. નગરપાલિકાની ચૂંટણીઓમાં વાવાઝોડુ આવ્યું તો એની અંદર પણ જે પરિણામ આવ્યું એમાં ટોટલ ૧૮૯૦ સીટો હતી, ૧૨૩૮ સીટો ઉપર ભારતીય જનતા પાર્ટીનો ઝંડો લહેરાયો, કોંગ્રેસને માત્રને માત્ર ૪૦૫ સીટો મળી, આ વિકાસનું વાવાઝોડુ, માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારને ૨૪૫૮ સીટો અને કોંગ્રેસને માત્ર ૧૪૩૭ સીટો મળી. માનનીય અધ્યક્ષશ્રી, મને લાગ્યું કે આ વાવાઝોડાના કારણે, આ વિકાસના વાવાઝોડાના કારણે ગુજરાતની પ્રજા જે વિકાસનું વાવાઝોડું લાવી એનાથી ઘણું બધું ધરાશીયી ગઈ ગયું અને આજે એ ધરાશયના ભાગરૂપે સર્જન-વિસર્જન થતું હોય છે એમાં માનનીય અર્જુનભાઈ, આપ માનનીય મુખ્યમંત્રીશ્રીનો સો ટકા આભાર માનો પરંતુ આપ તો એ પણ ચૂકી ગયા. આ વાવાઝોડું વિકાસનું ફૂંકાયું એના કારણે બહું મોટા પરિવર્તનો આવ્યા અને મોટા પરિવર્તનના ભાગરૂપે અહીંયા આગળ તમે પહોંચ્યા છો. આપને આભાર માનવો હોય તો માનો રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત પણ કહેવી હતી, અહીંયા વાત કરતા હતા કાયદો અને વ્યવસ્થાની એ કાયદો અને વ્યવસ્થા પોરબંદરની હદમાં પ્રવેશીએ ત્યારે એવી વાત સાંભળવા મળતી કે કાયદો અને વ્યવસ્થાનું

રાજ અહીંથી ખતમ થાય છે. આ ક્યા શાસનમાં હતું? મારે એ પણ વાત ધ્યાન ઉપર મૂકવી છે કે તમારી સરકારની અંદર કોંગ્રેસના મંત્રીશ્રી વલ્લભભાઈની હત્યા ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદનના કાર્યક્રમમાં થઈ એ કઈ સરકારમાં થઈ હતી? મંત્રીશ્રીની ગાડીની અંદર શસ્ત્રોની હેરાફેરી થતી હતી એ વખતે કઈ સરકાર હતી? એ વખતે ભારતીય જનતા પાર્ટીની સરકાર ન હતી. મંત્રીશ્રીની લાલ લાઈટવાળી ગાડીમાં શસ્તોની હેરાફેરી થતી હોય ત્યારે વિચાર કરો કાયદો અને વ્યવસ્થાની શું સ્થિતિ હશે? તમને બોલવાનો કોઈ અધિકાર જ નથી. અત્યારે ત્રાસવાદને ડામવા માટેનું કામ રાજયની સરકાર જ્યારે કરી રહી હોય ત્યારે દેશના દુશ્મનોને મદદ થાય એવું ભૂલથી પણ જો ક્યાય સ્ટેટમેન્ટ જશે તો એ યોગ્ય નહીં ગણાય. મારે એક બાબત બધાના ધ્યાન ઉપર મૂકવી છે. (અંતરાય)

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી તો આપના મારફત એટલી જ વિનંતી છે કે, આ રીતે લાલ લાઈટ અને આ તે જૂની વાતો કરશો. પી.એમ.ફંડ, ધારાસભ્યશ્રીએ શું કર્યું, હાઈકોર્ટનો આદેશ આવી ગયો એ પછી આ બધી બાબત આપણે નથી લાવતા. વ્યકિતગતમાં આપણે ઉતરતા નથી ત્યારે તમે અમને કમ્પેલ ન કરશો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ હું એ વાત કરું છું કે ત્યાં આગળ કચ્છ ઓળખાતું હતું ઈભલા શેખના નામે, અમદાવાદ ઓળખાતું હતું લતીફના નામે, વડોદરા ઓળખાતું હતું રાજુ રીસાલદારના નામે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત એવી સરકાર આવી છે કે દંગા બંધ, કરફ્યુ બંધ, ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર પ્રજા નિર્ભયતાપૂર્વક રહી શકે છે ત્યારે માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવને હું મારું સમર્જન કરું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા (જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં ઘણાં માનનીય ધારાસભ્યશ્રીઓને બહુ જ પ્રેમથી અને શાંતિથી સાંભળ્યા છે. કોઈ પણ અભિમાન કરવાની જરૂર નથી. ચણોઠીએ પણ અભિમાન કરેલું તો ચણોઠીના અભિમાન પછી ભગવાને કહ્યું કે તારું મોઢું પણ કાળું થશે. તો ચણોઠીનું મોઢું પણ આજે કાળું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવાનું છે કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ચોગ્ગા-છગ્ગાની યોજનાનો વરસાદ ગુજરાતમાં વરસાવ્યો છે. મારે એટલું જ જાણવું છે કે સરહદી ગામોમાં આવાસો, આદિવાસી કુટુંબોને પીવાનું પાણી, આવાસમાં વીજળીકરણ, રોજગારીની તકો, શિક્ષણને ઉત્તેજન મળે તેવી કાર્યવાહી અમે ગુજરાતમાં પૂરી કરી છે. ત્યારે મારે એટલું જ જાણવું છે કે, એમણે કહ્યું કે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દસ મુદ્દાનો જે કાર્યક્રમ જાહેર કરેલો એ કાર્યક્રમમાં એમણે એમ કહ્યું કે પાંચ વર્ષમાં ગુજરાતના તમામ આદિવાસી વિસ્તારોની અંદર એને રહેવાના મકાનો બંધાઈ જશે. આજે આ વાતને ચાર વર્ષ પૂરા થયાં પણ આદિવાસી વિસ્તારમાં રહેવાના કોઈ મકાનો પૂરેપૂરા બંધાયા નથી. માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ પણ કહ્યું હતું કે, ગુજરાતના આદિવાસીઓને ઘરેઘરે પાઈપલાઈનથી પીવાનું પાણી ગુજરાતની ધરતી ઉપર મળશે. પરંતુ આજે આ ચાર પાંચ વર્ષના ગાળામાં પાઈપલાઈનથી કોઈને પણ પીવાનું પાણી મળ્યું નથી એકલા હેન્ડપંપો જ થયા છે. આદિવાસીઓને ભોળવવા માટે ખોટા ખોટા વચનો અપાય છે. અત્યારે તો આદિવાસીઓની યોજના એકલી DISAG યોજના બનાવીને ગુજરાતમાં DISAG યોજના મારફત જ આ કરોડો રૂપિયાના કામો કોઈ પણ જાતના ટેન્ડર આપ્યા વગર થાય છે અને DISAG ના કામો કોઈ મંજૂરી સિવાય થાય છે અને એ મળતિયાઓને આ કામો મળે છે એની પણ તપાસ કરવા માટે મારી વિનંતી છે.

સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફીમાં મુક્તિ આપવા માટે આદિજાતિ વિકાસ વિભાગે ક્રમાંક : સફક/૨૦૨૦૮/નબ/૩૯/ગ સચિવાલય, ગાંધીનગરથી તારીખ ૧૧-૧૧-૨૦૦૯ના રોજ એક પરિપત્ર કરેલો. તેમાં જે આદિવાસી વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ ભણતાં હોય એવા લોકોને શિષ્યવૃત્તિની રકમો ચૂકવવી તેવું જણાવેલ. આ પરિપત્રના મુદ્દા નંબર-૭ અને ૮ મુજબ જસ્ટિસ આર.જે. શાહ સમિતિએ સેલ્ફ ફાઈનાન્સ કોલેજો માટે નક્કી કરેલ ફી પરત કરવામાં આવશે અને આ યોજના અંગેનું ખર્ચ તારીખ ૧-૮-૨૦૦૯થી કરવાનું રહેશે અને વર્ષ ૨૦૦૮-૦૯ થી યોજના અમલી બનશે. આ પ્રકારનો ઠરાવ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા થયો છે, પરંતુ કેટલાક જ જિલ્લાઓમાં વર્ષ ૨૦૦૮-૦૯ની ટ્યુશન ફી ચૂકવવામાં આવી છે, જ્યારે મોટાભાગના જિલ્લાઓમાં ટ્યુશન ફી આજદિન સુધી ચૂકવાઈ નથી. મેં અનેક લેખિત ફરિયાદો કરી, માનનીય રાજયપાલશ્રીને પણ મેં લેખિત ફરિયાદ કરી અને ગુજરાતના પ્રચલિત અખબારોમાં પણ એની મેં જાહેરાત કરી કે અનસૂચિત જનજાતિના વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓને ટ્યુશન ફી આજદિન સુધી ચૂકવાઈ નથી. આ સમાચાર પ્રસિદ્ધ થયાં પછી આ સરકાર સફાળે જાગી અને તારીખ ૧૯-૨-૨૦૧૧ના રોજ એક વર્ષ અને ચાર મહિના પછી આટલા લાંબા સમય પછી આ સુધારો ૨૦૦૮-૦૯થી અમલી બને તેના બદલે ૨૦૦૯-૧૦થી અમલ થયેલ છે તો મારી વિનંતી એટલી જ છે કે, આવા સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને આજસુધી શિષ્યવૃત્તિની રકમો ચૂકવાઈ નથી તે રકમ તાત્કાલિક ચૂકવવા માટે સરકાર પગલાં ભરે.

ગુજરાતમાં ૪૫૦ જેટલી પી.ટી.સી. કોલેજો છે એમાં પણ ટ્યુશન ફી આપવાની જોગવાઈ છે. આ ૪૫૦ કોલેજોમાં સંખ્યા ન થવાના કારણે ધોરણ-૧૨માં ભણતાં વિદ્યાર્થીઓ પાસેથી પાંચ પાંચ હજાર રૂપિયા આપીને એના સર્ટીફિકેટો લઈ લીધા અને ગુજરાતમાં એવી સેલ્ફ ફાઈનાન્સ પી.ટી.સી. કોલેજો આ આદિવાસી વિદ્યાર્થીઓના નામે ૨૧-૨૧ હજાર રૂપિયા લઈ લીધા અને આમાં જબરજસ્ત મોટો ભ્રષ્ટાચાર થયો છે. જે કોલેજોમાં પ્રેકટીકલ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને બેસવાનું હતું એમાં પ્રેકટીકલ પરીક્ષા માટે કોઈ વિદ્યાર્થીઓ બેઠાં નહિ. પચાસ ટકા વિદ્યાર્થીઓના પૈસા લઈ લીધા એની પણ સરકાર તપાસ કરે અને કરોડો રૂપિયાનો જે ભ્રષ્ટાચાર થયો છે એ તરફ પણ હું આપનું ધ્યાન દોરું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય સભ્યશ્રી રજનીભાઈ પટેલ મહામહિમ્ રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય રાજયપાલશ્રીએ તેમના આ સ્વર્ણિમ વર્ષના બજેટના સત્રના પ્રવચનમાં પ્રારંભમાં રાષ્ટ્રપિતા પૂજય મહાત્મા ગાંધીજી અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કર્યા છે. પૂજય મહાત્મા ગાંધીજીએ સન ૧૯૧૭માં સાબરમતી નદીના તીરે આશ્રમ સ્થાપીને આ રાજયમાંથી, આ દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢી આ દેશને આઝાદ બનાવવા માટેનો સંકલ્પ નકકી કર્યો હતો અને આજે ૯૩ વર્ષ બાદ એ જે મહાત્મા ગાંધીજીના નામ ઉપરથી ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં મહાત્મા મંદિર .. ..
દેશને સુપર પાવર બનાવવાનો એજન્ડા નક્કી કર્યો છે મહાત્મા મંદિરની અંદર.

**અધ્યક્ષશ્રી** : જોષીયારાજી પ્લીઝ, તેમને બોલવા દો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ ગુજરાતની ભૂમિ ઉપર આનાથી સ્વર્ણિમ કોઈ સમય ના હોઈ શકે ? આજે ૨૦.૮૧ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા છે વાયબ્રન્ટ ગુજરાતમાં અને ૫૨ લાખથી વધુ લોકોને જ્યારે રોજગારી મળવાની છે ત્યારે આ સમીટની અંદર હું પણ હાજર હતો અને આઈ.સી.આઈ.સી. બેન્કના ચીફ વડા શ્રીમતી ચંદા કોચરનું વિધાન મને આજે યાદ છે તેમનું વાયબ્રન્ટ વિધાન એ હતું કે દુનિયા આખી ભારત તરફ મીટ માંડીને બેઠી છે ત્યારે સમગ્ર દેશની નજર ગુજરાતના વિકાસ પર છે. આજે મહાત્મા ગાંધી મંદિરની અંદર મળેલી વાયબ્રન્ટ જે સમીટ હતી તે ખરેખર આ દેશને આર્થિક મહાસત્તા બનાવવાનો ટર્નિંગ પોઈન્ટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે દેશની અંદર અને તેમાં ગુજરાતની અંદર બાવન જેટલાં સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન ગુજરાતને ફાળે આવ્યા છે ગુજરાતમાં જમીન બાબતે કોઈ મોટા આંદોલનો નથી થયા, કોઈ દાવાદુવી નથી થઈ ત્યારે મારે મહેસૂલ વિભાગને અભિનંદન આપવા છે કે આ જે ગુજરાતની અંદર આટલા આટલા ઉદ્યોગો આવે અને વિના આંદોલને આ ઉદ્યોગો આજે સ્થપાય રહ્યાં છે પરંતુ વિપક્ષ જ્યારે વાતે અને વાતે રાજયના મુખ્યમંત્રીની ટીકા કરે, સરકારની ટીકા કરે અને વાતે અને વાતે કહે કે આ સરકાર પૈસાદારની સરકાર છે. આ સરકાર માલેતુજારની સરકાર છે તેમ કહીને આના માટે મારે આપણાં રાજયના મુખ્યમંત્રી છે તેણે વાયબ્રન્ટ સમીટની અંદર તેમણે સમાપન ભાષણમાં કહ્યું હતું કે, આ વાયબ્રન્ટ સમીટને હું ગુજરાતના યુવાનો અને માતૃશકિતને અર્પણ કરું છું અને વિશ્વભરના ઉદ્યોગપતિઓને ગુજરાતમાં તેડાવીને અંતે તો હું ગુજરાતના ગરીબોના આંસુ લૂછવા માંગુ છું. આ એમનું સમાપન ભાષણ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે જ્યારે પ્રજાનું કામ રાજયના મુખ્યમંત્રી પ્રજાની સેવા કરી રહ્યાં છે ત્યારે વિરોધપક્ષના મિત્રોની ટીકા પણ અમારા મુખ્યમંત્રીશ્રીનો આત્મવિશ્વાસ ડગાવી શકશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારે તેમના જ શબ્દોની અંદર તેમના વિપક્ષના મિત્રોને જવાબ આપવો છે તે આપણાં મુખ્યમંત્રી તે પણ એક કવિ છે અને તેમના કવિ હ્રદયમાંથી નીકળેલા શબ્દોથી તેમને જવાબ આપવો છે. કવિતાના શબ્દો છે

" પ્રારબ્ધને અહીં ગાંઠે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું,
હું તેજ ઉછીનું નહીં લઉં, હું જાતે બળતું ફાનસ છું.
ધુમ્મસમાં મને રસ નથી, હું ખુલ્લો અને નિખાલસ છું,
હું પોતે જ મારો વંશજ છું, હું પોતે જ મારો વારસ છું.
પ્રારબ્ધને અહીં ગાંઠે છે કોણ ? હું પડકાર ઝીલનારો માણસ છું. "

આ રાજયના માનનીય મુખ્યમંત્રીને આ વિપક્ષના સભ્યોને જેને કહેવાય કે તેઓ રાજયના મુખ્યમંત્રીની વારંવાર ટીકા કરે છે. પગ નીચે નથી મૂકતાં. પગ નીચે મૂકવાની વાત ના કરો રાજયના મુખ્યમંત્રીએ આ ગુજરાત માટે જે કર્યુ છે ખરેખર મને તો અર્જુનભાઈ ઉપર દયા આવે છે કારણ કે અર્જુનભાઈ વાતે વાતે ટાટા કરે, વાતે વાતે ટાટા કરે. આ રાજયની પ્રજાએ ગુજરાતની અંદર તાલુકા પંચાયતમાં ટાટા કર્યા, કોર્પોરેશનમાં ટાટા કર્યા અને હમણાં નગરપાલિકામાં પણ ટાટા કર્યા. હવે ટાટા બંધ થાય તો વધારે સારું. મને એમ હતું કે આજે તો દિલ્હી

પગે લાગવા જશે પણ આ તો અર્જુનભાઈ તો સભાગૃહની અંદર હાજર છે. .. (અંતરાય) જ્યારે સરકાર આટલું કામ કરી રહી હોય ત્યારે મારે મહેસૂલ વિભાગને અભિનંદન આપવા છે.
આજે નર્મદા યોજનાના સંપાદનની બાબતમાં રાજયના મુખ્યમંત્રીશ્રી દર કેબિનેટમાં આ બાબતનો રીવ્યુ લે અને મહેસૂલ મંત્રીશ્રી દરરોજ એમના ઘરે અધિકારીઓને બોલાવીને જમીન સંપાદનની બાબતમાં સરકારની ચિંતા કરીને નર્મદાની નહેર બનાવવાનું ચાલુ થયું છે અને ખેડૂતોને વહેલી તકે પાણી મળે તેવા પ્રયત્નો કરે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રાગજીભાઈ, આપનું પૂરું થાય છે. માનનીય ખુમાનસિંહભાઈ, આપને ૪ મિનિટ મળે છે.

**શ્રી ખુમાનસિંહ ર઼. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય મારા પરમ મિત્ર માનનીય રજનીભાઈ પટેલ નામદાર રાજયપાલશ્રીના પ્રવચન બદલ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, ત્યારે આ આભાર પ્રસ્તાવનો આભાર માનતા એક દુ:ખની લાગણી તો અનુભવું છું, પણ સાથોસાથ જે ગુજરાતના બંધારણીય વડા ગણાય, જેની બંધારણીય જવાબદારી છે, એવી વ્યકિત જયારે આ ગૃહમાં સરકારની દિશા અને દ્રષ્ટિ અને ઈચ્છાશકિત હોય, એનું પ્રતિબિંબ પાડતા હોય ત્યારે આ આભાર પ્રસ્તાવમાં આભાર માનતા પહેલા હું ખૂબ દુ:ખ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ આભાર પ્રસ્તાવ શાનો? સરકાર એની દ્રષ્ટિ, ઈચ્છાશકિતનું પ્રતિબિંબ આ ગૃહમાં પાડે છે. ચૂંટણીઓ હોય અને આપણે વચનો આપીને આવ્યા હોઈએ કે અમે તમારું આમ કરીશું, તેમ કરીશું ગુજરાતને હરિયાળું બનાવીશું. ગુજરાતને મોડેલ સ્ટેટ બનાવીશું. આવી વાતોની પ્રતીતિ પાડતી સરકારની જે વાત હોય, સરકારની જે ઈચ્છા હોય, જે દ્રષ્ટિબિંદુ હોય એ આભાર પ્રસ્તાવમાં હોય. મને કહેતા દુ:ખ થાય છે કે તેઓ બંધારણીય વડા છે, ત્યારે એમણે કદાચ આ સરકારના અધિકારીઓ જે સરકારના હાથપગ કહેવાય, એમને બોલાવીને કદાચ જે તે વિભાગના અધિકારીઓને બોલાવીને પૃચ્છા કે ચર્ચા કરી હોત અને સરકારની જે ઈચ્છા છે તે ઈચ્છાને જાણવાનો પ્રયત્ન કર્યો હોત તો મને લાગે છે કે હું આભાર પ્રસ્તાવને અનુમોદન આપત. પણ, માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો સારી રીતે અભ્યાસ કર્યો છે, ત્યારે મને એમ થાય છે કે બંધારણીય વડાએ પણ આ સરકારને કોઈક રીતે ટકોર કરવાનો પ્રયત્ન કર્યો હોત તો મને આનંદ થાત. પરંતુ આજે સમગ્ર ગુજરાતમાં એક ખેડૂતના દીકરા તરીકે આ વિધાનસભામાં ૧૯૯૮થી ચાર ચાર વાર ચૂંટાઈ ધારાસભ્ય તરીકે અહીં આવ્યો છું, ત્યારે મને એમ થાય છે કે આ ગુજરાતમાં આખો દેશ ખેતીપ્રધાન હોય અને ગુજરાતમાં ખેડૂતોની સંખ્યા મોટા પ્રમાણમાં હોય અને છેલ્લા દસ, પંદર વર્ષથી ગુજરાતને, ગુજરાતના ખેડૂતોને વીજળીના કનેકશન મળતા નથી. અહીંયા બેઠેલા આ ગુજરાતની વિધાનસભાના ૯૫ ટકા સભ્યો ખેડૂતના દીકરા છે. વાહ, વાહ, વાહ, વાહ. નરેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ. અલ્યા, મુજ વીતી, તુજ વીતશે. ધીરી બાપુડીયા. ૧૪૩ સીટો ભૂતકાળમાં કોંગ્રેસ લઈને આવી છે. આ તો ઠીક છે કે એક ગતકડું નીકળ્યું અને એ ગતકડામાં રામના નામે પથરાં તર્યા છે. પણ એવો સમય આવશે કે મુજ વીતી, તુજ વીતશે, બોલતી પણ બંધ થઈ જશે. ધીરી બાપુડીયા, ધીરી બાપુડીયા.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વીજળીના કનેકશન નથી મળતા. એટલું મોટું લિસ્ટ છે કે એ લિસ્ટને આપણે સંતોષ આપી શકીએ તેમ નથી. એક તરફ કુદરતી આફતો આવતી જાય છે. સારો વરસાદ પડયો, બે ઋતુના દર્શન થાય છે. બે ઋતુના અનુભવ થાય છે. ત્યારે વહેલી તકે વીજળીના કનેકશન મળે એવું એમણે આ પ્રવચનમાં બતાવ્યુ હોત તો ખેડૂતના દીકરા તરીકે આનંદ થાત. પણ કૃષિ વિભાગની વાત જોઈ ત્યારે નિરાશા છે. કેવી રીતે આ વાતને સમર્થન આપી શકાય.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. માનનીય કાળુભાઈ.

**શ્રી ખુમાનસિંહ ર઼. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. હું ગુજરાતના પોલીસ કમિશનરને એક આવેદનપત્ર આપવા ગયો. ગુજરાતના પોલીસ કમિશનરે પણ મારી વાત સાંભળવાના બદલે ધારાસભ્ય હતો અને મારી વાત ના સાંભળી. એની તપાસ માગી. એની તપાસ.

**અધ્યક્ષશ્રી** : માનનીય ખુમાનસિંહભાઈ, આપ બેસી જાઓ. માનનીય કાળુભાઈ.

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહોદય રાજયપાલશ્રીના આ ગૃહને સંબોધન માટે આ ગૃહના માનનીય સભ્યશ્રી રજનીકાંત પટેલ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાત આજે ખૂબ ખૂબ વિકાસ પામી રહ્યું છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પણ ખૂશખૂશાલ દેખાય છે. મને કહેતાં ગૌરવ થાય છે કે માનનીય મહોદય રાજયપાલશ્રીના પ્રવચનમાં જયારે નજર નાંખીએ તો સમગ્ર દેશમાં ગુજરાત જેવું એકપણ રાજય જોવા મળતું નથી. એકે એક વિષય ઉપર તેમની વાત છે. મહોદય રાજયપાલશ્રીની જે કલ્પના છે અને વાત કરી છે એમાં પૂજય મહાત્મા ગાંધીજી અને શ્રી સરદાર પટેલની વાત કરી છે. આ નેતાઓની જે કલ્પના હતી એ છેલ્લે છેલ્લે શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવતાં તેમની કલ્પના પરિપૂર્ણ થવાને આરે આવી છે. આજે સમગ્ર ગુજરાતના ખેડૂતો અને નાનામાં નાનો મજૂર ખૂશખૂશાલ હાલતમાં છે. એકે એક વિષયની હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતનો દીકરો છું અને ખેતી વિષે મને ખૂબ માહિતી હોય એ સ્વાભાવિક છે. લાંબાગળામાં ગુજરાતનો જે વિકાસ થયો, ખરેખર ગુજરાતનો જો વિકાસ કરવો હોય તો જળસંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, કૃષિ વિભાગ અને ઉર્જા વિભાગ જોઆ બધા વિભાગો માફરતે. જો પૂરેપૂરી સગવડ આપવામાં આવે તો સો ટકા ગુજરાતનો વિકાસ થાય અને છેલ્લા ૧૦ વર્ષમાં અને એમાંય છેલ્લા ત્રીજા વર્ષમાં વિકાસની હરણફાળ ભરાઈ છે. બધાને સાથે રાખીને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરી છે એના કારણે ગુજરાત હરિયાળું બન્યું છે. ભારત સરકારે જળસંપત્તિ વિભાગ હોય, શહેરી વિકાસ વિભાગની યોજનાઓ હોય કે કૃષિ વિકાસ હોય, સમગ્ર દેશમા એમને સારા સારા એવોર્ડ આપવામાં આવ્યા છે અને એટલા માટે અમે ગૌરવ લઈ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માર્ગ અને મકાન વિભાગની વાત કરવી છે. માર્ગ અનેમકાન વિભાગમાં કામગીરી થઈ છે એ ખરેખર તો દેશ અને રાજયનો વિકાસ કરવો હોય તો પહેલાં રાજયમાં અને દેશમાં ખૂબ સારા રસ્તા હોવા જોઈએ. ગુજરાત જેવા વિકસીત રાજય માટેરસ્તાઓનું માળખું અતિ સુદ્રઢ હોવું જરૂરી છે. રાજયનો સર્વાગી અને સુદ્રઢ વિકાસ થાય એ માટે નવી યોજનાઓ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી છે. સરકારે એક નવો અભિગમ કે ખાનગી ક્ષેત્રને મહત્વના માર્ગના વિકાસ કામમાં જોતર્યુ છે.એમાં પહેલી કામગીરી અમદાવાદ-વિરમગામ-માળિયા, હાલોલ-ગોધરા-શામળાજી અને રાજકોટ-જામનગર-વાડીનાર જેવા ૪૮૫ કિલોમિટરના રસ્તા ચાર માર્ગીય બનાવવાની કામગીરી ૨૧૯૨ કરોડ રૂપિયાને ખર્ચે થનાર છે.તો આને વિકાસ કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની વાત કરીએ તો ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવા તેમજ સુવિધાઓ વિકસાવવા અને ગ્રામ્ય ડામર સપાટીવાળા રસ્તા આપવામાં અને જે રીતે કૃષિ અર્થતંત્રને વેગ આપવા માટે ૫૭૬ કરોડ રૂપિયાના ખર્ચે કિસાનપથના રસ્તાઓ બનાવ્યા છે. આજે અમે ગામડામાં જઈને ચેલેન્જથી કહી શકીએ છીએ કે ગામનો કોઈપણ નાગરિક સવારે ગામ બહાર નીકળે અને એનું મુખ જે મોંઢે હોય એ મોંઢે ચાલે તો એને રસ્તો મળે.રસ્તાની અગાઉની પરિસ્થિતિ કેવી હતી એ આ સભાગૃહમાં બેઠેલ તમામ સભ્યશ્રીઓ આપણે જાણીએ છીએ. ગામડાંમાં એક કહેવત હતી કે ધોલ મારીને મોઢું લાલ રાખવું પડે, તેવું છે. દસ વર્ષ પહેલાની પરિસ્થિતિ અને આજની પરિસ્થિતિ જોઈએ તો ખ્યાલ આવશે. મારે જળ સંપત્તિની પણ વાત કરવી છે. જળ સંપતિના કારણે ગુજરાત એક આગવું સ્થાન ધરાવે છે. જળ સંપત્તિના ચેક ડેમો, તળાવો બન્યા છે અને ખાસ મારે કહેવું છે કે નર્મદા બંધનું કામ પુર્ણતાના આરે આવ્યું છે અને ત્યાર પછી સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં જે કામ કરવામાં આવ્યું છે, અને દરિયાની ખારાશ અટકાવવા માટે બંધારા, જળાશયો અને બીજા જે કામો થયા છે તેમાં ૪૪ જેટલા કામો હાથ ધરાયા હતા અને ૪૦ કામો તો પૂરા થયા છે. પંચમહાલ જિલ્લા, શહેર ગોધરા અને લુણાવાડા

તાલુકાના ૭૫ ગામોની ૧૮ હજાર હેકટર આદિવાસી વિસ્તારની જમીનમાં સિંચાઈની સવલત મળે છે. સન્માનનીય સભ્યશ્રીઓ આદિવાસી વિસ્તારની ચિંતા કરતા હતા. એટલે મારે આ કહેવું પડે છે. અત્યાર સુધી આદિજાતિ લોકોને સરકાર તરફથી કયારેય આટલું પ્રોત્સાહન મળ્યું નહોતું. દક્ષિણ ગુજરાતમાં ૯૭૦૦ હેકટર આદિજાતિ વિસ્તારને સિંચાઈની સવલત માટે ઉકાઈનું કામ પણ પૂર્ણતાના આરે આવેલું છે અને કેનાલના કામો પ્રગતિમાં છે. રાજયનો વિકાસ જળ સંપત્તિ દ્વારા થવાનો છે. એવી જ રીતે આ સરકાર દ્વારા રાજયના પાણીની અછત વાળા વિસ્તારો સુધી મોટા પ્રમાણમાં પાણી પહોંચાડવાના કાર્યક્રમના ફળ સ્વરૂપે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને પીવાના પાણીની અછતથી મુકત કરવા માટે રાજયના ૧૦૬૭૫ કામો અને ૧૨૭ શહેરોમાં ૩.૫૮ કરોડોની વસતિને રાજય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડમાં આવરી લઈ અને દરરોજ ૨૦૦ કરોડ લીટરથી વધુ પાણી પહોંચાડવામાં આવે છે. અત્યાર સુધીમાં પાણી પુરવઠા હેઠળ ૨૧૭૮ કિલો મીટર પ્લગ પાઈપલાઈનની અને ૧ લાખ ૧૬ હજાર કિલો મીટર ઉપરાંતની વિસ્તરણ પાઈપનો અને ૧૫૫ જેટલા ઈરીગેશન પ્લાન્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે. આ સરકાર એક એક વિષય ઉપર કામ કરી રહી છે. મારે કૃષિ અને પશુ પાલનની પણ વાત કરવી છે. કૃષિ અને પશુપાલનમાં આ રાજય ખેતી પ્રધાન રાજય છે. ખેડૂતોનું રાજય છે. ૭૦ ટકા વસતિ ખેતી આધારિત જીવન જીવે છે. અને એમની પાછળ ગ્રામ્ય વિસ્તારમાં ખેત મજૂરી કરીને રોજી રોટી મેળવતા ખેત મજૂરો હંમેશા ખેડૂતોની પાછળ હોય છે. ત્યારે કૃષિ આધારિત આ રાજય અને કૃષિ અને પશુપાલન પાછળ લાંબા ગાળાનું આયોજન અને ખેડૂત લક્ષી અભિગમને કારણે દસમી પંચવર્ષીય યોજના દરમિયાન ગુજરાત પશુપાલ અને કૃષિ વિકાસાદરમાંમાં આ રાજયે સમગ્ર દેશમાં ૧૦.૫૧ ટકા વિકાસદર હાંસલ કર્યો છે. તે મહત્વની સિધ્ધી છે. આ વર્ષે ૨૦૧૦માં ખાદ્ય પાકોના ઉત્પાદનની વાત કરું તો ૬૩.૫૦ લાખ મેટ્રીક ટન તેલીબીયા પાકનું ઉત્પાદન થયું છે. માનનીય અધ્યક્ષશ્રી ૩૦ લાખ પાંચ હજાર મેટ્રીક ટન થયું છે. મારે બી.ટી. કપાસની વાત પણ કરવી છે. આજે સૌરાષ્ટ્રમાં જયારે અમે પ્રવાસ કરતા હોઈએ છીએ ત્યારે ખેડૂતોના મોઢા ઉપર જોઈએ ને તો તેઓ એમ કહે છે કે આ સરકારની નીતિના કારણે બી.ટી. કપાસને કારણે કોઈ પણ એવો ખેડૂત નથી કે જેને ૫૦૦ મણ કપાસ ન થયો હોય, અને સરકારની નીતિના કારણે પોષણક્ષમ ભાવો પણ મળે છે. અને સમગ્ર ગુજરાતમાં કપાસનું ઉત્પાદન ૧૦૪.૫૫ લાખ ગાંસડીનું થવાનો અંદાજ છે. ગુજરાતમાં ૩૦.૪૨ લાખ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ તથા ૨૪ લાખ કરતા વધારે ખેડૂતોને વિકાસ ક્રેડીટ કાર્ડ આપવામાં આવ્યા છે. ખેડૂતોને સોલઈ કાર્ડ આપવાનું કામ ભાજપની સરકાર કરે છે. અગાઉની સરકારોમાં માણસોને હેલ્થ કાર્ડ પણ નહોતા આપી શકાતા, અને માણસની તબીયતના સમાચાર નહોતા પૂછી શકતા. ત્યારે આજે આવું કામ ગુજરાતની સરકાર કરી રહી છે ત્યારે મને કહેતા આનંદ થાય છે. મારે આદિવાસીની પણ વાત કરવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી આપનું પ્રવચન પુરું થાય છે. વિરામનો સમય થયો છે.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રીઅધ્યક્ષસ્થાને**

# બિન સરકારી વિધેયકો

**દાખલ કરવાનાં બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૧૦નું ગુજરાત વિધેયક ક્રમાંક**

**ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૧૦**

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ,૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક**

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૦નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૦નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૧૧નું ગુજરાત વિધેયક ક્રમાંક**

**ગુજરાત રાજય રમતવીર પ્રોત્સાહન વિધેયક, ૨૦૧૧**

**રાજયના અગ્રણી રમતવીરોને સહાય અને પ્રોત્સાહન પૂરું પાડવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી દુષ્યંતભાઈ પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૧નું ગુજરાત રમતવીર પ્રોત્સાહન વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી દુષ્યંતભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧નું ગુજરાત રમતવીર પ્રોત્સાહન વિધેયક દાખલ કરુ છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો**

**સચિવશ્રી :**સન ૨૦૦૮નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૦૮નું ગુજરાત કાળા જાદુ અને અનિષ્ટ અને અઘોરીના વ્યવસાયનું નિર્મૂલન કરવા બાબત વિધેયક( પ્રભારી સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયા)..... થોડીવાર બાદ..... માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ...ગેરહાજર.

**સચિવશ્રી:** સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૧૦નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયક... થોડીવાર બાદ..... માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા..ગેરહાજર

**સચિવશ્રી:** સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૦નું ગુજરાત જાહેર દિવાલો ઉપર દોરીને બનાવાતા ફોટાગ્રાફ અને પોસ્ટરોવાળી જાહેરખબર ઉપર પ્રતિબંધ વિધેયક.... થોડીવાર બાદ....માનનીય સભ્યશ્રી સાબીરભાઈ ખેડાવાલા.. ગેરહાજર

**સચિવશ્રી :** સન ૨૦૧૦નું વિધેયક ક્રમાંક-૧૩-સન ૨૦૧૦નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક.... થોડીવાર બાદ... માનનીય સભ્યશ્રી રાકેશભાઈ શાહ.. ગેરહાજર

**સભાગૃહનું કામકાજ બપોરના ૩.૧૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૧ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૧**

**ફાલ્ગુન ૧૩, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**બારડોલી અને માંડવી તાલુકાના ગામોમાં પાણીની ઓવરહેડ ટાંકી**

*** ૧૮૭૭૪ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા:૩૧-૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠા ખાતા દ્વારા કેટલા ગામોમાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકી તથા સંપ બનાવવામાં આવ્યા છે,

(૨) તા:૩૧-૧-૧૧ની સ્થિતિએ આ ઓવરહેડ ટાંકી તથા સંપ બંધ હાલતમાં પડેલા છે, અને

(૩) સરકાર કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવા માગે છે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:-**

(૧) અને (૨) : નીચેની વિગતે

| **તાલુકો** | **બનાવવામાં આવેલ ઓવરહેડ ટાંકી ગામોમાં** | **બંધહાલતમાં ઓવરહેડ ટાંકી** | **બનાવવામાં આવેલ સંપ ગામોાં** | **બંધ હાલતમાં સંપ** |
|---|---|---|---|---|
| માંડવી | ૭૫ | ૧ | ૨૯ | ૦ |
| બારડોલી | ૭૧ | ૧ | ૦ | ૦ |

(૩) ક્રમશ: ૩૧-૩-૨૦૧૧ સુધીમાં ફરીથી શરૂ કરાવવાનું આયોજન છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ઓવરહેન્ડ ટાંકીઓ બારડોલી અને માંડવી તાલુકામાં માત્ર એક -એક બતાવવામાં આવેલ છે, વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે મારી પાસે જે માહિતી છે, બારડોલી તાલુકામાં ૧૧ અને માંડવી તાલુકામાં ૧૭ ટાંકીઓ આજની તારીખમાં બંધ છે તો મંત્રીશ્રી આજે જ મારી સાથે આ ટાંકીઓનું નિરીક્ષણ કરવા માટે આજે તૈયાર છે કે કેમ? પહેલી વાત એ અને બીજું, સુરત જિલ્લાની જે ટાંકીઓની માહિતી જે ગૃહમાં ખોટી આપવામાં આવી છે તેનું કારણ, માનનીય મંત્રીશ્રી પાસે પુરવઠા વિભાગમાં કર્મચારીઓની ખોટ છે તેની ભરતી કરવા માગે છે કે કેમ સત્વરે, અને બીજું વીજ જોડાણને કારણે કેટલી ટાંકીઓ બંધ છે? અને મોટર નાખવાને કારણે કેટલી ટાંકીઓ બંધ છે તેની માહિતી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે ગઈ વખતે માનનીય સભ્યશ્રીએ આવી જ ચેલેન્જ મને કરી હતી કે તમે જોવા આવો, પછી મેં સભ્યોને કાગળ લખ્યા, કોઈ સભ્ય વિપક્ષમાંથી મારી સાથે સ્થળ જોવા આવ્યા નહોતા, આ સ્પષ્ટતા માટે, ગયા વખતનું રેકર્ડ ઉપર છે, આપ ચકાસી લેજો, હવે બીજું. (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** કયા સભ્યોને લખ્યા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** હું કોઈનું નામ દેવા માગતો નથી કુંવરજીભાઈ, હાઉસમાં જ છે, માંડવી તાલુકામાં ૭૫ ઊંચી ટાંકીઓ અને બારડોલી તાલુકામાં ૭૧ ઊંચી ટાંકી રાજય સરકારના પાણી પુરવઠા વિભાગ દ્વારા બનાવી આપવામાં આવેલ છે અને આ કામો અમે કામગીરી પૂર્ણ કર્યા પછી એના ઉપર પંપીંગ મશીનરી વગેરે નાખ્યા પછી જે તે ગામની ગ્રામ પંચાયત અને પાણી સમિતિને સુપરત કરીએ છીએ, રાજય સરકારનું પાણી પુરવઠા વિભાગનું અમારું જે કામ છે, બોર્ડનું એ યોજનાને બનાવવી, યોજનાને બનાવ્યા પછી એને જે તે સ્થાનિક સ્વરાજયની સંસ્થાને એટલે કે ગ્રામ પંચાયતને સુપરત કરવી, એ પછી એ યોજનાનું કામ સારી રીતે મેઈન્ટેન કરવું એ કામ કરવાની જવાબદારી ગ્રામ પંચાયતની હોય છે. પાણીની ઊંચી ટાંકીમાં (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, મેં પૂછયું છે એનો જવાબ આપે, બોરના વાંકે કેટલા બાકી છે અને રાજય સરકારમાં કર્મચારીની ઘટ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, કેટલી ટાંકીઓમાં પાણી ચડતું નથી એ પ્રશ્ન છે, કોઈ કર્મચારીને લગતો પ્રશ્ન આમાં આવતો નથી, બીજું એક ટાંકી માંડવી તાલુકામાં પાણી ચડાવવાનું બંધ છે, બીજી

એક ટાંકી બારડોલી તાલુકામાં પાણી ચડાવવાનું બંધ છે. માંડવી તાલુકાના વેગી ગામે પાણી ચડાવવાનું બંધ છે એટલા માટે કે એ ગામની પાણી પુરવઠાએ આપેલી જે મોટર નીચે ભૂગર્ભ ટાંકીમાંથી પાણી ઉપાડીને ઉપરની ટાંકીમાં નાખે એ મોટર બંધ થઈ જવાને કારણે, બગડી જવાને કારણે, પંચાયતે રીપેર નહીં કરાવવાને એ કારણે બંધ હતું એ અમે રાજય સરકારે પાણી પુરવઠા વિભાગ દ્વારા તાજેતરમાં અમારી ફરજમાં નથી આવતું છતાં આદિવાસી ગામ છે એમ કરીને અમે એને નવી પંપીંગ મશીનરી આપી છે. બીજું બારડોલી તાલુકાના ગોટાસા ગામમાં જે પાણીનું વીજળીકરણ ચાલતું હોય, મોટર વગેરેનું, જે ઈલેકટ્રીકના બિલો ભરવાના હોય એ બિલો પંચાયતે નહોતા ભર્યા, એટલે એનું કનેકશન કપાઈ ગયેલું હમણા જ ગ્રામ પંચાયતે રુ.૪૫૪૦ રૂપિયાની રકમ ભરપાઈ કરી અને જીઈબીએ કનેકશન ચાલુ કર્યુ છે, બધી ટાંકીઓમાં પાણી ભરાવાનું ચાલુ છે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની સમસ્યાવાળા મારા તાલુકામાં હજુ પણ ઘ ણા ગામો છે અને આપણે સૌ જાણીએ છીએ તેમ આદિવાસી વિસ્તારમાં લોકોના સ્વાસ્થ્ય અને જીવન ધોરણ ઊંચું લાવવા માટે પીવાલાયક શુદ્ધ પાણી અનિવાર્ય છે. મારા માંડવી તાલુકામાં જે ગામોમાં પીવાના પાણીની સમસ્યા છે એ ગામો માટે પૂરતા પ્રમાણમાં પીવાલાયક શુદ્ધ અને પૂરતા જથ્થામાં પાણી નહીં મળવાની જે સમસ્યા છે એ કેટલા સમયમાં ઉકેલવામાં આવશે અને પાણી પુરવઠા વિભાગ દ્વારા જે બોર કરવામાં આવ્યા છે એના માટે અમે રજૂઆત કરીએ છીએ ત્યારે વિભાગમાંથી જણાવવામાં આવે છે કે મટિરિયલની ખૂબ અછત છે. તો આ મટિરિયલ સમયસર મળે એના માટે કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મટિરિયલ માટે સપ્લાયની કોઈ તકલીફ હશે તો ચોક્કસ એને ઝડપી બનાવીશું અને વિલંબ નિવારીશું. બીજું, માંડવી તાલુકાના ૯૪ ગામો સુરત જિલ્લાના ૧૬૦ ગામો માટેની કાંકરાપાર જળાશય આધારિત સૂચિત જૂથ યોજનાનું અમે આયોજન કર્યું છે અને એની કામગીરી અમે હાથ ઉપર લીધી છે એમાં માંડવી તાલુકાના ૯૪ ગામોને પણ એમાંથી પાણી આપવાનું આયોજન કર્યું છે. એના લીધે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો એ હળવો થશે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત જિલ્લાના ગોટાસા ગામમાં આવેલ પાણીની ટાંકી થોડા સમય માટે બંધ હતી એનું કારણ શું અને ટાંકીનો ફરી પાછી ઉપયોગ ચાલુ થઈ ગયો છે તો એ કઈ તારીખે ચાલુ થઈ ગઈ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : ગોટાસા ગામમાં પાણીની ટાંકીમાં પાણી ભરવાનું કામ વીજ બિલ નહીં ભરાવાના કારણે બંધ થયેલ અને પંચાયતે આ રકમ હવે ભરી દીધી છે એટલે એનું કામ ચાલુ થઈ ગયું છે. ગયા અઠવાડિયે પંચાયતે આ રકમ ભરી છે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : સઠવાવ હરિજનવાસ, જામણકુવા, ઉટેવા, વદેસિયા ગામોમાં ટાંકીઓ ચાલું છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારી માહિતી પ્રમાણે ચાલુ છે.

## ભાવનગર જિલ્લામાં મંજૂર ચેકડેમ

* ૧૭૬૧૮ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : **માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) જાન્યુઆરી ૨૦૦૮થી ડિસેમ્બર ૨૦૧૦ સુધીમાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલા ચેકડેમો મંજૂર થયેલ,

(૨) આ પૈકી કેટલા ચેકડેમોનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) આ ચેકડેમો બનાવવા સરકારે કેટલી રકમ ફાળવી?

**જળસંપતિ મંત્રીશ્રી**

(૧) ૧૫૪૨.

(૨) ૧૦૪૨.

(૩) રૂા. ૩૯૪૪.૭૯ લાખ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેકડેમો બનાવવાની નીતિ સૌરાષ્ટ્ર માટે ખૂબ ફાયદાકારક છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે બે વર્ષમાં કુલ ૧૫૪૨ જેટલા ચેકડેમો જિલ્લામાં મંજૂર થયા છે ત્યારે એમાં તાલુકાવાર કેટલા ચેકડેમો છે અને કુલ કેટલો ખર્ચ થયેલ છે. જેથી મારા બન્ને તાલુકાની વિગતો આવી જાય.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : રાજ્ય સરકારની જળસંચય નીતિને અનુરૂપ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના મુજબ સમગ્ર રાજ્યમાં ચેકડેમો બનાવવાનું આયોજન રાજ્ય સરકારે ઘણા વર્ષથી ઉપાડ્યું છે. એના ખૂબ સારા પરિણામો પણ રાજ્યના ગામડાની પ્રજાને અને ખાસ કરીને ખેડૂતોને કૃષિ માટે મળ્યા છે. આપણે બે યોજનાઓ અમલમાં મૂકી છે. એક તો સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના નીચે ૮૦ ટકા રાજ્ય સરકારના અને ૨૦ ટકા સ્થાનિક ખેડૂત લાભાર્થીઓનો લોકફાળો અથવા તો અન્ય ધારાસભ્યની ગ્રાન્ટમાંથી એ પ્રમાણે આપણે કામ કરીએ છીએ. બીજી માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ અગાઉ જ્યારે રજૂઆતો આવી કે સૌરાષ્ટ્રમાં

અને મધ્ય ગુજરાતમાં ઘણી મોટી નદીઓ છે. એ મોટી નદીઓ ઉપર ચેકડેમ બનાવવો હોય તો ખર્ચ મોટો થાય છે. ૫૦ લાખથી માંડીને બે કરોડ સુધીના ચેકડેમો બને છે. આટલો મોટો ચેકડેમ બનાવવા માટે સ્વભાવિક છે કે લોકફાળો ઓછો મળે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો અને મોટી નદીઓ ઉપર ચેકડેમ બનાવવો હોય તો લોકફાળો નહીં પણ ૧૦૦ ટકા રાજ્ય સરકારની ગ્રાન્ટ એ પ્રમાણે આપણે મોટી નદીઓ ઉપર ચેકડેમો બનાવીએ છીએ. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એ સમગ્ર ભાગનગર જિલ્લામાં ૧૦૪૨ ચેકડેમો બન્યા છે અને ૩૩.૩૯ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. ગઢડા તાલુકામાં ૧૨૮ અને ઉમરાળા તાલુકામાં ૩૪ ચેકડેમો બન્યા છે.
૩૪ ના કામો પાછળ ૫૦,૭૫,૦૦૦/- અને ગઢડા તાલુકામાં ૪,૨૬,૦૦,૦૦૦/- રૂપિયાનો રાજ્ય સરકારે ખર્ચ કર્યો છે.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે શિહોર અને ગારીયાધાર તાલુકામાં અત્યાર સુધીમાં કેટલા ચેકડેમો બાંધવામાં આવેલ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં ભાવનગર જિલ્લામાં કુલ ૬૭૨૮ ચેકડેમો આપણે બનાવ્યાં છે, એમાં શિહોર તાલુકામાં ૭૭૪ અને ગારીયાધાર તાલુકામાં ૬૯૭ ચેકડેમો બનાવવામાં આવ્યા છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે, આપણો ઈતિહાસ બોલે છે કે સગર રાજાએ જેમ ગંગા નદીને નીચે ઉતારીને લોકોને તૃપ્તી અપાવી હતી તો અમારા ભાવનગર અને અમરેલી જિલ્લામાં ચેકડેમો આવડા મોટા બાંધ્યાં છે ત્યારે મારા મત વિસ્તારનું નેસડી ગામ છે અને શેલ નદી ઉપર ૧,૨૦,૦૦,૦૦૦/- ના ખર્ચે ચેકડેમ આ વર્ષે બાંધ્યો છે અને આ ચેકડેમ ગ્રામપંચાયતે બાંધ્યો છે તો મારે આ અમરેલી અને ભાવનગર જિલ્લામાં સૂકીભઠ્ઠ નદીઓ અમારી હતી એમાં પાણી વહેતું કરવાનું કામ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને જળસંપત્તિ મંત્રીશ્રી નીતિનભાઈએ કર્યુ છે એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારે મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે ભાવનગર જિલ્લામાં મોટી નદીઓ ઉપર કેવા કેવા ચેકડેમો બાંધવામાં આવ્યાં છે અને કેટલી મોટી સંખ્યામાં બાંધવામાં આવ્યાં છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં મોટી નદીઓ ઉપર ૨૩૭ ચેકડેમો બનાવવામાં આવ્યાં છે. નદીના નામ દીઠ જો હું કહું તો બગડ નદી ઉપર ૬, ભાત્રોડી નદી ઉપર ૫, ગોમઠી નદી ઉપર ૨, ઘેલો નદી ઉપર ૧૭, કાળુભાર નદી ઉપર ૮, ઘેલી નદી ઉપર ૧૩, માલણ નદી ઉપર ૧૧, માલેશરી નદી ઉપર ૪, ભાડલીયો નદી ઉપર ૮, રજવાડ નદી ઉપર ૪, સુખભાદર નદી ઉપર ૩, ગંગાજલી નદી ઉપર ૧૨, રોજકી નદી ઉપર ૩, ગોમતી નદી ઉપર ૪, શેત્રુંજી નદી એ મોટી છે એના ઉપર ૧૦, ખારી નદી ઉપર ૬, ખારો નદી ઉપર ૫, ગોમા નદી ઉપર ૩, રંગોલી નદી ઉપર ૨ અને અન્ય બીજા ૧૧૧ આમ કુલ ૨૩૭ ચેકડેમો મોટી નદીના બનાવવામાં આવ્યાં છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ભાવનગર જિલ્લામાં તાલુકાવાઈઝ કેટલા ચેકડેમો પ્રગતિમાં છે અને બીજો મારો પ્રશ્ન એ છે કે ફ્લડના સમયમાં તૂટી ગયેલા ચેકડેમો છે એ રીપેરીંગ કરવાનું આયોજન કર્યુ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ભારે વરસાદ આવે અથવા તો પાણી ડાયવર્ટ થઈ જાય ઘણીવાર તો ચેકડેમોનું સીવીલ વર્ક નહિ પણ માટીકામ ધોવાતું હોય છે એને વર્ષોવર્ષ આપણે જરૂરિયાત પ્રમાણે રીપેર કરીએ છીએ. બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પુછયો કે કેટલા ચેકડેમોના કામ પ્રગતિ હેઠળ છે તો ભાવનગર જિલ્લામાં અત્યારે ૮૧ ચેકડેમોના કામ પ્રગતિ હેઠળ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમો બનાવવાની આ નીતિના લીધે ખેડૂતોને તો ફાયદો થાય છે પણ કેટલીક જગ્યાએ એવા રસ્તાઓ છે કે ખેડૂતોની વાડીમાં જવાના રસ્તાઓ હોય છે. હવે એ જગ્યાએ ચેકડેમ સાથે જો કોઝવે બનાવી શકાય એ પ્રકારના આયોજનો થઈ શકે તો ખેડૂતોને વાડીમાં જવાના રસ્તા બંધ થઈ જાય છે એ થાય નહિ અને ચેકડેમ બને એટલે બે પ્રકારનો ફાયદો ગુજરાતના ખેડૂતોને થાય છે ત્યારે મારી આપશ્રી મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ પ્રકારની દરખાસ્ત આવે તો એ અંગે વિચારી શકાય કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો અત્યાર સુધી અમે ચેકડેમો માટે કામ કરીએ છીએ. ચેકડેમો ઉપર કોઝવે બનાવીએ અને ભારે વરસાદ હોય અને કદાચ આપણે ચોમાસમાં પેપરોમાં વાંચતાં હોઈએ છીએ કે કોઈ સાઈકલ, કોઈ મોટરસાઈકલ લઈને નીકળે તો ભારે પૂરમાં લોકો જોખમ કરીને નીકળતા હોય છે પછી એ પાણીમાં ખેંચાય જાય એટલે અકસ્માત થાય, માણસ મૃત્યુ પામે એવી સ્થિતિ થતી હોય છે છતાં માનનીય સભ્યશ્રીનું સૂચન છે એટલે તાંત્રિક રીતે અનુકૂળ હશે અને બીજી રીતે સેફટીવાઈસ જો અનુકળ હશે તો વિચારીશું.

### ખેડા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં મંજૂર મહેકમ

*** ૧૮૯૭૮ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,
(૨) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાનાં શાં કારણો છે, અને
(૩) કેટલા સમયમાં આવી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું **પત્રક*-અ** અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત દર્શાવતું **પત્રક*-બ અને બ-૧** સામેલ છે.

(૨) અને (૩) :

સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને ૨ ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઈન ઈન્ટર્વ્યૂનું આયોજન કરવામાં આવે છે જેમાં ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂક આપવામાં આવે છે. પૅરા મૅડિકલ સંવર્ગની જગ્યાઓ ભરવા ગૌણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રકો મોકલી આપેલ છે. જે પૈકી જુનિયર ફાર્માસિસ્ટ સંવર્ગના ૯૦ ઉમેદવારોની યાદી મળેલ છે. જેને નિમણૂક આપવાની કાર્યવાહી ચાલુમાં છે. આ ઉપરાંત વર્ગ-૩ની અન્ય અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સામે જરૂર જણાય ત્યાં આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જુનીયર ફાર્માસિસ્ટ તથા લૅબૉરૅટરી ટેકનિશીયનની જગ્યાઓ ભરવા સક્ષમ કક્ષાએથી મંજૂરી મેળવવાની કાર્યવાહી પ્રક્રિયામાં છે. ડ્રાયવર તથા વર્ગ-૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી લેવામાં આવે છે.

**( * પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાની માહિતી આરોગ્ય માટે જે મેં માગી હતી, પત્રક સાથે મને જે માહિતી આપી છે એ જોયા પછી મને એટલું બધું દુ:ખ થાય છે કે, માનનીય મંત્રીશ્રી તો બહુ જ કાબેલ છે, વર્ષોના અનુભવી છે છતાં પણ આરોગ્યની અંદર મેં જોયું એ પ્રમાણે કહું તો આરોગ્યની અંદર ઘણી યોજનાઓ બનાવી છે. એ યોજનાઓમાં દા.ત. આશા વર્કર, માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મહિનાથી તો પગાર થયા નથી. માનનીય અધ્યક્ષશ્રી, પ્રસૂતિના જે કેસો છે, બાળકોને જે આપણે એને આપીએ છીએ પૈસા એ ત્રણ-ત્રણ મહિના સુધી એના પણ એ પૈસા આપ્યા નથી. ફક્ત ને ફક્ત જિલ્લાની અંદર ગ્રાન્ટો નથી એને કારણે એ પૈસા ચૂકવાતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, MBBS ડૉકટરો, એમની માહિતી પ્રમાણે જોઈએ તો જેટલી મંજૂર કરી છે એ બધી જ ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું કહું કે, વાઘરોલી, સેતરસુંબા, પીપલવાડા,તિજ, તોરણાના અંતી એક પણ જગ્યા ભરેલી નથી. માનનીય અધ્યક્ષશ્રી, વાંઘરોલી, ઝાંખેડ, ઓઠવાણ એ બધામાં, મેં પત્રક જોયું એમાં એ મોટાભાગની જગ્યાઓ ખાલી છે. MBBS ના હોવાના કારણે જ્યારે પોસ્ટ મોર્ટમના પ્રશ્નો આવે છે ત્યારે એને લાશ લઈને ફરવું પડતું હોય છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે એક તો કે, ખેડા જિલ્લાની જે ગ્રાન્ટો છે એ કેટલા સમયમાં તમે આપવા માગો છો? આશા વર્કર અને બીજાના જે પૈસા ચૂકવવાના છે એ કેટલા સમયમાં આપવા માગો છો અને જે ખાલી જગ્યાઓ છે એ ખાલી જગ્યાઓ પણ કેટલામાં પુરવા માગો છો ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન ઊભો કર્યો છે એ ખાલી જગ્યાઓને લગતો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરી જવાબદારી સાથે કહેવા માગુ છું કે, જ્યાં સુધી ખાલી જગ્યાઓને સવાલ છે ત્યાં સુધી ખેડા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૩૪૫ મંજૂર થયેલી જગ્યાઓ સામે માત્ર ને માત્ર ૨૯ જગ્યાઓ ખાલી છે અને માનનીય સભ્યશ્રીની એ વાત સાચી છે કે, વર્ગ-૧ના જે ડૉકટરો છે એ અથાગ પ્રયત્નો કર્યા છતાં મળતા નથી. અમે ખેડા જિલ્લામાં માનનીય સભ્યશ્રીની માહિતી ખાતર હું કહેવા માગુ છું કે, અમે ઓછામાં ઓછા લગભગ દોઢ ડઝન વખત નિમણૂકો માટેના એડ્હોક ઈન્ટર્વ્યૂ લેવાના પ્રયત્નો કર્યા છે, ૬૩ જેટલા ઉમેદવારો સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે ઈન્ટરવ્યૂ માટે આવ્યા પણ માત્ર ૨૬ જ ઉમેદવારો હાજર થયા છે એટલે ડૉકટરોની તંગી છે એ વાત સાચી છે, પણ સાથે સાથે હું આ સન્નમાનીય સભાગૃહના માનનીય સભ્યશ્રીઓને એક ગુજરાતને ગૌરવ થાય અને આરોગ્ય વિભાગને પણ કાંઈક સંતોષ થાય કારણ કે, મને સંતોષ તો પૂરેપૂરો ત્યારે જ થશે અમને કે જ્યારે સંપૂર્ણપણે ડૉકટરોની ઘટ અમે પૂરી કરી શકીશું. જે આજના તારીખે ડૉકટરોની ઉપલબ્ધિ પૂરતી નહીં હોવાના કારણે એ શકય નથી. પણ એક સમાચાર આપણને સૌને આનંદિત કરે એવા, એક વેબસાઈટ છે એકાઉન્ટેબલીટી ઈનીસ્યેટીવ www.accountabilityindia.in. સાહેબ આ વેબ સાઈટ પર ત્રણ તારણો ગુજરાત માટે મૂકવામાં આવ્યા છે. સમગ્ર ભારતના સંદર્ભમાં, એમાં કહેવામાં આવે છે કે, Gujarat is amongst best performers with the highest percentage of doctors and PHC position. સર, આપણે તંગી છે પણ બીજા રાજ્યોની સરખામણીમાં તંગી હોવા છતાં પણ આપણે (અંતરાય) I am coming to it. માનનીય અધ્યક્ષશ્રી, બીજી, ખર્ચની વાત કરવામાં આવી તો આ વેબ સાઈડ એવું કહે છે કે, in financial year ૨૦૦૮-૦૯, Tamilnadu and Gujarat spent ૯૪ and ૯૨ percentage of the

total funds available to various States and Gujarat is amongst the best performers with highest spending and in PHC position. માનનીય અધ્યક્ષશ્રી, (આ તકે સભ્યશ્રી નટવરસિંહ તેમના સ્થાનેથી બેઠા બેઠા કાંઈક બોલતાં) માનનીય નટવરસિંહભાઈ ખેડા જિલ્લાની વાત હું ફરી એક વાર કહું કે સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૩૪૫ જગ્યાઓમાંથી જે મહદ્‌અંશે જગ્યાઓ ખાલી છે.
એ વર્ગ-૧ના ડોકટરોની ખાલી છે અને એ જ રીતે પ્રાયમરી હેલ્થ સેન્ટર ખાતે જે મહદઅંશે ડોકટરોની જગ્યા ખાલી છે તેને બાદ કરતા ૪૦૦માંથી ૧૧૦ જગ્યા બાદ કરતા બાકીની જગ્યા ભરાઈ ગયેલ છે. આ જગ્યા ખાલી હોવા છતાં મેડિકલ સેવાને અસર એટલા માટે નથી પડતી કે ખેડા જિલ્લામાં મમતા સંદર્ભ સેવા હેઠળ ૮ પિડિયાટ્રીશન રજિસ્ટર થયેલા છે, ૮ ગાયનેકોલોજીસ્ટ રજિસ્ટર થયેલા છે. ચિરંજીવી યોજના નીચે કુલ ૨૭ ડોકટરોને અમે માન્યતા આપી છે. બાળ સખા યોજના હેઠળ ૭ ડોકટરો, રાષ્ટ્રીય સ્વાયત્ત વીમા યોજના હેઠળ ૪૫ ડોકટરો, એન.આર.એચ.એમ. હેઠળ બે, દંત સર્જન ચાર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૪૧ આયુષ ડોકટરોની નિમણૂક કરી છે. સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે છેલ્લા એક વર્ષમાં ૬ આયુષ ડોકટરોની નિમણૂક કરી છે અને ૬૨૯ આશા વર્કર કાર્યરત છે એટલે હું સ્વીકારું છું કે ડોકટરોની તંગી છે અને ડોકટરોની તંગી શકય તેટલા અંશે દૂર થાય તે માટે અમે કાર્યરત છીએ પણ સભાગૃહને હું કહેવા માગું છું કે છેલ્લા ૧૦ વર્ષમાં જે જગ્યા નથી ભરાઈ એટલી ૬૨૦૫ જગ્યા આ છેલ્લા બે વર્ષમાં આરોગ્ય વિભાગમાં ભરવામાં આવી છે. એમ છેલ્લા બે વર્ષમાં વર્ગ-૧માં ૧૦૩, વર્ગ-૨માં ૧૭૨૪ અને પેરા મેડિકલની ૪૩૫૧ જગ્યા ભરવામાં આવી છે. અમે પ્રયત્નશીલ છીએ ડોકટરોની ઉપલબ્ધી જેમ જેમ બનતી જશે તેમ શકય તેટલી ઝડપથી જગ્યા ભરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે વસ્તુ જાણવી છે. વર્ગ-૧ની મંજૂર થયેલ કેટલી અને ભરાયેલ જગ્યા કેટલી? વર્ગ-૨ની મંજૂર થયેલ અને ભરાયેલ જગ્યા કેટલી? અને હું સમજું છું કે મંત્રીશ્રીએ ડોકટરોની તંગીની વાત કરી પરંતુ વર્ગ-૩ અને વર્ગ-૪માં કોઈ તંગી નથી. આપની પાસે ફાર્માસીસ્ટની ૯૦ ઉમેદવારોની યાદી પણ તૈયાર છે અને એને કેટલા દિવસમાં ભરવા માગો છો? આઉટ સોર્સીંગ કરીએ છીએ એને કારણે મનીસાઈકોનઆઉટ થાય છે. આપે બંધ કરવાનો પ્રયત્ન કર્યો છે. ભૂતકાળમાં ત્રણ વર્ષ પહેલા જે પરિસ્થિતિ થયેલી અને આઉટસોર્સીંગનું ચાલુ થયું પરંતુ એને સંપૂર્ણ બંધ કરી યોગ્ય નિમણૂક કરવાના પ્રયત્ન કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, બંને સૂચનો વિરોધ પક્ષના નેતાશ્રીના ખૂબ સારા છે.અમે એને અમલમાં મૂકવા માટે શકય તેટલા પ્રયત્નો કરીશું. વિરોધ પક્ષના નેતોશ્રીએ જે પ્રશ્ન પૂછયો એમાં સામુહિક આરોગ્ય કેન્દ્ર ખેડા જિલ્લામાં વર્ગ-૧માં મંજૂર થયેલ ૧૨ જગ્યા, ભરાયેલ પાંચ જગ્યા, ખાલી સાત જગ્યા અને વર્ગ-૨માં મંજૂર થયેલ ૩૨, ભરાયેલ ૩૦ અને ખાલી બે જગ્યા છે. જયાં સુધી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને લાગેવળગે છે ત્યાં સુધી એમાં વર્ગ-૧ ની જગ્યા હોતી નથી એટલે ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વર્ગ-૨ની ૫૦ જગ્યા છે. ભરાયેલ ૪૩ છે. વિરોધ પક્ષના નેતાશ્રીએ જે પ્રશ્ન ઉભો કર્યો ૯૦ ફાર્માસીસ્ટની નિમણૂક અંગેનો એમનું અવલોકન સાચું છે. સરકારમાં વેરીફીકેશન અને એની બાકીની પ્રોસેસ છે. એ પૂરું થાય કે સત્વરે અમે એ નિમણૂક આપવા માગીએ છીએ.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પી.એચ.સી., સી.એચ.સી.ની જયારે વાત સ્વીકારી છે ત્યારે ખેડા જિલ્લામાં વસ્તીનું પ્રમાણ વધ્યુ છે સાથેસાથે દર્દી પણ વધ્યા છે ત્યારે પી.એચ.સી. અને સી.એચ.સી. છે એને અપગ્રેડ કરવા માગીએ છીએ કે કેમ? અને ઓછો સ્ટાફ અથવા ઓછા ડોકટરોને કારણે પૂરેપૂરી સારવાર દર્દીઓને મળતી નથી એટલે ગરીબ દર્દીઓ બાજુના શહેરમાં જાય છે અને વધારે પૈસા આપીને લુંટાય છે એ ન લુંટાય એ માટે પી.એચ.સી. અને સી.એચ.સી.ને અપગ્રેડ કરીને હોસ્પિટલ કરવા માગો છો કે કેમ? અથવા ડૉકટર અથવા સ્ટાફને મૂકીને આનું નિવારણ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : પહેલો પ્રયત્ન છે. જ્યાં સુધી પી.એચ.સી.અને સી.એચ.સી. સૅન્ટરને લાગે વળગે છે ત્યાં સુધી ડૉક્ટરોની ઘટ પૂરી કરવા માટે શકય તેટલો બધો પ્રયત્ન કરવા માગીએ છીએ. સભ્યશ્રીનું જે સૂચન છે એનો હું ખૂબ સાભાર સ્વીકાર કરું છું. બીજો મુદો છે તે માટે મારે સભ્યશ્રીને કહેવું છે કે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ જ્યાં સુધી ગ્રામ્ય વિસ્તારની વસ્તીને લાગે વળગે છે ત્યાં સુધી બી.પી.એલ.ની મર્યાદા નીચે જીવતી વસ્તી માટે ૩૦,૦૦૦ ની આવક પ્રતિ વ્યકિત કુટુંબ દીઠ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ ખર્ચ માટેની જોગવાઈ પ્રાપ્ત છે, એટલે ગરીબ વર્ગને મૅડિકલ સારવાર મળી રહે અને કોઈપણ વ્યકિત મૅડિકલ સારવારના અભાવે મુશ્કેલીમાં ન મૂકાય તેનો પૂરો ખ્યાલ આ સરકાર રાખ્યો છે. ત્રીજું, આકસ્મિક સારવારને લાગે વળગે છે ત્યાં સુધી બે વર્ષમાં જ આપણે ૫૩, ૧૦૮ સેવાઓ હતી તે વધારીને ૪૫૩, ૧૦૮ સેવાઓ કરી છે. એટલે લગભગ સરેરાશ ૧,૧૦,૦૦૦ ની વસ્તી દીઠ ૧ ૧૦૮ સેવાઓ ઉપલબ્ધ છે, એટલે આકસ્મિક સારવારને લાગે વળગે છે ત્યાં સુધી ૧૦૮ સેવા થકી પૂરો ન્યાય આપી શકીએ છીએ. મારે ગૌરવ સાથે કહેવું છે કે ૧૦૮ સેવા થકી ૨૦ લાખ કેઝ્યુઅલ્ટીને મદદ કરવા માટેનો આંકડો પાર કર્યા છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જિલ્લા કક્ષાએથી મદદનીશ ફિમેલ હેલ્થ વર્કરની ભરતી માટેના ઈન્ટર્વ્યૂ લગભગ ૬ મહિના પહેલા થયા છે, પણ હજુ સુધી ઑર્ડર કેમ આપવામાં આવતો નથી?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આમ તો પ્રશ્ન પંચાયત વિભાગને લાગે વળગે છે. એમાં બનતી ત્વરાએ થાય તે માટે અમે સંકલનથી અમે કામ કરીશું.

## સાબરકાંઠા જિલ્લાની પાલ ચિત્તરીયા અને ચન્દ્રાણા ડેમની કામગીરી

***૧૮૭૬૦ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં પાલ-ચિત્તરીયા ગામે સંચરાઈ માતાના બંધની તથા ખેડબ્રહ્મા તાલુકાના ચન્દ્રાણા ડેમની કામગીરી તા.૩૧-૧-૧૧ ની સ્થિતિને કયા તબક્કે છે અને

(૧) આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

**(૧) પાલ યોજના**

જળાશયમાં ડૂબમાં જતી જંગલની તથા ખાનગી જમીનનું સંપાદન તથા આલેખનની કામગીરીના તબક્કે છે.

**ચન્દ્રાણા યોજના**

અસરગ્રસ્તોની અનઅપેક્ષિત માંગણીઓના કારણે બંધના ૬ ગાળા પૈકી ૫ ગાળાનું કામ બંધના ક્રેસ્ટ લેવલ સુધી થયેલ છે. હાલ કામ બંધ છે.

(૨) **પાલ યોજના**

ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ તરફથી ડૂબમાં જતી જંગલની જમીનની તબદીલીની મંજૂરી મળ્યેથી આગળની કામગીરી ચાલુ કરવામાં આવશે.

**ચન્દ્રાણા યોજના**

યોજનાના અસરગ્રસ્તો દ્વારા સાનુકૂળ પ્રતિભાવ મળ્યેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી આપના માધ્યમ દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારો આ પ્રશ્ન એક વર્ષ પહેલા આ ગૃહમાં પૂછાઈ ગયો હતો. મારો પ્રશ્ન એ છે કે જે મેં પાલ ચિત્તરીયા ડેમની વાત કરી છે, તે ૧૯૭૯ માં ૩૨ વર્ષ પહેલા આ યોજના મંજૂર થઈ છે. ૩૨ વર્ષ થયાં, પણ આ યોજનાનું હજુ સુધી બાંધકામ થયેલ નથી. આ યોજના એવી છે કે આખા ભીલોડા તાલકો અને વિજયનગર તાલુકાને પાણીનો લાભ મળી શકે તેવી છે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અશ્વિન કોટવાલ** : મંત્રીશ્રીને કહ્યું તો તેણે કહ્યું કે ફાઇલ દિલ્હીમાં વન વિભાગમાં ગઈ છે. તમે જાવ અને મંજૂર કરાવી લાવો તો હું કામ કરું, તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે મારા બે પ્રશ્નો છે. આની અંદર એક પાલ ચિત્તરીયા ડેમનો પ્રશ્ન છે. બીજો ખેડબ્રહ્મના ચન્દ્રાણા ડેમનો છે. આપને વિનંતી કરું છું કે મારી આ પાલ ચિત્તરીયા ડેમની વિગત પૂરી થાય તો બીજી વખત મને ઊભો કરશો તેવી હું વિનંતી કરું છું. મારી ખાસ વિનંતી છે કે ૧૨ મહિના થઈ ગયા માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યા પછી પણ એક કાણી પાઈનું પણ કામ થયું નથી. આ અંગે કામ કરવા માગો છો કે કેમ આ ડેમનું એસ્ટીમેટ, ડિઝાઈન બનાવી છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : બહું જૂનું મને ખબર નથી. ૧૯૭૯ માં મંજૂર થયો હોય તો ૧૯૯૫ સુધી અમારી કોઈ જવાબદારી નથી. એ વર્ષો કયાં ગયા કોણ હતું તે મને ખબર નથી. બીજું.

માનનીય અધ્યક્ષશ્રી,,તે વાત સાચી છે કે ગયા વખતે પણ માનનીય સભ્યશ્રીએ આ પ્રશ્ન પૂછયો હતો અને તે વખતે પણ મેં જવાબ આપ્યો હતો. તે જ જવાબ આ વર્ષે પણ ચાલું છે. વર્ષ ૨૦૦૫ થી એટલે આજે છ વર્ષ થવા આવ્યા, ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગને અમે આ જમીન હસ્તાંતર કરવા અને અહીંયાં ડેમ બનાવવા માટે દરખાસ્ત કરી છે. ૨૦૦૫થી ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગમાં આ દરખાસ્ત પેન્ડીંગ છે. વારંવાર ભારત સરકારમાં આ અંગે અમે ફોલોપ કર્યુ છે, રિમાઈન્ડર કર્યા છે અને ગુજરાતના માનનીય સંસદસભ્યશ્રીઓને પણ અમે વિનંતી કરી છે કે ગુજરાતના જે ઘણા પ્રશ્નો કેન્દ્ર સરકારમાં વર્ષોથી પડતર છે તેમાં આ પ્રશ્ન પણ પડતર છે. રેલવેના ઘણા પ્રશ્નો પડતર છે. તો આ પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય અને જેટલું ઝડપથી મંજૂરી મળશે વહેલામાં વહેલી તકે કામ ચાલું કરવાની હું ખાતરી આપું છું. સાહેબ બીજો જવાબ આપું. માનનીય સભ્યશ્રીએ બે યોજનાઓ માટે પ્રશ્નો પૂછયા છે. આ જે પ્રશ્ન છે તે ભારત સરકારમાં પેન્ડીંગ છે તે પાલ ચિત્તરીયા યોજનાનો છે. બીજો પ્રશ્ન ચંદ્રાણા યોજનાનો છે. આ યોજનામાં આપણે કામ પણ ચાલુ કરી દીધું હતું. બે-ત્રણ કરોડ રૂપિયાનો ખર્ચ પણ કર્યો છે અને પાછળથી સ્થાનિક ગ્રામજનો, સ્થાનિક ખેડૂતો દ્વારા આ યોજના માટે વિરોધ ચાલુ થયો છે. કામ અટકાવી દેવું પડેલ છે. કોન્ટ્રાકટરને વન સાઈડ છૂટા કરી દેવા પડેલ છે. સ્થાનિક

લોકો એમ કહે છે આ ડેમ બનાવો તો ડૂબાણમાં જતી જમીન આપવામાં સંમત નથી. વળતર આપણે આપીએ છીએ તો પણ સંમત નથી. માનનીય ધારાસભ્યશ્રી આ બંને વાત સારી રીતે જાણે છે. તેમની ઉપસ્થિતિમાં જિલ્લા સંકલન સમિતિમાં આ પ્રશ્ન વારંવાર ચર્ચાયો છે. છેલ્લે માનનીય ધારાસભ્યશ્રીની વિનંતીને માન આપીને કલેકટરશ્રીએ એક મીટિંગ કરી, અને ગ્રામજનોને બધાને મળવા માટે ધારાસભ્યશ્રી અને બધાએ પ્રયત્નો કર્યા છે. છતાં હજું ગ્રામજનો આ જમીન આપવા માટે અને બીજા ડૅમનું કામ ચાલુ કરેલ છે તેમાં સંમતિ આપતા નથી. લૉ એન્ડ ઑર્ડર, સ્થાનિક નાગરિકોની જરૂરિયાત અને તેમની લાગણી ધ્યાનમાં રાખી અમે કામ અત્યારે બંધ રાખ્યું છે. જ્યાં સુધી સંમતિ નહીં મળે ત્યાં સુધી આ કામ ચાલુ કરવાની સ્થિતિમાં અમે નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના વિસ્તારની બહુધા સમાજને ફાયદો કરતી આ વાત છે. ગયા વખતે બહુ ગંભીરતાપૂર્વક આ પ્રશ્નની ચર્ચા થઈ હતી. માનનીય અધ્યક્ષશ્રી, મેં ઓન રેકર્ડ તે દિવસે કહ્યું હતું કે માનનીય મંત્રીશ્રી આપે જે દરખાસ્ત મોકલી છે તે મને મોકલજો. હું અંગત રીતે તેને ફોલોપ કરીને મંજૂરી આવે તેવા પ્રયત્ન કરીશ. કોઈ વ્યાજબી બાબત હશે તો હું વાત કરીશ. સાહેબ એક વર્ષ થયું આપે મોકલેલ દરખાસ્તની નકલ મોકલશો, મને કોમ્યુનેટ કરશો એવું આપે મને કહેલ હતું જેને એક વર્ષ થયું છે. આપ રેકર્ડ ચકાસી લેજો. એક વર્ષમાં એકપણ વખત આપના તરફથી આપે મોકલેલ દરખાસ્તની નકલ પણ મોકલેલ નથી, મને કહ્યું પણ નથી. આપે ત્યારે ખાતરી આપી હતી કે હું આ કરાવીશ. આ કોઈ ભાજપ કોંગ્રેસનો પ્રશ્ન નથી. આ પ્રશ્ન આખા વિસ્તારના લોકોને ફાયદાકારક છે અને અત્યંત સંવેદનશીલ થઈને ધારાસભ્યશ્રી લડે છે ત્યારે આપ સાથે આવી શકો તો માનનીય જયરામ રમેશનો ટાઈમ લઈને સાથે જઈએ. ન આવી શકો તો આપ મને આપે મોકલેલી દરખાસ્ત અને વિગતો મોકલો તો ભારત સરકારમાંથી મંજૂરી માટે સંનિષ્ઠ પ્રયત્નો અમારા તરફથી થઈ શકે. બીજો જે પ્રશ્ન છે તેમાં ભારત સરકાર કયાંય ચિત્રમાં નથી આવતી. માનનીય મંત્રીશ્રીએ તે સ્વીકારેલ છે. સ્થાનિક કેટલાક ગામના લોકોનો વિરોધ છે. બીજી યોજના માટે. તે યોજનામાં આ પરિસ્થિતિ છે ત્યારે પ્રાઈવેટ પાર્ટીએ પોતાનો ઈન્ટરેસ્ટ જતો કરવો જ પડે. સ્થાનિક ધારાસભ્યની આપ સમજી શકો કેટલીક મુશ્કેલી હોય તો પણ સરકારે પબ્લીક ઈન્ટરેસ્ટ માટે કોઈ પ્રાઈવેટ પાર્ટીઓ માથાકુટ કરતી હોય તો પણ પબ્લીક માટે આ યોજનાનું કામ પુનઃટેન્ડરાઈઝ કરીને સરકાર શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ માનનીય વિરોધપક્ષના નેતાનો આભાર માનું છું કે તેમણે ભારત સરકારમાં આ કામમાં ઝડપ થાય તેવી ખાતરી આપી છે.

પત્રથી પણ અમે માહિતી આપી છે, પણ અત્યારે જ લખાવી દઉં કે, ૨૦૦૫માં અમે જે દરખાસ્ત કરી છે એનો ફાઈલ નંબર ૮/૨૦૦૫ એફસી છે, બધાને છૂટ છે પ્રયત્નો કરવાની, માનનીય શકિતસિંહજીને તો અલગ પત્ર લખીશ જ, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને તો હું આજે જ અલગ પત્ર લખી અને એ સાથે આવે તો હું સાથે જવા પણ તૈયાર છું કારણ કે આ રાજય સરકાર ઇચ્છે છે કે વરસાદના એકએક ટીંપાનો જળસંચય થવો જોઈએ, ખેતીવાડી માટે એ ઉપયોગી છે અને માનનીય સભ્યશ્રીની પણ વાત સાચી છે કે ગુજરાત સરકારની વન વિભાગમાં ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગમાં જેટલી દરખાસ્તો પેન્ડિગ છે એ બધી એકત્ર કરી અને આપણે સાથે જઈએ અને આપ મદદ કરો અને મંજૂર થાય તો આપણા ગુજરાતને જ ફાયદો થવાનો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બધામાં એસ્સાર જેવી દરખાસ્ત..

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, આજના પ્રશ્નમાં એ ચર્ચા ન કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફક્ત વાત કરું છું અમારા પાણી પુરવઠા વિભાગની, અમારા સિંચાઈ વિભાગની અને શહેરી વિકાસ વિભાગના જયાં જ્યાં કેન્દ્રના પ્રશ્નો વન વિભાગને, પર્યાવરણ વિભાગને લગતા છે એમાં આપ સહકાર આપો બીજું માનનીય સભ્યશ્રીએ જે કહ્યું કે, ખાનગી હિતોને બાજુમાં રાખીને ચંદ્રાણા યોજનાનું કામ ચાલુ કરો, માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં સ્થાનિક આદિવાસીઓ છે એ સો ટકા આદિવાસી વિસ્તાર છે સરકાર કડકાઈ કરે, પોલીસ બંદોબસ્ત કરાવે તો કોઈ પ્રશ્નો ઊભા થાય અને પાછળથી એમ કહે કે આદિવાસીઓ ઉપર અત્યાચાર થયા, તો આ બધું ના કરવાના હોવ અને તમે કહો કે કડકાઈથી ચાલુ કરો તો અમે વિચારીશું.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી મહોદય પાસેથી હું આપના દ્વારા જાણવા માગું છું કે, પાલ યોજના અન્વયે વિજયનગર તાલુકાનું જંગલ ડૂબમાં જાય એ વાત બરોબર પણ મોડાસા તાલુકાની માઝમ નદીને કોઈ અસર થાય છે કે કેમ અને મારો બીજો પ્રશ્ન એ છે કે, બાયડ તાલુકમાં વાત્રક અને વરોસી નદી ઉપર જે ચેકડેમ બનાવ્યા છે એ ચેકડેમમાં પાણીના વધુ આવરાના કારણે સાઈડમાં કોતર પડી ગયા છે તો આ રિપેર કરાવવા માગો છો કે કેમ ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન પૂછ્યો એમાં હાથમતી યોજના જે આ પાલ યોજનાની નીચે છે પાલ યોજના એની ઉપર બનવાની છે એના પાણીનું થોડું ઈન્ટરવેશન થશે પણ આપણા સિંચાઈ વિભાગના ગુજરાત સરકારના ધોરણો છે એ પ્રમાણે પાલ યોજના બને અને એમાં પાણી ભરાય તો પણ હાથમતી યોજનાના મૂળ સ્ત્રાવ વિસ્તારને બહુ મોટી અસર નથી થતી એટલે કોઈ મોટો પ્રશ્ન નથી

બીજું માનનીય સભ્યશ્રીએ કહ્યું છે જે આ પ્રશ્નમાં લાગું નથી પડતું. એ અંગે અલગથી રજૂઆત કરશે તો કામ કરાવીશું.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ચંદ્રાણા ડેમની વાત કરી તો ચંદ્રાણા ડૅમની અંદર કોઈપણ ડૅમ બનાવતાં પહેલાં અસરગ્રસ્તોની વ્યવસ્થા કરવી જોઈએ, તો આમાં અસરગ્રસ્તોની વ્યવસ્થા નથી કરવામાં આવી, આ ડૅમ બનવામાં પાંચ ગાળા બની ગયા છે પણ જ્યારે અસરગ્રસ્તોની વાત કરીએ છીએ ત્યારે ડૅમ બનાવતાં પહેલાં જ્યારે અસરગ્રસ્તોની વ્યવસ્થા કરવી જોઈએ અને અસરગ્રસ્તો માટે જે જમીન ફાળવી છે એ લોકોના કબજામાં છે, લોકો ત્યાં ડૅમ બનાવવા માટે વિરોધી નથી, ત્યાં અધિકારીઓ જવા માટે તૈયાર નથી અને જેને કામ કરવાનું છે એને કામ કરવાની દાનત નથી એવું મને પોતાને લાગે છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારી આપશ્રીને વિનંતી છે કે, અસરગ્રસ્તોની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે એના પછી આ ચંદ્રાણા ડૅમ બનાવવામાં આવે તો આદિવાસીઓને કોઈનો પણ વાંધો નથી એવું હું માનનીય મંત્રીશ્રીને કહેવા માટે ખાસ ઊભો થયો છું, માનનીય મંત્રીશ્રી બીજી પણ વાત હું કહું તો જ્યારે મારો આ પ્રશ્ન બીજી વખત આવ્યો ત્યારે મને પોતાને ખબર હતી કે માનનીય મંત્રીશ્રી શું જવાબ આપવાના છે, હા, એકલો હું કોંગ્રેસમાંથી ચૂંટાયો છું એટલે મેં ગુનો નથી કર્યો, આની મંજૂરી લાવવાનો અધિકાર બધાને આવે છે. એટલે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું અને મારા વિરોધપક્ષના નેતાશ્રીને પણ વિનંતી કરું છું કે, મારા આદિવાસી વિસ્તારની અંદર આ ડૅમ તમે સત્વરે ચાલુ કરવા માગો છો કે કેમ અને ચાલુ કરીને પૂર્ણ કરવા માગો છો કે કેમ, એ જ મારા પ્રશ્નો છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ બંને જવાબો મેં વિગતવાર આપી દીધા છે.

### અમદાવાદ મેડીકલ કોલેજમાં મંજૂર જગ્યાઓ

***૧૮૯૦૦ શ્રી બાબુભાઈ મે. શાહ(૨૫૫૨) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કઈ કેડરની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩૭૬ |
| વર્ગ-૨ | ૧૫૦ |
| વર્ગ-૩ (કલેરીકલ) | ૬૮ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૧૧૬ |
| વર્ગ-૪ | ૧૬૬ |
| કુલ | ૮૩૧ |

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩૨ |
| વર્ગ-૨ | ૧૭ |
| વર્ગ-૩ (કલેરીકલ) | ૧૭ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૩૮ |
| કુલ | ૧૦૪ |

કુલ ૧૦૪ જગ્યાઓ કયારથી ખાલી છે એનું પત્રક સામેલ છે.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૧ | ૧૧/૪/૦૭ |
| ૨ | પ્રાધ્યાપક એન્ડોક્રાયનોલોજી | ૧ | ૧૧/૪/૦૭ |
| ૩ | પ્રાધ્યાપક ફેમીલી મેડીસીન | ૧ | ૧૧/૪/૦૭ |
| ૪ | પ્રાધ્યાપક મેડી. જીનેટીક્સ | ૧ | ૧૧/૪/૦૭ |
| ૫ | સહ પ્રાધ્યાપક ગેસ્ટોએન્ટોલોજી | ૨ | ૧૧/૪/૦૭, ૧૧/૪/૦૭ |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|
| ૬ | સહ પ્રાધ્યાપક એન્ડોક્રાયનોલોજી | ૧ | ૧૧/૪/૦૭ |
| ૭ | સહ પ્રાધ્યાપક મેડી. જીનેટીક | ૧ | ૧૧/૪/૦૭ |
| ૮ | સહ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટી | ૨ | ૧૧/૪/૦૭, ૧૧/૪/૦૭ |
| ૯ | સહ પ્રાધ્યાપક આઈ.એચ.બી.ટી. | ૧ | ૨૦/૯/૧૦ |
| ૧૦ | મદદનીશ પ્રાધ્યાપક રેડીયોલોજી | ૧ | ૨/૧૨/૧૦ |
| ૧૧ | મદદનીશ પ્રાધ્યાપક ઓપ્થોલ્મોલોજી | ૧ | ૧૫/૯/૧૦ |
| ૧૨ | મદદનીશ પ્રાધ્યાપક યુરોલોજી | ૧ | ૧/૯/૧૦ |
| ૧૩ | મદદનીશ પ્રાધ્યાપક ગેસ્ટ્રોએન્ટ્રોલોજી | ૨ | ૩/૧૦/૦૯, ૧૧/૪/૦૭ |
| ૧૪ | મદદનીશ પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૧ | ૧૨/૫/૦૮ |
| ૧૫ | મદદનીશ પ્રાધ્યાપક ન્યુરોસર્જન | ૧ | ૩૦/૭/૧૦ |
| ૧૬ | મદદનીશ પ્રાધ્યાપક સી.ટી. સર્જરી | ૧ | ૩૦/૧૧/૦૫ |
| ૧૭ | મદદનીશ પ્રાધ્યાપક એન્ડોકાયોનોલોજી | ૧ | ૧૧/૪/૦૭ |
| ૧૮ | મદદનીશ પ્રાધ્યાપક ઓન્કોલોજી મેડીસીન | ૧ | ૯/૪/૦૭ |
| ૧૯ | મદદનીશ પ્રાધ્યાપક ઓન્કોલોજી સર્જરી | ૧ | ૯/૪/૦૭ |
| ૨૦ | મદદનીશ પ્રાધ્યાપક ગાયનેક | ૧ | ૮/૧૨/૧૦ |
| ૨૧ | મદદનીશ પ્રાધ્યાપક પીડીયાટ્રીક્સ | ૧ | ૧/૧૦/૧૦ |
| ૨૨ | મદદનીશ પ્રાધ્યાપક ફેમીલી મેડીસીન | ૧ | ૧૧/૪/૦૭ |
| ૨૩ | મદદનીશ પ્રાધ્યાપક મેડીકલ જીનેટીક | ૧ | ૧૧/૪/૦૭ |
| ૨૪ | મદદનીશ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટ્રી | ૩ | ૨૧/૧/૦૬, ૭/૧૧/૦૬, ૭/૦૧/૧૦ |
| ૨૫ | મદદનીશ પ્રાધ્યાપક ફાર્માકોલોજી | ૧ | ૨૦/૧૧/૧૦ |
| ૨૬ | મદદનીશ પ્રાધ્યાપક નીઓનેટલ | ૧ | ૧૧/૭/૧૦ |
| ૨૭ | મદદનીશ પ્રાધ્યાપક ફોરેન્સીક મેડીસીન | ૧ | ૯/૧૨/૧૦ |
| ૨૮ | ટ્યુટર રેડીયોલોજી | ૩ | ૧૫/૧૦/૦૯, ૩/૧૦/૧૦,૩૧/૭/૧૦ |
| ૨૯ | ટ્યુટર ફાર્માકોલોજી | ૨ | ૯/૭/૧૦, ૧૮/૧૨/૧૦ |
| ૩૦ | ટ્યુટર પેથોલોજી | ૧ | ૨/૧૨/૧૦ |
| ૩૧ | ટ્યુટર પી.એસ.એમ. | ૨ | ૫/૧૦/૧૦, ૫/૧૦/૧૦ |
| ૩૨ | ટ્યુટર ફોરેન્સીક મેડીસીન | ૧ | ૧૨/૫/૧૦ |
| ૩૩ | ટ્યુટર એનેસ્થેસીયા | ૭ | ૨/૧૧/૦૯, ૭/૯/૦૯, ૧૧/૩/૧૦, ૧૧/૬/૦૯, ૩/૨/૦૯, ૬/૪/૦૯, ૩૧/૫/૦૮ |
| ૩૪ | બાયોકેમીસ્ટ | ૧ | ૩૦/૬/૦૯ |
| ૩૫ | લેબોરેટરી ટેક્નીશીયન | ૦૭ | તા. ૩૧/૭/૦૭, ૧૧/૩/૧૦, ૧૧/૩/૧૦, ૬/૧૨/૧૦, ૭/૧૨/૧૦, ૧૬/૧૨/૧૦, ૨૧/૧/૧૧ |
| ૩૬ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૧૫ | તા.૧/૭/૦૪, ૨૭/૧૨/૦૪, ૧/૩/૦૬, ૩૧/૭/૦૬, ૩૧/૧૦/૦૭, ૨૯/૨/૦૮, ૨૦/૧૧/૦૮, ૨/૬/૦૯, ૨/૬/૦૯, ૨/૬/૦૯, ૧૦/૨/૧૦, ૧/૫/૧૦, ૧૫/૯/૧૦, ૧૫/૯/૧૦, લાંબા સમયથી ૧ જ્યા |
| ૩૭ | આસી. ટેક્નીશીયન | ૦૧ | તા. ૨૮/૨/૦૭ |
| ૩૮ | એક્સ રે ટેક્નીશીયન | ૦૧ | તા. ૧૩/૧/૦૯ |
| ૩૯ | લાયબ્રેરીયન | ૦૧ | તા. ૩૧/૧૨/૦૮ |
| ૪૦ | મદદનીશ લાયબ્રેરીયન | ૦૧ | તા. ૩૦/૪/૦૯ |
| ૪૧ | આંકડા મદદનીશ | ૦૧ | તા. ૩૧/૭/૦૭ |
| ૪૨ | આર્ટીસ્ટ | ૦૧ | તા. ૩૧/૧/૦૯ |
| ૪૩ | ફીઝીકલ ઈન્સ્ટ્રકટર | ૦૧ | લાંબા સમયથી |
| ૪૪ | વાયરમેન | ૦૧ | તા. ૩૧/૫/૦૪ |
| ૪૫ | ડ્રાયવર | ૦૭ | તા. ૧૫/૧૦/૦૪, ૧૯/૮/૦૪, ૩૧/૧૨/૦૬, ૩૧/૧/૦૭, લાંબા સમયથી ૩ જ્યા |
| ૪૬ | મેડીકલ સોશ્યલ વર્કર | ૦૧ | તા. ૪/૧૧/૦૯ |
| ૪૭ | હેડ ક્લાર્ક | ૦૨ | ૧ તા. ૩૦/૪/૧૦<br>૧ તા. ૨૦/૫/૧૦ |
| ૪૮ | જુનીયર ક્લાર્ક | ૧૧ | ૭ તા. ૧૫/૧૦/૦૯<br>૧ તા. ૨૨/૧૦/૦૯<br>૧ તા. ૧૫/૪/૧૦<br>૧ તા. ૩૧/૧/૧૦<br>૧ તા. ૨૫/૩/૧૦ |
| ૪૯ | જુનીયર ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ | ૧ તા. ૨૨/૮/૦૫<br>૧ તા. ૧૪/૫/૦૮ |
| ૫૦ | અંગત મદદનીશ-ગ્રેડ-૨ | ૦૧ | ૧ તા. ૩૧/૧/૦૭ |
| ૫૧ | અંગત મદદનીશ-ગ્રેડ-૩ | ૦૧ | ૧ તા.૩૧/૧/૦૭ |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|
| | **કુલ :-** | **૧૦૪** | |

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ, અને એમાંથી કેટલી ખાલી છે? એની વિગતમાં વર્ગ-૧ ની ૩૨ જગ્યાઓ, વર્ગ-૨ ની ૧૭ જગ્યાઓ, વર્ગ-૩ કલેરીકલ ૧૭ જગ્યાઓ, વર્ગ-૩ પેરામેડીકલ ૩૮ જગ્યાઓ એમ કુલ ૧૦૪ જગ્યાઓ છે. આમાં ન્યુરોલોજી, એન્ડોકાયોનોલોજી, ફેમીલી મેડીસીન, મેડીકલ જીનેટીક વગેરે પ્રાધ્યાપકોની જગ્યાઓ ૨૦૦૭ થી ખાલી છે. માનનીય મંત્રીશ્રીએ એનો સ્વીકાર કર્યો છે. આ સિવાય સહપ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક એ બધામાં જગ્યાઓ ૨૦૦૫ અને ૨૦૦૭ થી ખાલી છે. આપણા માનનીય મંત્રીશ્રીએ હમણા ગૌરવ લેતાની સાથે કહ્યું કે એમણે છેલ્લા બે વર્ષમાં ૬૨૦૦ જગ્યાઓ ભરી છે એમાં વર્ગ-૧ની ૧૦૩ જગ્યાઓ ભરી છે તો અમદાવાદની આ મેડીકલ કોલેજમાં વર્ગ-૧ની કેટલી જગ્યાઓ ભરી? અને બીજું છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ મેડીકલ કોલેજમાંથી કોઈ ટ્રાન્સફર કરીને બીજી કોઈ મેડીકલ કોલેજમાં વર્ગ-૧ના ડોક્ટરોને મૂકયા હોય એની વિગત હું માગુ છું.

**શ્રી જયનારાયણ વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, જે ગૌરવથી હું ખાલી જગ્યાઓ ભરવા માટેની મેડીકલ સેવાઓમાં વાત કરી શક્યો હતો મને કદાચ એટલા જ ગૌરવથી મેડીકલ એજ્યુકેશન અંગેની આ વાત કરવા માટેની તક મળી હોત આરોગ્ય મંત્રી તરીકે તો વિશેષ આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત અમૂક ચોક્કસ કેટેગરીઓ માટે સાચી છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, કેમ સાચી છે? એના કારણો આ સન્માનીય સભાગૃહને મારે કહેવાં જોઈએ. ગુજરાતને જ્યાં સુધી લાગે-વળગે છે ત્યાં સુધી હમણા જે માહિતી મેકીંગ હિસ્ટ્રી ઈન મેડીકલ એજ્યુકેશન એ કેરાળા રાજ્ય દ્વારા એક રિપોર્ટ જે પબ્લિશ કરવામાં આવ્યો છે ૨૦૧૦ સુધીનો એમાં એક લાખ વ્યકિત દીઠ ઓછામાં ઓછી મેડીકલ સીટો જો ક્યાંય હોય તો એ ગુજરાત રાજ્યમાં છે. પોંડીચેરી રાજ્યમાં એક લાખની વ્યકિતદીઠ ૧૦૦ સીટ છે મેડીકલ એજ્યુકેશનની, સિક્કીમમાં ૧૮.૫ છે, જ્યારે ગુજરાતમાં એક લાખની વસતિએ ૩.૮ છે. મોટા ભાગના રાજ્યોમાં એક લાખની વસતિ દીઠ ૮ થી ૧૦ સીટ છે અને એના કારણે રેડીયોલોજી, એન્ડોકાયોનોલોજી આવી બધી જે જગ્યાઓ છે એમાં આપણી પાસે જે ઉપલબ્ધ તજજ્ઞો હોય એ તજજ્ઞોની આપણી પાસે શોર્ટેઝ એટલે કે તજજ્ઞોની ઉપલબ્ધી ઓછી છે. આમ છતાં મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે કે જે મેં ૬૦૦૦ જગ્યાઓ ભર્યાની વિગતો આપી હતી એ વિગતો એમણે જે ૧૦૩ નો આંકડો કોટ કર્યો એ આરોગ્ય સેવાઓ માટેનો હતો. તબીબી શિક્ષણમાં પણ છેલ્લા બે વર્ષમાં વર્ગ-૧ અને વર્ગ-૨માં ૫૫૦ જેટલી જગ્યાઓ વધારવામાં આવી છે. ૧૪૭ જગ્યાઓ પ્રમોશનથી ભરવામાં આવી છે અને ૪૦૩ જગ્યાઓ જેમાં પ્રાધ્યાપકની ૩૦, બિન તબીબી અધિક્ષકની ૪, સહ પ્રાધ્યાપકની ૭૪, મદદનીશ પ્રાધ્યાપકની ૨૩૦ અને ટયુટર વર્ગ-૨ ની ૬૪ મળીને કુલ ૪૦૩ જગ્યાઓ પ્રમોશન અથવા GPSC મારફત આપણે ભરી છે.

અને હું જવાબદારી પૂર્વક કહુ છું કે આ જગ્યાઓ પ્રમોશન અથવા જી.પી.સી.એસ. દ્વારા પ્રયત્ન કરીને ભરવા માટે અમારો વિભાગે તે ભરવામાં સફળતા મેળવી છે એ ત્રણ વર્ષમાં ભરાયેલી જગ્યા છેલ્લાં દસ વર્ષના કુલ આંકડાને વટાવી જાય છે. એટલે પ્રયત્નો કરીએ છીએ પણ જગ્યાઓ અમુક ડિસિપ્લીન છે તેમાં ભરી શકાતી નથી પરંતુ સાથે સાથે મારે આ વાત સન્માનનીય ગૃહના રેકોર્ડ પર સાચી જાય અને અત્યારે ખૂબ સંવેદનશીલ તબક્કામાંથી

આપણે પસાર થઈ રહ્યા છીએ કારણકે એમ.સી.આઈ. ના ઈન્સ્પેકશન ચાલે છે અને તેવા સમયે કોઈ ખોટી વાત રેકોર્ડ પર ન જાય એટલા માટે મારે કહેવું છે કે, મેડિકલ કોલેજ અમદાવાદ ખાતે મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની જરૂરિયાત પ્રમાણે પ્રોફેસરની ૨૨ જગ્યા જરૂરી છે એની સામે ૪૧ ભરેલી છે, એસોસિએટ પ્રોફેસરની ૭૨ જગ્યા જરૂરી છે એની સામે ૭૪ જગ્યા ભરેલી છે અને આસીસ્ટન્ટ પ્રોફેસરની ૧૧૩ જગ્યાઓ જોઈએ એની સામે ૧૫૬ જગ્યાઓ ભરેલી છે આમ કુલ ૨૦૭ જગ્યાઓની સામે ૨૭૧ જગ્યાઓ ભરેલી છે એટલે એમ.સી.આઈ.ના ધારાધોરણ પ્રમાણે જોઈએ તેના કરતાં વધારે જગ્યાઓ આપણી મેડિકલ કોલેજોમાં ભરવામાં અમે સફળ રહ્યા છે. અને એ રીતે ગુજરાતના હિતમાં આરોગ્ય વિભાગે સારી કામગીરી કરી છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : મેડિકલ કોલેજ અમદાવાદ તથા અન્ય મેડિકલ કોલેજોમાં જે જગ્યાઓ ખાલી પડેલી છે તે ખાલી જગ્યાઓ ભરવા માટે રાજય સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ પ્રશ્ન મેડિકલ કોલેજ અમદાવાદ પૂરતો મર્યાદિત છે એટલે હું કહીશ કે મેડિકલ કોલેજ અમદાવાદમાં વર્ષમાં બે વખત જાહેરાત આપી એડહોક ધોરણે ભરતી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો લાયકાત ઉમેદવારોને બઢતી આપવાનો પ્રયત્ન કર્યો, નિયમીત ધોરણે જગ્યાઓ ભરવા આયોગને માંગણાપત્રક મોકલી તેમાંથી મળતા લાયકાત ધરાવતા ઉમેદવારોને નિમણૂંક આપવાનો પ્રયત્ન કર્યો, લાયકાત ધરાવતા ઉમેદવારોને કરાર આધારિત નિમણૂંક આપવાનો પ્રયત્ન કર્યો અને માનદ્ સેવાના ધોરણે નિમણૂંક આપવાનો પ્રયત્ન કર્યો. પ્રશ્ન એ ઉભો થાય છે કે આ બધા પ્રયત્નોનું પરિણામ શું આવ્યું તો આ બધા પ્રયત્નોના પરિણામે ડીન અને મેડિકલ સુપ્રીન્ટેન્ડન્ટને બે જગ્યાઓ, પ્રોફેસરની ૧૪ જગ્યાઓ, એસોસિએટ પ્રોફેસરની ૨૮ જગ્યાઓ, આસીસ્ટન્ટન્ટ પ્રોફેસરની ૬૬ જગ્યાઓ મળીને કલાસ-૧ ની ૧૧૦ જગ્યાઓ સન ૨૦૦૯માં, આજ કેટેગરીમાં કલાસ-૧ ની ૧૫ જગ્યાઓ અને ૨૦૧૦માં ૨૮ જગ્યાઓ એમ મળીને કુલ ૧૦૩ જગ્યાઓ અમદાવાદ મેડિકલ કોલેજમાં ભરવામાં આવી.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, વર્ગ-૧ અને વર્ગ-૨ ની જે જગ્યાઓ છે ખાસ કરીને અમદાવાદમાં, અમદાવાદ મેડિકલ કોલેજમાં ૧૦૪ એવી રીતે પ્રશ્ન નંબર-૨૧, ૪૬ અને ૪૮માં જામનગર, સુરત અને વડોદરાનો પ્રશ્ન છે એમાં પણ ૧૪૮, ૧૦૬ અને ૮૬ જગ્યાઓ જ્યારે ખાલી છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, તારીખ ૧૧-૪-૨૦૦૭થી કુલ ચાર વર્ષમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની, ખાસ કરીને વર્ગ-૧ની ૪ જગ્યાઓ અને વર્ગ-૨ ની ૧૧ જગ્યાઓ અમદાવાદ મેડિકલ કોલેજમાં ખાલી પડેલી છે અને બીજી એક વાત કરું તો ડ્રાયવરની વાત છે એ પણ છેલ્લાં ત્રણ વર્ષથી ત્રણ જગ્યાઓ ખાલી છે તો ડ્રાયવર તો મને કહો તો કાલે સવારે ત્રણ ડ્રાયવર આપને મોકલી આપું, મારે મંત્રીશ્રી પાસેથી એ જ જાણવું છે કે મેડિકલ કોલેજની જ્યારે વાત ચાલતી હોય ત્યારે ચારે ચાર કોલેજોમાં આટલી બધી જગ્યાઓ ખાલી હોય ત્યારે આ જગ્યાઓ માનનીય મંત્રીશ્રી કેટલા સમયમાં અને કેટલી ઝડપે ભરવા માગે છે એ હું જાણવા માગું છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** :સાહેબ પ્રથમ તો પ્રશ્ન અમદાવાદ પૂરતો મર્યાદિત છે, પરંતુ મારે એટલું અવલોકન ચોક્કસ કરવું છે કે, માનનીય સભ્યશ્રીએ જે જે મેડિકલ કોલેજોની વાત કરી એ જામનગર હોય કે અન્ય મેડિકલ કોલેજ હોય એમ.સી.આઈ.ની જરૂરિયાત કરતાં વધારે જગ્યાઓ પ્રોફેસરોની અને એસોસિએટ પ્રોફેસરોની ભરાયેલી છે એ પહેલો મુદ્દો. બીજો મુદ્દો કે ડ્રાયવરની જગ્યા ખાલી રહેવાનું કારણ એ છે કે, મહદ્ અંશે વાહનોના

મેઈન્ટેનન્સ અને બીજા ખર્ચાઓના અનુસંધાને વાહનો ભાડે લેવાની વધારે જરૂર પડે તેમ નીતિ રાખી છે આઉટ સોર્સીંગથી વાહનોની ઉપલબ્ધિ કરીએ છીએ એટલે તે જગ્યાઓ ભરી નથી.

**કચ્છ રણોત્સવનો ખર્ચ અને આવક**

*** ૧૭૪૮૭ શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં કચ્છ જિલ્લામાં યોજવામાં આવેલ રણોત્સવ અન્વયે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) રાજય બહાર અને વિદેશથી આવેલ મહેમાનો અને પ્રવાસીઓની આ રણોત્સવમાં હાજરીથી કેટલી આવક થઈ ?

**પ્રવાસન મંત્રીશ્રી**

(૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં કચ્છમાં યોજવામાં આવેલ રણોત્સવ અન્વયે રૂપિયા ૮,૦૨,૧૩,૭૮૧/-નો ખર્ચ થયેલ છે.

(૨) રાજય બહાર અને વિદેશથી આવેલા મહેમાનો અને પ્રવાસીઓની આ રણ મહોત્સવમાં હાજરીથી રૂપિયા ૧,૨૩,૧૭,૦૦૦/-ની આવક થયેલ છે. આ ઉપરાંત જિલ્લાના પ્રવાસનની સાથે સંકળાયેલ વ્યકિતઓને રૂપિયા ૯.૧૬ કરોડની આવક થયેલ છે.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં રણોત્સવ ઊજવાયો તે બાબતે મેં ખર્ચનું પૂછ્યું છે ત્યારે ૮,૦૨,૧૩,૭૮૧/-નો ખર્ચ થયેલ છે. ત્યારે આ રણોત્સવનો ખર્ચ છે તે બજેટના કયા હેડે ઉધારવામાં આવ્યો છે અને કઈ કઈ કંપનીઓ પાસેથી કેટલી રકમ મેળવી ? મારો પેટા પ્રશ્ન બીજો એ છે કે, રાજય સરકારે જે આવક બતાવી છે તે આવક રાજયની તિજોરીમાં જમા થઈ છે કે કેમ ? જે આવક થઈ છે તે ૧,૨૩,૧૭,૦૦૦/- થયેલી છે. ત્યારે આ જે રણોત્સવની ઉજવણી પ્રસંગે વિદેશથી કેટલા મહેમાનો આવ્યા?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્નો ઉપસ્થિત કર્યા છે તે પ્રવાસનના ક્ષેત્રને લાગે વળગે છે ત્યાંસુધી ખૂબ જ અગત્યના પ્રશ્નો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરી ગંભીરતા સાથે કહેવા માંગુ છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન વર્ષ થકી વિશ્વભરમાં ઉત્સવો અને મેળા પછી canes festival, tomato festival હોય વિશ્વભરમાં મેળા અને ઉત્સવોના માધ્યમ થકી પ્રવાસનનો વિકાસ કરવા માટેની જે પદ્ધતિ છે કે જે પદ્ધતિ ગોવા અનુસરે છે, જે પદ્ધતિ કેરાલા અનુસરે છે, જે પદ્ધતિ કુંભના મેળા અથવા તો પુષ્કરના મેળા થકી આપણાં દેશમાં અનુસરાય છે એ જ પદ્ધતિને આગળ વધારતાં કચ્છ રણોત્સવ થકી આ દેશનો મોટામાં મોટો બીજા નંબરનો જિલ્લો કચ્છ કે જ્યાં આર્થિક પ્રવૃત્તિની દ્રષ્ટિએ પણ ઉદ્યોગો અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ વિકસાવવા માટેનો એક સઘન અને સભર પ્રયાસ છેલ્લાં પાંચ વર્ષમાં થયો છે. ત્યાં આ રણોત્સવ થકી પ્રવાસીઓને આકર્ષવા માટેનો આ પ્રયત્ન ખૂબ જ સફળતાપૂર્વક થયો છે. આ વખતે દર વખતે રણોત્સવ ત્રણ દિવસનો ઉજવાતો હતો પણ આ વખતે ૧૯-૧૨-૨૦૧૦ થી ૧૯-૧-૨૦૧૧ એટલે એક માસ જેટલી તેની અવધિ રાખવામાં આવી. એમાં ૨૯,૨૫૧ પ્રવાસીઓ આવ્યાં જેમાં ૩૦૩૪ વિદેશી પ્રવાસીઓ અને બિન નિવાસી ભારતીય પ્રવાસીઓનો સમાવેશ થાય છે. (અંતરાય) ઉત્સવો તો માનવ સ્વભાવની પ્રકૃતિ છે ઉત્સવો તો આપણે ઉજવતા જ રહેવા..આદર્શ અને ટુજી સ્પેકટ્રમ કરતાં ઉત્સવો સારા તેમાં કંઈ ખોટું નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવી જઈએ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો તે ૮ કરોડ રૂપિયાનો ખર્ચો કયા હેડ નીચે નાંખવામાં આવ્યો છે તો આ ખર્ચ TCGL, સાંસ્કૃતિક વિભાગ અને પ્રવાસન વિભાગ એમ જુદા જુદા વિભાગોએ ભેગાં થઈને કર્યો છે. એટલે હાલની તારીખે તેનું ખર્ચનું વિભાજન હેડવાઈઝ ઉપલબ્ધ છે પણ બજેટ વાઈઝ કોના ખાતામાંથી કેટલાં પૈસા ગયા છે તેના માટે મારે અલગ નોટિસ જોઈશે. પણ ખર્ચનું વિભાજન આ પ્રમાણે છે ઈન્ફ્રાસ્ટ્રકચર અને સ્ટેજ વર્ક માટે ૯૪ લાખ ૮૭ હજાર, ઈવેન્ટ મેનેજમેન્ટ માટે ૩૪ લાખ ૫૦ હજાર, ટેન્ટ એકોમોડેશન માટે ૨ કરોડ ૩૮ લાખ ૩૩ હજાર.
સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ૨૮ લાખ ૭૫ હજાર, ટેન્ડર, જાહેરાત અને જાહેરાત ખર્ચ ૭ લાખ ૪૯ હજાર. ફોટો ગેલેરી અને ઈન્ફ્રાસ્ટકચર માટે ૫૫ લાખ ૮૩ હજાર. સોફ્ટવેર બુકીંગ એરેન્જમેન્ટ માટે ૩ લાખ ૪૪ હજાર. આર્કીટેકટ ફી પેટે ૧૦ લાખ, ૧૫ હજાર. કેટરીંગ, લોજીંગ બોર્ડીંગ પેટે ૬૪ લાખ, ૫૧ હજાર. ઈલેકટ્રીકલ ખર્ચ પેટે ૧ કરોડ અને ૮૪ લાખ. ટ્રાન્સ્પોર્ટેશન પેટે ૭૭ લાખ ૪૮ હજાર અને પરચુરણ ખર્ચ પેટે ૨ લાખ ૭૬ હજાર. એમ મળીને કુલ ૮,૦૨,૧૩,૭૮૧ રૂપિયાનો ખર્ચ થયો. માનનીય અધ્યક્ષશ્રી, આવકનો જયાં સુધી સવાલ છે, ત્યાં સુધી માનનીય સભ્યશ્રીની એ વાત સાચી છે કે ૧ કરોડ ને ૨૩ લાખ રૂપિયાની સીધેસીધી આવક રાજયની તિજોરીમાં થઈ છે. રાજય સરકાર પ્રવાસન થકી આર્થિક વ્યવસ્થાને વેગ મળે તે માટેનો પ્રયત્ન કરે છે. આજે સાહેબ, વિશ્વ વેપારમાં લગભગ ૨૫ ટકા હિસ્સો પ્રવાસનનો છે. ૯ ટ્રિલિયન ડોલર કરતા વધારે મોટો આ ઉદ્યોગ છે. અને એનો જે લાભ છે તે આડકતરી રીતે અર્થ વ્યવસ્થાના બીજા સેકટરને જાય છે. એટલે બીજી જે ૯ કરોડ અને ૧૬ લાખની આવક થઈ. એમાં રાજય સરકારને કંયાક કંયાક આવક થઈ છે, પ્રવાસીઓની પ્રવેશ ફી પેટે ૧૫ લાખ, ૩૧ હજાર. વાહનોની પરમીટ ફી પેટે ૧ લાખ, ૧૦ હજાર. ટેન્ટ સીટીની આવક ૧,૨૩,૧૭,૦૦૦ જે અગાઉ દર્શાવી તે. હેલિકોપ્ટર સેવાઓ જે આ વખતે એક નવા આકર્ષણ તરીકે ચાલુ કરી તેમાં ૧૧લાખ, ૬૮ હજાર. (અંતરાય) (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ,

**શ્રી જયનારાયણ વ્યાસ** : એનો જ બ્રેકઅપ આપું છું. (સતત અંતરાય) સાહેબ એનો જ બ્રેકઅપ આપું છું.

**અધ્યક્ષશ્રી** : આપ બોલો. આપનો જવાબ ટૂંકમાં આપો.

**શ્રી જયનારાયણ વ્યાસ:** સાહેબ, એનો જ બ્રેકઅપ આપું છું. હેન્ડીક્રાફટ વસ્તુઓના વેચાણ દ્વારા ૧,૪૩,૬૨,૦૦૦. હોટેલ એકોમોડેશનની આવક ૩,૧૯,૪૬,૦૦૦. જોલી રાઈડ કાર એન્ટર્નટાઈનમેન્ટ ૪૮,૦૦૦. મીઠાઈ, ચા-નાસ્તાની આવક ૧૧,૫૦,૦૦૦. બાબુભાઈ, માવોયે વેચાણો છે, એમાં. રોજગારી. એની આવક ૩,૬૦,૦૦૦. શ્વેત રણ ખાતે સ્થાનિક કારીગરોને ચૂકવ્યા ૧,૮૦,૦૦૦. ઈન્ફ્રાસ્ટ્રકચર સર્વિસ પ્રોવાઈડરને ૨,૭૦,૦૦૦. શ્વેત રણ ખાતે ઉંટગાડી સવારી, માનનીય બાબુભાઈ. એ નાના માણસોને. ૧૪,૪૮,૦૦૦. સ્થાનિક પ્રવાસી ગાઈડ ૫,૪૦,૦૦૦. સ્થાનિક પ્રવાસીઓને ૨૨,૨૦,૦૦૦. અન્ય સ્થળેથી આવેલા પ્રવાસીઓને ૭૦,૦૮,૦૦૦. અમદાવાદના ટૂર ઓપરેટર્સની આવક ૧ કરોડને ૫ લાખ. ફૂડ ચાર્જીસ ૫૮,૫૦,૦૦૦. રોજગારી ૬ લાખ. એમ કુલ મળીને ૯૧૬.૧૦ એટલે કે ૯,૧૬,૧૦,૦૦૦ પૂરા એની આવક થઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, બે બાબત મારે જાણવી છે. માનનીય મંત્રીશ્રીએ આંકડાઓ ઘણાબધા કહ્યાં. મારા માનનીય સભ્યશ્રી સ્પષ્ટ જવાબ માગતા હતા. કે આપે કયા હેડે આ રકમ જમા કરાવી છે? આંકડાઓ નહોતા માગ્યા કે કેટલા કેટલા, પણ કયા હેડે આ રકમ જમા કરાવી છે? આ એક. બીજું કે આ ઉત્સવના નામે મને આનંદ થાત, કૌભાંડ કંયાયનું પણ હોય એ આવકારદાયક ના હોય. કૌભાંડની સામે લડવું જ જોઈએ. ચાહે એ કોફીન કૌભાંડ હોય કે ગમે તે હોય. (અંતરાય) કાં, ચચર્યુ ને? (અંતરાય) કોફીનમાં પણ પૈસા ખાધા છે. કોફીનમાં.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ માનનીય મંત્રીશ્રી બોલે છે. (અંતરાય) લાગ્યુ ને? જવાનોના કોફીનમાં પણ છોડયા નથી.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાઓ. (સતત અંતરાય) ઓર્ડર, ઓર્ડર.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણું છું કે સમય ઓછો છે અને મારો જવાબ દઈ શકાય તેમ નથી. સમય પૂરો કરવો છે. મને વાંધો નથી. પણ હું ઓન રેકોર્ડ બીજી વાત એ મૂકવા માગું છું કે આ ઉત્સવો માટે થઈને એક ટ્રસ્ટ જેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે છે. ઉત્સવોના નામે એ ટ્રસ્ટમાં પૈસા ઉઘરાવીને જમા કરવામાં આવે છે. કચ્છ ઉત્સવના નામે જેમને તમે જમીનોની લ્હાણી કરી છે, ૩૫ લાખ, ૨૫ લાખ, ૫૫ લાખના ચેક એક જ જમીન કૌભાંડ કરનાર પાસેથી ૩ ચેક આ ટ્રસ્ટના નામે તમે લીધા છે. અને આ રીતે પૈસા ઉઘ ્રાવીને મોટું કૌભાંડ જો કયાંય ચાલતું હોય તો ઉત્સવોના નામે આ સરકારમાં ચાલે છે અને એ કૌભાંડના આંકડાઓ આ સરકાર જાહેર કરવા માંગે અને જાહેર કરીને આપે તો હું એમને સાચા ગણું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સુરત મેડીકલ કોલેજમાં મંજૂર જગ્યાઓ

૧૮૮૮૩ **: શ્રી જયેશભાઈ વી. રાદડિયા (ધોરાજી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરતની સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કઇ કેડરની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરતની સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૨૬ |
| વર્ગ-૨ | ૭૩ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૫૨ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૧૧૦ |
| વર્ગ-૩ (નર્સીંગ) | ૦૪ |
| વર્ગ-૪ | ૧૩૬ |
| **કુલ :** | **૬૦૧** |

(૨)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૫૧ |
| વર્ગ-૨ | ૨૨ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૦૫ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૨૮ |
| **કુલ :** | **૧૦૬** |

કુલ-૧૦૬ જગ્યાઓ ક્યારથી ખાલી છે. તેનું **પત્રક** સામેલ છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક રેડીયોથેરાપી | ૧ | ૯-૭-૦૯ |
| ૨ | પ્રાધ્યાપક યુરોલોજી | ૧ | ૨૦-૯-૯૯ |
| ૩ | પ્રાધ્યાપક પેડીયાટ્રીક સર્જરી | ૧ | ૮-૧-૦૯ |
| ૪ | પ્રાધ્યાપક કાર્ડીયોલોજી | ૧ | ૨૦-૯-૯૯ |
| ૫ | પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | ૨૦-૯-૯૯ |
| ૬ | પ્રાધ્યાપક ઇમરજન્સી મેડીસીન | ૧ | ૪-૬-૧૦ |
| ૭ | પ્રાધ્યાપક આઇ.એચ.બીટી. | ૧ | ૩૦-૯-૦૯ |
| ૮ | સહ પ્રાધ્યાપક રેડીયોલોજી | ૨ | ૨૪-૧૨-૦૯, ૫-૦૪-૧૦ |
| ૯ | સહ પ્રાધ્યાપક ઓપ્થલ્મોલોજી | ૧ | ૧૧-૧૦-૧૦ |
| ૧૦ | સહ પ્રાધ્યાપક યુરોલોજી | ૧ | ૮-૭-૦૮ |
| ૧૧ | સહ પ્રાધ્યાપક ડેન્ટીસ્ટ્રી | ૧ | ૮-૭-૦૯ |
| ૧૨ | સહ પ્રાધ્યાપક પેડીયા સર્જરી | ૧ | ૩૧-૧-૦૪ |
| ૧૩ | સહ પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | ૨૧-૯-૯૯ |
| ૧૪ | સહ પ્રાધ્યાપક બર્ન્સ પ્લાસ્ટિક સર્જરી | ૧ | ૨૧-૫-૦૮ |
| ૧૫ | સહ પ્રાધ્યાપક મેડીસીન | ૧ | ૨૪-૧૨-૦૯ |
| ૧૬ | સહ પ્રાધ્યાપક ગાયનેક | ૨ | ૨૩-૦૪-૧૦, ૫-૭-૧૦ |
| ૧૭ | સહ પ્રાધ્યાપક ટીબી ચેસ્ટ | ૧ | ૧૮-૫-૦૯ |
| ૧૮ | સહ પ્રાધ્યાપક ઇમરજન્સી મેડીસીન | ૧ | ૪-૦૬-૧૦ |
| ૧૯ | સહ પ્રાધ્યાપક ફીઝીયોલોજી | ૨ | ૩૧-૧૨-૦૯, ૩-૦૮-૧૦ |
| ૨૦ | સહ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટ્રી | ૧ | ૧-૦૫-૦૮ |
| ૨૧ | સહ પ્રાધ્યાપક ફાર્માકોલોજી | ૧ | ૧૨-૦૯-૦૯ |
| ૨૨ | સહ પ્રાધ્યાપક માઇક્રોબાયોલોજી | ૨ | ૩-૦૨-૦૯, ૨૬-૧૧-૦૯ |
| ૨૩ | સહ પ્રાધ્યાપક ફોરેન્સીક મેડીસીન | ૩ | ૧૭-૮-૦૯, ૨૪-૧૨-૦૯, ૫-૪-૧૦ |
| ૨૪ | સહ પ્રાધ્યાપક એનેસ્થેસીયા | ૧ | ૨૬-૦૫-૦૯ |
| ૨૫ | મદદનીશ પ્રાધ્યાપક ઓપ્થ. | ૧ | ૧૫-૯-૧૦ |
| ૨૬ | મદદનીશ પ્રાધ્યાપક રેડીયોથેરાપી | ૧ | ૪-૭-૧૦ |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|
| ૨૭ | મદદનીશ પ્રાધ્યાપક કાર્ડીયોલોજી | ૧ | ૩૦-૫-૦૮ |
| ૨૮ | મદદનીશ પ્રાધ્યાપક પેડીયા સર્જરી | ૧ | ૪-૫-૦૯ |
| ૨૯ | મદદનીશ પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | ૨૬-૦૨-૦૭ |
| ૩૦ | મદદનીશ પ્રાધ્યાપક બર્ન્સ પ્લાસ્ટીક સર્જરી | ૧ | ૧૪-૧૦-૦૫ |
| ૩૧ | મદદનીશ પ્રાધ્યાપક સર્જરી | ૨ | ૨૯-૦૭-૦૯, ૧૩-૧૦-૧૦ |
| ૩૨ | મદદનીશ પ્રાધ્યાપક ગાયનેક | ૧ | ૫-૦૭-૧૦ |
| ૩૩ | મદદનીશ પ્રાધ્યાપક પેડીયાટ્રીક | ૧ | ૧૧-૦૬-૦૭ |
| ૩૪ | મદદનીશ પ્રાધ્યાપક સ્કીન વીડી | ૧ | ૨૨-૦૯-૧૦ |
| ૩૫ | મદદનીશ પ્રાધ્યાપક આઇ.ડી. | ૧ | ૪-૬-૧૦ |
| ૩૬ | મદદનીશ પ્રાધ્યાપક બાયોફીઝીક્સ | ૧ | ૬-૬-૯૯ |
| ૩૭ | મદદનીશ પ્રાધ્યાપક માઇક્રોબાયોલોજી | ૧ | ૩૦-૧૦-૧૦ |
| ૩૮ | મદદનીશ પ્રાધ્યાપક આઇ.એચ.બીટી | ૧ | ૨૩-૯-૦૯ |
| ૩૯ | મદદનીશ પ્રાધ્યાપક ફોરેન્સીક મેડીસીન | ૨ | ૨૧-૯-૧૦, ૨૭-૪-૧૦ |
| ૪૦ | મદદનીશ પ્રાધ્યાપક અનેસ્થેસીયા | ૪ | ૯-૧૨-૧૦, ૩૦-૧૦-૧૦ |
| ૪૧ | ટ્યુટર રેડીયોલોજી | ૧ | ૧૭-૦૮-૧૦ |
| ૪૨ | ટ્યુટર ફીઝીયોલોજી | ૨ | ૧૫-૧૦-૦૯, ૫-૦૮-૧૦ |
| ૪૩ | ટ્યુટર બાયોકેમેસ્ટ્રી | ૧ | ૮-૯-૧૦ |
| ૪૪ | ટ્યુટર ફાર્માકોલોજી | ૪ | ૧૮-૬-૦૯, ૧૩-૪-૧૦,<br>૧-૧૦-૧૦, ૨૬-૧૧-૧૦ |
| ૪૫ | ટ્યુટર પેથોલોજી | ૨ | ૨૮-૧૨-૧૦, ૨૯-૧૨-૧૦ |
| ૪૬ | ટ્યુટર અનેસ્થેસીયા | ૫ | ૧૧-૬-૧૦, ૩૧-૦૭-૧૦(૨), ૧૭-<br>૦૮-૧૦, ૨-૦૯-૧૦ |
| ૪૭ | ટ્યુટર ફોરેન્સીક મેડીસીન | ૨ | ૨૧-૦૯-૧૦, ૭-૧૦-૧૦ |
| ૪૮ | ક્લી. સાઇકોલોજીસ્ટ | ૧ | ૧૪-૭-૦૨ |
| ૪૯ | એન્ટોમોલોજીસ્ટ | ૧ | લાંબા સમયથી |
| ૫૦ | ચાઇલ્ડ સાઇકો. | ૧ | લાંબા સમયથી |
| ૫૧ | ફાર્માસુટીકલ કેમેસ્ટ્રી | ૧ | લાંબા સમયથી |
| ૫૨ | વેટરનરી ઓફીસર | ૧ | લાંબા સમયથી |
| ૫૩ | સોશ્યલ વર્કર | ૦૨ | તા. ૩૧-૫-૦૩, ૩૧-૧૦-૦૪ |
| ૫૪ | આંકડાશાસ્ત્રી | ૦૧ | તા. ૩૧-૮-૦૪ |
| ૫૫ | હેલ્થ ઇન્સપેક્ટર | ૦૧ | તા. ૩૧-૩-૦૫ |
| ૫૬ | સેનેટરી ઇન્સપેક્ટર | ૦૧ | તા.૧૪-૩-૦૮ |
| ૫૭ | ડ્રાયવર | ૦૧ | તા.૩૦-૬-૦૮, ૩૧-૦૫-૦૭, ૩૦-<br>૪-૦૮ |
| ૫૮ | આસ્ટીસ્ટ | ૦૨ | તા.૬-૬-૯૯ |
| ૫૯ | લાયબ્રેરીયન | ૦૧ | ૩૧-૩-૦૬ |
| ૬૦ | આસી. લાયબ્રેરીયન | ૦૨ | તા.૪-૬-૧૦ |
| ૬૧ | મ્યુઝીયમ ક્યુરેટર | ૦૧ | તા.૬-૬-૯૯ |
| ૬૨ | ડેન્ટલ મીકેનીક | ૦૧ | તા.૩૧-૩-૦૮ |
| ૬૩ | સુથાર | ૦૧ | તા.૩૦-૬-૦૭ |
| ૬૪ | ફાર્માસીસ્ટ | ૦૨ | તા.૩૧-૧૨-૦૭, ૧૪-૭-૧૦ |
| ૬૫ | ઓપરેશન થીયેટર આસીસ્ટન્ટ | ૦૧ | તા.૬-૬-૯૯ |
| ૬૬ | ક્ચેરી અધિક્ષક : | ૦૧ | ૧ તા.૩૦-૦૪-૧૦ |
| ૬૭ | જુનીયર ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૨ | ૧ તા.૧૫-૧૦-૦૯,<br>૧ તા.૨૦-૦૪-૧૦ |
| ૬૮ | અંગત મદદનીશ ગ્રેડ-૨ | ૦૨ | ૧ તા.૨૦-૦૪-૦૯<br>૧ તા.૧૫-૧૦-૦૯ |
| | કુલ : | ૧૦૬ | |

--------

**મહાનગરોમાં બી.એસ.યુ.પી. અંતર્ગત શહેરી ગરીબો માટે આવાસો**

૧૮૫૭૭ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યનાં મહાનગરોમાં શહેરી ગરીબોનાં આવાસ માટેના બી.એસ.યુ.પી. (બેઝિક સર્વિસ ટુ અર્બન પૂઅર) પ્રોજેક્ટસ અંતર્ગત કુલ કેટલા આવાસો મંજૂર થયેલ છે, અને

(૨) તે પેકી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલા આવાસો પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યના ૪ મહાનગરોમાં શહેરી ગરીબોના આવાસો માટે બી.એસ.યુ.પી. યોજના અંતર્ગત કુલ ૧૦૬૦૪૪ આવાસો મંજૂર થયેલ છે.

(૨) ૬૪૨૩૪ આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે.

--------

**ચોટીલા અને સાયલા તાલુકામાં પીવાના પાણી અંગે**

૧૭૭૨૯ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં ૫૮ ગામોમાં મુશ્કેલી જણાયેલ હતી. |
| (૨) આ પાણીની તકલીફ નિવારવા સરકાર નવા તળાવો કે ડેમ બનાવવા માગે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ તાલુકાઓના ગામોમાં પીવાના પાણીની કાયમી સમસ્યા નિવારવા નર્મદાના નીર કેટલા સમયમાં મળશે? | (૩) સાયલા તાલુકાના ૭૬ પૈકી ૧૪ ગામોને નર્મદાનું પાણી આપવામાં આવે છે. બાકીના ૬૨ તેમજ ચોટીલા તાલુકાના ૧૧૨ ગામોને તા. ૩૦/૯/૨૦૧૧ સુધીમાં યોજનાના કામો પૂર્ણ કરી નર્મદાનું પાણી આપવાનું આયોજન છે. |

--------

**મહેસાણા જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

૧૮૫૩૮ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ગ્રામ્ય પાણી સમિતિ અંતર્ગત સેકટર રીફોર્મ (રાજ્ય) હેઠળ ૯૩ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૨૩૬.૪૪ લાખ ફાળવવામાં આવેલ છે. |

**રાજકોટ જિલ્લામાં નર્મદાનું પાણી**

૧૮૨૭૮ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં નર્મદાનું પાણી ઘર વપરાશ માટે આપવાનું આયોજન છે કે કેમ, અને<br>(૨) જો હા, તો જિલ્લાના કેટલા ગામો અને શહેરોનો સમાવેશ કરવામાં આવનાર છે ? | (૧) અને (૨) નર્મદા માસ્ટર પ્લાનમાં રાજકોટ જિલ્લાના ૮૪૪ ગામો અને ૧૦ શહેરોને નર્મદા/મહીનું પાણી ઘર વપરાશ માટે આપવાનું આયોજન છે તે પૈકી ૫૨૨ ગામો અને ૨ શહેરોને નર્મદા/મહીનું પાણી આપવાના કામો પૂર્ણ કરેલ છે. |

--------

**બાવળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ**

૧૮૪૦૯ **: શ્રી કાંતિલાલ ૨ા. લકુમ (બાવળા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં સ્વજલધારા કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૮ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે | (૨) રૂા.૧૯૧.૯૩ લાખ. |

**પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરાયેલ ખેડા જિલ્લાના સ્થળો**

૧૮૫૩૧ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૩-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) તા. ૧૩-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવેલ છે.<br>(૧) ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ) તાલુકો ઠાસરા<br>(૨) નવાગામ<br>(૩) માતર<br>(૪) નડીયાદ<br>(૫) ડાકોર<br>(૬) રૈયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસિનોર) |
| (૨) પસંદ કરેલ સ્થળોને વિક્સાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે, | (૨) પસંદ કરાયેલા સ્થળને વિક્સાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની યોજના છે.<br>(અ) ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ) તા. ઠાસરા<br>(૧) રીવરફ્રન્ટ (૨) રબરબેરીકેટીંગ રસ્તા સાથે માટી પુરાણ (૩) મુખ્ય રસ્તાથી મંદિર સુધીનો સીસી રોડ (૪) બાકી રહેલ ઘાટનું કામ (૫) હયાત ઘાટ ઉપર પગથીયાનું કામ (૬) પુલથી ઘાટ સુધી બગીચાને લગતી અન્ય સુવિધા (૭) રીવરફ્રન્ટ ઉપર બગીચામાં તેમજ રોડ ઉપર લાઈટની સુવિધા (૮) રેલીંગ (૯) હટસ પાંચ નંગ (૧૦) મેઈનગેટ (છ પીલ્લર બીમ તથા મુર્તિ સાથે) (૧૧) અપર રીવર ડેક્નું લેવલીંગ તથા સીસી ફ્લોરીંગ (૧૨) દુકાનો માટે ટેકરાનું લેવલીંગ<br><br>(૨) **નવાગામ :** સાઈનેજીસ, સ્મારક્ની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન ક્મ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઈટ, મ્યુઝીયમ, ઓડીયો વીઝયુલ, ફુડ કોફેટેરિયા<br>(૩) **નડીયાદ :** સાઈનેજીસ, સ્મારક્ની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન ક્મ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગ સાઈટ,<br>(૪) **નડીયાદ :** સાઈનેજીસ, સ્મારક્ની સફાઈ, સ્મારક તથા બિલ્ડીંગનું રંગકામ,<br>(૫) **ડાકોર :** ડાકોર ખાતે વિકાસ માટે આર્કિટેક્ની નિમણુંક થઈ ગયેલ છે. જેમાં મંજુર થયેલા ક્ન્સેપ્ટમાં ગોમતીઘાટ ડેવલપમેન્ટ, મંદિર પરીસરનો વિકાસ, મ્યુઝીયમ ફાઉન્ડેશન, ટોયલેટ બ્લોક, પાર્કીંગ, જેટીબ્રીજ, પાર્થવે નો વિકાસ વગેરેનો સમાવેશ થાય છે.<br>(૬) **રૈયોલી :** રૈયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસિનોર) માટે ઈન્ફોરમેશન રીસેપ્શન/ ઈન્ટરપ્રીટેશન સેન્ટર, એક્ઝીબ્યુશન હોલ, લાર્જ સાઈઝ ફાયબર ગ્લાસ મોડલ્સ ઓફ ડાયનાસોર, વર્કીંગ મોડયુલ, કાફેટેરીયા, ડાઈનીંગ હોલ, ઓફીસ, કંપાઉન્ડ વોલ, ગેટ, વોચમેન કેબીન, પાર્કીંગ એરીયાનો વિકાસ, વૃક્ષા રોપણ અને લેન્ડ સ્કેપીંગ, ઈલેકટ્રીક્ની કામગીરી, પાણી પુરવઠો, |

બોરવેલ, પંપરૂમ, ટોયલેટ બ્લોક

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણા ફાળવવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે નીચે મુજબ નાણાં ફાળવવામાં આવેલ છે.
(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૫૫.૦૦ લાખ ગળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ)
(૨) વર્ષ ૨૦૦૯-૧૦માં
-- રૂપિયા ૧૦૦.૦૦ લાખ ગાળતેશ્વર મહાદેવ મંદિર (સરનાલ)
-- નવાગામ રૂપિયા ૪૯.૮૧ લાખ
-- માતર રૂપિયા ૨૮.૯૮ લાખ
-- નડીયાદ રૂપિયા ૧.૮૦ લાખ
-- ડાકોર હાલમાં સૈધ્ધાંતિક મંજુરી રૂપિયા, ૧૫૦૦ લાખની મળેલ છે.
-- રૈયોલી ખાતે ફોસીલ પાર્ક (બાલાસીનોર) રૂપિયા ૬૦૦.૦૦ લાખ

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) આ અંગે રૂપિયા ૬૪૬.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

--------

## ગરબાડા ખાતે પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ અંગે

૧૭૪૮૯ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકા મથકે પ્રજાજનોને પીવાના પાણીની સમસ્યાના કાયમી નિકાલ માટે ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) મોહનખોબ તળાવ આધારિત પાઇપ પાણી પુરવઠા યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલી રકમ આયોજન પ્રમાણે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવી? | (૨) રૂા.૫૭.૩૬ લાખ ફાળવવામાં આવ્યા છે. |

--------

## વડોદરા મેડિકલ કોલેજમાં મંજૂર જગ્યાઓ

૧૮૯૦૬ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરાની સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરાની સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૫૫ |
| વર્ગ-૨ | ૮૮ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૭૨ |
| વર્ગ-૩(પેરામેડીકલ) | ૧૧૫ |
| વર્ગ-૩ (નર્સીંગ) | ૧૩ |
| વર્ગ-૪ | ૧૨૬ |
| **કુલ...** | ૬૬૯ |

(૨) ઉક્ત સ્થિતિએ કઇ કેડરની કેટલી જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે?

(૨)

| સંવર્ગ | મંજૂર જ્ગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૪૫ |
| વર્ગ-૨ | ૧૭ |
| વર્ગ-૩ (ક્લેરીક્લ) | ૨૦ |
| વર્ગ-૩(પેરામેડીક્લ) | ૦૪ |
| કુલ... | ૮૬ |

કુલ-૮૬ જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે. તેનું પત્રક સામેલ છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક ડેન્ટીસ્ટી | ૧ | ૩૦-૪-૧૦ |
| ૨ | પ્રાધ્યાપક યુરોલોજી | ૧ | ૨૪-૧૨-૦૩ |
| ૩ | પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૧ | ૨૯-૦૨-૦૪ |
| ૪ | પ્રાધ્યાપક ન્યુરોસર્જરી | ૧ | ૧-૮-૦૩ |
| ૫ | પ્રાધ્યાપક કાર્ડીયોલોજી | ૧ | ૨૦-૯-૯૯ |
| ૬ | પ્રાધ્યાપક સી.ટી.સર્જરી | ૧ | ૪-૪-૦૭ |
| ૭ | પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | ૧૩-૮-૦૨ |
| ૮ | પ્રાધ્યાપક બર્ન્સ પ્લાસ્ટીક સર્જરી | ૧ | ૩૦-૯-૦૮ |
| ૯ | પ્રાધ્યાપક મેડીસીન | ૧ | ૬-૧૨-૧૦ |
| ૧૦ | પ્રાધ્યાપક એનટોમી | ૧ | ૪-૩-૧૦ |
| ૧૧ | પ્રાધ્યાપક આઇ.એચ.બી.ટી. | ૧ | ૪-૬-૧૦ |
| ૧૨ | સહ પ્રાધ્યાપક રેડીયોલોજી | ૩ | ૧૭-૯-૦૭, ૩૦-૯-૦૮, ૬-૬-૦૯ |
| ૧૩ | સહ પ્રાધ્યાપક ડેન્ટીસ્ટી | ૧ | ૩૦-૯-૦૮ |
| ૧૪ | સહ પ્રાધ્યાપક કાર્ડીયોલોજી | ૧ | ૧૭-૯-૦૭ |
| ૧૫ | સહ પ્રાધ્યાપક ન્યુરોસર્જરી | ૧ | ૧૫-૩-૦૮ |
| ૧૬ | સહ પ્રાધ્યાપક ઓર્થોપેડીક | ૧ | ૧-૧૨-૦૮ |
| ૧૭ | સહ પ્રાધ્યાપક ઇ.એન.ટી. | ૧ | ૧-૦૬-૧૦ |
| ૧૮ | સહ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટી | ૨ | ૨-૭-૦૯, ૨૯-૬-૦૪ |
| ૧૯ | સહ પ્રાધ્યાપક માઇક્રોબાયોલોજી | ૨ | ૩૦-૧૧-૦૬, ૧૩-૧૦-૧૦ |
| ૨૦ | સહ પ્રાધ્યાપક આઇ.એચ.બી.ટી. | ૧ | ૪-૬-૧૦ |
| ૨૧ | મદદ. પ્રાધ્યાપક રેડીયોલોજી | ૨ | ૨૪-૧૧-૦૮, ૨૬-૭-૧૦ |
| ૨૨ | મદદ. પ્રાધ્યાપક રેડીયોથેરાપી | ૧ | ૪-૧૨-૧૦ |
| ૨૩ | મદદ. પ્રાધ્યાપક ડેન્ટીસ્ટી | ૧ | ૧૨-૧૧-૦૩ |
| ૨૪ | મદદ. પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૨ | ૨૧-૫-૧૦, ૨૬-૭-૧૦ |
| ૨૫ | મદદ. પ્રાધ્યાપક સીટી સર્જરી | ૧ | ૨૪-૧૧-૦૮ |
| ૨૬ | મદદ. પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | લાંબા સમયથી |
| ૨૭ | મદદ. પ્રાધ્યાપક મેડીસીન | ૩ | ૧૦-૧૦-૦૯, ૧-૭-૧૦, ૧૯-૧૧-૦૯ |
| ૨૮ | મદદ. પ્રાધ્યાપક સર્જરી | ૨ | ૯-૧૨-૧૦, ૭-૭-૧૦ |
| ૨૯ | મદદ. પ્રાધ્યાપક ગાયનેક | ૧ | ૨-૭-૧૦ |
| ૩૦ | મદદ. પ્રાધ્યાપક ઓર્થોપેડીક | ૧ | ૩૧-૭-૧૦ |
| ૩૧ | મદદ. પ્રાધ્યાપક ક્લીનીક્લ સાયકોલોજી | ૧ | ૧-૧-૦૯ |
| ૩૨ | મદદ. પ્રાધ્યાપક એનેટોમી | ૧ | ૨૧-૧૨-૦૯ |
| ૩૩ | મદદ. પ્રાધ્યાપક આઇ.એચ.બી.ટી. | ૧ | ૪-૬-૧૦ |
| ૩૪ | મદદ. પ્રાધ્યાપક ફોરે. મેડીસીન | ૩ | ૧-૧૦-૧૦, ૨-૧-૧૦, ૧૫-૮-૦૯ |
| ૩૫ | ટ્યુટર રેડીયોલોજી | ૨ | ૨૫-૩-૧૦, ૧૨-૭-૦૯ |
| ૩૬ | ટ્યુટર એનેટોમી | ૨ | ૨૪-૧૨-૧૦, ૩૧-૭-૦૯ |
| ૩૭ | ટ્યુટર ફીજીયોલોજી | ૧ | ૨૩-૧૨-૧૦ |
| ૩૮ | ટ્યુટર ફાર્માકોલોજી | ૨ | ૧૮-૧૨-૧૦, ૨૧-૧૧-૦૯ |
| ૩૯ | ટ્યુટર માઇક્રોબાયોલોજી | ૧ | ૨૭-૯-૧૦ |
| ૪૦ | ટ્યુટર એનેસ્થેસીયા | ૨ | ૨૧-૨-૧૦, ૨૦-૨-૧૦ |
| ૪૧ | ટ્યુટર ફોરેન્સીક મેડીસીન | ૧ | ૨૦-૨-૧૦ |
| ૪૨ | બાયોકેમીસ્ટ | ૩ | ૩૧-૧-૦૦, ૩૧-૧૨-૯૦, ૩૧-૬-૯૪ |
| ૪૩ | કેમીસ્ટ | ૧ | ૩૧-૧-૨૦૦૦ |
| ૪૪ | રેડીયોગ્રાફર | ૨ | લાંબા સમયથી |
| ૪૫ | મેડીક્લ સોશ્યલ વર્કર | ૦૪ | તા.૨૮-૨-૦૨,૩૧-૫-૦૩, ૩૧-૮-૦૩, ૩૧-૭-૦૯ |
| ૪૬ | ક્ચેરી અધિક્ષક | ૦૨ | ૨ તા.૩૦-૦૯-૧૦ |
| ૪૭ | હેડ ક્લાર્ક/સીની.આસી./સ્ટોરકીપર | ૧૨ | ૬ તા.૩૦-૦૬-૦૯ |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| | | | ૧ તા.૩૦-૧૧-૦૯<br>૨ તા.૩૦-૦૬-૧૦<br>૩ તા.૦૭-૦૭-૧૦ |
| ૪૮ | સીનીયર ક્લાર્ક | ૦૨ | ૧ તા.૩૦-૬-૧૦<br>૧ તા.૩૦-૧૧-૧૦ |
| ૪૯ | જુનિયર ક્લાર્ક | ૦૧ | ૧ તા.૦૭-૧૨-૧૦ |
| ૫૦ | જુનિયર ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૨ | ૨ તા.૧૭-૧૦-૦૯ |
| ૫૧ | અંગત મદદનીશ ગ્રેડ-૨ | ૦૧ | ૧ તા.૦૧-૦૮-૦૬ |
| | કુલ.. | ૮૬ | |

--------

**આણંદ જિલ્લામાં હેન્ડ પંપો**

૧૭૬૦૨ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૫-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર હેન્ડપંપ મુકવા કેટલી અરજી આવી,

(૨) આવેલ અરજીઓ અન્વયે તાલુકાવાર કેટલા હેન્ડપંપ મુકવામાં આવ્યા, અને

(૩) સરકાર બાકી રહેલ હેન્ડપંપ ક્યાં સુધીમાં મુકવા માગે છે ?

**જવાબ**

(૧) અને (૨) :

તાલુકાવાર હેન્ડપંપની વિગતો નીચે મુજબ છે

| તાલુકો | મળેલ અરજીની સંખ્યા | મૂકેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| સોજીત્રા | ૫ | ૨ |
| પેટલાદ | ૫ | ૧૦ |
| આંકલાવ | ૧ | ૫ |
| આણંદ | ૫ | ૧૦ |
| બોરસદ | ૨ | ૧૧ |
| ઉમરેઠ | ૭ | - |
| ખંભાત | ૨ | - |
| તારાપુર | - | - |

(૩) બાકી કરવા પાત્ર હેન્ડપંપ જૂન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**નવસારી જિલ્લામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ મંજૂર યોજનાઓ**

૧૮૪૦૮ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજના મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૫ યોજનાઓ મંજૂર કરવામાં આવી

(૨) રૂા. ૧૨૫.૫૭ લાખ

--------

**પાટણ જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ મંજૂર યોજના**

૧૮૪૧૨ : **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ગ્રામ્ય પાણી સમિતિ અંતર્ગત સ્વજલધારા હેઠળ ૬૫ યોજનાઓ મંજૂર કરવામાં આવી

(૨) રૂા. ૧૧૯.૩૭ લાખ ફાળવવામાં આવેલ છે.

--------

**પંચમહાલ જિલ્લામાં પીવાના પાણીની સમસ્યા**

૧૯૨૮૫ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાના કેટલા ગામોમાં પીવાના પાણીની સમસ્યાઓ છે,

(૨) આવા ગામોમાં પીવાના પાણીની સમસ્યા આગામી ઉનાળાનાં ન રહે અને કાયમી ઉકેલ આવે તે માટે સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને

(૩) આ આયોજનનો અમલ ક્યારથી કરવા માંગો છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગામોમાં પીવાના પાણીની સમસ્યાઓ નથી.

(૨) અને (૩) :

આગામી ઉનાળામાં જરૂરિયાત ઉપસ્થિત થયે પીવાના પાણીની સંભવિત તંગી નીવારવા માટે જૂથ અને વ્યક્તિગત પાણી પુરવઠા યોજનામાં સુધારા વધારા કરીને તથા નવા હેન્ડપંપ બેસાડવાની કામગીરી કરવામાં આવશે. તેમજ કાયમી ઉકેલ માટે જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ૯૬૬ ગામો વ્યક્તિગત યોજના અંતર્ગત ૯૧ ગામો અને હેન્ડપંપ/મીની પાણી પુરવઠા યોજના અંતર્ગત ૧૪૪ ગામોનો સમાવેશ કરી યોજનાના કામો ક્રમશઃ પૂર્ણ કરી અમલ કરવાનું આયોજન છે.

--------

**૧૪૩/page> રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

૧૮૫૬૮ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તે પરત્વે ક્યા ક્યા હેતુના કામો મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓ માટે સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂા. ૧૩.૭૫ કરોડની ગ્રાન્ટ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડૂડા) રાજકોટને હવાલે જિલ્લાની ન.પા.ઓને ચુકવણી કરવા, હવાલે મુકવામાં આવેલ છે.

(૨) યોજનાની જોગવાઈ મુજબ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) રાજકોટ મારફત

૧. ગોરવપથ અને મુખ્ય રસ્તાઓ, ડામર/સી.સી. રોડ બનાવવા
૨. સ્મશાનશેડનું બાંધકામ
૩. હેરીટેજના કામો
૪. લાઈબ્રેરી બનાવવા,
૫. સ્ટ્રીટલાઈટ (સ્લમ વિસ્તારોમાં)
૬. જનસેવા કેન્દ્ર,
૭. શાકમાર્કેટ બાંધકામ,
૮. બગીચા બનાવવા
૯. હોકર્સ ઝોન બનાવવા,
૧૦. સર્કલ રીનોવેશન તથા
૧૧. કન્સ્ટ્રક્શન વર્ક ઓફ ફાયર ફાઈટર વીથ સર્વિસ સેન્ટરના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

--------

## જામનગર મેડીક્લ કોલેજમાં મંજૂર જગ્યાઓ

**૧૮૮૮૮ : શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જામનગર સરકારી મેડીક્લ કોલેજમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જામનગરની સરકારી મેડીક્લ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૫૩ |
| વર્ગ-૨ | ૧૦૦ |
| વર્ગ-૩(ક્લેરીક્લ) | ૫૯ |
| વર્ગ-૩ (પેરામેડીક્લ) | ૯૪ |
| વર્ગ-૩(નર્સીગ) | ૫ |
| વર્ગ-૪ | ૨૨૩ |
| **કુલ** | **૭૩૪** |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ કઈ કેડરની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે ?

**જવાબ**

(૨)

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૬૮ |
| વર્ગ-૨ | ૧૬ |
| વર્ગ-૩(ક્લેરીક્લ) | ૨૪ |
| વર્ગ-૩ (પેરામેડીક્લ) | ૩૫ |
| વર્ગ-૩(નર્સીગ) | ૫ |
| **કુલ** | **૧૪૮** |

કુલ-૧૪૮ જગ્યાઓ ક્યારથી ખાલી છે. તેનું પત્રક સામેલ છે.

### પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક રેડીયોલોજી | ૧ | ૩૦/૯/૦૯ |
| ૨ | પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૧ | ૨/૬/૦૭ |
| ૩ | પ્રાધ્યાપક ન્યુરોસર્જરી | ૧ | ૧૭/૧/૦૩ |
| ૪ | પ્રાધ્યાપક યુરોલોજી | ૧ | ૨૧/૯/૯૯ |
| ૫ | પ્રાધ્યાપક સી.ટી.સર્જરી | ૧ | ૨૧/૯/૯૯ |
| ૬ | પ્રાધ્યાપક કાર્ડીયોલોજી | ૧ | ૨૧/૯/૯૯ |
| ૭ | પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | ૨૧/૯/૯૯ |
| ૮ | પ્રાધ્યાપક બર્ન્સ પ્લાસ્ટીક સર્જરી | ૧ | ૧૫/૧૦/૦૭ |
| ૯ | પ્રાધ્યાપક બાયોકેમેસ્ટ્રી | ૨ | ૨૩/૧/૦૯,૫/૯/૦૯ |
| ૧૦ | પ્રાધ્યાપક માઈક્રોબાયોલોજી | ૧ | ૩/૯/૦૯ |
| ૧૧ | પ્રાધ્યાપક આઈ.એચ.બી.ટી. | ૧ | ૨૩/૯/૦૯ |
| ૧૨ | પ્રાધ્યાપક ફોરેન્સીક મેડીસીન | ૧ | ૨૨/૧/૦૯ |
| ૧૩ | સહ પ્રાધ્યાપક રેડીયોલોજી | ૧ | ૩૦/૧૨/૦૯ |
| ૧૪ | સહ પ્રાધ્યાપક રોડીયોથેરાપી | ૨ | ૨૩/૧/૦૯, ૩૧/૩/૧૦ |
| ૧૫ | સહ પ્રાધ્યાપક યુરોલોજી | ૧ | ૬/૯/૦૯ |
| ૧૬ | સહ પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૧ | ૧૩/૧૦/૦૯ |
| ૧૭ | સહ પ્રાધ્યાપક ન્યુરોસર્જરી | ૧ | ૧/૧૧/૦૯ |
| ૧૮ | સહ પ્રાધ્યાપક સી.ટી.સર્જરી | ૧ | ૪/૪/૦૧ |
| ૧૯ | સહ પ્રાધ્યાપક કાર્ડીયોલોજી | ૧ | ૨/૩/૦૯ |
| ૨૦ | સહ પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | ૨૧/૯/૯૯ |
| ૨૧ | સહ પ્રાધ્યાપક બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી | ૧ | ૧૭/૮/૦૬ |
| ૨૨ | સહ પ્રાધ્યાપક પીડીયાટ્રીક્સ | ૧ | ૨૫/૪/૦૮ |
| ૨૩ | સહ પ્રાધ્યાપક સ્કીન વીડી | ૧ | લાંબા સમયથી |
| ૨૪ | સહ પ્રાધ્યાપક એનાટોમી | ૧ | ૬/૬/૯૯ |
| ૨૫ | સહ પ્રાધ્યાપક ફીજીયોલોજી | ૧ | ૬/૬/૯૯ |
| ૨૬ | સહ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટ્રી | ૩ | ૧/૧૦/૧૦ |
| ૨૭ | સહ પ્રાધ્યાપક માઈક્રોબાયોલોજી | ૧ | ૬/૬/૯૯ |
| ૨૮ | સહ પ્રાધ્યાપક પેથોલોજી | ૧ | ૨/૧૨/૧૦ |
| ૨૯ | સહ પ્રાધ્યાપક ફોરેન્સીક મેડીસીન | ૨ | ૬/૬/૯૯ |
| ૩૦ | મદદનીશ પ્રાધ્યાપક રેડીયોલોજી | ૨ | ૧૪/૮/૦૮, ૧૪/૮/૦૮ |
| ૩૧ | મદદનીશ પ્રાધ્યાપક રેડીયોથેરાપી | ૧ | ૪/૮/૧૦ |
| ૩૨ | મદદનીશ પ્રાધ્યાપક ન્યુરોક્લોજી | ૧ | ૧૫/૧૨/૦૮ |
| ૩૩ | મદદનીશ પ્રાધ્યાપક ન્યુરોસર્જરી | ૧ | ૧/૧૨/૦૯ |
| ૩૪ | મદદનીશ પ્રાધ્યાપક યુરોલોજી | ૨ | ૧/૧/૦૮, ૧૧/૧૨/૦૯ |
| ૩૫ | મદદનીશ પ્રાધ્યાપક કાર્ડીયોલોજી | ૧ | ૩૦/૯/૦૮ |
| ૩૬ | મદદનીશ પ્રાધ્યાપક સી.ટી.સર્જરી | ૨ | ૧/૫/૦૮, ૧/૫/૦૮ |
| ૩૭ | મદદનીશ પ્રાધ્યાપક નેફ્રોલોજી | ૧ | ૧/૫/૦૮ |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| ૩૮ | મદદનીશ પ્રાધ્યાપક મેડીસીન | ૧ | ૪/૫/૧૦ |
| ૩૯ | મદદનીશ પ્રાધ્યાપક ગાયનેક | ૩ | ૨૪/૨/૧૦, ૧૬/૮/૦૬, ૩૧/૮/૦૮ |
| ૪૦ | મદદનીશ પ્રાધ્યાપક પીડીયાટ્રીક્સ | ૩ | ૧૨/૮/૦૯, ૧૫/૬/૦૯, ૧૦/૭/૦૬ |
| ૪૧ | મદદનીશ પ્રાધ્યાપક ઓર્થોપેડીક્સ | ૩ | ૩/૨/૦૯, ૩/૨/૧૦, ૩૧/૫/૦૮ |
| ૪૨ | મદદનીશ પ્રાધ્યાપક ટીબી ચેસ્ટ | ૧ | ૧૯/૯/૦૭ |
| ૪૩ | મદદનીશ પ્રાધ્યાપક એનાટોમી | ૧ | ૨૨/૧/૦૯ |
| ૪૪ | મદદનીશ પ્રાધ્યાપક ફીજીયોલોજી | ૧ | ૬/૬/૯૯ |
| ૪૫ | મદદનીશ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટ્રી | ૪ | ૬/૬/૯૯, ૬/૬/૯૯<br>૬/૬/૯૯, ૬/૬/૯૯ |
| ૪૬ | મદદનીશ પ્રાધ્યાપક ફાર્માકોલોજી | ૧ | ૩/૩/૧૦ |
| ૪૭ | મદદનીશ પ્રાધ્યાપક પેથોલોજી | ૧ | ૧૭/૮/૧૦ |
| ૪૮ | મદદનીશ પ્રાધ્યાપક પી.એસ.એમ. | ૧ | ૮/૧૧/૧૦// |
| ૪૯ | મદદનીશ પ્રાધ્યાપક ફોરેન્સીક મેડીસીન | ૧ | ૨૦/૫/૦૯ |
| ૫૦ | મદદનીશ પ્રાધ્યાપક એનેસ્થેસીયા | ૨ | ૧/૭/૦૯, ૬/૩/૧૦ |
| ૫૧ | ટ્યુટર રેડીયોલોજી | ૨ | ૧/૭/૧૦, ૩૧/૧/૧૦ |
| ૫૨ | ટ્યુટર એનાટોમી | ૧ | ૨૧/૯/૧૦ |
| ૫૩ | ટ્યુટર બાયોકેમેસ્ટ્રી | ૨ | ૨૭/૯/૧૦, ૬/૪/૧૦ |
| ૫૪ | ટ્યુટર માઈક્રોબાયોલોજી | ૧ | ૨૯/૧૧/૧૦ |
| ૫૫ | ટ્યુટર પેથોલોજી | ૧ | ૨૧/૯/૧૦ |
| ૫૬ | ટ્યુટર પી.એસ.એમ. | ૩ | ૨૧/૬/૧૦, ૨/૧૨/૧૦, ૨૦/૧૧/૧૦ |
| ૫૭ | ટ્યુટર ફોરેન્સીક મેડીસીન | ૧ | ૨૧/૯/૧૦ |
| ૫૮ | ટ્યુટર એનેસ્થેસીયા | ૧ | ૨૧/૬/૧૦ |
| ૫૯ | કેમીસ્ટ | ૧ | લાંબા સમયથી |
| ૬૦ | રેડીઓગ્રાફર | ૨ | લાંબા સમયથી |
| ૬૧ | ફાર્માસ્યુટીકલ કેમીસ્ટ | ૧ | લાંબા સમયથી |
| ૬૨ | ટ્રેઈન્ડ આસીસ્ટન્ટ | ૦૧ | લાંબા સમયથી |
| ૬૩ | આર્ટીસ્ટ | ૦૧ | લાંબા સમયથી |
| ૬૪ | આસીસ્ટન્ટ આર્ટીસ્ટ | ૦૧ | લાંબા સમયથી |
| ૬૫ | ફીઝીયોથેરાપીસ્ટ | ૦૧ | તા.૨૬/૧૨/૦૯ |
| ૬૬ | લાયબ્રેરીયન | ૦૩ | વર્ષ-૨૦૦૫-૦૧, લાંબા સમયથી-૦૨ |
| ૬૭ | આસીસ્ટન્ટ લાયબ્રેરીયન | ૦૩ | તા.૩૧/૧૨/૦૫-૦૧, ૧૮/૨/૦૬-૦૧ લાંબા |
| ૬૮ | ડ્રાયવર | ૦૫ | તા.૩૧/૧૦/૦૪-૦૧, ૩૧/૫/૦૭-૦૧,<br>૩૧/૭/૦૭-૦૧, ૩૧/૭/૦૮-૦૧,<br>લાંબા સમયથી-૦૧ |
| ૬૯ | ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર | ૦૧ | તા.૩૦/૪/૦૯ |
| ૭૦ | ફોટોગ્રાફર | ૦૧ | લાંબા સમયથી |
| ૭૧ | મીકેનીક | ૦૧ | લાંબા સમયથી |
| ૭૨ | પ્લમ્બર | ૦૧ | લાંબા સમયથી |
| ૭૩ | ઈલેક્ટ્રીશીયન | ૦૩ | તા.૩૧/૧૨/૦૪-૦૧,<br>લાંબા સમયથી-૦૨ |
| ૭૪ | સોશ્યલ વર્કર | ૦૧ | તા.૩૧/૮/૦૯-૦૧ |
| ૭૫ | ઈલેક્ટ્રો ટેક્નીશીયન | ૦૧ | લાંબા સમયથી |
| ૭૬ | એનીમલ ટેક્નીશીયન | ૦૧ | લાંબા સમયથી |
| ૭૭ | પ્રોસ્થેટીસ્ટ ટેક્નીશીયન | ૦૧ | લાંબા સમયથી |
| ૭૮ | ઓર્થોટીક ટેક્નીશીયન | ૦૧ | લાંબા સમયથી |
| ૭૯ | જુનીયર ફાર્માસીસ્ટ | ૦૨ | વર્ષ-૨૦૦૪-૦૧, તા.૩૦/૬/૦૯-૦૧ |
| ૮૦ | મીડીયામેકર | ૦૧ | ૩૧/૧/૦૩ |
| ૮૧ | સેનીટરી આસીસ્ટન્ટ | ૦૧ | લાંબા સમયથી |
| ૮૨ | વાયરમેન | ૦૧ | લાંબા સમયથી |
| ૮૩ | ક્યુરેટર ફોર મ્યુઝીયમ | ૦૧ | લાંબા સમયથી |
| ૮૪ | ડાર્કરૂમ આસીસ્ટન્ટ | ૦૧ | લાંબા સમયથી |
| ૮૫ | ફુટ ટેક્નીશીયન | ૦૧ | લાંબા સમયથી |
| ૮૬ | કચેરી અધિક્ષક | ૦૧ | ૧ તા.૩૧/૧૦/૧૦ |
| ૮૭ | હેડ ક્લાર્ક/સીન.આસી./સ્ટોરકીપર | ૦૨ | ૨ તા.૩૧/૧૨/૦૯ |
| ૮૮ | સીનીયર ક્લાર્ક | ૦૫ | ૫ તા.૦૯/૦૭/૦૯ |
| ૮૯ | જુનિયર ક્લાર્ક | ૦૧ | ૧ તા.૨૨/૧૦/૧૦ |
| ૯૦ | ટાઈપીસ્ટ | ૦૪ | ૧ તા.૩૧/૦૧/૦૫<br>૧ તા.૩૧/૦૧/૦૮<br>૧ તા.૦૧/૦૧/૯૭<br>૧ તા. ૨૮/૨/૦૮ |
| ૯૧ | અંગત મદદનીશ ગ્રેડ-૨ | ૦૨ | ૧ તા.૩૧/૦૫/૦૭<br>૧ તા.૩૧/૧૨/૧૦ |
| ૯૨ | અંગત મદદનીશ ગ્રેડ-૩ | ૦૬ | ૧ તા.૩૧/૦૧/૦૭<br>૧ તા.૦૭/૦૬/૦૯<br>૧ તા.૩૧/૦૩/૦૯ |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| | | | ૨ તા.૩૧/૦૩/૯૪ ૧ તા.૨૬/૦૪/૦૧ |
| ૯૩ | સ્ટેનો ટાઈપીસ્ટ | ૦૩ | ૧ તા.૦૭/૦૯/૯૮ ૧ તા.૦૧/૦૩/૮૫ ૧ તા.૩૧/૦૧/૯૯ |
| ૯૪ | નર્સિંગ વર્ગ-૩ | ૫ | લાંબા સમયથી |
| | **કુલ** | **૧૪૮** | |

--------

## ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફ્ત અનુસૂચિત જનજાતિની મહિલાઓની પ્રસૂતિ

૧૭૭૯૨ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વનબંધુ કલ્યાણ યોજના અન્વયે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના પ્રાયોજના વહીવટદાર પૈકી કેટલા પ્રા.વ. ને કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાનો ફાળવવામાં આવેલ છે, અને

(૨) ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફ્ત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આદિજાતિ વિસ્તારોમાંથી અનુસૂચિત જનજાતિની કેટલી મહિલાઓના ડિલિવરીના કેસો સંસ્થાકીય પ્રસૃતિ માટે લઈ જવામાં આવ્યા ?

**જવાબ**

(૧) આદિજાતિ વિસ્તારમાં ૫૪ સ્થળોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ હાલ કાર્યરત છે. આ એમ્બ્યુલન્સ પ્રાયોજના વહીવટદારોને ફાળવવામાં આવતી નથી.

(૨) ૫૭.૪૮૮ કેસો.

## સિવીલ હોસ્પિટલ અમદાવાદનું નવીનીકરણ

૧૮૪૦૩ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લાની અમદાવાદ ખાતેની સોલા સિવીલમાં નવીનીકરણ તથા સુધારણા માટે સરકારે માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે. તે હકીક્ત સાચી છે,

(૨) જો હા તો આ પ્લાન અંતર્ગત શું શું કામગીરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ પ્લાન અંતર્ગત નીચેની કામગીરીનો સમાવેશ કરવામા આવેલ છે.

(૧) હયાત મેડીક્લ કોલેજ બિલ્ડીંગમાં ૧૮૦ શીટની સુવિધાવાળુ ઓડીટોરીયમના રીપેરીંગ તથા રીનોવેશનની કામગીરી.

(૨) હયાત સ્ટાફ ક્વાટર્સનું રીપેરીંગ તથા રીનોવેશનની કામગીરી.

(૩) મેડીક્લ કોલેજ માટે લેબોરેટરીના નવા મકાનનું કામ.

(૪) હયાત બ્લોક ""ઈ"" ઉપર વધારાના બે માળનું કામ.

(૫) નવીન એચ.ટી. સબસ્ટેશનના બાંધકામનુ કામ.

(૬) હયાત બ્લોક ""એફ"" ઉપર વધારાનાચાર માળના બાંધકામનું કામ

(૭) હોસ્પિટલના વોર્ડ માટે ૧૧ માળના બે બ્લોક ""સી"" અને ""ડી""ના નવીન મકાન તથા ડીપાર્ટમેન્ટ બ્લોક્નું કામ.

(૮) નવી મેડીક્લ કોલેજોના મકાનનું બાંધકામ.

(૯) નવી હોસ્ટેલ સ્ટાફ ક્વાટર્સ ૪૦ યુનિટના મકાનનું કામ.

(૧૦) લેબોરેટરી, સી.એસ.એસ.ડી. તથા ઓ.પી.ડી.ના

સ્ટીલ સ્ટ્રક્ચરનું બાંધકામ.
(૧૧) સ્ટાફ ક્વાટર્સના ૧૬૦ યુનિટ બનાવવાનું કામ
(૧૨) ૧૦ નવા ઓપરેશન થીયેટરનું નવીન મકાનનું કામ.
(૧૩) ઈન્ટર્નશીપ ડોકટરના ચાર નવીન બ્લોક ઉભા કરવાનું કામ

(૩) તા.૩૧/૧૨/૧૦ અંતિત કઈ કઈ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) નીચે પ્રમાણે ખર્ચ થયેલ છે.
(૧) હયાત મેડીક્લ કોલેજ બિલ્ડીંગમાં ૧૮૦ શીટની સુવિધાવાળુ ઓડીટોરીયમની રીપેરીંગ તથા રીનોવેશન ની કામગીરી પાછળ રૂ. ૮૧.૫૫ લાખ.
(૨) હયાત ૨૮ સ્ટાફ ક્વાર્ટસનું રીપેરીંગ તથા રીનોવેશનની કામગીરી પાછળ રૂ.૬૩.૮૬ લાખ.
(૩) મેડીક્લ કોલેજ માટે લેબોરેટરીના નવા મકાનના બાંધકામ પાછળ રૂ.૪૦૫.૬૫ લાખ.
(૪) હયાત બ્લોક ""ઈ"" ઉપર વધારાના બે માળના બાંધકામના કામ પાછળ રૂ.૭૫.૨૬ લાખ.
(૫) નવીન એચ.ટી. સબસ્ટેશનના બાંધકામના કામ પાછળ રૂ.૨૦.૨૩ લાખ.
(૬) હયાત બ્લોક ""એફ"" ઉપર વધારાના ચાર માળના બાંધકામના કામ પાછળ રૂ.૧૮૬.૩૮ લાખ.
(૭) હોસ્પિટલના વોર્ડ માટે ૧૧ માળના બે બ્લોક ""સી"" અને ""ડી""ના નવીન મકાન તથા સીવીલ ડીપાર્ટમેન્ટના બાંધકામ પાછળ રૂ.૪૪૩.૬૮ લાખ.

(૪) અગામી વર્ષોમાં નવીનીકરણ/સુધારણા માટેનું શું આયોજન કરેલ છે ?

(૪) આગામી વર્ષો માટે નીચે પ્રમાણે આયોજન કરવામાં આવેલ છે.
(૧) સ્ટાફ ક્વાટર્સના ૧૬૦ યુનિટ બનાવવાનું કામ.
(૨) ૧૦ નવા ઓપરેશન થિયેટરનું નવીન મકાનનું કામ.
(૩) ઈન્ટર્નશીપ ડોકટરના ચાર નવીન બ્લોક ઉભા કરવાનું કામ.

## જૂનાગઢ જિલ્લામાં ટેન્કરો દ્વારા પીવાનું પાણી

૧૭૫૬૦ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ઉનાળાની સીઝનમાં જૂનાગઢ જિલ્લામાં ક્યા ક્યા તાલુકાના કેટલા ગામોમાં ટેન્કરો દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવ્યું, અને

(૨) ઉક્ત ગામોમાં કાયમી રીતે પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) નીચેની વિગતે ૧૨ તાલુકાના ૯૪ ગામોમાં

| તાલુકો | ટેન્કરની સંખ્યા | તાલુકો | ટેન્કરની સંખ્યા |
|---|---|---|---|
| જૂનાગઢ | ૩ | માંગરોળ | ૧૬ |
| મેંદરડા | ૧ | વેરાવળ | ૧૯ |
| કેશોદ | ૫ | તાલાળા | ૫ |
| માળીયા | ૧૬ | સુત્રાપાડા | ૧૪ |
| વંથલી | ૫ | કોડીનાર | ૩ |
| માણાવદર | ૩ | ઉના | ૪ |

(૨) ઉક્ત ગામોને કાયમી રીતે પાણી ઉપલબ્ધ થાય તે માટે સરકારે મહી/નર્મદા પાઈપ લાઈન પ્રોજેક્ટ અંતર્ગત આવરી લઈ મહી/નર્મદાનું પાણી આપવાનું આયોજન છે.

## વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં પ્રવાસન ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

૧૭૬૯૨ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં પ્રવાસન ક્ષેત્રે વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં કેટ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં પ્રવાસન ક્ષેત્રે વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં અનુક્રમે રૂપિયા ૧૦,૭૮૫.૫૦ કરોડના ૩૩ એમ.ઓ.યુ. અને

રૂપિયા ૪૧,૪૨૮.૮૯ કરોડના ૯૭ એમ.ઓ.યુ. થયા હતાં.

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તે અન્વયે થયેલ મુડી રોકાણના એમ.ઓ.યુ. સામે કેટલું મુડી રોકાણ થયું ?

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ થયેલ મુડી રોકાણના એમ.ઓ.યુ. સામે ખરેખર રૂપિયા ૪૧૫.૦૦ કરોડનું મુડી રોકાણ થયું છે.

--------

**રણોત્સવ - ૨૦૧૦ અંગે**

૧૮૫૩૫ **: શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦માં રણોત્સવ ક્યા સ્થળે અને ક્યારે યોજવામાં આવ્યો હતો, અને

(૨) આ ઉત્સવમાં કેટલા વિદેશી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦માં કચ્છ જિલ્લાના ધોરડો ગામે તા. ૧૯-૧૨-૨૦૧૦ થી તા. ૧૯-૧-૨૦૧૧ સુધી રણોત્સવ યોજવામાં આવેલ હતો.

(૨) આ ઉત્સવમાં ૮ (આઠ) વિદેશી મહાનુભાવો અને અંદાજીત ૧૧૦૦ (અગીયારસો) વિદેશીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

**સુરેન્દ્રનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજના લાભ**

૧૮૪૯૨ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત સિંચાઇના લાભોમાં તાલુકાવાર ક્યા ક્યા ગામોને આવરી લેવાયા છે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પત્રક*-૧માં જણાવેલ ૫૭૩ ગામોને નહેર મારફતે સિંચાઇની સુવિધા મળતી નથી.

(૨), (૩), (૪) અને (૫) : પ્રાથમિક સર્વે મુજબ ભોગોલિક રીતે સિંચાઇ યોજના શક્ય ન હોઇ, જમીન સંપાદન વગેરે પ્રશ્નોના કારણે નહેર સિંચાઇ સુવિધા દરેક ગામોને આપવી શક્ય નથી.

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરાયેલ આણંદ જિલ્લાના સ્થળો

૧૮૫૩૨ : **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જીલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. (૧) આણંદ (૨) બોરસદ (૩) કંકાપુરા

(૨) પસંદ કરાયેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની સરકારી યોજના છે.

(૧) આણંદ - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ

(૨) બોરસદ - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ

(૩) કંકાપુરા - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન રૂમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગસાઈટ, મ્યુઝીમ, ઓડીયોવીઝયુલ, ફુડકાફેટેરિયા, ૧૫ ગેસ્ટરૂમની વ્યવસ્થા

(૩) વર્ષ ૨૦૧૦-૧૧માં નીચે મુજબના નાણાં ફાળવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | આણંદ | રૂપિયા | ૧.૮૧ લાખ |
| (૨) | બોરસદ | રૂપિયા | ૧.૮૬ લાખ |
| (૩) | કંકાપુરા | રૂપિયા | ૭૩૩.૮૮ લાખ |

(૪) આ અંગે રૂપિયા ૮૭,૮૬,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

## રાજ્યના મોલ્સ અને મલ્ટીપ્લેક્સિસમાં ટુરીઝમની જાહેરાત

૧૭૫૮૫ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં રાજ્યના મોલ્સ અને મલ્ટીપ્લેક્સિસમાં મુકાતા સ્ક્રીન ઉપર ગુજરાત ટુરીઝમની જાહેરાતો કરવાનો કેટલી રકમનો કઇ કંપનીને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં રાજ્યના મોલ્સ અને મલ્ટીપ્લેક્સિસમાં મુકાતા સ્ક્રીન ઉપર ગુજરાત ટુરીઝમની કોઇ જાહેરાત આપવામાં આવેલ નથી.

(૨) આ કોન્ટ્રાક્ટ આપવા અંગેની શરતો વિગતો કઇ કઇ છે અને તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં તે અંગે કેટલો ખર્ચ થયો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગારીયાધાર તાલુકાને સિંચાઇનો લાભા આપવા અંગે**

૧૭૭૧૧ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધાર તાલુકો સો ટકા બિન પિયત છે તે સરકાર જાણે છે, અને<br>(૨) જો હા, તો ગારીયાધાર તાલુકાને સિંચાઇનો લાભ આપવા માટે સરકારનું શું આયોજન છે ? | (૧) અને (૨) : ગારીયાધાર તાલુકાની ભોગોલિક પરિસ્થિતિના કારણે, મોટી, મધ્યમ કે નાની સિંચાઇ યોજનાઓ થઇ શકે તેવી સક્ષમ સાઇટ નથી.<br>ગારીયાધાર તાલુકામાં સિંચાઇનો લાભ આપવા માટે ૧, નાની સિંચાઇ યોજના ૭૨૬ ચેકડેમો, ૪૨, અનુશ્રવણ તળાવો બાંધવામાં આવેલ છે. જેમાં ૨૫૬.૫૫ મી.ઘ.ફુટ પાણીનો સંગ્રહ થઇ શકે છે. જેના દ્વારા ૬૯૩૮ હેક્ટર વિસ્તારને પ્રત્યક્ષ કે પરોક્ષ સિંચાઇનો લાભ મળે છે. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

૧૮૪૧૩ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ગ્રામ્ય પાણી સમિતિ અંતર્ગત ૪૪ પાણી પુરવઠા યોજના. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂા. ૨૨૫.૬૨ લાખ. |

**જે.એન.યુ.આર.એમ. અંતર્ગત કેન્દ્રે ફાળવેલ રકમ**

૧૭૫૬૩ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ વિકાસના ક્યા ક્યા હેતુસર તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માટે કેટ કેટલી રકમ ફાળવી, | (૧) કેન્દ્ર સરકાર દ્વારા તેમના ફાળા પેટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં યુ.આઇ.જી. યોજના માટે **રૂ. ૯૭૨.૪૬** કરોડ, આવાસ યોજના માટે અન્વયે **રૂ. ૫૦૬.૫૪** કરોડ અને યુ.આઇ.ડી.એસ.એસ. એમ.ટી. યોજના અન્વયે **રૂ. ૧૬૮.૨૧** કરોડ ફાળવેલ છે. |
| (૨) આ ફાળવેલ રકમ અન્વયે જિલ્લાવાર ક્યા ક્યા શહેરોના વિકાસ માટે કેટ કેટલી રકમ ફાળવી, અને | (૨) ફાળવેલ રકમ અન્વયે જિલ્લાવાર જે તે શહેરોના વિકાસ માટે યોજનાવાર ફાળવવામાં આવેલ રકમની માહિતી **પત્રક*** (અ-૧,૨,૩) માં સામેલ રાખેલ છે. |
| (૩) ફાળવેલ રકમમાંથી કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ફાળવેલ રકમમાંથી કરેલ ખર્ચની વિગતવાર માહિતી **પત્રક*** (બ-૧,૨,૩) માં સામેલ રાખેલ છે. |

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**પોરબંદર જિલ્લામાં પાણી પુરવઠા કામોનું આયોજન**

૧૮૫૪૧ : **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં નર્મદા પાઇપ લાઇન આધારિત પાણી પુરવઠા યોજના હેઠળ વિતરણ વ્યવસ્થા સહિત કુલ કેટલા કામોનું | (૧) કુલ ચાર કામોનું આયોજન કરવામાં આવેલ છે. |

આયોજન કરવામાં આવ્યું છે,

(૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા ગામો અને શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) યોજના હેઠળ ૧૩૪ ગામો અને ૫ શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) આ યોજના હાલમાં ક્યા તબક્કે છે ?

(૩) યોજનાના કામો હાલ પ્રગતિ હેઠળ છે.

**કચ્છ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

**૧૮૫૭૦ : શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના, મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે, અને

(૨) તે પરત્વે ક્યા ક્યા હેતુના કામો મંજુર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના, મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડૂડા) કચ્છે જિલ્લાની **૬(છ)** નગરપાલિકાઓને કૂલ રૂ.૭.૩૭ કરોડની ગ્રાન્ટ ચુકવેલ છે.

(૨) યોજનાની જોગવાઇ મુજબ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) કચ્છ મારફત.

૧. ગોરવપથ અને મુખ્ય રસ્તાઓ, ડામર/સી.સી.રોડ બનાવવા
૨. હેટરીજના કામો
૩. સ્ટ્રીટ લાઇટ
૪. બગીચા બનાવવા તથા
૫. હોર્કર્સ ઝોન બનાવવાના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

**૧૮૫૬૯ : શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે, અને

(૨) તે પરત્વે ક્યા ક્યા હેતુના કામો મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડૂડા) મહેસાણાએ સાત નગરપાલિકાને બીજા હપ્તાની ગ્રાન્ટ રૂા. ૭.૬૪ કરોડ ચુકવેલ છે, અને

(૨) યોજનાની જોગવાઇ મુજબ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) મહેસાણા મારફત

૧. ગોરવપથ અને મુખ્ય રસ્તાઓ, ડામર, સી.સી.રોડ
૨. સ્મશાનમાં સી. સી. રોડ
૩. ટાઉન હોલ
૪. આગવી ઓળખના કામો,
૫. ટ્રાફિક સર્કલનો વિકાસ
૬. બગીચા બનાવવા
૭. તળાવ બ્યુટીફીકેશન
૮. વરસાદી પાણીના નિકાલ
૯. સંરક્ષણ દિવાલ
૧૦. આંગણવાડી
૧૧. સ્ટ્રીટલાઇટ (સ્લમ વિસ્તાર) ના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

**ટુરીઝમ કેમ્પેઇન પાછળ ખર્ચ**

૧૭૪૨૨ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના પ્રવાસન સ્થળોને વિક્સાવવા માટે ટુરીઝમ કેમ્પેઇન પાછળ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

રાજ્યના પ્રવાસન સ્થળોને વિક્સાવવા માટે ટુરીઝમ કેમ્પેઇન પાછળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અનુક્રમે રૂપિયા ૧૬,૭૦,૬૧,૧૮૪/- અને રૂપિયા ૧૮,૯૪,૪૦,૮૨૧/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં આવેલ સિવીલ હોસ્પિટલમાં ડૉક્ટરો અને નર્સોની ખાલી જ્ગ્યાઓ**

૧૭૪૯૨ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૨૭-૦૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ડૉક્ટરો અને નર્સોની ખાલી જ્ગ્યા છે, અને

(૨) આ ઘટ ક્યારે પુરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ડૉક્ટરોની ખાલી જ્ગ્યા - ૧ (એક)
નર્સોની ખાલી જ્ગ્યા - ૧૦૯

(૨) ડૉક્ટરની એક જ્ગ્યાની ઘટ લાયકાત ધરાવનાર ડૉક્ટર ઉપલબ્ધ થયેથી, જ્યારે નર્સિંગ સંવર્ગની જ્ગ્યા સંદર્ભે કોર્ટ કેસ થયેલ હોઇ નિર્ણય આવ્યેથી કાર્યવાહી કરવામાં આવશે.

**વડોદરા જિલ્લામાં પાણીની ઓવરહેડ ટાંકીઓ**

૧૯૧૩૮ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી ઓવરહેડ પાણીની ટાંકીઓ હયાત છે,

(૨) તે પૈકી કેટલી ટાંકીઓમાં પાણી ચઢાવવામાં આવતું નથી.

(૩) એક પણ વખત ટાંકીમાં પાણી ચઢાવવામાં ન આવ્યું હોય તેવી કેટલી ટાંકીઓ છે તેનાં શા કારણો છે, અને

(૪) આ ટાંકીઓમાં કેટલા સમયમાં પાણી ચઢાવવામાં આવશે ?

**જવાબ**

(૧) હયાત ઓવરહેડ પાણીની ટાંકીઓની તાલુકાવાર સંખ્યા નીચે મુજબ છે.

| તાલુકો | હયાત ટાંકીઓ | તાલુકો | હયાત ટાંકીઓ |
|---|---|---|---|
| વડોદરા | ૯૫ | શિનોર | ૧૭ |
| વાઘોડિયા | ૧૦૯ | સાવલી | ૧૬૯ |
| ડભોઇ | ૫૨ | ક્વાંટ | ૨૩ |
| નસવાડી | ૩૭ | પાવી જેતપુર | ૬૧ |
| કરજણ | ૩૩ | છોટા ઉદેપુર | ૨૦ |
| પાદરા | ૨૬ | સંખેડા | ૧૦૨ |

(૨) ૧૭ ટાંકીઓ.

(૩) એક ટાંકી સોર્સ નિષ્ફળ જવાથી.

(૪) ક્રમશ : ૭/૨૦૧૧ સુધીમાં.

--------

**વડોદરા જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા પસંદ કરેલ સ્થળો**

૧૮૫૧૫ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા.<br>**વર્ષ ૨૦૦૯-૧૦ માટે**<br>(અ) ક્લેકટરશ્રી દ્વારા (૧) વડોદરા શહેરમાં આવેલ ખંડેરાવ માર્કેટ બીલ્ડીંગ, ન્યાય મંદિર બીલ્ડીંગ, માંડવી દરવાજા તથા કોઠી ક્ચેરી બીલ્ડીંગ (હેરીટેઝ બીલ્ડીંગ)<br>**વર્ષ ૨૦૧૦-૧૧ માટે**<br>(૧) વડોદરા શહેરમાં આવેલ સુરસાગર ફરતે ડેકોરેટીવ લાઇટીંગ<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા ખાસ અંગભૂત યોજના હેઠળ કરજણ તાલુકાના હરસુંડા ખાતે આવેલ સંત કબીર મંદિરની પસદંગી કરવામાં આવેલ છે. |
| (૨) પસંદ કરેલ સ્થળોએ વિકસાવવા માટે કઇ કઇ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે, | (૨) પસંદ કરેલા સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પુરી પાડવાની સરકારની યોજના છે,<br>(અ) વડોદરા શહેરમાં આવેલ ખંડેરાવ માર્કેટ બીલ્ડીંગ, ન્યાય મંદિર બીલ્ડીંગ, માંડવી દરવાજા તથા કોઠી ક્ચેરી બીલ્ડીંગ (હેરીટેઇઝ બિલ્ડીંગ)ની રોશનીનું કામ<br>(બ) વડોદરા શહેરમાં આવેલ સુરસાગર ફરતે ડેકોરેટીવ લાઇટીંગ<br>(ક) હરસુંડા ગામે આવેલ સંત કબીર મંદિર ખાતે રોડવર્ક, યાત્રાળુઓ માટે શેડ તથા હાટ, તળાવનો વિકાસ, ટોયલેટ બ્લોક, પીવાના પાણી માટે રૂમની સુવિધા. |
| (૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને | (૩) (અ) ક્લેકટરશ્રીને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૧૦૦.૦૦ લાખ અને વર્ષ - ૨૦૧૦-૧૧માં રૂપિયા ૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા સંત કબીર મંદિર હરસુંડા માટે રૂપિયા ૨૧૪.૮૩ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૪) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૪) ક્લેકટરશ્રી વડોદરા દ્વારા રૂપિયા ૯૧.૨૩ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સંત કબીર મંદિર હરસુંડા માટે રૂપિયા ૧૮૪.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

--------

**નગરપાલિકાઓને ચુકવેલ સફાઈ વેરા પ્રોત્સાહક ગ્રાન્ટ**

૧૮૫૫૦ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમ સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે નગરપાલિકાઓને ચુકવેલ છે ? | તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે રૂ. ૮,૭૮,૦૪,૬૬૦/- ની રકમ સફાઈ વેરા પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે ૮૦ નગરપાલિકાઓને ચુકવેલ છે. |

## વિલસન હીલના વિકાસ માટે રકમની ફાળવણી

૧૮૫૩૦ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પ્રવાસન સ્થળ વિલસન હીલનો વિકાસ કરવા માટે સરકાર ધ્વારા સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ રકમ પેકી તા.૩૧-૩-૧૦ ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પ્રવાસન સ્થળ વિલસન હીલનો વિકાસ કરવા માટે સરકાર ધ્વારા સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) સને ૨૦૦૬-૦૭ માં ફાળવેલ ગ્રાન્ટ પેકી રૂપિયા ૧૭.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આ સ્થળે ડેવલપમેન્ટ ઓફ વિલસન હીલ ઈકો ટુરીઝમ યોજના હેઠળ પ્રવેશદ્વાર અને વાંસ થાંભલાઓની રેલીંગ, વ્યુપોઈન્ટ અને સનસેટ પોઈન્ટનું કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે.

--------

## પાટણ જિલ્લામાં મંજૂર કરેલ પાણી માટેના બોર

૧૭૪૪૬ : **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર પાણી માટેના કેટલા બોર મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે બોર મંજૂર કરવામાં આવ્યા

| તાલુકો | મંજૂર કરવામાં આવેલ બોરની સંખ્યા |
|---|---|
| ચાણસ્મા | ૦૬ |
| પાટણ | ૧૫ |
| રાધનપુર | ૦૩ |
| સમી | ૧૧ |
| સિધ્ધપુર | ૧૧ |
| હારીજ | ૦૩ |

--------

## આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૧૧ માટે રકમની ફાળવણી અને થયેલ ખર્ચ

૧૭૩૮૨ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ ખાતે ૨૦૧૧ માં યોજવામાં આવેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ હતી, અને

(૨) આ પતંગોત્સવના આયોજનમાં ખરેખર કેટલો ખર્ચ થયો અને કેટલા દેશી કે વિદેશી પતંગબાજોએ આ ઉત્સવમાં ભાગ લીધો ?

**જવાબ**

(૧) અમદાવાદ ખાતે ૨૦૧૧ માં યોજવામાં આવેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ માટે અલગ કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી પરંતુ મેળા ઉત્સવો સદરે જે ગ્રાન્ટ મંજુર કરવામાં આવે છે તેમાંથી ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) આ પતંગ મહોત્સવના આયોજનમાં તારીખ ૯-૨-૨૦૧૧ ની સ્થિતિએ રૂપિયા ૩,૨૭,૭૫,૦૪૨/- (અંકે રૂપિયા ત્રણ કરોડ, સતાવીસ લાખ, પંચોતેર હજાર, બેતાલીસ પુરા) નો ખર્ચ થયેલ છે. આ પતંગ મહોત્સવમાં દેશના ૧૦૫ પતંગબાજો અને વિદેશના ૮૮ પતંગબાજોએ ભાગ લીધેલ હતો.

## બનાસકાંઠા જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૧૮૫૨૯ : **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું કામગીરી

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની

હાથ ધરવામાં આવી, અને

કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
(૧) મોજે ધાબાવાળી વાવ તા. દાંતા ગામની ટ્રાયબલ હેરીટેઈઝ વિલેજ તરીકે બનાવવાની કામગીરી
(૨) અંબાજી ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા પાસેથી કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરાવવામાં આવેલ છે. જેમાં થીમપાર્કનો વિકાસ, ગબ્બર તળેટી ખાતે એન્ટ્રસ ચોક, અને સુવેજ લાઈનીંગની કામગીરીનો સમાવેશ થાય છે.

(૨) સન ૨૦૧૦-૧૧ના વર્ષમાં આ માટે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકારે કેટલી ગ્રાન્ટ આપી અને તેમાંથી કેટલો ખર્ચ થયો?

(૨) સન ૨૦૧૦-૧૧ના વર્ષમાં અંબાજી પવિત્ર યાત્રાધામ ખાતે દર્શનાર્થીઓની સુવિધાઓ માટે અંબાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા વિવિધ પ્રોજેકટો હાથ ધરવામાં આવ્યા છે, જેમાં મહત્વના પ્રોજેકટ માટે અંદાજીત રૂપિયા ૩૮.૩૫ કરોડના કામો જેવા કે ગબ્બર પરિક્રમા પથ, ગબ્બર વિસ્તૃતીરણ, ચાચરચોક વિસ્તૃતીકરણ તેમજ ૨૦૦ બેડની હોસ્પીટલનો સમાવેશ થાય છે અને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૧૦.૪૫ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

--------

**કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે કામગીરી**

૧૮૫૨૮ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં પવિત્ર યાત્રાધામ કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે ભારત સરકાર ધ્વારા કોઈ યોજના મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે. | (૧) ના જી |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કામગીરી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઉભી થનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**પ્રવાસન વિકાસ અન્વયે જૂનાગઢ જિલ્લામાં સમાવિષ્ટ સ્થળો**

૧૮૫૨૯ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે જૂનાગઢ જિલ્લામાં કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન વિકાસ અન્વયે જૂનાગઢ જીલ્લાના નીચે મુજબના સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે,<br>(અ) કલેકટરશ્રી દ્વારા<br>(૧) ભવનાથ-ગીરનાર તળેટી વિસ્તાર<br>(૨) બુધ્ધિષ્ટ સાઇટ- અશોક શીલાલેખ, બાવા પ્યારાની ગુફા, ખાપરા કોડીયાની ગુફા, શાણાવાંકીયા ગુફા, ઉપરકોટ<br>(૩) સોમનાથ ખાતે સેપ્ટી ચેઇન વોલની કામગીરી<br>(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા<br>(૧) જૂનાગઢ શહેરના સ્થળોનો વિકાસ<br>(૨) સોમનાથ<br>(૩) અહેમદપુર માંડવી<br>(૪) ખાસ અંગભૂત યોજના અંતર્ગત સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન - સરસઇ તાલુકો<br>વિસાવદર |
| (૨) તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી ગ્રાન્ટ વિકાસ માટે ફાળવવામાં આવી, | (૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

(અ) ક્લેકટરશ્રી દ્વારા

(૧) ભવનાથ રૂપિયા ૭૦૩.૦૦ લાખ

(૨) બુધ્ધિષ્ટ સાઇટ રૂપિયા ૪૮.૩૮ લાખ

(૩) સોમનાથ રૂપિયા ૭૩.૮૨ લાખ

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા

(૧) જૂનાગઢ શહેરના સ્થળોના વિકાસ માટે રૂપિયા ૯૭૫.૨૨ લાખ

(૨) ખાસ અંગભૂત યોજના અંર્તગત સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન - સરસઇ તાલુકો
વિસાવદર માટે રૂપિયા ૬૦.૪૭ લાખનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

(૩) ફાળવેલ ગ્રાન્ટમાંથી ક્યા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે નીચે મુજબનો ખર્ચ થયેલ છે.

(અ) ક્લેકટરશ્રી દ્વારા

(૧) સોમનાથ ટ્રસ્ટ દ્વારા સેપ્ટી ચેઇન વોલની કામગીરી માટે રૂ. ૦.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા

(૧) જૂનાગઢ શહેરના સ્થળોના વિકાસ માટે રૂપિયા ૬૪.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) ખાસ અંગભૂત યોજના અંર્તગત સંતશ્રી વિસાવદર ખાતેની કામગીરી માટે રૂપિયા ૫૮.૭૧ લાખનો ખર્ચ થયેલ છે.

(૪) આ કામ ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૪) (અ) ક્લેકટરશ્રી દ્વારા

(૧) ભવનાથ-ગીરનાર તળેટી વિસ્તારના વિકાસની કામગીરી મે-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) બુધ્ધિષ્ટ સાઇટ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે પુરાતત્વ ખાતાની મંજુરી મળેથી સૂચિત કામો તુરતજ કરવા આયોજન છે.

(૩) સોમનાથ ટ્રસ્ટ દ્વારા સેપ્ટી ચેઇન વોલની કામગીરી પ્રગતિમાં હોઇ જુન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા

(૧) જુનાગઢ શહેરના સ્થળોના વિકાસ માટેની કામગીરી ડીસેમ્બર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) સોમનાથ-આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસની આનુસાંગિક કાર્યવાહી ચાલુ હોઇ બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) અહેમદપુર માંડવી-આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસની આનુસાંગિક કાર્યવાહી ચાલુ હોઇ બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૪) ખાસ અંગભૂત યોજના અંર્તગત સંતશ્રી રોહીતદાસ મહારાજ સ્થાન, સરસઇ તા.-વિસાવદર ખાતેની કામગીરી પૂર્ણ થયેલ છે.

## જકાતના વિકલ્પની ગ્રાન્ટમાં વધારો ન ચૂકવવા અંગે

૧૭૩૮૭ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જકાતના (ઓકટ્રોય)વિકલ્પની ગ્રાન્ટમાં ૧૫ ટકાનો વધારો ચૂકવ્યો નથી તે હકીકત સાચી છે, અને

(૧) ના જી.

રાજ્યની નગરપાલિકાઓને ૧૦ ટકા વધારો આપવામાં આવેલ છે.

| વર્ષ | ચૂકવવામાં આવેલ વધારાની રકમ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૩૭,૭૧,૧૪,૦૮૮/- |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૫૬,૫૬,૭૧,૧૩૨/- |
| ૨૦૧૦-૧૧ | રૂા. ૫૬,૫૬,૭૧,૧૩૨/- |

(૨) જો હા, તો વર્ષવાર કેટલી રકમ ચૂકવવાની થાય છે, અને આ રકમ કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

(૨) દર વર્ષે આ રકમ સમયસર ચૂકવવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં સિંચાઈનું પાણી**

૧૭૫૯૪ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલા હેકટર જમીનને સિંચાઈનું પાણી પૂરૂં પાડવામાં આવેલ છે, અને

(૨) બાકી કેટલા હેકટરને સિંચાઈનું પાણી કેટલા સમયમાં આપવાનું સરકારનું આયોજન છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકા | સિંચાઈ વિસ્તાર હેકટરમાં |
|---|---|---|
| ૧ | ચીખલી | ૨૩૧૯૫ |
| ૨ | વાંસદા | ૪૯૦૧ |
| ૩ | નવસારી | ૧૧૬૫૨ |
| ૪ | જલાલપુર | ૧૩૦૭૦ |
| ૫ | ગણદેવી | ૮૩૭૩ |

(૨) બાકી રહેતા ૬૮૪૦ હેકટર વિસ્તારને આગામી વર્ષોમાં તબક્કાવાર નહેર સુધારણાના કામો હાથ ધરી આવરી લેવાનું વિચારણા હેઠળ છે.

**દાહોદ જિલ્લામાં નવીન હેન્ડપંપની મંજૂરી**

૧૯૦૦૦ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૧-૧-૧૦ થી તા. ૩૦-૬-૧૦ના સમય ગાળામાં કુલ કેટલા નવીન હેન્ડપંપની મંજૂરી આપવામાં આવી,અને

(૨) આ હેન્ડપંપો પૈકી તા. ૩૦-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા હેન્ડપંપના કામો પૂર્ણ કરવામાં આવ્યા અને બાકીના હેન્ડપંપ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) કુલ ૧૯૫૦ નવીન હેન્ડપંપની મંજૂરી આપવામાં આવી.

(૨) મંજૂર કરેલ તમામ ૧૯૫૦ હેન્ડપંપના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેથી આયોજનનો પ્રશ્ન રહેતો નથી.

--------

**ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ અંગે**

૧૮૪૦૭ : **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૧૦માં કિડની ટ્રાન્સપ્લાન્ટનાં કેટલા ઓપરેશન થયા, અને

(૨) કિડની રોગથી પીડાતા કેટલા દર્દીઓએ સારવાર લીધી ?

**જવાબ**

(૧) ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ અમદાવાદ ખાતે વર્ષ ૨૦૧૦માં કુલ-૨૭૫ કિડની ટ્રાન્સપ્લાન્ટનાં ઓપરેશન કરવામાં આવ્યા.

(૨) કિડની રોગથી પીડાતા
ઓ.પી.ડી. ના કુલ : ૯૨૫૩૬ દર્દી અને
ઈન્ડોરના : ૬,૯૨૩ દર્દીઓ મળીને
કુલ : ૯૯૪૫૯ દર્દીઓએ વર્ષ-૨૦૧૦માં
સારવાર લીધેલ છે.

**સુરેન્દ્રનગર જીલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૮૪૦૨ : **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જીલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં જીલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું શું કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જીલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી છે.

(૧) ચોટીલાના પ્રસિધ્ધ ચામુંડા માતાજી ચોટીલા ખાતે ભક્તિવનની સુવિધા જેમાં પેવર બ્લોક, કર્બીંગ, બ્યુટીફીકેશન, ટાઈલ્સ, ઈલેક્ટ્રીફીકેશન, ગાર્ડન, વૃક્ષારોપણ, ડ્રેનેજ, રોડ, કેનાલ, લેન્ડસ્કેપીંગ, વોટરટેન્ક, ટોયલેટ, પાણીના બોર, પાઈપલાઈન, તુલસીકુંડ, સ્ટોનપીચીંગ વર્ક, સીક્યોરીટી એન્ડ ઓફીસ, શેડ તથા શેલ્ટરની કામગીરીનો સમાવેશ થાય છે.

(૨) ઝીંઝુવાડા- તા. પારડી પાસેના કચ્છના નાના રણમાં આવેલ વચ્છરાજ બેટને પ્રવાસન સ્થળ તરીકે

વિકસાવવાની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

(૩) ખાસ અંગભુત યોજના હેઠળ પાટડી તાલુકાના ઝીંઝુવાડા ગામે આવેલ સંતશ્રી તેજાનંદ સ્વામીની જગ્યાએ આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે બેઠક વ્યવસ્થા, બાગ-બગીચો, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, પેવર બ્લોક્નું પેવીંગ, ટોયલેટ, લાઈટ અને પાણીની વ્યવસ્થા, યાત્રાળુઓ માટે શેડ અને હાટ તેમજ સાઈનેજીસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૪) ખાસ અંગભુત યોજના હેઠળ લીંબડી તાલુકાના ભોજપુરા ગામે આવેલ સંતશ્રી સરવેયાનાથજી સમાધી સ્થાન ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા જેવી કે એપ્રોચ રોડ, લાઈટ પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડવોલ, હાટ, પીવાના પાણીનો રૂમ, બાગબગીચો, પાણીના ટાંકાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) આ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૧) વર્ષ ૨૦૦૮-૦૯માં રૂપિયા ૧૬૮.૫૦ લાખ

(૨) વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૩૦૪.૮૨ લાખ

(૩) તેમાંથી કેટલો ખર્ચ થયો ?

(૩) તેમાંથી રૂપિયા ૩૧૮.૨૬ લાખનો ખર્ચ થયેલ છે.

**આણંદ જિલ્લામાં સિવીલ હોસ્પિટલમાં મહેકમ**

૧૮૧૩૬ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર મહેકમ કેટલું છે,

(૧) આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ, પેટલાદ કાર્યરત છે. જેમાં નીચે મુજબ સંવર્ગવાર મહેકમ મંજુર થયેલ છે.

| સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૧૪ |
| વર્ગ-૨ | ૦૭ |
| વર્ગ-૩ | ૫૬ |
| વર્ગ-૪ | ૩૬ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨)

| સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા | કેટલા સમયથી |
|---|---|---|
| વર્ગ-૧ | ૮ | તા.૮-૨-૦૩,તા.૨૨-૭-૦૪, તા.૧૯-૫-૦૮, તા.૯-૯-૦૮ અને તા.૧૧-૫-૨૦૧૦ (ચાર જગ્યા) |
| વર્ગ-૨ | ૧ | તા.૧૧-૫-૨૦૧૦ |
| વર્ગ-૩ | ૧૫ | તા.૧-૩-૦૪ અને તા.૯-૯-૦૮ થી તા.૧૩-૧-૨૦૧૧ દરમ્યાન |
| વર્ગ-૪ | ૧૩ | તા.૩૧-૮-૦૨ થી તા.૧-૪-૦૭ દરમ્યાન (છ જગ્યા) અને તા.૧-૫-૦૮ થી તા.૧-૧-૨૦૧૧ દરમ્યાન (સાત જગ્યા) |

(૩) આણંદ ખાતે નવી સિવિલ હોસ્પિટલ બનાવવા સંદર્ભે શી કાર્યવાહી થયેલ છે, અને

(૩) જમીનની પસંદગી કરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે.

(૪) હાલમાં કાર્યવાહી ક્યા તબક્કામાં છે ?

(૪) ખંડ (૩) મુજબ

**સુરત જિલ્લામાં પ્રવાસન વિકાસ કાર્યક્રમ અન્વયે પસંદ કરેલ સ્થળો**

૧૮૫૨૧ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦માં પ્રવાસન વિકાસ કાર્યક્રમ અન્વયે સુરત જિલ્લામાં કેટલા સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) તે અન્વયે પ્રવાસન વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે,

(૩) આ ફાળવેલ ગ્રાન્ટમાંથી ક્યા સ્થળ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૪) અધુરા કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સન ૨૦૧૦માં પ્રવાસન વિકાસ કાર્યક્રમ અન્વયે સુરત જિલ્લામાં નીચેના સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(અ) સુવાલી બીચ
(બ) ઉમરાચી
(ક) ભાટગામ
(ડ) દેલાદ
(ઈ) છાપરાભાટા (તાપી નદીનો કિનારો)
(ઉ) વાંઝ

(૨)

(અ) સુવાલી બીચ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધા માટે રૂપિયા ૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(બ) દાંડી હેરીટેજ કોરીડોર અંતર્ગત સુરત જિલ્લા માટે રૂપિયા ૩૭૪.૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૩)

(અ) સુવાલી બીચના વિકાસ માટે હાલના તબક્કે કન્સલ્ટન્સી ચાર્જ પેટે રૂપિયા ૩.૭૫ લાખનો ખર્ચ થયેલ છે.

(બ) દાંડી હેરીટેજ કોરીડોર અંર્તગત કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરી માટે નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| | | **ખર્ચ (રૂપિયા લાખમાં)** |
|---|---|---|
| ૧. | ઉમરાચી | ૨૮.૮૬ |
| ૨. | ભાટગામ | ૩૪.૨૧ |
| ૩. | દેલાલ | ૨૪.૨૬ |
| ૪. | છાપરાભાટા | ૨૪.૯૯ |
| ૫. | વાંઝ | ૫૬.૦૬ |
| | **કુલ રૂપિયા** | **૧૬૮.૩૮** |

(૪)

(અ) સુવાલી બીચના વિકાસ માટે સાર્વજનીક કોલેજ ઓફ એન્જીન્યરીંગ એન્ડ ટેક્નોલોજી, સુરતને ડીટેઈલ પ્રોજેક્ટ રીપોર્ટ તેયાર કરવાની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે. હાલમાં સર્વેની કામગીરી ચાલુ છે. સર્વે/પ્રોજેક્ટ રીપોર્ટ આપ્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે.

(બ) દાંડી હેરીટેજ કોરીડોર અંતર્ગતના કામો ઓગષ્ટ-૨૦૧૧ સુધીમાં પુરા કરવાનું આયોજન છે.

## સોમનાથ મંદિરના વિકાસ માટે રકમની ફાળવણી

૧૮૫૩૬ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સોમનાથ મંદિરનો પ્રવાસન સ્થળ તરીકેનો વિકાસ કરવા માટે સરકાર દ્વારા સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ રકમ પેકી તા.૩૧-૩-૨૦૧૦ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સોમનાથ મંદિરનો પવિત્ર યાત્રાધામ અને પ્રવાસન સ્થળ તરીકેનો વિકાસ કરવા માટે સરકાર દ્વારા સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં સરકાર દ્વારા રૂપિયા ૧,૨૩,૮૨૦૦૦/- ની રકમ ફાળવવામાં આવી હતી.

(૨) ફાળવેલ રકમ પેકી તા.૩૧-૩-૨૦૧૦ સુધીમાં રૂપિયા ૪૪,૯૧,૧૨૯/- નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

## અમદાવાદ મેડીકલ કોલેજમાં મંજૂર જગ્યાઓ

૧૮૮૯૪ : **શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદની સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કઈ કેડરની કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિ સરકારી મેડીકલ કોલેજમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩૭૬ |
| વર્ગ-૨ | ૧૦૫ |
| વર્ગ-૩(ક્લેરીકલ) | ૬૮ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૧૧૬ |
| વર્ગ-૪ | ૧૬૬ |
| **કુલ** | **૮૩૧** |

(૨)

| સંવર્ગ | ખાલી જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩૨ |
| વર્ગ-૨ | ૧૭ |
| વર્ગ-૩(ક્લેરીકલ) | ૧૭ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૩૮ |
| **કુલ** | **૧૦૪** |

કુલ-૧૦૪ જગ્યાઓ ક્યારથી ખાલી છે. તેનું પત્રક સામેલ છે.

**પત્રક**

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૨ | પ્રાધ્યાપક એન્ડોક્રાયનોલોજી | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૩ | પ્રાધ્યાપક ફેમીલી મેડીસીન | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૪ | પ્રાધ્યાપક મેડી. જીનેટીક્સ | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૫ | સહ પ્રાધ્યાપક ગેસ્ટ્રોએન્ટોલોજી | ૨ | ૧૧-૪-૨૦૦૭, ૧૧-૪-૨૦૦૭ |
| ૬ | સહ પ્રાધ્યાપક એન્ડોક્રાયનોલોજી | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૭ | સહ પ્રાધ્યાપક મેડી. જીનેટીક | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૮ | સહ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટ્રી | ૨ | ૧૧-૪-૨૦૦૭, ૧૧-૪-૨૦૦૭ |
| ૯ | સહ પ્રાધ્યાપક આઈ.એચ.બી.ટી. | ૧ | ૨૦-૯-૨૦૧૦ |
| ૧૦ | મદદનીશ પ્રાધ્યાપક રેડીયોલોજી | ૧ | ૨-૧૨-૨૦૧૦ |
| ૧૧ | મદદનીશ પ્રાધ્યાપક ઓપ્થોલ્મોલોજી | ૧ | ૧૫-૯-૨૦૧૦ |
| ૧૨ | મદદનીશ પ્રાધ્યાપક યુરોલોજી | ૧ | ૧-૯-૨૦૧૦ |
| ૧૩ | મદદનીશ પ્રાધ્યાપક ગેસ્ટ્રોએન્ટોલોજી | ૨ | ૩-૧૦-૨૦૦૯, ૧૧-૪-૨૦૦૭ |
| ૧૪ | મદદનીશ પ્રાધ્યાપક ન્યુરોલોજી | ૧ | ૧૨-૦૫-૨૦૦૮ |
| ૧૫ | મદદનીશ પ્રાધ્યાપક ન્યુરોસર્જન | ૧ | ૩૦-૭-૨૦૧૦ |
| ૧૬ | મદદનીશ પ્રાધ્યાપક સી.ટી.સર્જરી | ૧ | ૩૦-૧૧-૨૦૦૫ |
| ૧૭ | મદદનીશ પ્રાધ્યાપક એન્ડોક્રાયોનોલોજી | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૧૮ | મદદનીશ પ્રાધ્યાપક ઓન્કોલોજી મેડીસીન | ૧ | ૯-૪-૨૦૦૭ |
| ૧૯ | મદદનીશ પ્રાધ્યાપક ઓન્કોલોજી સર્જરી | ૧ | ૯-૪-૨૦૦૭ |
| ૨૦ | મદદનીશ પ્રાધ્યાપક ગાયનેક | ૧ | ૮-૧૨-૨૦૧૦ |
| ૨૧ | મદદનીશ પ્રાધ્યાપક પીડીયાટ્રીક્સ | ૧ | ૧-૧૦-૨૦૧૦ |
| ૨૨ | મદદનીશ પ્રાધ્યાપક ફેમીલીમેડીસીન | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૨૩ | મદદનીશ પ્રાધ્યાપક મેડીકલ જીનેટીક | ૧ | ૧૧-૪-૨૦૦૭ |
| ૨૪ | મદદનીશ પ્રાધ્યાપક બાયોકેમેસ્ટ્રી | ૩ | ૨૧-૧-૨૦૦૬, ૭-૧૧-૨૦૦૬, |

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|
| | | | ૭-૦૧-૨૦૧૦ |
| ૨૫ | મદદનીશ પ્રાધ્યાપક ફાર્માકોલોજી | ૧ | ૨૦-૧૧-૨૦૧૦ |
| ૨૬ | મદદનીશ પ્રાધ્યાપક નીઓનેટલ | ૧ | ૧૧-૭-૨૦૧૦ |
| ૨૭ | સહ પ્રાધ્યાપક ફોરેન્સીક મેડીસીન | ૧ | ૯-૧૨-૨૦૧૦ |
| ૨૮ | ટ્યુટર રેડીયોલોજી | ૩ | ૧૫-૧૦-૨૦૦૯, ૩-૧૦-૨૦૧૦, ૩૧-૭-૨૦૧૦ |
| ૨૯ | ટ્યુટર ફાર્માકોલોજી | ૨ | ૯-૭-૨૦૧૦, ૧૮-૧૨-૨૦૧૦ |
| ૩૦ | ટ્યુટર પેથોલોજી | ૧ | ૨-૧૨-૨૦૧૦ |
| ૩૧ | ટ્યુટર પી.એસ.એમ. | ૨ | ૫-૧૦-૨૦૧૦, ૫-૧૦-૨૦૧૦ |
| ૩૨ | ટ્યુટર ફોરેન્સીક મેડીસીન | ૧ | ૧૨-૫-૨૦૧૦ |
| ૩૩ | ટ્યુટર એનેસ્થેસીયા | ૭ | ૨-૧૧-૨૦૦૯, ૭-૯-૨૦૦૯, ૧૧-૩-૨૦૧૦, ૧૧-૬-૨૦૦૯, ૩-૨-૨૦૦૯, ૬-૪-૨૦૦૯, ૩૧-૫-૨૦૦૮ |
| ૩૪ | બાયોકેમીસ્ટ | ૧ | ૩૦-૬-૨૦૦૯ |
| ૩૫ | લેબોરેટરી ટેક્નીશીયન | ૦૭ | તા. ૩૧-૭-૨૦૦૭, ૧૧-૩-૨૦૧૦, ૧૧-૩-૨૦૧૦, ૬-૧૨-૨૦૧૦, ૭-૧૨-૨૦૧૦, ૧૬-૧૨-૨૦૧૦, ૨૧-૧-૨૦૧૧ |
| ૩૬ | લેબોરેટરી આસીસ્ટન્ટ | ૧૫ | તા. ૧-૭-૨૦૦૪, ૨૭-૧૨-૨૦૦૪, ૧-૩-૨૦૦૬, ૩૧-૭-૨૦૦૬, ૩૧-૧૦-૨૦૦૭, ૨૯-૨-૨૦૦૮, ૨૦-૧૧-૨૦૦૮, ૨-૬-૨૦૦૯, ૨-૬-૨૦૦૯, ૨-૬-૨૦૦૯, ૧૦-૨-૨૦૧૦, ૧-૫-૨૦૧૦, ૧૫-૯-૨૦૧૦, ૧૫-૯-૨૦૧૦ લાંબા સમયથી ૧ જ્ગ્યા |
| ૩૭ | આસીસ્ટન્ટ ટેક્નીશીયન | ૦૧ | તા. ૨૮-૨-૨૦૦૭ |
| ૩૮ | એક્સ-રે ટેક્નીશીયન | ૦૧ | તા. ૧૩-૧-૨૦૦૯ |
| ૩૯ | લાયબ્રેરીયન | ૦૧ | તા. ૩૧-૧૨-૨૦૦૮ |
| ૪૦ | મદદનીશ લાયબ્રેરીયન | ૦૧ | તા. ૩૦-૦૪-૨૦૦૯ |
| ૪૧ | આંકડા મદદનીશ | ૦૧ | તા. ૩૧-૭-૨૦૦૭ |
| ૪૨ | આર્ટીસ્ટ | ૦૧ | તા. ૩૧-૧-૨૦૦૯ |
| ૪૩ | ફીઝીકલ ઈન્સ્ટ્રકટર | ૦૧ | લાંબા સમયથી |
| ૪૪ | વાયરમેન | ૦૧ | તા. ૩૧-૫-૨૦૦૪ |
| ૪૫ | ડ્રાઈવર | ૦૭ | તા. ૧૫-૧૦-૨૦૦૪, ૧૯-૮-૨૦૦૪, ૩૧-૧૨-૨૦૦૬, ૩૧-૧-૨૦૦૭, લાંબા સમયથી ૩ જ્ગ્યા |
| ૪૬ | મેડીકલ સોશ્યલ વર્કર | ૦૧ | તા. ૪-૧૧-૨૦૦૯ |
| ૪૭ | હેડ ક્લાર્ક | ૦૨ | ૧ તા. ૩૦-૪-૨૦૧૦ ૧ તા. ૨૦-૫-૨૦૧૦, |
| ૪૮ | જુનિયર ક્લાર્ક | ૧૧ | ૭ તા. ૧૫-૧૦-૨૦૦૯ ૧ તા. ૨૨-૧૦-૨૦૦૯ ૧ તા. ૧૫-૦૪-૨૦૧૦ ૧ તા. ૩૧-૦૧-૨૦૧૦ ૧ તા. ૨૫-૦૩-૨૦૧૦ |
| ૪૯ | જુનિયર ક્લાર્ક ક્મ ટાઈપીસ્ટ | ૦૨ | ૧ તા.૨૨/૦૮/૨૦૦૫ ૧ તા.૧૪/૦૫/૦૮ |
| ૫૦ | અંગત મદદનીશ ગ્રેડ-૨ | ૦૧ | ૧ તા.૩૧/૦૧/૦૭ |
| ૫૧ | અંગત મદદનીશ ગ્રેડ-૩ | ૦૧ | ૧ તા.૩૧/૦૧/૦૭ |
| | કુલ : | ૧૦૪ | |

-------------

## સ્વર્ણીમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંગે

**૧૭૩૯૦ : શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સાત મહાનગરપાલિકાઓ અને અન્ય નગરપાલિકાઓના સંદર્ભમાં સ્વર્ણીમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચવર્ષીય યોજના અમલમાં ક્યારે મૂક્વામાં આવી, અને

(૨) ઉક્ત યોજના અન્વયે પ્રથમ તબક્કાની કેટલી રકમની ગ્રાન્ટ ક્યારે આપવામાં આવી ?

**જવાબ**

(૧) સ્વર્ણીમ જ્યંતી મુખ્યમત્રી વિકાસ યોજના વર્ષ-૨૦૦૯-૨૦૧૦ માં અમલમાં મૂક્વામાં આવી છે.

(૨) ઉક્ત યોજના અન્વયે પ્રથમ તબક્કામાં તા. ૧૭-૧૧-૨૦૦૯ ના હુકમથી મહાનગરપાલિકાઓના

કામો માટે રૂા. ૪૦૦ કરોડ, તેમજ નગરપાલિકાના કામો માટે રૂા. ૬૩૦ કરોડ એમ કુલ રૂા. ૧૦૩૦ કરોડની ગ્રાન્ટ આપવામાં આવેલ છે.

--------

**સુરત જિલ્લાના વાઘેશ્વર મંદિર, વાઘેજાની પ્રવાસન વિકાસ અન્વયે સમાવેશ કરવા અંગે**

૧૮૫૨૫ : **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં પ્રવાસન વિકાસ યોજના હેઠળ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના તાપી નદી કાંઠે આવેલ વાઘેજા ખાતે વાઘેશ્વર મંદિરનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો આ સ્થળના વિકાસ માટે આયોજન છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સાબરકાંઠા જિલ્લામાં જળસંચય માટે ઉંડા કરાયેલ ચેકડેમો અને તળાવો**

૧૮૭૯૧ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જળ સંચય માટે કેટલા ચેકડેમો અને તળાવો ઉંડા કરવામાં આવ્યા,

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ઉંડા કરેલ તળાવો અને ચેકડેમો નીચે મુજબ છે.

| **તાલુકો** | **ઉંડા કરેલ ચેકડેમ** | **ઉંડા કરેલ તળાવ** |
|---|---|---|
| હિંમતનગર | ૩૧ | ૪૧ |
| ઈડર | ૪૯ | ૧૩ |
| વડાલી | ૨૨ | ૧૫ |
| પ્રાંતિજ | ૧૫ | ૧૮ |
| ભિલોડા | ૨૩ | ૩૪ |
| વિજયનગર | ૧૦ | ૮ |
| ખેડબ્રહ્મા | ૩૩ | ૨૬ |
| તલોદ | ૧૪ | ૨૩ |
| બાયડ | ૧૦૭ | ૧૫ |
| માલપુર | ૨૧ | ૧૪ |
| મેઘરજ | ૧૩ | ૪૩ |
| ધનસુરા | ૬ | ૧૭ |
| મોડાસા | ૨૩ | ૨૦ |
| **કુલ :** | **૩૬૭** | **૨૮૭** |

(૨) એની પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ચેકડેમ અને તળાવો પાછળ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલ ખર્ચ નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| **તાલુકો** | **ચેકડેમ ઉંડા કરવા પાછળ થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** | **તળાવ પાછળ થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| હિંમતનગર | ૧૬.૬૮ | ૧૫૬.૦૨ |
| ઈડર | ૫૯.૩૪ | ૭૬.૩૦ |
| વડાલી | ૫.૫૦ | ૬૬.૫૮ |
| પ્રાંતિજ | ૪.૦૧ | ૩૭.૦૪ |
| ભિલોડા | ૩૪.૪૯ | ૧૧૩.૪૬ |
| વિજયનગર | ૧૯.૭૯ | ૨૯.૩૩ |
| ખેડબ્રહ્મા | ૬૪.૧૩ | ૬૫.૪૬ |
| તલોદ | ૯.૯૦ | ૬૨.૩૭ |
| બાયડ | ૬૮.૬૫ | ૪૨.૪૦ |
| માલપુર | ૧૧.૨૪ | ૩૧.૫૨ |
| મેઘરજ | ૫.૭૧ | ૧૩૬.૦૨ |
| ધનસુરા | ૨.૫૦ | ૬૮.૧૦ |
| મોડાસા | ૬.૫૪ | ૭૮.૪૧ |
| **કુલ :** | **૩૦૮.૪૮** | **૯૬૩.૦૧** |

(૩) એનાથી ભૂગર્ભજળ સંચય અને ખેંચાણના

(૩) જળસંચયના કામોના વિસ્તારમાં નોંધપાત્ર

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પ્રમાણમાં કેટલો સુધારો નોંધાયેલ છે ? | સુધારો જોવા મળેલ છે. |

**બોરસદ અને આંક્લાવ તાલુકાના ગામોમાં ખારા પાણીનો પ્રવેશ અટકાવવા**

૧૭૪૮૫ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તથા આંક્લાવ તાલુકાના દરિયાકાંઠાના ગામોમાં ખારા પાણીના કારણે જમીનો બગડતી જાય છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. અંશતઃ |
| (૨) જો હા, તો દરીયાના પાણીને જમીનોમાં પ્રવેશતું અટકાવવા સરકારે ક્યા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને | (૨)<br>(૧) મહી નદી પર સીંધરોટ ગામ પાસે વીયરની કામગીરી પૂર્ણ કરેલ છે.<br>(૨) બે ચેકડેમો પુર્ણ કરેલ છે.<br>(૩) ચાર ચેક્વોલની કામગીરી પ્રગતિ હેઠળ છે.<br>(૪) બદલપુર-તિથોર ગામ પાસે વીયર બાંધવા શક્યતાદર્શી તાંત્રિક અભ્યાસ હાથ પર છે. |
| (૩) કેટલા સમયમાં દરીયાના ખારા પાણીનો પ્રવેશ અટકાવવાનું આયોજન છે ? | (૩) વિવિધ યોજનાના અમલીકરણ થયા બાદ ક્રમશઃ દરિયાના ખારા પાણીનો પ્રવેશ અટકાવી શકાશે. |

**રાજ્યમાં મેટ્રો રેલના વિકાસ બાબત**

૧૮૫૭૫ : **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મેટ્રો રેલ વિક્સાવવાની શક્યતાઓ રાજ્ય સરકાર વિચારી રહી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મેટ્રો રૂટ અંતર્ગત ક્યા ક્યા વિસ્તારો આવરી લેવામાં આવશે? | (૨) અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટનો ડી.પી.આર. બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. પથરેખા (અલાઈનમેન્ટ) આખરી થયેલ નથી. |

**૧૦૮ એમ્બ્યુલન્સની ખરીદી**

૧૭૫૫૭ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ખરીદવામાં આવી, | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબની સંખ્યામાં ૧૦૮ એમ્બ્યુલન્સવાન ખરીદવામાં આવી. |

| વર્ષ | એમ્બ્યુલન્સની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮ | ૩૩૦ |
| ૨૦૦૯ | ૫૦ |
| ૨૦૧૦ | ૫૩ |
| **કુલ** | **૪૩૩** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ખરીદી પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો, | (૨) આ એમ્બ્યુલન્સની ખરીદી અંગે વર્ષવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે.- |

| વર્ષ | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮ | ૩૩૧૩.૬૬ |
| ૨૦૦૯ | ૫૬૭.૨૨ |
| ૨૦૧૦ | ૮૦૦.૦૦ |
| **કુલ** | **૪૬૮૦.૮૮** |

(૩) ઉપરોક્ત ખર્ચમાં કેન્દ્ર સરકારની કઈ એજન્સીનો કેટલો હિસ્સો છે, અને

(૩) ઉપરોક્ત ખર્ચમાં ભારત સરકારના રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશનની ગ્રાન્ટનો હિસ્સો નીચે મુજબ છે.

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૦૮ | ૩૩૧૩.૬૬ |
| ૨૦૦૯ | -- |
| ૨૦૧૦ | -- |
| **કુલ** | **૩૩૧૩.૬૬** |

રાજ્ય સરકાર દ્વારા પ્રોગ્રામ ઈમ્પલીમેન્ટેશન પ્લાનમાં પોતાના ભાગે આવતા નાણાનો ૧૦૮ સેવાઓમાં ઉપયોગ કરવા માટે સૂચવાયેલ જોગવાઈના કારણે ફક્ત ૨૦૦૮માં જ આ ગ્રાન્ટ આ સેવા માટે વાપરવામાં આવી છે.

(૪) આ યોજનામાં રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે?

(૪) નાણાકીય વર્ષ પ્રમાણે રાજ્ય સરકારનો હિસ્સો નીચે મુજબ છે.

| **વર્ષ** | **ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૧૪૦૪.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૪૮૯૨.૮૨ |
| ૨૦૧૦-૧૧ | ૫૫૯૦.૦૦ |
| **કુલ** | **૧૧૮૮૬.૮૨** |

આ યોજનામાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ના માટે રાજ્ય સરકારનો હિસ્સો-૧૦૦ % છે.

## સાબરકાંઠા જિલ્લામાં મીની પાણી પુરવઠા યોજના

૧૮૪૨૨ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી,

(૧) ૩૭૭ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) આ યોજનાઓ ક્યા તબક્કે છે, અને

(૨) ૧૧૫ યોજનાઓ પૂર્ણ કરેલ છે. ૧૦૯ યોજનાઓ પ્રગતિમાં છે અને ૧૫૩ યોજનાઓ હાથ ધરવામાં આવી રહેલ છે.

(૩) આ યોજના પાછળ સરકાર કેટલો ખર્ચ કરવા ધારે છે?

(૩) અંદાજે રૂા. ૨૧૯૦.૯૬ લાખના ખર્ચનું આયોજન છે.

--------

## શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત સુરત અને તાપી જિલ્લામાં કામગીરી

૧૮૭૭૫ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ સુરત અને તાપી જિલ્લાઓની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને કઈ કઈ બિમારીઓની સારવાર આપવામાં આવે છે,

(૧) સુરત અને તાપી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકોની નીચે મુજબના રોગો માટે સારવાર આપવામાં આવી.

| ક્રમ | રોગનું નામ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | એપ્રિલ-૧૦ થી જાન્યુ-૧૧ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | પાંડુરોગ | ૪૨૩૪૬ | ૪૦૪૪૩ | ૨૬૦૦૬ | ૧૦૮૭૯૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | આંત્રકૃમિ | ૩૧૭૭૩ | ૨૮૫૪૫ | ૧૭૮૯૫ | ૭૮૨૧૩ |
| ૩ | દાંતની તકલીફ | ૯૬૩૯ | ૭૮૦૫ | ૮૦૦૫ | ૨૫૪૪૯ |
| ૪ | આંખની તકલીફ | ૮૪૨૩ | ૮૬૭૬ | ૮૧૧૮ | ૨૫૨૧૭ |
| ૫ | કાન, નાક, ગળાની તકલીફ | ૫૦૫૪ | ૪૮૪૮ | ૩૭૪૨ | ૧૩૬૪૪ |
| ૬ | પેટની તકલીફ | ૪૬૨૨ | ૪૩૮૮ | ૩૬૪૬ | ૧૨૬૫૬ |
| ૭ | ચામડીના રોગ | ૯૫૩૪ | ૮૮૪૯ | ૬૧૫૩ | ૨૪૫૩૬ |
| ૮ | શરીરની સ્થૂળતા | ૮૭ | ૨૨૮ | ૨૬૩ | ૫૭૮ |
| ૯ | તમાકુંનું સેવન | ૦ | ૦ | ૮૬ | ૮૬ |
| ૧૦ | માનસિક તણાવ | ૦ | ૦ | ૮ | ૮ |
| ૧૧ | જાતિય રોગો | ૦ | ૧ | ૧ | ૨ |
| ૧૨ | શ્વસનતંત્રના રોગ | ૨૨૮૩ | ૩૮૮૦ | ૧૮૨૫ | ૭૯૮૮ |
| ૧૩ | ચેતાતંત્રના રોગ | ૧૫૭ | ૧૦૦ | ૨૫૭ | ૫૧૪ |
| ૧૪ | અસ્થિતંત્રના રોગ | ૧૨૨ | ૧૫૫ | ૧૪૦ | ૪૧૭ |
| ૧૫ | વિક્લાંગતા | ૧૮૧ | ૨૧૫ | ૧૬૭ | ૫૬૩ |
| ૧૬ | હ્દય | ૨૧૭ | ૪૦૬ | ૭૧૨ | ૧૩૩૫ |
| ૧૭ | કિડની | ૩૦ | ૪૫ | ૯૪ | ૧૬૯ |
| ૧૮ | કેન્સર | ૨૭ | ૬૩ | ૯૭ | ૧૮૭ |
| ૧૯ | અન્ય | ૩૩૨૨૧ | ૩૩૮૮૩ | ૨૧૮૩૪ | ૮૮૯૩૮ |
| | કુલ | ૧૪૭૭૧૬ | ૧૪૨૫૩૦ | ૯૯૦૪૯ | ૩૮૯૨૯૫ |

(૨) તેના માટે પ્રતિવર્ષ કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને

(૨) સુરત અને તાપી જીલ્લામાં વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં રૂ. ૧,૩૮,૮૯,૫૨૬/- અને વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં રૂ. ૧,૧૮,૩૬,૩૦૯/- અને એપ્રિલ-૨૦૧૦ થી જાન્યુઆરી-૨૦૧૧ સુધીમાં રૂ. ૯૪,૧૪,૦૪૮/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) સીક્લસેલ રોગ આ જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારમાં વધુ જોવા મળે છે તો, આ રોગના નિવારણ માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

(૩) સુરત અને તાપી જીલ્લાઓમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સીક્લસેલ એનીમીયા રોગના નિવારણ માટે નીચે મુજબની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે.

* આ રોગના દર્દીઓને કોમ્પ્લીકેશન ન થાય તે માટે નિયમિત પણે આરોગ્ય કર્મચારી દ્વારા ફોલિક એસીડની ગોળી ગળાવવામાં આવે છે.
* આ રોગના દર્દીઓને જો કોઈ કોમ્પ્લીકેશન થાય તો તેને જરૂરી સારવાર પુરી પાડવામાં આવે છે.
* આ રોગના દર્દીઓને બ્લડ ટ્રાન્ઝફ્યુઝનની જરૂર પડે તો તેમને વિનામુલ્યે બ્લડ પુરૂ પાડવામાં આવે છે.
* સુરત અને તાપી જીલ્લામાં કુલ ૩૪૪૨૧૦ લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ હતું જેમાં ૪૧૬૦૨ સગર્ભા બહેનોના સ્ક્રીનીંગનો સમાવેશ થાય છે.

## આદિજાતિ વિસ્તારમાં સિક્લસેલ એનીમીયાનો વ્યાપ

**૧૭૮૦૧ : શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) આદિજાતી વિસ્તારમાં સિક્લસેલ એનીમીયા રોગ ક્યા ક્યા જિલ્લામાં જોવા મળે છે,

(૧) આદિજાતી વિસ્તારમાં સીક્લસેલ એનીમીયા રોગ મુખ્યત્વે ૧૨ આદિજાતિ જીલ્લાઓમાં બનાસકાંઠા, પંચમહાલ, વડોદરા, નર્મદા, સુરત, તાપી, ભરૂચ, દાહોદ, સાબરકાંઠા, વલસાડ, નવસારી, ડાંગમાં જોવા મળે છે.

(૨) આવા દર્દીને ક્યા પ્રકારની સારવાર આપવામાં આવે છે, અને

(૨) સીક્લસેલ એનીમીયા રોગના દર્દીને આરોગ્ય કર્મચારી દ્વારા નિયમિત ધોરણે દરરોજ ૫ મીલીગ્રામ ફોલીક એસીડની ગોળી આપવામાં આવે છે. આ ઉપરાંત કાઉન્સીલર દ્વારા આ રોગના દર્દીનું તેમજ તેમના પરિવારનું નિયમિતપણે કાઉન્સેલીંગ કરવામાં આવે છે. જો આ રોગના દર્દીને કોઈ ક્રાઈસીસ ઉભી થાય તો તે મુજબ જરૂરી સારવાર સરકારી દવાખાનામાં વિના મુલ્યે આપવામાં આવે છે. આ દર્દીઓને જરૂર પડે દર્દનાશક એન્ટીબાયોટીક, મલ્ટીવીટામીન કે બ્લડ ટ્રાન્ફ્યુઝન વિના મૂલ્યે આપવામાં આવે છે.

(૩) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ તે માટે છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલો ખર્ચ ર્ક્યો છે?

(૩) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સિક્લસેલ એનીમીયા રોગ માટે છેલ્લા બે વર્ષમાં સરકારે રૂ.૭૯૦.૮૧ લાખનો ખર્ચ કરેલ છે.

**શેઢી નદીને પહોળી કે ઉંડી કરવા આયોજન**

૧૮૯૭૯ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાંથી પસાર થતી શેઢી નદીને પહોળી કે ઉંડી કરવા માટે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સરકારનું ક્યા પ્રકારનું આયોજન છે, અને

(૨) આ નદીને પહોળી કે ઉંડી કરવાનું કામ કેટલા સમયમાં સરકાર હાથ પર લેવા માંગે છે ?

**જવાબ**

(૧) કોઇ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા જિલ્લાના પી.એચ.સી. અને સી.એચ.સી.માં ખાલી જગ્યાઓ**

૧૮૭૬૧ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા ડોક્ટરોની જગ્યાઓ દવાખાનાવાર ખાલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પી.એચ.સી. અને સી.એચ.સી. માં નીચે મુજબ ડોક્ટરોની જગ્યાઓ દવાખાનાવાર ખાલી છે

| ક્રમ | તાલુકાનું નામ | સા.આ.કે. નું નામ | સા.આ. કે. ખાતે ખાલી જગ્યા | પ્રા. આ.કે. નું નામ | પ્રા. આ. કે. ખાતે ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | મોડાસા | -- | -- | ટીટોઇ | ૧ |
| | | | | બોલુન્દ્રા | ૧ |
| | | | | દધાલીયા | ૧ |
| ૨ | ઇડર | દાવડ | ૩ | ફિંચોડ | ૧ |
| ૩ | ખેડબ્રહ્મા | -- | -- | આજાવાસ | ૧ |
| ૪ | પ્રાંતીજ | -- | -- | પોગલુ | ૧ |
| | | | | બાલીસણા | ૧ |
| ૫ | બાયડ | જીતપુર | ૧ | | |
| ૬ | મેઘરજ | મેઘરજ | ૨ | રેલ્લાવાડા | ૧ |
| ૭ | માલપૂર | માલપૂર | ૧ | જીતપૂર | ૧ |
| ૮ | ધનસૂરા | -- | -- | આકરૂન્દ | ૧ |
| | | કુલ : | ૭ | | ૧૦ |

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પી.એચ.સી. અને સી.એચ.સી.માં નીચે મુજબ ડોક્ટરોની જગ્યાઓ દવાખાનાવાર ખાલી છે.

| ક્રમ | તાલુકાનું નામ | સા.આ.કે. નું નામ | સા.આ. કે. ખાતે ખાલી જ્ગ્યા | કેટલા સમયથી ખાલી | પ્રા. આ.કે. નું નામ | પ્રા. આ. કે. ખાતે ખાલી જ્ગ્યા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મોડાસા | -- | -- | | ટીટોઇ | ૧ | ૧માસ |
| | | | | | બોલુન્દ્રા | ૧ | ૧ માસ |
| | | | | | દધાલીયા | ૧ | ૧ માસ |
| ૨ | ઇડર | દાવડ | ૩ | ૨૫ દિવસ | ફિંચોડ | ૧ | ૧ માસ |
| ૩ | ખેડબ્રહ્મા | -- | -- | | આજાવાસ | ૧ | ૨ માસ |
| ૪ | પ્રાંતીજ | -- | -- | | પોગલુ | ૧ | ૧ માસ |
| | | | | | બાલીસણા | ૧ | ૨૫ દિવસ |
| ૫ | બાયડ | જીતપુર | ૧ | ૬ માસ | | | |
| ૬ | મેઘરજ | મેઘરજ | ૨ | ૪ માસ<br>૬ માસ | રેલ્લાવાડા | ૧ | ૨ માસ |
| ૭ | માલપૂર | માલપૂર | ૧ | ૨ માસ | જીતપૂર | ૧ | ૭ માસ |
| ૮ | ધનસૂરા | -- | -- | | આકરૂન્દ | ૧ | ૬ માસ |

(૩) આ જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) રાજ્ય સરકારની મેડીકલ કોલેજો તરફથી ઉપલબ્ધ થતાં બોન્ડેડ તબીબો તથા કમિશ્નરશ્રી (આ) ની કચેરી ખાતે દર સપ્તાહે યોજવામાં આવતા એડહોક વોક-ઇન-ઇન્ટરવ્યુમાં યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા તબીબો ઉપલબ્ધ થાય તે પ્રમાણે તજજ્ઞ વર્ગ-૧ તથા તબીબી અધિકારી વર્ગ-૨ની ખાલી જ્ગ્યાઓ ભરવાનું આયોજન છે.

### ભુજની જી. કે. જનરલ હોસ્પિટલ અંગે

૧૮૮૭૬ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ભુજની જી. કે. જનરલ હોસ્પિટલનું સંચાલન મેડીકલ કોલેજ ચલાવતા ટ્રસ્ટને સોંપવામાં આવ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) આ હોસ્પિટલને તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટની રકમની વિગત શું છે ?

**જવાબ**

(૧) હા, જી. આ હોસ્પિટલનું સંચાલન મેડીકલ કોલેજ ચલાવતા ટ્રસ્ટને સોંપવા સરકારે સૈધ્ધાંતિક નિર્ણય કરેલ છે. પરંતુ આ હોસ્પિટલનું સંચાલન રાજ્ય સરકાર ધ્વારા કરવામાં આવે છે.

(૨) આ હોસ્પિટલને તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટની રકમ નીચે મુજબ છે.

૧. તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯
રૂા. ૬,૫૩,૪૬,૦૦૦/-

૨. તા. ૧-૧-૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦
રૂ. ૧૦,૭૪,૮૧,૦૦૦/-

### વ્યારા તાલુકામાં પાણી પુરવઠા યોજના

૧૭૪૮૮ : **શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વ્યારા તાલુકામાં કેટલી પાણી પુરવઠા યોજના કાર્યરત છે, અને

(૨) કેટલી યોજના બંધ હાલતમાં છે ?

**જવાબ**

(૧) ૧૧૩ વ્યક્તિગત યોજના અને ૨ જૂથ યોજના કાર્યરત છે.

(૨) ૬ વ્યક્તિગત યોજના.

--------

### શહેરોમાં ઘન કચરાનો નિકાલ

૧૮૭૧૯ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૧૦માં જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ કયા કયા શહેરોમાં ઘન કચરાની નિકાલ વ્યવસ્થા અંગેના ડી.પી.આર. મંજૂર થયેલ છે ?

**જવાબ**

સન ૨૦૧૦માં જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ ઘ ન કચરાની નિકાલ વ્યવસ્થા અંગે કોઇ ડી.પી.આર. મંજૂર થયેલ નથી.

**ચોટીલા વિકાસ માટે ફાળવેલ રકમ**

૧૭૭૩૦ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા )** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા માતાજીનું યાત્રાધામ હોઈ તેના વિકાસ માટે રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા માતાજીના યાત્રાધામના વિકાસ માટે રાજ્ય સરકારે રૂા. ૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા) ફાળવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને | (૨) તે અન્વયે રૂા. ૨૫,૭૬,૦૮૧/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ છોતેર હજાર અને એક્યાસી પુરા)નો ખર્ચ થયેલ છે. |
| (૩) નવી પ્રવાસન નીતિમાં કેટલી સવલતો મળશે? | (૩) નવી પ્રવાસન નીતિ જાહેર કરવામાં આવેલ નથી, આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ગાંધીનગર જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

૧૮૫૪૪ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં લોક વ્યવસ્થાપિત કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ગ્રામ્ય પાણી સમિતિ અંતર્ગત સેકટર રિફોર્મ (રાજ્ય) કાર્યક્રમ હેઠળ ૮૦ યોજનાઓ મંજૂર કરવામાં આવી. |
| (૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂા. ૭૨૬.૧૯ લાખ |

--------

**અમદાવાદ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૧૮૫૧૭ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં જિલ્લા પ્રવાસન સ્થળોના વિકાસ માટે શું શું કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) અમદાવાદ જિલ્લામાં સને ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં જિલ્લાના પ્રવાસન સ્થળોએ દ્વારા નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.<br><br>વર્ષ ૨૦૦૮-૨૦૦૯<br>(૧) લોથલ : લોથલ, ગણેશપુરા તથા અરણેજ મંદિર સ્થળ, અંતર દર્શાવતા જુદા જુદા બોર્ડની કામગીરી, લોથલ તળાવને ઉંડુ કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.<br>(૨) વિલેજકોટ ગણપતિપુરા : ટોયલેટ બ્લોક્ની કામગીરી માટે ક્લેકટરશ્રી દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.<br>**વર્ષ ૨૦૦૯-૧૦**<br>(૧) લપકામણ : તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે આનુસાંગિક કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે.<br>(૨) નળસરોવર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસની કામગીરી માટે કાર્યવાહી ચાલુમાં છે. |

**વર્ષ ૨૦૧૦-૧૧**
(૧) નળસરોવર ખાતે ઈકો ટુરીઝમના વિકાસ માટે પ્રથમ તબક્કાની કામગીરી ચાલુમાં છે. ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા ખાસ અંગતભૂત યોજના હેઠળ નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
(૧) કેસરડી સંતશ્રી જોધલપીરની જગ્યાએ પીવાના પાણીનો રૂમ, ટોયલેટ બ્લોક, યાત્રાળુઓ માટે શેડ, હાટ, બાગબગીચો, પેવર બ્લોકનું પેવીંગ, પાથવે, સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, સાઈનેજીસ, પાર્કીંગ તથા મુખ્ય પ્રવેશદ્વારની કામગીરી પૂર્ણતાને આરે છે.
(૨) **ઝાંઝરકા** : સંતશ્રી સવગુણ સમાધી સ્થાન ખાતે મુખ્ય પ્રવેશ દ્વાર, કંમ્પાઉન્ડ વોલ, પાથવે, ટોયલેટ, પીવાના પાણી માટેનો રૂમ, બાગ-બગીચા તથા રોડની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે પૂર્ણતાને આરે છે.
(૩) આ ઉપરાંત જિલ્લામાં આવેલ લોથલ, વિરમગામ, સાબરમતી, આશ્રમ અમદાવાદ અને સરખેજ રોજા ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સંપ્ટ સંસ્થા મારફત કાર્ય યોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જે અન્વયે લોથલ ખાતેની કામગીરી માટે આર્કીટેક્ની પસંદગી કરવામાં આવેલ છે અને આનુસાંગિક કાર્યવાહી ચાલુમાં છે.

(૨) આ માટે સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) આ માટે જિલ્લા કલેકટરશ્રી અમદાવાદને નીચે મુજબની ગ્રાન્ટ ફાળવેલ છે.

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૮-૦૯ | રૂા. ૭૩.૫૦ લાખ |
| વર્ષ ૨૦૦૯-૧૦ | રૂા. ૩૦૦.૦૦ લાખ |
| વર્ષ ૨૦૧૦-૧૧ | રૂા. ૨૬૦.૦૦ લાખ |

તદઉપરાંત ખાસ અંગભૂત યોજના અંતર્ગત આંતર માળખાકીય અને પ્રવાસન સુવિધા માટે રૂા. ૧૫૨.૮૯ લાખની કામગીરી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

(૩) કેટલો ખર્ચ થયો?

(૩) જિલ્લા કલેકટરશ્રી અમદાવાદને ફાળવેલ ગ્રાન્ટ પેકી રૂા. ૧૨૦.૨૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે ખાસ અંગભૂત યોજના હેઠળ ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રૂા. ૧૩૦.૧૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## નગરપાલિકાઓને મનોરંજન કરની ગ્રાંટ

૧૮૬૦૧ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નગરપાલિકાઓને મનોરંજન કરની કેટલી ચૂકવણી વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કરવામાં આવેલ છે?

**જવાબ**

રાજ્યની કુલ ૧૫૯ નગરપાલિકાઓને મનોરંજન કરની રૂા. ૩૦,૪૬,૧૪,૭૫૦/- (અંકે રૂપિયા ત્રીસ કરોડ છેંતાળીસ લાખ ચોદ હજાર સાતસો પચાસ પુરા)ની ચુકવણી વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કરવામાં આવેલ છે.

--------

## ગરબાડા તાલુકામાં સિંચાઈની સવલતો

૧૭૪૯૦ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં સિંચાઈની કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે.

(૨) કેટલા હેકટર જમીનને સિંચાઈનું પાણી આપવામાં આવે છે, અને

(૩) આ વિસ્તારમાં વધુ સિંચાઈ સવલતો મળે તે માટે સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પાટાડુંગરી જળાશય યોજનાની નહેરો દ્વારા નાની સિંચાઈ તળાવ, ચેકડેમ, ચેક્વોલ, અનુશ્રવણ તળાવ, હયાત તળાવ ઉંડા કરવા વિગેરે દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઈની સુવિધાઓ આપવામાં આવેલ છે.

(૨) કુલ ૨૦૦૮ હેકટર જમીનને સિંચાઈનું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પાણી મળી રહે છે.

(૩) નાના તથા મોટા ચેકડેમો બાંધવા, તળાવો ઉંડા કરવા, પાટાડુંગરી યોજનાની નહેર સુધારણાની કામગીરી, નાની સિંચાઈ તળાવની નહેર સુધારણાની કામગીરી, નવીન તળાવો કરવાની કામગીરી તબક્કાવાર કરવાનું આયોજન છે.

## અમરેલી જિલ્લાના સી.એચ.સી. અને પી.એચ.સી.માં વર્ગ-૧ અને વર્ગ-૨ ના ડોકટરોનું મહેકમ

(૧) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં વરાંસી અને મહોર નદી પર કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા છે, અને

(૨) ઉક્ત કેટલા ચેકડેમોમાં પાણીનો સંગ્રહ થઈ શકે તેમ છે ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

--------

**વાવ અને થરાદ તાલુકાના ગામોને નર્મદા કેનાલ આધારિત પીવાનું પાણી**

૧૮૭૩૬ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાનાં વાવ અને થરાદ તાલુકાના ગામોને નર્મદા-કેનાલ આધારિત પીવાના પાણીની યોજના ક્યા તબક્કે છે.

(૨) આ યોજના બીજા ક્યા તાલુકા સુધી લંબાવવાની યોજના છે, અને

(૩) આ યોજનાનો અંદાજીત ખર્ચ કેટલો છે ?

**જવાબ**

(૧) કુલ ત્રણ યોજના પ્રગતિના વિવિધ તબક્કા હેઠળ છે.

(૨) આ યોજનાઓ બીજા કોઈ પણ તાલુકા સુધી લંબાવવાનું આયોજન નથી.

(૩) કુલ રૂા. ૧૨૧૫૪.૫૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

--------

**પાણી પુરવઠા પ્રભાગ, સચિવાલયનું મંજૂર મહેકમ**

૧૮૯૩૧ : **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાણી પુરવઠા પ્રભાગ, સચિવાલય ખાતે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) પાણી પુરવઠા પ્રભાગ, સચિવાલય ખાતે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ તથા સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | જ્ગ્યાનું નામ | મંજૂર થયેલ | સંવર્ગવાર | કેટલા |
|---|---|---|---|---|
| ૧ | અગ્ર સચિવ | ૧ | - | - |
| ૨ | અધિક સચિવ(યોજના) | ૧ | - | - |
| ૩ | અધિક સચિવ પા.પુ. | ૧ | - | - |
| ૪ | ઉપસચિવ | ૧ | - | - |
| ૫ | સેકશન અધિકારી | ૪ | - | - |
| ૬ | નાયબ સેકશન | ૧૧ | ૩ | ૨ વર્ષથી |
| ક્રમ | જ્ગ્યાનું નામ | મંજૂર થયેલ | સંવર્ગવાર | કેટલા |
| ૮ | ગુજ.સ્ટેનો.ગ્રેડ-૧ | ૨ | - | ૨ વર્ષથી |
| ૯ | ગુજ.ટાઈપીસ્ટ | ૧ | - | - |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ગુજ.ટાઈપીસ્ટ | ૧ | - | - |
| ૧૦ | પટાવાળા | ૨ | - | - |
| ૧૧ | હમાલ | ૧ | - | - |
| ૧૨ | નાયક | ૧ | ૧ | ૨ વર્ષથી |

(૨) ત્રણ વર્ષ કે વધુ સમયથી એક જ જગ્યાએ હોય તેવા કેટલા અધિકારીઓ/કર્મચારીઓ છે ?

(૨) ૧૦ (દસ)

--------

**ભરુચ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રુમ બાબત**

૧૭૩૯૫ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભરુચ સિવિલ હોસ્પિટલમાં આવેલ પોસ્ટમોર્ટમ રુમ અત્યંત નાનો અને બિસ્માર હાલતમાં છે તે હકિક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો પુરતી સુવિધાઓ ન હોવાને કારણે પોસ્ટમોર્ટમમાં પડતી તકલીફ દૂર કરવા નવો પોસ્ટમોર્ટમ રુમ બનાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ભરુચ સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ રુમની પુરતી જગ્યા અને જરૂરી સગવડો ઉપલબ્ધ છે.

(૨) ભરુચ સિવિલ હોસ્પિટલના નવા મકાનના બાંધકામની કામગીરી હાલ ચાલુ છે. જેમાં નવા પોસ્ટમોર્ટમ રુમનું પણ આયોજન કરવામાં આવેલ છે.

**વાઘનગર પી.એચ.સી. સબસેન્ટરના મકાનનો ઉપયોગ**

૧૮૭૮૨ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકામાં વાઘ ાનગર ગામનું પી.એચ.સી. સબ સેન્ટર તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા તો તેમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૩) જો, ના તો આ મકાનનો ઉપયોગ કઈ તારીખથી કઈ તારીખ દરમ્યાન કરવામાં આવ્યો હતો ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ફળસાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળનું વાઘનગર સબ સેન્ટર તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કાર્યરત છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ એક ફિમેલ હેલ્થ વર્કર અને એક મલ્ટી પરપઝ હેલ્થ વર્કર આમ બે કર્મચારીઓ ફરજ બજાવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મોટા ગઢેલા તળાવને ઉંડુ કરવા અંગે**

૧૭૩૮૯ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ )** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લાની ફતેપુર તાલુકામાં આવેલ મોટા ગઢેલા તળાવને છેલ્લે ક્યારે ઉંડુ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ તળાવમાં માટી કાંપ ભરાયેલ હોય તે દુર કરીને તળાવની સંગ્રહ ક્ષમતા વધે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) મોટા ગઢેલા તળાવ ઉંડુ કરવામાં આવેલ નથી.

(૨) ૧૦ ટકા લોકફાળો અને ૯૦ ટકા સરકારની ગ્રાન્ટ યોજના હેઠળ માંગણી આવેથી તળાવો ઉંડા કરી આપવામાં આવે છે જે મુજબ માંગણી આવેથી મંજુરી આપવામાં આવશે.

**રાજકોટ જિલ્લામાં સિંચાઈ સુવિધા વધારવા આયોજન**

૧૮૭૫૭ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર )** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ખેતી માટે સિંચાઈ સુવિધા વધારવા સરકારે શું આયોજન કરેલ છે,

**જવાબ**

(૧), (૨) અને (૩) :

તાલુકાવાર નીચે પ્રમાણે સિંચાઇ સુવિધા વધારવા આયોજન છે. આ કામોનું સર્વે પૂર્ણ થયેલ છે.

(૨) ક્યા ક્યા કામોનું સર્વે કરેલ છે, અને

(૩) કામવાર કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને આ કામો ક્યારે હાથ ધરવામાં આવશે ?

| ક્રમ | તાલુકો | યોજનાનું નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | જસદણ | ક્નેસરા નાની સિંચાઈ યોજના | ૩૦૫.૦૦ |
| | | ચેકડેમ-૩૫ | ૨૯૦.૩૪ |
| ક્રમ | તાલુકો | યોજનાનું નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં |
| ૨ | કોટડા સંગાણી | ચેકડેમ-૨ | ૬.૧૩ |
| ૩ | પડધરી | ચેકડેમ-૧૩ | ૪૪૦.૬૮ |
| ૪ | ટંકારા | ચેકડેમ-૨૨ | ૧૭૭.૪૧ |
| ૫ | મોરબી | ચેકડેમ-૧૭ | ૨૫૬.૦૨ |
| ૬ | માળીયા | ચેકડેમ-૮ | ૧૦૧.૮૭ |
| ૭ | વાંકાનેર | ચેકડેમ-૩૯ | ૪૬૫.૭૪ |
| ૮ | ગોંડલ | ચેકડેમ-૨૦ | ૧૨૦.૫૧ |
| ૯ | જેતપુર | અમરનગર નાની સિંચાઈ યોજના | ૨૨૫૮.૦૦ |
| | | દેવકીગાલોલ નાની સિંચાઈ યોજના | ૧૪૪૮.૦૦ |
| | | ચેકડેમ-૧૦ | ૭૨.૬૭ |
| ૧૦ | ધોરાજી | ચેકડેમ-૪ | ૨૩.૩૬ |
| ૧૧ | ઉપલેટા | ચેકડેમ-૨૯ | ૧૪૮.૫૩ |
| ૧૨ | જામ કંડોરણા | ચેકડેમ-૧૪ | ૭૬.૪૮ |
| ૧૩ | રાજકોટ | ચેકડેમ-૨૩ | ૨૬૮.૩૫ |
| | કુલ : | ૨૩૯ | ૬૪૫૯.૦૯ |

ઉપરોક્ત કામોનો રૂ. ૬૪૫૯.૦૯ લાખ ખર્ચ થવાનો અંદાજ છે. જે નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર હાથ ધરવાનું આયોજન છે.

## નર્મદા આધારિત પીવાના પાણીના જથ્થા અંગે

૧૯૨૭૫ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના આધારિત પીવાનું પાણી સમગ્ર રાજ્યને પુરું પાડવા કેટલા પાણીના જથ્થાની વાર્ષિક જરૂરિયાત છે, અને

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલું પાણી ઉપલબ્ધ થયેલ છે ?

**જવાબ**

(૧) પૂર્ણ થયેલ યોજનાઓની વસ્તીના ધોરણે હાલની વાર્ષિક જરૂરિયાત ૫૦૧૮૯ કરોડ લીટર છે.

(૨) વાર્ષિક ઉપલબ્ધિ ૩૪૯૦૬ કરોડ લીટર છે.

--------

## પાણી પુરવઠા અને જળસંપત્તિ પ્રભાગનું સંવર્ગવાર મંજુર મહેકમ

૧૭૫૬૫ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સચિવાલયના પાણી પુરવઠા અને જળસંપત્તિ પ્રભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સચિવાલયના પાણી પુરવઠા અને જળસંપત્તિ પ્રભાગમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | સચિવ | ૩ |
| ૨ | સંયુક્ત સચિવ | ૧ |
| ૩ | નાયબ સચિવ | ૮ |
| ૪ | ઉપસચિવ | ૯ |
| ૫ | સેક્શન અધિકારી | ૪૫ |
| ૬ | ના. સેક્શન અધિ. | ૧૩૬ |
| ૭ | કારકુન | ૩૮ |
| ૮ | ગુજ. ટાઈપીસ્ટ | ૧૮ |
| ૯ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૫ |
| ૧૦ | ગુજ. સ્ટેનો. ગ્રેડ-૧ | ૮ |
| ૧૧ | ગુજ. સ્ટેનો. ગ્રેડ-૨ | ૧૫ |
| ૧૨ | ગુજ. સ્ટેનો. ગ્રેડ-૩ | ૧ |
| ૧૩ | અંગ્રેજી સ્ટેનો.ગ્રેડ-૧ | ૬ |
| ૧૪ | અંગ્રેજી સ્ટેનો.ગ્રેડ-૨ | ૪ |
| ૧૫ | હવાલદાર | ૭ |
| ૧૬ | નાયક | ૫ |

| | | |
|---|---|---|
| ૧૬ | નાયક | ૫ |
| ૧૭ | પટાવાળા | ७० |
| ૧૮ | હમાલ | ७ |

(૨) તે અન્વયે કેટલી સંવર્ગવાર જ્ગ્યાઓ કેટ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સંવર્ગવાર ખાલી જ્ગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જ્ગ્યા | કેટલા સમયથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | નાયબ સચિવ | ૧ | ૧-૧૦-૨૦૧૦ |
| ૨ | ઉપસચિવ | ૩ | ૧-७-૨૦૧૦-૧ |
| | | | ૧-૧૦-૨૦૧૦-૧ |
| | | | ૧-૨-૨૦૧૧-૧ |
| ૩ | સેકશન અધિકારી | ૧૪ | વર્ષ-૨૦૧૦-૧૧ |
| | | | વર્ષ-૨૦૧૧-૩ |
| ૪ | ના. સેકશન અધિકારી | ૩૯ | વર્ષ-૨૦૦૯-૨૪ |
| | | | વર્ષ-૨૦૧૦-૧૪ |
| | | | વર્ષ-૨૦૧૧-૧ |
| ૫ | કારકૂન | ૬ | વર્ષ-૨૦૦૯-૧ |
| | | | વર્ષ-૨૦૧૦-૫ |
| ૬ | ગુજ. ટાઈપીસ્ટ | ૩ | વર્ષ-૨૦૦૮-૧ |
| | | | વર્ષ-૨૦૧૦-૨ |
| ७ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૧ | ૧-૫-૨૦૦૮-૧ |
| ૮ | ગુજ. સ્ટેનો. ગ્રેડ-૨ | ૫ | વર્ષ-૨૦૦૮-૧ |
| | | | વર્ષ-૨૦૦૯-૨ |
| | | | વર્ષ-૨૦૧૦-૨ |
| ૯ | અંગ્રેજી સ્ટેનો. ગ્રેડ-૧ | ૫ | વર્ષ-૨૦૧૦-૧ |
| ૧૦ | નાયક | ૨ | ૧-૧૨-૨૦૦૮-૧ |
| | | | ૧-७-૨૦૦૯-૧ |
| ૧૧ | પટાવાળા | ૧૮ | વર્ષ-૨૦૦૯-૧૨ |
| | | | વર્ષ-૨૦૧૦-૫ |
| | | | વર્ષ-૨૦૧૧-૧ |

(૩) આવી જ્ગ્યાઓ નહીં ભરવાના કારણો શાં છે ?

(૩) સચિવાલય સંવર્ગની ખાલી જ્ગ્યાઓ ભરવાની પ્રક્રિયા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

--------

**બી. યુ. પરમીશનની દરખાસ્તો**

૧૯૧૪૦ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા, સુરત અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની ક્ચેરીઓ તરફથી બી.યુ. પરમીશન માટે કેટલી દરખાસ્તો સરકારને મળી છે,

(૨) તે પૈકી કેટલી પરવાનગી આપવામાં આવી, અને

(૩) પરમીશન આપવામાં આવી હોય તે પૈકી કેટલાનું અમલીકરણ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જે તે શહેરના મંજુર/અમલી જીડીસીઆરની જોગવાઈઓ ધ્યાને લઈ બાંધકામ પુરૂ થયા બાદ વપરાશ પરવાનગી સ્થાનિક કક્ષાએ આપવાની રહે છે. આવી કોઈ દરખાસ્તો સરકાર કક્ષાએ રજુ કરવાની થતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વાયબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૧માં આરોગ્યક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૧७૩૮૯ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૧૧-જાન્યુઆરીમાં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં આરોગ્યક્ષેત્રે ક્યા ક્યા ઉદ્યોગકારોએ કેટ કેટલી રકમના એમ.ઓ.યુ. કરેલા છે?

**જવાબ**

સને ૨૦૧૧-જાન્યુઆરીમાં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં આરોગ્યક્ષેત્રે હેલ્થકેર સેકટરમાં પત્રક-અ મુજબ રૂા. ૧૬૨૪૯.૯૧ કરોડના કુલ ૪૯ એમ.ઓ.યુ. તથા ફાર્મા સેકટરમાં પત્રક-બ મુજબ રૂા. ૯૬૫૭.७૬ કરોડના કુલ ૮૦ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

## પત્રક--અ

| અનુ. | કંપનીનું નામ | સુચિત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | નોર્થ વેસ્ટ ક્રીયેટીવ ટીમ પ્રા.લી. | ૪૮૦૦ |
| ૨ | શ્રી સોરાષ્ટ્ર મેડીકલ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૦૬૨ |
| ૩ | સંજીવની હોસ્પિટલ્સ | ૨૦૮૦ |
| ૪ | શેલ્બી હોસ્પિટલ્સ લી. | ૮૫૦ |
| ૫ | શ્રીનેટ એન્ડ શંડેલીયા કંસ્ટ્રક્શન પ્રા.લી. | ૫૦૦ |
| ૬ | આર.એ. એજ્યુકેશન એન્ડ રીચર્સ ફાઉન્ડેશન | ૪૫૦ |
| ૭ | પુરોહિત કંસ્ટ્રક્શન લી. | ૪૫૦ |
| ૮ | જીવીકે | ૪૦૦ |
| ૯ | મેડીલીક હોસ્પિટલ્સ | ૩૦૦ |
| ૧૦ | નેત્ર મેડીલીંક | ૩૦૦ |
| ૧૧ | શાંતાબેન ચિમનલાલ હોસ્પિટલ | ૨૮૦ |
| ૧૨ | સેવન એમ પ્રોજેક્ટસ ઈન્ક. (વી. વર્લ્ડ વાઈડ ગૃપ) | ૨૫૦ |
| ૧૩ | સત્ય પ્રોજેક્ટસ | ૨૦૦ |
| ૧૪ | ઈમેજ હેલ્થકેર લી. | ૨૦૦ |
| ૧૫ | ડૉ. મહેતાસ હોસ્પિટલ્સ પ્રા.લી. | ૧૮૬ |
| ૧૬ | ચરોતર યુનિ. ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી | ૧૫૦ |
| ૧૭ | એમ.એલ. ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૫૦ |
| ૧૮ | સ્ટર્લીંગ હોસ્પિટલ્સ | ૧૨૫ |
| ૧૯ | કેમ્બે સેઝ હોટેલ્સ પ્રા.લી. | ૧૦૦ |
| ૨૦ | બરોડા મેડીકલ કોલેજ એલ્યુમની એસોસીએશન | ૧૦૦ |
| ૨૧ | એક્લોન મેડીકેર પ્રા.લી. | ૧૦૦ |
| ૨૨ | સીમ્સ હોસ્પિટલ્સ પ્રા.લી. | ૧૦૦ |
| ૨૩ | ઈનોવા ચીલ્ડ્રન હાર્ટ હોસ્પિટલ | ૧૦૦ |
| ૨૪ | બકીંસ | ૧૦૦ |
| ૨૫ | ક્રિષ્ણા હાર્ટ એન્ડ સુપર સ્પેશીયાલીટી હોસ્પિટલ | ૭૫ |
| ૨૬ | સ્વાસ હેલ્થકેર પ્રા.લી. | ૭૫ |
| ૨૭ | ચંદ્રકાન્ત એલ./મીહીર સી. સાંડેસરા | ૭૦ |
| ૨૮ | બેન્કર્સ કાર્ડીયોલોજી ઈન્સ્ટીટ્યુટ | ૬૧.૪ |
| ૨૯ | બરોડા મેડીકેર પ્રા.લી. | ૬૦ |
| ૩૦ | મેડીસ્ટાર | ૫૦ |
| ૩૧ | લોકમાન્ય મેડીકલ ફાઉન્ડેશન, પુના | ૫૦ |
| ૩૨ | ઈન્દુ હેલ્થ રીચર્સ ફાઉન્ડેશન | ૫૦ |
| ૩૩ | દિપક ફાઉન્ડેશન | ૪૦ |
| ૩૪ | યુરોકેર હોસ્પિટલ | ૨૫ |
| ૩૫ | ગોકુલ લાઈફકેર પ્રા.લી. | ૨૦ |
| ૩૬ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ | ૧૭.૫૧ |
| ૩૭ | ઓર્કિડ મેડીકેર એન્ડ રીચર્સ પ્રા.લી. | ૧૨ |
| ૩૮ | ઈન્ડીયન મેડીકલ એન્ડ સાયન્ટીફીક રીચર્સ ફાઉન્ડેશન | ૧૦ |
| ૩૯ | સોરાષ્ટ્ર મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૦ |
| ૪૦ | સુરત રક્તદાન કેન્દ્ર એન્ડ રીસર્ચ સેન્ટર | ૧૦ |
| ૪૧ | ક્વાલી હેલ્થકેર પ્રા.લી. | ૧૦ |
| ૪૨ | ડૉ. અગ્રાવત હેલ્થકેર લી. | ૧૦ |
| ૪૩ | પોલીસ્પર્સ કેમીક્લ્સ | ૧૦ |
| ૪૪ | એઓન મેડીકા પ્રા.લી. | ૧૦ |
| ૪૫ | બીમ્સ હોસ્પિટલ્સ પ્રા.લી. | ૧૦ |
| ૪૬ | આશુતોષ મેડીકેર પ્રા.લી., વડોદરા | ૧૦ |
| ૪૭ | ઉજીબેન દુધાભાઈ ખુટ એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧ |
| ૪૮ | શ્રી હરીદાસ જીવણદાસ ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૦૦ |
| ૪૯ | કોલમ્બીયા એશીયા હોસ્પિટલ પ્રા.લી. | ૧૦૦ |
| | કુલ... | **૧૬૨૪૯.૯૧** |

## પત્રક--બ

| અનુ. | ફાર્માસ્યુટીકલ્સ કંપનીનું નામ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | આદી ડ્રગ્સ | ૨૫ |
| ૨ | નુટ્રાપ્લસ પ્રોડક્ટસ ઈન્ડિયા લિ. | ૫૦ |
| ૩ | ટેલેન્ટ હેલ્થકેર | ૫૫ |
| ૪ | પ્યોર રેમેડીઝ પ્રા.લિ. | ૬૦ |
| ૫ | લાયકા લેબ્સ લિમિટેડ | ૪૫ |
| ૬ | પ્રમા ઈન્સ્ટુમેન્ટસ પ્રા. લિ. | ૩૦ |
| ૭ | સહજાનંદ મેડીકલ ટેક્નોલોજી પ્રા.લિ. | ૫૦ |
| ૮ | મેડીસોલ લાઈફ સાયન્સ પ્રા.લિ. | ૨૦ |
| ૯ | એશિયન એરોસોલ ઓન પ્રા.લિ. | ૪૦ |

| અનુ. | ફાર્માસ્યુટીકલ્સ કંપનીનું નામ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧૦ | એમનીયલ ફાર્માસ્યુટીકલ્સ કો. (ઈ) પ્રા.લિ. | ૪૫ |
| ૧૧ | એમનીયલ લાઈફ સાયન્સીસ પ્રા.લિ. | ૧૨૪ |
| ૧૨ | શક્તિ બાયો સાયન્સ પ્રા.લિ. | ૧૦ |
| ૧૩ | બી.વી. કોટન પ્રા.લિ. | ૧૦ |
| ૧૪ | ફલ જીંગ ફાઈન કેમીકલ્સ પ્રા.લિ. | ૨૫ |
| ૧૫ | નાગાર્જુન ફાર્માસ્યુટીકલ્સ (પ્રા.) લિ. | ૫૦ |
| ૧૬ | ક્સિાન ગ્રુપ | ૧૦૦ |
| ૧૭ | રેનબક્ષી લેબોરેટરીઝ લિ. | ૨૫૦ |
| ૧૮ | ખુશી કેમીકલ્સ પ્રા. લિ. | ૫ |
| ૧૯ | પારલે ઈલીઝાબેથ ટુલ્સ પ્રા. લિ. | ૧૦ |
| ૨૦ | હારસન લેબોરેટરીઝ | ૧૫ |
| ૨૧ | એપોલો લાઈફ સાયન્સ પ્રા. લિ. | ૧૭ |
| ૨૨ | વાયબ્રન્ટ ઈન્ફ્રાસ્ટક્ચર એન્ડ મીડીયા પ્રા. લિ. | ૧૦૮ |
| ૨૩ | ઈપ્કા લેબોરેટરીઝ લિ. | ૩૦૭ |
| ૨૪ | એકાસીયા બાયોટેક લિ. | ૩૦ |
| ૨૫ | સીલીસલેબ્સ પ્રા. લિ. | ૩૮.૮૯ |
| ૨૬ | સીટીએક્સ લાઈફ સાયન્સીસ પ્રા.લી. | ૫૦ |
| ૨૭ | નિરમા લિમિટેડ | ૭૫ |
| ૨૮ | સુશેન ફાર્મા એન્ડ એએમપી રીસર્ચ | ૧૭.૫ |
| ૨૯ | એસપીએફ ફાર્મા | ૫૦ |
| ૩૦ | એક્વીસન્ટ ફાર્માસ્યુટીકલ્સ પ્રા.લિ. | ૩૭૫ |
| ૩૧ | થેમીસ મેડીકેર લિ. | ૧૦ |
| ૩૨ | આલય સર્જીકલ્સ પ્રા.લિ. | ૯ |
| ૩૩ | માઈક્રોન બાયોટેક લિ. | ૨૫ |
| ૩૪ | કોરોના રેમેડીઝ પ્રા.લિ. | ૨૦ |
| ૩૫ | ઈથીકેર ક્લીનીકલ ટ્રાયલ સર્વિસીસ | ૨ |
| ૩૬ | ન્યુરોન ફાર્મા પ્રા.લિ. | ૩ |
| ૩૭ | જેએફએલ લાઈફ સાયન્સીસ પ્રા.લિ. | ૫ |
| ૩૮ | કે. એન, એમ. ફાર્મા પ્રા.લિ. | ૬.૫ |
| ૩૯ | અચીવર હેલ્થકેર પ્રા.લિ. | ૭.૫ |
| ૪૦ | ઝેન ફાર્મા પ્રા. લિ. | ૧૦ |
| ૪૧ | શંકુસ ફાર્માસ્યુટીકલ્સ | ૮ |
| ૪૨ | ભારત પેરેન્ટ્રલસ લિ. | ૧૦ |
| ૪૩ | યુનિમાર્ક રેમેડીઝ લિ. | ૬૦ |
| ૪૪ | એસ્ટ્રા લાઈફકેર ઈન્યિા પ્રા. લિ. | ૪૩ |
| ૪૫ | વેરીટાસ બાયોવેન્ટીસ પ્રા.લિ. | ૨૨ |
| ૪૬ | ક્લીન્ટીસ ફાર્મા પ્રા. લિ. | ૩૦ |
| ૪૭ | કેડીલા હેલ્થકેર લિ. | ૩૦ |
| ૪૮ | વાપીકેર ફર્મા. પ્રા. લિ. | ૩૦ |
| ૪૯ | વીડા ક્લીનીકલ રીચર્સ પ્રા. લિ. | ૩૦ |
| ૫૦ | ફાઈન ક્યોર ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લિ. | ૩૦ |
| ૫૧ | એનવીસન સાયન્ટીફીક પ્રા. લિ. | ૫૦ |
| ૫૨ | રીનોઉન ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લિ. | ૩૮ |
| ૫૩ | મેઘમણી યુનીકેન એલએલપી | ૫૦ |
| ૫૪ | સનવેઝ ઈન્ડિયા પ્રા. લિ. | ૫૪ |
| ૫૫ | કેડીલા હેલ્થકેર લિ. | ૮૦ |
| ૫૬ | એમઝોર એક્સપોર્ટ પ્રા. લિ. | ૯૦ |
| ૫૭ | કેડીલા હેલ્થકેર લિ. | ૧૦૦ |
| ૫૮ | લીંક્ન ફાર્માસ્યુટીકલ્સ લિ. | ૧૦૦ |
| ૫૯ | જુબીલન્ટ લાઈફ સાયન્સીસ લિ. | ૧૦૦ |
| ૬૦ | સન ફાર્માસ્યુટીકલ્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. | ૧૨૫ |
| ૬૧ | કેડીલા હેલ્થકેર લિ. | ૨૬૦ |
| ૬૨ | નેકટર લાઈફ સાયન્સીસ લિ. | ૫૦૦૦ |
| ૬૩ | એલપીક બાયોટેક લિ. | ૪ |
| ૬૪ | સ્વીસ પેરેન્ટ્રલ્સ પ્રા. લિ. | ૨૦ |
| ૬૫ | બેરોક ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લિ. | ૧૫ |
| ૬૬ | ડીશમાન ફાર્માસ્યુટીકલ્સ એન્ડ કેમીકલ્સ લિ. | ૩૦૦ |
| ૬૭ | નોવોટેક ફોર્મ્યુલેશન્સ પ્રા. લિ. | ૩૦ |
| ૬૮ | રોઝ લેબ્સ બાયો સાયન્સ પ્રા. લિ. | ૧૪૧.૩૭ |
| ૬૯ | સીસ્ટેમસ ક્સલન્ટસ | ૧૦ |
| ૭૦ | સેન્ચુરીયન લેબોરેટરીઝ ડીવીઝન ઓફ સીઆરપીએલ | ૧૫ |
| ૭૧ | બુક્સ લોબોરેટરીઝ લિ. | ૧૫૦ |
| ૭૨ | ફિડન હેલ્થકેર પ્રા. લિ. | ૨૫ |
| ૭૩ | બ્યુક્રોસ લેબ્સ પ્રા. લિ. | ૩૦ |
| ૭૪ | એસ.જી. ફાર્મા. પ્રા. લિ. | ૭૦ |

| અનુ. | ફાર્માસ્યુટીકલ્સ કંપનીનું નામ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૭૫ | સ્વીસ ફાર્મા. પ્રા. લિ. | ૫૦ |
| ૭૬ | સ્વાતી સ્પેનટોસ પ્રા. લિ. | ૧૦૦ |
| ૭૭ | એસ કાન્ત હેલ્થકેર લિ. | ૧૦ |
| ૭૮ | એપેક્સ ડ્રગ્સ હાઉસ | ૧૨ |
| ૭૯ | સોલકો બાયોમેડીકલ કો. (ઈ) પ્રા. લિ. | ૧૦૦ |
| ૮૦ | વેસ્ટ કોસ્ટ  ફાર્માસ્યુટીકલ્સ વર્કસ લિ. | ૫૦ |

--------

## વિલસન હીલના વિકાસ માટે ખર્ચ

૧૭૫૯૬ : **શ્રી છનાભાઈ ચૌધરી  (ધરમપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના વિલસન હીલના વિકાસ માટે સરકારે કેટ કેટલા કામો પાછળ ખર્ચ કર્યો, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જીલ્લાના ધરમપુર તાલુકાના વિલસન હીલના વિકાસ માટે સરકારે કોઈ ખર્ચ કરેલ નથી. સને ૨૦૦૬-૦૭માં ફાળવેલ ગ્રાન્ટ પેકી રૂપિયા ૧૭.૬૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આ સ્થળે ડેવલપમેન્ટ ઓફ વિલસન હીલ ઈકો ટુરીઝમ યોજના હેઠળ પ્રવેશદ્વાર અને વાંસ થાંભલાઓની રેલીંગ, વ્યુપોઈન્ટ અને સનસેટ પોઈન્ટનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ હીલ સ્ટેશનમાં પુરતી સુવિધાઓ પુરી પાડવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે? | (૨) ના, જી. |

--------

## કાળી-૨ ડેમની પાણીની સંગ્રહ શક્તિ

૧૯૦૦૨ : **શ્રી બચુભાઈ કિશોરી  (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કાળી-૨ ડેમની પાણીની સંગ્રહ શક્તિ કેટલી છે. | (૧) ૧૪.૫૨ મી.ઘ.મી. |
| (૨) આ ડેમમાં હયાત પાણીનો જથ્થો કેટલો છે, | (૨) ૨.૧૮ મી.ઘ.મી. (તા.૧૦-૨-૧૧ની સ્થિતિએ) |
| (૩) આ ડેમમાં ઝમણથી પાણી નીકળી જાય છે તે હકિક્ત સાચી છે, અને ? | (૩) અંશતઃ સાચી છે. |
| (૪) આ ડેમનું ઝામણ અટકાવવાનું સરકારનું શું આયોજન છે? | (૪) વર્ષ ૨૦૧૦ ના ચોમાસા પહેલા મરામતની કામગીરી કરવામાં આવેલ હતી. તે પેકીની બાકી રહેલ મરામતની કામગીરી આગામી ચોમાસા પહેલા હાથ ધરવાનું આયોજન છે. |

--------

## મહાનગરપાલિકાઓને મનોરંજન કરની ગ્રાંટ

૧૯૦૭૫ : **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકારે રાજ્યની મહાનગરપાલિકાઓને તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ મનોરંજન કર ગ્રાંટની કેટલી ચુકવણી વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કરવામાં આવેલ છે? | રાજ્યની કુલ આઠ મહાનગર પાલિકાઓને મનોરંજન કરની રૂ.૧૦,૭૮,૮૫,૨૫૦/-(અંકે રૂપિયા દસ કરોડ ઈઠયોતેર લાખ પંચાશી હજાર બસો પચાસ પુરા)ની ચુક્વણી વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં કરવામાં આવેલ છે. |

## રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને રજૂ કરેલ પ્રવાસન પ્રોજેક્ટ

**૧૭૫૫૯ : શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ પ્રવાસનના ક્યા ક્યા પ્રોજેક્ટો રજૂ કર્યા અને આ પ્રોજેક્ટોના મહત્વના અંગ શું શું છે,

(૨) પ્રોજેક્ટવાર યોજનાનું અંદાજીત ખર્ચ કેટલું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટની સ્થિતિ શું છે અને તે માટે કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ પ્રવાસનના રજુ કરેલ પ્રોજેક્ટોની વિગતો અને આ પ્રોજેક્ટોના મહત્વના અંગ વિશેની વિગતો આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

(૨) પ્રોજેક્ટ વાર યોજનાના અંદાજીત ખર્ચની વિગતો આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટની સ્થિતિ પ્રગતિની અને ખર્ચની વિગતો આ સાથે સામેલ પત્રકમાં દર્શાવેલ છે.

### પ ત્ર ક
### ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને રજૂ કરેલ દરખાસ્તો અંગેની વિગત દર્શાવતુ પત્રક

| અનુ. નં. | પરિયોજનાનુ નામ | પરિયોજનાના મહત્વના અંગોની વિગત | અંદાજીત ખર્ચની વિગત રુપિયા લાખમાં | પરિયોજનાની કામગીરીની પ્રગતિની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ડેસ્ટીનેશન ડેવલેપમેન્ટ ઓફ તરણેતર | આંતરીક રસ્તાઓ, એક્ઝીબેશન કોમ્પલેક્ષ, સ્ટેજ, પાર્કિંગ, ટાયલેટ બ્લોક, તળાવનો વિકાસ,ક્રાફટ બજાર, હોર્ડીંગ્સ, સોલાર લાઈટ જેવી બાબતો. | ૬૨૦.૦૦ | ભારત સરકારશ્રી દ્વારા રુપિયા ૩૧૦.૬૦ લાખ મંજુર કરેલ છે જે અન્વયે પ્રોજેક્ટની કામગીરી માટે આર્કિટેકટની નિમણૂંક કરવામાં આવેલ છે. |
| ૨ | ઈન્ટીગ્રેટેડ ડેવલેપમેન્ટ ઓફ ટુરીસ્ટ ફેસીલીટીઝ. દેવની મોરી | દેવની મોરી ખાતે તળાવનો વિકાસ, શામળાજીથી દેવની મોરી ગામ સુધીના રસ્તાની સુધારણા, એન્ટ્રસ ગેટ અને માહિતી કેન્દ્ર, પાર્કિંગ અને બસ સેલ્ટરનો વિકાસ, બુધ્ધીસ્ટ સાઈટની ફરતે બિલ્ડીગ વોલનુ કામ જેવી બાબતો. | ૬૯૭.૭૨ | મંજુરી રાહમાં છે. |
| ૩ | ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેસ્ટીનેશન ઓફ ચાંપાનેર-પાવાગઢ | પ્રવાસી સ્વાગત કેન્દ્ર કમ ફેસીલીટી સેન્ટર, મ્યુઝીયમ અને એકઝીબીશન હોલ, ઈન્ટર પ્રિટેશન સેન્ટર, પાર્કિંગ, લેન્ડ સ્કેપીગ, સાઈનેજીસ. | ૬૨૫.૦૦ | ભારત સરકાર દ્વારા રુપિયા.૩૬૦/- લાખ મંજુર કરવામાં આવેલ છે.ચાંપાનેર પાવાગઢનો માસ્ટર પ્લાન ફાઈનલ થયેથી આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. |
| ૪ | ઈન્ટીગ્રેટેડ ડેવલેપમેન્ટ ઓફ ટુરીસ્ટ ફેસીલીટીઝ, પાટણ | પાટણ શહેરની અંદર પ્રવાસી સુવિધાનો વિકાસ જેમાં રાણકીવાવ અને સહસ્ત્રલીગની આજુબાજુના એપ્રોચરોડનો વિકાસ, સાઈનેજીસ, પાર્કિંગનો વિકાસ, રસ્તાની બાજુમાં બેસવાના બાંકડા, પ્લાનટેશન, સીદ્ધી સરોવર તળાવ ખાતે સ્ટોન પીચીગ,એરીગ, લેન્ડ સ્કેપીગ, બેસવા માટેના બાંકડા, ટ્રી પ્લાન્ટેશન, પેવેલીયન, સાઈનેજીસ, પાર્કિંગ, લાઈટ પોલ, પબ્લીક ટાયલેટ, પીવાના પાણીની વ્યવસ્થા. | ૧૮૯૪.૨૯ | ભારત સરકારશ્રી દ્વારા રુપિયા ૨૯૫.૨૨ લાખ મંજુર કરવામાં આવેલ છે જેની કામગીરી પ્રગતિમાં છે અને રુપિયા ૨૭૫/- લાખનો ખર્ચ થયેલ છે. |
| ૫ | ઈન્ટીગ્રેટેડ ડેવલેપમેન્ટ ઓફ ટુરીસ્ટ ફેસીલીટીઝ, અંબાજી જી.બનાસકાંઠા | ડેવલાપમેન્ટ ઓફ થીમ પાર્ક, ડેવલાપમેન્ટ ઓફ એન્ટ્રસ ચોક ટુ ગબ્બર હિલ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમ. | ૧૮૨૪.૬૨ | ભારત સરકારશ્રી દ્વારા રુપિયા ૩૫૩.૯૪ લાખ મંજુર કરવામાં આવેલ છે અને આ રકમ કલેકટરશ્રી બનાસકાંઠાને સકંલિત વિકાસ માટે તબદીલ કરવામાં આવેલ છે. |
| ૬ | ડેવલાપમેન્ટ ઓફ ટુરીસ્ટ ફેસીલીટીઝ, કંકાપુરા જી.આણંદ (દાંડી હેરીટેજ કોરીડોર) | રુરલ ટુરીઝમ (સોફટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીગ, સર્વે, સ્ટડી, વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીગ, વહીવટી ખર્ચ,<br>રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ | ૭૦.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૭ | ડેવલાપમેન્ટ ઓફ ગાંધી | રુરલ ટુરીઝમ (સોફટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીગ, સર્વે, સ્ટડી, | ૭૦.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી |

| અનુ. નં. | પરિયોજનાનુ નામ | પરિયોજનાના મહત્વના અંગોની વિગત | અંદાજીત ખર્ચની વિગત રુપિયા લાખમાં | પરિયોજનાની કામગીરીની પ્રગતિની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | સેન્ટર, નવાગામ જી.ખેડા (દાંડી હેરીટેજ કોરીડોર) | વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીંગ, વહીવટી ખર્ચ,<br>રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ. | | મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૮ | ડેવલોપમેન્ટ એન્ડ અપગ્રેડેશન ઓફ ટુરીસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઝીંઝુવાડા (જી.સુરેન્દ્રનગર | રુરલ ટુરીઝમ (સોફ્ટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીંગ, સર્વે, સ્ટડી, વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીંગ, વહીવટી ખર્ચ,<br>રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ | ૧૨૬.૨૧ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૯ | ડેવલોપમેન્ટ ઓફ ટુરીસ્ટ ફેસીલીટીઝ, સાસણગીર (જી.જુનાગઢ) | રુરલ ટુરીઝમ (સોફ્ટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીંગ, સર્વે, સ્ટડી, વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીંગ, વહીવટી ખર્ચ,<br>રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ | ૧૦૫.૨૧ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૦ | ડેવલોપમેન્ટ ઓફ ટુરીસ્ટ ફેસીલીટીઝ, ધોળાવીરા (જી.કચ્છ) | રુરલ ટુરીઝમ (સોફ્ટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીંગ, સર્વે, સ્ટડી, વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીંગ, વહીવટી ખર્ચ,<br>રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ | ૯૪.૨૩ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૧ | ધી રોયલ ઓરીએન્ટ ટ્રેન | કન્સ્ટ્રકશન ઓફ ૧૯ કોચ, લીનન, ક્રોકરી કટલરી, ગ્લાસવેર, અને કિચનના સાધનો, લાઈબ્રેરી, યુનિફોર્મ, શુશોભનની કામગીરી જેવી બાબતો. | ૧૪૩૪.૮૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૨ | ધ્વારકા પ્રોજેકટ | ધ્વારકા ખાતે પરિક્રમા પથ, રાવળા તળાવનો વિકાસ, મંદિરચોક અને બલભદ્ર શેરીનો વિકાસ, સનસેટ પોઈન્ટ અને ભડકેશ્વર મંદિર રસ્તાનુ જોડાણ, ઘાટનુ રીપેરીંગ, પાર્કિંગ એરીયાનો વિકાસ, સમુદ્ર નારાયણ ટેમ્પલના દરિયા કાંઠાનો વિકાસ.<br>નાગેશ્વર ખાતેના તળાવનો વિકાસ, પ્રવાસી પથનો વિકાસ અને નાગેશ્વર ખાતે ગ્રામહાટનો વિકાસ<br>સમરાસર (ગોપી તળાવ) ખાતેના તળાવનો વિકાસ, ગામચોકનો વિકાસ, ઓખામઢી ખાતે વિક એન્ડ ડેસ્ટીનેશન તરીકેનો વિકાસ<br>શીવરાજપુર ખાતે કેમ્પીંગ સાઈટનો વિકાસ<br>પોશીત્રા ખાતે કેમ્પીંગ સાઈનો વિકાસ<br>ચરખલા ખાતે મેઈન રોડ પર સાઈનેજીસ<br>બેટ ધ્વારકા ખાતે પદમેશ્વર મહાદેવ ટેમ્પલની પશ્ચીમ સાઈડના દરિયાકાંઠાનો વિકાસ<br>રણછોડ તળાવનો વિકાસ અને એન્ટ્રી ગેટનુ કામ. | ૪૦૨૮.૮૭ | ભારત સરકાર દ્વારા રુપિયા ૭૯૮.૯૦ લાખ મંજુર કરવામાં આવેલ છે જે અન્વયે આર્કિટેકટની નિમણૂંક કરી ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. |
| ૧૩ | માર્કેટ રીસર્ચ મોનીટરીંગ એન્ડ ફીઝીબીલીટી સ્ટડી | માર્કેટ રીસર્ચ મોનીટરીંગ અને ફીઝીબીલીટી સ્ટડી માટે રીપોર્ટ બનાવવાની કામગીરી. | ૫૦.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૪ | ઈન્ટીગ્રેટેડ ડેવલેપમેન્ટ ઓફ ધ્વારકા, બેટ ધ્વારકા, નાગેશ્વર અને મેજર ઈકો ટુરીસ્ટ સર્કિટ | ધ્વારકા ખાતે પરિક્રમા પથ, રાવળા તળાવનો વિકાસ, મંદિરચોક અને બલભદ્ર શેરીનો વિકાસ, સનસેટ પોઈન્ટ અને ભડકેશ્વર મંદિર રસ્તાનુ જોડાણ, ઘાટનુ રીપેરીંગ, પાર્કિંગ એરીયાનો વિકાસ, સમુદ્ર નારાયણ ટેમ્પલના દરિયા કાંઠાનો વિકાસ.<br>નાગેશ્વર ખાતેના તળાવનો વિકાસ, પ્રવાસીપથનો વિકાસ અને નાગેશ્વર ખાતે પાર્કિંગની સુવિધા<br>સમરાસર (ગોપી તળાવ) ખાતે એરાઈવલ પ્લાઝા , એન્ટ્રસ ગેટ અને પબ્લીક્યુટીલીટી<br>શીવરાજપુર ખાતે કંમ્પાઉન્ડ વોલ, ચેઈન્જ રુમ, અને પબ્લીક્યુટીલીટી.<br>બેટ ધ્વારકા ખાતે પરિક્રમા પથનો વિકાસ,એરાવલપ્લાઝા ટુ ધ્વારકાધીશ ટેમ્પલ ચોક, ટેમ્પલચોક ટુ હનુમાનદાંડી પરિક્રમા પથનો વિકાસ ,પદમેશ્વર મહાદેવ પોઈન્ટનો વિકાસ, નીલકંઠેશ્વર મહાદેવ મંદિરચોકનો વિકાસ, અમીયામાતા મંદિર એન્ટ્રસનો વિકાસ, નીલકંઠેશ્વર મહાદેવ એન્ટ્સનો વિકાસ, દરિયાકાંઠે આંતરમાળખાકીય સુવિધાનો વિકાસ.<br>ઓખામઢી ખાત વિક એન્ડ ડેસ્ટીનેશન તરીકેનો વિકાસ | ૮૩૦૪.૩૫ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૫ | ઈન્ટીગ્રેટેડ ડેવલેપમેન્ટ ઓફ ગાંધી સર્કિટ પોરબંદર, એમ.જી.વિદ્યાલય રાજકોટ, સાબરમતી આશ્રમ અમદાવાદ, ધી સ્કીમ ઓફ મેજર ટુરીસ્ટ સર્કિટ | પોરબંદર શહેર ખાતે કિર્તિમંદિર અને કસ્તુરબા મેમોરીયલના રસ્તાનુ વિકાસ, કિર્તિમંદિર, માણેકચોક, શીતલાચોક, સુદામા ચોકના રીડેવલોપમેન્ટ, રેલ્વે સ્ટેશન, હાઈવે, બસ સ્ટેશનથી કિર્તિમંદિર રસ્તાની કામગીરી, સાઈનેજીસ, હેરીટેજ વોકનો વિકાસ, વિવેકાનંદ મેમોરીયલ ની આજુબાજુનો વિકાસ, પોરબંદર લેઈક, બર્ડ સેન્ચુરીનો વિકાસ, ચોપાટીનો વિકાસ, ક્રિકનો વિકાસ,<br>એમ.જી.વિદ્યાલય રાજકોટ ખાતેના એન્ટ્રસનુ રીલોકેશન, પાર્કિંગનો વિકાસ, બિલ્ડીગનુ મરામત અને રીસ્ટોરેશન, મ્યુઝીયમ/મેમોરીયલનો વિકાસ, પબ્લીક ટોયલેટ, પીવાના પાણીની વ્યવસ્થા, બેસવા માટેની વ્યવસ્થા, બિલ્ડીગનુ લાઈટથી શુશોભન, એમ.જી.વિદ્યાલય કેમ્પસ અને આજુબાજુનો વિકાસ, | ૩૯૫૯.૫૬ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |

| અનુ. નં. | પરિયોજનાનુ નામ | પરિયોજનાના મહત્વના અંગોની વિગત | અંદાજીત ખર્ચની વિગત રુપિયા લાખમાં | પરિયોજનાની કામગીરીની પ્રગતિની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | સાબરમતી આશ્રમ ખાતે વાડજ સર્કલથી પરીક્ષીત નગર બ્રિજ સુધીના રસ્તાનો વિકાસ, પરીક્ષીતનગરથી ગાંધીઆશ્રમ સુધીના રસ્તાનો વિકાસ. | | |
| ૧૬ | ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ કબીરવડ, શુકલતીર્થ, મંગલેશ્વર, અંગારેશ્વર, જી.ભરુચ | મંગલેશ્વર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાઓ જેવી કે એન્ટ્રી પેસેજ, એરાવલ પ્લાઝા, ટીકીટ કાઉન્ટર અને લાંજ, રીટેનીંગ હોલ, જેટીમાં સુધારા વધારાની કામગીરી, લેન્ડ સ્કેપીંગ, નદી કાંઠે સીટીંગ એરેજમેન્ટ, હાટ, પબ્લીક ટાયલેટ, પાર્કિંગ, ફુડકોટ, પીવાના પાણીની વ્યવસ્થા,<br><br>કબીરવડ ખાતે જેટી થી કબીરવડ સુધીનો રસ્તા, કબીરવડ ખાતે જેટી, નાવા માટે બાથરુમ, પબ્લીક ટાયલેટ, નદી કાંઠે બેસવાની વ્યવસ્થા, લેન્ડ સ્કેપીંગ, ચીલ્ડ્રન પ્લે એરીયા, લાઈફગાર્ડ ફેસીલીટી, કબીરવડ મંદિર અને આજુબાજુનો વિકાસ, ફુડ પ્લાઝા, રીટેનીંગ હોલ વિગેરેની કામગીરી.<br><br>શુકલતીર્થ ખાતે માહિતીકેન્દ્ર, એમ.પી.થીયેટર, લેન્ડ સ્કેપીંગ, શુકલતીર્થ દ ાટનો વિકાસ, પાર્કિંગ એરીયાનો વિકાસ, એપ્રોચ રસ્તા,<br><br>અંગારેશ્વર ખાતે ઘાટ નો વિકાસ, એપ્રોચ રોડ, પબ્લીક ટાયલેટ, અંગારેશ્વર મંદિરનો વિકાસ, વિગેરેની કામગીરી. | ૬૨૫૫.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૭ | ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ બુધ્ધીસ્ટ સર્કિટ, દેવની મોરી (જી.સાબરકાંઠા) તારંગા, વડનગર, જી.મહેસાણા | દેવની મોરી ખાતે તળાવની સામેની બાજુનો વિકાસ, શામળાજીથી દેવનીમોરી વીલેજ સુધીનોએપ્રોચ રોડનો વિકાસ, એન્ટ્રસગેટ અને માહિતી કેન્દ્ર, પાર્કિંગ એરીયાનો વિકાસ, બસ સેલ્ટનો વિકાસ,<br><br>તારંગા ખાતે એન્ટ્રસ ગેટ અને માહિતી કેન્દ્ર, લેન્ડ સ્કેપીંગ, પાર્કિંગ એરીયાનો વિકાસ<br><br>વડનગર ખાતે હાટકેશ્વર મહાદેવની આજુબાજુનો વિકાસ, સોમનાથ મહાદેવ મંદિર પરિસરનો આજુબાજુનો વિકાસ, પશ્ચિમ મહેતાની વાવનુ રીસ્ટોરેશન, અમથેર માતા ટેમ્પલ પરિસરનો વિકાસ ,જણજણીયા કુવા અને તેની આજુબાજુના વિકાસ, રુષીઆરા અને આજુબાજુનો વિકાસ, અંબાજી માતા ટેમ્પલ પરિસરનો વિકાસ, મહાકાલેશ્વર મહાદેવ ટેમ્પલ અને અમલકુંડનો વિકાસ, | ૧૦૧૦.૯૩ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૮ | ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ ઉમરગામ, જી.વલસાડ | ઉમરગામ દરિયાકાંઠે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ, ઉમરગામ ખાતેના કમરરવાડા તળાવનો વિકાસ, પાણી પુરવઠા, ઈલેકટ્રીક સીટી, ડ્રેનેજ, સાઈનેજીસ, અને એપ્રોચ રસ્તાની કામગીરી. | ૨૩૫૧.૮૧ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૯ | ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ જુનાગઢ | જુનાગઢ ખાતે હેરીટેજ વોકનો વિકાસ, મજેવડી દરવાજા અને સરદાર ગેટનો વિકાસ, ઉપરકોટ ખાતે પ્રવાસન સુવિધાનો વિકાસ, નરસિંહ મહેતા સરોવર અને આજુબાજુનો વિકાસ, વિલીંગ્ડન ડેમ અને આજુબાજુનો વિકાસ, લાયબ્રેરીનો વિકાસ, વિગેરેની કામગીરી. | ૭૧૬.૦૬ | મંજુરી રાહમાં છે. |
| ૨૦ | ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ નારાયણ સરોવર, કોટેશ્વર, જી.કચ્છ | નારાયણ સરોવર મંદિર પરિસર તથા તળાવનો વિકાસ, પાર્કિંગ એરીયા, નારાયણ સરોવર અને કોટેશ્વર જોડતા રસ્તાનો વિકાસ, કોટેશ્વર મંદિર તથા આજુબાજુનો વિકાસ, બસ સ્ટેન્ડનો વિકાસ, શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા, ટુરીસ્ટ કોમ્પલેક્ષમાં પ્રવાસીઓને રહેવા માટેના વધારાના રુમોની સગવડતા, ઈલેકટ્રીકસીટીની કામગીરી, એન્ટ્રસ ગેટ, સાઈનેજીસ વિગેરેની કામગીરી | ૧૧૫૧.૫૬ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૧ | ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ બિંદુ સરોવર, સીધ્ધપુર જી.પાટણ | સિધ્ધપુર મંદિર અને બિંદુ સરોવર અને આજુબાજુના પરિસરનો વિકાસ, વોટર સપ્લાય,એમીનીટી બિલ્ડીંગ, સિધ્ધપુર અને સિધ્ધપુર મંદિર અને બિદુસરોવર ખાતે સ્ટોન વર્કનુ કામ, ઈલેકટ્રીક અને લેન્ડ સ્કેપીંગની કામગીરી. | ૩૦૩૪.૬૧ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૨ | ઈન્ટરનેશનલ પતંગ મહોતસવ -૨૦૧૧ | ઈન્ટરનેશનલ પતંગ મહોતસવ-૨૦૧૦-૧૧ માટે પબ્લીસીટી મટીરીયલની કામગીરી, જેમાં પોસ્ટર, બ્રોચર્સ, અને હોર્ડિગ્સની કામગીરીનો સમાવેશ થાય છે. | ૨૯.૧૦ | ભારત સરકારશ્રી દ્વારા રુપિયા ૧૪.૫૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે જે અન્વયેની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| ૨૩ | ડેવલોપમેન્ટ ઓફ ટુરીઝમ ફેસીલીટીઝ ઓફ નળસરોવર, જી.અમદાવાદ | રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત રીસેપ્શન એરીયા, પાર્કિંગ એરીયાનો વિકાસ, હોમ સ્ટે ફેસીલીટી, ડાઈનીંગ હોલ, પબ્લીક ટાયલેટ, એકઝીબીશન વર્કશોપ, સાઈનેજીસ.<br>રુરલ ટુરીઝમ (સોફટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીંગ, સર્વે, સ્ટડી, વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીંગ, વહીવટી ખર્ચ, | ૧૧૨.૦૧ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૪ | ડેવલોપમેન્ટ ઓફ ટુરીઝમ ફેસીલીટીઝ ઓફ-નારગોલ જી.વલસાડ | રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાનો વિકાસ જેમાં દરિયાકાંઠે ગેટ, વોચીંગ ટાવર, લાઈફ બોય અને લાઈફ જેકેટ, દરિયાકાંઠે લાઈટીંગ, પ્લેટફોર્મ, ડાઈનીંગ હોલ, દરિયા કાંઠે બેસવા માટે ખુરશી અને બાંકડા વિગેરે. | ૯૨.૦૮ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |

| અનુ. નં. | પરિયોજનાનુ નામ | પરિયોજનાના મહત્વના અંગોની વિગત | અંદાજીત ખર્ચની વિગત રુપિયા લાખમાં | પરિયોજનાની ક્રમગીરીની પ્રગતિની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | રુરલ ટુરીઝમ (સોફ્ટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીંગ, સર્વે, સ્ટડી, વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીગ, વહીવટી ખર્ચ, | | |
| ૨૫ | પ્રિપેરેશન ઓફ ઓવરઓલ ડેવલોપમેન્ટ માસ્ટર પ્લાન ઓફ દાંડી ટાઉન, જી.નવસારી | સ્થળનો માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી. | ૫૦.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૬ | પ્રિપેરેશન ઓફ ઓવરઓલ ડેવલોપમેન્ટ માસ્ટર પ્લાન ઓફ સિધ્ધપુર સીટી , જી.પાટણ | સ્થળનો માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી. | ૫૦.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૭. | પ્રિપેરેશન ઓફ ઓવરઓલ ડેવલોપમેન્ટ માસ્ટર પ્લાન ઓફ સાપુતારા સીટી જી.ડાંગ | સ્થળનો માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી. | ૫૦.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૮. | પબ્લીસીટી મટીરીયલ્સ ફોર નવરાત્રી ફેસ્ટીવલ-૨૦૧૦ | નવરાત્રી ફેસ્ટીવલને અંતર્ગત પબ્લીસીટી મટીરીયલ છપાવવાની કામગીરી. | ૩૧.૧૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૨૯. | પબ્લીસીટી મટીરીયલ્સ ફોર રણોત્સવ-૧૦ | રણ ઉત્સવને લગતા પબ્લીસીટી મટીરીયલ છપાવવાની કામગીરી. | ૨૮.૩૦ | મંજુરી રાહમાં છે. |
| ૩૦ | પબ્લીસીટી મટીરીયલ્સ ફોર તરણેતર ફેર-૨૦૧૦ | તરણેતર ફેસ્ટીવલને અંતર્ગત પબ્લીસીટી મટીરીયલ છપાવવાની કામગીરી. | ૨૮.૩૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૩૧. | ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ-દેથલી, સિધ્ધપુર જી.પાટણ | હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટની સ્થાપનાની કામગીરી | ૧૮૭૫.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૩૨. | અમદાવાદ શહેરના સાબરમતી આશ્રમને આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની યોજના | સાબરમતી આશ્રમની આજુબાજુના તેમજ તેમને જોડતા રસ્તાનો રીડેવલોપમેન્ટ પ્લાન, ઝોનીંગ, દાંડી બ્રીજનો વિકાસ અને સમારકામ, પાથવેનો વિકાસ, પબ્લીક ટોયલેટ, પીવાના પાણીની વ્યવસ્થા , શુશોભન, રસ્તાની બાજુમાં બેસવાની વ્યવસ્થા જેવી બાબતો. | ૩૬૭૦૭/- | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૩૩. | ડેવલોપમેન્ટ ઓફ હેરીટેઝ વિલેજ તેરા, જી.કચ્છ | તેરા હેરીટેજ વિલેજ ખાતે વેલકમ પ્લાઝાનો વિકાસ, વિલેજ ચોકનો રીડેવલોપમેન્ટ, તળાવનો વિકાસ, હેરીટેજ વોક, એન્ટ્રસ ગેટ, વેસ્ટ વોટ ડીસ્પોઝલ સીસ્ટમ, સાઈનેજીસ, પાર્કિંગ વિગેરેની કામગીરી. | ૯૮૪.૨૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૩૪. | રુરલ ટુરીઝમ ફોર ડેવલોપમેન્ટ ઓફ -વડતાલ, જી.આણંદ | રુરલ ટુરીઝમ (સોફ્ટવેર) અંતર્ગત કેપેસીટી બિલ્ડીંગ, સર્વે, સ્ટડી, વર્કશોપ અને ઈવેન્ટ, પ્રવાસનને લગતુ મટીરીયલ, પ્રમોશન અને માર્કેટીગ, વહીવટી ખર્ચ,<br>રુરલ ટુરીઝમ (હાર્ડવેર) અંતર્ગત ગામતી તળાવનો વિકાસ, ગામ તળાવનો વિકાસ, સ્ટીટ ફર્નિચર, મંદિર ચોકનો વિકાસ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, | ૯૦.૦૦ | કેન્દ્ર સરકારશ્રીની મંજૂરી મળેથી કાર્યવાહી કરવામાં આવશે. |

--------

## પોઈન્ટ ઓફ ઓર્ડર સભ્યશ્રીએ પોતાના વિસ્તારના પ્રશ્ન પૂછવા અંગે

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. હું આ પોઈન્ટ ઓફ ઓર્ડરના માધ્યમથી આપશ્રીનું માર્ગદર્શન પણ માગું છું.

**અધ્યક્ષશ્રી** : પહેલાં આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર કયા મુદ્દા પર છે એ વાત કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હા, હું એ જ કહું છું કે આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમાંક ૬ નું હું નિરીક્ષણ કરી રહ્યો હતો અને આ બાબતમાં આપનું ધ્યાન દોરીને હું માર્ગદર્શન માગું છું. પ્રશ્ન ક્રમાંક:૬ માં પ્રશ્ન પૂછનાર માનનીય સભ્યશ્રી બાબુભાઈ શાહ કચ્છના અને અમદાવાદની હોસ્પિટલ અને કોલેજો અંગેનો પ્રશ્ન પૂછે છે. એ જ રીતે પ્રશ્ન ક્રમાંક ૭ માં પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી પૂનાભાઈ ગામીત વ્યારાના છે અને પ્રશ્ન કચ્છનો પૂછે છે. એ જ રીતે પ્રશ્ન ક્રમાંક ૧૫ એ બાવકુભાઈ ઉંઘાડનો પ્રશ્ન છે એ અમરેલીના છે અને પ્રશ્ન વડોદરાનો પૂછે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, આપ સીધા મુદ્દા પર આવો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન પર જ આવું છું કે મારે ખાલી આપનું માર્ગદર્શન જોઈએ છે કે માનનીય સભ્યશ્રીનો વિસ્તાર બીજો હોય અને પ્રશ્ન કચ્છનો પૂછે એનો વાંધો નથી, પરંતુ જે તે જિલ્લાના કે જિલ્લાની બાજુના સભ્યશ્રી એવો પ્રશ્ન પૂછે તો એમાં વિવેક જળવાય.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન પૂછવાનો દરેક સભ્યશ્રીને અધિકાર છે, પરંતુ એમાં વિવેક એટલો હોવો જોઈએ કે પોતાના જિલ્લાને અગ્રીમતા આપવી જોઈએ.

**વેબ સાઈટ અધારિત ઉલ્લેખ ટાંકવા અંગે**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો એ છે કે આપણા માનનીય પૂર્વ અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયોમાં અગાઉ જયારે. વેબસાઈટો નહોતી ત્યારે નિર્ણય થઈ ચૂકેલ છે કે અખબાર આધારિત અને મેગેઝીન આધારિત વાતો ટાંકીને અહીં વાત થઈ શકતી નથી. આજે એક ડગલું આગળ સમાજ વધ્યો છે, આજે નેટ વેબ સાઈટ અવેલેબલ છે. માનનીય મંત્રીશ્રી ગવર્નમેન્ટની કોઈ ઓફિશિયલ વેબસાઈટ ટાંકે તો સમજી શકાય અને જો એ પ્રથા શરૂ કરવી હોય તો મને વાંધો નથી. જીનોસાઈટ ગુજરાતના નામે. ગુગલમાં સર્ચ કરીશું તો માનનીય મુખ્યમંત્રીશ્રીની ટીકા કરતી ૫૦ વસ્તુઓ જોવા મળશે. તો એ વેબસાઈટ ઉપર આધારિત એ ટીકા હું વાંચીને એ હું ટાંકી શકું? આ જે વેબસાઈટ એમણે ટાંકી એ ખાનગી વેબસાઈટ ટાંકીને આપણને એમણે સર્ટિફિકેટ આપ્યાં એની વાત કરી. જે કોઈ સંસ્થાનું ઠેકાણું ના હોય, જે કોઈ અધિકૃત ના હોય એના આધાર ઉપર ગુજરાત નંબર વનનું અહીં આપણે અહમં પોષણ ના કરી શકીએ. જો ગમે તે વેબસાઈટ આપણે પરમિટ કરવાના હોય કે ગમે તે ઈન્ટરનેટની વેબસાઈટ ના આધાર ઉપર ટાંકી શકાય તો મને વાંધો નથી અમે પણ બજેટની ચર્ચા દરમ્યાન કઈ કઈ વેબ સાઈટ ઉપર વાંચીને કોનું કોનું એમાં શું શું` લખાયું છે એ વાંચવાનું ચાલુ કરીશું તો આ ગૃહમાં ચર્ચાનું સ્તર કયાં જઈને ઉભું રહેશે એ આ ગૃહે નકકી કરવાનું છે. મારેતો આપશ્રી પાસેથી એટલું જ માર્ગદર્શન જોઈએ છે કે આ પ્રકારની વેબસાઈટ જે ગર્વમેન્ટની વેબસાઈટ નથી, જેની ઓથેન્ટિસીટી નથી એવી વેબ સાઈટ અથવા તો અને ગમે તેણે ગમે તે વેબસાઈટ ઉપર મૂકેલ છે એ આપણે ચલાવવું છે અને ના ચલાવવું હોય તો વેબસાઈટ આધારિત જે અવલોકનો છે, કારણ કે મેં પણ મારી વેબસાઈટ ક્રિએટ કરેલી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ એમની વેબસાઈટ ક્રિએટ કરેલ છે. હું મારી વેબસાઈટ ઉપર કાંઈપણ મૂકી શકું અને જે ઓથેન્ટિક નથી.એવી પુષ્કળ વેબસાઈટ છે અને એની ઉપર કોઈ એવી પ્રશંસા લે કે હું પહેલા નંબરે છું. હું કોઈની ટીકા વાંચીશ તો સ્તર નીચું જતું જ જવાનું છે. માટે વેબસાઈટ આધારિત આ પ્રકારનો ઉલ્લેખ અહીં ન કરવા માટેના નિર્ણયની આપના તરફથી અપેક્ષા છે.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ માં જયારે આ વિધાનસભા બની ત્યારે વેબસાઈટ અંગે કોઈ કલ્પના ન હોય એટલે વિધાનસભાના નિયમોના નિયમોમાં એનનો ઉલ્લેખ કરેલ નથી.

પરંતુ આધુનિક જે સાધનો છે અને જે રીતે મોબાઈલ અને વેબ સાઈટ નવી નવી ખુલતી જાય છે એમાં કયાંક કોઈ મર્યાદા હોવી જોઈએ, એટલે આપશ્રીની અધ્યક્ષતામાં બન્ને પક્ષના મુખ્ય વ્યકિતઓ અથવા બન્ને પક્ષની એક ટીમ સાથે ચર્ચા વિચારણા કરીને ગાઈડ લાઈન નકકી કરવી જોઈએ. જેથી કરીને ઓથેન્ટીક રાજય સરકાર કે કેન્દ્ર સરકારનું ઓથેન્ટીક રેકોર્ડ રજૂ થઈ શકે એ દિશામાં આપની અધ્યક્ષતામાં માર્ગદર્શીકા તૈયાર કરવી જોઈએ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે વાત કરી તેની સાથે હું સંમંત છું. રીસર્ચ અને કોઈ પણ પ્રકારના અવતરણો આપણે જે રીતે ઓથેન્ટીસીટી સાથે ટાંકી શકીએ છીએ તે પ્રમાણે અત્યારે સાયબર મીડીયા એ અગત્યનું મીડીયા છે. ભારત સરકાર પણ પોતની વેબ સાઈટ મેન્ટેન કરે છે. હવે વેબ સાઈટને ઓથેન્ટીક ગણવી કે ન ગણવી તેના માટેના ધારા ધોરણો હોઈ શકે તે બાબતમાં હું માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી સાથે સંમંત છું કે તેના ઉપર નિયમનો હોવા જોઈએ. અને કયા પ્રકારની હોવી જોઈએ અને કઈ વેબ સાઈટને સ્ટાન્ડર્ડાઈઝેશન પ્રમાણે ઓથેન્ટીક ગણવી કે ન ગણવી એ આ ગૃહ નકકી કરે. પણ વેબ સાઈટને પુર્ણત: બહાર મુકવી એ આજના જમાનામાં સુસંગત નહીં ગણાય.

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષોની વાત સાંભળ્યા પછી વિધાનસભાના નિયમો જોઈ અને આ અંગે વિચારણા કર્યા બાદ હું મારું રૂલિંગ આપીશ.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસીસ લીમીટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત મેરીટાઈમ બોર્ડના વાર્ષિક હિસાબો અને વહીવટી અહેવાલ**

**શ્રી જયનારાયણ વ્યાસ ( બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક હિસાબો અને વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ ( શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૦૪-૨૦૦૫ થી સન ૨૦૦૮-૨૦૦૯ના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલો અને સરકારી હુકમો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

## બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચનાઓ

**શ્રી વજુભાઈ વાળા ( બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહાર વિભાગની નીચે મુજબની અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(અ) સન ૧૯૮૮ના ગુજરાત મોટર વાહન અધિનિયમ અન્વયેની તા. ૨૭-૮-૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક :-પીટી-૨૦૧૦-૪૯-એમવીડી- ૧૦૨૦૧૦-૨૧૦-ખ

(બ) સન ૧૯૫૮ની મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ અન્વયેની

(૧૯) તા. ૨૪-૨-૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક :-પીટી-૨૦૧૦-૮-એમટીએ - ૧૧૨૦૧૦-૧૬૫-ખ

(૨) તા. ૨૭-૪-૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક :-પીટી-૨૦૧૦-૨૨- એમવીડી - ૨૦૧૦-૨-ખ

(૨૦) તા. ૨૯-૪-૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક :-પીટી-૨૦૧૦-૨૪- એમટીએ- ૧૨૨૦૦૯-૨૬૨૬-ખ

**(૨૧)** તા. ૨૦-૫-૨૦૧૦ ની અધિસૂચના ક્રમાંક :-પીટી-૨૦૧૦-૪૦- એમવીડી- ૧૦૨૦૧૦-૩૫૬-ખ

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## કૃષિ અને સહકાર વિભાગની અધિસૂચના

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ ( રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ અને સહકાર વિભાગની સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેની તા. ૬-૧૦-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક:- જીએચકેએચ-૭૦-૨૦૧૦- સીડીઈ-૧૦- ૨૦૦૭-૨૦૯૨-ક (પાર્ટ-૧) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## શિક્ષણ વિભાગની અધિસૂચનાઓ

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સન ૨૦૦૭ના ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ અન્વયેની નીચે મુજબની અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૨૨) તા. ૧૯-૪-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-જીએચએન-૭ -પીવીએસ-૧૦૨૦૧૦-૮૨૩ - એસ

(૨) તા. ૨૦-૪-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૮-૨૦૧૦- પીવીએસ-૧૦૨૦૦૮-૬૩૧ - એસ

(૨૩) તા. ૨૦-૪-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૯- ૨૦૧૦- પીવીએસ-૧૦૨૦૦૮-૬૩૨ - એસ

(૨૪) તા. ૭-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૧૪- ૨૦૧૦- એમબીએ-૧૦૨૦૧૦-૧૨૦૯ - એસ

(૫) તા. ૭-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૧૫- ૨૦૧૦- એમસીએ-૧૦૨૦૧૦-૧૨૦૯ - એસ

(૨૫) તા. ૧૯-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૧૮-૨૦૧૦- પીવીએસ- ૧૦૨૦૦૯-૩૮૯૩ - એસ

(૨૬) તા. ૧૧-૧-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૦૧- ૨૦૧૦- એમબીએ-૧૦૨૦૦૮-૬૩૩ - એસ

(૨૭) તા. ૧૨-૭-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૨૧ -પીવીએસ - ૧૦૨૦૧૦-૬૩૪ - એસ

(૯) તા. ૧૭-૭-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૨૩- ૨૦૧૦- પીવીએસ -૧૦૨૦૧૦-૫૫૩ - એસ

(૨૮) તા. ૪-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૨૫-૨૦૧૦- પીવીએસ -૧૦૨૦૦૮-૧૬૪૧- એસ

(૨૯) તા. ૩૦-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૨૬-પીવીએસ- ૧૦૨૦૦૯-ઈએમ.૫૨- એસ

(૧૨) તા. ૩૦-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૨૭-પીવીએસ- ૧૦૨૦૦૯-ઈએમ.૫૨- એસ

(૩૦) તા. ૩૦-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૨૮-પીવીએસ- ૧૦૨૦૦૯-ઈએમ.૫૨- એસ

(૩૧) તા. ૩૦-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૨૯-પીવીએસ- ૧૦૨૦૦૯-ઈએમ.૫૨- એસ

(૧૫) તા. ૩૦-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૩૦-પીવીએસ- ૧૦૨૦૦૯-ઈએમ.૫૨- એસ

(૩૨) તા. ૩૦-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૩૧-પીવીએસ- ૧૦૨૦૦૯-ઈએમ.૫૨- એસ

(૩૩) તા. ૩૦-૮-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૩૨-પીવીએસ- ૧૦૨૦૦૯-ઈએમ.૫૨- એસ

(૩૪) તા. ૧૩-૯-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૩૩- ૨૦૧૦- પીવીએસ-૧૦૨૦૦૮-૧૨૫૧- એસ

(૩૫) તા. ૧-૧૦-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૩૪-પીવીએસ- ૧૦૨૦૧૦-ઈએમ.૫૨- એસ

(૨૦) તા. ૧-૧૦-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૩૫-પીવીએસ- ૧૦૨૦૧૦-ઈએમ.૫૨- એસ

(૨૧) તા. ૧-૧૦-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક- જીએચ-એસએચ-૩૬-પીવીએસ- ૧૦૨૦૧૦-ઈએમ.૫૨- એસ

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે શ્રી રજનીકાંતભાઈ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને શ્રીમતી વિભાવરીબેન દવેએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

મારા સાથી મિત્રોને સ્પષ્ટતા કરી દઉં કે આજે રૅકૉર્ડ સિવાયની એક પણ બાબત પર મારે બોલવું નથી. અગાઉ માનનીય મંત્રીશ્રીએ રૅકૉર્ડની માગણી કરી હતી એ રૅકૉર્ડ પણ મેં માનનીય અધ્યક્ષશ્રીને સુપરત કરી દીધો છે. એટલે આપ જે કંઈ ઇસ્યુ ઊભા કરશો એ બધાનો રેકર્ડ મારી પાસે ઉપલબ્ધ છે.

રાજયપાલશ્રીના પ્રવચનમાં જે આભાર પ્રસ્તાવ છે એમાં મારા નેતા બે દિવસ પહેલા પ્રવચન કરતા હતા અને ખૂબ નારાજ થયા હતા, નારાજ એમણે નહિ થવું જોઈએ, નારાજ થયા હતા કે મહાત્મા ગાંધી અને આજે જે સરખામણી થઈ રહી છે એ મહાત્માની, એક મહાત્મા કયાં હતા અને બીજા મહાત્મા કયાં છે એની વાત થઈ રહી હતી. ત્યારે મને મળ્યા હોત તો હું ના પાડત કે આવું પ્રવચન નહિ કરવું જોઈએ, રીકવેસ્ટ કરી હોત. શું કરવા કે આઇનસ્ટાઇને એમ કહ્યું હતું કે, જે જગતનો શ્રેષ્ટ વૈજ્ઞાનિક થયો એણે કહ્યું કે એક વખત દુનિયા માનશે નહિ કે આ હાડ માસનો બનેલો માનવી આ પૃથ્વી પર ફરતો હતો એ પ્રકારની અદ્‌ભુત હસ્તી આ મહાત્મા ગાંધી હતી. પેલા સરદાર સાહેબની સાથે પોતે સરખામણી કરે, છોટે સરદાર છે એમ કહે, પછી મહાત્મા ગાંધી સાથે કહે, પરંતુ માનનીય શકિતસિંહભાઈ એ વખતે ભૂલી ગયા હતા. ગઈ વિધાનસભાની અંદર અમારા મિત્ર આત્મારામભાઈએ કહ્યું હતું કે આ તો મોદી ભગવાન છે. મેં કહ્યું કે આ વખતે કેમ એવો ઉલ્લેખ ન આવ્યો ત્યારે મને એક સંતે કહ્યું કે ભગવાનથી ઉંચુ તો આ દુનિયાની અંદર સૃષ્ટિનો સર્જક છે એનાથી ઉંચુ તો કોઈ નથી. એટલે કદાચ હવે સરખામણી કરવા માટે બાકી ન રહી એટલે માનનીય શકિતસિંહભાઈ આ ન કર્યુ હોત તો ચાલત.પરંતુ હું વાત એ કરતો હતો કે મહાત્મા ગાંધી છે એના કેન્દ્રમાં તો હંમેશા દરિદ્ર નારાયણ રહ્યા છે, છેવાડાનો માનવી રહ્યો છે. અને એણે હંમેશા એ પસંદ કર્યુ છે કે છેવાડાના માનવીને નજરમાં રાખીને રાજયે પક્ષે એની નીતિ ઘડવી જોઈએ. આ સરકારની જે નીતિ છે એમાં ગરીબ માણસ છે એ એના પરિઘની બહાર છે અને કેન્દ્રમાં માત્રને માત્ર મૂડીપતિઓ છે. વિચારો કેવા છે એનું માત્ર એક અવતરણ વાંચવા માગુ છું. મારી પાસે માનનીય મુખ્યમંત્રીશ્રીએ લખેલી બૂક કર્મયોગ ૨૦૦૭માં પ્રકાશિત થઈ, માહિતી ખાતે એ પ્રસિદ્ધ કરી અને એનો ખર્ચ ગુજરાત સ્ટેટ પૅટ્રોલિયમ કોરપોરેશને આપ્યો છે. એનો એક પેરેગ્રાફ વાચું છું વધારે નથી વાચતો. આધ્યાત્મિકતાના જાતજાતના અને ભાતભાતના અર્થો થતા હશે જે માણસ સ્મશાનમાં કામ કરતો હોય તેની આધ્યાત્મિકતા એ તેનું રોજનું કામ મૃત્તદેહ આવે એને સળગાવે, જે શૌચાલયમાં કામ કરે છે એની આધ્યાત્મિકતા કઈ તો કયારેય પહેલા વાલ્મિક સમાજનો માણસ જે મેલુ હટાવે છે જે ગંદકી દૂર કરે છે એની આધ્યાત્મિકતાનો અનુભવ કર્યો છે?

તેણે માત્ર પેટ ભરવા માટે આ કામ કરવાનું સ્વીકાર્યું હોત તો હું નથી માનતો કે તેણે લાંબા સમય સુધી આ કામ કર્યું હોત, પેઢી દર પેઢી સુધી તો ન જ કર્યું હોત પણ કોઈ એક જમાનામાં કોઈને સંસ્કાર થયા હશે કે સંપૂર્ણ સમાજની અને દેવતાની સુખાકારીની જવાબદારી મારી છે. એની સુખાકારી માટે આ કામ પરમાત્મા રૂપે અમારે કરવાનું છે અને પરિણામે સદીઓ સુધી સમાજને સ્વચ્છ્ રાખવા માટેની તેની ભીતરની આઘ્યાત્મિકતા હશે જેનો વારસો નિરંતર પહોંચ્યો હશે. આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બુક લખી છે કર્મયોગીની તાલીમ માટે. એક તરફ મેલું ઉપાડવાની પ્રથા એ ગુનો ગણાતો હોય, અહીંયા માનનીય મુખ્યમંત્રીશ્રી લખે છે કે આ તો એક પ્રકારની આઘ્યાત્મિકતા છે અને પેઢીઓથી ચાલતી આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, તેનાથી આગળ જઈને કહું છું કે ભીતરમાં આ પ્રકારના વિચારો પડેલા હોય તેની અંદર દરિદ્રનારાયણ હોય ખરો? ન હોય અને એટલા માટે હું થોડાક આંકડાઓ આપવા માગું છું. અહીં આપણાં રાજયની અંદર આદિવાસી કલ્યાણની વાત ખૂબ થાય અને એ પણ મહાત્મા ગાંધીની જે વિચારધારા હતી એમાં એ કેન્દ્રમાં હતી અને મહાત્મા ગાંધીએ તો કહ્યું હતું કે આ મેલું ઉપડાવીએ કે ટોયલેટ સાફ કરીએ તેના જેવું આ પૃથ્વી ઉપરનું કોઈ પાપ નથી અને આપણે તેને આપણે આઘ્યાત્મિકતા કહીએ છીએ. કેન્દ્ર સરકારે કાયદો બનાવ્યો, રાઈટ ટુ ફૉરૅસ્ટ બિલનો. જંગલમાં જે જમીન ખેડે છે તેનો કાયદો કરવાની. તેની સ્થિતિ શું છે તે હું કહેવા માગું છું. બીજે ક્યાંયથી નહીં, પહેલી તારીખના ૧૦૫ નંબરના પ્રશ્નમાં મને જ જવાબ આપેલો છે. સાબરકાંઠામાં અરજીઓ કેટલી આવી, જંગલની જમીનના અધિકાર માટેની? તો ૧૯,૬૨૫. તેમાંથી મંજૂર કેટલી કરી? તો ૧૯,૬૨૫માંથી ૩,૯૧૪ અરજીઓ મંજૂર કરી. દાહોદમાં ૨૦,૯૫૯ અરજીઓ આવી, આદિવાસીઓની જમીન પોતાના નામે કરવા માટેની અને ૩,૦૭૧ અરજીઓ મંજૂર કરી. પંચમહાલ જિલ્લામાં ૨૩,૭૨૧ અરજીઓ આવી અને તેમાંથી એક પણ અરજી મંજૂર ન કરી. કોને જમીનો મળી? કાયદો કોના માટે બનાવ્યો? આદિવાસીઓને જમીન આપવા માટેનો અને મળી કોને? એસ્સારને મળી. માનનીય અધ્યક્ષશ્રી, એસ્સારની જમીન રેગ્યુલરાઈઝ કરવાની વાત થાય અને આ અરજીઓનો અધિકાર રાજય સરકારને આપ્યો છતાં એક પણ અરજી પંચમહાલ જિલ્લામાં મંજૂર ન કરી. બીજી જગ્યાએ ૫ ટકા અરજીઓ મંજૂર કરી. તેનાથી આગળ જઈએ. ગાંધીનગરમાં મહાત્મા ગાંધીના નામે મંદિર બનાવ્યું, તેમાં કેટલાય લોકો નાનકડું ઝૂંપડું વાળીને રહેતા હતા તેને તગેડી મૂક્યા પણ કોને જમીનો અપાઈ ગાંધીનગરમાં? મને આ મહિનાની ત્રીજી તારીખે જવાબ અપાયો છે. આઈ.ટી. સેઝ માટેનો. રાહેજાને કેટલા રૂપિયામાં જમીન અપાઈ? ૩,૭૬,૫૬૧ મીટર જમીન ૪૭૦ રૂપિયામાં અપાઈ. ડી.એલ.એફ. કંપનીને ૧,૦૧,૨૦૦ ચોરસ મીટર જમીન ૫,૦૦૦ રુપિયામાં અપાઈ. ટાટા કન્સલ્ટન્સી લિમિટેડને ૧,૦૩,૧૯૪ ચોરસ મીટર ૧૧૦૦ રૂપિયામાં અપાઈ. આઈ.સી.આઈ.સી.આઈ. બેંકને ૭૧,૨૬૪ મીટર જમીન ૧૧૦૦ રૂપિયામાં અપાઈ અને રાજુ રામલીંગમ્‌ની કંપની સત્યમ્ કૉમ્પ્યુટર્સને

૧,૦૫,૨૨૨ મીટર જમીન ૧૧૦૦ રૂપિયામાં અપાઈ અને તેમ કહે છે કે આ બધી આઈ.ટી. એસ.ઈ.ઝેડ માટે અપાઈ છે. પછી જવાબ શું આપે છે, મેં કહ્યું કે આમાંથી એકેય થયું ખરું? તો કહે કે એક પણ એસ.ઈ.ઝેડ. શરૂ થયો નથી.
મેં કહ્યું કે પાછી લઈ લીધી ખરી? તો કહે કે કાર્યવાહી ચાલુ છે. આ મહાત્મા મંદિરની અંદર પેલા રહેતા હતા એના માટે તો કોઈ કાર્યવાહીની જરૂર ન પડી, બુલ ડોઝર પહોંચી ગયું. આમાં કેમ કાર્યવાહી ચાલુ છે. રાજુ રામલિંગમ મુખ્યમંત્રીશ્રી પાસે ફોટા પડાવવા જાય એટલે એવું ખરું કે જમીન આપી દેવાની. એનાથી આગળ જોઈએ તો મારી પાસે રાજય સરકારે જે ઠરાવ બહાર પાડ્યો છે, કઈ તારીખનો છે? તા.૧-૧-૨૦૦૯નો, એનું ટાઈટ્લ શું છે? Sanction of loan to M/s.Tata Motors Ltd. for Nano car project શું નિર્ણય કર્યો એની અંદર? ટાટા છે એને રૂ.૨૨૦૦/- કરોડ મંજૂર કરીએ, રૂ.૭૦૦/- કરોડ રીલોકેટ કરવાનો ખર્ચ, કુલ રૂ.૨૯૦૦/- કરોડનો ખર્ચ. ૩૩૦ ટકા લેખે લોન આપવાની, કુલ એમાઉન્ટ કેટલી થઈ? રૂ.૯૫૭૦/- કરોડ અને એ લોન ૨૦ વર્ષ સુધી પે નહીં કરવાની, ૨૧મા વર્ષે હપ્તા શરૂ થાય અને ૨૭મા વર્ષે ભરી દેવાની. રૂ.૯૭૫૦/- કરોડની લોન ૦.૧ ટકા લેખે આપવાની અને એ પણ સાદા વ્યાજે. આ ૧થી ૨૦ વર્ષ સુધી વગર વ્યાજની લોન આપીએ એના વ્યાજનું ગુજરાતની તિજોરીને નુકસાન થવાનું છે. રૂ.૨૨૨૮૯.૭૫ કરોડનો બોજો ગુજરાતને થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને કનૅક્શન જોઈએ છે એ કનૅક્શન અપાતા નથી. પણ ટાટાને ઝીરો ડેસ્ટીનેશન એટલે કે એના દરવાજા ઉપર આપવા માટે ૨૨૦ કે.વી. અને ૬૬ કે.વી.ના સબ સ્ટેશન ઊભા કરી દેવાના કોઈ પૈસા લેવાના નથી. ૧૪૦૦૦ ક્યુબિક લિટર વોટર દરરોજ મળે તે માટે પ્લાન્ટ સુધી પાઈપલાઈન નાખી દેવાની. ફૉર લાઈન હાઈવે બનાવી દેવાનો, રેલવે લાઈન માટે જરૂરી જમીન સંપાદન કરી દેવાની. મેં તો રૂ.૨૯૦૦૦- કરોડની વાત કરી હતી. પણ સી.એ.એ કહ્યું છે કે, કૌભાંડનો આ આંકડો એના કરતાં પણ વધી જાય છે. મારા મિત્રો એમ કહે છે કે દિલ્હીમાં ઘણું થાય છે, છાપામાં આવે છે. એ વાત પણ સાચી છે અને એટલા માટે દિલ્હીના રાજા તો જેલમાં બેઠા છે. પણ અહીંના રાજા કયાં છે એની તપાસ કેમ નથી કરી? પેલાએ નીરા રાડીયાના ફોટા નહોતા પડાવ્યા, આપણા રાજાએ ફોટા પડાવ્યા હતા એની વાત કેમ નથી કરતા? ત્યાં જેપીસી માગો છો તો અહીંયાં જોઈન્ટ લેજિસ્લેટીવ કમિટિ આપો. હિંમત હોય તો એક વખત આ મુદ્દાની ચર્ચા કરાવી દો, કોઈ હિંમત નથી. હું વાત એ કરતો હતો કે, અહીંયાં જે મોદી ભગવાનની વાત કરો છો, મહાત્માના નામે વાત કરો છો. એ બાબતની ચર્ચા કરાવવાની કોઈ હિંમત છે?

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચ બે મિનિટમાં પૂરું થાય છે, આપના દંડકે સમય ફાળવ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં તો હજી શરૂઆત કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા મારા કેટલાય મિત્રો ગઈકાલે વાત કરતા હતા કે વલ્લભભાઈ પટેલનું મર્ડર થયું, મારી સરકારમાં મને દુ:ખ છે કે મારી કોંગ્રેસની સરકારના એક મંત્રી અસામાજિક તત્વોની સામે લડતા લડતા શહીદ થઈ ગયા, મારા નેતાએ શહીદ થઈ ગયા હતા, ઈન્દિરા ગાંધી શહીદ થયા હતા, રાજીવ ગાંધી શહીદ થયા હતા પણ વલ્લભભાઈ પટેલના પત્નીએ કયારેય એમ નથી કીધું કે જે તે વખતના મુખ્યમંત્રી એને મારવામાં છે. હરેન પંડયા બાબત એની પત્નીએ શું કીધું છે, આત્મખોજ કરજો કયારેક, અને (અંતરાય) જાગૃતિબેન પંડયાનો પત્ર માનનીય મુખ્યમંત્રીશ્રીને લખેલો એની નકલ મારી પાસે છે, આપ કહેતા હોવ તો ટેબલ ઉપર મૂકવાની મારી તૈયારી છે. અહીંયા વાત એ થઈ કે લઘુમતિનું કલ્યાણ અમારી સરકારે બહુ કર્યુ છે. સાચર સમિતિનો અહેવાલ સ્વીકાર્યો તમે મને બહુ આનંદ થયો, પણ મારે એટલે કહેવું છે ..સમય સૂચક ઘંટડી, સાહેબ એક જ મિનિટમાં પૂરી કરીશ મારી વાત.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થયો. માનનીય નીમાબેન.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એક જ મિનિટ

**અધ્યક્ષશ્રી**: આપનો સમય હતો એના કરતાં એક મિનિટ વધારે આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** સાહેબ હું એક મિનિટ માગું છું એ પણ એક મિનિટ મને નહીં આપો, મારા દંડક આપવા તૈયાર છે.

**અધ્યક્ષશ્રી** : પછી આપના તરફે સમય કપાશે ઈકબાલભાઈ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ભલે એક મિનિટ આપો. માનનીય અધ્યક્ષશ્રી, લઘુમતિના કલ્યાણની વાત થઈ. એ તો આજની વાત નથી, જૂની વાત છે. સવાલ એટલો જ છે કે કેન્દ્ર સરકાર જે દંગા પીડીતો માટે રકમ મોકલે રાજય સરકાર અને મુખ્યમંત્રીશ્રી એ મોકલેલી રકમ ઉપર બેસી જાય, ચૂકવે નહીં અને એન માટે થઈને હાઈકોર્ટમાં જવું પડે, કેન્દ્ર સરકાર ગુજરાતના એસ.ટી. એસ.સી. ઓબીસી માઈનોરીટી બધાના બાળકો માટે સ્કોલરશીપ મોકલે એ સ્કોલરશીપ બાકીના લોકોને ચૂકવી આપે, માઈનોરીટીના બાળકો, મુસ્લિમ હોય, બુદ્ધ હોય, પારસી હોય જૈન હોય એ બાળકોએ ગુનો કર્યો છે કે ગુજરાતમાં જન્મ્યા છે, અને એના માટે હાઈકોર્ટમાં જવું પડે અને હાઈકોર્ટ ગુજરાતના સચિવને એના માટે બોલાવે આવી સ્થિતિ કયારેય ઉભી નથી થઈ, એટલા માટે કહુ છું કે

મારા મિત્રો આત્મખોજ કરે, હિંમત હોય તો આ ટાટાની નેનોને ૩૦હજાર કરોડ કરતાં વધારે રકમની જે લહાણી કરી છે એના ઉપર જોઈન્ટ લેજીસ્લેટીવ કમિટી આપે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ પર ચર્ચા માટે ઉપસ્થિત થઈ છું. રાજયના આરોગ્યની સેવા એ સૌથી અગત્યની સેવા છે. માનવ સૂચિત આંક ઉપર લાવવા માટે રાજયની અંદર તમામ લોકોને ગુણવત્તાસભર આરોગ્યની સેવા પ્રાપ્ત થાય, સમાન સેવા પ્રાપ્ત થાય અને એ આરોગ્ય સેવાથી સામાન્યમાં સામાન્ય લોકોને પણ સંતોષ થાય એ જાતની વ્યવસ્થા રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. આપણા આરોગ્ય મંત્રીશ્રીએ , હું એમ કહીશ અત્રેથી કે ખૂબ જ ઈન્ટેલીજન્ટ, ખૂબ જ જ્ઞાન ધરાવતા ખૂબ જ વિશાળ નોલેજ છે અને ખૂબ જ કાર્યક્ષમ છે અને આરોગ્ય વિભાગને તમામ રીતે સુદ્રઢ કરવા માટે અને લોકો સુધી સેવા પહોંચાડવા માટે ખૂબ જ મહેનત કરી છે, ખૂબ સારું પરિણામ આપણે પ્રાપ્ત કર્યુ છે, રાજયના મુખ્યમંત્રી એ સંવેદનશીલ મુખ્યમંત્રી છે અને તેના હિસાબે આ સરકાર પણ અતી સંવેદનશીલ છે અને એટલા માટે જ અનેક આરોગ્યના કાર્યક્રમો આ રાજય સરકાર દ્વારા મૂકવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા જે તબીબી સેવાઓ મૂકવામાં આવી છે એમાં જેની દુનિયામાં નોંધ લેવાઈ છે એવી ચિરંજીવી યોજના બાલસખા યોજના, અને ૧૦૮ની સેવાઓ આ ત્રણ સેવાઓ દ્વારા રાજય સરકારમાં ખૂબ સારું આરોગ્યક્ષેત્રમાં પ્રદાન થયું છે. ચિરંજીવી યોજના દ્વારા જે રીતે મહિલાઓને ખૂબ સારો લાભ મળે છે. પ્રાઈવેટ ડાૅકટરો પણ આ યોજનાની અંદર જોડાઈને. ૬૩૮ જેટલા પ્રાઈવેટ ડાૅકટરો આમાં રજિસ્ટર થયા છે.

અને તે ગરીબ અને નાના દર્દીઓ સુધી ખૂબ સારી સેવાઓ સરકાર પોતાના ખર્ચે પહોંચાડે છે. આ ચિરંજીવી યોજના દ્વારા અને બાળ સખા યોજના દ્વારા મુખ્ય આશય આપણો બાળ મૃત્યુ દર ઘટાડવાનો અને માતા મૃત્યુ દર ઘટાડવાનો છે. એમાં ખૂબ જ સારા પરિણામો આપણને પ્રાપ્ય થયા છે. આજે એનો દર આપણે ૫૦ થી નીચે આપણે લાવ્યા છીએ. બાળ મૃત્યુ દરનો રેશિયો જે .૭ હતો તે ઘટાડીને ૧.૩ સુધી લાવવામાં આપણે સક્ષમ બન્યા છીએ. બાળ સખા યોજના પણ એટલી જ અગત્યની છે. Healthy mother in possession of healthy child એ અંતર્ગત ચિરંજીવી યોજના અને બાળ સખા યોજના મૂકી. આ યોજનામાં બાળકનો જન્મ છે એમાં મોટાભાગના મૃત્યું પહેલા આઠ દિવસમાં થતા હોય છે અને દોઢ મહિના સુધી કેર લેવી પડતી હોય છે. બાળકોની કેર માટે પિડિયાટ્રીક્સ ડાૅકટરો ઉપલબ્ધ નથી ત્યારે પ્રાઈવેટ પિડિયાટ્રીક્સ ડાૅકટરોની મદદ લઈ અને આ પ્રાઈવેટ પિડિયાટ્રીક્સ ડાૅકટરોએ પણ આ બાળ સખા યોજના સ્વીકારી અને એમાં નાનામાં નાના માણસના બાળક્ને સારામાં સારી સારવાર અને સારામાં સારું નર્સિંગ હોમ મળે, પ્રાઈવેટ પિડિયાટ્રીક્સ ડાૅકટરો દ્વારા મળે એ માટેની વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. આ યોજના મૂકી છે એના કારણે મૃત્યું દર ઘટશે. તેવી જ રીતે ૧૦૮નો લાભ લોકોને મળે છે એ આજે આશીર્વાદરૂપ બન્યો છે. ૧૦૮ની સેવા દ્વારા એક કરોડથી વધારે ઇમરજન્સી કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે અને એની અંદર ખૂબ સારા પરિણામો અને ખૂબ સારી સેવા કરવામાં આવી રહી છે. જેમાં પોલીસનો પણ કોલ આવી જાય, ફાયર બ્રિગેડનો કોલ પણ આવી જાય અને ઇમરજન્સી કોલ પણ આવી જાય એ જાતની વ્યવસ્થા ૧૦૮માં કરવામાં આવી છે. ગામડાના નાનામાં નાના માણસથી લઈ દરેક માણસને આ ૧૦૮ ની સેવાનો ખૂબ સારો લાભ પ્રાપ્ત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબીબી સેવામાં બીજી યોજના એ ગ્રામ્ય આરોગ્ય મિશન યોજના છે. એમાં આશા વર્કર બહેનો દ્વારા સગર્ભા સ્ત્રીઓને શિક્ષિત કરવામાં આવે છે. એ લોકોનું પૂરેપૂરું પ્રશિક્ષણ કરવામાં આવે તેનું ધ્યાન રાખવામાં આવે છે. સારવાર અને રસીકરણ કરવામાં આવે છે અને એનાથી વિશેષ સૌથી વધારે કામગીરી થતી હોય તો કુપોષણ સામે જંગ છેડ્યો છે. રાજ્ય સરકારે જોયું કે માતૃ મરણ અને બાળ મરણ આ કુપોષણથી થતા હોય છે ત્યારે એના માટેના પૂરક પોષણ માટેની યોજના મૂકી છે અને સગર્ભા સ્ત્રીઓને પૂરતું પોષણ મળે અને બાળકોને પૂરતું પોષણ મળે એ જાતની વ્યવસ્થા અને આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. સિકલ સેલ એનિમિયા અને થેલેસિમિયા જેવા જીનેટિક ડિસિસ સામે પણ ખૂબ સારું આયોજન કરવામાં આવ્યું છે. રેડક્રોસ દ્વારા આ બન્ને માટે ઝુંબેશ ચલાવવામાં આવે છે અને એમાં રાજ્ય સરકાર પોતે ખૂબ મોટું કરોડો રૂપિયાનું યોગદાન આપે છે અને જે થેલેસિમિયાના કેસનું પરીક્ષણ પ્રાઈવેટ લેબોરેટરીમાં ૭૦૦ રૂપિયામાં થાય છે એ રેડક્રોસ દ્વારા માત્ર ૧૦૦ રૂપિયામાં કરવામાં આવે છે. તમામ જિલ્લામાં થેલેસિમિયાના ટેસ્ટ અને પરીક્ષણો કરવામાં આવે છે. આવા જીનેટિક ડિસિસ માટે પૂરેપૂરી સારવાર મળે એની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સિકલ સેલ એનિમિયાના પ્રિનેટલ પરીક્ષણ કરવા માટેની સાધન સહાય આપીને એનું પણ પરીક્ષણ કરવામાં આવે છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે ૧૦ જેટલા સિકલ સેલ એનિમિયાના કેસોને આપણે આવતા બચાવી શક્યા છીએ. એનું ગર્ભ પરીક્ષણ કરવામાં આવે છે અને સિકલ સેલ એનિમિયાનું બાળક છે એવી જાણ થાય તો એનું પરીક્ષણ કરીને આવા ૧૦ કેસો બનતા અટકાવ્યા છે. આવા જીનેટિક ડિસિસની સ્ટેમ સેલ સારવાર માટે એક સેન્ટર પણ ઊભું કરેલ છે. સુરતમાં જી.ઓ.ટી. સાથે આપણે એમ.ઓ.યુ. કર્યા છે અને સુરતમાં આવા સ્ટેમ સેલ દ્વારા જીનેટિક ડિસિસની સારવાર થાય એ પ્રકારની એક ઈન્સ્ટિટયૂટ આપણે સ્થાપી રહ્યા છીએ. ખૂબ એડવાન્સ આપણે જઈ રહ્યા છીએ. છેલ્લામાં છેલ્લી સારવાર જ નહીં પરંતુ જે રીતે દુનિયા ઝડપથી આગળ વધી રહી છે,

એ જ રીતે એ બધી જ મૅડિકલ, સાયન્સ કૉલેજ છે એનો પૂરે પૂરો લાભ આપણા રાજ્યના વિસ્તારના લોકોને મળે એ જાતની વ્યવસ્થા અને એ જાતના કાર્યક્રમો એ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. અહીંયા ઘણી બધી ચર્ચાઓ ડૉકટરો વિષેની થતી હતી. તમામ લોકો ચિંતિત છે કે તબીબી સેવાઓ માટે જે ડૉકટરની જરૂર છે તબીબી શિક્ષણ માટે ખૂબ સારા કાર્યો આપણા વિભાગે કર્યા છે. કારણ કે હૉસ્પિટલનો આત્મા એ ડૉકટર હોય છે. મૅડિકલ અને પેરામૅડિકલ સ્ટાફ પુરતા અવેલેબલ ના હોય તો ગમે એટલી યોજના બનાવીએ તો પણ લોકો સુધી પહોંચાડી શક્તા નથી. એટલા માટે તબીબી શિક્ષણમાં રાજ્ય સરકારે ઘણી બધી આગળ કાર્યવાહી કરી છે. મૅડિકલ કૉલેજ, ફીઝયોથેરાપી કૉલેજો, ફાર્મસી કૉલેજો, ડેન્ટલ કૉલેજો, નર્સિંગ કૉલેજો અને આના દ્વારા આપણે ગ્રેજ્યુએશનની અંદર સીટો વધારી છે, પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ૪૨૮ સીટો વધારી છે. એ જ પ્રમાણે નર્સિંગની અંદર પણ ૨૨૦૦ જેટલી સીટો વધારી છે, ડેન્ટલની અંદર ૧૪૭ જેટલી સીટો વધારી છે અને આ રીતે મૅડિકલ કૉલેજ, ડેન્ટલ કૉલેજ વગેરે કૉલેજો સ્થાપી અને તબીબી શિક્ષણને ખૂબ એડવાન્સ બનાવીને આપણાં જ રાજ્યની અંદર, આપણાં જ વિદ્યાર્થીઓને તબીબી શિક્ષણ પૂરેપૂરું પ્રાપ્ત થાય અને એને માટે બીજા રાજ્યોમાં જઈ એને પૈસા ના વેડફવા પડે એ જાતની વ્યવસ્થા કરીને ખરેખર સાચા અર્થમાં કહું તો એ બાળકોના મા-બાપને પણ ખૂબ સારો સંતોષ થયો છે. કારણ કે અહીંયા ઘેર બેઠાં આપણે સારું શિક્ષણ પ્રાપ્ત કરી શકીએ છીએ અને તબીબી શિક્ષણની અંદર જે કાંઈ ડૉકટરો માટેની વ્યવસ્થા કરવામાં આવી છે એમાં એક મારું સૂચન છે કે આપણે ડિપ્લોમા મૅડિકલ કૉલેજની વાત આપણા આરોગ્ય મંત્રીશ્રીએ કરી હતી તો મને એમ લાગે છે કે જો ડિપ્લોમા આરોગ્યનો કોર્ષ જો ત્રણ વર્ષનો કરવામાં આવે MBBS નો તો જે રીતે એન્જિનિયરીગની અંદર આપણે ડિપ્લોમાનો કોર્ષ કરીને ડિપ્લોમા એન્જિનિયરો પ્રાપ્ત કરી શક્યા છીએ એજ રીતે ડિપ્લોમાં મૅડિકલ કોર્ષ કરીએ તો ગામડે ગામડે આપણે ડૉકટરોની સુવિધા ઉપલબ્ધ કરી શકીએ તો આ એક મારું સૂચન છે. એ ઉપરાંત એટલું જ કહીશ કે રાજ્યની અંદર ચીકનગુનિયા, ડેન્ગ્યું અને મેલેરિયા સામેની જબરજસ્ત ઝુંબેશ આપણે શરૂ કરી છે અને એના ઉપર ખૂબ સારી સફળતા પ્રાપ્ત કરી છે પણ સ્વાઈન ફ્લુ જે એક ખૂબ જબરજસ્ત આપણા માટે આફત આવીને ઊભી હતી, આખી દુનિયા ઉપર સ્વાઈન ફ્લુની આફત આવી હતી ત્યારે રાજ્ય સરકારે સ્વાઈન ફ્લુ માટે જબરજસ્ત કામગીરી કરીને એને કંટ્રોલમાં લઈને જે રીતે આપણે જબરજસ્ત આફતમાંથી બહાર આવી ગયા તેના માટે હું રાજ્ય સરકારને ખેરખર ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આવા અનેક આયામો રાજ્ય સરકારે આરોગ્ય વિભાગમાં કર્યા છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવની જે ચર્ચા છે એના ઉપર મારું મંતવ્ય આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજ્યપાલશ્રીનું પ્રવચન એ આ સરકારની જે કામગીરી, સિદ્ધિઓ જે છે એના ઉપર મહોર મારતું એને મંજૂરી આપતું, અનુમોદન આપતું પ્રવચન મારે દુ:ખ સાથે કહેવું પડે કે નામદાર રાજ્યપાલશ્રીએ આ મુસદા ઉપર, આ પ્રવચન ઉપર સહી કરી હશે એની શાહી પણ નહિ સુકાય હોય એ વખતે ૨૧ મી ફેબ્રુઆરીએ મારાં કચ્છ ક્ષેત્રના રાપરની અંદર મામલતદાર કચેરી સામે જબરદાન નામના એક ખેડૂત, એક સામાજિક કાર્યકરે આત્મવિલોપન કરીને પોતાનું બલિદાન આપ્યું. આ બલિદાન કોઈ પોતાના અંગત લાભ માટે નહિ. પરંતુ એણે પોતાના બાપ-દાદાની જે જમીન હતી એની માહિતી માગી હતી અને માહિતી વર્ષો સુધી આપવામાં ના આવે અને પોતાનું બલિદાન આપીને લોકજાગૃત્તિ આવે, સરકારની નિષ્ફળતા જે છે એ છતી થાય એટલા માટે બલિદાન આપેલું હતું. ચારણનું બલિદાન ક્યારેય એળે નથી જતું ઈતિહાસ એની સાક્ષી પૂરે છે. જુનાગઢના રાજવી રા માંડલિકને એ સતિ નાગબાઈએ કીધેલું કે, " રજકણ તારા રઝળશે અને તે દિ મું સંભારીશ માંડલિક " આ જબ્બરદાનનું જે બલિદાન છે એ એની તાજી કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી આપવામાં શું વાંધો હોય? આ વાંધો એટલા માટે હતો કે, મારી પાસે સંખ્યાબંધ આ જમીન લેનાર-વેચનારના જે લિસ્ટ છે અને માનનીય અધ્યક્ષશ્રી, આની માહિતી મેં પણ કચ્છ કલેકટરશ્રીને આપેલી અને રાપરની મામલતદાર કચેરીને આપવા માટે કહેલું પણ રાપરની મામલતદાર કચેરી આના માટેની ટેવાયેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૭૩-AAની નીચે જમીનની લે-વેચ સરકારની પૂર્વ મંજૂરી વગર કરી શકાય નહીં. ૭૩-AAના અધિકારો એ કચ્છના કોળી, પારાધી અને દેવીપૂજકોને કચ્છ ક વર્ગનું રાજય હતું ત્યારે આપવામાં આવેલા અને એ પછી દ્વિભાષી રાજયમાં હતું ત્યારે પણ હતા અને આ રાજયમાં પણ છેક ૨૦૦૩ સુધી એ અધિકારો હતા. આ અધિકારો ૨૦૦૨માં N.D.A.ની સરકારે છીનવી લીધા અને ૨૦૦૩માં આ રાજય સરકારે કોળી, પારાધી અને દેવીપૂજકોના અધિકારો છીનવી લીધા અને એ પછી આ જમીનોના દસ્તાવેજો ૨૦૦૫માં થયેલા. આ જમીનોના દસ્તાવેજો જનરલ પાવરદાર તરફથી કરવામાં આવેલા અને જનરલ પાવરદાર તરફથી આ ક્યારે એને પાવર ઑફ એર્ટની આપવામાં આવેલાની એની જો તારીખ તપાસવામાં આવે તો ૭૩-AAનો ભંગ થવાની મને જે ભીતિ છે ને એ બહાર આવે. આ પાવરદારો કોણ માનનીય અધ્યક્ષશ્રી, ? જનરલ પાવરદાર જે કોળીની જમીનો છે એ કોળી આંબા ભૂરાના પાવરદાર અશ્વિનકુમાર દેવજી જાખલીયા અને એ દસ્તાવેજ કોના નામે કરે, ભાવનાબેન અશ્વિનકુમાર

જાખલીયાના નામે. બીજા જનરલ પાવરદાર પંકજ અનુપચંદ મહેતા અને એ પણ દસ્તાવેજ કોના નામે કરે, ભારતીબેન અશ્વિનકુમાર જાખલીયા. એક જનરલ પાવરદાર રાધાભાઈ નારણ અને દસ્તાવેજ કોના નામે કરે જીજ્ઞાબેન પંકજભાઈ મહેતા, આ દેશલપુર રાપર તાલુકાના ગામોની છે, આવી હજજારો એકર જમીનો ૧૯૯૯ના પછી જ્યારે ૭૩-AAના અધિકારો કોળીઓને હતા ત્યારે એમની જમીનોના જનરલ પાવર ઑફ એર્ટની ઉપરની લઈ લેવાયા અને આ જમીન શેના માટે લેવાઈ ? આમાં માનનીય નામદાર રાજયપાલશ્રીએ નર્મદાનો ઉલ્લેખ કરેલ છે અને નર્મદા કમાન્ડ એરિયાની અંદર ૫ લાખ, ૩ હજાર એ સિંચાઈની શકિત જે છે એ સ્થાપિત કરવામાં આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનાં પાણી ઝંખતા કચ્છ અને સૌરાષ્ટ્રમાં કોઈ જ પાણી આપવામાં આવેલું નથી એનો ઉલ્લેખ પણ હમણાં જ અમને મળેલી જે એપેટોમી ઑફ ટેક્સ રિપૉર્ટ ઑન ધ ગવર્નમેન્ટ ઑફ ગુજરાત ફૉર ધ ઈયર એન્ડેડ ૩૧-માર્ચ, ૨૦૦૯માં આપવામાં આવેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર આ નર્મદાની કચ્છ બ્રાંન્ચની જે એલાઈમેન્ટ હતી એ એલાઈમેન્ટ આડેસરથી પલાસવા, ગાગોદર, વાંઢિયા અને વાંધ થઈને ભચાઉ જાય પરંતુ આ એલાઈમેન્ટ આખી બદલાવી નાખવામાં આવી અને ૧૯૯૯ પછી આ એલાઈમેન્ટની અંદર રાપર તાલુકાની અંદર ૨૪ હજાર હેકટરનો નવો વિસ્તાર લેવામાં આવ્યો. મારા વિસ્તારમાં વધુ પાણી આવે એની મારાથી વધુ ખુશી કોને હોય પરંતુ જ્યારે મેં આ દસ્તાવેજો તપાસ્યા ત્યારે આ નર્મદાનું પાણી જે છે ને આ નવા ખેડૂતોને, એ ખડૂત છે કે કેમ એની પણ તપાસ કરવી જોઈએ પણ આ જમીન ધારણ કરનારાઓના એ ખેતરો અને જમીનની અંદર એ કેનોર પદ્ધતિથી આપવાની વાત થઈ. માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતથી અમે આ સન્નમાનીય ગૃહની અંદર મેં રજૂઆત કરી છે કે, નર્મદાના પાણીમાંથી કચ્છને એલોટમેન્ટ ખૂબ ઓછું મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, સનત મહેતા જયારે ચેરમેન હતા ત્યારે એમણે ૦.૩ માંથી ૦.૬નું પાણી કરેલું એટલે ૫૫ હજાર હેકટર સામે બીજું ૫૫ હજાર હેકટર પાણી અમને મળે તો અમે છેક નારાયણ સરોવર સુધી અમે આ કેનાલને લંબાવી શકીએ.

એવી ક્ષમતા ધરાવતા આ કચ્છની અંદર અને અજીતકુમાર જૈનના વોટર કમિશને પણ કહ્યું કે આ દુષ્કાળગ્રસ્ત વિસ્તારની અંદર પાણી આપવું જોઈએ પરંતુ સ્થાપિત હિતો આ જમીનના નવા ધારણકારોએ આ નવી કચ્છ બ્રાન્ચની એરેન્જમેન્ટ કરાવી અને મુળ કેનાલ જે છે એ બ્રાન્ચ કેનાલ થઈ ગઈ. આ પરિસ્થિતિની અંદર જબ્બરદાને જે માહિતી માગી હતી એ માહિતી જબ્બરદાનને ન આપવા માટેનું જડ તંત્ર જે છે એ જવાબદાર છે અને મેં કહ્યું છે તે પ્રમાણે જબ્બરદાનના જેવા બલિદાનો એળે ન જાય એના માટેની પણ આપણે સૌએ ચિંતા કરવી જોઈએ. પૂરી તપાસ થવી જોઈએ. એના કારણો શોધાવા જોઈએ કે આના માટે કોણ જવાબદાર છે? એ વાત માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર કહેવા માગું છું. અહીં મેરી ટાઈમ બોર્ડ માટેનું કહેવાયું. મેરી ટાઈમ બોર્ડ અને એનો ટ્રાફિક અને આપણે માત્ર નાતનાતનું જમે અને કોઈના હવાલે પાણી જેવું થાય. આટલો મોટો દરિયાકિનારો હોય. ગુજરાતનો દરિયાકિનારો ૧૬૦૦ કિલોમીટર લાંબો છે એટલા માટે કહું કે મેરી ટાઈમ બોર્ડમાં ખાનગીકરણ જે થયું છે બંદરોનું એને કારણે રાજયની તિજોરીને જબ્બર નુકસાન થઈ રહ્યું છે. આપણે એમ કહીએ કે ૨૭કરોડ ટનનો ટ્રાફિક ગુજરાતમાં છે એમાં મેજર પોર્ટનો કંડલાનો ટ્રાફિક બાદ કરીએ તો પણ એનો જે બારેક ટનનો ટ્રાફિક જે છે એ આપણા બંદરો ઉપરનો છે. એમાં મુખ્યત્વે જામનગરની જે રીફાઈનરી છે એને કારણે પેટ્રોલિયમ પેદાશોની જે આવક છે એને કારણે આપણને જે વાર્ફેજ ચાર્જીસના જે પૈસા મળવા જોઈએ એનો હિસાબ જો તમે કરો અને એમાંથી ડેપ્રીશીએશન બાદ કરવાની જે કલમ કાઢી નાખવામાં આવેલી છે કે ડેપ્રીશીએશન લેવાનું નથી. અગાઉ સી.એ.જી.ના રિપોર્ટમાં ડેપ્રીશીએશનના ૧૨૦૦કરોડ રૂપિયા આપણે લેવાના હતા. એ લેવાય નહીં અને આ ખેરાત કરી દેવામાં આવે તો કોના હિસાબે અને જોખમે? આ રાજયમાં ૧૯૯૭માં છેલ્લે વિધવા બહેનના પેન્શનો નકકી કરવામાં આવ્યા પછી ૧૯૯૭ થી ૧૪ વર્ષ સુધી કોઈ મોંઘવારી નડી નથી વિધવાબહેનોને એવું અમને લાગે છે એટલા માટે મહિલા કલ્યાણની પ્રવૃત્તિમાં નામદાર રાજયપાલશ્રીએ જે રાજય સરકારની સિદ્ધિઓનું વર્ણન કર્યું છે એ સદંતર વાસ્તવિકતાથી પર છે અને આ વિધવા બહેનોને પેન્શન અપાવું જોઈએ એની કાળજી લેવી જોઈતી હતી એનો ઉલ્લેખ સુદ્ધાં નથી થયો એને કારણે આ જે પ્રવચન છે એના ઉપર અમે સંમત થઈ શકતા નથી એટલું જ નહીં ઈનામ નાબૂદી ધારા હેઠળ પરમ દિવસે માનનીય મંત્રીશ્રીએ કોઈપણ મુદ્દાને સમજવાનો પ્રયત્ન સુદ્ધાં ન કર્યો અને *(xxxx) (xxxx) આ બીલ પાસ કર્યું છે એની સામે પ્રચંડ જુવાળ કચ્છમાંથી ઊઠવાનો છે એવું આપના મારફત સરકારશ્રીને, ટ્રેઝરી બેંચના લોકોને કહેવા માગું છું. કારણકે અગાઉ પણ જયારે આ બીલ આવેલ હતું. ૧૯૫૮નું ઈનામ નાબૂદી ધારાનું બીલ અને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, આપનો સમય પૂરો થાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ વખતે પણ એનો ઘોર પ્રતિભાવ આપવાનો છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈઘાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) (xxxx) આવું કર્યું છે એવો ઉલ્લેખ ન થાય. આવું અનેક વખત થયું છે. લોકશાહીમાં તો બહુમતીએ થતું હોય છે એટલે એમનો સુર જુદા પ્રકારનો હોય તેથી એ શબ્દ રદ કરવા જોઈએ. એને (xxxx) થાય એટલે (xxxx) એ જુદી ટાઈપનો ભાવાર્થ કાઢે છે.

**અધ્યક્ષશ્રી** : અસંસદીય હશે તો રેકોર્ડ ઉપરથી દૂર કરીશું. માનનીય અનિલભાઈ..

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીએ એમની સરકારના રિપોર્ટકાર્ડ તરીકે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એ અસંસદીય શબ્દ નથી.

**અધ્યક્ષશ્રી** : રેકોર્ડ જોઈને જ પછી દૂર કરીશ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ જે પ્રવચન કર્યું છે એના માટેનો આભાર પ્રસ્તાવ લઈને આ ગૃહના માનનીય સભ્યશ્રી રજનીભાઈ પટેલ જે પ્રસ્તાવ લાવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા હું ઉપસ્થિત થયો છું. કોઈપણ રાજયની સરકારની જે પ્રાથમિક જવાબદારી છે એ પ્રાથમિક જવાબદારી આંતરિક સલામતી અને જીવનધોરણમાં સતત વિકાસ અને વધારો. આંતરિક સલામતીના ક્ષેત્રે રાજય સરકારનો ટ્રેક રેકોર્ડ ખૂબ સ્પષ્ટ છે. જીવનધોરણનો કવોલીટી ઓફ લાઈફના ઈમ્પ્રુવમેન્ટ માટેનો જે અભિગમ છે.

જે અભિગમ છે તે ત્યારે જ શકય બને કે જ્યારે રાજ્યમાં સંપત્તિના સર્જન માટેની તકો છે એ રાજ્યના નાગરિકોને પૂરતા પ્રમાણમાં મળી રહે અને એ સંપત્તિના સર્જન માટેની તકો એ કૃષિ ક્ષેત્રના વિકાસ અને ઔદ્યોગિક વિકાસ મારફતે જ એ શક્ય બનતી હોય છે, ત્યારે આ રાજ્ય સરકારનો ટ્રેક રેકર્ડ છે, તેમાં ઔદ્યોગિક ક્ષેત્રે જે અપ્રિતમ વિકાસ આ સરકારની અંદર છેલ્લાં વર્ષમાં થયો છે, તેના આપણે આંકડા જોઈએ તો ૧૧મી પંચવર્ષીય યોજનામાં જે ૧,૧૧,૦૦૦ કરોડ રૂપિયાના આર્થિક વિકાસ માટેનું જે બજેટ હતું, તેમાં વધારો કરીને ૧,૨૭,૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ એ થઈ શક્યું છે અને ૧૨મી પંચવર્ષીય યોજના એનાથી બમણી રકમની બને એવા પ્રકારનો ચિતાર ઊભો થયો છે. એની પાછળનું કારણ એ રાજ્યના નાગરિકોની જે ખરીદ શક્તિ, પરચેસિંગ પાવર એમાં વધારો થયેલ છે અને એ ખરીદ શક્તિમાં વધારો થવાનું મુખ્ય કારણ રાજ્યમાં જે રોજગારીનું સર્જન થયું છે, તેને લઈને આ ખરીદ શકિતમાં વધારો થયો છે. રોજગારીનું સર્જન કરવા માટે શ્રમ અને મૂડી એમાં મૂડી એટલે કે મૂડીરોકાણ. આપણે છેલ્લા પાંચ વાઈબ્રન્ટ ગુજરાત જે ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯ માં આ સરકારે જે વાઈબ્રન્ટ ગુજરાતના ઈનિશિયેટિવ લીધા એને લઈને આ રાજયમાં લાખો કરોડો રૂપિયાનું મૂડીરોકાણ આવવાનું શક્ય બન્યું છે. આ કામગીરી એ કોઈ રાતોરાત થઈ શકે તેવી કામગીરી હોતી નથી. ભૂતકાળમાં જ્યારે ઉદ્યોગોને આકર્ષવા માટે ભૂતકાળની સરકારોએ રોકડ સબસિડી, સેલ્સટેકસની વ્યાજ મુક્ત લોન, ડિફરમેન્ટ આ પ્રકારની યોજનાઓ કરીને રાજયમાં ઉદ્યોગો લાવવા માટેના પ્રયત્ન ઊભા કરેલ. આ સરકારે કોઈપણ રોકડ સહાય આપ્યા વગર સેલ્સટેકસની સહાય આપ્યા સિવાય આ સરકારે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સુંદર એનેબલિંગ એન્વાયરમેન્ટ ઉદ્યોગોને ગુજરાતમાં આવવા માટેનું એક સુંદર વાતાવરણ ઊભું કરવા માટેનો પ્રયત્ન કર્યો છે. એને લઈને આ મૂડીરોકાણ આ રાજ્યમાં શકય બન્યું છે, એના માટેની જે ઉદ્યોગોની જરૂરિયાત હોય છે તે સુયોગ્ય જમીન, ઉદ્યોગોને જરૂરિયાત હોય છે વીજળીની. આ રાજ્યમાં અનઈન્ટરપ્ટેડ પાવર સપ્લાય આખા દેશમાં કોઈપણ રાજયમાં ન હોય તેટલું સુંદર રીતે અનઈન્ટરપ્ટેડ પાવર સપ્લાય આ રાજ્યમાં ઉપલબ્ધ છે. ઉદ્યોગો માટે જે વીજળીની જરૂરિયાત છે તે માટે આજે પોત પોતાની પાસે જે આયોજન છે, એમાં સરપ્લસ વીજળી સુધીનું આયોજન કર્યુ છે અને આવતા સમયમાં આયોજન છે, તે પ્રમાણે ઉત્પાદનના ક્ષેત્રમાં પણ સરપ્લસ વીજળી ઉત્પાદનના ક્ષેત્રમાં પહોંચી જવાના છીએ. ઉદ્યોગોની જરૂરિયાત છે, સારા રસ્તાની, સારી કનેક્ટિવિટીની. એ રસ્તાના આ ગુજરાતમાં ચોમેર દર્શન થઈ રહ્યા છે. ઉદ્યોગોને જરૂરિયાત હોય છે માલના વહન માટે બંદરોની, પૉર્ટની. એ પૉર્ટના ડેવલપમેન્ટ માટે જે ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો છે એના વિકાસ માટે પણ રાજય સરકારે જે આયોજન કર્યુ છે, એનું પ્રતિબિંબ આ ઉદ્યોગ મૂડીરોકાણ દ્વારા થયું છે. આખા દેશમાં જેટલા બંદરો મારફત માલનું વહન થાય છે, તેના ૨૫ ટકા જેટલું માલનું વહન માત્ર ગુજરાતના બંદરેથી થાય છે અને જે નાના બંદરો છે, એના મારફત ૭૦ ટકા આખા દેશનું માલનું વહન એ રાજ્યના નાના બંદરો મારફત થાય છે. બંદરોને હાઈવે સુધી જોડવા માટેનું કામ અને બંદરો સુધી માલ પહોંચાડવા માટેનું કામ એ એની વ્યવસ્થા પણ આ રાજ્ય સરકારે એના આયોજનમાં કરેલ છે. ઉદ્યોગોને જરૂરિયાત પાણી છે, એના માટે નર્મદા દ્વારા ઉદ્યોગોને પાણી આપવા માટેનું આયોજન કરીને આજે ઉદ્યોગોને પણ પાણી પૂરતું મળી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોને જરૂરિયાત હોય છે એનર્જી તરીકે ગેસની. આજે આખા દેશમાં એકમાત્ર ગુજરાત એવું રાજય છે કે જેની અંદર ગેસ ગ્રીડ સિસ્ટમ ૨૨૦૦ કિલોમીટરની તૈયાર કરવામાં આવી છે અને તેમાં ૧૭૦૦ કિલોમીટરની ગેસગ્રીડ યોજના પૂર્ણ થઈ ચૂકી છે અને ૧૮ જિલ્લાઓને જોડતું આ નૅટવર્ક છે. કેટલાય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોને ગેસના જોડાણો મળી શકે તે પ્રકારનું આયોજન આ સરકારના આયોજન દ્વારા

ઉપલબ્ધ થયેલ છે. ઉદ્યોગોને જરૂરિયાત હોય છે સ્કીલ્ડ વર્ક ફોર્સની. એટલા માટે ટૅક્નીકલ મેન પાવર અને આ માટે ટૅક્નીકલ એજયુકેશનના ક્ષેત્રમાં પણ છેલ્લા પાંચ વર્ષની અંદર બેઠકોમાં વધારો કરીને આ કામગીરી થઈ છે તેના કારણે ઉદ્યોગોને જરૂરી એવો મેનપાવર પણ આજે શકય બન્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડો.રનું જ્યારે ભારત અને જાપાનના સહયોગથી કામ થઈ રહ્યું છે તેમાં ૩૮ થી ૪૦ ટકા જેટલો કોરીડોર ગુજરાતમાંથી પસાર થાય છે તેના વિકાસ માટેનું આયોજન આ સરકારે ડી.એમ.આઈ.સી. કોર્પોરેશન દ્વારા કરવાનું નકકી કર્યુ છે. તેના માટે જરૂરી સ્પેશ્યલ ઈકોનોમી ઝોન, સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન આખા દેશમાં ગુજરાત એકમાત્ર એવું રાજય છે કે જેને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ પસાર કરી, કાયદો પસાર કરીને આજે ઉત્તર ગુજરાતમાં સાંતલપુર જેવા પછાત વિસ્તારમાં, મધ્ય ગુજરાતમાં ધોલેરા જેવા વિસ્તારમાં, દક્ષિણ ગુજરાતમાં દહેજની આજુબાજુ આ બધા જ વિસ્તારોની અંદર મોટા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન દ્વારા ઔદ્યોગિક વિકાસ દ્વારા આ રાજયની ગરીબ પ્રજાની જરૂરિયાત એવી કમાણી અને રોજગારીનું સાધન ઉભા કરવા માટે આ ઔદ્યોગિક રીજયન ઉભા કરવામાં આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, લઘુ ઉદ્યોગ ક્ષેત્રે આ સરકારનો ટ્રેક રેકર્ડ પ્રસંશનીય રહ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ સમીટ થઈ તેમાં સૌથી વધુ મૂડી રોકાણ માટેના જે એમ.ઓ.યુ. થયા છે તેમાં આ ક્ષેત્રની અંદર પણ થયા છે. આ સરકારે કલાઈમેટ ચેઈન્જ, સોલાર પાવર અને ગ્રીન એનર્જી માટેનો અભિગમ જે નવો ઈનીસીએટીવ લીધો છે અને આ વિભાગ માત્ર શરૂ કર્યો છે એટલું જ નહીં પણ સોલાર પાર્ક ઉત્તર ગુજરાતની રણવાળી જમીનની અંદર ૫૦૦ મે.વો. જેટલું વીજ ઉત્પાદન સોલારના માધ્યમ મારફતે થાય અને સન એનર્જીનો ઉપયોગ તે રાજયના હિત માટે થઈ શકે તેનું આયોજન આ રાજય સરકારે કર્યુ છે ત્યારે એટલું જ કહેવાનું છે કે જે પ્રકારનું આયોજન થઈને અને અહીંયો માનનીય સભ્યશ્રી દ્વારા નેનો મોટર્સ માટેની વાત કરવામાં આવી તેમાં મારે એ કહેવું છે કે ભૂતકાળની સરકારોએ જ્યારે ઉદ્યોગો સ્થાપવા માટે કરોડો, અબજો રૂપિયાની ડીફરમેન્ટ ઑફ સેલ્સ ટેક્સ અને ટેક્સના એકઝમ્પશનની યોજનાઓ કરીને અબજો રૂપિયાનું ઔદ્યોગિક મૂડી રોકાણ કરેલું. આ નેનો મોટર્સની અંદર જે મૂડી રોકાણ અને ઉદ્યોગ આવ્યો છે તેના કારણે આખા રાજયની અંદર ઉદ્યોગ ક્ષેત્રે, ઑટોમોબાઇલ ઉદ્યોગના ક્ષેત્રે વાતાવરણ પલટાઈ ગયું છે અને તેને જે કંઈ રાહત માત્ર ઈન્ક્રીમેન્ટલ આવક જેને કહેવાય એટલે કે નોશલન ઈન્કમની સામેની રાહતો માત્ર છે. જો આ ઉદ્યોગ બીજા રાજયમાં થયો હોત તો તે આવક રાજયને બિલકુલ મળવાની ન હતી તેવામાં નોશનલ ઈન્કમ સામેની રાહતો માટે કહેવામાં આવે છે કે આટલા હજારો કરોડ રૂપિયાનો તેમને ખ્યાલ હોવો જોઈએ. પ્રેઝન્ટ વર્ક મેથડના આધારે અને ભવિષ્યની જે રાહતો હોય તે રાહતોને આંકડાકીય રીતે વર્ણવીને આ સભાગૃહને ભ્રામક રીતે ગેરદોવરણીની નીચે લઈ જવાનું કામ તે રાજયની સેવા નથી. આ નેનો પ્રોજેકટ આવવાના કારણે આણંદ અને વિરમગામ વચ્ચેનો જે ઈન્ડસ્ટ્રીયલ બેલ્ટ છે તેમાં સુધારો થયો છે.

**વિરામ ૧૦.૩૦ થી ૧૧.૦૦**

**વિરામ બાદ**

**સભાપતિશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષપદે**

**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલ મહોદયના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આટલા વિદુષી મહિલા એમના સ્વમુખેથી એમનું પ્રવચન સાંભળવાની તક ના મળી એનો અફસોસ રહી ગયો છે પણ એ પ્રવચન વાંચ્યું ત્યારે ગુજરાતના વિકાસની ગાથાની આખા સાગર સ્વરૂપે જેને વર્ણવી શકાય એ ગાગરમાં સમાવવાનો એમણે પ્રયત્ન કર્યો હોય એવું લાગ્યું. વંચિતોના વિકાસથી લઈ, લઘુમતીઓના કલ્યાણથી લઈ ગુજરાતને ધબકતા રાખતા ઉદ્યોગો, ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા, સ્વર્ણિમ સિદ્ધિઓની ઝલક પણ એમના પ્રવચનમાં દેખાઈ. ગુજરાતને શકિતશાળી બનાવવા, સમૃદ્ધ બનાવવા, સમૃદ્ધ - સલામત બનાવવા માટે લોક પ્રતિનિધિઓનું કર્તવ્ય એની યાદ પણ માનનીય રાજ્યપાલ મહોદયે પોતાના પ્રવચનમાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના એકાત્મક માનવવાદ દેખાયો એ સાથેસાથે સ્વામી વિવેકાનંદજીની ક્રાંતિકારી આધ્યાત્મિકતા પણ એમાં દેખાઈ. સ્વામી વિવેકાનંદજી જ્યારે શિકાગોમાં ઐતિહાસિક પ્રવચન કર્યુ એ પ્રવચનને જેટલી પ્રસિદ્ધિ મળી પણ એમને એનો આનંદ નહોતો જ્યારે રાત્રે પોતાની પથારીમાં જઈને સૂતા ત્યારે એમની આંખોમાંથી આંસુ આવેલાં કે મેં આ પ્રસિદ્ધિ માટે નથી કર્યુ, હું અમૅરિકા આવ્યો છું મારા ભારતના ૩૩ કરોડ ગરીબ લોકોને કેવી રીતે મદદરૂપ થઈ શકું એના માટે આવ્યો છું તો એવી જ રીતે સ્વામી વિવેકાનંદજીને જે અનુભૂતિ શિકાગોમાં થઈ હતી એવી જ અનુભૂતિ, એવી જ સંવેદનશીલતા આજના આપણા રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હૃદયમાં છે અને એટલા માટે જ એમની એ ઝલક ગરીબ મેળાઓથી લઈ વંચિતોના વિકાસ સુધી દેખાઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આંખ આ ધન્ય છે

એમાં કવિ તરીકે કહે છે, પથ્થર આપે ખેત તો પણ અંતરને પથ્થરમાંથી રચું પગથિયાં જે પર્વત ઉપર લઈ જાય" એટલે ગમે તેટલી અડચણો આવે, ગમે તેટલી તકલીફો આવે, આપત્તિઓ આવે પણ એ આપત્તિઓને અવસરમાં બદલી અને વિકાસમાં અગ્રેકૂચ થવું એ જ મંત્રને લઈ અને ગુજરાતની વિકાસ યાત્રા શરૂ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવચનમાંથી સમયના અભાવના કારણે જ હું માત્ર શિક્ષણ વિશે જ થોડું ઘણું કહીશ. વ્યકિતના ઘડતરમાં બે સંસ્થાઓનું મુખ્ય યોગદાન હોય છે. એક પરિવાર અને બીજી શાળા. માનનીય અધ્યક્ષશ્રી, નરસિંહ મહેતાજીનું એક ભજન છે, " વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે" ગુજરાતમાં આવા વૈષ્ણવ જનો જો નિર્માણ કરવા હશે તો એ પરિવારમાંથી થશે અથવા શાળાઓમાંથી થશે. અને આ પરિવાર સુસંસ્કૃત હશે, પરિવાર સંસ્કારી હશે અને શાળાઓ સંસ્કૃત હશે તો મને લાગે છે કે આવા વૈષ્ણવ જનોનું નિર્માણ આપણે કરી શકીશું જે ભવિષ્યમાં ગુજરાતનું નિર્માણ કરી શકશે. આ દૂરંદેશી સાથે ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. એક અનોખી પહેલ આખા દેશભરમાં જો કરવામાં આવી હોય તો આ ચિલ્ડ્રન યુનિવર્સિટીના માધ્યમથી કરવામાં આવી છે ત્યારે આપણે એમ કહીએ કે સંસ્કારો તો બાળકોના જન્મ પછી આપી શકાય પણ એ સાબિત થઈ ગયું છે કે સંસ્કારો બાળકોના જન્મ પછી નહીં પણ માતાના ગર્ભમાં જ બાળકને સંસ્કાર આપી શકાય છે અને એનાં ઉદાહરણો આપણી પાસે છે, માનનીય અધ્યક્ષશ્રી, પ્રહ્લાદને એની માતાના ગર્ભમાંથી ભકિત મળી હતી, અભિમન્યુને એની માતાના ગર્ભમાંથી વ્યૂહરચના મળી હતી.

શિવાજીને જીજા માતાના ગર્ભમાંથી હિન્દવી રાજ્યની સ્થાપનાની પ્રેરણા મળી હતી. જો માતાને ગર્ભ અવસ્થામાં જ સારું વાતાવરણ આપવામાં આવશે તો સારા માનવીઓનું નિર્માણ આપણે કરી શકીશું. જર્મનમાં હમણા એક રીસર્ચ થયું છે અને જર્મન જેવા આધુનિક દેશમાં પણ આજે ત્યાં ગર્ભવતી મહિલાઓ માટેના જુદા આશ્રમો બનાવી ત્યાં એમને રાખવામાં આવે છે જેથી કરીને સારા નાગરિકોનું નિર્માણ કરી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં તો ઋષિ પરંપરા છે જ. સીતા માતાએ લવ-કૂશને જન્મ આપ્યો હતો આશ્રમ શાળામાં જેથી કરીને લવ અને કૂશનું નિર્માણ થઈ શક્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આવી ગર્ભવતી મહિલાઓ માટે આ ચીલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા તપોવનોની રચના કરવાનું આયોજન માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરાના નિર્દેશનમાં થવા જઈ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગર્ભવતી મહિલાઓને આ તપોવનોમાં પોષ્ટીક આહાર આપવામાં આવશે, એમના માટેના પ્રાર્થના ખંડો ઉભા કરવામાં આવશે, એમને સારા પૂસ્તકો આપવામાં આવશે, એમને સંગીતમય વાતાવરણ આપવામાં આવશે જેથી કરીને ભવિષ્યમાં નિર્માણ થનાર બાળકોની એક દિશા પકડાઈ શકાય. આણંદમાં ૫, ગાંધીનગરમાં ૧ એમ કુલ આવા ૬ તપોવનોની ૨જી ઓકટોબરે રચના થઈ ચૂકી છે જેનો આપણને સૌને ગૌરવ હોવો જોઈએ. ભવિષ્યમાં આ તપોવનો આંગણવાડીઓ સુધી પણ લઈ જઈ શકાય અને એમાં ઉદ્દાત મૂલ્યોનું સિંચન થઈ શકે એ પ્રેરણા સાથે આપણે આગળ વધી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડીઓમાં, આંગણવાડીને આંગણવાડી ન કહેતા એને નંદઘર કહી અને દેવકીના જાયા કનૈયાને જેવી રીતે યશોદા માતાએ સંસ્કાર આપ્યા એવી જ રીતે નંદઘરમાં યશોધા માતાઓ આવનારા નાના ભૂલકાઓને ૦ થી લઈને ૪ વર્ષના બાળકોને સંસ્કારનું સિંચન કરે એવી જાતનું આયોજન થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓમાં બાળકોનું સો ટકા નામાંકન થાય એ પ્રવેશોત્સવ દ્વારા આપણે બધાએ સાથે મળીને સફળતા પ્રાપ્ત કરી, સો ટકા નામાંકન તો થઈ જ ગયું પણ ડ્રોપઆઉટ રેશિયો જે ખૂબ વધારે હતો એ ઘટીને બે ટકા સુધી લાવી શકવામાં પણ સરકારને સફળતા પ્રાપ્ત થઈ. માધ્યમિક શિક્ષણ માટે ડ્રોપઆઉટ રેશિયો ખૂબ વધારે હતો એ પણ ઘટાડીને ૭ થી ૯ ટકા સુધી લાવવામાં આપણને સૌને સફળતા મળી. આનાથી અટકી ન જવાઈ, નામાંકન થઈ ગયું, બાળકો શાળામાં આવતા થઈ ગયા પણ એમને ગણવત્તાભર્યું શિક્ષણ મળે એનું આયોજન પણ છેલ્લા બે વર્ષથી રાજ્ય સરકારે કર્યું અને ગુણોત્સવ, આ વર્ષે પણ મને કહેતા આનંદ થાય છે કે, રાજ્યની ૩૨,૭૭૪ પ્રાથમિક શાળાઓ, આશ્રમ શાળાઓ પૈકી કુલ ૯૦૦૦ એટલે કે ૨૫ ટકા જેટલી શાળાઓમાં ૩ હજારથી પણ વધારે પદાધિકારીઓ-અધિકારીઓ મળી અને ધોમધખતા તાપમાં આ ગુણોત્સવના મહાયજ્ઞમાં, મહા અભિયાનમાં એમણે ભાગ લીધો અને માનનીય અધ્યક્ષશ્રી, એમણે આહૂતિ આપી, એમણે શ્રમદાન કર્યું અને એમના આ સેવા પુરૂષાર્થના કારણે એક અદ્‌ભૂત પરિણામ આવ્યું. આપણે સૌ જાણીએ છીએ કે, એના કારણે જે ૧૨ લાખ જેટલા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થયું અને એમના માટે ઉપચારાત્મક પ્રયાસો થયા અને એમનું શિક્ષણનું સ્તર ઉંચું લાવવાના પ્રયત્નો થયા. આની નોંધ યુનિસેફ જેવી તટસ્થ સંસ્થાએ પણ લીધી અને યુનિસેફે પણ આ ગુણોત્સવના વખાણ કર્યા અને આ ૧૨ લાખ બાળકોને જે પ્રમાણે ગુણવત્તાસભર શિક્ષણ આપવાના પ્રયત્ન થયા એ આપણા સૌના માટે ગૌરવનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવમાં ગુણ નહીં, માર્ક નહીં પણ એમનામાં સદ્‌ગુણોનું સિંચન થાય એવી જાતનું આયોજન કરવામાં આવ્યું. એમનામાં રહેલી પ્રતિભા, એમનામાં રહેલી મૌલિકતા કેવી રીતે નીખારી શકાય એના પ્રયત્નો થયા. શાળાઓમાં બાળકો નિરોગી રહે એ માટે શાળા આરોગ્ય કાર્યક્રમ, બાળક જો હૃદયરોગથી પીડાતો હોય તો મફતમાં એની સારવાર, કિડનીની બિમારી હોય તો મફતમાં એની સારવાર અને ગુજરાતની બહાર મોકલવાની જરૂર હોય તો ગુજરાતની બહાર પણ મોકલીને મફતમાં ઓપરેશન કરાવવા આવું

આશીર્વાદરૂપી કાર્ય શિક્ષણ ખાતું અને આરોગ્ય ખાતું બંને સાથે મળીને કરી રહ્યા છે. હૃદયમાં સંવેદના હોય તો જ આવા કાર્ય કરવાની પ્રેરણા મળતી હોય છે. આ સંવેદનશીલ સરકાર આવા સુંદર મજાના કાર્યો કરી રહી છે એનું મને ગૌરવ છે.

'વાંચે ગુજરાત', આ કાર્યક્રમમાં બાળકોની વાંચવા પ્રત્યેની અભિરૂચિ જાગે, એના માટેના પ્રયત્ન, સ્કોપ દ્વારા અંગ્રેજી બોલવા અને લખવા માટે બાળકોમાં પ્રભુત્વ આવી શકે એના માટેના પ્રયત્ન, જી.કે. એસ. દ્વારા કૌશલ્યવર્ધન થાય, એના પ્રયત્નો થયા છે. હું છેલ્લે એક કવિતા વાંચીને મારી વાત પૂરી કરવા માગું છું. હું મારી સાથે બેઠેલાં જેમને ગુજરાતનો વિકાસ દેખાતો નથી, એમને આ કવિતા હું સમર્પિત કરું છું.

"જળને તમે પથ્થર કહેતા હો કે, પથ્થરને તમે જળ કહો,
વાદળને તમે આકાશના સ્વર કહેતા હો કે કમળને તમે બાવળના ઝાડ કહેતા હો,
એથી અમને કશો ફરક પડવાનો નથી, તમે અફવાને સત્ય કહી શકો છો,
તમે દિવસને રાત કહી શકો છો, દરિયાને તમે રણ કહી શકો છો,
જીવનને તમે મરણ કહી શકો છો,
આ બધો તમારો વાણીનો વ્યભિચાર તમને મુબારક,
પ્રકૃતિ તો પ્રકૃતિ જ હોય છે, એ હંમેશા સ્વસ્થ હોય,
એ હંમેશા તટસ્થ હોય, એને કંઈ ફરક ન પડે."

તમે ગમે તે વિચારો પણ ગુજરાતની પ્રજાએ વિચારી લીધું છે કે એણે શું નક્કી કરવાનું છે અને ગુજરાતની પ્રજાએ નક્કી કરી લીધું છે,

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર હું મારું વકતવ્ય રજૂ કરવા ઉપસ્થિત થયો છું, કોઈકે મુખ્યમંત્રીશ્રીની ભગવાન સાથે સરખામણી કરી, કોઈકે સ્વામી વિવેકાનંદજી સાથે કરી, કોઈકે છોટે સરદાર તરીકે સરખામણી કરી અને આ બધી વાત કરીને દોષારોપણ જ્યારે વિરોધપક્ષને કરતા હોય એ પ્રમાણેની વાત અહીંયા તેમના વકતવ્યોમાં કરવામાં આવી. સ્વાભાવિક છે કે વાતાવરણને અનુરૂપ, જે દિશામાં અત્યારે આપણે પ્રગતિ કરી રહેલા છીએ એને અનુરૂપ આપણે વાત કરીએ એ આપણે સમજી શકીએ છીએ અને જ્યાંસુધી ગુજરાતનો સવાલ છે ત્યાંસુધી આ ગુજરાતની ભૂમિએ રાષ્ટ્રને આઝાદી અપાવનાર મહાત્મા ગાંધીને પેદા કરેલા છે, આ ગુજરાતની ભૂમિએ અહિંસાના પુજારીને પેદા કરેલા છે, આ ગુજરાતની ભૂમિએ છોટે સરદાર નહિ લોખંડી સરદાર પટેલને પેદા કરેલા છે. આ ગુજરાતની ભૂમિએ અનેક સંતોને અને અનેક કવિઓને પેદા કરેલા છે અનેક પયંગબરોને પેદા કરેલા છે અને આ ભૂમિ અહિંસાની ભૂમિ છે અને આ ભૂમિ ઉપર વિરાટ કદના જેને કહી શકાય પ્રતિમાઓથી નહિ પરંતુ વિશ્વમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ નહિ એશિયાનું પ્રતિનિધિત્વ કરતા હોય એવા લોકો અહિંસાના પુજારી અને મહાન વિરાટ પુજારીને આ ગુજરાતની ભૂમિએ આપેલા છે, આપણને સૌને ગૌરવ છે, સ્વર્ણિમ ગુજરાતમાં પહેલી મે, ૧૯૬૦થી પચાસ વર્ષ પૂર્ણ કરી અને સ્વર્ણિમ ગુજરાતમાં આપણે અત્યારે પ્રવેશ કરી ચૂકેલા છીએ. એક વ્યકિતના કારણે ગુજરાતનું નિર્માણ નથી થયેલું, ગુજરાતનું નિર્માણ ૧૬ વર્ષના ભા.જ.પ.ના શાસનના કારણે નથી થયેલું, એક એક ગુજરાતીની મહેનતના કારણે, એક એક ગુજરાતીના ઉદ્યમના કારણે, એક એક ગુજરાતીની વેપારની નીતિના કારણે એક એક ગુજરાતીની સાહસિકતાની નીતિના કારણે અનેક મુખ્યમંત્રીશ્રીઓના સમયમાં ગુજરાતનું સર્જન થયેલું છે, ઈંટ, માટી, ચુનો અને પથ્થર બની અને આ ગુજરાત માટે બલિદાન આપનાર અનેક શહીદો જે છે એના ઉપર એ શહીદોથી સર્જાયેલું, નવસર્જન થયેલું, નવપલ્લિત થયેલું આ ગુજરાત છે. માનનીય ઈશ્વરભાઈએ બહુ સારી વાત કરી અને સ્વાભાવિક છે કે ઈશ્વરભાઈની જગ્યાએ હું પણ હોઉં તો મારે પણ કહેવું જ પડે એટલે રાજયપાલનું પ્રવચન હું વાંચતો હતો કે ભારત વિશ્વમાં એક તાકાતવર રાષ્ટ્ર તરીકે ઉભરી આવ્યું અને આજે વિકસિત દેશોમાં અને ડેવલપીંગ કન્ટ્રીમાં એની ગણના થઈ, એ સૌ કોઈએ, દુનિયાના કોઈપણ દેશે આજે સ્વીકારવું પડે એવી નિશ્ચિત બાબત છે.

ડો.મનમોહનસિંહની એક દૂરંદેશી નીતિના કારણે, સોનિયાજીના મજબૂત નેતૃત્વને કારણે ભારત એ વિશ્વની અંદર એક તાકાત વર રાષ્ટ્ર તરીકે ઉભરી આવી અને જે દેશની અંદર બરાક ઓબામાએ આવવું પડ્યું ૫૦ હજાર જોબ ક્રિએટ કરવા માટે અમેરિકાના પ્રૅસિડેન્ટે આવવું પડ્યું, જે દેશમાં ફ્રાન્સના પ્રૅસિડેન્ટે આવવું પડ્યું, જે દેશમાં ચીનના વડાએ આવવું પડ્યું તે દેશને વર્લ્ડની અંદર તાકાત અપાવવાનું કામ યુ.પી.એની સરકારે કર્યુ છે. આજે તમે જોઈ રહ્યાં છો કે રેલવે સ્ટેશનો અદ્યતન બની રહેલાં છે, હવાઈ મથકો અદ્યતન બની રહેલાં છે, ટેલી કોમ્યુનીકેશન અદ્યતન બની રહેલું છે, ભારત નિર્માણ કાર્યક્રમ અંતર્ગત જે દેશમાં વિકાસ થઈ રહેલો છે રાઈટ ટુ ઈન્ફર્મેશન આપ્યું, રાઈટ ટુ એજ્યુકેશન આપ્યું, રાઈટ ટુ ફુડ આપ્યું, રાઈટ ટુ એજ્યુકેશન ઉપર જંગલના અધિકારોના કાયદા આપ્યાં. આ બધું કોને આભારી છે? આ બધું આભારી છે એક તાકાત વર રાષ્ટ્ર બનાવવા માટે ડો.મનમોહનસિંહને આભારી છે, યુ.પી.એ.ની સરકારને આભારી છે. આજે જે કંઈ દેશની અંદર ઉદ્યોગોનો વિકાસ થઈ રહેલો છે આજે જે કંઈ દેશની અંદર આંતર માળખાકીય સુવિધાઓનો વિકાસ થઈ રહ્યો છે, આજે દેશમાં જે તરકકી દેખાય

છે, આર્થિક તાકાત દેખાય છે,રાજયોની સમૃદ્ધિ દેખાય છે તે કેન્દ્રની નીતિઓને આભારી છે. રાજયપાલશ્રીએ બરાબર કહ્યું છે કે આખી દુનિયાની અંદર એક માત્ર ભારત આજે ઉભરી રહેલું રાષ્ટ્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં ૬૨ ટકા વસતિ આજે ગ્રામીણ વિસ્તારમાં રહે છે. ખેડૂત ૨૭.૬૨ ટકા છે ૧૭ ટકા ખેત મજદૂરો છે અને ૪૬ ટકા વસતિ કાં તો ખેડૂત છે અને કાં તો ખેતમજૂર છે. આજે આપણી નીતિ કઈ છે? આપણી નીતિ એ છે કે, ખેતી ઉપરનું અર્થતંત્ર આપણું હોવા છતાં પણ એગ્રીકલ્ચર સેકટરની ઉપેક્ષા કરવામાં આવેલી છે. આઠ કલાક ખેડૂતને વીજળી આપવામાં આવતી નથી અને ગુજરાત સરપ્લસ રાજય છે એવું કહેવામાં આવે છે. ખેડૂતને ૧૪ કલાક વીજળી આપવાની વાત ભારતીય જનતા પક્ષના એજન્ડામાં હતી આજે તેનું પાલન કરવામાં આવતું નથી. એટલું જ નહીં સાહેબ, ખેડૂતોને સમયસર વીજળીના જોડાણો આપવામાં આવતા નથી. આજે આપ અભ્યાસ કરો તો ૫૮ તાલુકા તો ડાર્કઝોનમાં આવે છે. ઈશ્વરભાઈ આપનો તાલુકો અંકલેશ્વર પણ ડાર્કઝોનમાં છે. અને ૩૨ તાલુકા ટ્રાયબલ એમ કરીને ૯૯ તાલુકામાં તો વીજળીના જોડાણો નહીં આપવા એવો સરકારે નિર્ણય લઈ લીધો. અને એ નિર્ણય લીધો તેના કારણે આજે ૯૯ તાલુકામાં ખેડૂતોને વીજળીના જોડાણો મળવાના નથી. હમણાં ઉર્જામંત્રી જ્યારે વાત કરશે ત્યારે સરપ્લસની વાત કરશે. પણ કેન્દ્રમાંથી ખાતરની ફાળવણી થઈ હોવા છતાં વિતરણ વ્યવસ્થાના અભાવે આ ખેડૂતના ખેતર સુધી ખાતરો પહોંચી શકતા નથી અને નર્મદાની નહેરો ૫૫ હજાર કિલોમીટરની આજે પણ બનાવવાની બાકી છે. આ નહેરો બને તો ખેતરોમાં પાણી જાય આજે જળ સંપત્તિ વિભાગ રાજયમાં નિષ્ફળ ગયેલો વિભાગ છે. કારણ આટલા બધા ચેક ડેમો બનાવવાની વાત કરે છે પણ છતાં ડાર્કઝોનમાંથી એક પણ તાલુકો બહાર નીકળતો નથી. એટલું જ નહીં સાહેબ જળના સ્ત્રાવ જે ઉંચા આવવા જોઈએ, પાણીના તળ ઉંચા આવવા જોઈએ તે આવતા નથી. રાજયમાં કાયદો અને વ્યવસ્થા ખોરંભે પડેલી છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થા એટલી હદે ખોરંભે પડેલી છે કે નેશનલ ક્રાઈમના જે રિપોર્ટ છે તે રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ૨૮ હજાર લોકો કમોતે મરેલાં છે એક વર્ષમાં ૨૨ હજાર માણસો અકસ્માતમાં મરેલાં છે અને ૬૧૫૬ જેટલાં મોત આત્મહત્યાથી થયેલાં છે.
એટલું જ નહીં, સામૂહિક આપઘાતના કિસ્સા ૧૦ બન્યા અને એમાં લગભગ ૩૦ જેટલા લોકો સામૂહિક આપઘ ાતમાં મરેલા છે. સચિવાલયના દરવાજા ઉપર ન્યાય માગતો માણસ એ અહીંયા આપઘાત કરે એનાથી વિશેષ બાબત કઈ હોઈ શકે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ચોરી, લૂંટફાટ અને કાયદો અને વ્યવસ્થા કથળેલા છે. સાચર સમિતિની નિમણૂક જયારે ડો. મનમોહનસિંઘે કરેલી, ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રીએ કીધેલું કે આ કમિટી સમાજમાં ભાગલા પડાવશે અને લઘુમતિઓની આળપંપાળ થશે. એમણે કહ્યું હતું કે, "સૌ કોઈને ન્યાય, ખુશામત કોઈની નહીં." એવા વારંવાર ઉચ્ચારણો કરેલા. એનાથી વિપરીત હવે સાચર સમિતિએ હમણા વાત કરી છે. મારો સવાલ એટલો જ છે કે...

**સભાપતિશ્રી:** આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બાબુભાઈ.

**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

નામદાર રાજયપાલશ્રીનું પ્રવચન બંધ કેમ કરાવવામાં આવ્યું? બંધ એટલા માટે કરાવ્યું કે કે માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને ગુજરાતની સિદ્ધિ તેઓ સહન કરી શકતા ન હતા. તેમની જે સિદ્ધિ છે તે અને ગુજરાતના વિકાસની વાત તેઓ સાંભળી શકતા નહોતા. વિકાસની યાત્રાની વાત તેઓ સાંભળી શકતા નહોતા. અંત્યોદયનો વિકાસ, કૃષિનો વિકાસ અને ગરીબોના વિકાસની વાત તેઓ સાંભળી શકતા નહોતા.

માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારનો માણસ છું. મારે સહકારની કેટલીક વાત કરવી છે. ભારત સરકારની પ્રવૃત્તિમાં સહકારના શ્રીગણેશ ૧૯૦૪ના શરાફી સહકારી કાયદાની અંદર એનો મુખ્ય હેતુ એ હતો કે ખેડૂતોને વ્યાજખોરોની ચુંગાલમાંથી બહાર કાઢવા. (અંતરાય) ખેડૂતોની નાણાકીય જરૂરિયાતો પૂરી પાડવી, ખેડૂતો માટે ગામડે ગામડે ધિરાણ મંડળી શરૂ કરવી, ખેતીવિષયક સાધનસામગ્રી માટેની નાણાની જરૂરિયાત પૂરી પાડવી, ગરીબ અને નાના ખેડૂતો માટે મદદની વ્યવસ્થા કરવી. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત હંમેશા દરેક ક્ષેત્રમાં આગળ રહેલું છે. (અંતરાય) એમાં પણ આગળ રહેલું છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ લોકોને કહો. મને રક્ષણ આપો સાહેબ.

**સભાપતિશ્રી:** આપના પ્રવચન ઉપર આપ ધ્યાન દો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : ગુજરાત હંમેશા દરેક ક્ષેત્રે આગળ છે. ગુજરાત આઝાદીની ચળવળ, દાંડીકુચ, સહકાર, વેપાર, ઉદ્યોગ દરેક ક્ષેત્રમાં આગળ છે. ગુજરાતની સહકારી પ્રવૃત્તિની વાત કરું તો આઝાદી પહેલા ગુજરાતની અંદર સહકારી ધોરણે અન્યોન્ય સહકારી મંડળીઓ ચાલતી હતી. ત્યારબાદ ૧૯૦૪માં સહકારી કાયદો આવ્યો ત્યારે પહેલી મંડળી આંધ્રમાં અને બીજી ગુજરાતમાં અમદાવાદ જિલ્લામાં દસક્રોઈ તાલુકો એટલે કે મારા વિસ્તારમાં ૧૮/૦૫/૧૯૦૫માં એટલે કે આજે ૧૦૭ વર્ષ થયા. આ ગુજરાત છે કે જેની (અંતરાય) મિત્રો, મેં પરમદિવસે વાત મૂકી હતી. એ.પી.એમ.સી. ની અંદર ડુંગળીની વાત મૂકી હતી. જેથી એમને સાચો ન્યાય અને સાચા રૂપિયા મળે અને શાહુકારોની ચુંગાલમાંથી મૂકિત મળે. તાલુકા સંઘ, જિલ્લા સહકારી સંઘ એ ખેડૂતોને

મજબૂત કરવા માટે છે. (અંતરાય) ઈન્કમટેકસની વાત કરી તો હું આ કોંગ્રેસવાળાને મારે ઈન્કમટેકસની વાત કરી છે અને મને યાદ કરે છે.(અંતરાય)

**શ્રી બાબુભાઈ જે પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રની યુ.પી.એ.ની સરકાર સહકાર વિભાગને સ્પર્શ કરતું એક વિધેયક થોડા દિવસમાં લાવી રહી છે અને જો એની અમલવારી થાય તો એ બિલ ૭ લાખ ગ્રામ્ય સમિતિઓને અસર કરશે, ૧૭૦૦ અર્બન બેંકોને અસર કરશે, ૩૭૦ જેટલા જિલ્લા સહકારી સંઘોને અસર કરશે, ગામડાંની સોસાયટીઓને અસર કરશે ત્યારે..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વાત કરી રહ્યા છે કે કેન્દ્ર સરકાર આવું બિલ લાવશે એના કારણે આમ થશે, તેમ થશે એવી વાત કરીને કેન્દ્ર સરકારની ટીકા કરવી એ યોગ્ય નથી. અગાઉના માનનીય અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયો અને માનનીય અશોકભાઈના પણ પુષ્કળ નિર્ણયો છે એ પ્રમાણે આવી ટીકા કરી શકાતી નથી. તો આ શબ્દપ્રયોગ રેકર્ડમાંથી દૂર થાય. માનનીય સભ્યશ્રી માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર બોલે, એમાં જે કાંઈ આપેલ હોય, ભૂમાફિયાઓની કોઈ વાત કરતા હોય એમાં સુધારો થયો હોય તો એ બધી જ વાતો જરૂર કરે,ગુજરાતની નીતિને લગતી વાત જરૂર કરે, પરંતુ એ સિવાયની વાત વાજબી નથી.

**શ્રીબાબુભાઈ જ. પટેલ** : હું એ કાળા કાયદાની વાત કરી રહ્યો છું કે નાના નાના માણસોને કે ગરીબ માણસોને..

**સભાપતિશ્રી:** માનનીય બાબુભાઈ, આપ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જ બોલો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, એમના પક્ષના દંડકશ્રીએ જ કેન્દ્ર સરકારની વાત કરી છે. ડો. પ્રધાનમંત્રીશ્રીની અને સોનીયા ગાંધીની અને કેન્દ્ર સરકારની વાત કરી છે. તેમણે જ વાત કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ તો પોઝિટીવ વાત થઈ શકે છે, નેગેટિવ વાત ના થઈ શકે.

**શ્રી રમણલાલ વોરા** : આ નેગેટિવ વાત નથી, આ સહકારી મંડળીઓના હિત માટેની વાત છે. (અંતરાય)ગુજરાતના હિત માટેની વાત છે.

**સભાપતિશ્રી**: માનનીય બન્ને પક્ષના સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે બીજી કોઈ સરકારની અહીંયાં ચર્ચા કે ટીકા ના થાય (અંતરાય) કેન્દ્ર સરકારની અહીં વાતો કરવામાં આવે છે એ ના કરવામાં આવે. માત્રને માત્ર માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જ વાત કરવામાં આવે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશમાં ગુજરાત કૃષિમાં સર્વ પ્રથમ છે. કૃષિની હું વાત કરી રહ્યો છું. આ રાજયના અધિકારીઓ..(અંતરાય) આયોજન પંચના અધિકારીઓ વિશે મારે વાત કરવી છે કે આપણે કેન્દ્ર સરકારના આયોજન પંચના અધિકારીઓને આપણા કૃષિ મેળાની બે બુક મોકલી હતી એક ઓફિશિયલી અને બીજી પબ્લિકમાં વાંચવા માટે. એ બૂકના આધારે ઓચિંતા આવીને કયો રથ કયા ગામે જશે તે માહિતી મેળવી. એ કેન્દ્ર સરકારમાંથી બે ટીમ ઓચિંતા ગુજરાતમાં આવી. એક ઓફિશિયલી અને બીજી બુકના આધારે જે તે ગામમાં ગઈ અને તેમનો રિપોર્ટ બનેલો છે કે ગુજરાતમાં કૃષિ રથનું મોડેલ એ સમગ્ર દેશમાં અપનાવવા જેવું છે. આ મારી ભલામણ નથી તમારા આયોજન પંચની ભલામણ છે. મારી કે તમારી ભલામણ નથી.

**સભાપતિશ્રી**: શ્રી વલ્લભભાઈ કાકડીયા, આપ આપનું પ્રવચન ચાલુ કરો.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજી તોમારે વાત કરવાની બાકી છે (અંતરાય) મારે વાત કરવાની છે.

**સભાપતિશ્રી**: માનનીય વલ્લભભાઈ, આપ પ્રવચન ચાલુ કરો. (અંતરાય) બાબુભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે. આપ બેસો. માનનીય વલ્લભભાઈ, આપ આપનું પ્રવચન ચાલુ કરો.ચાલુ કરો.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કર્યુ એના માટેનો આભાર પ્રસ્તાવ લઈને મારા મિત્રશ્રી રજનીકાંતભાઈ પટેલ આવેલ છે તેને હું આવકારું છું અને મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રી તેમના સંબોધનમાં એમ કહ્યું છકે ગુજરાતે રોડ અને રસ્તાઓનો ઘણો જ વિકાસ કરેલ છે. મારે કહેવું છે કે ગઈકાલે મારા મિત્રશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ સામેથી બોલતા હતા કે આ સરકારે કોઈ વધારાના રોડ બનાવેલ નથી.
અગાઉની કોંગ્રસ સરકારના જે કિલોમીટર હતા એમાં કોઈ વધારો કરેલ નથી એવું માનનીય સિધ્ધાર્થભાઈ કહેતા હતા. મારે કહેવું છે કે અગાઉની કોંગ્રેસની સરકારે જે રોડ બનાવેલા તે નામના જ રોડ હતા અને અમુક રોડ તો કાગળ ઉપર જ હતા. કાયમ રીપેરીંગ ચાલ્યા કરતું હતું. મારે કહેવું છે કે હું ધ્રાંગધ્રા તાલુકાનો ખેડૂત છું. અગાઉ કોંગ્રેસની સરકાર હતી તે્ વખતે વિરમગામથી ધ્રાંગધ્રા સુધીનું ૬૦ થી ૬૨ કિલો મીટરનું અંતર કાપવા માટે બાય રોડ, બાય કાર અઢી થી ત્રણ કલાકનો સમય લાગતો હતો. જયારે આજે મને કહેતાં ગૌરવ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદી બહેન બન્યા પછી બાય રોડ બાય કાર આજે

માત્ર અડધો કલાકમાં પહોંચી શકાય છે. અગાઉ આ રોડ ઉપર બિમાર વ્યકિત અથવા સગર્ભા બહેનોના દવાખાને પહોંચતા પહેલા જ મૃત્યુ થતા હતા. આજે પેટમાં પાણી પણ ન હાલે તેવા રોડ બનેલા છે. આવી કામગીરી કરવા બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને અભિનંદન આપું છું. મારા મિત્ર રાઘવજીભાઈ પટેલ ગઈ કાલે કહેતા હતા કે નર્મદા યોજનામાં કોઈ ઝડપી કામગીરી થયેલ નથી. તો હું તેના માટે પણ એક દાખલો આપીશ કે નર્મદા યોજનાની કામગીરી ઝડપથી આગળ વધે તે માટે ખેડૂતોના ખેતરે ઝડપથી પાણી પહોંચે તે માટે જમીન સંપાદનની કામગીરી ખેડૂતોના સહકારથી ઝડપભેર થઈ રહેલ છે. તેવું મહામહિમ રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં પણ કહેલું છે. આ સરકારનો કેનાલનો વહીવટ કેટલો શુધ્ધ અને ઝડપી છે તેના એક દાખલા ઉપરથી ખબર પડશે. ધ્રાંગધ્રા તાલુકાનું વાવડી ગામનો હું ખેડૂત છું. મારી જમીન નહેરમાં આવે છે. દસ દિવસ પહેલા આ નહેરના અધિકારીઓ મારી પાસે સહી લેવા આવેલા ત્યારે સહીની સાથે જ જંત્રી મુજબ સો ટકાનો ચેક લઈને આવેલા. અગાઉ સરકારો પાસેથી વળતર લેવાનું હોય તો કદાચ પેઢીઓ બદલાઈ જતી હતી. આ સરકારનો આજે વહીવટ છે. માટે સરકારના આવા ઝડપી વહીવટ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય સિંચાઈ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલને આ સારી કામગીરી બદલ હું અભિનંદન આપું છું. મહામહીમ રાજયપાલશ્રીએ કુ-પોષણ સામે ગુજરાતે સારી કામગીરી કરેલ છે તેને આવકારેલ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી અને મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલની એક નેમ રહેલ છે કે મારા ગુજરાતમાં કોઈ પણ માતા કુપોષણથી પીડાતી ન હોય, અને દરેક બાળક જન્મે ત્યારે તંદુરસ્ત હોય. અને તેના માટે ૪૦ હજારથી વધારે આંગણવાડીઓ મારફતે સગર્ભા માતા, ધાત્રી માતા તથા કિશોરીઓને દર માસે એક કિલો સુખડીનું પેકેટ, દોઢ કિલો શીરાનું પેકટ અને એક કિલો ઉપમા આપવામાં આવે છે. સાથે બાળકોને અને બહેનોને કેન્ડી પણ આપવામાં આવે છે. જે કેન્ડી બીજા રાજયમાં મોદી કેન્ડી તરીકે ઓળખાય છે. આ આહારમાં આઠ પૌષ્ટિક તત્વો હોય છે. મારે કહેવું છે કે આંગણવાડી દીઠ ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને પૌષ્ટિક આહાર આપવામાં આવે છે, કિશોરીઓને પોતાના ખર્ચે પૌષ્ટિક આહાર આપતું આ ગુજરાત પ્રથમ રાજય છે. આવું ક્રાંતિકારી પગલું ભરવા બદલ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને માનનીય આનંદી બહેન પટેલને હું અભિનંદન આપું છું.

દરેક આંગણવાડી દીઠ ૩૦ થી ૪૦ બાળકો હોય છે. દરેક બાળકને રોજ ગરમ નાસ્તો આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફ્રુટ અને કેન્ડી આપવામાં આવે છે. મુરબ્બી બાબુભાઈ કહેતા હતા કે વિધવા બહેનો માટે કોઈ કામ થયેલ નથી. મારે કહેવું છે કે મહામહીમ રાજયપાલશ્રીએ પણ કહ્યું છે કે ગુજરાતમાં ૧ લાખ ૨૧ હજાર બહેનોને વિધવા સહાયની રકમ ૧૦૫ કરોડ રૂપિયા આપેલી છે. અગાઉ કોંગ્રેસ સરકાર વખતે વિધવા બહેનોને માસિક ૩૦ રૂપિયા જ આપવામાં આવતા હતા, જ્યારે એની સામે આજે ભારતીય જનતા પક્ષની સરકારમાં વિધવા બહેનોને માસિક ૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ કોંગ્રેસ અને ભાજપની સરકારનો ડિફરન્સ બતાવે છે. માનનીય રજનીકાંતભાઈ રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર પુરાવી વિરમું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

અમારા વડોદરામાંથી છેલ્લે છેલ્લે એક મિનિસ્ટર બનાવવામાં આવ્યા. મિનિસ્ટરને બનાવ્યા પછી એમણે પાંચથી સાત ફૂટના સો જેટલા હોર્ડિંગ્સ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનતા ઠેર ઠેર મુકાવ્યા. જેમાં અનેક લખાણો લખાવ્યા, આવું તો અમને પહેલીવાર જોવા મળે છે.

અહીંયા વિકાસની વાત ઘણી કરવામાં આવી છે.મને શાયરી બનાવતા નથી આવડતું પરંતુ આ સરકાર વિશે એટલું ચોક્કસ કહીશ કે વિકાસના મુદ્દો ચગાવવાનો, પછી વાહવાહ કરવાની અને પછી અમલવારી નહિ કરવાની અને અંતે એ ભૂલી જવાનું એના માટેના કેટલાક દાખલા હું આપવા માગું છું.

આઠ વર્ષ પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલું કે મારે ગામડાંમાં ગોબરગેસ પ્લાન્ટ બનાવવા છે. એક વર્ષ સુધી ગોબર ગેસ પ્લાન્ટ વિશેનો મુદ્દો ખૂબ ચગાવવામાં આવ્યો અને બજેટમાં એના માટે જોગવાઈ પણ કરવામાં આવી પરંતુ એની અમલવારી શૂન્ય અને અંતે એ મુદ્દો આપણે ભૂલી ગયા. બીજો મુદ્દો એવો ચગાવવામાં આવ્યો કે ગુજરાતની પ્રજા ખાડીનું તેલ નહિ નહિ વાપરે પરંતુ જાડીનું તેલ વાપરશે. ગુજરાતની પ્રજા અખાતનું તેલ નહિ વાપરે પરંતુ જાડી એટલે રતનજયોતમાંથી નીકળતું તેલ વાપરશે, એના માટે બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી. રતનજયોતના રોપા વાવવામાં આવ્યા પરંતુ અંતે એ સુકાઈ ગયા, પરિણામ શૂન્ય.

બીજી એક વાત એવી કહેવામાં આવી કે ગુજરાતમાં ક્રુડ ઑઈલના ભંડારો ભરેલા છે, આ મિડિયામાં આવ્યું, વિધાનસભામાં જોર જોરથી કહેવામાં આવ્યું ત્યારે અમારી છાતી પણ ગજગજ ફૂલતી હતી પરંતુ વધારામાં એમણે એમ કહ્યું કે ખેડૂતના ખેતરમાંથી ઑઈલ નીકળવાનું છે, જે મહોલ્લા છે, ફળિયા છે એમાંથી ઑઈલ નીકળવાનું છે, ખેડૂત ઑઈલ કાઢી જેવી રીતે કેનમાં દૂધ ભરે છે એવી રીતે આ ઑઈલ કેનમાં ભરીને બહાર આપવા જશે. માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન છે. રાજયની પ્રજા ગેરમાર્ગે ન દોરાય એટલા માટે હું સ્પષ્ટતા કરવા માગું છું. મારા વિભાગને આ બધી યોજનાઓ લાગુ પડે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ પદ્ધિત બરાબર નથી. મંત્રીશ્રી ઈન્ટરવીન થાય ત્યારે આ બધી વાત કહી શકે છે.

**શ્રી દિલીપ સંઘાણી** : મારો પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન છે.

**શ્રી વજુભાઈ વાળા** : શેના વિશે પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન કહે છે એ સાંભળો તો ખરા?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીતે ન સાંભળી શકાય. પૉઈન્ટ ઑફ ઑર્ડર હોય તો જ સાંભળી શકાય. **શ્રી વજુભાઈ વાળા** : પૉઈન્ટ ઑફ ઈન્ફરમેશન પણ કહી શકાય.

**શ્રી શકિતસિંહ ગોહિલ:**
આ સમય એમનામાં ગણાય.. આ સમય એમનામાં ગણાશે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું તો એમ કહું છું કે પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન સિવાય બધાને બંધ કરી દો. એ વારંવાર ઉભા થાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમે નથી જ આવતા. અમે પૉઈન્ટ ઑફ ઑર્ડર સિવાય ઉઠતા જ નથી.

**શ્રી વજુભાઈ વાળા** : આ સિવાય બીજી વાતમાં ઘણી વાર ઉભા થાય છે. (અંતરાય)

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જાહેર સાહસ છે એને હું આવકારું છું પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ વાત એ કહેવાની છે કે તે વખતે કહેલું કે આ જી.એસ.પી.સી.માંથી ૨૦ લાખ કરોડનું ક્રુડ ઑઈલ નીકળશે. એના માટે એટલી બધી જાહેરાતો કરી, એટલા બધા ફોટા છપાવ્યા, મિડિયામાં એટલી બધી જાહેરાત કરી, એના માટે ૨૦૦ કરોડ રૂપિયાનો આજ દિન સુધી ખર્ચ કર્યો. તેનું પફોર્મન્સ શું છે? ખરેખર જો જાહેર સાહસ હોય તો પ્રજાને આ જાહેર સાહસનું શું પફોર્મન્સ છે એ જાણવાનો અધિકાર છે. ખાસ કરીને હું જારપરા ગામની વાત કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો એક જ મુદ્દો છે. જારપરા ગામમાં ૧૦૦ એકર ગૌચરની જમીન એ મુંદ્રા પૉર્ટ અને સેઝને માટે આપવામાં આવી. એના માટે જ્યારે જારપરા ગામના ગ્રામજનો જાગ્યા અને રીટ કરી ત્યારે સરકારે એના બચાવમાં એવું કહ્યું કે આ ગામમાં ગૌચરની જમીન વધારાની છે. સામાન્ય રીતે આપણે જોઈએ તો ૧૦૦ ઢોર હોય..(અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય શ્રી દુષ્યંતભાઈ, (અંતરાય) માનનીય શકિતસિંહજી.. (અંતરાય) ઑર્ડર, ઑર્ડર. પ્લીઝ. શકિતસિંહજી, કોર્ટનો ચુકાદો આવી ગયા પછી એ ચુકાદા વિષે કોઈ પણ ટીકા-ટિપ્પણ કરવી એ યોગ્ય નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ છે અને એ અમારો અધિકાર છે.(અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય શ્રી દુષ્યંતભાઈ.

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ (ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી રજનીકાંતભાઈ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. મારી વાત કરવા ઉભો થયો છું.

ઔદ્યોગિક વિકાસમાં ઉર્જા અતિ મહત્ત્વનું પરિબળ છે. સમય સંજોગો પ્રમાણે ઉર્જા એક સ્વરૂપમાંથી અન્ય સ્વરૂપમાં પરિવર્તન થાય છે ત્યારે ઉર્જા અનંત છે. ગુજરાત જે થોડા વર્ષ પહેલાં વીજળી અને ઉર્જાની અછતવાળું રાજય હતું. આજે તે સરપ્લસ વીજળી અને ઉર્જા ધરાવતું રાજય થયું છે અને વીજ ક્ષેત્રે નફો કરતું રાજય થયું છે ત્યારે વીઝનરી મુખ્યમંત્રી અને ઈન્ડસ્ટ્રીયલ મિનિસ્ટર સૌરભભાઈ પટેલને જેટલા અભિનંદન આપું એટલાં ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીઝન એવું કે દૂરનું જોઈ શકાય અને મિશન એવું કે જે ઈમ્પોસીબલ હોય એ કરી શક્યા છે. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી વખતે જ્યારે બીજા રાજયોમાં આમંત્રણ આપવા ગયા હતા અને જ્યારે કર્ણાટકમાં જવાનું થયું હતું ત્યારે મેંગલોર, બેંગલોર અને મૈસૂરની અંદર પત્રકાર પરિષદમાં એક માત્ર પ્રશ્ન હતો કે હાઉ કમ ગુજરાત હેઝ બીન એનર્જી સરપ્લસ અને ગુજરાત બીજા રાજયોને એનર્જી આપવા માગે છે કે નહીં? ત્યારે આપણને ગૌરવ થાય કે આ એનર્જી સરપ્લસ સ્ટેટ એટલે શું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન યુગમાં વિશ્વભરમાં ઉર્જાની જરૂરિયાત અને વપરાશમાં સતત વધારો થયો છે.

વિકાસની પ્રક્રિયામાં પણ ઊર્જાની ભૂમિકા ચાવીરૂપ છે. ઊર્જા ઉત્પાદનમાં કોલસો અને ક્રૂડ ઑઈલ આધારિત પ્રક્રિયા છે જે વાતાવરણ પ્રદૂષિત કરે છે. કલાયમેટ ચેન્જના કારણે ચોખ્ખી હવાનો જથ્થો ઘટતો જાય છે. એ સંજોગોમાં ગુજરાતે દેશભરમાં સૌથી પહેલી સોલર પાવર જનરેશન પૉલિસી જાહેર કરેલ અને એનર્જી અને ઊર્જા સંરક્ષણ ટેક્નૉલૉજીને પ્રોત્સાહન પૂરું પાડવાના ક્ષેત્રમાં પ્રથમ રાજય છે. અત્યાર સુધીમાં બીજા કોઈ રાજયે આવી નીતિ કે ઉદ્દઘોષણા કરી નથી. વિકાસની પ્રક્રિયામાં ઊર્જા મહત્ત્વનું પરિબળ છે. ઊર્જા ઉત્પાદનમાં જેટલો ખર્ચ ઘટાડીએ એટલો વિકાસનો વેગ વધે છે. આ રીતે અનેક ક્ષેત્રમાં ગુજરાત રાજય અગ્રેસર રહેલ છે. ગુજરાત ઊર્જા ઉત્પાદન

અને પ્રદૂષણ મુક્ત ઉર્જા. ઊર્જાના ક્ષેત્રમાં મહત્ત્વનું કદમ ગુજરાત ઉઠાવી રહ્યું છે. ચાહે એ ટાઈડલ એનર્જી હોય, વિન્ડ એનર્જી હોય , સોલર એનર્જી અને જેટ્રોફા જેવા બાયો ફ્યુલ સંશોધન તથા ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. ગુજરાત આવનાર દિવસોમાં ગ્રીન અને ક્લીન ટૅક્નૉલૉજીનો હક્કદાર બની રહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાસે ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયા કિનારો છે. અને તેમાં પણ કચ્છ અને ખંભાતના દરિયા કિનારે ટાઈડલ એનર્જી ઉત્પાદનની વિપુલ સંભાવના છે. ત્યારે ગુજરાતની ઘણી બધી મહાનગર પાલિકાઓએ ઘન કચરાનું પ્રોસેસ કરીને તેમાંથી ઉર્જા ઉત્પાદનની પ્રક્રિયા શરૂ કરી છે. બાયો ફ્યુલ જેટ્રોફાના વાવેતર અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવે છે. સોલર ઊર્જાના ક્ષેત્રે સૌથી અગત્યની અને મહત્ત્વની બાબત એ છે કે, ગુજરાતે સૌથી વિશેષ પ્રયાસો કર્યા છે અને સિદ્ધિ હાંસલ કરી છે. હાલમાં જ પાટણ જિલ્લાના ચારણકા ગામે તાજેતરમાં એશિયાનો સૌથી મોટો અને ભારતનો સૌ પ્રથમ સોલર પાર્ક શરૂ થયો છે. આ તબક્કે એના માટે મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. ૫૦૦ મેગા વોટ વિદ્યુત ઉત્પાદન સાથે દેશ અને દુનિયાની ટૅક્નૉલૉજી સાથે ઘણા સામેલ થયા છે. ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત સરપ્લસ સ્ટેટ નહીં પણ ઊર્જાના ક્ષેત્રમાં સંશોધન કરવામાં ગુજરાત અગ્રેસર છે. ટ્રાન્સફરમર જનરેટર સેટ, પાવર ટર્બાઈન જેવી અન્ય સોલર એનર્જીના ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેકટ અને ડૅવલપમેન્ટ, સોલર ઊર્જાની સ્થાપનામાં આગળ વધી ગયું છે. ગુજરાતમાં કોલસાની ખનીજ અને ખાણ નથી. છતાં કોલસા આધારિત વીજ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર છે. બિન પરંપરાગત ક્ષેત્રે ઉર્જા વિકાસ, સોલરઅને વિન્ડ એનર્જી, એથી ઉપર જઈને, એનર્જી ઈકવીપમેન્ટ અને મેન્યુફેકચરીંગ પ્રોજૅકટ અને વિન્ડ એનર્જી પ્રોજૅકટ, બાયોમાસ એનર્જી પૉલિસી તૈયાર કરી અમલમાં મૂકનાર દેશમાં ગુજરાત પ્રથમ રાજય છે. ગુજરાતની ધરતી ઉપર સૂર્ય એનર્જીની વિશાળ ઉપલબ્ધિ છે. એનો મહત્વનો વિનિયોગ કરતાં સોલર એનર્જી પૉલિસી અમલમાં મૂકી છે. ત્યારે છેલ્લા ૩ વર્ષમાં ગુજરાત સૂર્ય અને પવન, સોલર એનર્જી, વિન્ડ એનર્જીમાં ત્રણ ગણો ઊર્જાનો વધારો કરી ગુજરાત પ્રથમ કક્ષાએ પહોંચી ગયું છે. હવે ગુજરાત સોલર એનર્જી ક્ષેત્રે આગવી હરણફાળ ભરી રહ્યું છે. એના માટે વિશ્વ વિખ્યાત ૩૪ કંપનીઓ ગુજરાતમાં ભાગીદાર બની છે. આમ ગુજરાત સોલર એનર્જી ક્ષેત્રે સૌથી અગ્રેસર છે. ગુજરાત માથાદીઠ વપરાશ સરેરાશ રાષ્ટ્રીય વીજ વપરાશ કરતાં બમણો છે. ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારે ૩૧૫ મેગાવોટ વીજળી ક્ષમતા ધરાવતું રાજય હતું. આજે ૫૦ વર્ષ પૂરા થયા છે. આજે ૧૩૨૫૮ મેગાવોટ વીજળી ઉત્પાદન ક્ષમતા ઉપર અત્યાર સુધી આપણે પહોંચ્યા છીએ. માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન આપું છું.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના સંબોધન પરની ચર્ચામાં આ ગૃહના સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા મંતવ્યો અને સૂચનો આપવા માટે ઉપસ્થિત થયો છું.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં, મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલના ગુજરાતમાં અને ગુજરાતના અનેક મુખ્યમંત્રીઓએ જે કામગીરી કરી છે તેની છડેચોક આ ગુજરાતમાં બરબાદી થઈ રહેલી છે. મારે આ જે ગુજરાતની સરકાર છે એને મારે આપ અધ્યક્ષશ્રી દ્વારા સરકારને કહેવું છે કે જે નિયમો પણ બને છે, રૂલ્સ પણ બને છે, યોજનાઓ પણ બને છે એનો છડેચોક આ ગુજરાતના લોકોને લાભ થતો નથી અને અન્યાય કરવામાં આવે છે. મારે ગુજરાતની જે પછાત જાતિઓ છે એના માટે પાછલી સરકારોએ જે યોજનાઓ બનાવી છે, કાયદાઓ બનાવ્યા છે એને સદંતર દૂર કરવામાં આવે છે. અમે જ્યારે વિધાનસભામાં ચૂંટાઈને આવીએ અને સોગંદ લઈએ ત્યારે ભારતના બંધારણ પ્રમાણે સોગંદ લઈએ છીએ અને ઊલટું આ સરકાર લોકોને જૂઠું બોલીને કામગીરી કરે છે એનો મારે નમૂનો રજૂ કરવો છે. ભારતના બંધારણના શિડયુઅલ ૨૪૪ની કલમ છે એમાં કાઉન્સિલની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતના જે લોકો છે એના માટે કાઉન્સિલની જે યોજના બનાવી છે એ કાઉન્સિલમાં જે નિયમો છે તેમાં ફેરફાર આ ગુજરાતની સરકાર કરી રહી છે અને ગુજરાતની આદિવાસી પટ્ટીના લોકો છે એને વિકાસના કામો કરવા માટે, લાભો આપવા માટે, એનું ભંડોળ આપવા માટે આ સરકાર સદંતર આ પૈસાનો દુરુપયોગ કરી રહી છે અને લોકોને લાભ મળતો નથી. આ જે ગુજરાતની જે કાઉન્સિલ છે એ કાઉન્સિલમાં ટોટલી આદિવાસી ધારાસભ્યોની નિયુકિત થાય છે. ગવર્નર જયારે એના બે સભ્યો નિયુકત કરે છે તેમ છતાં જ્યારે ગુજરાત સરકારે નિયમો બનાવ્યા છે ૧૯૬૦ના એમાં ચોખ્ખી જોગવાઈ કરવામાં આવી છે કે આ કાઉન્સિલનો ચેરમેન આદિવાસી કેબીનેટ મંત્રી હોવો જોઈએ, ઉપમંત્રી હોવો જોઈએ અથવા સંસદીય સચિવ હોવો જોઈએ તેમ છતાં પણ આ કાઉન્સિલનો ચેરમેન ગુજરાતના CM બન્યા છે એ આદિવાસી નથી તેમ છતાં પણ જબરજસ્તી આ ગુજરાતમાં નિયમ કરીને બનાવી દેવામાં આવ્યા છે અને આદિવાસીઓને બહુ મોટો અન્યાય થાય છે. જ્યારથી ગુજરાતમાં ભા.જ.પ.ની સરકાર આવી છે ત્યારથી આ સરકાર આદિવાસીઓની પાછળ પડી ગઈ છે. આદિવાસીના પૈસાનો દુરુપયોગ કરે છે. ગુજરાતની સરકારમાં આદિવાસીઓને કેબીનેટ દરજ્જા આપવામાં આવે છે. મંત્રીઓ બનાવવવામાં આવે છે પણ એ કામ લઈ શકતા નથી. અમારા માટે આ

હાસ્યાસ્પદ જેવી બાબત છે. મારા વિસ્તારમાં ગરીબ કલ્યાણ મેળા કરવામાં આવે છે. મુખ્યમંત્રી આવ્યા હતા. (અંતરાય)

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મારા સાથી સદસ્ય શ્રી રજનીભાઈ પટેલ મહામહીમ રાજયપાલશ્રીનો સંબોધન બદલ આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા અને હું મારું અનુમોદન આપવા ઉભો થયો છું. મારે શિક્ષણ અંગે જે કંઈ સરકાર યોજનાકીય કામ કરી રહી છે એ માધ્યમથી આપ સૌ સમક્ષ વાત કરવી છે.

પ્રાથમિક શિક્ષણ એ ખૂબ પ્રગતિશીલ શિક્ષણ થઈ રહ્યું છે અને પ્રાથમિક શિક્ષણ છે એ અત્યારના સમયમાં પિરામિડના પાયાની માફક એકદમ ઝડપથી ઊભું થઈ રહ્યું છે. પ્રાથમિક શાળાના તબક્કાઓમાં આપણે જઈએ ત્યારે પ્રાથમિક શાળાની શરૂઆત કરવા જોઈએ તો શરૂઆતથી જ શાળા પ્રવેશ મહોત્સવના કાર્યક્રમો રાજય સરકારશ્રી તરફથી ખૂબ સારા કરવામાં આવ્યા છે. શાળા પ્રવેશ કાર્યક્રમમાં સૌથી સરસ શરૂઆત બાળકની શાળાએ લઈ આવવા માટેની હોય છે. નાનું બાળક, ગભરુ બાળક પોતાની માનસિકતા, બીકના માર્યા, ડરના પેસે અને હળવું વાતાવરણ રહે અને હળવાફુલ વાતાવરણમાં પણ એમને શણગારીને સ્વચ્છ બનાવીને ગાડાઓમાં બેસાડીને, બહેનો દીકરીઓ ગીત ગાતા ગાતા લાવીને, ઢોલ નગારાના વાજાઓ સાથે શાળામાં જ્યારે પ્રવેશ કરાવવામાં આવે ત્યારે બાળક હર્ષભેર આનંદથી પ્રફુલ્લિત્ત થઈ જતું હોય છે.

મને એમ લાગે છે કે જીવન જીવવા માટે શ્વાસની જરૂર હોય છે એમ સૌથી વધુ આત્મ વિશ્વાસની જરૂર હોય છે. આ આત્મ વિશ્વાસની જરૂરિયાત શાળા પ્રવેશ કાર્યક્રમમાં બાળક શાળામાં પ્રવેશ કરે એ વખતે ભારતીય જનતા પક્ષની સરકાર, આદરણીય શિક્ષણ મંત્રીશ્રી રમણભાઈ વોરા અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કરેલા પ્રયાસના પરિણામે બાળકો આત્મ વિશ્વાસથી પ્રવેશ કરે છે અને અભ્યાસની ત્યાંથી શરૂઆત કરે છે. શાળા શરૂ થયા પછી બાકીના તબક્કાઓમાં સ્થાયીકરણની યોજનાઓ સરકારશ્રીમાં લાગુ હોય છે. બાળક શાળાએ આવ્યા પછી શાળા છોડી જતું નથી ને એ બાબતને ધ્યાનમાં રાખીને અનેક યોજનાઓ શાળાઓમાં સામેલ કરી છે. આરોગ્ય તપાસણીના કાર્યક્રમો હોય છે, ગુણવત્તાનો કાર્યક્રમ હોય છે, જીવનદીપ યોજનાનો કાર્યક્રમ હોય છે, શાળામાં પછાત વર્ગના બાળકો માટે શિષ્યવૃત્તિનો કાર્યક્રમ હોય છે. શાળાઓમાં સારું ભોજન મળે એનો કાર્યક્રમ હોય છે અને સારું સંસ્કાર ભરેલું શિક્ષણ મળે એવા અનેક કાર્યક્રમો થઈ રહ્યા છે. જેનાથી શાળાની ગુણવત્તામાં ખૂબ મોટો સુધારો આવ્યો છે. આ બધા કાર્યોથી પ્રેરાઈને સરકાર તબક્કાવાર કાર્યક્રમો આગળ લઈ જઈ રહી છે ત્યારે શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયાનું પ્રમાણ દિવસે દિવસે ઘટી રહ્યું છે એ ખૂબ આનંદની વાત છે. ધોરણ-૧ થી ૫ માં અગાઉના સમયમાં આ ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૯૩ હતો તે ઘટીને ૨૦૦૯માં ૨.૨૯ થયો હતો. હું જણાવતાં આનંદ વ્યક્ત કરું છું કે અત્યારના તબક્કામાં, વર્તમાન સમયમાં આ રેશિયો ઘટીને ૨ સુધી લાવી શક્યા છીએ એ ગૌરવની વાત છે. જ્યારે ધોરણ ૫ થી ૭ નો ડ્રોપ આઉટ રેશિયો ૩૮.૯૨ હતો જે ઘટીને વર્ષ ૨૦૦૯માં ૯.૮૫ થયો હતો અને હાલમાં એ ઘટીને ૯ ઉપર લાવ્યા છીએ તે ગૌરવની વાત છે. આમ, શાળાઓ અંગેના ખૂબ સારા પ્રયત્નો આપણે આગળ વધારી રહ્યા છીએ. એ સિવાય શાળાઓમાં તબક્કાવાર શિક્ષકોની ભરતી, શાળાઓમાં વિદ્યાર્થીઓને કૌશલ્યપૂર્ણ તાલીમ મળે એના માટેની ભરતી, ધોરણ ૮ ને પ્રાથમિક શાળામાં ભેળવીને ૧૦ હજાર જેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી. સ્કોપ અને એવી અનેક યોજનાઓ થકી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને અન્ય વિષયમાં કૌશલ્ય પ્રાપ્ત થાય એના માટે પણ શિક્ષકોની ખાસ ભરતી કરવામાં આવી છે. વિશેષમાં નવા વર્ગખંડોનું બાંધકામ, કમ્પાઉન્ડ વૉલની સુવિધા, ભૌતિક સુવિધાઓ, શાળાઓમાં પ્રયોગશાળાઓ, ફર્નિચર, મફત પાઠ્યપુસ્તકો, પી.ટી.સી. કોલેજોની આધુનિક્તા વિદ્યાલક્ષી કેળવણીને પ્રોત્સાહન, બાયોમેટ્રિક હાજરી પત્રક, મોડેલ સ્કૂલો બને એ પ્રકારના કાર્યક્રમો, શિક્ષકોની ભરતી, સેનિટેશનની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, આવી અનેક પ્રકારની વ્યવસ્થાઓ પ્રાથમિક શાળાઓમાં શરૂ કરી છે. એના કારણે ગુણવત્તાસભર શિક્ષણ આપણે પ્રાપ્ત કરી શક્યા છીએ. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતા કે દીકરો ભણે તો વ્યક્તિ ભણે છે પરંતુ દીકરી ભણે છે તો આખું કુટુંબ ભણે છે. અતિ પછાત વિસ્તારમાં આપણી દીકરીને આઠમા ધોરણમાં વિદ્યાલક્ષ્મી બોન્ડના માધ્યમથી જોઈન્ટ કરી ત્યારે પ્રત્યેકને રૂપિયા ૨૦૦૦ આપીએ છીએ. આવા બોન્ડ અત્યાર સુધીમાં ૮૮૮૪ દીકરીઓને આપવામાં આવ્યા છે. એના માધ્યમથી દીકરીઓ અભ્યાસ કરી રહી છે. કેન્દ્ર સરકારની વાતો મારા સાથી સદસ્યો વિરોધ પક્ષમાંથી હમણાં કરતા હતા. કેન્દ્ર સરકારમાંથી આ આપવામાં આવ્યું, તે આપવામાં આવ્યું, મનમોહનસિંહજી આપી રહ્યા છે. હું કહેતાં દુઃખ અનુભવું છું, ગ્લાનિ અનુભવું છું કે ગુજરાતને આ પાઠ્યપુસ્તકના વાતાવરણમાં, પ્રગતિશીલ રાષ્ટ્રના શિક્ષણમાં કેન્દ્ર સરકાર ધોરણ ૧ થી ૮ સુધીમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો આપી શકતું નથી એનું હું જાહેરમાં દુઃખ વ્યક્ત કરું છું. (અંતરાય) (સમયસૂચક ઘંટડી)

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર મારા મંતવ્યો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી એવી જાહેરાતો કરે છે કે ગુજરાતની અંદર મારી સાડા પાંચ કરોડની પ્રજા છે. એની અંદર મુસ્લિમો પણ છે અને મુસ્લિમો માટે એમણે ખાસ કહ્યું છે કે એમના

રોજી રોટી અને શિક્ષણ માટે બધા પ્રયત્નો કરીશું. હમણાં જ થોડા સમય પહેલા ૯ કરોડ રૂપિયાની સ્કોલરશીપ માટે ગ્રાન્ટ આવી એની અંદર પર હજાર વિદ્યાર્થીઓને લાભ આપવાનો હતો.
એમાંથી એકેય વિદ્યાર્થીને લાભ આપ્યો નથી અને કોઈ જાહેરાત પણ કરવામાં આવી નથી અને એ ગ્રાન્ટ પાછી ગઈ આ ભેદભાવભરી નીતિ તમે છોડો. શું કામ આવી વાતો કરો છો કે મુખ્યમંત્રી ગુજરાતનો વિકાસ કરી રહ્યાં છે? સ્વર્ણિમ ગુજરાત વર્ષ ઊજવી રહ્યાં છીએ એની અંદર આપણે ગુજરાતની ૨૫ જિલ્લાઓમાંથી ૩૪૪ કેદીઓની માફી કરી છે એમાં માનગઢના ૧૧ સામૂહિક હત્યા કેસના કેદીઓને પણ માફી કરી છે. ટ્રિપલ મર્ડર કેસના આરોપી બાબુભૈયાને પણ માફી કરવામાં આવી છે અને અમારાં અમદાવાદમાં ૧૮ માણસો જે જન્મટીપની સજા ભોગવી ચૂક્યાં છે, પાંચ વર્ષ ઉપર થઈ ગયા છે, ગુજરાત હાઈકોર્ટનો આદેશ છે કે આમે છોડી દો છતાં આજ સુધી છોડવામાં નથી આવતા. આ કેવી ભેદભાવભરી નીતિ છે? અત્યારે જ માયાબેન કહેતા કહેતા કે આંગણવાડી માટે નંદનવન બનાવીશું, પણ અમે તો નંદન ઘર બનાવી ચૂક્યાં છીએ આજે જ સેન્ટ્રલે વાત કરી છે કે અમે ૧૫૦૦ ના બદલે ૩૦૦૦ કરીએ છીએ એ ઓછું છે? અમારાં ભારતના પ્રાઈમ મિનિસ્ટર જેમણે સાચર સમિતિનો રિપોર્ટ અહીંયા ગુજરાતમાં મોકલ્યો છે અને એનો અમલ કરવા માટે કહ્યું છે પણ આજ સુધી અહીંયા કોઈ જાતનો અમલ થતો નથી. માયનોરિટીને પાછળને પાછળ જ ધકેલવામાં આવે છે. આજે માયનોરિટી આગળ વધી રહી છે તો પોતાની મહેનતથી, પોતાની તાકાતથી અને અલ્લાહની મરજીથી આગળ વધી રહી છે નહિ કે કોઈનો અહેસાન છે. હું આપના મારફત કહેવા માગું છું કે મુખ્યમંત્રીએ મુસ્લિમોને રોજી-રોટી આપવાની છે એના અંદર બાંહેધરી આપે. આજ સુધી ૧૬ વર્ષથી સરકારને થયા પણ એકેય મુસ્લિમને ગુજરાત સરકારે કોઈ રોજી-રોટી આપી નથી. કોઈને શિક્ષણ ક્ષેત્ર આગળ વધાર્યા નથી. આજે કેવી વાત કહેવાય? સાહેબ, અમે ગુજરાતની અંદર રહીને ધંધો-રોજગાર કરીએ છીએ અને અમારી સામે આવી ભેદભાવભરી નીતિ રાખો છો? આજે ગુજરાતની અંદર સાચર સમિતિના રિપોર્ટના આધારે હાઉસિંગની કોઈ કૉલોની બની નથી. જે બને છે એ બીજા ભાઈઓની જ બને છે. અમને કોઈ વાંધો નથી કે બીજા ભાઈઓની બને પણ સાથે સાથે હાઉસિંગનો જે અમારો પ્રોબ્લેમ છે એના અંદર હાઉસિંગ કૉલોની પણ બનવી જોઈએ.

શિક્ષણ ક્ષેત્રે અમારામાં કોઈને પણ એડમિશન આપતા નથી. આ તમારી ભેદભાવભરી નીતિના કારણે તમે આ કોમી ઝેર પ્રજાની વચ્ચે રેડાવો છો એના હિસાબે અમારે સહન કરવું પડે છે તો હું આપના મારફત વિનંતી કરું છું સાહેબ, કે જરા નીતિ સુધારો. મને એક શેર યાદ આવે છે-

**આપ જરા તાલાબ કા પાની બદલ દો,**
**કમલ કે ફૂલ મુરઝાને લગે હૈ.**
**ખામોશી, માયુશી તુમ્હેં જીને નહિ દેગી ભાજપ કે દૌરમેં.**

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર મારાં સાથી સભ્ય રજનીભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર હું મારાં વિચારો રજૂ કરી અને અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીએ ગુજરાત સરકારે આદિજાતિ વિસ્તાર માટે કરેલો વિકાસ અને જે એનું વર્ણન હતું અને એની જે પ્રશંસા થતી હતી એ ચોક્કસ રીતે ગુજરાત સરકારની બહુ મોટી સિદ્ધિ કહી શકાય. ગુજરાતની અંદર ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે કુલ ૫૦૬.૭૧ લાખની વસ્તી છે એમાં આદિજાતિની વસ્તી ૭૭ લાખની આજુબાજુ થાય છે. મોટાભાગની આદિજાતિ વિસ્તાર પૂર્વ પટ્ટી ઉપર આવેલ છે અને આ પૂર્વપટ્ટીનો ભાગ ડુંગરાળ, ખડકાળ અને વન વિસ્તારમાં ફેલાયેલો છે. આ વિસ્તારના વિકાસ કરવામાં ઘ ણી બધી મુશ્કેલીઓ હતી, અનેક ભૂતકાળના શાસનમાં પણ આપણે ટ્રાયબલ બજૅટ જોયું? પણ મારે ચોક્કસ કહેવું જોઈએ કે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ૧૫૦૦૦ કરોડનું પૅકેજ બનાવીને.
જે આ વિસ્તારનો વિકાસ કરવાની જે ચિંતા કરી છે એના જ અનુસંધાને અત્યાર સુધી ૧૨કરોડ, ૮૬૦ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ અને અત્યાર સુધીમાં ૯ કરોડ, ૭૪ હજાર જેટલી રકમ વપરાઈ પણ ચૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, સામેના મિત્રો ઘણીવાર આદિજાતિ વિસ્તારમાં શું વિકાસ થયો એની ચર્ચા કરતા હોય છે પણ મારે સ્વાભાવિક રીતે થોડા સમય પહેલાં પણ સામેના સભ્યો પણ મારી ટ્રાયબલ કમિટીમાં સાથે હતા, મારા દક્ષિણ ગુજરાતના ચીખલી, ધરમપુર કે કપરાડા જેવા વિસ્તારની મુલાકાત પણ લીધી છે. અમરસિંહભાઈ જે કહેતા હતા કે, અતિ પછાત વર્ગના જે લોકોની ચિંતા આ મુખ્ય મંત્રીશ્રીએ કરી છે. અમારા બહેનશ્રી કહેતા હતા કે, વૈષ્ણવજન્ તો એને રે કહીએ કે જે પીડ પરાઈ જાણે રે. હું ચોક્કસ આજ લીટી ઉપર કહેવા માગુ છું કે, મુખ્ય મંત્રીશ્રી તો એને રે કહીએ, લોકોની પીડા જાણે રે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિમ જુથના લોકોની જ્યારે એમણે મુલાકાત લીધી ત્યારે હું ગર્વ સાથે કહી શકું કે, એની પાસે કદાચ એકાદ વિઘા કે દોઢ વિઘા જમીન હોય એમાં એ ૮૦ થી ૯૦ હજાર રૂપિયા એ આજીવિકા, એ જીવિકા પ્રોજૅકટ હેઠળ એ કમાતો થયો છે. એની કારેલાની, દૂધીની, આદુની અને હળદરની અને અન્ય પાકની જ્યારે અમે ખેતી જોઈ છે, સામેના સભ્યોએ પણ પોતે નિહાળી છે અને એમણે પણ વખાણ કર્યા છે કે ના, ખરેખર કદાચ યોજનાઓ ધ્વારા છેવાડાના વ્યકિત સુધી જો લાભ આપવામાં

આવ્યો હોય તો આ એક આપણે નજરે જોઈ શક્યા છીએ અને એના અનુભવના આધારે અમે ચોક્કસ કહી શકીએ કે આપણા આદિવાસી વિભાગનું જે બજેટ છે અને નરેન્દ્રભાઈએ કરેલી ચિંતાનું પરિણામ હવે આપણે ચોક્કસ જોઈ રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સિનીયર સભ્ય અને અર્જુનભાઈ સનદની જમીન જે જંગલની જમીન વિશે પણ એમના માટે પણ ઘણું કહેવાયું. મારે કહેવું છે કે, ૧૯૭૦ પહેલાં જે જમીન ખેડતા હતા એ કેન્દ્રની અંદર એન.ડી.એ.નું શાસન હતું અને અહીયા માનનીય મુખ્ય મંત્રીશ્રી કેશુભાઈ હતા તે સમયે સનદો આપવામાં આવી છે અને એની જ સાથે મધ્યપ્રદેશમાં પણ સનદો આપવામાં આવી હતી. ૨૦૦૬માં કાયદો બન્યા પછી જે કબજા પાવતી આપવાનું જે અત્યારે સરકાર જે કાંઈ કાર્યવાહી કરી રહી છે એ પણ ભા.જ.પ.ની સરકાર કરી રહી છે. તો ફરક એ છે કે, એ સનદ હતી આ કબજા પાવતી છે. સનદ વખતે એને પૂરો હક્ક મળે, એના ઉપર એ ખેડૂત કોઈપણ સાહસ કરી શકે, કોઈ પાઈપ લાઈન કરવી હોય કોઈ ડિઝલ એન્જીન લેવું હોય અન્ય પ્રકારનું સાહસ કરી શકે. એ ફક્ત કબજા પાવતી છે એ ફક્ત ખેડી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તાર માટે પાણી હોય, વીજ જોડાણ હોય, આંતરિક રસ્તાઓ હોય, અન્ય પ્રકારની સુવિધાઓ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, દૂધ સંજીવની યોજના, આ દૂધ સંજીવની યોજના ૨૦૦ મી.લી. દૂધ ફોર્ટીફાઈડ દૂધ જ્યારે આ બાળકોને આપવામાં આવે છે ત્યારે આરોગ્યની રીતે જે અમારા અતિ પછાતના બાળકો જે રીતે સ્કૂલમાં જાય છે, એની પૂરી હાજરી જોવા મળે છે. પૂરી હાજરીના કારણે ડ્રોપ આઉટ રેશિયામાં પણ ખાસ્સો એવો ઘટાડો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, રેશિડેન્શીયલ સ્કૂલ હોય, એકલવ્ય સ્કૂલ હોય કે અન્ય પ્રકારની શાળાઓમાં સુવિધા ઊભી કરાવી અમારા આદિવાસી વિસ્તારોના બાળકોની જે ચિંતા કરી છે એ વર્ષો પછી થઈ છે. ઉદ્યોગોનો પણ વિરોધ થાય છે. પણ હું ચોક્કસ કહેવા માગું છું કે, અમારા યુવાનો આજે કહી રહ્યા છે કે, ગ્રામ્ય વિસ્તારમાં પણ નાના મોટા ઉદ્યોગો...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ભારતના સામાજીક તથા સાંસ્કૃતિક નવ જાગરણના મહાન જ્યોતિર્ધર, આર્ય સમાજના સ્થાપક અને સત્યાર્થ પ્રકાશ અને રૂગ્વેદ ભૂમિકા જેવા મહાન ગ્રંથના રચિતા સ્વામી દયાનંદ સરસ્વતીની જન્મ જયંતી છે.

આજે આભાર પ્રસ્તાવની અંદર સાથી પક્ષના અને શાસક પક્ષના કુલ મળીને ૩૭ જેટલા માનનીય સદસ્યશ્રીઓએ પોતાના વિચારો મુકયા છે. ૧૯૬૦ થી ગુજરાત રાજયની અલગ સ્થાપના થઈ અને આપણે જયારે સ્વર્ણિમ ગુજરાત જયંતિ ઉજવી રહ્યા છીએ એ વખતે છેલ્લા ૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમ રાજયપાલશ્રી સ્વ. મેજી નવાબ જંગથી શરૂ કરીને આજે મહામહીમ રાજયપાલ શ્રદ્ધેય કમલાજી સુધીના ૨૧ રાજયપાલશ્રીએ અને એમાં કમલાજીએ ગુજરાતના સદાકાળ જે ચાર મહાપુરૂષો છે એવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, પૂજય રવિશંકર મહારાજ, શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક આ બધાને ભાવપૂર્વક યાદ કર્યા અને ગુજરાતના મહાનુભાવો માટે આવો અનોખો ભાવ એમણે પ્રગટ કર્યો એ માટે આપણે તેમનો આભાર ન માનીએ તો આપણે નગુણા કહેવાઈએ. વિરોધ પક્ષના નેતાશ્રી માનનીય શકિતસિંહનું ભાષણ મેં ધ્યાનપૂર્વક સાંભળ્યું. તેમની પાસેથી અભ્યાસપૂર્ણ, તટસ્થતાપૂર્ણ અને ગરિમાપૂર્ણ વાતની અપેક્ષા હતી પરંતુ હું નિરાશ થયો. એમણે એમના ભાષણમાં કહ્યું કે રાજયપાલશ્રીના ભાષણમાં સ્પષ્ટ દ્રષ્ટિ, દિશા કે કાર્યક્રમ નથી. વિરોધ પક્ષના નેતા જેવી વ્યકિત ફકત વિરોધ કરવા ખાતર જ આવી વાત મુકે તો ખરેખર મને દુઃખ થયું. જયારે દ્રષ્ટિ અને દિશાની વાત કરી છે ત્યારે મારે કહેવું છે કે આપના વતી આ ગૃહના સન્માનનીય સભ્યોને કે નરેન્દ્રભાઈ મોદીના કલાઈમેટ ચેન્જ નામના પુસ્તકનું વિમોચન થયું અને એમાં મહાન વૈજ્ઞાનિક ભારતીય અણુબોમ્બના પિતા અને પૂર્વ રાષ્ટ્રપતિ આદરણીય અબ્દુલ કલામે કહ્યું હતું કે સમગ્ર વિશ્વ સમક્ષ જયારે કલાઈમેટ અને પર્યાવરણના વિકરાળ પ્રશ્નો ઊભા થયા છે ત્યારે શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતને જ નહીં ભારતને અને સમગ્ર વિશ્વને દિશા, દ્રષ્ટિ અને કાર્યક્રમ આપ્યો છે. આ વાતને વિશ્વના પર્યાવરણ નિષ્ણાત ડો. પ્રચુરીજીએ એમાં સૂર પુરાવ્યો છે. નરેન્દ્રભાઈની પ્રશાસક તરીકેની વિરાટ પ્રતિભાવ પ્રત્યે કોઈને દ્વેષ, કોઈને ઈર્ષા હોય હું કેવી રીતે સમજાવું. આઈ એમ હેલ્પ લેસ. મારે એમને શૂન્ય પાલનપુરીની પંકિતઓ દ્વારા જવાબ આપવો છે.

ઈર્ષાળુને શુધ નથી હોતી નફા તોટ તણી, ક્રોધમાં ને ક્રોધમાં વહોરે છે પીડા ઘણી
તેજથી તેઓ પ્રતિભા જીરવી શકતા નથી, આંખ ચોળે છે ઉડાડી ધુળ સુર્ય તણી

ગુજરાતના મુસ્લીમભાઈઓ કોંગ્રેસમાંથી હવે ભા.જ.પા. તરફ વળ્યા છે. છેલ્લી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી થઈ એમાં ૧૦૮ મુસ્લિમ ઉમેદવારો ભા.જ.પા.ના કમળ ઉપર ચુંટાયા. આ બધાને માનનીય શકિતસિંહે સિઝન પ્રમાણે રંગ બદલાય છે એવી ભાષામાં એમણે વાત કરી. ૧૯૫૨ થી જનસંઘના ડો. શ્યામા પ્રસાદ મુખરજીથી શરૂ કરીને વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ ગડકરીજી સુધીનો અમારો રંગ ભગવો અને કેસરી છે. સુર્યોદય વખતે અને સુર્યાસ્ત વખતે ભગવાન સૂર્યનારાયણનો જે ભગવો રંગ હોય છે એ જ રંગ અમારો છે.

અમે ક્યારેય રંગ બદલતા નથી. માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ પંડિત દીનદયાલજી ઉપાધ્યાયના એકાત્મક માનવતાવાદ છે અને એને વરેલા છે અને એમને માણસમાં માણસ સિવાય કોઈ હિન્દુ-મુસ્લિમ જેવું દેખાતું નથી. એમની કવિતામાં કવિ નરેન્દ્ર મોદી શું કહે છે. એમ કહે છે કે:-

" કોઈ પંથ નહિ કોઈ નહિ સંપ્રદાય, માણસ એ તો માણસ.

અજવાળામાં ફરક પડે શું કોડિયું હોય કે ફાનસ ".

લઘુમતી કલ્યાણ વિભાગનો મારી પાસે હવાલો છે અને મહામહીમ રાજ્યપાલજીએ હું એટલા માટે વિશેષ આભાર માનીશ કે ગુજરાતમાં લઘુમતીઓ સાથે અન્યાય થાય છે, આવું ભારતભરમાં અમારા કોંગ્રેસના મિત્રો ભ્રમણા ફેલાવતા હતા, એનો પરપોટો ગવર્નરશ્રીએ ફોડી નાખ્યો. સત્ય બહાર આવતું હોય છે. મને દુ:ખ એ વાતનું છે કે મહામહીમ રાજ્યપાલ મહોદયા સત્યમ, શિવમ, સુંદરમ કહી શકાય એવા ઉદ્‌બોધનથી જ્યારે ગૃહને સંબોધન કરતા હોય એ વખતે ધમાલ થાય એ વાંચી ન શકે, કારણ તેમાં નરેન્દ્ર મોદીએ ગુજરાત માટે જે શુભ કાર્યો કર્યા હતા, એની પ્રશંસા હતી. નરેન્દ્રભાઈની સિદ્ધિની ગવર્નરશ્રી રજૂઆત કરે તે સર્વથા સરકારના વડા તરીકે યોગ્ય, નયોચિત અને બંધારણીય છે. માનનીય રાજ્યપાલ મહોદય ગુજરાતના મુસ્લિમોની પ્રગતિ અને સદ્ધરતાના જે આંકડા આપ્યા છે, તે ઉત્સાહવર્ધક છે. શહેરી ક્ષેત્રે પ્રતિમાસ વ્યક્તિદીઠ આવકના આંકડા જોઈએ તો ગુજરાતમાં કેટલા છે: ગુજરાતમાં રૂપિયા ૮૭૫, પશ્ચિમ બંગાળમાં રૂપિયા ૭૪૮, બિહારમાં રૂપિયા ૫૫૯, ઉત્તર પ્રદેશમાં રૂપિયા ૬૬૨, આંધ્રપ્રદેશમાં રૂપિયા ૮૦૩, મધ્યપ્રદેશમાં રૂપિયા ૬૬૯, ઓરિસ્સામાં રૂપિયા ૭૮૫, કર્ણાટકમાં રૂપિયા ૮૩૭ અને ગુજરાત ફરીથી રૂપિયા ૮૭૫ હમણા મારા સભ્ય કહેતા હતા મારા મિત્ર છે. એમને કોઈ રોજગારી મળતી નથી. હું સરકારી નોકરીના આંકડા જોતો હતો. સરકારી નોકરીના આંકડા જોતો હતો ત્યારે ગુજરાતમાં મુસ્લિમોની વસ્તી છે ૯.૧ ટકા ૨૦૦૧ પ્રમાણે. એની સામે કર્મચારી ગણમાં ૫.૪ ટકા ૯ ટકાની સામે ૫.૪ ટકા સરકારી નોકરીમાં છે. બીજા રાજ્યમાં કહું તો પશ્ચિમ બંગાળમાં વસ્તી ૨૫ ટકા નોકરી ૨ ટકા, ઉત્તર પ્રદેશમાં વસ્તી ૧૮ ટકા નોકરી ૫ ટકા, બિહારમાં વસ્તી ૧૬ ટકા નોકરી કેટલી ૭ ટકા, મહારાષ્ટ્રમાં વસ્તી ૧૦ ટકા નોકરી ૪ ટકા, દિલ્હીમાં વસ્તી ૧૧ ટકા નોકરી કેટલી? ૩ ટકા. સમગ્ર ભારતભરની અંદર સરકારી નોકરીઓમાં સૌથી વધારે ટકાવારી હોય તો તે ગુજરાતમાં છે. મારે કહેવું છે કે(અંતરાય) પ્રધાનમંત્રીનો જે પંદર મુદ્દાનો લઘુમતી કાર્યક્રમ છે. એમાં ભારત સરકારે ગુજરાતને ગુડ કેટેગરી આપી. અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ એને બેડ કેટેગરી બરાબર છે એમ કહી દીધું. મને આઘાત લાગ્યો હું પણ કાયદાનો વિદ્યાર્થી છું.

માનનીય અધ્યક્ષશ્રી,તમારી પાસે અપેક્ષા હતી કે આપ એક વિદ્વાન એડવોકેટ છો, વિરોધપક્ષના, સાથી પક્ષના નેતા છો. જે શબ્દો એમણે પોતાની રીતે જોડ્યા. તેમણે શું કહ્યું. થોડુંક સાંભળો. કેટેગરી તેમણે પોતાની રીતે બનાવી. કેવી બનાવી. એકસીલન્ટ, મને સાંભળે. તે બોલતા હતા તે વખતે હું વચ્ચે એક શબ્દ નથી બોલ્યો. (અંતરાય) એમનો જવાબ આપી રહ્યો છું. કોની કેટેગરી છે તે હું કહું છું. તેમણે જે અહીંયાં ફરીથી જે કેટેગરી રજૂ કરી તે એકસીલન્ટ, આઉટ સ્ટેન્ડીંગ અને વેરીગુડ હોય અને પછી એમ કહ્યું કે ગુજરાત તો તળીયે છે. ગુડ એટલે બેડ આવું તો મેં ગુડ એટલે બેડ થાય આવું તો મેં કયારેય સાંભળ્યું નથી. પંદર મુદ્દાનો જે કાર્યક્રમ છે તેની અંદરની જે કેટેગરી છે તે મારા વિદ્વાન મિત્રને તેમના જ્ઞાનમાં વધારો કરવા માટે કહું છું. તેમાં જે કેટેગરી નક્કી કરી છે તે કેટેગરી ગુડ, જે સારી કક્ષા માટે હોય તેના માટે ગુડ, ઉતરતી કક્ષા માટે ફેર અને નીચલી કક્ષાની હોય તેના માટે પુઅર. ગુડ, ફેર અને પુઅર. ટોપ ઉપર ડીસ્ટીંકશન ઉપર ગુડ છે અને ગુજરાત તે ગુડ કેટેગરીમાં છે. ભારતના ૩૫ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશ તેમાં ૧૨ રાજયોમાં ગુડ કેટેગરી છે અને ગુજરાત તેમાં મોખરે છે. ૮ રાજયોમાં ફેર અને ૧૫ રાજયોમાં પુઅર છે. ગુજરાતમાં નહીં. બીજી એમણે રિપોર્ટ ઉપર છે. તે કયાંથી લાવ્યા તે મને ખબર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રી મૅટ્રિક શિષ્યવૃત્તિ માટે એવી વાત કરવામાં આવી. આપણે સમાજમાં રહીએ છીએ અને આપણે ઈચ્છીએ કે બધાને સરખો ન્યાય મળે. એટલા માટે ત્યાંની કેન્દ્ર સરકારે યોજના મોકલી અને તે યોજનામાં અનુસૂચિત જાતી નો સ્કોલરશિપ, આદિજાતિ નો સ્કૉલરશિપ, ઓ.બી.સી. નો સ્કોલરશિપ અને લઘુમતી માટે રૂા.૪૦૦૦ની શિષ્યવૃત્તિ. આપણે સમજવું પડશે કે આપણે કોને ન્યાય આપવા માટે બેઠા છે અને કોને અન્યાય કરવા બેઠા છીએ. સરકારના વખાણ થાય, ધારાસભ્યશ્રીઓ મુખ્યમંત્રીનું નામ બોલે. આ બધા મિત્રો છે તેમને નરેન્દ્ર મોદી ફેબીયા થઈ ગયો છે. નરેન્દ્ર મોદીનું નામ આવે એટલે તેમની ઉંઘ હરામ થઈ જાય. એટલા માટે આ બધા બનાવો ટાંકી લાવ્યો છું આજે. હું જે બોલું છું તે ઓન રેકર્ડ બોલું છું. ફરીથી કહું છું અધ્યક્ષશ્રી એક એક વસ્તુ ઓન રેકર્ડ બતાવી શકું તેમ છું. *(xxxx) (xxxx) (xxxx)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### ગૃહમાં હાજર ન હોય તેના વિશે ઉલ્લેખ કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : કયા મુદ્દા પર છે. કયા મુદ્દા પર છો. કહેવું જોઈએ. મારે પૂછવું જોઈએ.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો છે કે કોઈ વ્યકિત બહાર, આ ગૃહની બહાર બોલે છે. જે વ્યકિત આ ગૃહની સભ્ય નથી. તે શું બોલી છે? તેના પછી તેનો શું ખુલાસો આવ્યો છે. અહીંયાં તે ખુલાસો કરી શકવાને શકિતમાન નથી. જે વ્યકિત ગૃહની બહાર બોલી છે અને જે હાજર નથી તે વ્યકિત હાજર નથી તેના વિશે બોલવાનું આપ પરમીટ કરવાના હોવ તો હું છાપાના અવતરણો લઈ અને ભારતીય જનતા પક્ષ અને મુખ્યમંત્રી વિશે આખા દેશમાં બાજપાઈજીએ રાજધર્મ નિભાવવાનું કહ્યું હોય ત્યારથી લઈ દરેક વસ્તુ જે સભ્ય કે વ્યકિત આ ગૃહમાં હાજર નથી.

માનનીય વાજપેયીએ રાજધર્મ નીભાવવાનું કહ્યું હોય ત્યારથી લઈને દરેક વસ્તુ, જે વ્યકિત આ ગૃહમાં હાજર નથી એ વ્યકિત અને એના ઉચ્ચારણોનો જો ઉલ્લેખ અહીંયા કરવાનો હોય, આપણા અધ્યક્ષશ્રીઓના અનેક વખતના નિર્ણયો છે, આપણી પરંપરા છે કે ગૃહમાં જે વ્યકિત હાજર નથી અને ગૃહમાં રહીને પોતાની વાતનો ખુલાસો કરી શકે એમ નથી એને ટાંકીને એની વાત કરવાની આપ પરવાનગી આપવાના હોય તો મને બિલકુલ વાંધો નથી, હું આ પ્રકારના અવતરણોનો એકેએક વ્યકિત બહાર શું બોલી હતી અને એનું શું છાપામાં આવ્યું હતું એ હું ટાંકીશ. ભૂતકાળમાં માનનીય અશોકભાઈનું પણ આ જ મંતવ્ય હતું અને આ જ નિર્ણય હતો કે જે વ્યકિત ગૃહમાં હાજર નથી એ વ્યકિત બહાર શું બોલી હતી એના આધારપર આ ગૃહમાં ટાંકી શકતું નથી, નવી પ્રથા શરૂ કરવી હોય, નવી શરૂઆત કરવી હોય...

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત ગૃહમાં હાજર ન હોય એની આપણે ટીકા ન કરી શકીએ. (અંતરાય) પૉઝિટીવ વાત કરી શકાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** માનનીય અધ્યક્ષશ્રી, તો એ બોલ્યા છે અને એનો ખુલાસો, તો હું આપને કહીશ મને વાધો નથી, સાહેબ. એ પ્રથા આપણે પાડવી હોય તો મને વાંધો નથી. માનનીય વાજપેઈજી જે બોલ્યા હતા ગુજરાતમાં આવીને, એમણે રાજધર્મની વાત કરી હતી.. એ વાતને.. ગૃહની બહાર બોલેલા શબ્દો, એમના શબ્દો જો એ આ ગૃહમાં પરમિટ કરવાના હશે કે જે વ્યકિત ગૃહમાં હાજર નથી..(અંતરાય) કારણ કે એ સાચુ બોલ્યા છે, ટીકાત્મક બોલ્યા છે એમણે પછી જે ખુલાસો કર્યો છે એને પણ અમે કાલે વાંચશું અને જો આ જ રીતે વર્તમાનપત્ર આધારિત વાતોને પરમીશન આપવાની હોય તો..

**અધ્યક્ષશ્રી** : વિધાનસભાના નિયમોના નિયમ-૩૪ (૯) હેઠળ, કોઈ પણ ખાનગી વ્યકિત સામે આક્ષેપ કરી શકાય નહીં. ગૃહના બંને પક્ષે અનેક ચર્ચાઓ થઈ છે અને ક્યારેક આ પક્ષે પણ ઉલ્લેખો થયા અને આ પક્ષે પણ થયા, એટલે કોઈ બહારની વ્યકિતની ટીકા ન કરી શકાય એ આપણે વારંવાર કીધું છે ભારતના કોઈપણ ભાગમાં ક્ષેત્રાઅધિકાર ધરાવતા કોઈપણ ન્યાયાધીશ પોતાની ફરજો બજાવતા હોય તે વખતના વર્તન ઉપર અથવા ભારતના કોઈપણ ભાગમાં ક્ષેત્રા અધિકાર ધરાવતા કોઈપણ ન્યાયાલય ઉપર આપણે આક્ષેપ કરતા નથી. (અંતરાય) માનનીય શકિતસિંહભાઈ, બંને પક્ષે આપણે આવી ઘણી બધી વાતો કરી છે. (અંતરાય ) માનનીય મંત્રીશ્રી, આપ બોલો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** :માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું કે નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતમાં લઘ ુમતીઓ સાથે ભેદભાવ રાખવામાં આવતો નથી. ગુજરાતમાં મુસ્લિમો સુખી છે અને અન્ય ગુજરાતીઓ સાથે તેમનો પણ વિકાસ થઈ રહ્યો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવા ઉલ્લેખો ટાળી આપ આપના પ્રવચનમાં આગળ વધો. (અંતરાય) પ્લીઝ, આપ બેસો, સમયનું મહત્ત્વ સમજો, માનનીય દિલીપભાઈ પ્લીઝ..

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો પછી વિરોધપક્ષના નેતાશ્રી પોતાના પક્ષના સભ્યશ્રીઓને ઉશ્કેરીને હાથ ઊંચા કરાવે આ રીત વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, માનનીય મંત્રીશ્રી, આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

માનનીય મંત્રીશ્રી આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશ:)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના આદરણીય મંખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને લક્ષ્ય બનાવીને જે મારા મિત્રો નકારાત્મક પ્રચાર કરી રહ્યા છે અને એનો જવાબ ગુજરાતની જનતાએ આપી દીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, નકારાત્મક વાતોથી પ્રસિધ્ધ મળી શકે છે પણ સિધ્ધિ મળી શકતી નથી. આજે તૃષ્ટિકરણની વાત મેં અગાઉ કરી અમે એમ માનીએ છીએ કે justice to all and appeasement to none માનનીય અધ્યક્ષશ્રી, આ અમારો પક્ષ છે કે જે જોડવામાં માને છે તોડવામાં નહીં. અને એટલા માટે તાજેતરમાં જે ચૂંટણી થઈ એની અંદર ૮૦ નગરપાલિકાની ચૂંટણીમાં ૨૪૫૭ બેઠકમાંથી ૧૫૪૭ બેઠક ભાજપને મળી, ૨૦૮ તાલુકા પંચાયતની ૨૪૫૭ બેઠકમાંથી ૨૪૫૭ બેઠક એ ભાજપને મળી, ૬ મહાનગરપાલિકામાં ૫૫૫ માંથી ૪૪૨ બેઠક ભાજપને મળી. મિત્રો મારે એમને એટલા માટે આ યાદ અપાવવું છે કે આ તૃષ્ટીકરણની નીતિને કારણે અત્યારે જે આપણને આતંકવાદનો જે ઓછાયો દેખાય રહ્યો છે. આજે દશા કેવી છે કે આજ તૃષ્ટિકરણને કારણે

કાશ્મીરના લાલચોકમાં આપણે રાષ્ટ્રધ્વજ ફરકાવી ન શકીએ. હું અભિનંદન આપીશ અને ગૌરવ સાથે આ ગૃહને કહીશ કે ૧૯૯૨ માં અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ મુરલી મનોહર જોષી અને આદરણીય નરેન્દ્રભાઈ મોદીએ લાલચોકમાં જઈને તિરંગો લહેરાવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ એક સુપ્રિમ કોર્ટનું જજમેન્ટ આવ્યું, આ જજમેન્ટમાં એમ કહ્યું કે ભારતના બંધારણના આર્ટિકલ ૪૪માં ૧૯૮૫નું શાહબાનુ જજમેન્ટ, ૧૯૯૫નું મુખ્તાર જજમેન્ટ, ૨૦૦૩નું જોન વોલ્ટામેન જજમેન્ટ અને આ બધા જજમેન્ટોએ એમ કહ્યું કે, તમામ ધર્મના લોકો માટે સમાન સીવીલ કોડ હોવો જોઈએ. આ સુપ્રિમ કોર્ટે કહ્યું અને* (xxxx) (xxxx) (xxxx) (અંતરાય)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર જજમેન્ટ વાંચવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે બોલતો હતો ત્યારે જજમેન્ટની ચર્ચા કરવાની ના પાડતા હતા.(અંતરાય)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : સાહેબ, જજમેન્ટ કેમ વાંચી ન શકાય? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : ચર્ચાનો કોઈ સવાલ નથી. પહેલા એ બતાવવું જોઈએ કે પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પહેલા ના પાડે છે કે કોઈ પણ જજમેન્ટની ચર્ચા નહીં કરવાની અને આ માનનીય મંત્રીશ્રી સુપ્રિક કોર્ટના જજમેન્ટની ચર્ચા કરે છે એ કેવી રીતે ચાલે?

**શ્રી વજુભાઈ વાળા** : પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે એ આપ પહેલા કહોને? (અંતરાય) આ કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપનો જ આ નિર્ણય છે હમણા જ. આપનો હમણાનો જ નિર્ણય છે. આજ રીતે હાઈકોર્ટના જજમેન્ટો વાચવાના હોય તો હાઈકોર્ટના જજમેન્ટો લાવીને અને ફિસરીઝ ડિપાર્ટમેન્ટમાં જજે શું ટીકા કરી છે એ અમને પણ કહેતા આવડે છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : આપને જે કહેવું હોય એ કહેજોને.

**શ્રી વજુભાઈ વાળા** : એ જે તે સમયે કહેવું હોય તો કહેવાની તમને છૂટ છે. અત્યારે માનનીય મંત્રીશ્રીને બોલતા અટકાવવા એ વાજબી નથી. આ કોઈ સવાલ જ નથી.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : આવા ઉચ્ચારણો ટાળી માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન આપ ચાલુ કરો. માનનીય શકિતસિંહભાઈ, આપ બેસી જાવ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જજમેન્ટ રેકર્ડ ઉપરથી કેવી રીતે દૂર થાય

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત આ ગૃહમાં હાજર ન હોય એમના નામનો ઉલ્લેખ કરીને કશું કહી શકાય નહીં, આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ. (અંતરાય)
જે વ્યકિત આ ગૃહમાં હાજર નથી, આમાં ક્લીયર જજમેન્ટ છે કે જે વ્યકિત હાજર ન હોય એના વિશે ના બોલી શકાય, એમને ઠીક લાગે તેમ બોલે. આપના અનેક જજમેન્ટ છે. આપણા પૂર્વ અધ્યક્ષશ્રીનું પણ લેખિત જજમેન્ટ છે કે જે વ્યકિત ગૃહમાં હાજર નથી, છતાં આપ તેના શબ્દો પણ ગૃહના રેકોર્ડમાંથી દૂર ના કરો?

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ વ્યકિત વિશેનું જજમેન્ટ નથી માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જ્યારે હું ઉલ્લેખ કરતો હતો ત્યારે એવું કહેવામાં આવ્યું કે કોર્ટના જજમેન્ટ ઉપર ટીકા ટિપ્પણી ન થાય અને એમને આપ પરમીટ કરો છો, રોકતા પણ નથી. બન્ને બાજુ સરખું હોય, આપ એમ કહો કે જજમેન્ટ આવી ગયું હોય તો પણ. એમને કન્વીનીઅન્ટલી વાંચવાનું?
**(આ તબક્કે વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓએ "દાદાગીરી નહિ ચલેગી, દાદાગીરી નહિ ચલેગી તથા દાદાગીરી બંધ કરો," એવા સુત્રોચ્ચારો સાથે સભાત્યાગ કર્યો.)**

**શ્રી દિલીપ સંઘાણી** : અધ્યક્ષશ્રીના નિર્ણયો ઉપર કોઈ ચર્ચા કે એની સામે કોઈ દેખાવો ન થઈ શકે, કોંગ્રેસ પક્ષના નેતૃત્વમાં વિરોધપક્ષના નેતા સહિત સમગ્ર કોંગ્રેસ પક્ષે અધ્યક્ષશ્રીના નિર્ણયો સામે દેખાવો કરીને સભાત્યાગ કર્યો છે એ વાજબી નથી એના માટે આપનો ઠપકાનો અથવા તો યોગ્ય લાગે તે નિર્ણય થાય એવી મારી માગણી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દિલીપભાઈએ જે વાત કરી એમાં હું એક મુદ્દો ઉમેરવા માગું છું કે આપણા નિયમો પ્રમાણે જજમેન્ટ ઉપર કોઈ ટીકાટિપ્પણ શક્ય નથી. પરંતુ કોઈ જજમેન્ટ આપવામાં આવ્યું હોય તો એ જજમેન્ટનો સંદર્ભ ટાંકવાના સંદર્ભમાં આપણા નિયમો પ્રમાણે કોઈ વાંધો આવતો નથી. એટલે આ પોઈન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં આપના તરફથી કોઈ નિર્ણય લેવામાં આવે તો એ આગામી દિવસોમાં આ સમગ્ર સત્રની કાર્યવાહીમાં ઉપયોગી થઈ શકે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર બાબત, આપણે જો નિયમોનો નિયમ-૩૪ જોઈએ તો સ્પષ્ટ થઈ જાય છે, આ ગૃહમાં બોલવા ઉપર શેના પર પ્રતિબંધ છે, બોલવા ઉપર પ્રતિબંધ એના ઉપર છે, જે બાબત કોઈપણ તબક્કે નિર્ણયાધિન હોય, ન્યાયાધિન હોય, કોઈ ટ્રિબ્યુનલ સમક્ષ પડતર હોય અને એના ઉપર ચૂકાદો ન અપાયો હોય, આ ગૃહમાં અનેક વખત જે ચૂકાદાઓ અપાયા છે, કોઈ ટ્રિબ્યુનલનો હોય, નામદાર ન્યાયપાલિકાનો હોય કે અન્ય હોય, ચૂકાદાના સંદર્ભ સાથે એ ચૂકાદા બાબતનો ઉલ્લેખ કરવો એમાં કોઈપણ પ્રકારનો ઔચિત્યભંગ કે નિયમ-૩૪નું ઉલ્લંઘન થતું નથી માનનીય મંત્રીશ્રી જે વાત કરી રહ્યા છે એ ન્યાયાધિન બાબત અંગેની વાત નથી, ન્યાય થઈ ગયેલ અંગેની બાબત છે, એ અંગેનો ચૂકાદો અપાઈ ગયો છે, ચૂકાદાના પુરેપુરા સંદર્ભ સાથે પૂરી જવાબદારી સાથે માનનીય મંત્રીશ્રી જ્યારે આ વાત કરી રહ્યા છે ત્યારે સંપૂર્ણ રીતે આ નિયમોના નિયમ-૩૪ના અનુસંધાને ન્યાયસંગત છે અને માનનીય વિપક્ષના નેતાએ જે વાંધો લીધો છે એ વાંધો આ સંદર્ભમાં ટકતો નથી.

**અધ્યક્ષશ્રી** : કોર્ટના ચૂકાદાનો ઉલ્લેખ કરી શકાય પરંતુ ચૂકાદાની ટીકા કરી શકાતી નથી આપ આપનું પ્રવચન આગળ વધારો માનનીય ફકીરભાઈ.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) (ક્રમશ:)

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હું જે વાત કરતો હતો *(xxxx) (xxxx) (xxxx) ઉદાર હિંદુઓના કાયદામાં નીત નવા સુધારા કરાય છે, પરંતુ અન્ય ધર્મોના પર્સનલ લોમાં કેમ સુધારા કરવામાં આવતા નથી?
હિન્દુઓની ઉદારતા અને સહિષ્ણુતાનો દૂર ઉપયોગ થઈ રહ્યો છે. આ હું નથી કહેતો આ સુપ્રીમ કોર્ટના જજમેન્ટની અંદર માનનીય અમારા જજસાહેબોએ કહ્યું છે. સંઘ પરિવાર આદરણીય અટલજી, અડવાણીજી સહિત આખો પક્ષ અમારો પહેલેથી કહેતો આવ્યો છે કે કોંગ્રેસની બિન સાંપ્રદાયિકતા ઢોંગી છે હવે સુપ્રીમ કોર્ટે પણ તેમાં મહોર મારી. જ્યાં ઇસ્લામનો જન્મ થયો, ઉદય થયો અને ફેલાવો થયો એ આરબ જગત પણ હવે ગુજરાતના નરેન્દ્રભાઈ મોદીના મોડેલ જેવો વિકાસ ઝંખે છે. ગરીબી, બેકારી, ભૂખમરો અને ધાર્મિક ગુલામીની જંજીરો તોડવા માગે છે. આરબ જગતના દેશના જે પ્રતિનિધિ આવ્યા હતા તેની જે આપણી છેલ્લી સમીટ થઈ તેમાં એમ.ઓ.યુ. કર્યા છે. ભારતનો જે મુસ્લિમ વોરા વેપારી ઉદ્યોગપતિઓ અને તેના વેપાર ઉદ્યોગની જે વાર્ષિક કોન્ફરન્સ થાય છે સામાન્યત: તે મુંબઈમાં થતી હોય છે પરંતુ તે અમદાવાદમાં થઈ અને આપણાં લાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં થઈ અને વિશ્વ વેપારનો તખ્તો ત્યાં ગોઠવાયો.

માનનીય અધ્યક્ષશ્રી, આરબ જગતમાં આકાર લેતી ઘટનાઓથી કોંગ્રેસ કંઈક શીખશે એવી ઈશ્વરને પ્રાર્થના કરીએ. જો કોંગ્રેસ નહીં શીખે તો ભારતમાં એક જ કુટુંબના ૩૪ વત્તા ૭, ૪૪ વર્ષ. ૩૭ વર્ષ એક જ કુટુંબના અને ૭ વર્ષ એમના પ્રોક્સીના. માનનીય અધ્યક્ષશ્રી, આ જે શાસન છે તે ઇજિપ્ત, લિબિયા અને ટ્યુનિશિયા જેમ ધર્મ અને જાતિને બાજુમાં મૂકીને આ જે નવયુવાનો છે જે લેપટોપ, ફેસબુક અને સોશ્યલ નેટ વર્કીંગ સાથે સંકળાયેલ છે તે યુવાનો બહાર આવશે અને તેને તોડી પાડશે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીયશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જુસ્સાદાર ભાષણ કર્યુ. નવો નવો તાજ તેમના શીરે હતો એટલે જોશમાં તો બોલી ગયા પણ તેમના ભાષણમાં જોશ હતો પણ હોંશ નહોતો. નેનો સારો છે કે ખોટો તે મુદ્દા ઉપર અર્જુનભાઈ મોઢવાડિયા અમારા વિરમગામના ધારાસભ્ય કમાભાઈ છે તેની સામે આ એક જ મુદ્દા ઉપર તેમના વિસ્તારમાં ચૂંટણી લડે તો ખબર પડે કે નેનો આવ્યાથી ફાયદો શું થયો ? નેના પ્રોજેકટને કારણે સાણંદ તાલુકાની તાસીર બદલાઈ ગઈ અને ત્યાંના જે ખેડૂતો હતા તે માલા માલ થઈ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી સિધ્ધાર્થભાઈએ એમ કહ્યું કે પાછલા સાત વર્ષમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફક્ત ૯૬ કિલોમીટરના રસ્તા બન્યાં છે. મને તે વખતે જ હસવું આવતું હતું હું અમારા આદરણીય મંત્રી આનંદીબહેન સામે જોતો હતો કે તેમનો પ્રતિકાર શું છે? મિત્રો, અધૂરી બાબતો અને ખોટી માહિતી આ હાઉસમાં આવે છે તેનો આ દાખલો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાના બાંધકામમાં પ્લાન અને નોન પ્લાનની કામગીરી હાથ ધરવામાં આવે છે. પ્લાન રસ્તામાં અગાઉ કિલોમીટરનું એકમ ગણતરીમાં લેવાતુ હતું. હવે આ સમયમાં રસ્તાને સીંગલ લેનમાંથી ટુ લેન, ટુ લેનમાંથી ફોર લે અને દસ મીટર પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ રસ્તાની ટ્રાફિકને અનુરૂપ ડિઝાઇન કરી બનાવવામાં આવતા હોય માર્ગ અને મકાન વિભાગની બુકલેટમાં તે લંબાઈ બતાવે છે. વાસ્તવમાં ટુ લેન, ફોર લેન તથા દસ મીટર પહોળાઈવાળા રસ્તાનો સમાવેશ કરેલ છે. છેલ્લાં દસ વર્ષમાં ૪ર કિલોમીટર છ માર્ગીય અને ૧૦૭૫ કિલોમીટર ચાર માર્ગીય રસ્તા બનાવ્યાં છે. ૨૩૫૧ કિલોમીટર દસ મીટર પહોળાઈના તથા ૧૩ર મોટા પુલ, ૩૮૬ નાના પુલ અને ૮૫૫૦ કરવટ બનાવવામાં આવ્યાં છે.
જયારે નોન પ્લાન રસ્તાઓની વાત કરીએ તો જુદા જુદા વિસ્તારોમાંથી માનનીય ધારાસભ્યશ્રીઓની જે રજૂઆતો આવે છે, એ રજૂઆતોના આધારે એ રસ્તા મંજૂર કરવામાં આવે છે. એ મંજૂરીમાં રાજયના સમગ્ર વિસ્તારને આવરી લઈને રસ્તા મંજૂર કરવામાં આવે છે. આ નોન પ્લાન રસ્તાઓના મોટા કામો અછત કે સ્થાનિક રસ્તામાં થયેલા હોય અને તે લંબાઈ માર્ગ અને મકાન વિભાગના દફતરે ન બોલે તે સ્વાભાવિક છે, પરંતુ સામાન્ય રીતે દર વર્ષે ૧૧૦૦થી ૧૨૦૦ કિલોમીટર નોન પ્લાનના રસ્તા બનતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલ મહોદયાએ તેમના ઉદ્દબોધનમાં યોગ્ય જ નોંધ લીધી છે કે ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજયમાં ૧૦૦૦ પુરૂષોની સામે ૮૩૭ મહિલાઓ હતી. એટલે કે દર ૧૦૦૦ પુરૂષોએ ૧૬૩ મહિલાઓની ખોટ. આપણે હિંદુ સંસ્કૃતિમાં માનીએ છીએ. જે આપણા લગ્ન સંસ્કાર છે, એ મુજબ ૧ સામે ૧ જ ગણીએ અને ૪ ન ગણીએ તો પણ આ પરિસ્થિતિ લાંબો સમય ચાલુ રહે તો શું થાય? ૧૬૩ પુરૂષોએ કુંવારા અથવા તો વાંઢા રહેવું પડે. એ પ્રમાણે ગુજરાતમાં કુલ ૨,૬૩,૪૪,૦૫૩ પુરૂષોની સામે

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

૨,૪૨,૫૨,૯૩૯ મહિલાઓ એટલે કે ગુજરાતમાં દર પેઢીએ ૨૧ લાખ પુરૂષોએ વાંઢા કે કુંવારા રહેવું પડે. આના કારણે સામાજીક, કૌટુંબિક અને ધાર્મિક અંધાધૂંધી ફેલાય. ૨૦૦૯માં સિવિલ રજીસ્ટ્રેશન થયું એમાં દર ૧૦૦૦ પુરૂષોએ ૯૦૫ મહિલાઓની સંખ્યા નોંધાઈ. આમ દીકરીની ઘટ એ હવે ફકત ૯૫ જ રહી છે. મહોદયા રાજયપાલશ્રીએ યોગ્ય જ નોંધ્યું છે કે બેટી બચાવો અને સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવો યોજના દ્વારા આ શકય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તમામ ક્ષેત્રે મહિલા સશકિતકરણ માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેક પગલાં લીધાં છે. રાજયમાં ૨,૦૧,૭૬૨ સખી મંડળો કાર્યરત છે. અંદાજે ૨૪ લાખ ૭૫ હજાર મહિલાઓને દર વર્ષે ૨૯૨ કરોડની સહાય ચૂકવવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે નિર્ણય લીધો એ પ્રમાણે કોઈપણ વ્યકિત મહિલાના નામે જો મિલકત ખરીદે અથવા તો ટ્રાન્સફર કરે તો સ્ટેમ્પ ડયૂટીમાંથી એને મૂકિત આપવામાં આવે છે. અને એ રીતે ગુજરાતની મહિલા સ્વતંત્ર, સ્વાવલંબી અને સશકત બનીને આજે ટટ્ટાર ઉભી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માનવંતા ગૃહને સંબોધન કરનાર નામદાર રાજયપાલશ્રી માતૃરૂપા કમલાજી મહિલા છે. અગાઉ કદાપિ ન હતું એવા ૧૬ મહિલા ધારાસભ્યો આ ગૃહમાં છે. તદુપરાંત રાષ્ટ્રપતિ, લોકસભાના સ્પીકર, યુ.પી.એ.ના ચેરમેન એ પણ મહિલા છે. આદરણીય નરેન્દ્રભાઈ મોદીની આગેવાની નીચે ગુજરાતમાં મહિલા સશકિતકરણ એ આંદોલનના સ્વરૂપે આગળ વધી રહ્યું છે. એનાથી વિરુદ્ધ એકબાજુ ગુજરાત અને એકબાજુ દિલ્હી. જે પ્રમાણે રાજધાની દિલ્હી અને અન્ય રાજયોમાં મહિલાઓની જે કૌટુંબિક, સામાજિક અને આર્થિક દુર્દશા છે એ* (xxxx) (xxxx) (xxxx) એમણે જે આક્રોશ વ્યકત કર્યો છે એ આ ગૃહ સમક્ષ કહેવા આવ્યો છું. એમણે એમ કહ્યું, દિલ્હીની સરખામણીમાં, દિલ્હીના રીપોર્ટના કારણે, કે સ્ત્રીઓને જન્મતા જ મારી નાંખવી જોઈએ. જેથી નર્કમય દોઝખમાં તેમણે જીવવું ન પડે માનનીય અધ્યક્ષશ્રી, આ કોણ બોલે છે, (xxxx) (xxxx) (xxxx) અમારા વિરોધપક્ષના નેતા સુષ્માજી કે સંસદ સભ્ય શ્રીમતી હેમા માલિની નહીં કે અમારા મહિલા મોરચાના સ્મૃતિ ઈરાની નહીં, (xxxx) (xxxx) (xxxx) માનનીય સભ્યશ્રી રાઘવજીભાઈએ ટીકા કરીને વાત કરી કે રણોત્સવ, પતંગોત્સવ અને ગરબા મહોત્સવને નામે સરકાર નાણાંનો બગાડ કરે છે. તો કચ્છના રણોત્સવનું શું મહત્વ છે એ તેમને શું ખબર પડે? એના માટે તો કચ્છના માનવોને પૂછવું પડે અને એટલા માટે મારા સાથી સભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરીએ તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે કચ્છના રણોત્સવને કારણે કચ્છની આખી શિકલ જ બદલાઈ ગઈ છે. આજે ત્યાં આગળ પર્યટકોનો ઘસારો છે. ગાડીના ડ્રાઈવરને સામાન્ય રીતે ૧૦૦ રૂપિયા જેટલી રોજગારી મળતી હતી એ ડ્રાઈવર આજે રોજના ૩૦૦ થી ૪૦૦ રૂપિયા કમાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પશુપાલકો છે એ આધુનિક ધંધા તરફ વળ્યા છે અને એટલા માટે રાજસ્થાનને પણ ભય લાગ્યો કે અમારો જેસલમેરનો જે મરૂમ મેળો છે એ કદાચ ગુજરાતના કારણે ફીક્કો ના પડી જાય.

માનનીય અધ્યક્ષશ્રી, માનવ વિકાસનો ખરો પાયો હોય તો એ શિક્ષણ છે અને જે સમાજ રાષ્ટ્ર શિક્ષણના આયોજનમાં નિષ્ફળ જાય એ તમામ મોરચે નિષ્ફળ જાય છે. મહામહીમં રાજયપાલશ્રીએ તેમના સંભાષણમાં શિક્ષણ ક્ષેત્રે રાજયની સિધ્ધિઓને બિરદાવી છે અને તે બદલ તેમનો આભાર માનવો જોઈએ. ૧૯૫૦ માં ભારતના સંવિધાનમાં આર્ટિકલ ૪૫ માં સંકલ્પ હતો કે ૧૦ વર્ષ સુધીમાં ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીનાં બાળકોને ફરજીયાત અને મફત શિક્ષણ આપીશું. તો ૧૯૫૦ માં સંકલ્પ થયો અને ૨૦૦૧ માં ..

**સભાપતિશ્રી:** માનનીય મંત્રીશ્રી, આપની પાસે હવે બે મિનિટ છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી પંકજભાઈ દેસાઈ (મુખ્ય દંડકશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચાનો જવાબ અને એના ઉપર મતદાન પૂરું થાય ત્યાસુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવા વિનતી છે.

**અધ્યક્ષશ્રી:** સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૦૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૫૦ વર્ષે ભારતમાં ૧૦૦ વ્યકિતએ ૩૫ વ્યકિત નિરક્ષર હતી. એનો અર્થ એ થયો કે બંધારણના અમલ પછી પણ ૫૦-૫૦ વર્ષ સુધી એ કેન્દ્ર સરકાર હોય કે અન્ય રાજ સરકારો હોય એ આ પરિણામ લાવી શકતી નથી અને એ બાબતમાં આપણા પૂર્વ પ્રધાનમંત્રીશ્રી અટલબિહારી બાજપાઈ અને આદરણીય નરેન્દ્રભાઈ મોદીના ધ્યાનમાં આવ્યું અને ૨૦૦૪ માં એન.ડી.એ.ની સરકાર હતી એ વખતે અટલબ્હિારી બાજપાઈ ૧૯૭૬ માં બંધારણીય સુધારો લાવ્યા અને ફરજીયાત શિક્ષણને બંધારણના રાજયના માર્ગદર્શક સિધ્ધાંતમાંથી દૂર કરીને મૂળભૂત અધિકારો તરીકે આર્ટિકલ ૨૧-એ માં દાખલ કર્યો અને એમ કરીને ૬ થી ૧૪ વર્ષનાં બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ આપવાની જવાબદારી સરકારને શિરે દાખલ કરવામાં આવી. ૨૦૦૪ માં એન.ડી.એ.ની સરકારે આ કર્યા પછી

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

યુ.પી.એ.ની સરકાર આવી. ૨૦૦૪ માં કાયદો થાય અને એના નિયમો તાત્કાલિક કાયદાના પ્રમાણમાં બનવા જોઈએ એ ન બન્યા અને છેક ૨૦૦૯ માં ૫ વર્ષ પછી આદરણીય નરેન્દ્રભાઈહે તો કોઈપણ પ્રકારના દબાણ વિના ૨૦૦૩-૦૪ થી શાળા પ્રવેશોસ્તવ યોજીને મુખ્યમંત્રીશ્રીથી માંડીને ગામના સરપંચ અને મુખ્ય સચિવથી માંડીને. ગ્રામ તલાટી સુધીની લાખોની ફોજ મેદાનમાં ઉતારી અને તમામ બાળકોને ભણતા કર્યા અને એના પછી ૨૦૦૯-૧૦થી શરૂ કરીને ગુણોત્સવ દ્વારા ગુજરાતના ખૂણેખૂણેથી અજ્ઞાનતા અને નિરક્ષરતાનાં અંધારાં ઉલેચવાનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રવર્તમાન કાયદો વ્યવસ્થા અને સલામતી અંગે મહામહીમ રાજયપાલશ્રીએ ગુજરાત સરકારને બિરદાવી છે. કેન્દ્ર સરકારે જે રીતે સી.બી.આઈ.નો દૂરુપયોગ કર્યો છે. કોંગ્રેસે ગુજરાતના ચુનંદા અને જાંબાઝ પોલીસ અધિકારીઓની ધરપકડ કરાવી છે, સલામતી દળોનો જુસ્સો તોડયો છે અને કેન્દ્ર સરકારનો રાજકીય હાથો બનીને સી.બી.આઈ.એ આ ગુજરાતના માજી ગૃહમંત્રીશ્રી અમીત શાહને શાહબુદ્દીન કેસમાં સંડોવ્યા છે. જયારે શ્રી અમીત શાહની ધરપકડનું સત્ય બહાર આવશે ત્યારે ભારતના વડાપ્રધાનની કચેરીનું સંચાલન કયાંથી અને કોના ઈશારાથી થતું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, બિહારની ચૂંટણી પહેલા અમિતભાઈ શાહને સી.બી.આઈ. દ્વારા ફંસાવવામાં આવ્યા, કોંગ્રેસના મિત્રોને એમ હતું કે બિહારમાં લઘુમતીઓ અને મુસ્લીમોને રીઝવવા માટે આ બધું એમણે કર્યુ હતું, પણ પરિણામ શું આવ્યું કુલ ૨૪૩ વિધાનસભાની બેઠકોમાંથી બિહારમાં એન.ડી.એ. ને ૨૦૬ બેઠકો મળી, અને કોંગ્રેસને ફકત ૪ બેઠકો મળી, મે બિહાર વાળાને પૂછયું કે આ ચાર બેઠકો શાના માટે આપી તો એમણે એમ કહયું કે કોંગ્રેસની ઠાંઠડી ઉચકવા માટે કોઈ જોઈએ ને, તો મેં એમને હસતા હસતા કહયું કે એક વધારાનો દોણી વાળો પણ આપવો હતો. માનનીય અધ્યક્ષશ્રી, આ વાત હું એટલા માટે મુકી રહ્યો છું કે બિહારમાં ૨૨૧ બેઠકો ઉપર તો કોંગ્રેસીઓની ડિપોઝીટ ગઈ, અને બિહારમાં ભાજપને લડવા માટે ૧૦૨ બેઠકો ફાળવવામાં આવી હતી એમાંથી ૯૧ બેઠકો ભાજપે જીતી લીધી, અને ૯૦ ટકાનું પરિણામ ભારતીય જનતા પાર્ટી લાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે લઘુમતી સમાજની વાત થાય છે, તો મારે કહેવું છે કે ૫૧ વિધાનસભા મત ક્ષેત્રો એવા હતા કે જયાં મુસ્લીમોની બહુમતી હતી. આ ૫૧ મુસ્લીમોની બહુમતી વાળી બેઠકોમાંથી ૪૦ બેઠકો પર એન.ડી.એ. જીત્યુ, અને એમાં પણ ૨૭ બેઠકો એકલા ભારતીય જનતા પાર્ટીએ જીતી. અને આ કોઈ નાની એવી સરસાઈથી નહીં, પણ દસ હજારથી વધુ સરસાઈથી જીતી. અમારા ભારતીય જનતા પાર્ટીનો આમુર વિધાનસભાના ઉમેદવાર શ્રી સમા જાફર ૨૦ હજારથી વધુ મતોથી જીત્યા છે. જે પ્રમાણે આજે યુ.પી.એ. ની કેન્દ્ર સરકાર આત્મઘાતી નીતિ અપનાવી રહી છે આંધ્રપ્રદેશના પગલે પગલે એ લઘુમતીને ધર્મ આધારિત અનામત આપીને વોટ બેંક ઉભી કરવા જઈ રહી છે ત્યારે પાકિસ્તાનનાં સીંધ પ્રાંતમાંથી ચૂંટાયેલા સંસદ સભ્ય રતનસિંહ સોઢાએ પોતાનું માદરે વતન પાકિસ્તાન છોડીને ભારતમાં રાજકીય આશ્રય લેવો પડયો છે, પાકિસ્તાનમાં હિન્દુઓ, ખ્રીસ્તીઓ, એહમદીઓ, યહુદીઓ, ઉદારમતવાદીઓ અને સીયાઓની સલામતી નથી. રોજે રોજ લઘુમતીઓના અપહરણ, છેડતી અને બળજબરીથી ધર્માંતરણ થાય છે. પાકિસ્તાનમાં ધર્મ નિંદાના કાળા કાયદા દ્વારા લઘુમતીઓને ફંસાવીને આજીવન કેદ અને મૃત્યુ દંડ, ફટકારવામાં આવે છે. આ ઈસ્લામી આતંકવાદનો ભસ્માસુર એ ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વને હચમચાવી રહ્યો છે અને એ વખતે કેન્દ્રીય ગૃહ મંત્રી પાકિસ્તાનના વકીલની ભાષામાં ભગવા આતંકવાદની વાત કરે એ અજમેર દરગાહ સમજૌતા એકસ્પ્રેસ, માલેગાંવ, મકકા મસ્જીદના બોમ્બ વિસ્ફોટની અંદર સંઘ પરિવારને સંડોવવાના ષડયંત્ર થાય અને આ સ્થિતિ આઘાતજનક અને ભારતમાં આવનારી ભાવી દુર્દશાની નિશાની છે અને રાહ ભુલેલા નેતાઓને આદરણીય અટલજીની પંકતીઓથી હું જવાબ આપવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ બને એટલા ટૂંકા સમયમાં આપનું પ્રવચન પુરું કરો, અને બને ત્યાં સુધી અમુક શબ્દોનો ઉપયોગ ન થાય તેનું ધ્યાન રાખો.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : હું છ-એક મિનિટમાં પુરું કરીશ. ધ્યાન રાખીશ. માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમની પંકતીઓમાં કહ્યું કે "રામ કૃષ્ણ કે નામો પર કબ હમને અત્યાચાર કીયે, કબ દુનિયાકો હિન્દુ કરને ઘર દ ારમે નર સંહાર કીયે? કોઈ બતાયે કાબુલમે જાકર કીતની મસ્જીદ તોડી, દેશ નહીં માનવ હૃદય જીતને હંમને સરહદે છોડી." ભારતીય જનતા પાર્ટી એ બે દિલોને જોડવા માગે છે એ તોડવા માગતી નથી. અને આવા સંજોગોમાં ગુજરાત અને ભારતની સલામતી માટે ગુજરાત અને મુખ્ય મંત્રી તરફ સૌની નજર છે. ઘણા સાથીઓએ વાંચે ગુજરાત અભિયાનની ચર્ચા કરી, રાજયની ૨૫ હજાર શાળાઓમાં ૧૫ લાખથી વધારે વિદ્યાર્થીઓએ ૬૦ લાખ જેટલા પુસ્તકો વાંચયા.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના માજી સાંસદ અને સ્વ. રાજીવ ગાંધીના થીંકટેન્ક પ્રખર પત્રકાર એમ. જે. અકબર અમદાવાદ આવ્યા હતા અને આદરણીય નરેન્દ્ર મોદી સાથે વાચે ગુજરાતના કાર્યક્રમને બિરદાવતા એમણે એમ કહ્યું કે હું હિંદુસ્તાની મુસલમાન હોવાનું ગૌરવ અનુભવું છું. સર્જક અને લેખક તરીકે આ કાર્યક્રમ અને બાળ વાચકો મને પ્રેરણા આપનારા બની રહ્યા છે. છેલ્લા ૬૦ વર્ષોમાં ભારત શકિતશાળી દેશ બનવાની દિશા ગુમાવી બેઠું હતું પરંતુ ગુજરાતની નવી પ્રેરણાથી હવે ભારતનું આધુનિક રાષ્ટ્ર નિર્માણ થશે. આ શબ્દો પ્રખર પત્રકાર એમ. જે. અકબરના છે.

માનનીય સિદ્ધાર્થભાઈ અને  શકિતસિંહજીએ કચ્છના જબરદાન ગઢવીના આત્મ વિલોપનનો ઉલ્લેખ કર્યો. ઘટના દુ:ખદ છે,  અમને પણ દુ:ખ થાય છે.  પણ સરકારે પ્રથમ દ્રષ્ટિએ જે દોષિત ગણાયા એ મામલતદાર હોય કે પી.એસ.આઈ. હોય, આ પાંચે પાંચ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પૅન્ડ કરી તપાસના આદેશ આપ્યા છે.

રાજ્યપાલ મહોદય` શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારને વિવિધ ક્ષેત્રે સફળતા મળી એના એવોર્ડનો યોગ્ય ઉલ્લેખ કર્યો છે. આ બધા જ એવોર્ડ એ ભારત સરકાર યુનો કે બીજી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ આપ્યા છે. કોઈ એક રાજયને  સરકારને મળેલા એવોર્ડનો જો રૅકૉર્ડ નોંધવાનો હોય તો ગિનિસ વર્લ્ડબૂકમાં  ગુજરાતને સ્થાન મળે.

ગઈકાલે સિદ્ધાર્થભાઈએ ૨૦૧૧ના પહેલા થયેલી ચાર વાયબ્રન્ટ સમિટના ૧૮ લાખ કરોડના એમ.ઓ.યુ.માંથી ૧૮ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા છે એવું કહ્યું.  જે હકીકત છે એ આપના દ્વારા સન્માનનીય ગૃહ સમક્ષ મૂકું છું. અગાઉની ચાર વાયબ્રન્ટ સમિટમાં ૧૮ લાખ ૭૫ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા છે. અઢાર હજાર કરોડના નહિ. ૧૮ લાખ ૭૫ હજાર કરોડના થયા છે અને એમાંથી ૧૪ લાખ ૫૪ હજાર કરોડના ૨૩૧૦ પ્રોજૅકટ અમલી બની ગયા છે. અને ૨ લાખ ૭૮ હજાર કરોડના ૧૬૨૪ પ્રોજૅકટમાં તો ઉત્પાદન પણ શરૂ થઈ ગયું છે.

ટાઈમ્સ ઑફ ઇન્ડિયાના  સ્વપનદાસ ગુપ્તા છે એમણે સુંદર કહ્યું ગુજરાતમાં થઈ રહેલા ચમત્કારને સ્વીકારવાનો સમય પાકી ગયો છે.  અને બે દાયકા સુધી   બે આંકડાનો જી.ડી.પી. ગ્રોથ અકસ્માત કે યોગાનુયોગ નથી એ સિદ્ધિઓ નરેન્દ્રભાઈ મોદીની સરકારના ટાર્ગેટ અને બીઝનૅસ ફ્રેન્ડલી અભિગમનો પ્રતાપ છે.

મારા સાથી પક્ષના નેતા શકિતસિંહજીએ ગાંધીનગરમાં બનેલા મહાત્મા મંદિરની ટીકા કરતાં ગાંધીજીની હત્યા, હિંસા, અહિંસા, ગાંધીબાપુની સાદગી, ભ્રષ્ટાચાર વગેરે અનેક ઝલક  અંગે રાજકીય અવલોકનો કર્યા. પરંતુ કોંગ્રેસ ભ્રષ્ટાચારની વાત કરે છે ત્યારે હસવું આવે છે. આ ભ્રષ્ટાચારની જનની એ કોંગેસ છે. ભ્રષ્ટાચાર વિશે બોલવાનો એને કોઈ અધિકાર નથી.  હમણાં જે કૌભાંડો આવી રહ્યા છે. ૧.૭૬ લાખ કરોડ ટુજી કૌભાંડ, ૭૦ હજાર કરોડ કમોનવેલ્થ કૌભાંડ આ તો તાજા છે. પણ કોંગ્રેસ તો આઝાદી પહેલા ભ્રષ્ટ બની હતી અને મહાત્મા ગાંધીજી વખતે જે માસિક નીકળતું હતું એનું નામ હતું હરિજન અને યંગ ઇન્ડિયા આ બંનેની અંદર એમના આર્ટિકલ આવેલા છે. અને ગાંધીજી દ્વારા સ્થાપિત નવજીવન પ્રેસ છે એનું સંપાદિત પુસ્તક ગાંધીજીકા સંપૂર્ણ  વ્યાંગમય, હિન્દીમાં છે, ૧૦૦ ભાગ છે અને ગુજરાતીમાં એનો અનુવાદ અને ગાંધીજીના અક્ષરદેહ તરીકે થયો છે. એ પુસ્તક મારા હાથમાં આવ્યું છે એ પુરુ નથી વાંચી શક્યા એ હિન્દી પુસ્તકના ભાગ-૬૮ પાના નંબર ૩૯૬.

બીજો ભાગ-૮૪. પાના-૪૧૩. તેમાં જે ઉલ્લેખ છે તે આપના દ્વારા આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. તા. ૨૩મી સપ્ટેમ્બર-૧૯૩૮માં કોંગ્રેસની કાર્યકારી સમિતિમાં ગાંધીજીએ પોતાની વ્યથા વ્યક્ત કરી તેનો ઉલ્લેખ એ પુસ્તકમાં છે. તેમાં મહાત્માજીએ કાર્ય સમિતિમાં એમ કહ્યું કે " અબ કોંગ્રેસ ઉન લોગોંકી હૈ જીનકા અહિંસા તથા રચનાત્મક કાર્યક્રમો પર વિશ્વાસ નહીં હૈ. ઉનકી હિંસાત્મક તથા ભ્રષ્ટ તરીકોંસે કમિટીઓમેં હથિયાનેકી દૌડમેં સ્વરાજ્ય એક સ્વપ્ન બન જાયેગા." આ શબ્દો મારા નથી. મહાત્મા ગાંધીજીના છે અને મહાત્મા ગાંધીએ ૧૯૪૭ના અંતમાં એમ કહ્યું કે કોંગ્રેસનું વિસર્જન કરી નાખો. કોઈ માને નહીં, ૨૭મી જાન્યુઆરી-૧૯૪૮ના રોજ ગાંધીજીએ ચેતવણી આપી હતી કે કોંગ્રેસ સત્તાની ભઠ્ઠી લાલસામાં પડ્યું છે. તેનું અસ્તિત્વ રહેશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોઈ રહ્યા છીએ. ગુજરાતમાં કોંગ્રેસનું અસ્તિત્વ રહેવાનું નથી. જ્યારે એ કૌભાંડની વાત વારેઘડીએ કરતા હતા કે સરકારની જમીનમાં આમ છે. બધાના નામ સાથે ઉલ્લેખ કરતા હતા. હું એ રીતે કરવા માગતો નથી પણ મારે એમને ચોક્કસપણે કહેવું છે કે જે પ્રાંતીય સરકારો બની હતી, ૧૯૩૭. એ ૧૯૩૭થી કોંગ્રેસના શાસકો ભ્રષ્ટ બન્યા હતા અને એના પછી જ્યારે આઝાદી પ્રાપ્ત થઈ એ વખતે શ્રીમતી ઇન્દિરા ગાંધીના પતિ અને સોનિયાજીના સસરા સ્વ. ફિરોઝ ગાંધી, એમણે એ વખતના વડાપ્રધાન અને એમના સસરા, નામ નથી લેતો, ૧૯૫૭માં એમણે એમ કહ્યું કે આ દેશની અંદર મુદ્રા કાંડની અંદર નાણા મંત્રી જવાબદાર છે અને પબ્લિક એકાઉન્ટ કમિટીએ એમને દોષિત જાહેર કર્યા. ૧૯૫૭માં. એના પછી ધર્મા-તેજા કૌભાંડ આવ્યું. નગરવાલા કૌભાંડ આવ્યું. મહારાષ્ટ્રનું સિમેન્ટ કૌભાંડ આવ્યું. મધ્યપ્રદેશનું ચુરહિટ લૉટરી કૌભાંડ આવ્યું અને બોફોર્સ કાંડ. માનનીય અધ્યક્ષશ્રી, આ બોફોર્સ કાંડના સુત્રધાર ઈટાલીના કવોટ્રોચીને કોણે રક્ષણ આપ્યું હતું? એ કોના ઘરમાં રહેતા હતા? મારો સીધો પ્રશ્ન  છે મારા મિત્રોને. સાંભળતા હશે. કોણે એમને સ્થાન આપ્યું હતું? માનનીય અધ્યક્ષશ્રી, હજારો નિર્દોષ નાગરિકોનો ભોગ લેનાર ભોપાલ ગેસ કાંડના આરોપીને દેશ બહાર ભગાડનાર કોણ હતું? આખો દેશ જાણે છે. ૧૯૮૩-૮૪માં લખુભાઈ પાઠક કૌભાંડ, સેન્ટ કીટ્સ કૌભાંડ, હર્ષદ મહેતાનો શેર ગોટાળો, ખાંડ ગોટાળો, યુરિયા ગોટાળો કોના શાસનમાં થયા હતા? કોણ એના સુત્રધારો હતા? માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રોને ભ્રષ્ટાચાર વિષે બોલવાનો એમ કહીશ કે કોઈ અધિકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત કોમી તોફાનોનો ઉલ્લેખ કરીને ગુજરાતને સતત બદનામ કરવામાં આવે છે. મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે આપ દર્પણમાં પોતાનો ચહેરો તો જૂઓ. ૧૯૮૪માં શ્રીમતી ઇન્દિરા ગાંધીની હત્યા થઈ. સરકારી આંકડા પ્રમાણે દિલ્હીમાં ૩,૨૯૬ શીખ ભાઈઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા. એક શીખ નેતાની ફરિયાદ મુજબ કોંગ્રેસી મિત્રોએ ૧૮ રાજય અને ૧૬ શહેરમાં રમખાણો ફેલાવ્યા અને એ

સમાજે જે આંકડા આપ્યા એ ચોંકાવનારા છે. એમણે એમ કહ્યું કે ૩૫,૫૩૫ શીખોની હત્યા થઈ અને આ અંગેની ફરિયાદ તાજેતરમાં અમૅરિકાની કોર્ટમાં દાખલ થઈ અને આ અમૅરિકાની કોર્ટે કોંગ્રેસને નોટિસ આપી છે. હવે હિંસાની ટીકા કરવાના બદલે રમખાણોનો બચાવ એ વખતના કર્તા-હર્તા હતા, નામ નથી આપતો. એમણે એમ કહ્યું કે મોટું વૃક્ષ પડે તો ધરતી ધ્રુજે એ સ્વાભાવિક છે. આ કયાંનો ન્યાય છે? હજારો લોકોની કતલ થઈ જાય, છતાં તેને સ્વાભાવિક લેવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રયત્નપૂર્વક વિપક્ષના સાથી પક્ષના મારા મિત્રોના જે કંઈ અવલોકન હતા એનો જવાબ આપવાની કોશિશ કરી છે. મેં એમની ચિંતાઓનો પણ સંતોષકારક જવાબ આપ્યો છે.

મહામહિમ રાજયપાલશ્રીનું પ્રવચન સર્વાંગ સુંદર અને ભારતીય જનતા પાર્ટીની પંચનિષ્ઠાનો પડઘો પાડનારું હોવાથી, તમામ સાથી મિત્રો હાજર નથી એટલે શું કહી શકું? પણ માનનીય સભ્યશ્રીઓ મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવને સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી કરું છું.

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતમાં મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર માનતા મારા પ્રસ્તાવને માનનીય સભ્યશ્રીમતી વિભાવરીબેન દવેએ ટેકો આપ્યો અને આભાર પ્રસ્તાવ ઉપર પોતાના પ્રવચન દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લઈ સમર્થન આપનાર સન્માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, શ્રી ફકીરભાઈ વાઘેલા તથા સભ્યશ્રીઓ, શ્રીમતી જશુબેન કોરાટ, શ્રી આત્મારામ પરમાર, શ્રી દેવું સિંહ ચૌહાણ, શ્રી રમેશભાઈ મહેશ્વરી, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી અભેસિંહ તડવી, શ્રી વિજય ભાઈ પટેલ, શ્રી મફતલાલ પુરોહિત, શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી પ્રાગજીભાઈ પટેલ, શ્રી કાળુભાઈ વિરાણી, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી અનિલભાઈ પટેલ, ડો.માયાબેન કોડનાની, શ્રી દુષ્યંતભાઈ પટેલ, શ્રી લાલજીભાઈ સોલંકી જેવા સાથી સભ્યશ્રીઓ તથા ચર્ચામાં ભાગ લેનાર વિરોધપક્ષના નેતાશ્રી અને સૌ સભ્યશ્રીઓને હું આવકારું છું. મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવને સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે પસાર કરશો એવી વિનંતી સાથે વિરમું છું.

**સુધારા ક્રમાંક- ૧થી ૧૧ અને ૧૩થી ૧૭ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**
**રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧.૧૩વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૭મી માર્ચ ૨૦૧૧ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૭મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૧૬, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## નવસારી જિલ્લામાં પોલીસ આવાસો

* ૧૯૨૧૨ **શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે,-

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી :**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ ૯૪ પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૧૩૨ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લામાં પોલીસ માટેના રહેણાંકના મકાનો માટેના પ્રશ્નો વર્ષોથી હતા અને કેટલાક જૂના મકાનો ખૂબ જર્જરિત હાલતમાં હતા. જ્યારે ૧૩૨ જેટલા કામો પૂર્ણ થયા છે અને ૯૪ મકાનો હાથ પર છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. પરંતુ મારે એ જાણવું છે કે જે ૯૪ મકાનો હાથ ઉપર છે એ કયા કયા તાલુકામાં છે અને જે ૧૩૨ કામો જે પૂર્ણ થયા છે એ કામો કયા કયા તાલુકાના છે અને કેટલી રકમ ખર્ચ કરવામાં આવી છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે પ્રશ્નો કર્યા છે. એક તો મૂળ ખંડમાં ૯૪ મકાનો છે એ કયા કયા તાલુકામાં છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. એના જવાબમાં જણાવીશ કે ચીખલી તાલુકાના ચીખલી મુકામે ૨૫૭.૦૪ લાખના ખર્ચે ૩૨ મકાનો બનાવવામાં આવ્યા છે. એ જ પ્રકારે વાંસદા તાલુકાના વાંસદા ગામમાં બી કેટેગરીના ૧૬ અને સી કેટેગરીનું એક એમ કુલ ૧૭ મકાનો રૂપિયા ૧૧૮.૬૨ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. નવસારી તાલુકાના નવસારી મુકામે એક મકાન રૂપિયા ૨૯.૫૮ લાખના ખર્ચે, ગણદેવી તાલુકાના ગણદેવી મુકામે ૩૬ મકાનો ૨૦૬.૬૧ લાખના ખર્ચે બનાવવામાં આવેલ છે. એ જ પ્રકારે ગણદેવી તાલુકાના અમરસાણ મુકામે ૨૦.૬૨ લાખના ખર્ચે ૩ મકાનો, જલાલપોર તાલુકાના મુનસાડ મુકામે ૨૦.૫૩ લાખના ખર્ચે ૩ મકાનો, જલાલપોર તાલુકાના જલાલપોર મુકામે ૨૩.૦૨ લાખના ખર્ચે ૨ મકાનો એમ કુલ નવસારી જિલ્લામાં ૯૪ મકાનો કુલ ૬૭૬.૦૨ લાખના ખર્ચે બનનાર છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે ૧૩૨ મકાનોનો તાલુકાવાર બ્રેક-અપ માગ્યો છે. વર્ષ ૨૦૦૯-૧૦માં ચીખલી તાલુકાના ચીખલી મુકામે ૩૨ મકાનો ૨૫૭.૦૪ લાખના ખર્ચે, વાંસદા તાલુકાના વાંસદા મુકામે બી અને સી કેટેગરીના ૧૬ અને ૧ એમ કુલ ૧૭ મકાનો ૧૧૮.૬૨ લાખના ખર્ચે, નવસારી તાલુકાના નવસારી મુકામે ઈ કેટેગરીનું એક મકાન ૨૯.૫૮ લાખના ખર્ચે, એ જ રીતે વર્ષ ૨૦૧૦-૧૧માં જલાલપોર તાલુકાના જલાલપોર મુકામે ૨૩.૨ લાખના ખર્ચે બે મકાનો અને નવસારી તાલુકાના નવસારી મુકામે ૨૫૦.૭૧ લાખના ખર્ચે ૮૦ મકાનો એમ કુલ ૧૩૨ મકાનો પાછળ કુલ રૂપિયા ૬૭૮.૯૭ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવસારી જિલ્લામાં ૧૯૮૮ થી ૨૦૦૧ સુધીમાં કેટલા મકાનો બન્યા અને કેટલો ખર્ચ થયો?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એ મુજબ ૧૦૮૮ થી ૨૦૦૧ સુધીના વર્ષોમાં કુલ લગભગ ૧૨ વર્ષના ગાળા દરમિયાન ૨૦૦.૦૫ લાખના ખર્ચે માત્ર ૮૦ મકાનો હાથ ધરીને પૂર્ણ કરવામાં આવ્યા હતા. ૨૦૦૧ થી ફેબ્રુઆરી ૨૦૧૧ સુધીની માહિતી માગી હતી એ જોતાં માનનીય સભ્યશ્રી, વર્ષવાર માહિતી આપું?

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીને આપ પહોંચાડી દેજો. આમ તો જનરલી ત્રણ વર્ષની માહિતી પહોંચાડવાની હોય છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : એમની માગણી છે એ પ્રમાણે ૨૦૦૧ થી ફેબ્રુઆરી-૨૦૧૧ સુધીમાં વર્ષ ૨૦૦૫-૦૬ના વર્ષમાં.....

**અધ્યક્ષશ્રી** : આપ માનનીય સભ્યશ્રીને માહિતી પહોંચાડી દેજો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : એટલે હું પેલી બ્રીફ આપી દઉં છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી સ્વીકારે છે ગૃહનું સંચાલન આપે કરવાનું છે, સભ્યશ્રીએ નહિ અને આપે સભ્યશ્રીને પહોંચાડવાનું કહ્યા પછી એમાં નહિ પડાય એ સારું રહેશે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : ડિટેઈલ વિગેરે આપી દઉં શક્તિસિંહ. વર્ષ ૨૦૦૧ થી ફેબ્રુઆરી-૨૦૧૧ સુધીમાં ૨૬૪ મકાનોના કામ હાથ ધરીને પૂર્ણ કરવામાં આવેલ છે અને જેની સામે ૧૧૩૮.૧૭ લાખ જેટલી રકમનો ખર્ચ થયેલો છે ઈનશોર્ટ, આગલા ૧૨ વર્ષમાં ૮૦ મકાનો હતા એની સામે છેલ્લાં ૧૦ વર્ષમાં ૨૬૪ મકાન થયાં છે અને એની પર અગાઉના વર્ષમાં જે ૨૦૦.૦૫ લાખ રૂપિયાનો ખર્ચ થયેલ હતો એની સામે છેલ્લા ૧૦ વર્ષમાં ૧૧૩૮.૧૭ લાખ રૂપિયાનો ખર્ચ થયેલ છે.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત મંત્રીશ્રીને એ પ્રશ્ન પુછવાનો છે કે રહેણાંકના મકાનો પોલીસ ખાતામાં બન્યાં છે તો નવસારી જિલ્લામાં કેટલા પોલીસ સ્ટેશનો બનાવવાના બાકી છે અને એ ક્યારે બનાવવા માગો છો?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન છે એમાં રહેણાંકના મકાનોની માહિતી માગેલી છે પોલીસ સ્ટેશનનું મકાન છે એ નોનરેશિડેન્શ્યલ છે એના માટે જરા અલગથી નોટિસ આપી દેશો તો જવાબ આપીશ.

**ખેડા જિલ્લામાં પોલીસ ખાતામાં ખાલી જગ્યાઓ**

***૧૮૪૫૫ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૩૧/૧/૨૦૧૧ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં પોલીસ ખાતામાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

| ક્રમ | સંવર્ગ | વર્ગ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેકટર | ૨ | ૧ |
| ૨ | મહિલા પોલીસ ઈસ્પેકટર | ૨ | ૧ |
| ૩ | પોલીસ સબ ઈન્સ્પેકટર | ૩ | ૯ |
| ૪ | આસી. સબ ઈસ્નપેકટર | ૩ | ૨૫ |
| ૫ | હેડ કોન્સ્ટેબલ | ૩ | ૨૦ |
| ૬ | પોલીસ કોન્સ્ટેબલ/લોકરક્ષક | ૩ | ૨૩૮ |

(૨) વહીવટી અનુકૂળતાએ સત્વરે.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે ૩૧/૧/૧૧ થી ખેડા જિલ્લામાં પોલીસ ખાતામાં વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ ની કેટલી જગ્યાઓ ખાલી છે? બીજો પ્રશ્ન છે કે, ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે? મને જવાબ આપ્યો છે કે, ૨૩૮ જગ્યાઓ ખેડા જિલ્લામાં ખાલી છે તો સાહેબ, ગુજરાતમાં કેટલી ખાલી હશે? (અંતરાય) પછી સાહેબ, લખ્યું છે કે વહીવટી અનુકૂળતા અને સત્વરે, તો અનુકળતા શું અને સત્વરે શું? એ કેટલા સમયમાં ભરવામાં આવશે એનો પાકો સમય આપો. સત્વરે નહિ પણ કેટલા સમયમાં અને કઈ તારીખ સુધીમાં આ જગ્યા ભરશો? ખેડા જિલ્લામાં આટલી જગ્યા ખાલી છે તો આખા ગુજરાતમાં કેટલી જગ્યા ખાલી હશે? (અંતરાય) બધાય ખાતાઓમાં આવું?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ જે ચિંતા વ્યકિત કરી છે કે ખેડા જિલ્લામાં વર્ગ-૨ અને વર્ગ-૩ ની કેટલી જગ્યાઓ ખાલી છે એમાં જવાબમાં સ્પષ્ટતા કરી લઉં છું કે કલેરીકલની પોલીસ વર્ગની માહિતી આપેલી છે, કલેરીકલની માહિતી નથી આપેલી એટલા પુરતું. માનનીય સદસ્યશ્રીએ કહ્યું એમ વર્ગ-૨ અને વર્ગ-૩ માં વર્ગ-૨ ની કુલ ૨ જગ્યાઓ ખાલી છે અને વર્ગ-૩ માં કુલ ૨૫૨ જગ્યાઓ ખાલી છે તો એ વાત મારે માનનીય સદસ્યશ્રીને જણાવવી છે કે છેલ્લા એકજ વર્ષમાં લગભગ ૧૩૮૬૫ જેટલી જગ્યાઓની ભરતી આ રાજ્ય સરકારે હાથ ધરી છે (અંતરાય) આ ભરતી થશે એમાં માનનીય સદસ્યશ્રી આપના પ્રશ્નનો જવાબ આવીજ જશે ૬૮૦ જેટલા PSI ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને એ લોકોનો ટ્રેનિંગ પિરિયડ ચાલુ છે એ જ રીતે PSI હથિયારી માટે ૧૪૩ SRP ની એપોઈન્ટમેન્ટની કાર્યવાહી ચાલુ છે. એજ રીતે લોકરક્ષકની જે બાબત છે જેને આપણે પોલીસ કોન્સ્ટેબલની વ્યાખ્યામાં મૂકીએ છીએ. એવા ૮૭૩૪ અને SRP ના

૪૨૬૪ લોકરક્ષકની ભરતી પ્રક્રિયા પાઈપલાઈનમાં છેજ એટલે આમની ટ્રેનિંગ પૂરી થઈ જશે તો જે બાકી રહેલી જગ્યાઓ છે એ જ્યારે એમનો ટ્રેનિંગ પિરિયડ પૂરો થઈ જશે ત્યારે એમને અનુકૂળતા અનુસાર જે તે જિલ્લામાં કે તાલુકામાં આપણે ફાળવણી કરી દઈશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા વાજબી છે. તા.૩૧/૩/૨૦૦૯ ની સ્થિતિએ રાજ્યમાં ૧૮૬૨૨ જગ્યાઓ પોલીસમાં જુદા જુદા કેડરની ખાલી હતી, કલેરીકલ નહિ. કલેરીકલ સિવાયની આટલી જગ્યાઓ ખાલી હતી. માનનીય સભ્યશ્રીએ ચિંતા એમના જિલ્લા પુરતી વ્યકત કરી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે અહીંયા જે ૨૩૮ જગ્યા ખાલી છે એ જગ્યાઓ આપે કહ્યું છે કે વહીવટી અનુકૂળતા, સત્વરે પણ જો આપણે કાંઈક ટાઈમ લિમિટ આપી શકીએ તેમ હોઈએ તો આપે જે ભરતીની પ્રક્રિયા શરૂ કરી છે એમાં આ જે કેડર છે પોલીસ ઈન્સ્પેકટરથી લઈને પોલીસ કોન્સ્ટેબલ સુધી
યુવાનો ઉપલબ્ધ છે. કેન્ડીડેટસ્ નહીં મળતા હોય, ખાલી રહે સમજી શકાય. અહીંયા તો આપણને કેન્ડીડેટસ્ ઉમેદવારો મળે એમ છે ત્યારે ઘટ, કારણ કે, બીજા રાજયો કરતાં ટોટલ વસ્તીએ પોલીસ કૉન્સ્ટેબલની સંખ્યા આપણા રાજયમાં ઓછી વસ્તીએ કૉન્સ્ટેબલ આપણે ભરીએ છીએ એટલે પણ આ જગ્યાઓ પૂરતી ભરાય એના માટેનો કોઈ ટાઇમ બાઉન્ડ પોગ્રામ સરકારે વિચાર્યો છે કે કેમ ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહભાઈએ જે ચિંતા કરી એ પણ વાજબી છે. પણ મારે માનનીય સભ્યશ્રીને જરા જણાવવું છે કે, છેલ્લા એક જ વર્ષમાં, આંકડો આપને આપું છું કે, જે ૧૩,૮૬૫ની જે રિક્રુટમેન્ટ છે એ કુલ રિક્રુટમેન્ટના ૧૫ ટકા જેટલી સંખ્યા માત્ર એક જ વર્ષમાં આપણે રિક્રુટમેન્ટ માટે ફાઈનલનું પ્રોસીજરમાં ચાલે છે. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે આ જે લોકરક્ષકો, પી.એસ.આઈ. એમનો ટ્રેનિંગ પિરિયડમાં છે. ટ્રેનિંગ પિરિયડ પૂરો થઈ જશે એટલે જેમની માગણીઓ હશે અને ઉપલબ્ધતા હશે એ પ્રમાણે એમને ત્યાં નિમણૂકો કરી જગ્યાઓ જલદીમાં જલદી ત્યાં ભરી નિમણૂકો કરવામાં આવશે. ટ્રેનિંગ પિરિયડ તો પૂરો કરવો જ પડશે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, માતર પોલીસ સ્ટેશનમાં મંજૂર મહેકમ કેટલું છે, હાજર મહેકમ કેટલું છે, અને ખાલી જગ્યાઓ કેટલી છે ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો એ પ્રમાણે માતર પોલીસ સ્ટેશનમાં કુલ ૫૯ જગ્યાઓ મંજૂર થયેલી છે એમાંથી ૩૪ હાજર છે અને ૨૫ જગ્યાઓ ખાલી છે અને માતર તાલુકાનું બીજું પોલીસ સ્ટેશન છે એ લીંબાસી, કે માતર તાલુકા સાથે સંકળાયેલું છે એટલે એમાં કુલ ૩૧ જગ્યાઓ મંજૂર થયેલી છે, ૨૭ હાજર છે અને ૪ જગ્યાઓ ખાલી છે અને ખાલી જગ્યાઓ છે કુલ સરવાળો માતર તાલુકમાં ૨૯ જગ્યાઓ ખાલી છે, ટ્રેનિંગ પિરિયડમાંથી જ્યારે રિક્રુટમેન્ટ જે થઈ રહી છ એ વખતે ખાલી જગ્યાઓ ભરવાના પ્રયાસો કરવામાં આવશે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા તરીકે આ પોલીસ ખાતું નિષ્ફળ ગયેલું છે, ટોટલી નિષ્ફળ ગયેલું છે. ભરતી ના થવાના કારણે માનનીય અધ્યક્ષશ્રી, જે ખાલી જગ્યાઓ બતાવી છે એમણે ૬૫ ભરી છે એમને અભિનંદન આપે છે પણ જે ખાલી જગ્યાઓ છે એ કયા સમયમાં ભરવાના છે એ કહેતા નથી, પાછળનો આંકડો બતાવ બતાવ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, ખાલી જગ્યાઓ છે એને કારણે ગુનાનું પ્રમાણ દિવસે ને દિવસે વધતો જાય છે એના કારણે ગુનેગારો પકડાતા નથી. મહેમદાવાદમાં હમણાં બે જુથો લડ્યા છે, એક અઠવાડિયું થયું પણ હજુ ગુનેગારો પકડાતા નથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ મૂળ પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : તો હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, કેટલા સમયમાં તમે ભરવા માગો છો ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એજ કહું છું માનનીય રામસિંહભાઈ, આ જે લોક રક્ષકોની ભરતી છે એની પસંદગીની પ્રક્રિયા પૂરી થઈ છે, નવ મહિનાનો એનો ટ્રેનિંગ પિરિયડ છે અને એની ટ્રેનિંગની શરૂઆત જૂનમાં થઈ છે, નવ મહિના પછી એની ટ્રેનિંગ પૂરી થઈ જાય એ વખતે આપણે રિક્રુટમેન્ટ માટે જે પ્રમાણે ઉપલબ્ધતા હશે તે પ્રમાણે આપણે નિમણૂકો કરી દઈશું.

## ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટીઓને રાજીવ ગાંધી યોજના અન્વયે આપેલા વીજ કનેકશનો

***૧૭૪૯૯ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકા વાર કેટલી ઝૂંપડપટ્ટીઓને રાજીવ ગાંધી વીજળીકરણ યોજના અન્વયે વીજ કનેકશનો આપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા વીજ કનેકશનો આપવાના બાકી રહ્યા છે?

**મુખ્ય મંત્રીશ્રી (ઊર્જા) :**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી યોજના અન્વયે આપવામાં આવેલ વીજ જોડાણો અને મંજૂર થયેલ પ્રોજૅકટ મુજબ જુલાઇ, ૨૦૧૧ સુધીમાં આવરી લેવાના બાકી લાભાર્થીઓની માહિતી નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ વીજ જોડાણ** | **મંજૂર થયેલ પ્રોજેક્ટ મુજબજુલાઈ૨૦૧૧સુધીમાં આવરી લેવાના બાકી લાભાર્થીઓ.** |
|---|---|---|
| બાલાસિનોર | ૯૭૮ | ૮૦૨ |
| કપડવંજ | ૨૨૭૪ | ૧૮૨૦ |
| કઠલાલ | ૧૪૩૪ | ૨૪૩૫ |
| ખેડા | ૧૧૪ | ૩૮૩ |
| મહુધા | ૩૬૬ | ૫૩૮ |
| માતર | ૨૩૮ | ૧૫૮૪ |
| મહેમદાવાદ | ૭૬૫ | ૧૦૫૪ |
| નડિયાદ | ૨૬૨ | ૨૫૬૯ |
| ઠાસરા | ૩૫૨૦ | ૩૧૭૯ |
| વિરપુર | ૩૧૮ | ૪૫૮ |

છેલ્લી સ્થિતિ મુજબ ૧૩૩૫૪ વીજ જોડાણ આપવામાં આવ્યાં છે અને આયોજન પ્રમાણે સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** :માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના હેઠળનો જે કોન્ટ્રાકટ કોને આપવામાં આવ્યો, ક્યારે આપવામાં આવ્યો? માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા સંકલન સમિતિમાં મેં બે મહિના પહેલા પ્રશ્ન પૂછ્યો હતો, તો બાલાસિનોરમાં ૯૦૦ અને વિરપુરમાં ૧૨૦૦ જેટલા કનેકશનો બાકી હતા તો એક વર્ષ સુધી એના પ્રોબ્લેમો પણ ઊભા હોય છે.

બીજો મારો પ્રશ્ન એ છે કે, આ યોજનામાં લાભાર્થીઓને જે વિનામૂલ્યે વીજળીકરણ આપવાનું હોય એવા બી.પી.એલ.ના લાભાર્થીઓ જેવા કે, સરદાર આવાસ, ઈંદિરા આવાસ, આંબેડકર આવાસ અને દીનદયાળ આવાસ આમાં આજે રાજયમાં ૩૦ હજાર ઉપરાંત આવા લાભાર્થીઓ છે તો આજે પણ આ આવાસોના લાભાર્થીઓ વીજળીકરણથી વંચિત છે તો આ લાભાર્થીઓને વીજળીકરણ કરવા માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજીવ ગાંધી વીજળીકરણ યોજના કેન્દ્ર સરકારે માર્ચ, ૨૦૦૫માં જાહેર કરી, ૧૮-૩-૨૦૦૫માં જી.આર. થયો અને તરત જ રાજય સરકારે ખૂબ ઝડપથી ખેડા જિલ્લામાં સરવે કરાવ્યો અને જે નોડલ ઑફિસર જે એજન્સી છે એ રૂરલ ઈલેકટ્રીફીકેશન કોરપોરેશન એમને સંપૂર્ણપણે ડિટેઈલ પ્રોજૅકટ રિપૉર્ટ આપણે ખેડા જિલ્લાનો તાત્કાલિક મોકલી આપવામાં આવ્યો હતો.

આ સરવે કરીને રિપોર્ટ આપણે તા. ૨૫-૧૦-૨૦૦૫એ પ્રોજેકટ મોકલી આપ્યો એટલે તા.૧૮-૩-૨૦૦૫ના જી.આર. પછી સરવેની કામગીરી સંપૂર્ણ પૂરી કરી તા. ૨૫-૧૦-૨૦૦૫ એ આપણે ડીટેઈલ પ્રોજેકટ રિપોર્ટ આર.ઈ.સી.ને મોકલી આપ્યો. આર.ઈ.સી.એ ૧૬-૧૨-૨૦૦૬ની અંદર આપણને પ્રિન્સિપલ એપ્રુઅલ મોકલી એ પ્રિન્સિપલ એપ્રુઅલ મોકલ્યા પછી આપણે ટેન્ડર પ્રક્રિયા બહાર પાડી. ટેન્ડર પ્રક્રિયા બહાર પાડયા પછી આપણે જયારે ટેન્ડર આપ્યું એ પછી આર.ઈ.સી.એ તા.૩૦-૩-૨૦૦૭ એ સંપૂર્ણપણે પ્રોજેકટ હોલ્ડ ઉપર મુકાવ્યો. આ હોલ્ડ ઉપર મુકાવવાના કારણે કામમાં ડીલે થયું અને તા. ૬-૩-૨૦૦૮ની અંદર એ લોકોએ આગળ જવાની મંજૂરી આપી. રાજય સરકાર ગરીબોની ચિંતા કરે છે. ગરીબોના ઘરમાં છેવાડાના માનવીને વીજળીકરણ મળે અને બી.પી.એલ. કુટુંબોના લાભાર્થીને વીજળીકરણ મળે તે માટે ૨૦૦૫ થી ૨૦૦૮ સુધી આર.જી.જી.વાય. યોજનાની આપણે ચિંતા કરી નહીં અને સરકારની ઝુંપડપટ્ટી યોજનાના આધારે ૪૩૦૦૦ કનેકશનો આપણે આપ્યા. આ ત્રણ વર્ષની અંદર ૪૩૦૦૦ કનેકશનો આપ્યા એટલે પ્રિન્સિપલ એપ્રુઅલ પાછી મળી એટલે કોન્ટ્રાકટરે પાછો એનો રિપોર્ટ મોકલ્યો એ રિપોર્ટ મંજૂર થયો એના ૨૪ મહિનાની અંદર આપણે કામ પૂર્ણ કરવાનું છે એટલે માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે કે જે કોઈ બી.પી.એલ. કુટુંબના લાભાર્થી ખેડા જિલ્લાની અંદર હશે એને સમયમર્યાદાની અંદર આપણે કામ પૂરું કરીશું. છેલ્લી માહિતી મને મળી એ પ્રમાણે આજની તારીખે ૧૧૦૦૦ કનેકશન આપવાના બાકી છે એ જુલાઈના અંત સુધીમાં વહેલામાં વહેલી તકે થાય એ પ્રમાણે કોશીષ કરીશું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામ વીજળીકરણ યોજના હેઠળ અત્યાર સુધીમાં થયેલી કામગીરીની વિગત આપો. બીજો સવાલ છે ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામ વીજળીકરણ યોજના હેઠળ કોને વીજ જોડાણ અપાય છે? આવા લાભાર્થીઓને વીજ બીલમાં રાહત મળે છે કે કેમ? રાજીવ ગાંધી વીજળીકરણ યોજનાને કેન્દ્રએ મંજૂરી આપ્યા પછી યોજના હેઠળનું કામ સ્થગિત થયું હતું ખરું એ વાત સાચી છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કહેવામાં આવ્યું કે દરેક કાસ્ટના લોકોને આની અંદર સીંગલ પોઈન્ટ વાયરીંગ કનેકશન દ્વારા વીજળીકરણ આપવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આની અંદર ૯૦ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે. બીજું કે, હાલની અંદર આ બી.પી.એલ. કુટુંબ માટે રાજય સરકારની નીતિને કારણે માસિક ત્રીસ યુનિટ સુધી દોઢ રૂપિયો લેવામાં આવે છે. આર.જી.જી.વાય. યોજનાની અંદર વીજના રાહત દરોમાં કોઈ સબસીડી આપવામાં આવતી નથી.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૦ થી ૧૬ ના બી.પી.એલ. ને જયારે ઈન્દીરા આવાસ અને સરદાર આવાસ આપે છે. પાકું મકાન કરીને આપે છે. મીટર આપતા નથી તો મીટર આપવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોને વીજળી આપવી, કોને ન આપવી એ કેન્દ્ર સરકારના નિયમો પ્રમાણે છે. કેન્દ્ર સરકારની બી.પી.એલ. કુટુંબની ગાઈડલાઈનમાં જે કુટુંબોને આવતા હશે એને સંપૂર્ણપણે આ યોજના નીચે આવતા દિવસોની અંદર વીજળીકરણ આપવામાં આવશે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઝુંપડપટ્ટીના કેટલાક કનેકશનો છે એ એગ્રીકલ્ચર લાઈન સાથે જોડેલા છે. એને જયોતિ ગ્રામ સાથે જોડવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. મને આવા કનેકશન હોય તો ચોકકસ મને મોકલી આપે. હું એનો અભ્યાસ કરીશ અને રાજય સરકારના જે નિયમો છે એ નિયમોના આધારે આપણે આગળ વધીશું.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ઠાસરા તાલુકાના ૩૧૭૯ કનેકશનો આપવાના બાકી છે. આ જે કનેકશનો આપવાના બાકી છે એમાં કોન્ટ્રાકટરોની સંખ્યા ઓછી હોવાને કારણે મોડું થાય છે તો કોન્ટ્રાકટરોની સંખ્યા વધારીને ઝડપથી આ થાય એવું કરવા માગો છો કે કેમ? અને જે ઝુંપડપટ્ટીમાં તમે કનેકશનો આપવાના છો એ ૨૪ કલાકનું આપવાના છો કે ૮ કલાકનું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રહેઠાણનું કનેકશન છે. ગામડાંની અંદરનું કનેકશન છે એટલે જયોતિ ગ્રામ યોજનાની નીચે આપવામાં આવશે અને જે કોન્ટ્રાકટરો નકકી કર્યા છે એ જે નોડલ છે આર.ઈ.સી.એના આધાર ઉપર આપવામાં આવ્યા છે. આજની તારીખમાં કોન્ટ્રાકટરની પાછળ અમે પડી ગયા છીએ એને સંપૂર્ણપણે ૨૪ મહિનાની ડેડલાઈન છે. એ ડેડ લાઈનની અંદર કામ પૂરું થાય એ પ્રમાણેની એને સૂચના આપી દીધી છે અને એ પ્રમાણે એની ઝડપ વધી રહી છે. મારે ખેડા જિલ્લાના સભ્યશ્રીને ખાસ કહેવું છે કે તમારા વિસ્તારમાં કોઈપણ આવા ગામડાંઓની અંદર બાકી હોય મને યાદી મોકલી આપજો. હું પર્સનલી ધ્યાન રાખીશ અને વહેલામાં વહેલી તકે પૂરું થાય એની કોશીશ કરીશ

## રાજકોટ શહેર પોલીસની આરોગ્ય ચકાસણી

***૧૯૨૧૯ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મૅડિકલ ચૅકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો પોલીસ કમિશનર રાજકોટ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

(૧) હા, જી.

(૨) રાજકોટ શહેર યુનિટ ખાતે ફરજ બજાવતા કુલ ૧૩૪૯ કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારા પ્રશ્નના જવાબમાં ૧૩૪૯ કર્મચારીઓની ચકાસણી કરી છે. આ જે ચકાસણી પોલીસ ડિમાર્ટમેન્ટના કર્મચારીઓની અને અધિકારીઓની ચકાસણીનો નિયમ ક્યારે આવ્યો અને આ લાભ એના પરિવારોને મળે છે કે નહિ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : સભ્યશ્રીએ પૂછ્યું તે પ્રમાણે આ યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવે છે? તો છેલ્લા ૫૦ વર્ષથી આ કામગીરી થતી આવતી હતી, પરંતુ આ રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૪ થી આખા રાજ્યમાં કાર્યક્રમ શરૂ કર્યો છે. આ ૨૦૦૪ થી શરૂ થયો અને આમાં દર બે વર્ષે પોલીસ વિભાગના અધિકારી/કર્મચારીઓની આરોગ્યની ચકાસણી થતી હોય છે. સાથે સાથે એમના પરિવારોની પણ આરોગ્યની ચકાસણી થતી હોય છે. આ સિવાય એમના પરિવારના ૫ વર્ષથી નીચેના બાળકની પણ આરોગ્યની ચકાસણી થાય છે. આમ કર્મચારીઓ તેમના પરિવારજનો અને સાથે બાળકોની પણ આરોગ્યની ચકાસણી કરવામાં આવતી હોય છે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૦૪ થી ૨૦૦૮ દરમ્યાન કેટલા કર્મચારીઓની ચકાસણી કરવામાં આવી? આ અંગેની ફીનું ધોરણ નક્કી કરવામાં આવેલ

છે કે કેમ? જો ચકાસણી થાય છે, એનું રેકર્ડ રાખવા માટેનું પત્રક આપવામાં આવે છે કે કેમ? અપાતું હોય તો કોને કોને અપાય છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : રાજકોટ શહેરને લાગે વળગે છે, ત્યાં સુધી ૨૦૦૪ થી ૨૦૦૮ માં રાજકોટ શહેરમાં લગભગ ૧૩૦૭ પોલીસ અધિકારી/કર્મચારીઓની આરોગ્યની ચકાસણી કરવામાં આવેલ છે. સાથે સાથે એમના પરિવારજનો ૧૪૧૨ જણાની આરોગ્યની ચકાસણી કરવામાં આવેલ છે. એમ કરીને ટોટલ ૨૭૧૯ કર્મચારી પરિવારજનોની આરોગ્યની ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવેલ છે અને પૂર્ણ કરેલ છે. આના માટે કોઈપણ જાતનો ચાર્જ વસૂલ કરવામાં આવતો નથી. આનો રેકર્ડ રાખવામાં આવે છે કે કેમ? આ રેકર્ડ રાખવાની વાત છે ત્યાં સુધી હેલ્થ કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. કર્મચારીઓના પરિવારજનોની આરોગ્યની ચકાસણી એ પ્રિવેન્ટીવ મેજર છે, એટલે કોઈપણ રોગ થવાની સંભાવના હોય તો આગોતરી જાણકારી મેળવી શકાય છે અને તે પ્રમાણે મૅડિકલ રીપૉર્ટના આધારે હિસ્ટ્રી હેલ્થ કાર્ડમાં રહે તે પ્રમાણે ઇસ્યુ પણ કરવામાં આવે છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ૨૦૦૪ પછી આ નિયમ લાવ્યા. અગાઉ સરકારો હતી એને સૂઝયું નહિ. બીજું ગંભીર રોગ હોય તો એવા પરિવારોને ૧૦૦ ટકા ખર્ચો આપી સરકાર એને આરોગ્યની સેવાઓ આપવા માગે છે કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : સરકારી કર્મચારીઓ માટે આ વ્યવસ્થા છે. પણ જ્યાં સુધી આ પ્રશ્નને લાગે વળગે છે ત્યાં સુધી આરોગ્યની ચકાસણી સંદર્ભનો પ્રશ્ન છે. આરોગ્યની ચકાસણી નિઃશુલ્ક કરવામાં આવે છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આરોગ્યની ચકાસણી કરે છે તે અભિનંદનને પાત્ર છે, પરંતુ ચકાસણી કર્યા પછી કેટલાક કર્મચારીઓ ફિટનેસ હોતી નથી તો ફિટનેસ જળવાઈ રહે તે માટે એક્શન પ્લાન કર્યો છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : આમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં ચિંતા કરી છે અને કર્મચારીઓનું સ્વાસ્થ્ય વધુ સારી રીતે જળવાઈ રહે તે માટે યોગ વગેરેના કાર્યક્રમો હાથ ધરાય તેવી વ્યવસ્થા કરી છે.

### વડોદરા જિલ્લામાં સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતોની વસાહતો

***૧૭૫૭૧ શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતોની કુલ કેટલી વસાહતો આવેલ છે?

(૨) આ વસાહતોમાં આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તથા તેના નિભાવ માટે સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા ગોઠવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આ અંગે કેટલો ખર્ચ થયો?

**મુખ્યમંત્રીશ્રી(નર્મદા)**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતોની કુલ-૧૫૨ વસાહતો આવેલ છે.

(૨) આ વસાહતોમાં આંતરમાળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તથા તેના જરૂરિયાત મુજબના નિભાવ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૩) વસાહતોની શરૂઆતથી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીની સ્થિતિએ તમામ વસાહતો માટે આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તથા તેના નિભાવ અંગે રૂ.૨૨૬.૫૭ કરોડનો ખર્ચ થયેલ છે.
વડોદરા જિલ્લાની વસાહતો માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ અંગે રૂા.૧૯૬.૫૪ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન વિસ્થાપિતોનો પ્રશ્ન છે અને વડોદરા જિલ્લામાં આવેલ વસાહતોના નિભાવના સંદર્ભમાં મેં પ્રશ્ન પૂછયો છે અને તેનો જવાબ આપ્યો છે કે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ચોક્કસ કયા પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે? બીજો પ્રશ્ન છે કે એક વર્ષની અંદર આ વસાહતોના નિભાવ માટે ૧૯૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે તેવો જવાબ આપવામાં આવેલ છે. વડોદરા જિલ્લામાં મારો ડભોઈ તાલુકો છે તેમાં ૧૫૨માંથી ૩૫ વસાહતો મારા તાલુકામાં આવેલી છે. તો સ્પેશીફીક આ ૧૯૬ લાખમાંથી ડભોઈ તાલુકા માટે કેટલા પૈસા ખર્ચાયા તે મારે જાણવું છે. ત્રીજું આ જે રકમ ખર્ચાઈ છે તે રકમ વસાહતોને આંતર માળખાકીય સુવિદ્યાઓ પૂરી પાડવા માટે કોઈપણ હિસાબે પૂરતી થતી નથી. તો તે સંજોગોમાં માળખાકીય સુવિદ્યાઓ જેવી કે એપ્રોચ રોડ, આંતરિક રસ્તાઓ, પાણીની લાઈનની વ્યવસ્થા આ બધા માટે કોઈ ચોક્કસ વ્યવસ્થા સરકાર ગોઠવવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં નર્મદા નદીની યોજનાનું કામ જેમ જેમ આગળ વધતું ગયું તે પ્રમાણે નામદાર સુપ્રીમ કોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટે નીમેલી વિવિધ કમિટીઓના માર્ગદર્શન અને આદેશ પ્રમાણે રાજય સરકારે ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર તેના જેટલા વિસ્થાપિતો છે તે

તમામ વિસ્થાપિતોને તેમની ઈચ્છા પ્રમાણે જયાં વસવું હોય ત્યાં વસવાનો ત્યાં અધિકાર આપેલો છે. એટલે ગુજરાતના વિસ્થાપિતો તો ગુજરાતમાં વસે જ છે, પણ ગુજરાતની વસાહતોમાં મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વસાહતીઓ, જે મૂળ ત્યાંના વતની છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં જેમ જેમ ડેમનું કામ આગળ વધતું ગયું, વિસ્થાપિતો વધતા ગયા તેમ તેમ તે વિસ્થાપિતોએ નક્કી કર્યુ કે અમારે અમારા મૂળ રાજયમાં નથી રહેવું પણ અમારે ગુજરાતમાં જઈને વસવું છે. તે પ્રમાણે સુપ્રીમ કોર્ટના ગાઈડ લાઈન પ્રમાણેની વ્યવસ્થાઓ જે આપણે કરવાની થાય, તે વ્યવસ્થાઓ માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન પૂછયો કે તેમાં શું શું વ્યવસ્થાઓ આપવામાં આવે છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વસાહતીઓના નિભાવ માટે શું વ્યવસ્થા છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વસાહતો જે બનાવવામાં આવી તે તમામમાં વસાહતની જમીન ફાળવવાથી માંડી તેના ઉપર મકાન બનાવવું, તેને પુનઃવસવાટના લાભાર્થી માટે જમીન ફાળવી આપવી, ખેતી માટેના સાધનની વ્યવસ્થા કરી આપવી. સિંચાઈ માટેની વ્યવસ્થા કરી આપવી, તે પછી રોજ બરોજની જરૂરિયાત નાગરિકને જે છે તે પીવાનું પાણી, રોડ, વીજળી, બાળકોને અભ્યાસ કરવા માટેના પ્રાથમિક શાળાના મકાન, તેમના બાળકો માટે આંગણવાડીની વ્યવસ્થા, તેવી જ રીતે તેમના પશુઓ માટે હવાડા, સ્ટ્રીટ લાઈટ, દવાખાનું, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની નીચેનું દવાખાનું આ તમામ પ્રકારની એક ગામમાં નાગરિકને જે વ્યવસ્થાઓ મળે તે પ્રમાણેની તમામ વ્યવસ્થાઓ પુનઃવસવાટવાળા દરેક ગામને આપીએ છીએ. તેમાં વધારાની વાત છે કે તે નાગરિકો જે છે, લાભાર્થીઓ છે તેમનું વીજળીકરણ દા.ત. તેમનો બોર ચાલતો હોય, કૂવો ચાલતો હોય તો તેમનું તમામ વીજળીનું બીલ નર્મદા નિગમ દ્વારા ભરવામાં આવે છે. તેવી રીતે વસાહતમાં જે સ્ટ્રીટ લાઈટ ચાલતી હોય તો તેનું બીલ પણ નર્મદા નિગમ દ્વારા એટલે ગુજરાત સરકાર દ્વારા ભરવામાં આવે છે. એવી જ રીતે તેમના બાળકોની આરોગ્ય ચકાસણી માટેની વ્યવસ્થાઓ ગુજરાત સરકાર દ્વારા પોતાના ખર્ચે સતત કરવામાં આવે છે. એવી જ રીતે ત્યાં આગળ ચોતરા વગેરેની વ્યવસ્થાઓ, જે એક ગામમાં હોય તેવી તમામ વ્યવસ્થાઓ અહીંયાં કરવામાં આવી છે. ફરક એટલો છે કે તેની નિભાવણી આપણે કરીએ છીએ. રાજય સરકારના ખર્ચે તે લોકોને આ બધી વ્યવસ્થા આપીએ છીએ. બીજું સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે ડભોઈ તાલુકામાં કેટલી વસાહત છે? તો ડભોઈમાં તેમણે ૩૬ કહયું પણ મારી માહિતી પ્રમાણે ૩૨ વસાહત છે. હું સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે આ વસાહતો વસાવવા માટે આપણી રાજય સરકારે અત્યાર સુધીમાં કુલ વસાહતો વસાવવાનો ખર્ચ ૧૯૪ કરોડ રૂપિયા આ નાગરિકો માટે કર્યો છે.

એમના જે ગામો વસાવ્યાં છે એમની મેં કહ્યું એ પ્રમાણેની રોજબરોજ જરૂરિયાતના જે બિલો વગેરે સરકારના આવે એ ભરવા માટે, એમની મોટર પંપ બગડી ગયેલ હોય તો આપણે રિપેર કરી આપીએ, શાળાના રૂમમાં કઈ જરૂરિયાત હોય તો આપણે કરી આપીએ, એમના ઉપર કોઈ બોજો ના પડે એ માટેની મેન્ટેનન્સની જે વ્યવસ્થા છે તેમાં અત્યાર સુધીમાં ૩૨ કરોડ રૂપિયા આપણે ખર્ચ્યા છે આ કૅલૅન્ડર વર્ષની આખર સુધીમાં, આ સતત ચાલતો ખર્ચ છે આવતા વર્ષે હજુ એમાં ઉમેરો થશે એમ અત્યાર સુધીમાં વસાહતીઓના ગામો માટે ૨૨૬ કરોડ રૂપિયા આપણે ગુજરાતના તમામ વસાહતીઓ જે વસ્યા છે એમના માટે કરેલ છે. બીજું પણ કહીશ કે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે જે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે એમાં આ કામગીરીની દેખરેખ એ ગુજરાત સરકારનું નર્મદા નિગમ તો કરે જ છે પણ નર્મદા ફરિયાદ નિવારણ પ્રાધિકરણ કે જેમાં જસ્ટીસ પહેલાં માનનીય દેસાઈ સાહેબ હતા પછી માનનીય જસ્ટીસ કાપડિયા સાહેબ હમણાં હતા આવા નિવૃત્ત હાઈકોર્ટ જસ્ટીસોની અધ્યક્ષતામાં સુપ્રીમ કોર્ટે આ બધું વ્યવસ્થાતંત્રનું મિકેનીઝમ દેખરેખ માટેનું ગોઠવ્યું છે અને મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત સરકાર જે કામ કરી રહી છે પુનઃવસવાટના લાભાર્થીઓ માટે એટલે મધ્યપ્રદેશના અને મહારાષ્ટ્રના લાભાર્થીઓ એમનું મૂળ ગામ છોડી ગુજરાતમાં સારા લાભો મેળવવા માટે, સુપ્રીમ કોર્ટે કહ્યું એના કરતાં પણ વધારાના લાભ આપણે આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વિગત આપવા માગું છું કે, આ સંવેદનશીલ મુદ્દો છે, માનનીય સિધ્ધાર્થભાઈએ કહ્યું એ પણ સાચી વાત છે કારણ કે લાભાર્થીઓને વ્યવસ્થાઓ આપવી એના ઉપર સુપ્રીમ કોર્ટનું સતત મોનિટરીંગ વગેરે વ્યવસ્થાઓ માનનીય અધ્યક્ષશ્રી, ચાલે છે એટલે હું આ સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે, આપણે જે કામ કરીએ છીએ એનું સુપ્રીમકોર્ટને છેલ્લું રિપોર્ટિંગ આપ્યું, જસ્ટીસ કાપડિયા સાહેબે જે કર્યુ, એમનો સ્વર્ગસ્થ થયો હમણાં જ, સ્વ. કાપડિયા સાહેબે જે લખેલું એનો એક પ્રેરેગ્રાફ હું વાંચીશ કે પુનઃવસવાટવાળા સંબંધિત ગામોમાં એપ્રિલ ૨૦૧૦માં મળેલ એનસીએની અને આરએનઆર સબગૃપની કમિટીની મિટિંગમાં શ્રી બી.એસ. કાપડિયાએ આપેલ વકતવ્યમાં જણાવેલ કે ફરિયાદ નિવારણ પ્રાધિકરણની ટીમ દ્વારા વસાહતોના સર્વે દરમિયાન જણાયું છે કે વસાહતીઓ માટે કરેલી માળખાકીય સુવિધાઓ અને જરૂરી સગવડો ખરેખર સંતોષપ્રદ રહી છે અને વસાહતીઓનું જીવનધોરણ તેમના ડૂબમાં ગામમાં રહેતા હતા તેના કરતાં ખૂબ જ ઉંચુ આવ્યું છે અને લોકો અહીંયાં રહેતાં વધારે સુખી અને ખુશી થયા છે, આ આપણી ગુજરાત સરકાર નથી કહેતી કે અમારા નર્મદા નિગમના અધિકારીઓ નથી કહેતા, પણ જસ્ટીસ કાપડિયા સાહેબની કમિટી એણે સુપ્રીમ કોર્ટમાં આ પ્રમાણેનું કીધું છે.

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સિધ્ધાર્થભાઈએ વાત મને અગાઉ પણ કહેલી કે સ્થાનિક ઈન્ફાસ્ટ્રકચર, સ્વાભાવિક છે કે કામ કર્યુ હોય, એનું મેન્ટેનન્સ વગેરે કરવું પડે તો માનનીય ધારાસભ્યશ્રીઓ પણ તેમાં પોતાનું ફંડ ફાળવે છે, સંસદસભ્યશ્રીઓ પણ એ ગામોમાં જેમ આપણે ફંડ ફાળવીએ છીએ એમ ફાળવ્યું છે, અમારા ધારાસભ્યશ્રી અભેસિંહ તડવીએ સંખેડાના ગામડાઓમાં પુનઃવસવાટવાળા ગામોમાં એમની ધારાસભ્ય ગ્રાન્ટની રકમ ફાળવી આપી છે. મેં આયોજન અધિકારી પાસે જે વિગતો મંગાવી એ પ્રમાણે મારે કહેવું છે કે, અભેસિંહભાઈએ ભાજપના ધારાસભ્યશ્રીએ ગ્રાન્ટો ફાળવી છે, મારે સિધ્ધાર્થભાઈનું નર્મતાથી ધ્યાન દોરવું છે કે આપે ડભોઈ તાલુકામાં  મને જે માહિતી મળી છે એ પ્રમાણે અત્યાર સુધીમાં ધારાસભ્ય ગ્રાન્ટમાંથી  આ પુનઃવસવાટવાળા ગામોમાં ગ્રાન્ટ નથી ફાળવી તો આપ પણ ગ્રાન્ટ ફાળવો એવી આ લાભાર્થીઓ વતી હું વિનંતી કરું છું.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે સવાલ પૂછ્યો એનો હજી જવાબ નથી મળ્યો, ૧૯૯ લાખ રૂપિયા તમામ વસાહતીઓના માવજત માટે એક વર્ષમાં ખર્ચવામાં આવ્યા, એમાં ડભોઈ તાલુકામાં કેટલી રકમ ખર્ચવામાં આવી એ મારો સવાલ હતો, બીજી વાત કે જે વસાહતો જ્યારે તૈયાર કરવામાં આવી ત્યારે એના ધારાધોરણ અને એના જે સ્પેશિફિકેશન તૈયાર કરવામાં આવ્યા એ ખૂબ સારા હતા એટલે જૂના જે રહેતા હતા જયાં ગામડાઓમાં ત્યાંથી વધારે  સારી સ્થિતિમાં આવ્યા એમાં બેમત છે જ નહીં, પણ સવાલ એ છે કે, આજે આપણે ગામડાઓનો વિકાસ કરતા ચાલ્યા છીએ અને દરેક ગામમાં એપ્રોચ રોડ થઈ ગયા, વસાહતોમાં હજી એપ્રોચ રોડ થતા નથી દરેક દરેક ગામમાં આંતરિક રસ્તા થયા.

વસાહતોમાં આંતરિક રસ્તા થતા નથી. પરિણામે પરિસ્થિતિ એવી ઉભી થાય છે કે, વસાહતીઓમાં એક અસંતોષની લાગણી આજે ઉભી થઈ છે એના સંદર્ભમાં મેં આ પ્રશ્ન પૂછ્યો છે. સવાલ એટલો જ છે કે, આ જે વસાહતો વસાવવામાં આવી છે એ મુખ્ય રસ્તાથી એક કિલો મીટર, બે કિલો મીટર અંદર છે. ત્યાં એપ્રોચ રોડ બનાવવો હોય તો ૫૦ લાખ, ૬૦ લાખ કે ૭૦ લાખ રૂપિયા એક એક વસાહત માટે ખર્ચ થાય કોઈ ધારાસભ્યશ્રી પોતાની ગ્રાન્ટમાંથી આ રકમ ફાળવી શકે એવી કોઈ સ્થિતિ જ નથી. એક એક વસાહતમાં અંદર આંતરિક રસ્તાઓ જે આપણે CC રોડ કરવાના છે એમાં એમણે જ્યારે મારા નામનો ઉલ્લેખ કરી કહ્યું છે ત્યારે મારે એમની પાસેથી સ્પષ્ટતા જોઈએ છે. હું તમને સીમળિયા વસાહતનો દાખલો આપુ તો એ સિમળિયા વસાહત એટલી મોટી છે કે, એની અંદર આંતરિક રસ્તા કરવા હોય તો સાત કિલો મીટરના આંતરિક રસ્તા કરવા પડે કોઈ ધારાસભ્ય પોતાની ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી આ રસ્તા કરી શકે એવી સ્થિતિમાં જ નથી આ સંજોગોમાં સરકાર આ કામો કરવા માગે છે કે કેમ? અને ગામમાં જે સુવિધાઓ ઉપલબ્ધ છે એ સુવિધાઓની સમકક્ષ સુવિધાઓ આ વસાહતોને સરકાર પૂરી પાડવા માગે છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ હું ફરી કહું અહીંયા બેઠેલા તમામ માનનીય ધારાસભ્યશ્રીઓના જે ગામો છે એમાં આંતરિક રસ્તાઓ CC રોડ કરવા હોય નગરોમાં CC રોડ કરવા હોય તો સ્વાભાવિક છે કે કિલો મીટરથી વધુ એ રસ્તાસઓ થતા હોય આપણી જે વ્યવસ્થા છે સિદ્ધાર્થભાઈ, આપણી જે વ્યવસ્થા છે એમને પ્રાઈમરી વ્યવસ્થા આપવી, આપ બધા કહો છોને આ CC રોડ મંજૂર કરવાનું કામ પણ ગુજરાતની ભાજપ સરકારે ચાલુ કર્યું બાકી ભૂતકાળમાં ક્યાંય CC રોડ શું એક કાંકરી પણ મૂકાતી ન હતી. ક્યાંય CC રોડ બનતો ન હતો. એટલે આવો CC રોડ જેમ જેમ અપગ્રેડેશન થશે મને તો ચોક્કસ વિશ્વાસ છે કે અમારી સરકાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં જે રીતે ઈ-ગ્રામ કરી રહી છે ભવિષ્યમાં એવો પણ પૂછાશે કે આ પુનઃવસવાટ વાળા ગામમાં ઈ-ગ્રામની કનેકિટવિટી કરવામાં આવી છે કે કેમ? જેમ અમે અપગ્રેડેશન કરી રહ્યા છીએ એ પ્રમાણે દરેક કામ માટે માનનીય અભેસિંહભાઈએ અને બીજા સભ્યશ્રીઓએ જે ગ્રાન્ટો ફાળવી છે એ મેં લિસ્ટ જોયું, સમયની મર્યાદા છે એટલે નહીં કહું પણ CC રોડ માટે આપણે જેમ ધારાસભ્ય તરીકે ગામડામાં પંચાયતોના કામો માટે રકમ ફાળવીએ છીએ એવી રીતે રકમ ફાળવ્યે જાય તો તબક્કાવાઈસ એ કામ પૂરું થશે. બીજું આપનું સૂચન બરાબર છે કે ટ્રાયબલ સબપ્લાનની જે ગ્રાન્ટ છે એમાંથી પણ મેં કલેકટરશ્રીને સૂચના આપી છે અને કહ્યું છે કે, આમાં પણ આ ગામોના કામોનો સમવેશ કરો. આપનો ડભોઈ તાલુકો એ ટ્રાયબલ સબપ્લાનમાં આવતો નથી. આખો આદિવાસી તાલુકો હોય ગુજરાત સરકારના અને ભારત સરકારના ધોરણો પ્રમાણે તો ટ્રાયબલ તાલુકો ગણાય છે. આપને ત્યાં છૂટાછવાયા ગામો છે છતાં મેં કલેકટરશ્રીને આપ હતા અને એ વખતે જ મેં સૂચના આપી છે કે હવે જ્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે કરોડો રૂપિયાની રાજય સરકાર ગ્રાન્ટની ફાળવણી કરતી હોય તો એમાંથી આપણા આદિવાસી ભાઈઓને કે જેઓ ગુજરાતનું સારુ કામ જોઈ, સારી વ્યવસ્થા જોઈ અહીંયા આવ્યા છીએ એમને વધુ આપણે લાભ આપીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાને જ્યાં સુધી લાગે-વળગે છે ત્યાં સુધી આ સભાગૃહ રાજકારણથી ઉપર ઉઠીને નર્મદા યોજનામાં ચર્ચા કરતું આવ્યું છે. માનનીય સિદ્ધાર્થભાઈનો પ્રશ્ન છે એમાં માનનીય અધ્યક્ષશ્રી, હજુ કેટલાક વિસ્થાપિતોને આપણે વસાવવાના, એમને ત્યાંથી ફેરવવાના બાકી પણ છે જ્યારે દરવાજા બંધ કરીશું ત્યારે જરૂરિયાતો પણ ઉભી થવાની છે. એ સંજોગોમાં નર્મદા યોજનાનું મહત્વ અને જેટલો મોટો આપણે ખર્ચ કરીએ છીએ એ ખર્ચની સરખામણી જોઈશું તો આ વસાહતો માટેનો ખર્ચ મને લાગે છે કે

એકદમ નાનો ખર્ચ થવાનો છે. હું માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરુ છું કે, નર્મદાની બાબત છે ત્યારે પોઝિટિવ એન્ગલથી સિદ્ધાર્થભાઈએ ઉઠાવ્યો છે કોણે ઉઠાવ્યો છે એ મહત્વનું નથી. નર્મદાનો પ્રશ્ન આ ગૃહના સૌનો છે, આખા ગુજરાતનો પ્રશ્ન છે ત્યારે એ સંજોગોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની કક્ષાએ માનનીય સિદ્ધાર્થભાઈ અને માનનીય મંત્રીશ્રી બેસીને કારણ કે જે ખર્ચ વસાહતો માટે આપણે કરીશું એની ઈમ્પેક્ટ જે હજી ખસ્યા નથી વસાહતીઓ એના ઉપર થવાની છે. અહીંના ફોટા પાડીને કે અહીંના વસાહતીઓની નેગેટિવ બાબત લઈને ગુજરાત વિરોધી NGO એ વિસ્થાપિતો થવાના છે ભવિષ્યમાં જે અસરગ્રસ્ત થવાના છે એને ગેરમાર્ગે ન દોરે એટલા માટે પણ અહીંયા ખરેખર આપણે જે કામ કર્યું છે વિસ્તાપિતો માટેનું ગુજરાતે આટલી સરકારોએ જેટલું આખા દેશમાં કોઈએ નથી કર્યું એટલું સારું કામ ગુજરાતે કર્યું છે. પરંતુ આ એક મુદ્દો અત્યારે ઘણો જ સેન્સેટીવ થયો છે. જે ગ્રાન્ટો આપણે આપીએ છીએ એમાંથી વિસ્થાપિતોની વ્યવસ્થા બરાબર નહીં થઈ શકે.

એટલે માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી, જે વિસ્થાપિતોના માટે વસાહતો બની છે એના માટે નર્મદાના ફંડમાંથી કંઈક કરીને આપણે જે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં જે કંઈ નાનું મોટું રિપેરીંગ કે બીજું જે કંઈ કરવું પડે તેમ હોય તે કરીને એક એવું ચિત્ર ઉભું કરી શકીશું કે જે આવતા દિવસોમાં કોઈ કોર્ટમાં જશે તો પણ કામ લાગશે અને એક પોઝિટીવ મેસેજ આપવા માટે અને આમ પણ જેમણે વિસ્થાપિત થઈને પોતાની જમીનો છોડી છે એમણે આપણા હિતમાં જમીનો છોડી છે અને ખાલી કરેલ છે ત્યારે એમની ચિંતા આમ ગુજરાતી કરતાં સ્પેશ્યલ કેસમાં આપણે વધારે કરવાની છે તો એ એક વાતાવરણ સારું રહે, રાજકીય માઈલેજ માટે અમને પણ આમાં કોઈ રસ નથી, આપ અને અમે સાથે મળીને આનો રસ્તો કે આનો કોઈક ઉકેલ લાવીએ જેથી કંઈ ન થાય. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન પણ ડભોઈ તાલુકાનો છે એમાં ૧૯૬.૫૪ લાખ જેટલી રકમો તમે જે વાપરી છે એમાંથી ડભોઈ તાલુકાને કેટલી રકમ મળી છે? કદાચ અત્યારે આપની પાસે આંકડા ન હોય એવું બને તો એનો પણ અમારા પક્ષ તરફથી વિવાદ નહિ કરીએ, આને અમારે માત્ર વિવાદનો મુદ્દો કે પોલિટીકલ માઈલેજનો મુદ્દો નથી કરવો, ગુજરાતના હિતમાં સાથે મળીને આ કરવા માટેની આપની તૈયારી છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નર્મદાના વિસ્થાપિતો માટે અને નર્મદા યોજનાની અસર આપણા રાજય અને બીજા રાજયોમાં થતાં તમામ લોકો માટે ખૂબજ સાનુકૂળ, ખૂબજ સહાનુભૂતિવાળી, નામદાર સુપ્રીમ કોર્ટે અથવા ટ્રિબ્યુનલે પુનઃવસવાટવાળા લાભાર્થીઓ માટે જે જે વ્યવસ્થાઓ સૂચવી હતી, એના કરતાં પણ આપણે બધાયે સાથે મળીને અનેકગણું કર્યુ છે, એટલા માટે મેં અહીંયા કહ્યું કે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના લાભાર્થીઓ એમનું રાજય છોડીને, એમનો સમાજ અને એમનું વતન છોડીને ગુજરાતમાં રહેવા આવવા માટે ઈચ્છે છે. બીજું માનનીય વિરોધપક્ષના નેતાએ જે વાત કહી એમાં હું સભાગૃહના ધ્યાન પર વાત મૂકું તો નર્મદા ડેમની ઉંચાઈ અત્યારે આપણે જે ૧૨૧.૯૨ મીટર કરી છે એમાં આવતા તમામ અસરગ્રસ્તોને આપણે વસાવી દીધા છે, ત્રણ ચાર વર્ષ પહેલાં જે પુર આવ્યું હતું એમાં ૧૨૮ મીટર સુધી પાણી ત્યાં ચડેલું તો ત્યાં પણ કોઈ અસરગ્રસ્ત બાકી રહેતા નહોતા આમાં જે અસરગ્રસ્તો વસાવવાના છે, આ સન્માનનીય ગૃહ માટે બહુ અગત્યની વાત કરું કે સો વર્ષે એક પુર આવે, એ પણ કદાચ અને જેને અસર થાય એવા જ જે લાભાર્થીઓ બાકી રહ્યા છે એમને જ હવે આપણે વસાવવાના છે એમના માટે પણ તમામ વ્યવસ્થાઓ અને ગુજરાતના દ્વાર આપણે ખુલ્લાજ મૂક્યા છે અને બીજો પ્રશ્ન માનનીય સિદ્ધાર્થભાઈએ એપ્રોચ રસ્તાનો કર્યો તો એમાં મેં માનનીય માર્ગ અને મકાનમંત્રીશ્રી આનંદીબેન સાથે ચર્ચા કરી છે એમણે પણ મને હા પાડી છે કે આવા જે પુનઃવસવાટવાળા લાભાર્થીઓના ગામોને ડામર રસ્તાથી જોડવાના બાકી હશે તો આ વખતે આપણે બજેટમાં જ લીધું છે કે, ૫૦૦ થી નીચેની વસતિવાળા ગામો હોય તો પણ આપણે જોડી દઈશું અને એમાં પણ બાકી હશે એ પણ માર્ગ મકાન વિભાગ દ્વારા જોડવા માટેના આપણે ચોક્કસ પ્રયત્નો કરીશું.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : આવી ૫૦૦થી નીચેની વસતિવાળા ગામોને અલાયદા ગામનું સ્ટેટસ નથી એટલે એ લોકો ૫૦૦ થી ઓછી વસતિવાળા ગામોની વ્યાખ્યામાં આવવાના નથી તમે વસાહતના સંદર્ભમાં અલાયદી વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : આપણે આને રેવન્યુ ગામ નહિ ગણીએ, આપણે વસાહતી ગામ ગણીશું પછી એ રેવન્યુ ગામ હોય કે ના હોય, પુનઃવસવાટવાળા તમામ ગામોને આપણે આ સ્કીમનો લાભ આપીશું.

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ પ્રશ્ન ક્રમાંકઃ૭ માનનીય ફતેસિંહભાઈ (અંતરાય) ધીરૂભાઈ ખૂબ ચર્ચાઓ થઈ છે આપ બેસી જાઓ,

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય મારા વિસ્તારનો પ્રશ્ન છે, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વડોદરા જિલ્લામાં ૧૫૨ વસાહતો વસાવવામાં આવી છે, એમાં કયા કયા તાલુકામાં કેટલી વસાહતો છે અને નર્મદાના અસરગ્રસ્તોના નામે આજે નસવાડી તાલુકામાં ૨૭ જેટલી વસાહતો આવેલી છે ત્યારે નર્મદાના પાણી છેક કચ્છ સુધી પહોંચાડવામાં આવે છે અને જો આ વિસ્થાપિતોને પીવાનું પાણી ન મળતું હોય તો આ શરમજનક વાત છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નસવાડી તાલુકામાં કમાન્ડ વિસ્તારથી બહાર જે વસાહતો

વસાવવામાં આવેલી છે એમાં હાલ પીવાના પાણીની ઘણી મુશ્કેલી છે તો નર્મદા આધારિત કોઈ યોજના બનાવવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાનો લાભ આપવો કે નહિ એ અત્યારે નક્કી કરવાનું નથી એ અગાઉ નક્કી થઈ ચૂક્યું છે, વસાહતીઓ માટે લિફ્ટ ઈરીગેશન યોજનાઓ તથા અન્ય યોજનાઓ કરેલ છે અને હેન્ડપંપની વ્યવસ્થા ભારત સરકારના ધોરણ કરતાં પણ વધારે આપી છે અને મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવું છે કે,

આપણે કેટલા સંવેદનશીલ છીએ આ માટે આ પ્રશ્નનું જ્યારે બ્રિફિંગ હતુ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મને એમ કહેલું કે નીતિનભાઈ નર્મદા યોજનાના કામ આગળ વધારવા માટે વિસ્થાપિતો માટે જે જે કરવાપાત્ર હોય કોઈ શિલિંગ નહીં તે પ્રમાણેનું કામ તમે મંજૂર કરજો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે આ કાળજી રાખી છે ત્યારે પીવાનું પાણી હોય, રસ્તા હોય, શિક્ષણ માટેની વાત હોય, આરોગ્યની વાત હોય કે કોઈ પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાત હોય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે નર્મદા યોજનાને આગળ વધારવી છે અને લાભાર્થીઓ જેમ શકિતસિંહભાઈએ કહ્યું કે આપણે ગુજરાત માટે જેમણે ભોગ આપ્યો છે તેમને આપણે કોઈ પણ રીતે નારાજ કે દુ:ખી કરવા માગતા નથી આપણે તેમને વધુને વધુ ખુશ કરવા માગીએ છીએ.

## ખેડા પોલીસની આરોગ્ય ચકાસણી

*** ૧૯૨૨૧ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા ખેડા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા.૧/૧૦/૨૦૦૮ થી ૩૦/૯/૨૦૧૦ દરમિયાન કરવામાં આવેલ છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ)**

(૧) હા,જી.

(૨) દર્શાવેલ સમયગાળામાં કુલ ૧૩૯૭ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૪ કલાક સેવા આપતા પોલીસ દળના ના માત્ર કર્મચારીઓ અને અધિકારીઓ પરંતુ તેમના પરિવારજનોને પણ મફત મેડિકલ ચેકઅપ કરવાની આ યોજના બદલ ગુજરાતની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, ખેડા જિલ્લામાં ૨૦૦૪ થી ૨૦૦૮ની વચ્ચે કેટલા પોલીસ અધિકારીઓ, કેટલા કર્મચારીઓ અને કેટલા પરિવારજનોને આપણે ચકાસવામાં આવ્યાં અને જો હેલ્થ કાર્ડ આપવામાં આવ્યાં હોય તો કેટલાં હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યાં ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૮ના ગાળા દરમિયાન ખેડા જિલ્લાના ૧૪૫૩ જેટલાં પોલીસ કર્મચારીઓ/અધિકારીઓની આરોગ્યની તપાસણી કરવામાં આવેલ છે. આ સાથે આ પોલીસ કર્મચારીઓના પરિવારો જે છે તે પરિવારોની પણ આ રાજય સરકાર આરોગ્ય સબંધમાં ચિંતા કરે છે એટલે ૨૨૮૩ જેટલાં કુટુંબીજનોના આરોગ્યનું પરીક્ષણ પણ કરવામાં આવેલ છે. અને માનનીય સદસ્યશ્રીએ જેમ કહ્યું તેમ આ આરોગ્યની ચકાસણી પછી પણ આ જેની સાથે કર્મચારીઓને પણ એક અલગ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે. અગાઉ પણ મેં તેની વાત કરી છે, પુનરોકિત થાય છે. એટલે તેના પરિવારજનોને પણ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે અને તેના બાળકોને પણ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે કે જેથી કરીને તેના તમામે તમામ આરોગ્યને લગતી વિગતો તેમાં સમાવી શકાય અને ભવિષ્યમાં જ્યારે ફર્ધર એકઝામીનેશન કરવાનું હોય તો આ બાબત તેને ઉપયોગી બની શકે એટલા માટે હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવેલ છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, જે કર્મચારીઓ નોકરીમાં ચાલુ છે તેમને તો આ લાભ આપવામાં આવે છે પણ ઘણાં ઘનિષ્ઠ કર્મચારીઓ એવાં છે કે રિટાયરમેન્ટ પછી જો એ લોકોની આર્થિક સ્થિતિ સારી ના હોય તો તેમને અને તેમના આશ્રિતોને આ લાભ સરકાર આપે છે કે કેમ અને જો ના આપતી હોય તો આપવા માગે છે કે કેમ ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે કોઈ પણ સરકારી કર્મચારી નિવૃત્ત થાય તો આ માત્ર પરીક્ષણના સંદર્ભમાં નહીં તેના આરોગ્યની ચકાસણીના સંદર્ભમાં આ પ્રશ્ન છે પણ તેમ છતાં નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીઓ છે તેમને જ્યારે પણ આરોગ્યની સેવાની જરૂર પડતી હોય ત્યારે

તેમને રિએમ્બર્સમેન્ટ મળતું જ હોય છે તેમ છતાં માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે ભવિષ્યમાં આ દિશામાં ચોક્કસ વિચારણા કરી શકાય ખરી.

**તાપી જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં સંવર્ગ વાર મંજૂર થયેલ મહેકમ**

*** ૧૭૬૯૮ શ્રી પુનાભાઈ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ અધીક્ષક તાપીના તાબા હેઠળના બધાજ પોલીસ સ્ટેશનોમાં સંવર્ગ વાર મંજૂર થયેલ મહેકમ કેટ કેટલું છે, અને

(૨) તે અન્વયે કેટ કેટલી જગ્યાઓ કેટલી સમયથી ખાલી છે ?

**મુખ્યમંત્રીશ્રી(ગૃહ)**

(૧) આ સાથે જોડેલ **પત્રક-અ** પ્રમાણે.

(૨) આ સાથે જોડેલ **પત્રક-બ** પ્રમાણે.

**પત્રક-અ**

| ક્રમ | પો.સ્ટે. | પોઈ | પોસઈ | અહેકો | અપોકો | અલોર | આહેકો | આપોકો | આલોર | વુ.હેકો | વુ.પોકો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વ્યારા | ૦૧ | - | ૧૮ | ૨૪ | - | ૮ | ૨૭ | - | ૦૧ | ૦૨ | ૮૧ |
| ૨ | કાકરાપાર | - | ૦૧ | ૦૭ | ૦૯ | - | ૦૧ | ૦૫ | - | ૦૧ | ૦૨ | ૨૬ |
| ૩ | વાલોડ | | ૦૧ | ૧૧ | ૦૮ | - | ૦૫ | ૧૮ | - | ૦૧ | ૦૨ | ૪૬ |
| ૪ | સોનગઢ | | ૦૧ | ૧૪ | ૧૪ | - | ૦૬ | ૨૧ | - | ૦૧ | ૦૨ | ૫૯ |
| ૫ | ઉકાઈ | | ૦૧ | ૧૦ | ૧૦ | - | ૦૩ | ૦૮ | - | ૦૧ | ૦૨ | ૩૫ |
| ૬ | ઉચ્છલ | | ૦૧ | ૧૦ | ૦૭ | - | ૦૫ | ૧૭ | - | ૦૧ | ૦૨ | ૪૩ |
| ૭ | નિઝર | | ૦૧ | ૧૦ | ૧૫ | - | ૦૫ | ૧૬ | - | ૦૧ | ૦૨ | ૫૦ |
| ૮ | મહિલા | ૦૧ | ૦૨ | - | - | - | - | ૦૧ | - | ૧૬ | ૩૦ | ૫૦ |
| | **કુલ (પો.સ્ટે.)** | **૦૨** | **૦૮** | **૮૦** | **૮૭** | **-** | **૩૩** | **૧૧૩** | **-** | **૨૩** | **૪૪** | **૩૯૦** |
| | મુખ્ય મથક તાપી-વ્યારા | ૦૨ | ૦૪ | ૧૦ | ૨૧ | ૧૮ | ૨૩ | ૬૬ | ૪૧ | - | ૦૫ | ૧૯૦ |
| | **કુલ (જિ. તાપી)** | **૦૪** | **૧૨** | **૯૦** | **૧૦૮** | **૧૮** | **૫૬** | **૧૭૯** | **૪૧** | **૨૩** | **૪૯** | **૫૮૦** |

**પત્રક--બ**

| ક્રમ | પો.સ્ટે.નું નામ | સંવર્ગ | વર્ગ | મહેકમ | | | ખાલી જગ્યાઓ પેકી બ્રેક્અપ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજુર | હાજર | ખાલી | ૬ માસ સુધીના | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષની ઉપરના |
| ૧ | વ્યારા | પો.ઈ. | ૨ | ૦૧ | ૦૧ | - | - | | - | - |
| | | પો.સ.ઈ. | ૩ | - | - | - | - | | - | - |
| | | અ.હે.કો. | ૩ | ૧૮ | ૧૭ | -૦૧ | - | | - | ૦૧ |
| | | અ.પો.કો. | ૩ | ૨૪ | ૧૪ | -૧૦ | - | ૦૪ | - | ૦૬ |
| | | અ.લો.ર. | ૩ | - | ૦૩ | +૦૩ | - | - | - | +૦૩ |
| | | આ.હે.કો. | ૩ | ૦૮ | ૧૦ | +૦૨ | - | +૦૨ | - | - |
| | | આ.પો.કો | ૩ | ૨૭ | ૧૨ | -૧૫ | - | - | ૦૯ | ૦૬ |
| | | આ.લો.ર. | ૩ | - | ૦૫ | +૦૫ | - | - | - | +૦૫ |
| | | વુ.હે.કો. | ૩ | ૦૧ | ૦૨ | +૦૧ | +૦૧ | - | - | - |
| | | વુ.પો.કો. | ૩ | ૦૨ | ૦૩ | +૦૧ | - | - | - | +૦૧ |
| ૨ | કાકરાપાર | પો.ઈ. | ૨ | - | - | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |

| ક્રમ | પો.સ્ટે.નું નામ | સંવર્ગ | વર્ગ | મહેકમ | | | ખાલી જ્ગ્યાઓ પેકી બ્રેકઅપ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજુર | હાજર | ખાલી | ૬ માસ સુધીના | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષની ઉપરના |
| | | અ.હે.કો. | ૩ | ૦૭ | ૦૬ | -૦૧ | - | - | - | ૦૧ |
| | | અ.પો.કો. | ૩ | ૦૯ | ૦૪ | -૦૫ | - | ૦૨ | - | ૦૩ |
| | | અ.લો.ર. | ૩ | - | ૦૧ | +૦૧ | - | - | - | +૦૧ |
| ૨ | કાક્રાપાર | આ.હે.કો. | ૩ | ૦૧ | ૦૩ | +૦૨ | - | +૦૨ | - | - |
| | | આ.પો.કો | ૩ | ૦૫ | ૦૨ | -૦૩ | - | - | ૦૧ | ૦૨ |
| | | આ.લો.ર. | ૩ | - | ૦૩ | +૦૩ | - | - | - | +૦૩ |
| | | વુ.હે.કો. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | વુ.પો.કો. | ૩ | ૦૨ | - | -૦૨ | - | - | ૦૧ | ૦૧ |
| ૩ | વાલોડ | પો.ઈ. | ૨ | - | - | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | અ.હે.કો. | ૩ | ૧૧ | ૧૨ | +૦૧ | - | +૦૧ | - | - |
| | | અ.પો.કો. | ૩ | ૦૮ | ૦૭ | -૦૧ | - | - | - | ૦૧ |
| | | અ.લો.ર. | ૩ | - | - | - | - | - | - | - |
| | | આ.હે.કો. | ૩ | ૦૫ | ૦૬ | +૦૧ | - | +૦૧ | - | - |
| | | આ.પો.કો | ૩ | ૧૮ | ૧૦ | -૦૮ | - | - | ૦૬ | ૦૨ |
| | | આ.લો.ર. | ૩ | - | ૦૨ | +૦૨ | - | - | - | ૦૨ |
| | | વુ.હે.કો. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | વુ.પો.કો. | ૩ | ૦૨ | ૦૧ | ૦૧ | - | | ૦૧ | - |
| ૪ | સોનગઢ | પો.ઈ. | ૨ | - | - | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | અ.હે.કો. | ૩ | ૧૪ | ૧૩ | -૦૧ | - | - | - | ૦૧ |
| | | અ.પો.કો. | ૩ | ૧૪ | ૦૯ | -૦૫ | - | - | ૦૧ | ૦૪ |
| | | અ.લો.ર. | ૩ | - | ૦૧ | +૦૧ | - | - | - | +૦૧ |
| | | આ.હે.કો. | ૩ | ૦૬ | ૦૬ | - | - | - | - | - |
| | | આ.પો.કો | ૩ | ૨૧ | ૧૪ | -૦૭ | ૦૬ | ૦૧ | - | - |
| | | આ.લો.ર. | ૩ | - | ૦૫ | +૦૫ | - | - | - | +૦૫ |
| | | વુ.હે.કો. | ૩ | ૦૧ | ૦૩ | +૦૨ | +૦૨ | - | - | |
| | | વુ.પો.કો. | ૩ | ૦૨ | - | -૦૨ | - | - | ૦૧ | ૦૧ |
| ૫ | ઉકાઈ | પો.ઈ. | ૨ | - | -- | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | | - |
| | | અ.હે.કો. | ૩ | ૧૦ | ૦૭ | -૦૩ | - | - | | ૦૩ |
| | | અ.પો.કો. | ૩ | ૧૦ | ૦૨ | -૦૮ | - | - | ૦૪ | ૦૪ |
| | | અ.લો.ર. | ૩ | - | - | - | - | - | - | - |
| | | આ.હે.કો. | ૩ | ૦૩ | ૦૨ | -૦૧ | - | - | | ૦૧ |
| | | આ.પો.કો | ૩ | ૦૮ | ૦૪ | -૦૪ | - | - | ૦૩ | ૦૧ |
| | | આ.લો.ર. | ૩ | - | ૦૧ | +૦૧ | - | - | - | +૦૧ |
| | | વુ.હે.કો. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | વુ.પો.કો. | ૩ | ૦૨ | ૦૧ | -૦૧ | - | - | ૦૧ | - |
| ૬ | ઉચ્છલ | પો.ઈ. | ૨ | - | - | -- | - | - | - | -- |

| ક્રમ | પો.સ્ટે.નું નામ | સંવર્ગ | વર્ગ | મહેકમ | | | ખાલી જગ્યાઓ પેકી બ્રેકઅપ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | મંજુર | હાજર | ખાલી | ૬ માસ સુધીના | ૬ થી ૧૨ માસ | ૧૨ માસથી ૨ વર્ષ | ૨ વર્ષની ઉપરના |
| | | પો.સ.ઈ. | ૩ | ૦૧ | ૦૧ | - | | - | - | - |
| | | અ.હે.કો. | ૩ | ૧૦ | ૦૯ | -૦૧ | | - | ૦૧ | - |
| | | અ.પો.કો. | ૩ | ૦૭ | ૦૩ | -૦૪ | | - | - | ૦૪ |
| | | અ.લો.ર. | ૩ | - | - | - | | - | - | - |
| | | આ.હે.કો. | ૩ | ૦૫ | ૦૫ | - | | - | - | - |
| | | આ.પો.કો | ૩ | ૧૭ | ૧૧ | -૦૬ | | - | - | ૦૬ |
| | | આ.લો.ર. | ૩ | - | ૦૩ | +૦૩ | | - | - | +૦૩ |
| | | વુ.હે.કો. | ૩ | ૦૧ | - | -૦૧ | | - | - | |
| | | વુ.પો.કો. | ૩ | ૦૨ | - | -૦૨ | | - | - | ૦૨ |
| ૭ | નિઝર | પો.ઈ. | ૨ | - | -- | -- | - | - | - | - |
| | | પો.સ.ઈ. | ૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - |
| | | અ.હે.કો. | ૩ | ૧૦ | ૦૭ | -૦૩ | - | - | ૦૩ | - |
| | | અ.પો.કો. | ૩ | ૧૫ | ૦૫ | -૧૦ | - | - | - | ૧૦ |
| | | અ.લો.ર. | ૩ | - | | - | - | - | - | - |
| | | આ.હે.કો. | ૩ | ૦૫ | ૦૩ | -૦૨ | - | ૦૨ | - | - |
| | | આ.પો.કો | ૩ | ૧૬ | ૧૧ | -૦૫ | - | - | - | ૦૫ |
| | | આ.લો.ર. | ૩ | - | ૦૨ | +૦૨ | - | - | - | +૦૨ |
| | | વુ.હે.કો. | ૩ | ૦૧ | - | -૦૧ | ૦૧ | - | - | |
| | | વુ.પો.કો. | ૩ | ૦૨ | - | -૦૨ | - | - | - | ૦૨ |
| ૮ | મહિલા પો. સ્ટે. | પો.ઈ. | ૨ | ૦૧ | - | -૦૧ | ૦૧ | - | - | - |
| | | પો.સ.ઈ. | ૩ | ૦૨ | - | -૦૨ | ૦૨ | - | - | - |
| | | અ.હે.કો. | ૩ | - | - | - | - | - | - | - |
| | | અ.પો.કો. | ૩ | - | - | - | - | - | - | - |
| | | અ.લો.ર. | ૩ | - | - | - | - | - | - | - |
| | | આ.હે.કો. | ૩ | - | - | - | - | - | - | - |
| | | આ.પો.કો | ૩ | ૦૧ | - | -૦૧ | ૦૧ | - | - | - |
| | | આ.લો.ર. | ૩ | | - | | | | - | - |
| | | વુ.હે.કો. | ૩ | ૧૬ | ૦૪ | -૧૨ | ૧૨ | - | - | - |
| | | વુ.પો.કો. | ૩ | ૩૦ | - | -૩૦ | ૩૦ | - | - | - |

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં કેટલી પોલીસ જુદા જુદા સંવર્ગમાં ખાલી જગ્યાઓ છે તે બાબતે ૨૬૦ જગ્યાઓ ખાલી છે તે પૈકી કી પોસ્ટની ડી.વાય.એસ.પી.ની પોસ્ટ છેલ્લાં બે વર્ષની ખાલી છે. પી.આઈ.ની પોસ્ટ છેલ્લાં બે વર્ષથી ખાલી છે અને મહિલા પી.એસ.આઈ.ની જગ્યા છેલ્લાં બે વર્ષથી ખાલી જગ્યા છે. અને મહિલા પી.આઈ.ની પણ ખાલી જગ્યાઓ છે તો આ કી પોસ્ટની ખાલી જગ્યાઓ અને જે ખાલી જગ્યાઓ આમાં દર્શાવેલી છે કે આટલી જગ્યાઓ ખાલી છે તે કેટલા સમયમાં ભરવા માગો છો ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું તે પ્રમાણે કે આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે અગાઉ પણ આ સંદર્ભમાં ખૂબ લંબાણથી ચર્ચા થઈ ચૂકી છે કે ભરતી કરવાની આખી પ્રક્રિયા પાઈપ લાઈનમાં છે. જે પસંદગીની પ્રક્રિયા પૂરી થયેલી છે. આ પસંદગીની પ્રક્રિયા પૂરી થયા પછી

તેનો ટ્રેનિંગ પિરિયડ ચાલુ છે. આ ટ્રેનિંગનો સમય ગાળો પૂર્ણ થયેથી ઉપલબ્ધતા અનુસાર જે બાકી રહી ગયેલી જગ્યાઓ છે તેમાં ભરતી કરવામાં આવશે.
માનનીય સભ્યશ્રીએ વાત કરી તેમ મહિલા પોલીસ સ્ટેશનમાં મહિલા પી.આઈ.ની જગ્યા ખાલી છે. આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવું કે રાજયમાં પહેલી વખત આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ચિંતા કરી છે કે રાજયના પોલીસના સંદર્ભમાં તેત્રીસે તેત્રીસ જિલ્લાઓમાં મહિલા પોલીસ સ્ટેશન શરુ કરવાનો નિર્ણય કર્યો છે અને મને જણાવતા આનંદ થાય છે કે તાપી જિલ્લામાં પણ મહિલા પોલીસ સ્ટેશન મંજૂર કરવામાં આવેલ છે અને આ મહિલા પોલીસ સ્ટેશન ઓગષ્ટ-૨૦૧૦માં શરૂ કરવામાં આવ્યું છે, મહિલા પી.આઈ.ની ઉપલબ્ધિ થતા આ જગ્યાએ નિમણૂક કરવામાં આવશે.

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સોનગઢ તાલુકામાં તાલુકા મથકેથી ૩૬ કિલોમીટર જેટલા દૂર સુધીના આંતરીયાળ વિસ્તારોમાં ઉકાઈ અસરગ્રસ્તોના ૧૪ ગામો વસવાટ કરે છે, આ વિસ્તારના લોકોને પોલીસ સ્ટેશનના કામ માટે ખૂબ જ તકલીફ પડે છે. તો આ ૧૪ ગામોના વિસ્તારમાં એટલે કે બોરડા વિસ્તારમાં એક અલગ પોલીસ ચોકી બનાવી પૂરતો સ્ટાફ આપવા માગો છો કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ**: આપની માગણી હશે તો એ દિશામાં શકયતા શું છે તે શકયતા ચકાસણી, માનનીય સદસ્યશ્રીને પણ વિનંતી કરું છું કે જરા સાથે બેસીને આ બાબતમાં શું થઈ શકે છે, આપ જરા રૂબરૂ આવશો તો આ સંદર્ભમાં ચર્ચા કરીને જે યોગ્ય લાગશે તે નિર્ણય આપણે સાથે બેસીને કરી લઈશું.

### સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં ગેસ લાઈન નાંખવાની કામગીરી

***૧૯૫૧૯ શ્રી કિરીટભાઈ ગં. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુદરતી ગેસ વહન કરવાની પાઈપ લાઈન કેટલા કિલોમીટરમાં નાંખવામાં આવી છે, અને
(૨) તેના થકી કેટલા ઉદ્યોગોને જોડાણ આપવામાં આવ્યાં?

**મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ):

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કુદરતી ગેસ વહનની નાંખવામાં આવેલી પાઈપલાઈનની વિગતો નીચે પ્રમાણે છે.

| **જિલ્લાનું નામ** | **કી.મી.** |
|---|---|
| નવસારી | ૪૩૫ કી.મી. |
| સુરત | ૧૧૧૫.૧ કી.મી. |
| વલસાડ | ૫૦૨ કી.મી. |

(૨) આ પાઈપલાઈનના નેટવર્ક થકી નવસારી જિલ્લામાં ૨૩૩૫૩, સુરત જિલ્લામાં ૮૬૨૨૦ તેમજ વલસાડ જિલ્લામાં ૨૩,૭૩૭ ઘરવપરાશના ગેસ જોડાણો આપવામાં આવ્યાં, આ ઉપરાંત ઉદ્યોગોને નવસારી જિલ્લામાં-૬, સુરત જિલ્લામાં ૩૫ અને વલસાડ જિલ્લામાં-૨૯૫ ઉદ્યોગોને જોડાણો આપવામાં આવ્યાં.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત, નવસારી અને વલસાડ આ ત્રણ જિલ્લાઓમાં કઈ કઈ ગેસ કંપનીઓ કાર્યરત છે? આવતા વર્ષમાં જિલ્લાઓમાં ગેસ પાઈપ નેટવર્કમાં વધારો કરવા માટેનું કોઈ આયોજન છે કે કેમ? માનનીય મંત્રીશ્રીને મારો એક બીજો પ્રશ્ન છે કે શું એ વાત સાચી છે કે દેશમાં ઉત્પન્ન થતો કોઈ ગેસ ગુજરાત રાજયને મળતો નથી. અને બીજા રાજયને મળે છે. હાલ કયો ગેસ મળે છે અને આ બન્ને પ્રકારના ગેસના ભાવમાં શું તફાવત છે?

**શ્રી સૌરભ પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, દેશનું પેટ્રોકેપિટલ ઓફ ધ નેશન તરીકે ગુજરાતની ઓળખ છે. અને આજે દેશની અંદર ગુજરાત એક માત્ર રાજય છે કે જે ૧૪ જિલ્લાની અંદર ગેસ ગ્રીડ આપણે નાંખી દીધી છે અને કામ આગળ વધારી રહ્યાં છીએ. નવસારી, વલસાડ અને સુરતની અંદર બે કંપનીઓ કામ કરતી આવી છે. એક તો રાજય સરકારની જી.એસ.પી.સી. ગેસ કંપની અને ગુજરાત ગેસ કંપની બીજી એ જે ખાનગી કંપની છે. આજની તારીખે આપણે સી.એન.જી. અને પાઈપ્ડ ગેસ આ ત્રણે જિલ્લાની અંદર આપણે આપતા આવ્યા છીએ. સી.એન.જી. સ્ટેશનોની વાત કરીએ તો સુરતમાં ૩૩, વલસાડમાં ૧૪, નવસારી ૬ એમ મળીને કુલ ૫૩ સી.એન.જી. સ્ટેશન આજની તારીખમાં આ ત્રણે જિલ્લાઓમાં છે. બીજુ જે વાહનોની સંખ્યાની વાત થઈ જેમાં ગેસ આપીએ છીએ એમાં સુરતની અંદર ૧૬,૪૦૦, વલસાડમાં ૬૨૫૦, નવસારીમાં ૪૩૫૦ એમ કરીને આશરે ૨૭ હજાર વાહનોને આપણે રોજ સી.એન.જી. ગેસ આપીએ છીએ. પાઈપ્ડ ગેસની વાત કરીએ તો એ પ્રમાણે ખૂબ મોટા પાયે આપણે કનેકશનો આપેલા છે. અને એના કારણે રોજનું નાના મોટા ઘરોને બધાને સાંકળીએ તો ઓછામાં ઓછા ૩૨ લાખ કયુબીક મીટર ઓફ ગેસ આજની તારીખે જઈ રહ્યો છે. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી કે અત્યારે કયાં આપીએ છીએ, તો હાલની અંદર આપણે ગુજરાત એક માત્ર રાજય છે કે નાના મોટા શહેરોની સાથે ગામડાઓમાં પણ આપણે જોડાણ ચાલુ કર્યા છે. હાલમાં આ વર્ષે વલસાડની અંદર ૫૪ નાના

શહેરો અને ગામડાઓ જેવા કે સાંજન, નારગોલ, ભીલાડ, કરજણ, માંડા. આવા અનેક અનેક ગામડા આપણે વલસાડમાં લીધા છે. નવસારીમાં ૩૮ લીધાં છે. તેમાં ચીખલી, કુંધ, તાલા, સામરોલી આમ કરીને જે આવી શકે એ બધાને આપણે લીધાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હાલની જે નીતિ છે, એ નીતિના આધારે ૩ પ્રકારના ગેસ હાલની તારીખમાં ઉપલબ્ધ છે. એક તો દેશની અંદર જે એ.પી.એમ. ગેસ તરીકે ઓળખાય છે. અથવા ડી-૬ જે રીલાયન્સનો ગેસ છે, એ પણ આપણને દેશની અંદર ઉપલબ્ધ છે. અને ત્રીજો ગેસ જે છે એ ઈમ્પોર્ટેડ એલ.એન.જી. ગેસ છે જે પેટ્રોનેટ ઈમ્પોર્ટ કરે છે. જે કેન્દ્ર સરકારની કંપની છે. એ ઈમ્પોર્ટ દ્વારા આપણને આપવામાં આવે છે. આજની તારીખમાં કેન્દ્ર સરકારની નીતિના આધારે આ બધી જ જગ્યાએ એલોકેશન થતું આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આપણી જે જરૂરિયાત છે એ સી.એન.જી.ની જરૂરિયાત હોય કે પાઈપ લાઈનથી ગેસની ઘરવપરાશના ગેસની જરૂરિયાત હોય એ માટે આજની તારીખમાં રાજય સરકારને જી.એસ.પી.સી. ગેસ કંપનીને કોઈ જ દેશનો ગેસ અપાતો નથી અને માત્રને માત્ર ઈમ્પોર્ટેડ ગેસ જ આપવામાં આવે છે. મારે બીજું કહેવું છે કે આનો તફાવત ખૂબ જ મોટો છે. આજની તારીખમાં રિલાયન્સને ગેસ મોટા પ્રમાણમાં આપવામાં આવે છે, જે મોટી કંપનીઓને આપવામાં આવે છે એનો પર કે.જી.નો ભાવ ૮.૯૮ છે અને જે કેન્દ્ર સરકાર પેટ્રોનટ એલ.એન.જી.નો ગેસ આપણને આપે છે એનો ભાવ છે એ ૧૮.૯૬ નો છે અને મારે બીજું કહેવું છે કે આ ઈમ્પોર્ટેડ એલ.એન.જી.નો ગેસ આપવામાં આવે છે એ છેલ્લા ૧૮ મહિનામાં એમાં ૧૮ વાર ભાવ વધારો કરવામાં આવ્યો છે. દર મહિનાની પહેલી તારીખે ભાવ વધારો કરવામાં આવ્યો છે એમાં ઓકટોબરની ૯ મી તારીખે ૯.૩૪, નવેમ્બરમાં ૯.૫૪, ડિસેમ્બરમાં ૯.૭૩, જાન્યુઆરીમાં ૧૦.૦૧ આમ દરેક વખતે દર મહિનાની પહેલી તારીખે પેટ્રોનેટ એલ.એન.જી.માં જી.એસ.પી.સી.ને અપાતા ગેસમાં ભાવવધારો કરે છે અને એના કારણે સી.એન.જી.ના ભાવમાં તફાવત પડે છે. મારે વધુમાં કહેવું છે આપણે નાના ઉદ્યોગોને ખાસ કરીને અમે રજૂઆત કરી છે કે વલસાડ જિલ્લો હોય કે કોઈપણ જિલ્લો હોય એના માટે સી.એન.જી. અને પાઈપલાઈના ગેસ માટે ગેસ આપો કારણ કે ખૂબ મોટી સંખ્યામાં આજની તારીખમાં લોકોને લાભ મળી શકે, પરંતુ કેન્દ્ર સરકારની ઈ.જી.ઓ.એ. જે એલોકેશન કર્યુ છે એમાં દેશની અંદર કુલ ૧૩૦ મિલિયન સ્ટાન્ડર્ડ કયુબિક મિટર પર ડે આજે વિતરણ થઈ રહ્યું છે એમાંથી ગુજરાતમાં ગેસ આપે છે તો કોને આપે છે? તો એમાં રિલાયન્સ રિફાઈનરી, જામનગરને આપે છે ૧.૧૬૮,, આર.આઈ.એલ. ગાંધારને આપે છે, રિલાયન્સ નાર્ગાજૂનને આપે છે., એસ્સાર સ્ટીલને ૨.૭૮૧ અને એસ્સાર ઓઈલ, વાડીનારમાં આપે છે, એસ્સારને આપે છે. ગુજરાતનાં જેટલાં સી.એન.જી. વાહનો છે, પાઈપ લાઈન ગેસ છે એમાં રાજય સરકારે અડધો એટલે ૦.૫ મિલિયન સટન્ડર્ડ કયુબિલ મિટર ની માગણી કરી છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આજની તારીખમાં ગુજરાત પેટ્રો હબ તરીકે ઓળખાય છે, આજની તારીખમાં આપણી પાસે ખૂબ મોટી સંખ્યામાં સી.એન.જી. વાહનો છે, પરંતુ આજની તારીખ સુધીમાં આપણને આ દેશી ગેસ આપવામાં આવતો નથી. દર મહિને એમાં ભાવ વધારો કરવામાં આવે છે એનાથી લોકોને તકલીફ પડે છે અને મોટા ઉદ્યોગોને ફાળવણી કરવામાં આવે છે અને એના માટે હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે નર્મદાની માફક આ વિષય લઈને એની રજૂઆત કરે અને સી.એન.જી. માટે લોકોને લાભ થાય એ પ્રમાણેની રજૂઆત કરે.

**શ્રીશક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના હિતમાં આ ગુજરાત માટે થઈને સંપૂર્ણ સહકાર આપવાની અમારા પક્ષની ખાતરી છે. બહુ આસાન હોય છે પ્રશ્નોત્તરી દરમ્યાનની આ પ્રકારની વાતો આવી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું આપશ્રી મારફતે કહેવા માગું છું કે જો આપને લાગતું હોય કે ગુજરાતને ખરેખર અન્યાય થાય છે તો માત્ર રજૂઆત નહીં, પરંતુ નામદાર સુપ્રીમ કોર્ટમાં ગુજરાત વતી પિટીશન ફાઈલ કરીએ અને હું અને માનનીય મુખ્યમંત્રીશ્રી બન્ને પિટીશનર થઈએ. હકીકત તો એ છે કે એન.ડી.એ.ની સરકારમાં ગેસ એલોકેશન માટેની કમિટી બની છે એ કમિટી આ નકકી કરે છે. આપની સરકાર કેન્દ્રમાં ૮ વર્ષ રહી છે (અંતરાય) આપ બોલતા હતા ત્યારે હું વચ્ચે ઉભો થયો નથી (અંતરાય) માનનીય મંત્રીશ્રી, આપ બોલતા હતા ત્યારે હું વચ્ચે ઉભા થયો નથી... (અંતરાય) આપ બોલતા હતા ત્યારે હું વચ્ચે ઉભો થયો નથી. (અંતરાય)બહુ કડવું લાગે છે ને, ખોટું કહીને બેસી જવું સહેલું છે. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : હમણાં એક વાગશે અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થશે એટલે હું માહિતી આપું છું. હમણાં સમય પૂરો થશે એટલે હું સાચી માહિતી આપું છું કે શ્રી પ્રણવ મુકરજીના અધ્યક્ષસ્થાને આની કમિટી છે(અંતરાય) પ્રણવ મુકરજીની અધ્યક્ષતામાં આ આપવામાં આવ્યું છે. કયારેય એન.ડી.એ.ની સરકાર ત્યારે આવી નહોતી. રિલાયન્સને આપ્યું ત્યારે એન.ડી.એ.ની સરકાર હતી જ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આ ખોટી માહિતી આપે છે. હાઉસના રેકર્ડ ઉપર ખોટી માહિતી આપે છે અને પ્રણવ મુકરજીથી માંડીને બધા લોકો આની અદર છે. માનનીય અધ્યક્ષશ્રી, મુરલી દેવરાએ સુરતમાં જયારે કહ્યું હતું કે અમને ગેસ આપીશું.. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું જાણું છું કે આમ કરીને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઈ જાય તો મારું

સાંભળવું ના પડે, એટલે મને બોલવા દેતા નથી. કેન્દ્ર સરકારે એન.ડી.એ.ની સરકારના વખતમાં ગુજરાતને જેટલો અન્યાય કર્યો છે ને એટલો અન્યાય કોઈપણ સરકારે ગુજરાતને કર્યો નથી. અને એ એન.ડી.એ.ની સરકારમાં આપ અહીંયાં બેઠા હતા. આપ જઈને ગુજરાતનું..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**અમદાવાદ જિલ્લામાં સગીરવયના બાળકો ધ્વારા વાહન અકસ્માતના નોંધાયેલ કેસો**

૧૭૪૭૧ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૭/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સગીરવયના બાળકો ધ્વારા વાહન અકસ્માતના કેટલા કેસો નોંધાયા, | (૧) ૧ (એક) કેસ નોંધાયેલ છે. |
| (૨) તેમાં કેટલા વાહનોને નુક્સાન થયું, કેટલા વ્યક્તિઓને ઈજા અને મૃત્યુ થયા, અને | (૨) તેમાં એક વાહનને નુક્સાન થયેલ છે. બે વ્યક્તિઓને ઈજા થયેલ છે. |
| (૩) જવાબદારો સામે શી કાર્યવાહી થઈ? | (૩) જવાબદાર સામે ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, એમવીએકટ ક્લમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો દાખલ કરી આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

**પંચમહાલ જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૧૫ : **શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલિસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષમાં પંચમહાલ જિલ્લામાં **કુલ-૧૧૨** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે? | (૨) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૧૧૫** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |

**નવસારી જિલ્લામાં હથિયાર લાયસન્સ**

૧૮૮૩૫ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નવસારી જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર હથિયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલા હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટનો અભિપ્રાય નકારાત્મક હોય આમ છતા કોને કોને ક્યા પ્રકારના હથીયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે? | (૧) આવા કોઈ પરવાના આપવામાં આવેલ નથી. |

**વીજ ગ્રાહકો પાસે લ્હેણાંની વસુલાત માટે લોક અદાલતો**

૧૯૫૨૮ : **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતાં નાણાંની વસુલી માટે લોક અદાલતોના આયોજનમાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યો? | રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતાં નાણાંની વસુલાત માટે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬૯૨૪ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૧૦,૨૯,૬૧૭ ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યા અને ૧,૯૬,૭૯૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો. |

--------

**નવી ઓદ્યોગિક નીતિ જાહેર કરવા બાબત**

૧૯૩૨૧ **: શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે નવી ઓદ્યોગિક નીતિ છેલ્લે ક્યારે અમલમાં મૂકી, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે નવી ઓદ્યોગિક નીતિ છેલ્લે ૨૦૦૯માં અમલમાં મૂકેલ છે. |
| (૨) આ નીતિ વેબ સાઈટ ઉપર મુક્વામાં આવી છે કે કેમ ? | (૨) હા, જી. www.ic. gujarat.gov.in |

**સુક્ષ્મ સિંચાઈ માટે અનુસૂચિત જન જાતિના ખેડૂતોને સહાય**

૧૮૫૮૭ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અનુજન જાતિનાં ખેડૂતોને વધારાની સહાય આપવામાં આવે છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી વધારાની સહાય આપવામાં આવે છે? | (૨) રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અનુ. જન જાતિના ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના કુલ કિંમતના ૨૫ % રકમ વધારાની સહાય પેટે આપવામાં આવે છે. |

--------

**ગેસ આધારિત વીજમથકોની સ્થાપના**

૧૯૦૧૮ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કેટલા નવા ગેસ આધારિત વીજ મથકોની ક્યા સ્થળોએ સ્થાપના કરવામાં આવી, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ ૨૦૦૯માં ટોરેન્ટ પાવર લી. સુજેન-કામરેજ, જિ. સુરત અને વર્ષ ૨૦૧૦માં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. દ્વારા ઉતરાણ સીસીપીપી-૨ જિ. સુરત ખાતે એમ બે નવા ગેસ આધારીત વીજ મથકોની સ્થાપના કરવામાં આવી છે. |
| (૨) આ વીજ મથકો દ્વારા કેટલા મેગાવોટ વિદ્યુત ઉત્પાદન થાય છે, અને | (૨) ટોરેન્ટ પાવર લી. ના સુજેન પ્લાન્ટ દ્વારા **૧૧૪૭.૫** અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક્સીટી કોર્પોરેશનના ઉતરાણ પ્લાન્ટ દ્વારા **૩૭૪.૫** મેગાવોટ એમ મળીને આ વીજ મથકો દ્વારા કુલ **૧૫૨૨** મેગાવોટ વિદ્યુત ઉત્પાદન થાય છે. |
| (૩) કુલ કેટલો ખર્ચ વીજ ઉત્પાદન પેટે થાય છે? | (૩) વીજ ઉત્પાદન પેટે ઉતરાણ સીસીપીપીમાં **રૂા. ૨.૯૫** પેસા જ્યારે ટોરેન્ટ પાવર લી. સુજેનમાં **રૂા. ૩.૧૦ પેસા** પ્રતિ યુનિટ ખર્ચ થાય છે. |

**મહેસાણા જિલ્લામાં નર્મદા નહેરના કામો**

૧૯૨૫૩ **: શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ નહેરોની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નહેરોની કામગીરીની પરિસ્થિતિ નીચે મુજબ છે. |

| નહેરની વિગત | કુલ લંબાઈ (કી.મી.) | પુર્ણ થયેલ લંબાઈ (કી.મી.) |
|---|---|---|
| મુખ્ય નહેર | ૫૬.૫૩ | ૫૬.૫૩ |
| શાખા નહેરો | ૧૧૯.૯૨ | ૧૧૯.૯૨ |
| વિશાખા | ૧૬૧.૨૯ | ૧૧૯.૫૨ |
| માઈનોર | ૫૯૬.૪૭ | ૬૭.૫૮ |
| સબ માઈનોર | ૧૬૫૩.૪૬ | ૧૫૫.૦૨ |

(૨) આ કામો પૂર્ણ કરવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે, અને

(૨) મહેસાણા જીલ્લામાં મુખ્ય નહેર અને શાખા નહેરના કામો પૂર્ણ થયેલ છે. બાકીના વિશાખા, માઈનોર અને સબ માઈનોરના કુલ રૂ. ૨૧૬.૦૪ કરોડના કામો જુદા જુદા તબક્કે અમલમાં છે, જે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) તેનાથી કેટલી જમીનને સિંચાઈનો લાભ મળશે?

(૩) મહેસાણા જિલ્લાની કુલ ૬૩૩૫૪ હેક્ટર ખેડાણ લાયક જમીનને સિંચાઇનો લાભ આપવાનું આયોજન છે.

--------

**વાયબ્રન્ટ-૨૦૧૧માં નાના અને મધ્યમ ઉદ્યોગો હેઠળ એમ.ઓ.યુ.**

૧૯૫૧૬ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઈવેસ્ટર સમીટ-૨૦૧૧માં નાના અને મધ્યમ ઉદ્યોગો (એસ.એમ.ઈ.) સેકટર હેઠળ કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

(૨) આ અન્વયે કેટલુ મૂડીરોકાણ અપેક્ષિત છે?

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ માં નાના અને મધ્યમ ઉદ્યોગો (એસ.એમ.ઈ.) સેકટર હેઠળ ૪૪૧૭ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

(૨) આ અન્વયે રૂ. ૧૯૦૪૩ કરોડનું મૂડી રોકાણ અપેક્ષિત છે.

--------

**ગેસ મથકોનું વીજ ઉત્પાદન**

૧૯૨૬૮ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારીત વીજ ઉત્પાદક મથકો ક્યાં ક્યાં છે,

(૨) તેમની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં ગેસ આધારિત વીજ ઉત્પાદક મથકો, તેની ઉત્પાદન ક્ષમતા અને વર્ષ ૨૦૦૯-૧૦માં આ મથકો દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગતો નીચે દર્શાવેલ છે.

(૩) આ વીજ મથકોમાંથી વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન કેટલું વીજ ઉત્પાદન થયું?

| ક્રમાંક | વીજ ઉત્પાદન મથકનું નામ | વીજ ક્ષમતા મેગાવોટ | વીજ ઉત્પાદન (મીલીયન યુનિટ) |
|---|---|---|---|
| **અ** | **ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.** | | |
| ૧ | ઉતરાણ ગેસ બેઈઝડ પાવર પ્લાન્ટ | ૧૩૫ | ૮૨૪ |
| ૨ | ઉતરાણ ગેસ બેઈઝડ એક્સાપાનશન | ૩૭૫ | ૧૧૦૮ |
| ૩ | ધુવારણ ગેસ બેઈઝડ સ્ટેજ-૧ | ૧૦૭ | ૫૪૮ |
| ૪ | ધુવારણ ગેસ બેઈઝડ સ્ટેજ-૨ | ૧૧૨ | ૭૪૬ |
| | | **૭૨૯** | **૩૨૨૬** |
| **બ** | **સરકારી ક્ષેત્રના આઈપીપી** | | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન-હજીરા | ૧૫૬ | ૧૦૮૭ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. સ્ટેજ-૧ | ૧૪૫ | ૩૭૫ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ પાવર કંપની લી. સ્ટેજ-૨ | ૧૬૫ | ૧૦૪૩ |
| | | **૪૬૬** | **૨૫૦૫** |
| **ક** | **કેન્દ્રીય સાહસોનો હિસ્સો** | | |
| ૧ | ગાંધાર ગેસ આધારિત (ગુજરાત રાજ્યમાં) | ૨૩૭ | ૧૪૮૪ |
| ૨ | ક્વાસ ગેસ આધારિત (ગુજરાત રાજ્યમાં) | ૧૮૭ | ૧૧૧૩ |
| | | **૪૨૪** | **૨૫૯૯** |
| **ડ** | **ખાનગી સાહસો** | | |
| ૧ | ગુજરાત પગુથન પાવર કંપની | ૬૫૫ | ૪૫૪૧ |
| ૨ | એસ્સાર | ૫૧૫ | ૧૪૦૨ |
| ૩ | ટોરેન્ટ પાવર-એઈસી | ૧૦૦ | ૭૯૮ |
| ૪ | ટોરેન્ટ પાવર સુઝેન | ૧૧૪૭.૫૦ | ૫૬૦૯ |
| | | ૨૪૧૭.૫૦ | ૧૨૩૫૦ |
| | **કુલ (અ+બ+ક+ડ )** | ૪૦૩૬.૫૦ | ૨૦૬૮૦ |

-------

## પાટણ જિલ્લાના ચારણકા ગામે સોલાર પાર્ક

૧૯૨૫૯ : **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા પાટણ જિલ્લાના ચારણકા મુકામે સોલર પાર્ક સ્થાપવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨) સોર ઉર્જા પ્રોજેકટોને પ્રોત્સાહન મળી રહે તે માટે જમીન, વીજપ્રવહન સુવિધા, પાણીની પાઇપલાઇન, આંતરિક રસ્તા વગેરે જેવી તમામ

(૨) જો હા, તો તેની કામગીરી તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

માળખાકીય સુવિધાઓ એક જ જગ્યાએ પૂરી પાડવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા પાટણ જિલ્લાના ચારણકા ગામમાં અંદાજે ૨૦૨૪ હેક્ટર જમીનમાં "સોલાર પાર્ક" સ્થાપવાનું નક્કી કરેલ છે જે માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(અ) સરકાર દ્વારા ૧૦૮૦ હેક્ટર સરકારી પડતર જમીનની ફાળવણી કરી દેવામાં આવેલ છે.

(બ) સ્થળ પરના મોટાભાગના અભ્યાસો જેવા કે ટોપોગ્રાફી સર્વે, જીઓટેક્નીકલ ઈન્વેસ્ટીગેશન, હાઈડ્રોલોજી સ્ટડી, ફ્લડ એરીયા રીસર્ચ વગેરે પૂર્ણ કરવામાં આવેલ છે.

(ક) ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ તથા એરીયા ડેવલપમેન્ટ અંગેનો માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

(ડ) પાર્કમાં અંદાજે ૨૦૧ મે.વો. વીજ ઉત્પાદન ક્ષમતા માટે ૧૬ વિકાસકારોને તેમની માંગણી મુજબ જમીનના પ્લોટ ફાળવણી માટે નક્કી કરવામાં આવ્યા છે.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે કરાર**

૧૯૨૬૨ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમ્યાન બીન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે વિકાસકારો સાથે કોઈ કરાર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) અને (૨) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમ્યાન બીન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે વિકાસકારો સાથે ૭૭૬૧ મે.વો. માટે કુલ-૬૬ સમજૂતિ કરાર કરવામાં આવેલ છે જેની વિગતો આ સાથેના પત્રકમાં સામેલ છે

**પત્રક**

| અનુ. નં. | સેક્ટર | એમઓયુ ની સંખ્યા | મેગાવોટ | રોકાણ રૂપિયા કરોડમાં |
|---|---|---|---|---|
| ૧ | પવન ઉર્જા | ૨૮ | ૫૦૭૧ | ૩૩૫૭૬ |
| ૨ | સોલાર ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરીંગ | ૩૬ | ૨૪૪૦ | ૨૨૩૪૬ |
| ૩ | ટાઇડલ એનર્જી | ૦૧ | ૨૫૦ | ૩૭૫૦ |
| ૪ | ઈલેક્ટ્રો મેગ્નેટીક એનર્જી | ૦૧ | -- | ૧૬૧૭ |
| | કુલ | ૬૬ | ૭૭૬૧ | ૬૧૨૮૯ |

--------

૧૯૩૨૬ **: શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કંપનીએ ધોલેરા પાસે વોટર સીટી ડેવલપમેન્ટ કે અન્ય કોઈ હેતુ માટે એમ.ઓ.યુ. કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમનું કઈ તારીખે કર્યું, અને

(૩) આ પૈકી તા. ૩૦/૧/૨૦૧૧ સુધીમાં મૂડી રોકાણ કેટલું આવ્યું?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂપિયા ચાલીસ હજાર કરોડનું એમ.ઓ.યુ. તા. ૧૨-૦૧-૨૦૦૯ના રોજ કરેલ છે.

(૩) સદર પ્રોજેક્ટ હાલ પ્રાથમિક તબક્કામાં છે. રોકાણકારો સામાન્ય રીતે ગણનાપાત્ર રોકાણ થયેથી

સરકારશ્રીને જણાવતા હોય છે. રોકાણકારે હાલ પ્રોજેક્ટના પ્રીફીઝીબીલીટી તેયાર કરવા વગેરે ખર્ચ કરેલ છે.

--------

**પોલીસ તાલીમ શાળા જૂનાગઢની આરોગ્ય ચકાસણી**

૧૯૨૩૦ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો પોલીસ તાલીમ શાળા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દર્શાવેલ સમયગાળામાં કુલ-૯૪ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં નર્મદા નહેરના કામો**

૧૯૨૫૪ : **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નહેરોની કામગીરી તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

**જવાબ**

નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના માંડલ, વિરમગામ અને દેત્રોજ તાલુકામાં નહેરોની કામગીરી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે મુજબ છે.

| **નહેરનું નામ** | **કુલ લંબાઈ (કી.મી.)** | **પૂર્ણ થયેલ લંબાઈ (કી.મી.)** |
|---|---|---|
| **માંડલ તાલુકો** | | |
| શાખા નહેરો | ૩૩.૩૦૫ | ૩૩.૩૦૫ |
| વિશાખાઓ | ૬૬.૪૦ | ૪૨.૪૪૪ |
| પ્રશાખાઓ | ૩૫૪.૨૮૬ | |
| પ્રપ્રશાખાઓ | ૧૦૪૮.૨૩૬ | |
| **વિરમગામ તાલુકો** | | |
| શાખા નહેરો | ૭૪.૫૪ | ૭૪.૫૪ |
| વિશાખાઓ | ૧૧૨.૪૬૩ | ૧૯.૦૧૩ |
| પ્રશાખાઓ | ૪૪૫.૦૬ | ૩.૨૮ |
| પ્રપ્રશાખાઓ | ૧૧૪૭.૦૨ | |
| **દેત્રોજ તાલુકો** | | |
| શાખા નહેરો | ૪૦.૩૪ | ૪૦.૩૪ |
| વિશાખાઓ | ૫૬.૯૪૮ | ૨૯.૩૯ |
| પ્રશાખાઓ | ૨૩૦.૨૩ | |
| પ્રપ્રશાખાઓ | ૬૭૮.૯૮૨ | |

--------

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ગેસ પાઈપ લાઈન નાખવાની કામગીરી**

૧૯૫૨૧ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુદરતી

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુદરતી ગેસ વહનની પાઈપલાઈન નીચેની વિગતે નાંખવામાં આવેલ

ગેસ વહન કરવાની પાઈપ લાઈન કેટલા કિલોમીટરમાં નાંખવામાં આવી, અને

છે.

| **જિલ્લાનું નામ** | **કી.મી.** |
|---|---|
| રાજકોટ | ૧૧૨૩ કી.મી. |
| સુરેન્દ્રનગર | ૨૫૬.૫ કી.મી. |

(૨) તેના થકી કેટલા ઉદ્યોગોને જોડાણો આપવામાં આવ્યા?

(૨) આ પાઈપલાઈન નેટવર્ક થકી રાજકોટ જિલ્લામાં ૫૬૮૭૧ તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાં ૮૭૯૧ ઘરવપરાશના ગેસ જોડાણો આપવામાં આવ્યા. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં ૫૧૦ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૯૨ ઉદ્યોગોને ગેસ જોડાણો આપવામાં આવ્યાં.

--------

**એસ.આર.પી.એફ. ગૃપ-૨ના પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૨૬ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૨, અમદાવાદ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દર્શાવેલ સમયગાળા દરમિયાન કુલ-૯૩૯ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**પી.ટી.એસ. વડોદરા પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૨૯ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો પોલીસ તાલીમ શાળા, વડોદરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તારીખ ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) દર્શાવેલ સમયગાળામાં કુલ-૭૧ અધિકારી/ કર્મચારીઓના સંખ્યાબળ સામે ૭૦ અધિકારી/ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**વલસાડ જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૧૪ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ -૪૮ પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૩૪ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે

## દાહોદ-ગરબાડા તાલુકામાં વિકાસશીલ તાલુકા હેઠળ આયોજન

૧૯૩૭૯ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન,) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકામાં ૩૦ વિકાસશીલ તાલુકાની જોગવાઈ હેઠળ તા. ૩૧/૩/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ રકમની મંજૂરી માટે કઈ સમિતિ કામ કરે છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લાના ગરબાડાનો વિકાસશીલ તાલુકાઓમાં સમાવેશ થાય છે. ગરબાડા તાલુકામાં તા. ૩૧/૩/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂા. ૪ ક્રોડ ૨૨ હજારનું આયોજન કરવામાં આવ્યું છે.

(૨) આ રકમની મંજૂરી માટે સરકાર દ્વારા કોઈ અલગ સમિતિની રચના કરવામાં આવેલ નથી.

--------

## સેઝ ઝોનની સ્થાપના

૧૮૩૯૦ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૧/૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે ગુજરાત માટે કેટલી સેઝ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોનની સ્થાપના માટે મંજૂરી આપેલ છે, અને

(૨) તે પૈકીના કેટલા સેઝની સ્થાપના તારીખ ૩૧/૦૧/૨૦૧૧ની સ્થિતિએ કરવામાં આવેલ છે, અને

(૩) કેટલા સેઝ કાર્યરત છે?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના કુલ ૧૬ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (સેઝ)ની સ્થાપના માટે મંજૂરી આપેલ છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના મંજૂર થયેલ કુલ ૧૬ એસઈઝેડની સ્થાપના અંગેની વિગતો નીચે મુજબ છે.

૧. કુલ ૫ એસઈઝેડને ઈન પ્રીન્સીપલ મંજૂરી મળેલ છે.
૨. કુલ ૭ એસઈઝેડને ફોર્મલ મંજૂરી મળેલ છે.
૩. કુલ ૨ એસઈઝેડ નોટીફાઈડ (નિર્દિષ્ટ/ અધિસૂચિત) થયેલ છે.
૪. કુલ ૨ એસઈઝેડ નોટીફાઈડ અને કાર્યરત થયેલ છે.

(૩) કુલ ૨ (બે)

## સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ગેરકાયદેસર ખોદાણ

૧૯૪૮૩ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં માંડવી તાલુકાના કેટલા ગામોમાં બિન અધિકૃત રીતે ખેતીની અને ગોચરની જમીનમાંથી પથ્થરો કાઢવાની ક્વોરીની કામગીરી ચાલે છે,

(૨) આ બાબત સરકારના ધ્યાન પર છે, અને

(૩) આ પ્રવૃત્તિ બંધ કરાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧/૦૧/૧૧ની સ્થિતિએ ફક્ત ગોચરની જમીનમાંથી બે ક્વોરીલીઝ, વિસ્તારને લાગુ જમીનમાંથી પથ્થર કાઢવાની ચાલુ કામગીરી સરકારશ્રીના ધ્યાન પર આવતાં પકડવામાં આવેલ, જે લીઝ ધારકોને ખનિજ કિંમત તા. ૨૩-૨-૨૦૧૧ થી ૩૦ દિવસની મુદતમાં ભરપાઈ કરવા હુકમો કરવામાં આવ્યા છે.

(૩) સરકારી જમીનમાં અપાયેલ બ્લેકટ્રેપ ખનિજની તમામ ક્વોરીલીઝની માપણી કરાવવામાં આવેલ. જે અન્વયે કુલ છ લીઝ ધારકો દ્વારા તેમને આપવામાં આવેલ લીઝ વિસ્તારની બહાર ખાણકામ કરતાં હોવાનું ધ્યાને આવેલ. જે અન્વયે તમામને કારણદર્શક નોટીસ બજાવવામાં આવેલ. તેઓ પાસે દંડકીય રાહે ખનિજ કિંમત વસુલ કરવા ૫ લીઝ ધારકો સામે હુકમો કરેલ છે અને ૧ લીઝ ધારક સામે કાર્યવાહી ચાલુમાં છે.

## આણંદ જિલ્લામાં લૂંટ, ધાડ, બળાત્કાર, અપહરણ અને હત્યાના નોંધાયેલા બનાવો

૧૭૪૯૩ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનદીઠ લૂંટ, ધાડ, બળાત્કાર, અપહરણ અને હત્યાના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ગુન્હાઓ ઉકેલવામાં આવ્યા અને કેટલાની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) : સામેલ **પત્રક-૧** અને **૨** મુજબ.

**પત્રક-૧**

| | લૂંટ | | | ધાડ | | |
|---|---|---|---|---|---|---|
| પોલીસ સ્ટેશન | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| આણંદ ટાઉન | ૩ | ૩ | ૧૦ | - | - | - |
| આણંદ રૂરલ | - | - | - | - | - | - |
| વિદ્યાનગર | ૧ | ૧ | ૧ | ૨ | ૨ | ૧૩ |
| વાસદ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૫ |
| ખંભોળજ | - | - | - | - | - | - |
| ઉમરેઠ | ૧ | ૧ | ૧ | - | - | - |
| પેટલાદ ટાઉન | - | - | - | ૧ | ૧ | - |
| પેટલાદ રૂરલ | - | - | - | - | - | - |
| બોરસદ ટાઉન | - | - | - | ૧ | ૧ | ૭ |
| બોરસદ રૂરલ | - | - | - | - | - | - |
| મહેલાવ | ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૧૫ |
| ભાદરણ | ૧ | ૧ | ૬ | - | - | - |
| આંક્લાવ | - | - | - | ૩ | ૩ | ૪૬ |
| ખંભાત સીટી | - | - | - | - | - | - |
| ખંભાત રૂરલ | ૧ | - | - | - | - | - |
| વિરસદ | - | - | - | - | - | - |
| સોજીત્રા | - | - | - | - | - | - |
| તારાપુર | ૧ | ૧ | - | - | - | - |
| **કુલ** | **૧૦** | **૯** | **૨૪** | **૧૦** | **૯** | **૮૬** |

**Table 1**

| બળાત્કાર | | | અપહરણ | | | હત્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| - | - | - | ૯ | ૯ | ૨૧ | ૨ | ૨ | ૨૦ |
| ૩ | ૩ | ૩ | ૬ | ૬ | ૭ | ૨ | ૨ | ૯ |
| ૨ | ૨ | ૨ | ૩ | ૩ | ૭ | ૧ | ૧ | ૩ |
| - | - | - | ૨ | ૨ | - | ૪ | ૪ | ૧૦ |
| ૧ | ૧ | ૧ | ૨ | ૨ | ૪ | ૨ | ૨ | ૭ |
| ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | ૩ | ૨ | ૫ |
| - | - | - | ૪ | ૪ | ૧૩ | ૧ | ૧ | ૧ |
| ૧ | ૧ | ૨ | - | - | - | - | - | - |
| ૨ | ૨ | ૬ | ૬ | ૫ | ૮ | - | - | - |
| - | - | - | - | - | - | - | - | - |
| - | - | - | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૪ |
| ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ |
| - | - | - | - | - | - | ૨ | ૧ | ૧ |
| - | - | - | ૩ | ૩ | ૧ | ૧ | - | - |
| ૩ | ૩ | ૪ | ૩ | ૩ | ૧૩ | ૧ | ૧ | ૫ |
| - | - | - | - | - | - | ૧ | ૧ | ૧ |
| - | - | - | - | - | - | ૨ | ૨ | ૭ |
| - | - | - | ૪ | ૪ | ૬ | ૨ | ૨ | ૬ |
| **૧૫** | **૧૫** | **૨૨** | **૪૮** | **૪૭** | **૮૬** | **૨૮** | **૨૮** | **૮૨** |

## પત્રક-૨

| | લૂંટ | | | ધાડ | | | બળાત્કાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પોલીસ સ્ટેશન | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| આણંદ ટાઉન | ૧ | ૧ | ૧ | ૧ | - | - | ૧ | ૧ | ૯ |
| આણંદ રૂરલ | - | - | - | - | - | - | ૪ | ૪ | ૭ |
| વિદ્યાનગર | - | - | - | - | - | - | ૧ | ૧ | ૨ |
| વાસદ | - | - | - | - | - | - | ૧ | ૧ | ૧ |
| ખંભોળજ | - | - | - | - | - | - | - | - | - |
| ઉમરેઠ | ૨ | - | - | - | - | - | - | - | - |
| પેટલાદ ટાઉન | - | - | - | - | - | - | - | - | - |
| પેટલાદ રૂરલ | - | - | - | - | - | - | - | - | - |
| બોરસદ ટાઉન | - | - | - | - | - | - | - | - | - |
| બોરસદ રૂરલ | - | - | - | - | - | - | - | - | - |
| મહેલાવ | - | - | - | - | - | - | - | - | - |
| ભાદરણ | - | - | - | - | - | - | - | - | - |
| આંકલાવ | ૧ | ૧ | ૨ | ૪ | ૪ | ૭૧ | - | - | - |
| ખંભાત સીટી | - | - | - | - | - | - | - | - | - |
| ખંભાત રૂરલ | ૧ | - | - | - | - | - | ૨ | ૨ | ૩ |
| વિરસદ | ૧ | ૧ | ૩ | - | - | - | ૧ | ૧ | ૨ |
| સોજીત્રા | - | - | - | - | - | - | - | - | - |
| તારાપુર | ૧ | - | - | - | - | - | ૧ | ૧ | -- |
| **કુલ** | **૭** | **૩** | **૬** | **૫** | **૪** | **૭૧** | **૧૧** | **૧૧** | **૨૪** |

| અપહરણ | | | હત્યા | | |
|---|---|---|---|---|---|
| નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ | નોંધાયેલ બનાવો | ઉકેલવામાં આવેલ ગુન્હાઓ | કરવામાં આવેલ ધરપકડ |
| ૨ | ૨ | ૭ | ૩ | ૨ | ૫ |
| ૪ | ૪ | ૫ | ૧ | ૧ | ૪ |
| ૪ | ૪ | ૧૩ | ૧ | ૧ | ૧ |
| ૪ | ૪ | ૯ | ૪ | ૪ | ૯ |
| - | - | - | ૧ | ૧ | ૧ |
| ૨ | ૨ | ૪ | - | - | - |
| ૨ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ |
| ૨ | ૨ | ૨ | - | - | - |
| ૨ | ૨ | ૧ | ૨ | ૧ | ૧ |
| - | - | - | - | - | - |
| - | - | - | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧ | ૧ | ૫ | ૧ | ૧ | ૧ |
| ૨ | ૨ | ૧ | - | - | - |
| ૧ | ૧ | ૩ | - | - | - |
| ૩ | ૩ | ૩ | - | - | - |
| - | - | - | - | - | - |
| ૪ | ૪ | ૨ | ૧ | - | - |
| ૩૪ | ૩૪ | ૫૮ | ૧૮ | ૧૪ | ૨૯ |

### અમદાવાદ ગ્રામ્ય પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૨૦ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા, અમદાવાદ ગ્રામ્ય હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) દર્શાવેલ સમયગાળામાં કુલ-૫૯૧ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

### સુરત શહેરમાં પોલીસ આવાસો

૧૯૨૦૫ : **શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષમાં સુરત શહેરમાં વિસ્તારમાં કુલ કેટલા | (૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં સુરત શહેરમાં **કુલ-૨૪૭** પોલીસ |

પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ?

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૩૧૨** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૦૮ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં **કુલ-૧૭૧** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૬૩** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નર્મદા નહેરના કામો**

૧૯૨૫૬ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નર્મદા નહેરના નવા કામો શરૂ કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ બાબત ક્યા તબક્કે છે,

(૩) અન્ય નવા કામો ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામો કેટલા સમય મર્યાદામાં પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. બનાસકાંઠા જિલ્લામાં ૪ નવા કામો, રૂા. ૧૮૨.૭૨ કરોડના અને પાટણ જિલ્લામાં ૧૨ નવા કામો, રૂા. ૧૭૬.૬૪ કરોડના ખર્ચે શરૂ કરવાનું આયોજન કરવામાં આવેલ. તેના વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

(૩) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અન્ય નવા કામો વર્ષ ૨૦૧૧-૧૨માં તબક્કાવાર શરૂ કરવાનું આયોજન છે.

(૪) આ કામો પૂરા કરવાની સમયમર્યાદામાં ૧૮ માસથી લઈને ૨૪ માસ રાખવામાં આવેલ છે.

--------

**બોટોમાં ફીશ ફાઈન્ડર અને વેસલ ટ્રેકીંગ એન્ડ વોર્નિંગ સીસ્ટમ બાબત**

૧૯૧૪૫ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાતના કાંઠેથી સમુદ્રમાં જતી બોટમાં ફીશ ફાઈન્ડર અને વેસલ ટ્રેકીંગ વોર્નિંગ સીસ્ટમ ગોઠવવાના કામો માટે કેટલી રકમના ક્યારે ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા,

(૨) આ ટેન્ડરમાં કઈ કંપનીઓએ ભાગ લીધો, દરેક કંપનીએ શા ભાવ ભરેલા અને કઈ કંપનીનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) **ફીશ ફાઈન્ડર :**

છેલ્લા બે વર્ષમાં બહાર પાડવામાં આવેલ ટેન્ડરોની વિગત પત્રક-૧ મુજબ છે. **વેસલ ટ્રેકીંગ વોર્નિંગ સીસ્ટમ :** છેલ્લા બે વર્ષમાં ટેન્ડર બહાર પાડવામાં આવેલ નથી.

(૨) **ફીશ ફાઈન્ડર :**

ટેન્ડરમાં ભાગ લીધેલ કંપનીઓ તથા તેઓએ ભરેલ ભાવની વિગત પત્રક-૨ મુજબ છે. આ ટેન્ડરો રદ કરવામાં આવેલ છે

**વેસલ ટ્રેકીંગ વોર્નિંગ સીસ્ટમ :**
પ્રશ્ન ઉપસ્થિથ થતો નથી.

(૩) તે અન્વયે કેટલી બોટોમાં ફીશ ફાઈન્ડર અને વેસલ ટ્રેકીંગ એન્ડ વોર્નિંગ સીસ્ટમ ગોઠવવામાં આવી અને કેટલી બોટોમાં આ સીસ્ટમ ગોઠવવાની બાકી છે ?

(૩) કોઈપણ બોટોમાં ફીશ ફાઈન્ડર અને વેસલ ટ્રેકીંગ એન્ડ વોર્નિંગ સીસ્ટમ ગોઠવવામાં આવેલ નથી.

**પત્રક -૧**

| ટેન્ડર નં. | રકમ (રૂા. કરોડમાં) | બહારપાડ્યાની તારીખ |
|---|---|---|
| ટેન્ડર નં.એમ. ૧૭/૨૦૦૯ | ૨.૫૦ | તા. ૧૧-૪-૦૯ |
| ટેન્ડર નં.એમ. ૧૮/૨૦૧૦ | ૫.૦૦ | તા. ૯-૧-૧૦ |
| ટેન્ડર નં.એમ. ૧૯/૨૦૧૦ | ૨.૦૨ | તા. ૧૧-૬-૧૦ |

**પત્રક -૨**

| ટેન્ડર નં. | કંપનીઓના નામ | ભરેલા ભાવ |
|---|---|---|
| ટેન્ડર નં.એમ. ૧૭/૨૦૦૯ | ૧. મે. ઈલેક્ટ્રોનીક લેબ, મુંબઈ<br>૨. મે. કાઈઝેન એન્જીનીયરીંગ સીસ્ટમ પ્રા.લી. મુંબઇ<br>૩. મે. મુંડારા એન્ટરપ્રાઈઝ, મુંબઈ<br>૪. મે. મોદી મરીન એન્જીનીયરીંગ એન્ડ માર્કેટીંગ પ્રા.લી. મુંબઈ | ટેન્ડર રદ કરવામાં આવેલ |
| ટેન્ડર નં.એમ. ૧૮/૨૦૧૦ | ૧. મે. એમ.એમ.ઈન્ડસ્ટ્રીયલ સર્વિસીસ, રાજકોટ<br>૨. મે. એલકોમ મરીન સર્વિસીસ પ્રા.લી. મુંબઈ<br>૩. મે. ઈલેક્ટ્રોનીક લેબ, જામનગર | ટેન્ડર રદ કરવામાં આવેલ |
| ટેન્ડર નં.એમ. ૧૯/૨૦૧૦ | ૧. મે.ઈન્ફીનીયમ ઈન્ડીયા લી. અમદાવાદ<br>૨. મે. એલકોમ મરીન સર્વિસીસ પ્રા.લી. મુંબઈ<br>૩. મે. એમ.એમ.ઈન્ડસ્ટ્રીયલ સર્વિસીસ, રાજકોટ<br>૪. મે. ઈલેક્ટ્રોનીક લેબ, મુંબઇ<br>૫. મે.મીડાસ ટેલીશોફ્ટ પ્રા.લી. અમદાવાદ | મે. ઈલેક્ટ્રોનીક લેબ, મુંબઈના રૂા. ૬૦,૦૦૦/- પ્રતિ નંગ આવ્યા હતા. |

--------

**એસ.આર.પી.એફ. ગૃપ-૧૩ રાજકોટ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૩૩ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકારીશ્રી દ્વારા મફ્ત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૧૩ રાજકોટ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓના પરિવારના કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૧૩ રાજકોટ હસ્તક ફરજો બજાવતા ૧૧૩૫ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૨૬૮ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

**રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગેસ પાઈપ લાઈન નાખવાની કામગીરી**

૧૯૫૩૦ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુદરતી ગેસ વહન કરવાની પાઈપ લાઈન કેટલા કિલોમીટરમાં

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુદરતી ગેસ વહન કરવાની પાઈપ લાઈન નીચેની વિગતે નાંખવામાં આવેલ છે.

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| નાખવામાં આવી છે, અને | જિલ્લાનું નામ | પાઈપ લાઈન | કી.મી. |
| | રાજકોટ | સ્ટીલ પાઈપલાઈન | ૧૧૪ કી.મી. |
| | | પોલીથીન પાઈપલાઈન | ૧૦૦૯ કી.મી. |
| | સુરેન્દ્રનગર | સ્ટીલ પાઈપલાઈન | ૪૭.૫ કી.મી. |
| | | પોલીથીન પાઈપલાઈન | ૨૦૯ કી.મી. |

(૨) તેના થકી કેટલા ઉદ્યોગોને જોડાણો આપવામાં આવ્યા ?

(૨) રાજકોટ જિલ્લામાં ૫૦૮ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૯૪ ઉદ્યોગોને જોડાણો આપવામાં આવ્યાં.

--------

## પંચમહાલ જિલ્લામાં પોલીસ આવાસો

૧૯૬૫૩ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦માં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ-૧૧૨ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૧૧૫ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

## વલસાડ જિલ્લા માટે થયેલ એમ.ઓ.યુ.

૧૮૯૩૨ **: શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯ ના વર્ષમાં વલસાડ જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા, અને

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ઉદ્યોગોએ ઉત્પાદન શરૂ કરેલ છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૯ ના વર્ષમાં વલસાડ જિલ્લામાં લઘુ તેમજ મધ્યમ સહિતના કુલ રૂા. ૧૭૯૧૩ કરોડના સૂચિત મૂડીરોકાણના એમ.ઓ.યુ. થયા હતા

(૨) કુલ ૨૧૫ પ્રોજેકટમાં ઉત્પાદન શરૂ થયેલ છે.

--------

## ગુજરાતમાં આવેલા બંદરો

૧૮૭૬૩ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કૂલ કેટલા મોટા તથા કેટલા નાના બંદરો આવેલા છે, ક્યા ક્યા

(૨) હયાત બંદરોમાંથી કેટલા અને ક્યા ક્યા બંદરો ઉપર માલની હેરફેરની કામગીરી થાય છે,

(૩) બંધ પડેલા બંદરોને પુનઃ ચાલુ કરવા અંગે સરકારની યોજના છે, અને

(૪) જો હા, તો ખંભાત બંદરને પુનઃ ચાલુ કરવા અંગે સરકારની શું યોજના છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં ૧ મોટું કંડલા બંદર તથા ૪૧ અન્ય બંદરો આવેલા છે. જેની યાદી આ સાથે પત્રક (અ) મુજબ સામેલ છે.

(૨) હયાત બંદરોમાંથી ૧ મોટું કંડલા બંદર તેમજ ૨૧ અન્ય બંદરો ઉપર માલની હેરફેરની કામગીરી થાય છે. જેની યાદી આ સાથે પત્રક (બ) મુજબ સામેલ છે.

(૩) જે તે બંદરના વિકાસની શક્યતાવર્તી અહેવાલ (ફીઝીબીલીટી રીપોર્ટ) ને આધારે નિર્ણય લેવાશે.

(૪) કલ્પસર યોજનાના શક્યતાવર્તી અહેવાલ (ફીઝીબીલીટી રીપોર્ટ) ના તારણો ધ્યાને લઈ નિર્ણય લેવાશે.

### પત્રક-(અ)

| અ.નં. | બંદરનું નામ | અ.નં. | બંદરનું નામ |
|---|---|---|---|
| ૦૧ | માંડવી | ૨૪ | માંગરોળ |
| ૦૨ | જખો | ૨૫ | નવા બંદર |
| ૦૩ | મુન્દ્રા (જીએપીએલ) | ૨૬ | મૂળ દ્વારકા |
| ૦૪ | નવલખી | ૨૭ | માંઢવાડ |
| ૦૫ | બેડી | ૨૮ | કોટડા |
| ૦૬ | સીક્કા | ૨૯ | તળાજા |
| ૦૭ | સલાયા | ૩૦ | ઘોઘા |
| ૦૮ | ઓખા | ૩૧ | રાજપરા |
| ૦૯ | પોરબંદર | ૩૨ | ભગવા |
| ૧૦ | વેરાવળ | ૩૩ | ખંભાત |
| ૧૧ | જાફરાબાદ | ૩૪ | મરોલી |
| ૧૨ | ભાવનગર | ૩૫ | કોલક |
| ૧૩ | મહુવા | ૩૬ | ઉમરગાંવ |
| ૧૪ | પીપાવાવ (જીપીપીએલ) | ૩૭ | ઓંજલ |
| ૧૫ | ભરૂચ | ૩૮ | વાંસી-બોરસી |
| ૧૬ | મગદલ્લા | ૩૯ | ઉમરસાડી |
| ૧૭ | વલસાડ | ૪૦ | દહેજ (જીસીપીટીસીએલ) |
| ૧૮ | બિલીમોરા | ૪૧ | એચ.પી.પી.એલ. હજીરા |
| ૧૯ | કોટેશ્વર | | |
| ૨૦ | જોડીયા | | |
| ૨૧ | પીંઢારા | | |
| ૨૨ | રૂપેણ (દ્વારકા) | | |
| ૨૩ | બેટ | | |

### પત્રક-બ

| અ.નં. | બંદરનું નામ | અ.નં. | બંદરનું નામ |
|---|---|---|---|
| ૦૧. | માંડવી | ૧૧. | જાફરાબાદ |
| ૦૨. | જખો | ૧૨. | પીપાવાવ (વિકટર) |
| ૦૩. | મુન્દ્રા જૂનું | ૧૩. | ભાવનગર |
| ૦૪. | નવલખી | ૧૪. | દહેજ |
| ૦૫. | બેડી | ૧૫. | તળાજા (અલંગ) શીપ બ્રેકીંગ |
| ૦૬. | સીક્કા | ૧૬. | મગદલ્લા |
| ૦૭. | ઓખા | ૧૭. | બેડી (સચાણા) શીપ બ્રેકીંગ |
| ૦૮. | પોરબંદર | ૧૮. | પીપાવાવ (જી.પી.પી.એલ.) |
| ૦૯. | વેરાવળ | ૧૯. | મુન્દ્રા (જી.એ.પી.એલ.) |
| ૧૦. | મૂળ દ્વારકા | ૨૦. | એચ.પી.પી.એલ. હજીરા |
| | | ૨૧. | દહેજ (જી.સી.પી.ટી.સી.એલ.) |

## કાલાવડ તાલુકામાં ઓદ્યોગિક વસાહત બનાવવા બાબત

૧૯૫૦૬ : **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં સરકાર નવી ઓદ્યોગિક વસાહત બનાવવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગેની કામગીરી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કાલાવડ તાલુકાની સરકારી જમીન નિગમને તબદીલ કરાવવા માટેની કાર્યવાહી ગતિમાં છે. |

## હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપનીના એમ.ઓ.યુ.

૧૯૩૨૭ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ હિન્દુસ્તાન કન્સ્ટ્રકશન કંપનીએ ધોલેરા પાસે વોટર સીટી ડેવલપમેન્ટ કે અન્ય કોઈ હેતુ માટે એમ.ઓ.યુ. કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનું કઈ તારીખે કર્યું, અને | (૨) રૂપિયા ચાલીસ હજાર કરોડનું એમ.ઓ.યુ. તા. ૧૨-૦૧-૨૦૦૯ના રોજ કરેલ છે. |
| (૩) આ પેકી તા. ૩૦-૧-૨૦૧૧ સુધીમાં મૂડી રોકાણ કેટલું આવ્યું ? | (૩)સદર પ્રોજેક્ટ હાલ પ્રાથમિક તબક્કામાં છે. રોકાણકારો સામાન્ય રીતે ગણનાપાત્ર રોકાણ થયેથી સરકારશ્રીને જણાવતા હોય છે. રોકાણકારે હાલ પ્રોજેક્ટના પ્રીફીઝીબીલીટી તૈયાર કરવા વગેરે ખર્ચ કરેલ છે. |

**વાયબ્રન્ટ-૨૦૧૧ માં ઓઈલ અને ગેસના એમ.ઓ.યુ.**

૧૯૫૩૫ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમ્યાન ઓઈલ અને ગેસ ક્ષેત્ર માટે કેટલા એમ.ઓ.યુ. થયા, અને | (૧) ૧૬ એમ.ઓ.યુ. થયેલ હતા અને ૯ જાહેરાતો કરવામાં આવેલ હતી. |
| (૨) તે અંતર્ગત કેટલા લોકોને રોજગારી મળવાની શક્યતા છે ? | (૨) થયેલ ૧૬ એમ.ઓ.યુ. અંતગર્ત ૭૨૪૫ જેટલા લોકોને રોજગારી મળવાની શક્યતા છે. તેમજ કરાયેલ ૯ જાહેરાતો હેઠળ ૧૦૯૮૦ મળીને કુલ ૧૮,૨૨૫ જેટલા લોકોને રોજગારી મળવાની શક્યતા છે. |

--------

**SB/ એસ.આર.પી.એફ. ગ્રુપ-૨ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૫૨ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળ માં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યો/બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકારીશ્રી દ્વારા મફત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગ્રુપ-૨ અમદાવાદ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યો/બાળકોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) એસ.આર.પી.એફ. ગ્રુપ-૨ અમદાવાદ હસ્તક ફરજો બજાવતા ૯૩૯ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૧૪૬૮ સભ્યો અને ૫૭૪ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

**૨૯૯/page> સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ સેઝ સ્થાપવા બાબત**

૧૯૫૦૮ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધી ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ ૨૦૦૯ હેઠળ રાજ્ય સરકાર કેટલા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ક્યા સ્તરે સ્થાપવા માગે છે, અને | (૧) ધી ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એકટ ૨૦૦૯ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ૧૨ (બાર) સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપવાનું આયોજન છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તે અંગેની કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ<br>(૧) પાંચ સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર કરતા જાહેરનામા પ્રસિધ્ધ કરેલ છે.<br>(૨) સાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર કરવા અંગેની કામગીરી પ્રગતિમાં છે. |

**કચ્છ જિલ્લામાં નર્મદા નહેરના કામો**

૧૯૨૫૭ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા નહેરના નવા કામો શરૂ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ બાબત ક્યા તબક્કે છે,

(૨) કચ્છ શાખા નહેરની સાં. ૮૨ થી ૧૧૨.૫ કી.મી. તથા ૧૩૩.૫૧૯ થી ૧૮૯.૯૭૭ કી.મી. ના કામોના ટેન્ડર મંજૂર કરી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

(૩) અન્ય નવા નવા કામો ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) અન્ય નવા કામો વર્ષ-૨૦૧૧-૨૦૧૨ માં શરૂ કરવામાં આવશે.

(૪) આ કામો કેટલી સમય મર્યાદામાં પૂરા કરવામાં આવશે ?

(૪) આ કામો પુરા કરવાની સમય મર્યાદા ૧૮ માસથી લઈને ૨૪ માસ રાખવામાં આવેલ છે.

--------

## રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના અન્વયે કનેક્શન

૧૯૧૩૬ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના અન્વયે તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ યોજના અન્વયે કેટલા વિદ્યુત કનેક્શનો આપવામાં આવ્યા,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી છે તે કનેક્શનો ક્યાં સુધીમાં આપી દેવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનાના અમલીકરણ માટે છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ રૂપિયા ૬૦૦.૧૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ યોજનાના અમલીકરણ માટેની ગ્રાન્ટ ભારત સરકારના ગ્રામ્ય વિજળીકરણ નિગમ (REC) દ્વારા જિલ્લાવાર ફાળવવામાં આવે છે. તાલુકાવાર ફાળવવામાં આવતી નથી.

(૨), (૩) અને (૪) : આ યોજના અન્વયે મંજુર થયેલ પ્રોજેક્ટ મુજબ કુલ ૨૪૭૧૦ લાભાર્થીઓને વીજળીકરણથી આવરી લેવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ હતો. જે તમામ લાભાર્થીઓને વીજ જોડાણથી આવરી લેવામાં આવેલ છે.

## સોલાર લાઈટની વ્યવસ્થા

૧૯૭૫૮ **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ગીરના જંગલોમાં આવેલ લીલા પાણીની નેસ ખાતે સોલાર લાઈટની વ્યવસ્થા કરવાની ખાસ જરૂર છે, આ બાબત સરકારને ખ્યાલ છે કે કેમ, અને

(૨) જો હા, તો સોલાર લાઈટની વ્યવસ્થા કેટલા સમયમાં કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હયાત વ્યવસ્થા ઉપરાંતની બાકીની સોલર લાઈટની વ્યવસ્થા તા. ૩૧-૦૩-૨૦૧૧ સુધીમાં કરવામાં આવશે.

## શિહોર, સોનગઢ અને ગારીયાધાર તાલુકામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને મારામારીના નોંધાયેલ ગુનાઓ

૧૭૭૧૫ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના સિહોર-સોનગઢ અને ગારીયાધાર તાલુકાના પોલીસ સ્ટેશન દીઠ ખૂન, લૂંટ, બળાત્કાર અને મારામારીના કેટલા ગુના નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા ગુનાઓમાં આરોપીની ધરપકડ થયેલ છે ?

**જવાબ**

(૧)

| પો. સ્ટે. | ખૂન | લૂંટ | બળાત્કાર | મારામારી |
|---|---|---|---|---|
| શિહોર | ૭ | ૧ | ૦ | ૬૮ |
| સોનગઢ | ૨ | ૧ | ૧ | ૩૧ |
| ગારીયાધાર | ૪ | ૧ | ૦ | ૪૨ |

(૨)

| પો. સ્ટે. | ખૂન | લૂંટ | બળાત્કાર | મારામારી |
|---|---|---|---|---|
| શિહોર | ૫ | ૧ | ૦ | ૬૭ |
| સોનગઢ | ૨ | ૧ | ૧ | ૩૦ |
| ગારીયાધાર | ૨ | ૦ | ૦ | ૪૧ |

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૧૬ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં **કુલ-૨૧૦** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૩૦૪ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |

--------

**સુરત ગ્રામ્યમાં પોલીસ આવાસો**

૧૯૨૦૪ **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષમાં સુરત ગ્રામ્ય વિસ્તારમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં સુરત ગ્રામ્ય વિસ્તારમાં **કુલ-૧૯** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૪૭** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |

--------

**જૂનાગઢમાં રેતીની ખનીજ ચોરી**

૧૮૮૫૪ **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શિંગોડા નદીમાં તેમજ વેલણ અને સરખડી ગામોમાંથી રેતીની ખનીજ ચોરી થઈ રહેલ છે તેવી કેટલી ફરિયાદો મળેલ છે, | (૧) કુલ ૮ (આઠ) ફરીયાદો મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ શિંગોડા નદીમાં તેમજ વેલણ અને સરખડી ગામે ક્યા ક્યા ઈસમોને કેટલા સમય સુધીની રેતીની લીઝો આપવામાં આવેલ છે, | (૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ શિંગોડા નદીમાં અલગ અલગ ૮ (આઠ) ઈસમોને સામેલ પત્રક-૧માં દર્શાવેલ મુદ્દત સુધીની રેતીની લીઝો આપવામાં આવેલ છે. જ્યારે વેલણ અને સરખડી ગામે લીઝ આપવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલીવાર ખનીજ ચોરીનું ચેકીંગ થયેલ છે અને ચેકીંગ દરમ્યાન કઈ કઈ વ્યક્તિ સામે શાં પગલા ભરેલ છે, અને | (૩) છેલ્લા ત્રણ વર્ષમાં ૭ (સાત) વખત ખનીજ ચોરીનું ચેકીંગ થયેલ છે. ચેકીંગ દરમ્યાન ૩ કેસમાં કસુરદાર ઈસમો સામે દંડકીય કાર્યવાહી કરી દંડનીય સમાધાન રકમ વસુલવામાં આવેલ છે. જ્યારે ૧ કિસ્સામાં વેલણ ગામે રેતી ચોરી સબબ શ્રી દિનેશ વરસીંગ પરમાર સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. |
| (૪) રેતીની ખનીજ ચોરી અટકાવવાનું સરકારનું શું આયોજન છે ? | (૪) રેતીની ખનીજ ચોરી અટકાવવા માટે સરકારશ્રીના તા. ૧૯-૯-૦૫ના ઠરાવ મુજબ જિલ્લા સ્તરની ટાસ્ક ફોર્સ કમીટીની રચના કરવામાં આવેલ છે. |

ક્મીટીના સભ્ય દ્વારા ઘનિષ્ઠ ચેકીંગની કામગીરી કરવામાં આવે છે. ઉપરાંત ગ્રીવાન્સ રીડ્રેશલ કમિટીની રચના પણ કરવામાં આવેલ છે. ખાસ કિસ્સામાં સાદી રેતીની હરાજી, સાદી રેતી નિકાસ પર પ્રતિબંધ લીઝના હદ નિશાન જાળવવા પરિપત્ર વિ. પગલાં લીધેલ છે.

**પત્રક-૧**

| અ.નુ. | લીઝ ધારકનું નામ | ગામ | સ.નં. | વિસ્તાર | મૂળ કરારખત તારીખ | રીન્યુઅલ અરજીની વિગત | લીઝ મુદ્દતની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | જાદવ મનુ મેરામણ | કોડીનાર | બીન નંબરી નદી પેકી | ૧.૦૦.૦૦ | ૯/૧૦/૧૯૯૨ | ૨/૪/૦૭, ૧૯/૧૧/૦૯ | ૮/૧૦/૨૦૧૨ |
| ૨. | દિલીપ બાબુ ગોહીલ | દુદાણા | બીન નંબરી નદી પેકી | ૧.૦૦.૦૦ | ૯/૧૦/૧૯૯૨ | ૨/૪/૦૭, ૧૯/૧૧/૦૯ | ૮/૧૦/૨૦૧૨ |
| ૩. | રાયસિંહ બાલુ ગોહિલ | છાછર | બીન નંબરી નદી પેકી | ૧.૦૦.૦૦ | ૨૧/૧૦/૧૯૯૨ | ૨/૪/૦૭, ૧૯/૧૧/૦૯ | ૨૦/૧૦/૨૦૧૨ |
| ૪. | રાયસિંહ બાલુ ગોહિલ | કોડીનાર | શિગવડા નદી પેકી | ૨.૦૦.૦૦ | ૨૧/૧૦/૧૯૯૨ | ૨/૪/૦૭, ૧૯/૧૧/૦૯ | ૨૦/૧૦/૨૦૧૨ |
| ૫. | લખમણ નારણ બારડ | કોડીનાર | શિગવડા નદી પેકી | ૧.૦૦.૦૦ | ૨૭/૦૪/૧૯૯૩ | ૧૫/૩/૨૦૦૮ | ૨૬/૦૪/૨૦૧૧ |
| ૬. | મનુ રાયસિંહ બારડ | કોડીનાર | શિગવડા નદી પેકી | ૧.૦૦.૦૦ | ૨૭/૦૪/૧૯૯૩ | ૧૫/૩/૨૦૦૮ | ૨૬/૦૪/૨૦૧૧ |
| ૭. | ભગવાન બાલુ ડોડીયા | કોડીનાર | શિગવડા નદી પેકી | ૧.૦૦.૦૦ | ૨૭/૦૪/૧૯૯૩ | ૧૫/૩/૨૦૦૮ | ૨૬/૦૪/૨૦૧૧ |
| ૮. | પ્રતાપ હમીર સોલંકી | દુદાણા | શિગવડા નદી પેકી | ૧.૦૦.૦૦ | ૨૭/૦૪/૧૯૯૩ | ૧૫/૩/૨૦૦૮ | ૨૬/૦૪/૨૦૧૧ |

--------

**સોલાર પાર્કની સ્થાપના**

૧૯૨૬૯ **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સોર ઉર્જા થકી વીજ ઉત્પાદન મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં સોલાર પાર્કની સ્થાપના કરવા માટેનું કોઈ આયોજન છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા સોર ઉર્જા થકી વીજ ઉત્પાદન મેળવવા માટે પ્રથમ તબક્કે ગામ ચારણકા, તા. સાંતલપુર, જિ. પાટણ ખાતે આશરે કુલ ૨૦૨૪ હેક્ટર જમીન પર આશરે ૫૦૦ મે.વો.ની વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતો પાર્ક સ્થાપવાની કામગીરી ચાલી રહી છે. આ સોલર પાર્ક સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ સોર વીજ ઉત્પાદનકારોને પાયાની માળખાકીય સુવિધાઓ જેવી કે જમીન, પાણી, કન્સ્ટ્રક્શન પાવર, પાવર ઈવેક્યુએશન સીસ્ટમ વિ. એક જ જગ્યાએ પૂરી પાડવાનો છે. જેથી કરીને સોર વીજ ઉત્પાદકો દ્વારા ઝડપથી સોર વીજ યોજનાઓ સ્થાપી શકાય.

(૩) તે માટે અંદાજીત કેટલો ખર્ચ થનાર છે?

(૩) આ પાર્ક સ્થાપવા માટે આજની સ્થિતિએ રૂા. ૧૩૫૦ ક્રોડના ખર્ચનો અંદાજ છે.

--------

**મહેસાણા જિલ્લામાં નર્મદા નહેરના કામો**

૧૯૨૫૮ **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નર્મદા નહેરના નવા કામો શરૂ કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ બાબત ક્યા તબક્કે છે,

(૨) મહેસાણા જિલ્લામાં મુખ્ય નહેર અને શાખા નહેરના કામો પૂર્ણ થયેલ છે.

વિશાખા અને માઈનોર નહેરોના રૂા. ૪૧.૩૭ ક્રોડના કામો પૂર્ણ થયેલ છે. રૂા. ૨૪.૭૪ ક્રોડના ૧૪ કામો પ્રગતિમાં છે. હાથ ધરવાના બાકી ૬ કામો માટે રૂા. ૭૫.૫૨ ક્રોડના ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. જે

ટૂંક સમયમાં મંજુર કરી કામો હાથ ધરવાનું આયોજન છે. આ તમામ કામો વર્ષ ૨૦૧૨-૧૩માં પૂર્ણ કરવાનું આયોજન છે.

સબ માઈનોર નહેરોના કુલ રૂા. ૭૪.૪૧ કરોડના કામો પેકી રૂા. ૯.૩૦ કરોડના કામો પૂર્ણ થયેલ છે. હાથ ધરવાના બાકી કામો વર્ષ ૨૦૧૧-૧૨થી તબક્કાવાર હાથ ધરી વર્ષ ૨૦૧૩-૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) અન્ય નવા નવા કામો ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) ટૂંક સમયમાં શરૂ કરવાનું આયોજન છે.

(૪) આ કામો કેટલી સમય મર્યાદામાં પૂરા કરવામાં આવશે ?

(૪) આ કામો ૧૮ થી ૨૪ માસની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## એસ.આર.પી.એફ. ગૃપ-૧ પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૨૫ **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકારીશ્રી દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૧ વડોદરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૧ વડોદરા હસ્તક ફરજો બજાવતા ૮૪૨ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

## ભરૂચ જિલ્લામાં પોલીસ આવાસો

૧૯૨૧૧ **શ્રી દુષ્યંતભાઈ ૨.પટેલ (ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ-૧૩૦ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૧૧૧ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

## ફોરન્સીક સાયન્સ ધ્વારા પૂરી પાડેલી સેવા

૧૯૨૩૬ **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ધ્વારા નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦માં કઈ કઈ એજન્સીઓને કેટલા કેસમાં ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવેલ છે?

**જવાબ**

રાજ્યની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા ગુજરાત પોલીસ, કોર્ટ, નાગરીક પૂરવઠા વિભાગ, વન વિભાગ, જેવી તમામ સરકારી, અર્ધ સરકારી સંસ્થાઓને ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે. રાજ્યની એફ.એસ.એલ.માં ગુન્હાની તપાસ માટે વપરાતી વિશિષ્ટ પ્રકારની ટેક્નોલોજી જેવી કે પોલીગ્રાફ પરિક્ષણ, બ્રેઈન ફીંગર પ્રીન્ટીંગ, નારર્કો એનાલીસીસ, વોઈસ સ્પેક્ટ્રોગ્રાફ, સાયબર ક્રાઈમ, સસ્પેક્ટ ડીટેક્શન સીસ્ટમ વિગેરે જેવી સુવિધા ઉપલબ્ધ હોવાથી અન્ય રાજ્યો, કેન્દ્રીય સંસ્થાઓ તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોને પણ ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ ઈન્સ્યોરન્સ

કંપનીઓને આગ, અકસ્માત વિગેરેના વિમાના ક્લેઈમ ચૂકવવાના કિસ્સામાં ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવે છે.

નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૦૯-૧૦માં જે એજન્સીઓને જેટલા કેસોમાં ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | એજન્સીનું નામ | કેસોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ |
| ૧ | સિવિલ અને ક્રીમીનલ કોર્ટ | ૬૭ | ૧૧૧ |
| ૨ | ગુજરાત પોલીસ (ફિંગર પ્રીન્ટ બ્યુરોની સર્ચ સ્લીપો સહીત) | ૫,૯૩,૧૪૧ | ૪,૮૮,૫૨૯ |
| ૩ | સેન્ટ્રલ પોલીસ, સી.બી.આઈ., એન.સી.બી., ડી.આર.આઈ., એરફોર્સ, આર્મી, કસ્ટમ્સ વગેરે | ૧૧૭ | ૧૧૯ |
| ૪ | અર્ધ સરકારી સંસ્થાઓ | ૧૪ | ૦૯ |
| ૫ | નાગરિક પૂરવઠા વિભાગ | ૩૩૯ | ૨૦૯ |
| ૬ | વન વિભાગ | ૫૬ | ૬૧ |
| ૭ | રાજ્યની અન્ય એજન્સીઓ | ૨૨૭ | ૩૦૮ |
| ૮ | ઈન્સ્યોરન્સ કંપનીઓ | ૦૬ | ૦૫ |
| | **કુલ** | **૫,૯૩,૯૬૭** | **૪,૮૯,૩૫૧** |

--------

**વાયબ્રન્ટ - ૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ.**

૧૯૨૭૨ **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જાન્યુઆરી - ૨૦૧૧ માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટમાં બંદરોના વિકાસ માટે કોણે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા છે ?

**જવાબ**

બંદર ક્ષેત્રે કુલ રૂા. ૧,૦૨,૮૮૯ કરોડના કુલ ૯૭ એમ.ઓ.યુ. કર્યા છે. જેનું પત્રક*-અ સામેલ છે.
(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજકોટ જિલ્લામાં દારૂના અડ્ડાઓ ઉપર દરોડા**

૧૯૪૭૧ **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર દારૂ, જુગાર અને વરલી મટકાના અડ્ડાઓ ઉપર કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા,

(૨) દરોડા પાડી કેટલી કિંમતનો મુદ્દામાલ જપ્ત

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની છેલ્લા બે વર્ષની માહિતી.

| પો.સ્ટે. નું નામ | દારૂ | જુગાર | વરલી મટકા |
|---|---|---|---|
| મોરબી | ૩૧૦૬ | ૨૨૩ | ૧૪૩ |
| વાંકાનેર | ૧૮૩૦ | ૩૪ | ૬૨ |
| માળીયા (મી) | ૪૦૧ | ૧૯ | ૩૭ |
| ટંકારા | ૫૨૨ | ૭૬ | ૦૨ |
| પડધરી | ૬૭૯ | ૧૯ | ૪૩ |
| ગોંડલ | ૨૪૧૪ | ૧૮૩ | ૧૧૬ |
| જસદણ | ૧૧૧૬ | ૧૩૩ | ૧૨ |
| કોટડાસાંગાણી | ૫૦૬ | ૧૨ | ૦૭ |
| લોધીકા | ૧૬૮૩ | ૨૩ | ૦૨ |
| જેતપુર | ૨૦૩૬ | ૨૧૪ | ૧૪૯ |
| ધોરાજી | ૧૪૯૦ | ૧૧૭ | ૪૪ |
| ઉપલેટા | ૨૫૦૩ | ૩૩૬ | ૨૨૭ |
| ~~જામકંડોરણા~~ | ~~૧૦૯૨~~ | ~~૧૮~~ | ~~૦૦~~ |
| **કુલ** | **૧૯૩૭૮** | **૧૪૦૭** | **૮૪૪** |

(૨)

કરી કેટલા ઇસમોની ધરપકડ કરી,

| હેડ | મુદ્દામાલની કિંમત | ધરપકડ કરેલ ઇસમોની સંખ્યા |
|---|---|---|
| દારૂ | રૂા.૫,૦૧,૬૨,૫૮૪ | ૧૧૫૮૦ |
| જુગાર | રૂા.૨,૬૬,૮૭,૦૨૩ | ૪૦૮૪ |
| વરલી મટકા | રૂા.૧૬,૬૭,૭૨૨ | ૯૯૨ |

(૩) એકથી વધુવાર ક્યા ક્યા ઈસમો આ કાર્યવાહી દરમ્યાન પકડવામાં આવ્યા, અને

(૪) તેમની સામે સખ્તાઈ ભર્યા શું પગલાં લેવામાં આવ્યા ?

(૩) અને (૪)
દારૂના કેસમાં ૬૦૧ તથા જુગારના કેસમાં ૨૪ ઇસમો એકથી વધુ વાર આવી કાર્યવાહી દરમ્યાન પકડાયેલ છે.
દારૂના ગુનામાં એકથી વધુ વખત પકડાયેલા ઇસમો પેકી-૫૩૮ ઇસમો વિરૂધ્ધ પ્રોહીબીશન કલમ-૯૩ તથા ૫૫ ઇસમો વિરૂધ્ધ બી.પી. એકટ-૫૬/૫૭ અને ૮ ઇસમો વિરૂધ્ધ પાસાના કેસો કરવામાં આવેલ છે. જ્યારે જુગારના કેસમાં પકડાયેલ ૨૪ ઇસમો વિરૂધ્ધ સી.આર.પી.સી. ૧૧૦ ઇ.જી. મુજબ કેસો કરવામાં આવેલ છે.

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ફોરેન્સીક સહાયતા

૧૯૨૦૦ **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગુજરાત રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસોમાં ફોરેન્સીક સહાયતા પૂરી પાડવામાં આવી છે?

**જવાબ**

રાજ્યની એફ.એસ.એલ. અત્યંત આધુનિક, પારદર્શક અને તટસ્થ હોવાને કારણે, દેશના અન્ય રાજ્યોને તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., રેલ્વે કસ્ટમ એક્સાઈઝ જેવી સંસ્થાઓને જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં સહાયતા પૂરી પાડે છે.

વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષોમાં દેશના અન્ય રાજ્યોને/કેન્દ્ર સરકારની સંસ્થાઓને પૂરી પાડેલ સહાયતાના કેસોની વિગત નીચે મુજબ છે.

**સને ૨૦૦૮-૨૦૦૯**

| ક્રમ | રાજ્યનું નામ | કેસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | નવી દિલ્હી | ૪૧ |
| ૨ | જમ્મુ-કાશ્મીર | ૦૧ |
| ૩ | મધ્ય પ્રદેશ | ૦૭ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૦૭ |
| ૫ | રાજસ્થાન | ૧૯ |
| ૬ | ઝારખંડ | ૦૬ |
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૩ |
| ૮ | મહારાષ્ટ્ર | ૦૨ |
| ૯ | પંજાબ | ૦૬ |
| ૧૦ | હરીયાણા | ૦૨ |
| ૧૧ | આંધ્રપ્રદેશ | ૦૨ |
| ૧૨ | આસામ | ૦૨ |
| ૧૩ | બિહાર | ૦૨ |
| ૧૪ | છત્તીસગઢ | ૦૧ |
| ૧૫ | અરૂણાચલ પ્રદેશ | ૦૧ |
| | **કુલ :** | **૧૦૨** |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૬ | સી.બી.આઈ. | ૩૯ |
| ૧૭ | વેસ્ટર્ન રેલ્વે | ૦૨ |
| ૧૮ | કેન્દ્ર શાસિત પ્રદેશો | ૧૨૧ |
| ૧૯ | ઈન્શ્યોરન્સ એજન્સી | ૦૬ |
| ૨૦ | કેન્દ્રીય તપાસ એજન્સી | ૩૩ |
| | **(૨) કુલ :** | **૨૦૧** |
| | **(૧) (૨) કુલ :** | **૩૦૩** |

સને ૨૦૦૯-૨૦૧૦

| ક્રમ | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | નવી દિલ્હી | ૧૨૭ |
| ૨ | જમ્મુ-કાશ્મીર | ૦૯ |
| ૩ | મધ્ય પ્રદેશ | ૦૬ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૧૪ |
| ૫ | રાજસ્થાન | ૨૦ |
| ૬ | ઝારખંડ | ૦૪ |
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૩ |
| ૮ | ગોવા | ૦૧ |
| ૯ | મહારાષ્ટ્ર | ૦૯ |
| ૧૦ | પંજાબ | ૦૯ |
| ૧૧ | હરીયાણા | ૦૯ |
| ૧૨ | કર્ણાટક | ૦૪ |
| ૧૩ | ઉત્તરાખંડ | ૦૪ |
| ૧૪ | આંધ્રપ્રદેશ | ૦૩ |
| ૧૫ | કેરાલા | ૦૯ |
| ૧૬ | બિહાર | ૦૨ |
| ૧૭ | છત્તીસગઢ | ૦૪ |
| ૧૮ | ઉત્તરાંચલ | ૦૧ |
| | **(૧) કુલ :** | **૨૩૮** |
| | **કેન્દ્રીય સંસ્થાઓ** | |
| ૧૯ | ઈન્ડીયન એરફોર્સ | ૦૧ |
| ૨૦ | સી.બી.આઈ. | ૩૫ |
| ૨૧ | વેસ્ટર્ન રેલ્વે | ૦૪ |
| ૨૨ | કેન્દ્ર શાસિત પ્રદેશો | ૭૯ |
| ૨૩ | ઈન્સ્યોરન્સ એજન્સી | ૦૫ |
| ૨૪ | કેન્દ્રીય તપાસ એજન્સી | ૪૮ |
| | **(૨) કુલ :** | **૧૭૨** |
| | **(૧) (૨) કુલ :** | **૪૧૦** |

--------

**સૂક્ષ્મ સિંચાઈના ધારાધોરણો**

૧૮૫૮૮ **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ સૂક્ષ્મ સિંચાઈ યોજના અમલીકરણ માટે રાજ્ય સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી સહાય આપવામાં આવે છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ સૂક્ષ્મ સિંચાઈ યોજના ના અમલીકરણ માટે રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવે છે.

(૨) રાજ્ય સરકાર તરફથી સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિના કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૬૦,૦૦૦/- પ્રતિ હેક્ટર બંનેમાંથી જે ઓછું હોય તે મુજબ ગુજરાતના ખેડૂતને કોઈપણ પ્રકારના પિયત સ્ત્રોત હેઠળના તેમની પસંદગીના વિસ્તાર માટે સહાય મળવાપાત્ર થાય છે.

**નવા ઉદ્યોગો માટે વીજ પુરવઠો**

૧૮૯૩૭ **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ રાજ્યમાં નવા આવતા ઉદ્યોગોને વિજ પુરવઠો પુરો પાડવા ક્યા પ્રકારનું આયોજન કરેલ છે, અને

**જવાબ**

(૧) રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પૂરતી વીજળી આપવા રાજ્ય સરકાર પ્રતિબધ્ધ છે. તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યની વીજ સ્થાપિત ક્ષમતા ૧૩૨૫૮ મેગાવોટની છે. આ સ્થાપિત વીજ ક્ષમતા રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકો (ઔદ્યોગિક

વીજ માંગ સહ) ની વીજ માંગ સંતોષવા પ્રયાપ્ત છે. હાલમાં નવા આવનાર ઉદ્યોગોની વીજ માંગ સંતોષી શકાય તેટલી વીજળી પ્રાપ્ય છે.

વધુમાં એ ઉલ્લેખનીય છે કે, રાજ્યના ઉદ્યોગોને જરૂરિયાત મુજબની પૂરતી વીજળી હાલમાં આપવામાં આવે છે અને કોઈ વીજ કાપ મૂકવામાં આવતો નથી. ભવિષ્યમાં આવનાર વીજ ઉદ્યોગોની માંગ નક્કી કરવા રાજ્યના એકંદર ઓદ્યોગિક વિકાસદરને ધ્યાનમાં લેવામાં આવે છે. અને તદનુસાર વધારાની સ્થાપિત ક્ષમતા ઉભી કરવાનું આયોજન કરવામાં આવે છે. તદનુસાર આગામી બે વર્ષમાં ૬૧૮૧ મેગાવોટ સ્થાપિત વીજ ક્ષમતા ઉમેરવાનું આયોજન કરેલ છે.

(૨) આ આયોજન મુજબ કેટલા સમયમાં વીજ ઉત્પાદન વધારી આવા ઉદ્યોગોને વીજપુરવઠો પૂરો પાડવામાં આવશે ?

(૨) ઉપર્યુક્ત આયોજન મુજબ આગામી બે વર્ષમાં ૬૧૮૧ મેગાવોટના વધારા સાથે રાજ્યની સ્થાપિત વીજ ક્ષમતા તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં ૧૯૪૩૯ મેગાવોટ જેટલી થશે. જેનાથી રાજ્યના નવા આવનાર ઉદ્યોગોને પૂરતો વીજ પુરવઠો પૂરો પાડી શકાશે અને રાજ્યમાં વધારાની વીજળી પણ ઉપલબ્ધ રહેશે.

--------

**વીજ ગ્રાહકો પાસે લ્હેણાંની વસુલાત માટે લોક અદાલત**

૧૯૫૧૭ **શ્રી મહેન્દ્ર મશરુ (જુનાગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતાં નાણાંની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન કરવામાં આવે છે કે કેમ?

**જવાબ**

હા, જી. છેલ્લા ત્રણ વર્ષના ગાળા દરમ્યાન કુલ ૬૯૨૪ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું છે. જે દ્વારા ૧,૯૬,૭૯૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

--------

**વડોદરા શહેરમાં પોલીસ આવાસો**

૧૯૨૦૨ **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષમાં વડોદરા શહેરમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાંકીય વર્ષમાં વડોદરા શહેરમાં કુલ : ૧૫૦ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ : ૪૦૬ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

**નર્મદા યોજનાનું પાણી સાથી રાજ્યોને આપવા અંગે**

૧૭૬૯૫ **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાંથી સરકારે વાર્ષિક કેટલું પાણી પીવા માટે, સિંચાઈ માટે અને ઉદ્યોગો માટે આપવાનું નક્કી છે, અને

(૨) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાના સાથી રાજ્યોને કેટલું પાણી

**જવાબ**

(૧) નર્મદા યોજનામાં ૭૫ ટકા વિશ્વસનીયતા ૯ મીલીયન એકર ફીટ પાણીની ફાળવણી નર્મદા જળ વિવાદ પંચ દ્વારા ગુજરાતને કરાયેલ છે, તે પૈકી ઘ રવપરાશ માટે ૦.૮૬ મીલીયન એકર ફીટ, ઉદ્યોગો માટે ૦.૨૦ મીલીયન એકર ફીટ અને બાકીનું ૭.૯૪ મીલીયન એકર ફીટ સિંચાઈ માટે ફાળવાયેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે જળ વર્ષ (જુલાઈથી જુન) માં એટલે કે ૨૦૦૮-૦૯ અને

વર્ષવાર આપવામાં આવ્યું, અને ક્યા ક્યા રાજ્યોએ તે પેટે કેટલી રક્મ ચૂકવી?

૨૦૦૯-૧૦ વર્ષ દરમ્યાન નર્મદા યોજનાના સાથી રાજ્યોને નીચે મુજબ પાણી વર્ષવાર નર્મદા કંટ્રોલ ઓથોરીટી ધ્વારા આપવામાં આવેલ છે.

| રાજ્ય | વર્ષ ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન ફાળવેલ પાણી (કુલ ફાળવણી માટે ઉપલબ્ધ પાણી ૧૯.૧૧ મીલીયન એકર ફીટ) | વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન ફાળવેલ પાણી (કુલ ફાળવણી માટે ઉપલબ્ધ પાણી ૨૧.૬૬ મીલીયન એકર ફીટ) |
|---|---|---|
| | મીલીયન એકર ફીટ | મીલીયન એકર ફીટ |
| મધ્યપ્રદેશ | ૧૨.૪૬ | ૧૪.૧૨ |
| ગુજરાત | ૬.૧૪ | ૬.૯૬ |
| મહારાષ્ટ્ર | ૦.૧૭ | ૦.૧૯ |
| રાજસ્થાન | ૦.૩૪ | ૦.૩૯ |

નર્મદા જળ વિવાદ પંચની જોગવાઈ મુજબ નર્મદા યોજનાના સાથી રાજ્યો ધ્વારા પાણી પેટે કોઈ રક્મ ચૂક્વવાની રહેતી નથી.

## ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં બદલેલ જર્જરિત વીજ વાયરો

૧૯૪૮૬ **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજપુરવઠો મળી રહે તે હેતુસર ભાવનગર જિલ્લાનાં મુહવા તાલુકામાં તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવ્યા, અને

(૨) અને તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) : વીજ ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહે તે હેતુસર ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ રૂપિયા ૩૧.૬૬ લાખના ખર્ચે કુલ ૧૨૨.૫૦ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવેલ છે.

## રાજ્યમાં ખાનગી ક્ષેત્રે વિકસાવેલ નવા ટર્મીનલો, કેપ્ટીવ જેટીઓ અને ખાનગી જેટીઓ

૧૯૫૨૫ **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાનગી ક્ષેત્રે કુલ કેટલા (અ) નવા ટર્મીનલો (બ) કેપ્ટીવ જેટીઓ અને (ક) ખાનગી જેટીઓ વિકસાવવામાં આવ્યા, અને

(૨) તા. ૩૧/૧૨/૧૦ સુધીમાં આ માટે કેટલું ખાનગી મૂડી રોકાણ થયું?

**જવાબ**

(૧) નવા ટર્મિનલો - ૨
કેપ્ટીવ જેટીઓ - ૩
ખાનગી જેટીઓ - ૧
કુલ-૬ વિકસાવવામાં આવ્યા છે.

(૨) આશરે રૂા. ૩૬૯૦ કરોડનું ખાનગી મૂડીરોકાણ થયેલ છે.

## ખેડા જિલ્લામાં નર્મદા સબમાઈનોર કેનાલના કામો

૧૮૯૮૬ **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાંથી નર્મદા કેનાલ પસાર થાય છે તેમાં સબમાઈનોરના કામો થયા નથી તે હકિક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ સબમાઈનોર કેનાલના કામો ક્યારે હાથ ધરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ થવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨) : ના, જી.

ખેડા જિલ્લાના નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સબમાઈનોર કેનાલની આયોજીત કુલ ૮૭૬.૭૩ કિ.મી. લંબાઈ પૈકી ૬૭૫.૫૮ કિ.મી. લંબાઈના કામ પૂર્ણ થઈ ગયેલ છે અને જે સબમાઈનોર કેનાલના કામો પ્રગતિ હેઠળ છે તે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટ સમીટ ૨૦૧૧માં ઉર્જા ક્ષેત્રે કેટલા મૂડી રોકાણ

૧૯૨૬૧ **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) **વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ** સમીટ ૨૦૧૧ દરમિયાન ઉર્જા ક્ષેત્રે કેટલા મૂડીરોકાણના કરારો કરવામાં આવ્યા, અને

(૨) તે થકી રાજ્યમાં કેટલી રોજગારી વધવાની સંભાવના છે?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમિયાન ઉર્જા ક્ષેત્રે રૂા. ૩,૭૩,૪૨૯,૦૩ કરોડના મૂડીરોકાણના કરારો કરવામાં આવ્યા.
(જેની યાદી આ સાથેના પત્રક-અ માં છે.)

(૨) આ કરારો થકી રાજ્યમાં કુલ ૮૫૬૬૦ નવી રોજગારી વધવાની સંભાવના છે.

### પત્રક-અ

### વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ અન્વયે કરાયેલ એમ.ઓ.યુ.ની યાદી (પરંપરાગત ઉર્જા)

| ક્રમાંક | કંપનીનું નામ | રૂા. કરોડ | સેક્ટર |
|---|---|---|---|
| ૧ | ભરૂચ પાવર લિમીટેડ (રીલાયન્સ પાવર લી.) | ૩૦૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨ | જીવીકે એનર્જી વેન્ચર પાવર લી. | ૨૨૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩ | કચ્છ પાવર જનરેશન લી. | ૨૦૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૪ | ઝિંદાલ પાવર લી. | ૧૧૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૫ | ટોરેન્ટ પાવર લી. | ૧૦૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૬ | સિન્ટેક્ષ પાવર લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૭ | ઓપીજી પાવર ગુજરાત પ્રા. લી. | ૨૫૬૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૮ | એસપીઆર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડીયા લી. | ૧૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૯ | અદાણી પાવર લી. | ૧૪૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૦ | વંદના પાવર ઈન્ફ્રાટેક પ્રા. લી. | ૧૦૧૯૪.૯૮ | પરંપરાગત ઉર્જા |
| ૧૧ | એસ્સાર પાવર ગુજરાત | ૯૨૮૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૨ | આર્કીયન ગ્રુપ | ૮૪૦૬.૫ | પરંપરાગત ઉર્જા |
| ૧૩ | જીવીકે એનર્જી વેન્ચર પ્રા. લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૪ | મોઝર બેયર પાવર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૫ | જ્યપ્રકાશ એસોસીયેટ લી. | ૮૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૬ | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પો. લી. | ૭૧૧૨ | પરંપરાગત ઉર્જા |
| ૧૭ | રનહીલ-આઈ પ્રા. લી. | ૭૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૮ | રૂપા એન્ડ કંપની | ૭૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૧૯ | બીરલા એનર્જી ઈન્ફ્રા. લી. | ૭૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૦ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પો. લી. | ૬૬૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૧ | સુર્યા ગુજરાત પાવર લી. | ૬૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૨ | એબીજી એનર્જી (ગુજરાત) લી. | ૫૨૮૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૩ | ડંકન મેક્નીલ પાવર એન્ડ યુટીલીટી લી. | ૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૪ | આધુનિક કોર્પોરેશન લી. | ૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૫ | બી. આર. એનજીનીયર્સ | ૪૫૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૬ | અદાણી પાવર દહેજ લી. | ૪૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૭ | પમિ ગુજરાત વીજ કંપની લી. | ૪૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૮ | કેડીયા એનર્જી લી. | ૩૩૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૨૯ | ઈસ્પાત ઈન્ડસ્ટ્રીઝ લી. | ૩૧૬૮ | પરંપરાગત ઉર્જા |
| ૩૦ | લીન્ક ગ્લોબલ ગ્રુપ | ૨૪૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૧ | બિનાની સીમેન્ટ લી. | ૨૩૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૨ | અવીવા પાવર અને પ્રોજેક્ટ પ્રા. લી. | ૧૫૩૬ | પરંપરાગત ઉર્જા |
| ૩૩ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. | ૧૪૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૪ | જી.એસ.પી.સી. પીપાવાવ પાવર કંપની લી. | ૧૪૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૫ | નર્મદા થર્મલ પાવર લી. | ૧૩૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૬ | દહેજ એનર્જી પ્રા. લી. | ૧૩૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૭ | ટીએમપી ગ્રીન એનર્જી (ઈન્ડીયા) પ્રા. લી. | ૧૧૨૫ | પરંપરાગત ઉર્જા |
| ૩૮ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ૧૧૨૦ | પરંપરાગત ઉર્જા |
| ૩૯ | દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. | ૭૭૮ | પરંપરાગત ઉર્જા |
| ૪૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ૭૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૧ | એવર્લોન સીન્થેટીક લી. | ૬૫૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૨ | વેલ્સ્પન કેપ્ટીવ પાવર જનરેશન લી. | ૪૭૬ | પરંપરાગત ઉર્જા |
| ૪૩ | જેકે પ્રોજેક્ટ પ્રા. લી. | ૩૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૪ | ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (જર્મી) | ૧૦૦ | પરંપરાગત ઉર્જા |
| ૪૫ | કોલંબીયા વોટર સેન્ટર (સીડબલ્યુસી) ઈન્ડીયા | ૨.૩ | પરંપરાગત ઉર્જા |
| ૪૬ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | ૦.૨૫ | પરંપરાગત ઉર્જા |
| ૪૭ | રીલાયન્સ પાવર લી. | ૩૫૦૦૦ | પરંપરાગત ઉર્જા |
| | **કુલ** | ૩૩૪૪૮૬.૦૩ | |

### વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ અન્વયે કરાયેલ એમ.ઓ.યુ. ની યાદી (પુનઃ પ્રાપ્ય ઉર્જા)

| ક્રમાંક | કંપનીનું નામ | રૂા. કરોડ | સેક્ટર |
|---|---|---|---|
| ૧. | અગ્રગામી ગ્લોબલ લી. | ૧૬૧૭ | ઈલેક્ટ્રોમેગ્નેટીક્સ |
| ૨. | એટલાન્ટીસ કોર્પોરેશન | ૩૭૫૦ | ટાઈડલ |
| ૩. | એલેક્ષ એસ્ટ્રલ પાવર પ્રા. લી. | ૩૦૦ | વિન્ડ |
| ૪. | કેપ્રો એનર્જી (ઈન્ડિયા) લી. | ૩૦૦૦ | વિન્ડ |
| ૫. | કાર્ગો વિન્ડ પાવર ગુજરાત પાવર લી. | ૩૦૦ | વિન્ડ |
| ૬. | કન્સેપ્ટ પાવર પ્રા. લી. | ૩૦૦ | વિન્ડ |

| ક્રમાંક | કંપનીનું નામ | રૂા. કરોડ | સેક્ટર |
|---|---|---|---|
| ૭. | ડ્યુએટ ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. | ૩૦૦ | વિન્ડ |
| ૮. | એમ્પોરીસ પ્રોજેક્ટસ લી. | ૯૦ | વિન્ડ |
| ૯. | ગેમેસા વિન્ડ ટર્બાઈન્સ પ્રા. લી. | ૩૦૦૦ | વિન્ડ |
| ૧૦. | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લી. | ૧૮૦ | વિન્ડ |
| ૧૧. | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૬૦૦ | વિન્ડ |
| ૧૨. | ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમિકલ્સ લી. | ૩૦૬ | વિન્ડ |
| ૧૩. | ઈનોક્ષ રીન્યુએબલ લી. | ૧૮૦૦ | વિન્ડ |
| ૧૪. | ઈસાર પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૬૦૦ | વિન્ડ |
| ૧૫. | ક્લિન્ટેક સીનર્જી (પી) લી. | ૧૮૦૦ | વિન્ડ |
| ૧૬. | લખજીરાજ ડેવલોપર્સ પ્રા. લી. | ૬૦૦ | વિન્ડ |
| ૧૭. | લોરેક્સ બાયો એનર્જી લી. | ૧૨૦ | વિન્ડ |
| ૧૮. | મર્ની પાવર | ૬૦૦ | વિન્ડ |
| ૧૯. | પવનરાજ એનર્જી પ્રા. લી. | ૯૦૦ | વિન્ડ |
| ૨૦. | પોવેરીકા લી. | ૩૦૦ | વિન્ડ |
| ૨૧. | રાજ લ્યુબ પ્રા. લી. | ૧૫૦ | વિન્ડ |
| ૨૨. | રીસોર્જ ગૃપ | ૯૦૦ | વિન્ડ |
| ૨૩. | સામીરન જેસલમેર વિન્ડ ફાર્મસ લી. | ૧૯૫૦ | વિન્ડ |
| ૨૪. | સામીરન જોધપુર વિન્ડ ફાર્મસ લી. | ૧૯૫૦ | વિન્ડ |
| ૨૫. | સામીરન ઉદેપુર વિન્ડ ફાર્મસ લી. | ૧૯૫૦ | વિન્ડ |
| ૨૬. | સન સોર્સ ઈન્ડિયા લી. | ૩૦૦ | વિન્ડ |
| ૨૭. | સુઝલોન ગુજરાત વિન્ડ પાર્ક લી. | ૬૦૦૦ | વિન્ડ |
| ૨૮. | ટ્રાઈડેન્ટ ડેવલોપર્સ પ્રા. લી. | ૧૨૦૦ | વિન્ડ |
| ૨૯. | વીર એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૧૦૮૦ | વિન્ડ |
| ૩૦. | વિસ વિન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | ૩૦૦૦ | વિન્ડ |
| | **કુલ** | **૩૮૯૪૩** | |

--------

## જૂનાગઢ જિલ્લાના પોલીસ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી

૧૯૨૩૧ **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી ધ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.પી. જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.પી. જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા ૧૫૫૮ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૨૨૧ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

## કૃષિ વીજ અરજીઓ

૧૮૮૦૯ **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ કૃષિ વીજ ક્નેક્શનો મેળવવાની અરજીઓ કરેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને વીજ ક્નેક્શનો આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) અને (૨) તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણ અંગેની મળેલ અરજીઓ અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણો અંગેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| ચોર્યાસી | ૩૭૮ | ૧૫૬ |
| ઓલપાડ | ૪૯૫ | ૮૫ |
| પલસાણા | ૪૪૩ | ૮૮ |
| કામરેજ | ૭૧૭ | ૧૭૯ |
| બારડોલી | ૮૧૨ | ૯૮ |
| મહુવા | ૧૫૦૮ | ૧૭૬ |
| માંડવી | ૧૪૮૮ | ૩૧૧ |
| માંગરોળ | ૭૦૨ | ૧૯૪ |
| ઉમરપાડા | ૨૦૮ | ૨૦ |
| **કુલ** | **૬૭૫૧** | **૧૩૦૭** |

**બનાસકાંઠા જિલ્લાની પોલીસ સ્ટેશનની અપગ્રેડ/વિભાજનની દરખાસ્ત**

૧૮૭૩૯ **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા પોલીસ સ્ટેશન (અ) અપગ્રેડ (બ) વિભાજન તથા (ક) નવિન આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન શરૂ કરવાની દરખાસ્ત પડતર છે, અને<br>(૨) આ દરખાસ્તોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૧) અને (૨) હા, જી. બનાસકાંઠા ધાનેરા તથા થરાદ પોલીસ સ્ટેશન અપગ્રેડ કરવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે. દરખાસ્તનો શક્ય તેટલી ઝડપથી નિકાલ કરવામાં આવશે. |

--------

**સી.એન.જી. ભાવોમાં તફાવત**

૧૯૫૩૩ **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ અને રાજકોટ શહેરોમાં સી.એન.જી.ના ભાવો વચ્ચે તફાવત છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ શું તફાવત છે, અને | (૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદમાં પ્રતિક્લિો ભાવ રૂા. ૩૫.૪૫ છે. જ્યારે રાજકોટમાં પ્રતિક્લિો ભાવ રૂા. ૩૪.૪૫ છે. |
| (૩) તેના કારણો શા છે? | (૩) અલગ અલગ ભાવો હોવાના કારણો નીચે મુજબ છે.<br>(૧) અલગ અલગ કંપનીઓનો નેટવર્ક મેઈન્ટેનન્સ તેમજ કંપ્રેસ્ડ ખર્ચ અલગ અલગ હોય છે.<br>(૨) રાજકોટમાં સી.એન.જી. નો ભાવ ગ્રાહકો જાગૃત થાય અને વધારે સી.એન.જી.નો ઉપયોગ કરતાં થાય તે માટે ઓછો રાખવામાં આવેલ છે. |

--------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં હોમગાર્ડ ને વેતન**

૧૯૩૯૩ **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય નાગરિક સંરક્ષણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા અને નર્મદા જિલ્લામાં હોમગાર્ડના જવાનોને તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા છ માસથી વેતન ચૂકવાયું નથી તે હકીકત સાચી છે. | (૧) ના, જી.<br>હોમગાર્ડના જવાનોને વેતન ચૂકવવામાં આવતું નથી. પરંતુ હોમગાર્ડના જવાનોને ફરજ પર બોલાવવામાં આવે ત્યારે ફરજ ભથ્થું ચૂકવવામાં આવે છે. |
| (૨) જો હા, તો સમયસર વેતન નહીં ચૂકવવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નિયમિત ચુકવણી થાય તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**નર્મદા યોજનાના વિસ્તારમાં ભરૂચ, આમોદ, વાગરા અને જંબુસર તાલુકાની જમીનનું કાર્યક્ષેત્ર**

૧૭૫૦૪ **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાના વિસ્તારમાં ભરૂચ, આમોદ, વાગરા અને જંબુસર તાલુકાની કેટલા હેકટર જમીન કાર્યક્ષેત્રમાં આવે છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાના તબક્કા-૧ હેઠળના ભરૂચ, આમોદ, વાગરા અને જંબુસર તાલુકાના પિયતમાં આવતા વિસ્તારની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકો | તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાનો કમાન્ડ વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૪૨૦૪૪ |
| ૨ | આમોદ | ૩૧૫૯૭ |
| ૩ | વાગરા | ૪૩૪૮૭ |
| ૪ | જંબુસર | ૪૮૭૬૦ |
| | કુલ | ૧૬૫૮૮૮ |

(૨) તે પેકી કેટલી જમીનમાં નર્મદા યોજના હેઠળ પિયતનું પાણી મળતુ નથી, અને

(૨) ભરૂચ તાલુકામાં ૨૨૫૯૪, આમોદ તાલુકામાં ૧૬૫૧૮, વાગરા તાલુકામાં ૨૯૮૦૯ અને જંબુસર તાલુકામાં ૧૮૯૪૦ હેક્ટર વિસ્તારમાં પિયતનું પાણી મળતું નથી.

(૩) પિયતનું પાણી જે વિસ્તારમાં મળતું નથી તે માટે સરકારે પાણી આપવા કેવા પ્રકારનું આયોજન કરેલ છે?

(૩) આ વિસ્તારને પિયત હેઠળ આવરી લેવા માટે નીચે મુજબનું ાયોજન કરવામાં આવ્યું છે.

| તારીખ | તાલુકો/આયોજન કરેલ પિયત વિસ્તાર (હેક્ટરમાં) | | | | કુલ પિયત વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|---|---|---|
| | ભરૂચ | આમોદ | વાગરા | જંબુસર | |
| માર્ચ-૧૧ સુધી | ૧૧૦૦૦ | ૧૦૦૭૩ | ૯૯૬૨ | ૩૯૬૫ | ૩૫૦૦૦ |
| માર્ચ-૧૨ સુધી | ૧૧૫૯૪ | ૬૪૪૫ | ૧૯૮૪૭ | ૧૪૯૭૫ | ૫૨૮૬૧ |
| કુલ... | ૨૨૫૯૪ | ૧૬૫૧૮ | ૨૯૮૦૯ | ૧૮૯૪૦ | ૮૭૮૬૧ |

--------

## બનાસકાંઠા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૨૪ **શ્રી અનિલકુમાર માળી (દિયોદર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી ધ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા બનાસકાંઠા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

(૨) દર્શાવેલ સમયગાળામાં કુલ-૧૩૪૮ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

## જામનગર જિલ્લામાં ૬૬ કે.વી. સબસ્ટેશન

૧૮૪૭૧ **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કેટલા ૬૬ કે.વી. વિદ્યુત સબ સ્ટેશન મંજૂર થયાં,

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નવ (૯) ૬૬ કે.વી. વિદ્યુત સબ સ્ટેશન મંજૂર થયા જેની વિગતો આ સાથેના પત્રક-અ મુજબ છે.

(૨) તે પેકી ખંભાળીયા તાલુકામાં કેટલા મંજૂર થયા, અને

(૨) તે પેકી ખંભાળીયા તાલુકામાં ૨ (બે) મંજૂર થયા.

(૩) ખંભાળીયા તાલુકાના મંજૂર થયેલ ૬૬ કે.વી. વિદ્યુત સબ સ્ટેશનની નિર્માણની કામગીરી તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

(૩) ખંભાળીયા તાલુકાના મંજૂર થયેલ ૬૬ કે.વી. વિદ્યુત સબ સ્ટેશનની નિર્માણની કામગીરી તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ સાથેના પત્રક-બ મુજબ છે.

**પત્રક-અ**

| અનુ. | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ | રિમાર્ક |
|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. મંડાસણ | જામજોધપુર | ૦૨.૧૦.૨૦૧૦ |
| ૨ | ૬૬ કે.વી. વનાવડ પાટીયા | ભાણવડ | ૨૫.૧૨.૨૦૧૦ |
| ૩ | ૬૬ કે.વી. બેરાજા | જામનગર | ૨૮.૧૨.૨૦૧૦ |
| ૪ | ૬૬ કે.વી. અલીયાબાડા | જામનગર | ૨૯.૧૨.૨૦૧૦ |
| ૫ | ૬૬ કે.વી. મોટાવાડલા | કાલાવડ | ૨૯.૦૧.૨૦૧૧ |
| ૬ | ૬૬ કે.વી. મોડપર | ભાળવદ | ૩૧.૦૧.૨૦૧૧ |
| ૭ | ૬૬ કે.વી. ગોઈંજ | ખંભાળીયા | કાર્ય પ્રગતિમાં છે. |
| ૮ | ૬૬ કે.વી. ભાનખોખરી | ખંભાળીયા | કાર્ય પ્રગતિમાં છે. |
| ૯ | ૬૬ કે.વી. કોરાડા | દ્વારકા | કાર્ય પ્રગતિમાં છે. |

**પત્રક--બ**

| અનુ. | સબસ્ટેશનનું નામ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી. ગોઈંજ | ખંભાળીયા | સીવીલ કામ ૫૪ ટકા પૂર્ણ થયેલ છે. |
| ૨ | ૬૬ કે.વી. ભાનખોખરી | ખંભાળીયા | સીવીલ કામ ૭૮ ટકા પૂર્ણ થયેલ છે |

--------

## એસ.આર.પી. એફ ગૃપ-૧૩ રાજકોટ પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૨૮ **ડો. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મફત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી. એફ. ગૃપ-૧૩, રાજકોટ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે? | (૨) કુલ ૧,૦૬૩ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

## તત્કાલ વીજ જોડાણ યોજના જાહેર કરવા બાબત

૧૯૨૯૩ **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલ તત્કાલ વીજ યોજના અન્વયે ડાર્ક ઝોન અને આદિવાસી વિસ્તારમાં આવા વીજ ક્નેક્શનો આપવાના નથી તે હકીક્ત સાચી છે,અને | (૧) અને (૨) રાજ્ય સરકાર દ્વારા કૃષિવિષયક વીજ જોડાણો માટેની તાજેતરમાં જાહેર કરવામાં આવેલ "તત્કાલ યોજના"માં આદિજાતિ વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ છે. |

(૨) જો હા, તો તેના કારણો શાં છે?

જ્યારે નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તારીખ ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧માં ઠરાવ્યા અનુસાર ડાર્કઝોન વિસ્તારમાં કૂવા/પાતાળકૂવા ઉપર વીજ જોડાણો મંજુર કરવા પર હાલ પ્રતિબંધ હોઈ "તત્કાલ યોજના"માં ડાર્કઝોન વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ નથી.

--------

**ગરબાડા તાલુકાના દાદુર ગામે ખાન નદીમાંથી રેતી લઈ જવા માટે આપવામાં આવેલ લીઝો**

૧૭૫૦૦ **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના દાદુર ગામે ખાન નદીમાંથી રેતી લઈ જવા માટે કઈ કઈ એજન્સી કે કોન્ટ્રાક્ટરને લીઝો આપવામાં આવી, અને

(૨) છેલ્લા બે વર્ષમાં તે અન્વયે રોયલ્ટી પેટે સરકારને કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના દાદુર ગામે ખાન નદીમાંથી રેતી લઈ જવા માટે કોઈ એજન્સી કે કોન્ટ્રાક્ટરને લીઝો આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કચ્છ સોરાષ્ટ્ર વીજ માળખું સુદ્રઢ બનાવવા**

૧૯૨૬૭ **શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ અને સોરાષ્ટ્ર વિસ્તારમાં વીજ માળખાને સુદ્રઢ બનાવવા તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ યોજના બનાવવામાં આવેલી છે કે કેમ, અને

**જવાબ**

(૧) કચ્છ અને સોરાષ્ટ્ર વિસ્તારમાં વીજ માળખાને સુદ્રઢ બનાવવા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ નવી યોજના બનાવવામાં આવેલી નથી. પરંતુ, વીજ માળખાને સુદ્રઢ કરવા માટે નીચે મુજબની વિવિધ યોજનાઓ હાલમાં અમલમાં છે.

* સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના
* કિસાન હિત ઉર્જા શક્તિ યોજના
* સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના (વીજ માળખા સુધારણા)
* નોર્મલ ડેવલપમેન્ટ યોજના
* નવીનીકરણ અને આધુનિકરણ

(૨) જો હા, તો તે યોજના અંતર્ગત તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ શી કામગીરી કરવામાં આવી?

(૨) કચ્છ અને સોરાષ્ટ્ર વિસ્તારમાં વીજ માળખાને સુદ્રઢ બનાવવા, ઉક્ત યોજનાઓ અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના**

* વીજ માળખાને મજબૂત કરવા માટે દરિયાકાંઠાના ૨૬ તાલુકાઓમાં ૪૮૪૯.૭૭ કિ.મી. જર્જરિત વીજ વાયરો, ૮૩૩૬ થાંભલા, ૯૯૭૭ ડીસ્ક ઈન્સ્યુલેટરો, ૨૭૨૨૩ પીન ઈન્સ્યુલેટરો, ૧૩૫૩ ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ અને ૫૮૨.૧૮ કિ.મી. સર્વીસ વીજ વાયરો બદલવામાં આવેલ છે.
* વીજ પ્રવાહના ના માળખાને મજબૂત કરવા માટે દરિયાકાંઠાના તાલુકાઓમાં ૬૬ કેવીના ૯ સબ

સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત દરિયાકાંઠાના ૧૬ તાલુકાઓમાંથી પસાર થતી વીજ પ્રવહન લાઈનોના ૭૪ લોકેશનો મજબુત કરવામાં આવેલા છે. ૧૯૪૪ ઈન્સ્યુલેટર્સ તથા ૧૩૭ કિ.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવેલા છે.

**કિસાન હિત ઉર્જા શક્તિ યોજના (KHUSHY)**

* કૃષિ વીજ ગ્રાહકોને પુરતા દબાણે ગુણવત્તાસભર વીજ પૂરવઠો પૂરો પાડવા માટે ૮ જિલ્લાઓમાં ખેતીવાડી ફીડરોમાં ૧૦, ૧૬ અને ૨૫ કે.વી. એ ના નાની ક્ષમતાવાળા ૬૨૦૯ નવા ટ્રાન્સફોર્મરો મૂક્વામાં આવેલા છે. અને ૯૯૦.૫૮ કિ.મી. હલકા દબાણની વીજ લાઈનો ભારે દબાણની વીજ લાઈનોમાં રૂપાંતર કરવામાં આવેલ છે.

**સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના (વીજ માળખા સુધારણા)**

* ૨૦૨ નંગ ૧૧ કેવીના ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે. તથા ૩૮૭ ટ્રાન્સફોર્મર્સને લોડ સેન્ટરોમાં ફેરવવામાં આવેલા છે અને ૪૨૩૦ કિ.મી. જર્જરિત વીજ વાયરોને બદલવામાં આવેલા છે.

**નોર્મલ ડેવલપમેન્ટ યોજના**

* ૬૬ કે.વી.ના ૪૨, ૨૨૦ કે.વી.ના ૧ અને ૪૦૦ કેવીના ૧ એમ કુલ ૪૪ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવેલા છે. અને ૯૩૫.૩૧ કિમી. નવી વીજ રેષા લાઈનો કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

**નવીનીકરણ અને આધુનિકરણ**

* ૮૩ હયાત સબસ્ટેશનની કાર્યક્ષમતામાં કુલ ૬૦૨.૫ **MVA** નો વધારો કરવામાં આવ્યો છે.
* ૬૬ કેવી/૨૨૦ કેવી વીજ રેષાઓમાં ૪૮૪.૫૦ કિ.મી. વીજ રેષાઓના કંડકટર્સશ્રી, હાર્ડવેર અને અર્થ વાયરો બદલવામાં આવેલા છે.
* ૬૬ કેવી/૧૩૨ કેવી/૨૦૦ કેવી વીજ રેષાઓના ૧૬૯૪૩ લોકેશનો ઉપર ઈન્સ્યુલેટરો બદલવામાં આવેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં વિજળીકરણ**

૧૮૫૦૯ **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના હેઠળ તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ વિજળીકરણ કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) અને (૨)

તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનામાં રૂપિયા ૯૫૩.૨૦ લાખના ખર્ચે ૨૭૬ ગામોના

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ થયો, અને

૨૯૩૨૫ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે :

| તાલુકો | વીજળીકરણ પૂર્ણ થયેલ ગામોની સંખ્યા | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|
| હળવદ | ૨૪ | ૨૮૬૭ |
| ધ્રાંગધ્રા | ૬૨ | ૩૪૩૫ |
| ત્રક્ષાડા | ૮૪ | ૮૫૪૦ |
| લખતર | ૫ | ૬૫૪ |
| વઢવાણ | ૨૮ | ૧૬૭૨ |
| મુળી | ૧૪ | ૧૬૮૩ |
| ચોટીલા | ૨૫ | ૩૬૧૨ |
| સાયલા | ૧૦ | ૧૮૯૪ |
| લીમડી | ૧૨ | ૩૧૧૨ |
| ચુડા | ૧૨ | ૧૮૫૬ |
| કુલ | ૨૭૬ | ૨૯૩૨૫ |

(૩) બાકી ગામોમાં કેટલા સમયમાં વિજળીકરણનું કામ કરવામાં આવશે?

(૩) બાકી રહેલ ગામો અને લાભાર્થીઓને મંજૂર થયેલ પ્રોજેકટમાં નિર્ધારીત સમય મર્યાદા એટલે કે, નવેમ્બર ૨૦૧૧ સુધીમાં વીજળીકરણથી આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

--------

## અમદાવાદ શહેરમાં ખૂન, ખૂનની કોશિશ, ચોરી, લૂંટ, ચેઈન સ્નેચીંગ અને અપહરણના બનેલા બનાવો

૧૭૫૬૭ **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ૧ લી જાન્યુ. ૧૦ થી તા. ૩૧/૧૨/૧૦ સુધીમાં પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના પોલીસ સ્ટેશનો દીઠ ખૂન, ખૂનની કોશિશ, ચોરી, લૂંટ, ચેઈન સ્નેચીંગ અને અપહરણના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા?

**જવાબ**

(૧) **પત્રક** સામેલ છે.

(૨) ૩૧૬૨

**પત્રક**

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | ખૂન | ખૂનની કોશિશ | ચોરી | લૂંટ | ચેઇન સ્નેચિંગ | અપહરણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૧ | ૧ | ૧૯૯ | ૩ | ૧૩ | ૩ |
| ૨ | સેટેલાઇટ | ૩ | ૦ | ૫૯૪ | ૯ | ૮૩ | ૫ |
| ૩ | એલીસબ્રિજ | ૧ | ૧ | ૩૫૦ | ૧૩ | ૫૦ | ૭ |
| ૪ | વસ્ત્રાપુર | ૧ | ૦ | ૬૧૦ | ૧૩ | ૪૫ | ૪ |
| ૫ | નવરંગપુરા | ૦ | ૦ | ૩૫૮ | ૨ | ૨૦ | ૦ |
| ૬ | યુનિવર્સિટી | ૨ | ૧ | ૧૭૭ | ૧૦ | ૧૬ | ૧ |
| ૭ | ઘાટલોડીયા | ૨ | ૧ | ૧૬૫ | ૩ | ૨૮ | ૧ |
| ૮ | સોલા | ૫ | ૦ | ૧૨૮ | ૧૨ | ૧૫ | ૪ |
| ૯ | નારણપુરા | ૨ | ૩ | ૩૩૪ | ૯ | ૨૬ | ૧૨ |
| ૧૦ | ચાંદખેડા | ૩ | ૧ | ૮૨ | ૬ | ૧૭ | ૫ |
| ૧૧ | સાબરમતી | ૨ | ૨ | ૧૬૫ | ૭ | ૧૬ | ૯ |
| ૧૨ | માધુપરા | ૧ | ૫ | ૧૫૪ | ૭ | ૫ | ૬ |
| ૧૩ | શાહપુર | ૨ | ૨ | ૩૨ | ૨ | ૨ | ૪ |
| ૧૪ | કારંજ | ૧ | ૩ | ૧૨૪ | ૫ | ૦ | ૦ |
| ૧૫ | કાલુપુર | ૧ | ૩ | ૧૧૨ | ૮ | ૦ | ૧ |
| ૧૬ | શહેર કોટડા | ૩ | ૪ | ૬૧ | ૧૮ | ૭ | ૫ |
| ૧૭ | ખાડીયા | ૨ | ૧ | ૩૭ | ૧ | ૨ | ૧ |
| ૧૮ | હવેલી | ૨ | ૨ | ૯૧ | ૭ | ૪ | ૬ |
| ૧૯ | દરીયાપુર | ૦ | ૦ | ૨૯ | ૩ | ૦ | ૨ |
| ૨૦ | શાહીબાગ | ૧ | ૧ | ૧૧૦ | ૦ | ૧૮ | ૧ |
| ૨૧ | સરદારનગર | ૨ | ૧ | ૯૩ | ૧૫ | ૧૦ | ૧૨ |
| ૨૨ | નરોડા | ૬ | ૬ | ૨૩૯ | ૩૨ | ૩૩ | ૧૭ |
| ૨૩ | મેઘાણીનગર | ૫ | ૨ | ૩૮ | ૫ | ૫ | ૫ |
| ૨૪ | ગોમતીપુર | ૨ | ૦ | ૨૯ | ૪ | ૫ | ૩ |
| ૨૫ | રખીયાલ | ૨ | ૧ | ૩૬ | ૪ | ૨ | ૨ |
| ૨૬ | બાપુનગર | ૧ | ૦ | ૧૪૩ | ૯ | ૮ | ૬ |
| ૨૭ | ઓઢવ | ૬ | ૫ | ૧૮૮ | ૨૧ | ૧૨ | ૧૮ |
| ૨૮ | રામોલ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૭ |

| અ.નં. | પોલીસ સ્ટેશનનું નામ | ખૂન | ખૂનની કોશિશ | ચોરી | લૂંટ | ચેઇન સ્નેચિંગ | અપહરણ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | અમરાઇવાડી | ૯ | ૮ | ૧૧૬ | ૧૬ | ૧૯ | ૨૦ |
| ૩૦ | કાગડાપીઠ | ૦ | ૩ | ૧૦૫ | ૪ | ૬ | ૫ |
| ૩૧ | દાણીલીમડા | ૨ | ૮ | ૭૧ | ૮ | ૧ | ૧૫ |
| ૩૨ | મણીનગર | ૧ | ૦ | ૨૨૦ | ૧૦ | ૨૦ | ૦ |
| ૩૩ | ઇસનપુર | ૨ | ૦ | ૮૩ | ૫ | ૧૧ | ૨ |
| ૩૪ | વટવા | ૩ | ૦ | ૯૪ | ૬ | ૬ | ૧૬ |
| ૩૫ | જી.આઇ.ડી.સી. | ૧ | ૦ | ૪૬ | ૬ | ૨ | ૨ |
| ૩૬ | ક્રાઇમ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૭ | મહિલા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

--------

**રાજકોટ શહેરમાં પોલીસ આવાસો**

૧૯૨૦૬ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ના નાણાકીય વર્ષમાં રાજકોટ શહેરમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના નાણાંકીય વર્ષમાં રાજકોટ શહેરમાં **કુલ-૨૩૪** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૨૭૦** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

**પાટણ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૨૨ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળના ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા પાટણ હસ્તક ફરજો બજાવતાં કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યો/બાળકોની આરોગ્ય ચકાસણી તા.૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જિલ્લા પોલીસ વડા પાટણ હસ્તક ફરજો બજાવતાં ૮૫૫ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૧૪૧૨- સભ્યો અને ૨૨૬-બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**એસ.આર.પી. એફ. ગૃપ-૨ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૩૨ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી ધ્વારા મફત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૨ અમદાવાદ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૨ અમદાવાદ હસ્તક ફરજો બજાવતા ૯૩૯ અધિકારી/કર્મચારીઓના ૫૭૪ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**અંબાજીમાં પૂરતો વીજ પૂરવઠો**

૧૯૨૬૩ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમાં વીજ ગ્રાહકો તેમજ યાત્રાળુઓને વધુ સારો વીજ પુરવઠો મળે તે માટે તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,<br>(૨) જો હા, તો તેની વિગતો શી છે, અને<br>(૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૧), (૨) અને (૩) : હા, જી. બનાસકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં વીજ ગ્રાહકો તેમજ યાત્રાળુઓને વધુ સારો વીજ પુરવઠો મળે તે માટે રૂા.૬૯૧.૫૩ લાખના ખર્ચે હયાત ભારે દબાણવાળી ૧૪.૪ કિ.મી., ૧૧ કે.વી. ઓવરહેડ વીજ લાઇનનું ૧૮.૬૧ કિ.મી.એચટી અંડરગ્રાઉન્ડ ક્રોસ લીન્કડ પોલી ઇથાઇલ (એક્સ.એલ.પી.ઇ.) કેબલ લાઇનમાં રૂપાંતર કરી ૫૩ નવા ટ્રાન્સફોર્મર સેન્ટરો ઉભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે જુન-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**જૂનાગઢ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૫૧ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યો/બાળકોને આરોગ્ય ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મફ્ત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યો/બાળકોની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે? | (૨) જિલ્લા પોલીસ વડા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા ૩૫૩૭ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૩૬૫૦ સભ્યો અને ૨૨૧ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૧૭ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ ના નાણાકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં **કુલ-૧૫૭** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૨૭૦** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |

--------

**મીઠા ઉદ્યોગો માટે ઓદ્યોગિક વસાહત**

૧૯૫૦૧ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાનાં પાટડી તાલુકામાં મીઠા આધારીત ઉદ્યોગો માટે સરકારે કોઈ ઓદ્યોગિક વસાહતો બનાવવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો તે અંગે તા. ૩૧/૦૧/૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા?

(૨) આ હેતુ માટે ખારાઘોડા મુકામે સરકારી જમીનની તબદીલી માટે જી.આઈ.ડી.સી. ધ્વારા ક્લેક્ટરશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે.

## આણંદ અને ખેડા જિલ્લામાં ખેતી વિષયક જોડાણો

**૧૮૮૦૧ : શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં સબ ડીવીઝન વાર ખેતી વિષયક વીજ જોડાણની કેટલી અરજીઓ મળેલ છે,

(૨) સબ ડીવીઝનવાર ક્યા વર્ષ સુધીની અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે, અને

(૩) બાકી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં સબડીવીઝન વાર ખેતી વિષયક વીજ જોડાણ અંગેની મળેલ અરજીઓ અને સબ-ડીવીઝન વાર જે વર્ષ સુધીની અરજીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે તેની વિગતો પત્રક અ માં સામેલ છે.

(૩) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તા સભર વીજ પુરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પુરવઠો માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

**પત્રક-અ**

| ક્રમ | જિલ્લો | પેટા વિભાગીય કચેરીનું નામ | મળેલ અરજીઓ | વિજ જોડાણ આપવામાં આવેલ અરજીઓનું વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | આણંદ (નોર્થ) | ૧૨૦ | ૨૦૦૪ |
| ૨ | "" | આણંદ (સાઉથ) | ૧૪૭ | ૨૦૦૨ |
| ૩ | "" | આંક્લાવ | ૧૫૯ | ૨૦૦૧ |
| ૪ | "" | બોરસદ (ગ્રામ્ય) | ૩૧૦ | ૨૦૦૧ |
| ૫ | "" | બોરસદ (શહેર) | ૨૪ | ૨૦૦૬ |
| ૬ | "" | ઉમરેઠ (ગ્રામ્ય) | ૩૨૪ | ૨૦૦૧ |
| ૭ | "" | ઉમરેઠ એસ.ઓ. | ૧૯ | ૨૦૦૧ |
| ૮ | "" | પેટલાદ (ગ્રામ્ય) | ૯૭ | ૨૦૦૩ |
| ૯ | "" | સોજીત્રા | ૭૨ | ૨૦૦૨ |
| ૧૦ | "" | ખંભાત (ગ્રામ્ય) | ૧૯૨ | ૨૦૦૦ |
| ૧૧ | "" | તારાપુર | ૭૪ | ૨૦૦૬ |
| ૧૨ | "" | પેટલાદ (શહેર) | ૧ | ૨૦૦૮ |
| ૧૩ | "" | આણંદ (શહેર) | ૨ | ૨૦૦૬ |
| ૧૪ | "" | વિ. વિ. નગર | ૧૨ | ૨૦૦૪ |
| ૧૫ | "" | ખંભાત (શહેર) | ૨૦ | ૨૦૦૭ |
| ૧૬ | ખેડા | નડીયાદ (ગ્રામ્ય) | ૫૩ | ૨૦૦૫ |
| ૧૭ | "" | વસો | ૪૯ | ૨૦૦૫ |
| ૧૮ | "" | મહુધા | ૫૧ | ૨૦૦૭ |
| ૧૯ | "" | ડાકોર | ૭૩ | ૨૦૦૩ |
| ૨૦ | "" | ઠાસરા | ૬૯ | ૨૦૦૦ |
| ૨૧ | "" | બાલાસીનોર | ૮૮ | ૧૯૯૯ |
| ૨૨ | "" | ખેડા | ૩૨ | ૨૦૦૧ |
| ૨૩ | "" | માલપુર | ૦૦ | ૧૯૯૭ |
| ૨૪ | "" | બારેજડી | ૧૪ | ૨૦૦૮ |
| ૨૫ | "" | ધોળકા (ગ્રામ્ય) | ૦૦ | ૨૦૦૮ |
| ૨૬ | "" | નડીયાદ (પૂર્વ) | ૦૦ | ૨૦૦૫ |
| ૨૭ | "" | સાઠંબા | ૯૫ | ૧૯૯૫ |
| ૨૮ | "" | કપડવંજ (શહેર) (ડાર્કઝોન) | ૦૦ | ૧૯૯૦ |
| ૨૯ | "" | બાયડ (ડાર્કઝોન) | ૦૦ | ૧૯૯૨ |
| ૩૦ | "" | ચોઈલા (ડાર્કઝોન) | ૦૦ | ૧૯૯૧ |
| ૩૧ | "" | બારેજા (ડાર્કઝોન/નોન ડાર્કઝોન) | ૩૨ | ૧૯૯૧ |
| ૩૨ | "" | મહેમદાવાદ (ડાર્કઝોન) | ૦૦ | ૧૯૯૧ |
| ૩૩ | "" | કઠલાલ (ડાર્કઝોન) | ૦૦ | ૧૯૯૦ |
| ૩૪ | "" | કપડવંજ (ગ્રામ્ય) (ડાર્કઝઓન) | ૦૦ | ૧૯૯૦ |

**ભાવનગર જિલ્લામાં આવેલા બંદરો**

૧૭૬૨૧ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં કુલ કેટલા બંદરો આવેલ છે, અને | (૧) ૪ (ચાર) |
| (૨) તે પૈકી ક્યા બંદરો પર શીપ બીલ્ડીંગ/શીપ બ્રેકીંગની ઈન્ડસ્ટ્રીશીયલ છે ? | (૨) તે પૈકી (૧) ભાવનગર અને ઘોઘા પર શીપ બિલ્ડીંગની અને (૨) તળાજા બંદર હેઠળ અલંગ-સોસીયા ખાતે શીપ બ્રેકીંગ ઈન્ડસ્ટ્રીઝ છે. |

**નવસારી શહેરમાં કુદરતી ગેસના ઘરેલું જોડાણ**

૧૯૫૩૧ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાના નવસારી શહેરમાં કુદરતી ગેસના ઘરેલું જોડાણો માટે કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૨૪૪ અરજીઓ મળેલ હતી. |
| (૨) તે પૈકી કેટલાને જોડાણો આપવામાં આવ્યા, અને | (૨) ૧૧૬૫૮ ગ્રાહકોને જોડાણો આપવામાં આવ્યા. |
| (૩) કેટલા જોડાણો આપવાના બાકી છે ? | (૩) ૩૫૮૬ ગ્રાહકોને જોડાણો આપવાના બાકી છે. |

--------

**વીજમથકો માટે ગેસનો પુરવઠો**

૧૯૨૬૦ : **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન રાજ્યના ગેસ આધારીત વીજમથકો માટે અને ઉત્પાદન ક્ષમતાના પ્રમાણમાં ગેસનો કેટલો જથ્થો જરૂરી હતો, અને<br>(૨) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા કેટલો પુરવઠો મળ્યો ? | (૧) અને (૨) : વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન રાજ્યના ગેસ આધારીત વીજ મથકો માટે ઉત્પાદન ક્ષમતાના પ્રમાણમાં ૨૭૫૩.૯૩ મિલિયન મેટ્રીક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર જેટલો ગેસ જરૂરી હતો, તે સામે કેન્દ્ર સરકાર તરફથી ૧૭૪૫.૮૧ મિલિયન મેટ્રીક સ્ટાન્ડર્ડ ક્યુબીક મીટર જેટલો ગેસનો પુરવઠો મળેલ છે. |

**દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર**

૧૯૫૦૨ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દિલ્હી-મુબંઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર માં આવતા વિસ્તારમાં ઓદ્યોગિક વિકાસ માટે સરકારે જી.આઇ.ડી.સી.નું શું આયોજન કરેલ છે, અને | (૧) ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોરમાં ચાર સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપવાનું, ચોવીસ નવી વસાહતો સ્થાપવાનું તથા છ હયાત વસાહતોના વિસ્તરણનું આયોજન છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ,<br>(૧) ચાર સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર થયેલ છે, તે પૈકી એક કાર્યાન્વિત છે. જ્યારે અન્ય ત્રણ આયોજન હેઠળ છે.<br>(૨) નવી વસાહતો તથા વિસ્તરણના વિસ્તૃત અમલીકરણની કાર્યવાહી પ્રગતિમાં છે. |

## સાબરકાંઠા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૨૩ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા, સાબરકાંઠા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે? | (૨) દર્શાવેલ સમયગાળામાં કુલ-૧૧૬૧ અધિકારી/ કર્મચારીઓના આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

## વાયબ્રન્ટ સમિટમાં પુનઃ થયેલ એમ.ઓ.યુ.

૧૯૩૪૮ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં સેકટરવાર કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને | (૧) જાન્યુઆરી ૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં કુલ રૂા.૨૦.૮૩ લાખ કરોડની રકમનાં એમ.ઓ.યુ થયા. **સેક્ટરવાર પત્રક સામેલ છે.** |
| (૨) તે અન્વયે સને ૨૦૦૯માં સેકટરવાર થયેલ એમ.ઓ.યુ. પૈકીના ૨૦૧૧ જાન્યુઆરીમાં ફરીથી કયા કયા ઉદ્યોગોના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા? | (૨) સને ૨૦૦૯માં સેકટરવાર થયેલ એમ.ઓ.યુ. પૈકીના ૨૦૧૧ જાન્યુઆરીમાં ફરીથી એકપણ ઉદ્યોગ માટે એમ.ઓ.યુ. થયેલ નથી. પરંતુ ઇવેન્ટ ૨૦૦૯માં એમ.ઓ.યુ. કરેલ હોય તેવા ઉદ્યોગકાર/ઉદ્યોગ દ્વારા વિસ્તરણ માટે, પ્રોડકટ કેપેસીટીમાં વધારો/ઉત્પાદનની ચીજવસ્તુમાં ફેરફાર થતા, નવી ઉત્પાદીત આઇટમો માટે, નવા સ્થળે પ્રોજેકટ શરુ કરવા, પ્રોજેકટમાં વધુ મુડીરોકાણ થવાનું આયોજન હોય તેવા કિસ્સામાં ૧૫૭ ઉદ્યોગકારોએ ઇવેન્ટ ૨૦૧૧માં એમ.ઓ.યુ. કરેલ છે. |

**પત્રક**

| અ.નં. | સેકટરનું નામ | એમ.ઓ.યુ.ની સંખ્યા | રકમ (રૂા. કરોડ) |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૬૯૦ | ૩૪૮૫૧ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૩૫ | ૫૮૨૬ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૮૩ | ૫૬૨૧૮ |
| ૪ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો | ૩૪૬ | ૭૭૧૩૬ |
| ૫ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૪ | ૬૮૬ |
| ૬ | ઇન્ફોર્મેશન ટેક્નોલોજી | ૧૧૫ | ૬૮૫૬૫ |
| ૭ | મીનરલ બેઈઝ (સીમેન્ટ) | ૭૫ | ૫૮૨૨૩ |
| ૮ | મીનરલ બેઈઝ(જીએમડીસી પ્રોજેક્ટસ) | ૩૯ | ૧૦૭૨૧૫ |
| ૯ | પેપર | ૨૪ | ૨૬૬૭ |
| ૧૦ | ફાર્માસ્યુટીક્લ | ૮૦ | ૯૬૫૮ |
| ૧૧ | ટેક્ષટાઇલ એન્ડ એપરલ્સ | ૧૩૯ | ૨૫૬૩૬ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૪૨ | ૪૦૦૭૮ |
| ૧૩ | પી.સી.પી.આઇ.આર. | ૧૫૧ | ૭૦૫૦૬ |
| ૧૪ | એસઇઝેડ | ૧૮ | ૫૮૩૬૪ |
| ૧૫ | સ્પેસ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીઝન | ૧૮ | ૧૩૬૮૪૨ |
| ૧૬ | સીવીલ એવીએશન | ૧૫ | ૧૪૧૧૭ |
| ૧૭ | એનવાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૬૦ | ૪૧૫૪ |
| ૧૮ | ફાઈનાન્સીયલ સેકટર | ૧૭ | ૧૮૩૦૦૦ |
| ૧૯ | લોઝીસ્ટીક પાર્ક એન્ડ અધર ઇન્ફ્રાસ્યુટીક્લ્સ | ૧૪ | ૨૬૪૨ |
| ૨૦ | ઓઇલ એન્ડ ગેસ | ૨૫ | ૬૩૪૨૪ |
| ૨૧ | પોર્ટ એન્ડ પોર્ટ બેઝડ | ૯૭ | ૧૦૨૮૮૯ |
| ૨૨ | પાવર | ૫૫ | ૩૭૩૩૧૦ |
| ૨૩ | પાવર રીનોવેબલ | ૬૬ | ૭૩૩૩૭ |

| અ.નં. | સેક્ટરનું નામ | એમ.ઓ.યુ.ની સંખ્યા | રકમ (રૂા. કરોડ) |
|---|---|---|---|
| ૨૪ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૩૬ | ૨૮૧૯૭ |
| ૨૫ | વોટર રીસોર્સીસ | ૩૦ | ૩૧૪૮૩ |
| ૨૬ | અર્બન ડેવલોપમેન્ટ | ૬૬૩ | ૨૫૪૪૬૭ |
| ૨૭ | ટુરીઝમ | ૫૭૪ | ૭૩૮૬૧ |
| ૨૮ | એજ્યુકેશન | ૯૩ | ૧૦૨૭૦ |
| ૨૯ | હેલ્થ કેર | ૧૦૦ | ૧૬૦૪૬ |
| ૩૦ | રૂરલ ડેલોપમેન્ટ | ૫૮ | ૨૧૭૨૦ |
| ૩૧ | સ્કીલ્ડ ડેવલોપમેન્ટ સેક્ટર | ૧૯૫ | ૧૪૦૧ |
| ૩૨ | અધર | ૬ | ૫૭૨૫૫ |
| ૩૩ | એમ.એસ.એમ.ઇ. | ૪૪૧૭ | ૧૯૦૪૩ |
| | **કુલ** | **૮૩૮૦** | **૨૦૮૩૦૮૯** |

--------

## આણંદ અને ખેડા જિલ્લામાં પોલીસ કર્મચારીઓની ઘટ

૧૮૮૨૬ **: શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં પોલીસ કર્મચારીઓની કેટલી ઘટ છે, અને

(૨) બન્ને જિલ્લાઓમાં પોલીસ કર્મચારીઓની ઘટ પૂર્ણ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ મંજૂર ૧૪૧૫ જ્યાઓ પેકી ૩૩૬ અને ખેડા જિલ્લામાં કુલ મંજૂર ૧૮૭૪ જ્યાઓ પેકી ૨૮૬ પોલીસ કર્મચારીઓની ઘટ છે.

(૨) પોલીસ તંત્રની ખાલી જ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરેલ. આ બોર્ડ દ્વારા સહાયક બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર ૬૮૦, સહાયક હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર ૧૪૩, ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર ૫૪૪, એસ.આર.પી. લોકરક્ષક ૪૨૬૪ની ભરતી કરવામાં આવી છે, તેમજ લોકરક્ષક ૮૭૩૪ની ભરતીનું પરિણામ બહાર પાડેલ છે. આમ, દોઢેક વર્ષના ગાળામાં જ કુલ ૧૪,૩૬૫ જ્યાઓ માટેની ભરતી પ્રક્રીયા પૂર્ણ કરવામાં આવી છે.

## નાના અને મધ્યમ ઉદ્યોગ સેક્ટરમાં એમ.ઓ.યુ.

૧૯૫૧૫ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧માં નાના અને મધ્યમ ઉદ્યોગો (એસ.એમ.ઇ.) સેક્ટર હેઠળ કેટલા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે, અને

(૨) આ અન્વયે કેટલું મૂડી રોકાણ અપેક્ષિત છે?

**જવાબ**

(૧) વાઈબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૧ માં નાના અને મધ્યમ ઉદ્યોગો (એસ.એમ.ઇ.) સેક્ટર હેઠળ ૪૪૧૭ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

(૨) આ અન્વયે રૂા.૧૯૦૪૩ કરોડનું મૂડી રોકાણ અપેક્ષિત છે.

## રાજકોટ ગ્રામ્યમાં પોલીસ આવાસો

૧૯૨૦૭ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : શ્રીમતી ભાનુબેન બાબરીયા** (રાજકોટ) (ગ્રામ્ય) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં કુલ-૯૬ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૧૬૮ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**ખેડા જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૦૯ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ-૧૧૨ પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૪૭૨ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

**દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર**

૧૯૫૦૩ : **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરમાં આવતા વિસ્તારમાં ઓદ્યોગિક વિકાસ માટે સરકારે જી.આઈ.ડી.સી.નું શું આયોજન કરેલ છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોરમાં ચાર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન સ્થાપવાનું, ચોવીસ નવી વસાહતો સ્થાપવાનું તથા છ હયાત વસાહતોના વિસ્તરણનું આયોજન છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ,

(૧) ચાર સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન જાહેર થયેલ છે, તે પૈકી એક કાર્યાન્વિત છે. જ્યારે અન્ય ત્રણ આયોજન હેઠળ છે.

(૨) નવી વસાહતો તથા વિસ્તરણના વિસ્તૃત અમલીકરણની કાર્યવાહી પ્રગતિમાં છે.

--------

**ભરૂચ જિલ્લામાં નવા ઉદ્યોગો સ્થાપવા બાબત**

૧૭૪૯૬ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લામાં નવા ઉદ્યોગો સ્થાપવા કેટ કેટલી દરખાસ્તો વર્ષવાર મળી, અને

**જવાબ**

(૧) આઈડીઆરની શેડયુલ I અને II હેઠળનાં ના હોય તેવા ઉદ્યોગો તથા વર્ષ ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૦ લાખથી વધુ વસ્તી વાળા શહેરી વિસ્તારોની ૨૫ કિ.મી.ની ત્રિજ્યામાં ના હોય તેવા સ્થાને સ્થપાનાર મોટા ઉદ્યોગોને પૂર્વ મંજૂરી લેવાની હોતી નથી. વર્ષ ૧૯૯૧ પહેલા જાહેર થયેલ ઓદ્યોગિક વિસ્તારોમાં સ્થપાતા મોટા ઉદ્યોગોએ પણ મંજૂરી લેવાની હોતી નથી. તેમજ સૂક્ષ્મ લઘુ અને મધ્યમ એકમો સ્થાપવા પૂર્વ મંજૂરી લેવાની હોતી નથી. સૂક્ષ્મ અને લઘુ કક્ષા માટે એક્નોલેજમેન્ટ રજુ કરવાનું સ્વૈચ્છિક હોય છે. આમ ભરૂચ જિલ્લામાં ઉદ્યોગો સ્થાપવા દરખાસ્તોની મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૨) મળેલ દરખાસ્તો પૈકી કેટ કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ શહેરમાં પોલીસ આવાસો**

૧૯૨૦૧ **: શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં અમદાવાદ શહેરમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં અમદાવાદ શહેરમાં કુલ-૨૪૮ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૪૮૬ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

-------------

**પીપાવાવ ટર્મીનલ શરૂ થવા બાબત**

૧૮૮૭૨ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પીપાવાવમાં અપાતી સી.એન.જી.નું નક્કી થયેલ ટર્મીનસ શરૂ થયું નથી તે હકિક્ત સાચી છે, અને

(૨) પીપાવાવ બંદરે નક્કી કરાયેલ ગેસ ટર્મીનસ શરૂ ન થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકાર કે રાજ્ય સરકારની કંપની દ્વારા પીપાવાવમાં કોઈ એલ.એન.જી. ટર્મીનલ શરૂ કરવાનું આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**પંચમહાલ જિલ્લામાં લુણાવાડા અને ખાનપુરમાં લીઝની અરજીઓ**

૧૮૭૯૨ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં લીઝ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલીને મંજૂરી આપવામાં આવી.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ લીઝ અંગેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) આ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં લીઝ મેળવવા માટેની ૧૮૮ અરજીઓ મળી તે પૈકી ૪૪ ને મંજૂરી આપવામાં આવી.

(૨) ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ લુણાવાડા અને ખાનપુર તાલુકામાં લીઝની ૨૯ અરજીઓ પડતર છે, અને

(૩) આ પડતર અરજીઓનો નિકાલ નિયમાનુસાર ઝડપથી કરવાની ધારણા છે.

--------

**વાયબ્રન્ટ સમીટમાં આપેલ ઉદ્યોગોને રાહત**

૧૯૪૨૦ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટમાં થયેલ એમ.ઓ.યુ. દ્વારા રાજ્યમાં સ્થપાનાર ઉદ્યોગોને સરકાર તરફથી રાહતો

**જવાબ**

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટમાં એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારને રાજ્યમાં ઉદ્યોગ સ્થાપવા રાજ્ય સરકાર તરફથી કોઈ વિશેષ રાહતો આપવામાં આવતી

આપવા અંગેનું કોઈ આયોજન થયેલ છે કે કેમ ?

નથી, પરંતુ આવા ઉદ્યોગો ગુજરાત સરકારની ઓદ્યોગિક નિતી-૨૦૦૯ અંતર્ગત જાહેર થયેલ વિવિધ પ્રોત્સાહન યોજનાઓનો લાભ લઈ શકે. ઉપરાંત આવા પ્રોજેક્ટો ઝડપથી કાર્યાન્વીત કરવા રોકાણ સુગમતા પધ્ધતિ દ્વારા સહાય કરવામાં આવે છે.

--------

**ડાંગ જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૧૩ : **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના નાણાકીય વર્ષમાં ડાંગ જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના નાણાકીય વર્ષમાં ડાંગ જીલ્લામાં **કુલ-૩૩** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૪૫** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

**કરાઈ તાલીમ સંસ્થામાં તાલીમ**

૧૯૧૯૯ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગાંધીનગર જિલ્લાના કરાઈ ખાતે અદ્યતન પોલીસ તાલીમ સંસ્થામાં સન-૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦માં ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારી/અધિકારીઓને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે સન-૨૦૦૮-૨૦૦૯ અને સન-૨૦૦૯-૨૦૧૦માં કર્મચારી/અધિકારીઓને આપવામાં આવેલ તાલીમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સંવર્ગ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પો.કો./ હે.કો. એ.એસ. આઈ. | પોલીસ સબ ઈન્સ. | પોલીસ ઈન્સ. | ના.પો. અધિ | આઈ.પી. એસ. | કુલ |
| ૨૦૦૮-૦૯ | ૨૧૮૨ | ૨૧૬ | ૦ | ૧૧ | ૧ | ૨૪૧૦ |
| ૨૦૦૯-૧૦ | ૨૮૨૦ | ૯૧૨ | ૧૦૦ | ૩૪ | ૨૪ | ૩૮૯૦ |
| કુલ | ૫૦૦૨ | ૧૧૨૮ | ૧૦૦ | ૪૫ | ૨૫ | ૬૩૦૦ |

--------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખનીજ ચોરીના બનાવો**

૧૭૫૬૮ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા)** : તા. ૭-૯-૨૦૧૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક-૧૭૨૧૯ (અગ્રતા-૧) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તા.૩૦-૩-૦૬ થી તા. ૩૦-૩-૦૯ સુધીમાં ખનીજ ચોરીના કુલ ૧૯૯ કેસોમાં રૂ. ૬૫૮ કરોડ વસુલવાના થાય છે તે અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કોની કોની પાસેથી કેટ કેટલી રકમ વસુલ કરવામાં આવી, અને

(૨) આવી રકમ વસુલ કરવામાં ન આવી હોય તો

**જવાબ**

(૧) જુનાગઢ અને પોરબંદર જીલ્લામાં તા.૩૦-૩-૨૦૦૬ થી તા. ૩૦-૩-૨૦૦૯ સુધીમાં ખનીજ ચોરીના કુલ ૧૯૯ કેસોમાં રૂ. ૬૫૮ કરોડ વસુલવાના થતા હતા તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૯ ઈસમો પાસેથી રૂ. ૮૧.૬૧ લાખ રકમની વસૂલાત કરવામાં આવેલ છે. જેની વિગતો **પત્રક-૧**માં આપેલ છે.

(૨) બાકી રહેતી વસૂલાત કોર્ટ કેસમાં નિર્દોષ છૂટવા

વસુલાત ન થવાના કારણો ક્યા ક્યા છે?

ના કારણે, એમ.એમ.આર.ડી. એક્ટ ૨૧(૫) હેઠળ કરેલ હુકમો તથા કેન્દ્ર સરકારમાં રીવીઝન કરેલ હોવાના કારણે તથા એલ.આર.સી. હેઠળ પગલાના કારણે બાકી છે.

**પત્રક--૧**

## જુનાગઢ જિલ્લાની વસુલાત

| અનુ. | કસુરદારનું નામ | વસૂલેલ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | હસમુખભાઈ તુલસીદાસ હરીયાણી | ૬૭૫૦૦ |
| ૨ | મુકેશ વલ્લભ હરીયાણી | ૬૫૨૮૦ |
| ૩ | કાના માંડણ મોરી | ૩૭૮૪૦ |
| ૪ | કરશન માંડણ મોરી | ૧૮૨૬૦ |
| ૫ | વિરા કાળાભાઈ મોરી | ૧૪૬૩૦ |
| ૬ | લક્ષ્મણ કાનજી બાંભણીયા | ૨૯૯૨૦ |
| ૭ | ડાહ્યાભાઈ કાળાભાઈ પરમાર | ૪૭૮૩૭ |
| ૮ | વીરમ જાદવ વાસણ | ૧૩૦૬૪ |
| ૯ | વીરમ મેરામણ રામ | ૩૩૯૨૧ |
| ૧૦ | રમેશ લક્ષ્મણ પંડીત | ૭૮૨૭૮ |
| ૧૧ | સંજય દેવા વાઢેર | ૧૯૫૭૦ |
| ૧૨ | બાબુ ભુરા ચુડાસમા | ૨૩૩૩૮ |
| ૧૩ | લલીત અરજણ સેવરા | ૭૬૧૦૪ |
| ૧૪ | અમીબેન મેરાજીભાઈ | ૫૭૯૮૪ |
| ૧૫ | ભીખાભાઈ મેરામણભાઈ | ૧૭૩૯૫ |
| ૧૬ | હસનભાઈ ફતુભાઈ | ૭૫૩૪૧ |
| ૧૭ | મીલનભાઈ હાજાભાઈ મોંઢા | ૨૦૯૩૮૫ |
| ૧૮ | ધારા વાઘા મકવાણા | ૧૧૭૮૦ |
| ૧૯ | કાનજીભાઈ માંડણભાઈ મોરી | ૨૬૧૬૦ |
| ૨૦ | મલાઈબેન કાનાભાઈ વી. | ૯૧૨૬૦ |
| ૨૧ | વરજાંગભાઈ ભોજા પંડીત | ૫૭૯૮૪ |
| ૨૨ | મેરામણ ભીખન ખાંભલા | ૪૧૧૧૬૦ |
| ૨૩ | ક્રશણકાંત એન. ભટ્ટ | ૨૩૪૯૨૦ |
| ૨૪ | લખમણ ઓડેદરા | ૧૭૯૪૪૦ |
| | **કુલ** | **૧૮,૯૮,૩૫૧** |

## પોરબંદર જિલ્લાની વસુલાત

| અનુ. | કસુરદારનું નામ | વસૂલેલ રકમ રૂ. |
|---|---|---|
| ૧ | શ્રી ભુરાભાઈ નાથાભાઈ ખુંટી તથા<br>શ્રી હરદાસ અરજણ ઓડેદરા | ૪૩૧૫૫ |
| ૨ | શ્રી ખીમજીભાઈ રામજીભાઈ ડેડાણીયા | ૪૭૨૫૦૦ |
| ૩ | શ્રી અતુલકુમાર ડાયાલાલ ફલ્દુ | ૩૧૬૮૦ |
| ૪ | શ્રી હીરેનભાઈ ભાસ્કરભાઈ ઉપાધ્યાય | ૩૪૮૪૮ |
| **અનુ.** | **કસુરદારનું નામ** | **વસૂલેલ રકમ રૂ.** |
| ૫ | શ્રી હરદાસભાઈ અરજણભાઈ ઓડેદરા | ૧૬૫૭૯૨ |
| ૬ | શ્રી જેઠવા ભગવાનજી રૂડાભાઈ | ૪૯૭૩૭૬ |
| ૭ | શ્રી વિંઝાભાઈ અરજણભાઈ ઓડેદરા તથા<br>શ્રી હરદાસ અરજણ ઓડેદરા | ૧૧૫૮૫૭૩ |
| ૮ | શ્રી વિંઝાભાઈ અરજણભાઈ ઓડેદરા | ૬૪૮૨૪ |
| ૯ | શ્રી બાલવી કૃપા મીનરલ્સ | ૪૨૬૨૦ |
| ૧૦ | શ્રી માલદે રામ ઓડેદરા | ૭૦૨૪૨૯ |
| ૧૧ | શ્રી મેર વિરમ રામ<br>શ્રી મેર અરજન કાના | ૮૭૫૧૨૪ |
| ૧૨ | શ્રી સવદાસ કેશવ ખુંટી | ૩૧૬૭૪૨ |
| ૧૩ | શ્રી નાગા ભુરા મોઢવાડીયા | ૧૧૯૪૫૫૨ |
| ૧૪ | શ્રી જખરા અરજણ ભતીયા | ૪૮૭૨૯૬ |
| ૧૫ | શ્રી લખુ વેજાનંદ રાણાવાયા | ૧૭૫૯૬૮ |
| | **કુલ** | **૬૨૬૩૪૭૯** |

**નવસારી જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજના ધ્વારા સહાય**

૧૮૬૭૩ **: શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

શ્રી વાજપાઈ સ્વરોજગાર યોજના અન્વયે નવસારી જિલ્લામાંથી સન ૨૦૦૯-૨૦૧૦ માં તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ કેટલા શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૬૪૭ શિક્ષિત બેરોજગારોને સહાય આપવામાં આવેલ છે.

--------

**સુક્ષ્મ સિંચાઈ માટે વીમો**

૧૮૫૭૯**: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સૂક્ષ્મ સિંચાઈ યોજનામાં ખેડૂત અને તેણે અપનાવેલ પધ્ધતિ માટે વીમાની જોગવાઈ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમય સુધી વીમાની જોગવાઈ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સૂક્ષ્મ સિંચાઈ યોજનામાં ખેડૂત અને તેણે અપનાવેલ પધ્ધતિ માટે વીમાની જોગવાઈ છે.

(૨) સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિની સ્વીકૃતીની તારીખથી એક વર્ષ સુધી વીમાની જોગવાઈ કરવામાં આવેલ છે.

**વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ આવાસો**

૧૯૨૦૩ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં કુલ-૩૨ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૭૫ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**આણંદ જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૨૧૦ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ-૩૨૩ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૩૨૩ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**ખારાઘોડા અને ઝિંઝુવાડા શાખા નહેરના કામો**

૧૯૨૫૫ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા અને ઝિંઝુવાડા શાખા નહેરના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા શાખા નહેરનું કામ માર્ચ-૨૦૦૬માં પૂર્ણ કરવામાં આવ્યું જ્યારે ઝિંઝુવાડા શાખા નહેરનું કામ મે-૨૦૦૮ માં પૂર્ણ

| | |
|---|---|
| | કરવામાં આવ્યું. |
| (૨) પ્રશાખાના બાકી કામો ક્યારે પૂર્ણ થશે, અને | (૨) પ્રશાખાના બાકી કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) કેટલા વિસ્તારને આ સિંચાઈનો લાભ થશે? | (૩) કુલ ૧૨૮૮૨૧ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે. |

### રાજુલા ખાતે નવી ડી.વાય.એસ.પી. કચેરીની દરખાસ્ત

૧૯૪૫૩ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજુલા ખાતે નવી ડી.વાય.એસ.પી. કચેરી કાર્યાન્વિત કરવા માટે સરકાર પાસે કોઈ દરખાસ્ત આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજુલા ખાતે ડી.વાય.એસ.પી. કચેરી કાર્યાન્વિત કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૨) રાજુલા ખાતે ડી.વાય.એસ.પી. કચેરી કાર્યાન્વિત કરવા અંગેની દરખાસ્ત ચકાસણી હેઠળ છે. |

### સરકારી જાહેરાતોનો ખર્ચ

૧૯૩૦૮ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

માહિતી પ્રસારણ વિભાગ દ્વારા તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઉત્સવો અને કાર્યક્રમો તેમજ વિવિધ યોજનાના કામો અન્વયે કેટલી જાહેરાતો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

માહિતી પ્રસારણ વિભાગ દ્વારા તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઉત્સવો અને કાર્યક્રમો તેમજ વિવિધ યોજનાના કામો અન્વયે નીચે મુજબ જાહેરાતો અને ખર્ચ કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **જાહેરાતોની સંખ્યા** | **ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૧૪ | રૂા. ૧૦૯૨.૪૬ |
| ૨૦૧૦-૧૧ | ૧૪૭ | રૂા. ૨૫૧૬.૦૨ |

(તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ)

### અમદાવાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે લઘુમતી સમાજના બેરોજગારોને આપેલ લોન

૧૭૬૩૫ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં લઘુમતી સમાજના કેટલા શિક્ષિત બેરોજગારોને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અમદાવાદ મારફતે સરકારી બેંકોમાંથી લોન આપવા ભલામણ કરવામાં આવી છે ?

**જવાબ**

| કેલેન્ડર વર્ષ | બેંકોને ભલામણ આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૮ | ૧૦૨૪ |
| ૨૦૦૯ | ૧૪૦૮ |
| ૨૦૧૦ | ૯૮૫ |

### વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં થયેલ ખર્ચ

૧૭૫૭૨ : **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ગાંધીનગર ખાતે આયોજીત જાન્યુઆરી-૨૦૧૧માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | ગાંધીનગર ખાતે આયોજીત જાન્યુઆરી-૨૦૧૧માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ પાછળ તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ઈન્ડેક્ષ્ટ-બી દ્વારા કુલ રૂા. ૨૬,૮૨,૪૧,૭૬૩.૩૩ નું ચૂકવણું કરવામાં આવેલ છે. |

**એસ.આર.પી.એફ. ગૃપ-૭ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૪૩ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓની આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૭ નડિયાદ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૭ નડિયાદ હસ્તક ફરજો બજાવતા ૬૯૨ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**વાયબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૧માં જુદા જુદા સેકટરોમાં થયેલા એમ.ઓ.યુ.**

૧૭૬૯૯ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જાન્યુઆરી ૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં જુદા જુદા ક્ષેત્રોમાં કેટ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા?

**જવાબ**

જાન્યુઆરી ૨૦૧૧માં ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧માં જુદા જુદા ક્ષેત્રોમાં રૂ. ૨૦.૮૩ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા જેની વિગત આ સાથે પત્રકમાં સામેલ છે.

**પત્રક**

| અ.નં. | સેકટરનું નામ | એમ.ઓ.યુ.ની સંખ્યા | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૬૯૦ | ૩૪૮૫૧ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૩૫ | ૫૮૨૬ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૮૩ | ૫૬૨૧૮ |
| ૪ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો | ૩૪૬ | ૭૭૧૩૬ |
| ૫ | જેમ્સ એન્ડ જ્વેલરી | ૪ | ૬૮૬ |
| ૬ | ઈન્ફોર્મેશન ટેક્નોલોજી | ૧૧૫ | ૬૮૫૬૫ |
| ૭ | મીનરલ બેઈઝ (સીમેન્ટ) | ૭૫ | ૫૮૨૨૩ |
| ૮ | મીનરલ બેઈઝ(જીએમડીસી પ્રોજેક્ટસ) | ૩૯ | ૧૦૭૨૧૫ |
| ૯ | પેપર | ૨૪ | ૨૬૬૭ |
| ૧૦ | ફાર્માસ્યુટીકલ | ૮૦ | ૯૬૫૮ |
| ૧૧ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૧૩૯ | ૨૫૬૩૬ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૪૨ | ૪૦૦૭૮ |
| ૧૩ | પી.સી.પી.આઈ.આર. | ૧૫૧ | ૭૦૫૦૬ |
| ૧૪ | એસઈઝેડ | ૧૮ | ૫૮૩૬૪ |
| ૧૫ | સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીઝન | ૧૮ | ૧૩૬૮૪૨ |
| ૧૬ | સીવીલ એવીએશન | ૧૫ | ૧૪૧૧૭ |
| ૧૭ | એનવાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૬૦ | ૪૧૫૪ |
| ૧૮ | ફાઈનાન્સીયલ સેકટર | ૧૭ | ૧૮૩૦૦૦ |
| ૧૯ | લોઝીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્યુટીકલ્સ | ૧૪ | ૨૬૪૨ |
| ૨૦ | ઓઈલ એન્ડ ગેસ | ૨૫ | ૬૩૪૨૪ |
| ૨૧ | પોર્ટ એન્ડ પોર્ટ બેઝડ | ૯૭ | ૧૦૨૮૮૯ |
| ૨૨ | પાવર | ૫૫ | ૩૭૩૩૧૦ |
| ૨૩ | પાવર રીનોવેબલ | ૬૬ | ૭૩૩૩૭ |
| ૨૪ | રેલ એન્ડ રોડ પ્રોજેક્ટ | ૩૬ | ૨૮૧૯૭ |
| ૨૫ | વોટર રીસોર્સીસ | ૩૦ | ૩૧૪૮૩ |

| અ.નં. | સેક્ટરનું નામ | એમ.ઓ.યુ.ની સંખ્યા | રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૨૬ | અર્બન ડેવલોપમેન્ટ | ૬૬૩ | ૨૫૪૪૬૭ |
| ૨૭ | ટુરીઝમ | ૫૭૪ | ૭૩૮૬૧ |
| ૨૮ | એજ્યુકેશન | ૯૩ | ૧૦૨૭૦ |
| ૨૯ | હેલ્થ કેર | ૧૦૦ | ૧૬૦૪૬ |
| ૩૦ | રૂરલ ડેવલોપમેન્ટ | ૫૮ | ૨૧૭૨૦ |
| ૩૧ | સ્કીલ્ડ ડેવલોપમેન્ટ સેક્ટર | ૧૯૫ | ૧૪૦૧ |
| ૩૨ | અધર | ૬ | ૫૭૨૫૫ |
| ૩૩ | એમ.એસ.એમ.ઈ. | ૪૪૧૭ | ૧૯૦૪૩ |
| | કુલ : | ૮૩૮૦ | ૨૦૮૩૦૮૯ |

## સુરત ગ્રામ્યમાં પોલીસ આવાસો

૧૯૬૫૮ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના સુરત ગ્રામ્ય વિસ્તારમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં સુરત ગ્રામ્ય વિસ્તારમાં **કુલ-૧૯** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ-૪૭** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે. |

## ગુજરાત ભવન, દિલ્હીની ફરિયાદો

૧૯૩૨૩ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ દિલ્હી ખાતેના ગુજરાત ભવનમાં ગુજરાતી સ્ટાફની સંખ્યા કેટલી છે, | (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગુજરાત ભવનમાં ૫૭ કર્મચારીઓ/અધિકારીઓ ફરજો બજાવે છે. તે પૈકી કોઈને ગુજરાતી/બીન ગુજરાતી સ્ટાફ તરીકે વિભાજીત કરવામાં આવેલ નથી/વિભાજીત કરી શકાય નહીં. |
| (૨) બીન ગુજરાતી સ્ટાફ દ્વારા ધારાસભ્યો સાથે યોગ્ય વર્તણૂક થતી નથી તે હકીકત સરકાર જાણે છે, અને | (૨) માનનીય ધારાસભ્યશ્રીઓ સાથે અયોગ્ય વર્તનના કોઈ બનાવ ધ્યાન પર આવેલ નથી. |
| (૩) જો હા, તો સરકાર તે બાબતમાં શી કાર્યવાહી કરવા માગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

## એસ.આર.પી.એફ. ગ્રુપ-૯ વડોદરા પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૨૭ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગ્રુપ-૯ વડોદરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓના આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) ૧,૦૬૩ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

## વપરાશ માટે ઘરેલું ગેસ પૂરા પાડવા બાબત

**૧૯૫૩૮ : શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ દરમ્યાન રાજ્યમાં કેટલા નવા શહેરોને ઘરેલું વપરાશ માટે અને ગેસ પુરો પાડવામાં આવનાર છે, અને

(૨) આ શહેરો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) અને (૨) જીએસપીસી ગેસ કંપની દ્વારા વર્ષ ૨૦૧૧ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારો સહિત કુલ નવા ૨૦૦ વિસ્તારોમાં ઘર વપરાશના હેતુ માટે ગેસ પૂરો પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે પૈકી જાન્યુઆરી-ફ્રેબ્રુઆરીમાં ૧૧ વિસ્તારોમાં ઘર વપરાશ માટે ગેસ પૂરો પાડવાની કામગીરી કાર્યરત કરવામાં આવી છે. અન્ય આયોજન હેઠળના ૧૮૯ વિસ્તારોની યાદી આ સાથેના પત્રક-અ મુજબ છે. વધુમાં આ આયોજન ટેકનિકલ શક્યતાઓ અને આવશ્યક મંજુરીઓને આધિન રહેશે.

**પત્રક-અ**

| અનુ.નં. | જિલ્લો | તાલુકો | વિસ્તારનું નામ |
|---|---|---|---|
| ૧. | વલસાડ | ઉમરગામ | સંજાણ, નારગોલ, કારંજ, માંડા, ખતલવાડા, દહેરી, ફણસા, ગંગાદેવી, સરોન્ડા, આહુ, માણેકપુર, દહેલી, ફણસા મરોલી, તંભી, ગોવાડા, પાલગામ, તડગામ, કાલગામ. |
| | | કિલ્લા પારડી | કિલ્લા પારડી, બલીઠા, વટાર, વડોલી, મોરાઈ, ઉદવાડા |
| | | વલસાડ | કોસંબા, ડુંગરી, ઓલગામ, પારનેરા પારડી, તીથલ, સેગવી,જુજવા, ચીચવાડા, ડુંગરવાડી, હનુમાન ભાગડા, અટક પારડી, અતુલ, રોણવેલ, વાંકલ, મગોદ, ભોમા પારડી, મોધોદ, મેહ. સુરવાડા, ગડરીયા, નંદવલા. ભગોદ. ગોરવાડા, ગઢોઈ, રોલા |
| | | ધરમપુર | ખારવેલ, અસુરા, બામતી, વાંકલ, ધેકટી |
| ૨. | નવસારી | ગણદેવી | ગણદેવી, તલોધ, કેસલી, અમલસાડ, સરીબુજરંગ, અંચેલી, અજરાઈ, ધમડાછા, વાસણ, પાથરી, રાહેજ, વલોટી, નાંદરખા, આંતલીયા, ધકવાડા, કોલવા, ખખવાડા, માણેકપુર |
| | | ચીખલી | ચીખલી, ખુંધ, થાલા, સમરોલી. |
| | | નવસારી | વીરાવલ, સીસોદરા, ચોવીસી, ધારાગીરી, વાડા. |
| | | જલાલપોર | મરોલી, વેસ્મા, હાંસાપોર, આટ ગામ, મંદીર, ભૂતસળ, બોડલી, પેઠાણ, કલથાણ |
| ૩ | આણંદ | ખંભાત | ધુવારણ, ખટનાલ, વટાદરા, કાળી તલાવડી, પોપટપુરા, વડોલા, અકબરપુરા, સાકરપુર, કનકપુરા, છાતરડી, નેજા, ઝાલાપુર, પાટલાવાડી, જહાંગીરપુર |
| | | સોજીત્રા | સોજીત્રા |
| | | બોરસદ | ડાલી, બદલપુર, ખટાણા, બાણેજડા. |
| ૪. | ખેડા | નડીયાદ | નરસંડા, જુના બીલોદરા, દવાપુરા, વિણા, પીપલાટા, અખરોદ, નવાગામ, હાથજ, મીત્રાલ, રાજનગર. |
| | | મહેમદાવાદ | શિહુજ, કેશરા, વથાવડી, અરેરી |
| | | મહુધા | મહુધા, ભુમસ, બાગડુ, શીંગલી, મંગલપુરા, મોટી ખડોલ, નાની ખડોલ, રૂપપુરા, બલોલ |
| | | માતર | માતર, રતનપુર, અંત્રોલી, વાંસર, સોખડા |
| ૫. | રાજકોટ | રાજકોટ | વાવડી, સાપર, વેરાવળ, મોટા મવા |
| | | લોધીકા | લોધીકા, પાલ, ધોલેરા, મોટોડા, ખીરસરા. |
| | | પડધરી | પડધરી. |
| | | માળીયા | માળીયા. |
| | | વાંકાનેર | વાંકાનેર |
| | | મોરબી | પીપળી, ભડીયાદ, ઘુંટું, ટીંબડી, લાલપર, બેલા, લખધીરપુર. |
| ૬ | સુરેન્દ્રનગર | લીંબડી | લીંબડી, ભલગામડા, ઉંટડી, બોરણા, ભોઈકા, લીયાદ, પંશીના |
| | | ચુડા | ચુડા, ભૃગુપુર, કારોલ, ગોરખવાડા, કરમદ, જોબલા, નગનેશ, સેજકપર, મોજીદાડ, અચરાડા, ખાંડીયા, વનાલા, રંગપુર, લાલીયાદ, જેપુર |
| | | ચોટીલા | ચોટીલા. |
| | | લખતર | લખતર. |
| | | વઢવાણ | નાના કેરોલા, મેમકા, સાંકલી, વડાલા, મુલચંદ, ખેરાલી, કોખરીયા |

### જાન્યુઆરી/ફ્રેબ્રુઆરી ૨૦૧૧ દરમ્યાન કાર્યરત થયેલ વિસ્તારો

| અનુ. નં. | જિલ્લો | તાલુકો | વિસ્તારનું નામ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ઉમરગામ | ઉમરગામ, સરીગામ, ભીલાડ, દાહાડ, સોલસંબા |
| | | વલસાડ | બોદલાઈ, ભુતસર, મોગરાવાડી |
| ૨ | નવસારી | ગણદેવી | ત્રેશ્રસર |
| | | નવસારી | તીધરા |
| | | મોરબી | મહેન્દ્રનગર |

## પાટણ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૬૪૯ : **શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર ધ્વારા મફત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા પાટણ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) જિલ્લા પોલીસ વડા પાટણ હસ્તક ફરજો બજાવતા ૮૫૫ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૧૪૧૨ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

## લોજીસ્ટીક પાર્ક ઉભો કરવા બાબત

૧૯૫૧૨ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓદ્યોગિક ક્ષેત્રે રાજ્યમાં સોંપડેલ મૂડી રોકાણ લક્ષમાં લઇ ઓદ્યોગિક માલ સામાન હેરફેર માટે સરકાર રાજ્યમાં લોજીસ્ટીક પાર્ક ઉભો કરનાર છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે ? | (૨) રાજ્યમાં કુલ-૫ (પાંચ) જ્ગ્યાએ રોડ બેઈઝ લોજીસ્ટીક પાર્ક ઉભા કરવા માટેનો અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે. |

--------

## જૂનાગઢ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૬૬૧ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) જિલ્લા પોલીસ વડા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા ૧૫૩૭ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૩૬૫૦ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

## ૩૩૨/page> વીજ ગ્રાહકો પાસે લ્હેણાની વસુલાત માટે લોક અદાલત

૧૯૫૧૮ : **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યનાં વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાતો માટે લોક અદાલતોનું આયોજન કરવામાં આવે છે કે કેમ ? | હા, જી. છેલ્લા ત્રણ વર્ષના ગાળા દરમ્યાન કુલ ૬૯૨૪ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જે દ્વારા ૧,૯૬,૭૯૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. |

## ફોરેન્સિક લેબોરેટરીનું આધુનિકરણ

૧૯૨૩૫ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનીકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

એફ.એસ.એલ. ને રાજ્ય સરકારે અત્યંત આધુનિક બનાવેલ છે અને તે દેશભરમાં મોખરાનું સ્થાન ધરાવતી એફ.એસ.એલ. બનેલ છે. વિવિધ પ્રકારના ગુન્હાઓની તપાસ કરવા માટે જરૂરી તમામ ટેક્નોલોજી ધરાવતી દેશની આ એક માત્ર એફ.એસ.એલ. છે. એફ.એસ.એલ.ની જે ટેક્નોલોજી બાબતે દેશમાં ગણના થાય છે તે વિશિષ્ટ ટેક્નોલોજીઓ નીચે મુજબ છે.

(૧) ઓટોમેટેડ ફીંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સીસ્ટમ વીથ ઓન લાઈન ફેસેલીટી
(૨) ગૌ-માંસનું સ્થળ પરીક્ષણ માટેની તમામ સાધનોથી સુસજ્જ આધુનિક મોબાઈલવાન
(૩) બુલેટ પરની સીગ્નેચરના ડેટા બેઝ (બુલેટ ટ્રેક) ફાયર આર્મસની તપાસ માટેની અધ્યતન ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટીક આઈન્ડેન્ટીફીકેશન સીસ્ટમ.
(૪) બ્રેઈન ઈલેક્ટ્રીક્લ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ
(૫) નાર્કો એનાલીસીસ
(૬) ઓડીયો-વીડીયો ઓથેન્ટીકેશન સીસ્ટમ
(૭) અત્યંત આધુનિક તથા કોમ્પ્યુટરાઈઝડ બેલેસ્ટીક્લ ડેટા એક્વીઝીશન સીસ્ટમ ( BDAS)
(૮) સીસ્ટમ ફોર એનાલીસીસ ઓફ ફીઝીક્લી ડેમેજડ હાર્ડ ડીસ્ક
(૯) મોબાઈલ ટેલીફોનના સીમ કાર્ડના પરીક્ષણ માટેની અધ્યતન સીસ્ટમ
(૧૦) શંકાસ્પદ વ્યક્તિની શોધ માટેની સસ્પેક્ટ ડીટેક્શન સીસ્ટમ
(૧૧) વાઈલ્ડ-લાઈફ ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન માટેની અધ્યતન વ્યવસ્થા

રાજ્યની આ એફ.એસ.એલ.ને હજુ વધુ અધ્યતન બનાવવા સરકાર દ્વારા કાર્યવાહી ચાલુ છે.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના અધતન સાધનો ખરીદવામાં આવેલ છે?

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં) પોલીસદળ આધુનિકરણ યોજના હેઠળ નીચે દર્શાવેલ રકમના અધ્યતન સાધનોની ખરીદી કરવામાં આવેલ છે.

| વર્ષ | ખરીદેલ સાધન-સામગ્રીની રકમ |
|---|---|
| ૨૦૦૯-૧૦ | રૂ.૯,૫૩,૨૪,૧૨૪/- |
| ૨૦૧૦-૧૧<br>(તા. ૩૧-૧૨-૧૦ સુધી) | રૂ.૧,૨૮,૦૪૮/- |
| **સરવાળો** | **રૂ. ૯,૫૪,૫૨,૧૭૨/-** |

--------

**વડોદરા શહેર પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૩૮ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પોલીસ કમિશનર વડોદરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે? | (૨) પોલીસ કમિશનર વડોદરા હસ્તક ફરજો બજાવતા ૧૦૬૭ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

**સાણંદ વિરમગામ ઈન્વેસ્ટર્સ રીજીયન જાહેર કરવા બાબત**

૧૮૩૯૧ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાના સાણંદ વિરમગામ ઈન્વેસ્ટર્સ રીજીયન (એસ.આઈ.આર.) તરીકે ક્યારે જાહેર કરવામાં આવ્યા, અને | (૧) અમદાવાદ જિલ્લાના સાણંદ વિરમગામ ઈન્વેસ્ટર્સ રીજીયન (એસ.આઈ.આર) તરીકે જાહેર કરવામાં આવ્યા નથી. |
| (૨) તે અન્વયે કેટલી જમીન સંપાદન કરવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ખેતીવાડી માટે અપાતો વીજ પૂરવઠો**

૧૯૪૮૪**: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેતીવાડી માટે દરરોજ કેટલા કલાક વીજળીનો પુરવઠો ખેડૂતોને આપવામાં આવે છે.<br>(૨) દિવસે કેટલા કલાક અને રાત્રિના કેટલા કલાક વીજળી અપાય છે. | (૧) અને (૨) રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજમાંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગૃપમાં વિભાજન કરીને દરેક ગૃપને દર અઠવાડીયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. |
| (૩) ખેતીવાડી માટે ખેડૂતોને વધારે કલાક વીજળી આપવા માટે સરકાર વિચારે છે કે કેમ, અને<br>(૪) જો, હા, તો કેટલા કલાક વધારે વીજળી આપવામાં આવશે? | (૩) અને (૪) સમયાન્તરે પાકની જરૂરિયાતને ધ્યાને લઈને અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મૂકીને પણ ખેડૂતોને ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ પૂરતા સમય માટે વીજ પૂરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે. |

--------

**બોરસદ અને આંકલાવ તાલુકાના કાંઠાના ગામોને સાગરખેડુ યોજનામાં સમાવવા બાબત**

૧૭૪૯૪ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સરકાર દ્વારા બોરસદ અને આંકલાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોનો સાગરખેડુ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ વિસ્તારના ગામોને આવા લાભ આપવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરત શહેર પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૩૯ : **શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિક્લ ચેક્અપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો પોલીસ કમિશનર, સુરત હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા.૧/૧૦/૨૦૦૮ થી તા.૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે? | (૨) પોલીસ કમિશનર, સુરત હસ્તક ફરજો બજાવતા કુલ-૨૬૪૬ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

## એસ.આર.પી.એફ. ગૃપ-૧૨ પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૪૪ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિક્લ ચેક્અપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૧૨ વડોદરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે? | (૨) દર્શાવેલ સમયગાળામાં **કુલ-૧૧૦૬** અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

## રાજ્યમાં ખાનગીક્ષેત્રે વિક્સાવેલ નવા ટર્મીનલો, કેપ્ટીવ જેટીઓ અને ખાનગી જીટીઓ

૧૯૫૨૪ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષદરમ્યાન ખાનગી ક્ષેત્રે કુલ કેટલા (અ) નવા ટર્મીનલો (બ) કેપ્ટીવ જેટીઓ અને (ક) ખાનગી જેટીઓ વિક્સાવવામાં આવ્યા, અને | (૧)<br>અ-નવા ટર્મીનલો-૨<br>બ-કેપ્ટીવ જેટીઓ-૩<br>ક-ખાનગી જેટીઓ-૧<br>કુલ -૬ વિક્સાવવામાં આવ્યા છે. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં આ માટે કેટલું ખાનગી મૂડી રોકાણ થયું? | (૨) આશરે રૂા. ૩૬૯૦ કરોડનું ખાનગી મૂડીરોકાણ થયેલ છે. |

## ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન મૂડી બજારની મંજૂરી

૧૯૧૪૬ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનની કેટલી રકમના આઈ.પી.ઓ. સાથે મૂડી બજારમાં પ્રવેશવાની યોજનાને ક્યારે મંજૂરી આપી, | (૧) અને (૨)<br>જુન-૨૦૦૮માં રાજ્ય સરકારે ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશનને આઈ.પી.ઓ. બાદની સ્થિતિએ રાજ્ય સરકાર અને સરકારી કંપનીઓનું મૂડી રોકાણ ૮૦% થી નીચે ન જાય તે શરતે આઈ.પી.ઓ. માટે મંજુરી આપી છે. તેમાં રકમની મર્યાદા રાખવામાં આવેલ નથી, |
| (૨) તેની મુખ્ય વિગતો કઈ કઈ છે, અને | |

(૩) ઉક્ત સ્થિતિએ યોજના ક્યા તબક્કે છે?

(૩) ""સેબી""ની મંજુરી મેળવવામાં આવેલી છે, મરચન્ટ બેન્કરોની સલાહ મુજબ મૂડીબજારમાં અનુકૂળ વાતાવરણ થાય ત્યારે પ્રવેશ કરવાનું ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લી. નું આયોજન છે.

**રાજકોટ શહેર પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૬૫૦ **: શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર ધ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો પોલીસ કમિશનર રાજકોટ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) પોલીસ કમિશનર, રાજકોટ હસ્તક ફરજો બજાવતા ૧૩૪૯ અધિકારી/કર્મચારીઓના પરિવારના સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

**પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટીકરણ**

૧૯૨૩૭ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કમ્પ્યુટરાઈઝેશન કરવાનું નકકી કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે (નાણાંકીય) વર્ષમાં કેટલા પોલીસ સ્ટેશન કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) કોમ્પ્યુટરાઈઝેશન એ સતત ચાલતી પ્રક્રિયા છે.

તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે (નાણાંકીય) વર્ષ દરમ્યાન કોમ્પ્યુટરાઈઝેશન માટે ૩૭૫ કોમ્પ્યુટર તથા ૧૪૪ પ્રિન્ટર ખરીદ કરી ફાળવેલ છે.

આ તમામ ફાળવેલા કોમ્પ્યુટરો ઉપર હાલમાં ડેટા ડીઝીટાઈઝેશન તેમજ તાલીમને લગતી કામગીરી તથા અગત્યના પત્રકો અને અન્ય કામગીરી કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકારના એચડીઆઈઆઈટીએસ (હોમ ડિપાર્ટમેન્ટ ઈન્ટીગ્રીટેડ આઈટી સોલ્યુશન) પ્રોજેક્ટ અંતર્ગત મેસર્સ ટી.સી.એસ.લી. ને ટોટલ સોલ્યુશન પ્રોવાઈડર તરીકે કામગીરી સોંપવામાં આવેલ છે જેમાં હાર્ડવેર, સોફટવેર ખરીદવા માટે ટેન્ડરની પ્રક્રિયા ગતિમાં છે.

**વલસાડ જિલ્લામાં ઉદ્યોગોના થયેલ એમ.ઓ.યુ.**

૧૮૯૩૪ **: શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૯ના વાયબ્રન્ટ ગુજરાત અન્વયે વલસાડ જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ. પેકી કેટલા ઉદ્યોગો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કાર્યાન્વિત થયા છે. ?

**જવાબ**

કુલ ૨૧૫ પ્રોજેક્ટ કમિશન્ડ થયેલ છે.

**આણંદ જિલ્લામાં કુટીર ઉદ્યોગની અરજીઓ**

૧૮૭૬૪ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) અને (૨) : આણંદ જિલ્લામાં કુટીર ઉદ્યોગ

વર્ષમાં આણંદ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા તાલુકાવાર કેટલી અરજી આવી,

(૨) તે પૈકી કેટલી અરજી મંજુર કરવામાં આવી અને કેટલી અરજી પડતર છે,

ખાતાની જુદી જુદી યોજનાઓ હેઠળ કેલેન્ડર વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ માં તાલુકાવાર મળેલ અરજીઓ, મંજુર થયેલ અરજીઓ અને પડતર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| | ૨૦૦૯ ની સ્થિતિએ | | | ૨૦૧૦ની સ્થિતિએ | | |
|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ | પડતર અરજીઓ |
| આણંદ | ૯૩૭ | ૭૧૮ | ૧૯૪ | ૯૭૮ | ૭૯૦ | ૫૮ |
| ઉમરેઠ | ૫૫૮ | ૪૬૫ | ૭૭ | ૫૧૪ | ૩૦૪ | ૪૬ |
| ખંભાત | ૬૭૯ | ૪૭૩ | ૧૨૪ | ૬૮૪ | ૪૭૮ | ૬૪ |
| તારાપુર | ૧૭૬ | ૧૨૪ | ૨૧ | ૧૩૬ | ૮૭ | ૧૯ |
| પેટલાદ | ૫૧૫ | ૩૪૮ | ૧૨૭ | ૬૩૩ | ૫૬૨ | ૩૩ |
| સોજીત્રા | ૨૧૦ | ૧૪૨ | ૪૪ | ૨૯૫ | ૨૩૩ | ૧૧ |
| બોરસદ | ૩૯૨ | ૨૪૨ | ૫૭ | ૫૩૬ | ૩૪૬ | ૩૨ |
| આંક્લાવ | ૧૬૪ | ૯૪ | ૦૯ | ૧૭૧ | ૯૯ | ૧૭ |
| **કુલ :** | **૩૬૩૧** | **૨૬૦૬** | **૬૫૩** | **૩૯૪૭** | **૨૮૯૯** | **૨૮૦** |

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૦૯ ના રોજ ૬૫૩ અરજી તથા તા.૩૧-૧૨-૨૦૧૦ ના રોજ ૨૮૦ અરજીઓ પડતર રહેવા પામેલ હતી. જે પૈકી તા.૩૧-૧૨-૨૦૦૯ અંતિત પડતર અરજીઓનો નિકાલ થઇ ગયેલ છે અને તા.૩૧-૧૨-૨૦૧૦ અંતિત ૨૮૦ અરજીઓનો બનતી ત્વરાએ નિકાલ કરવામાં આવશે.

(૪) મંજુર થયેલ અરજીઓમાંથી તાલુકાવાર કેટલા નવા કુટીર ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યા ?

(૪) કુટીર ઉદ્યોગ ખાતાની જુદી જુદી યોજનાઓ હેઠળ મંજુર થયેલ અરજીઓમાંથી નીચે મુજબ સંખ્યામાં કુટીર ઉદ્યોગ ચાલુ કરવામાં આવ્યા છે.

| તાલુકાનું નામ | ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|
| આણંદ | ૫૫૪ | ૫૬૬ |
| ઉમરેઠ | ૩૦૬ | ૧૪૧ |
| ખંભાત | ૨૭૪ | ૨૬૭ |
| તારાપુર | ૪૯ | ૨૩ |
| પેટલાદ | ૧૮૩ | ૩૬૫ |
| સોજીત્રા | ૭૪ | ૧૩૬ |
| બોરસદ | ૧૫૨ | ૨૨૯ |
| આંક્લાવ | ૪૩ | ૫૯ |
| **કુલ :** | **૧૬૩૫** | **૧૭૮૬** |

--------

## સાબરકાંઠા જિલ્લામાં ખેતીવાડી માટે આપવામાં આવતી વીજળી

૧૯૪૭૮ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેતીવાડી માટે સાબરકાંઠા જિલ્લામાં કેટલા કલાક વીજળી આપવામાં આવે છે.

(૨) દિવસે કેટલા કલાક અને રાત્રિના કેટલા કલાક વીજળી અપાય છે,

(૩) ખેતીવાડી માટે ખેડૂતોને વધારે કલાક વીજળી આપવાનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા કલાક વધારે વીજળી આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં રાજ્યમાં ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજમાંગ વચ્ચે સંકલન જળવાય તે રીતે તમામ ખેતીવાડી ફીડરોનું બે ગ્રુપમાં વિભાજન કરીને દરેક ગ્રુપને દર અઠવાડીયે વારાફરતી દિવસે અને રાત્રે દરરોજ સાતત્યપૂર્ણ ૮ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે.

(૩) અને (૪)

સમયાન્તરે પાક્ની જરૂરિયાતને ધ્યાને લઈને અન્ય ક્ષેત્રોમાં વીજ કાપ મૂકીને પણ ખેડૂતોને ઉભો પાક બચાવવા માટે જરૂરિયાત મુજબ પૂરતા સમય માટે વીજ પૂરવઠો પૂરો પાડવાનું આયોજન કરવામાં આવે છે.

## સાયન્સ સીટીમાં પ્રદર્શનો

૧૯૫૪૧ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સાયન્સ સીટી ખાતે સરકારના વિભાગો અને સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનમાં રસ રુચિ વધે તેવા પ્રદર્શનો યોજવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રદર્શનો યોજાયેલ છે. ?

**જવાબ**

(૧) હા, જી

(૨) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના અન્ય વિભાગો/સંસ્થાઓ દ્વારા કુલ ૪ વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ છે.

(૧) ૧૦ થી ૨૫ ડિસેમ્બર ૨૦૦૯ દરમ્યાન ડાર્વિન પ્રદર્શન.

(૨) ૨૭ થી ૩૧ ડિસેમ્બર ૨૦૦૯ દરમ્યાન નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ (પ્રદર્શન)

(૩) ૨૨ થી ૨૫ નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન ગણિત વિજ્ઞાન પ્રદર્શન

(૪) ૨૯ ઓકટોમ્બર ૨૦૧૦ દરમ્યાન સેટેલાઈટ મેટીટીરીયોલોજી : ૫૦ વર્ષની સફળ યાત્રા પર પ્રદર્શન

--------

## વપરાશ માટે ઘરેલું ગેસ પૂરા પાડવા બાબત

૧૯૫૩૯ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ દરમ્યાન રાજ્યમાં કેટલા નવા શહેરોને ઘરેલું વપરાશ માટે ગેસ પૂરો પાડવામાં આવનાર છે, અને

(૨) આ શહેરો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) અને (૨) :

જીએસપીસી ગેસ કંપની દ્વારા વર્ષ ૨૦૧૧ના વર્ષમાં ગ્રામ્ય વિસ્તારો સહિત કુલ નવા ૨૦૦ વિસ્તારોમાં ઘર વપરાશના હેતુ માટે ગેસ પૂરો પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. તે પૈકી જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં ૧૧ વિસ્તારોમાં ઘર વપરાશ માટે ગેસ પૂરો પાડવાની કામગીરી કાર્યરત કરવામાં આવી છે. અન્ય આયોજન હેઠળના ૧૮૯ વિસ્તારોની યાદી આ સાથેના **પત્રક "અ"** મુજબ છે. વધુમાં આ આયોજન ટેકનિકલ શક્યતાઓ અને આવશ્યક મંજૂરીઓને આધિન રહેશે.

**પત્રક - અ**

| અનુ.નં. | જિલ્લો | તાલુકો | વિસ્તારનું નામ |
|---|---|---|---|
| ૧. | વલસાડ | ઉમરગામ | સંજાણ, નારગોલ, કારંજ, માંડા, ખતલવાડા, દહેરી, ફણસા, ગંગાદેવી, સરોન્ડા, આહુ, માણેકપુર, દહેલી, ફણસા મરોલી, તંભી, ગોવાડા, પાલગામ, તડગામ, કાલગામ. |
| | | કિલ્લા પારડી | કિલ્લા પારડી, બલીઠા, વટાર, વડોલી, મોરાઈ, ઉદવાડા. |
| | | વલસાડ | કોસંબા, ડુંગરી, ઓલગામ, પારનેરા પારડી, તીથલ, સેગવી, જુજવા, ચીચવાડા, ડુંગરવાડી, હનુમાન ભાગડા, અટક પારડી, અતુલ, રોણવેલ, વાંક્લ, મગોદ, ભોમા પારડી, મોઘોદ, મેહ, સુરવાડા, ગડરીયા, નંદવલા, ભગોદ, ગોરવડા, ગઢોઈ, રોલા. |
| | | ધરમપુર | ખારવેલ, અસુરા, બામતી, વાંક્લ, ઘેકટી. |
| ૨. | નવસારી | ગણદેવી | ગણદેવી, તલોધ, કેસલી, અમલસાડ, સરીબુજરંગ, અંચેલી, અજરાઈ, ધમડાછા, વાસણ, પાથરી, રાહેજ, વલોટી, નાંદરખા, આંતલીયા, ધકવાડા, કોલવા, ખખવાડા, માણેકપુર. |
| | | ચીખલી | ચીખલી, ખુંધ, થાલા, સમરોલી. |
| | | નવસારી | વીરાવલ, સીસોદરા, ચોવીસી, ધારાગીરી, વાડા. |
| | | જલાલપોર | મરોલી, વેસ્મા, હાંસાપોર, આટ ગામ, મંદીર, ભૂતસળ, બોડલી, પેઠાણ, ક્લથાણ. |

| અનુ.નં. | જિલ્લો | તાલુકો | વિસ્તારનું નામ |
|---|---|---|---|
| ૩ | આણંદ | ખંભાત | ધુવારણ, ખટનાલ, વટાદરા, કાળી તલાવડી, પોપટપુરા, વડોલા, અક્બરપુર, સાકરપુર, કનકપુરા, છાતરડી, નેજા, ઝાલાપુર, પાટલાવાડી, જહાંગીરપુર. |
| | | સોજીત્રા | સોજીત્રા. |
| | | બોરસદ | ડાલી, બદલપુર, ખટાણા, બાણેજડા. |
| ૪. | ખેડા | નડીયાદ | નરસંડા, જુના બીલોદરા, દવાપુરા, વિણા, પીપલાટા, અખરોદ, નવાગામ, હાથજ, મીત્રાલ, રાજનગર. |
| | | મહેમદાવાદ | શિહુજ, કેશરા, વથાવડી, અરેરી. |
| | | મહુધા | મહુધા, ભુમસ, બાગડુ, શીંગલી, મંગલપુરા, મોટી ખડોલ, નાની ખડોલ, રૂપપુરા, બલોલ. |
| | | માતર | માતર, રતનપુર, અંત્રોલી, વાંસર, સોખડા. |
| ૫. | રાજકોટ | રાજકોટ | વાવડી, સાપર, વેરાવલ, મોટા મવા. |
| | | લોધીકા | લોધીકા, પાલ, ધોલેરા, મેટોડા, ખીરસરા. |
| | | પડધરી | પડધરી. |
| | | માળીયા | માળીયા. |
| | | વાંકાનેર | વાંકાનેર. |
| | | મોરબી | પીપળી, ભડીયાદ, ઘુંટુ, ટીંબડી, લાલપર, બેલા, લખધીરપુર. |
| ૬ | સુરેન્દ્રનગર | લીંબડી | લીંબડી, ભલગામડા, ઉંટડી, બોરણા, ભોઈકા, લીયાદ, પંશીના. |
| | | ચુડા | ચુડા, ભૃગુપુર, કારોલ, ગોરખવાડા, કરમદ, જોબલા, નગનેશ, સેજકપર, મોજીદાડ, અચરાડા, ખાંડીયા, વનાલા, રંગપુર, લાલીયાદ, જેપુર. |
| | | ચોટીલા | ચોટીલા. |
| | | લખતર | લખતર. |
| | | વઢવાણ | નાના કેરાલા, મેમકા, સાંક્લી, વડાલા, મલચંદ, કેરાલી, કોખરીયા. |

## જાન્યુઆરી / ફેબ્રુઆરી ૨૦૧૧ દરમ્યાન કાર્યરત થયેલ વિસ્તારો

| અનુ. નં. | જિલ્લો | તાલુકો | વિસ્તારનું નામ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ઉમરગામ | ઉમરગામ, સરીગામ, ભીલાડ, દાહાડ, સોલસંબા. |
| | | વલસાડ | બોદલાઈ, ભુતસર, મોગરાવાડી. |
| ૨ | નવસારી | ગણદેવી | દેવસર. |
| | | નવસારી | તીઘરા. |
| | | મોરબી | મહેન્દ્રનગર. |

--------

## અમદાવાદ, સૂરત, વડોદરામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને અપહરણના બનાવો

**૧૯૭૫૪ : શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ, સૂરત, વડોદરામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખૂન, લૂંટ, બળાત્કાર, અપહરણ અને ચોરીના કૂલ કેટલા બનાવો બન્યા, અને

(૨) કેટલા ગુનામાં કેટલા આરોપી પકડાયા અને કેટલા પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧)

| શહેર | ખૂન | લૂંટ | બળાત્કાર | અપહરણ | ચોરીઓ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૮૨ | ૮૦૬ | ૫૨ | ૨૦૭ | ૫૪૧૫ |
| સૂરત | ૮૭ | ૮૦ | ૨૩ | ૮૧ | ૧૯૫૭ |
| વડોદરા | ૨૩ | ૧૯ | ૭ | ૩૬ | ૧૮૪૮ |
| **કૂલ :** | **૧૯૨** | **૯૦૫** | **૮૨** | **૩૨૪** | **૯૨૨૦** |

(૨) પત્રક સામેલ છે.

**પત્રક**

| શહેર | ખૂન | | | લૂંટ | | | બળાત્કાર | | | અપહરણ | | | ચોરીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપીઓ | ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપીઓ | ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપીઓ | ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપીઓ | ગુના | પકડાયેલ આરોપી | પકડવાના બાકી આરોપીઓ |
| અમદાવાદ | ૭૬ | ૧૭૧ | ૮ | ૩૨૧ | ૬૪૦ | ૧૪ | ૪૪ | ૬૫ | ૬ | ૧૭૮ | ૨૪૮ | ૩૪ | ૧૦૭૫ | ૧૯૫૭ | ૧૪ |
| સૂરત | ૬૯ | ૧૭૩ | ૧ | ૬૧ | ૧૭૬ | ૦ | ૨૧ | ૩૨ | ૦ | ૭૪ | ૮૯ | ૪ | ૭૮૭ | ૧૩૭૪ | ૯ |
| વડોદરા | ૧૮ | ૩૯ | ૫ | ૧૩ | ૨૧ | ૨ | ૭ | ૧૧ | ૦ | ૨૫ | ૭૯ | ૧૪ | ૧૬૧૦ | ૭૨૬ | ૯ |
| **કૂલ :** | **૧૬૩** | **૩૮૩** | **૧૪** | **૩૯૫** | **૮૩૭** | **૧૬** | **૭૨** | **૧૦૮** | **૬** | **૨૭૭** | **૪૧૬** | **૫૨** | **૩૪૭૨** | **૪૦૫૭** | **૩૨** |

--------

**શિહોર અને ગારીયાધાર તાલુકામાં પાઇપલાઇન દ્વારા રાંધણગેસ આપવા બાબત**

૧૭૭૧૭ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના શિહોર અને ગારીયાધાર તાલુકામાં પાઇપ લાઇન દ્વારા રાંધણગેસ આપવા માટેનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ગેસ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

શિહોર અને ગારીયાધાર તાલુકામાં રાંધણગેસ માટેનું પાઇપલાઇન નેટવર્ક નાંખવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે. પરંતુ કેન્દ્ર સરકારની નીતિ મુજબ પી.એન.જી.આર.બી. (નવી દિલ્હી) ના ધારાધોરણ મુજબ બીડીંગની કાર્યવાહી રહેતી હોવાથી એક સફળ બીડર બન્યા પછી જી.એસ.પી.સી. ગેસ કું. મારફતે શિહોર અને ગારીયાધાર તાલુકામાં પી.એન.જી. નેટવર્ક ઉભું કરવા આયોજન છે.

--------

**જૂનાગઢ જિલ્લાના કોડીનાર પોલીસ સ્ટેશનમાં પકડવાના બાકી આરોપીઓ**

૧૮૮૫૬ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર પોલીસ સ્ટેશનમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ એફ.આઇ.આર.ના કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ પકડવાના બાકી આરોપીઓની ધરપકડ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

જૂનાગઢ જિલ્લાના કોડીનાર પોલીસ સ્ટેશનમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નોંધાયેલ કુલ ૨૧૩૪ ગુનામાં ૩૫૧૨ આરોપીઓ પકડાએલ છે. જ્યારે ૭૪ આરોપીઓને પકડવાના બાકી છે.

આરોપીની ધરપકડ માટે સઘન ઝુંબેશ કરેલ છે, બને તેટલી ઝડપથી કાર્યવાહી કરવામાં આવશે.

--------

**સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન**

૧૯૫૩૬ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ દરમ્યાન રાજ્યમાં કેટલા નવા સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧ દરમ્યાન રાજ્યમાં નીચે દર્શાવ્યા પ્રમાણે નવા સી.એન.જી. સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| ક્રમ | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | જી.એસ.પી.સી. ગેસ કું. લી. દ્વારા વર્ષ દરમ્યાન સ્થાપવાના નવા સીએનજી સ્ટેશનોનું મૂળ આયોજન | ૩૧ |
| ૨ | જી.એસ.પી.સી. ગેસ કું. લી. દ્વારા ગત વર્ષના આયોજનમાં લેવાયેલ પરંતુ પડતર રહેલા સીએનજી સ્ટેશનો | ૨૫ |
| ૩ | રાજ્યની વિવિધ ખાનગી ગેસ વિતરણ કંપનીઓ દ્વારા વર્ષ દરમ્યાન સ્થપાનાર નવા સીએનજી સ્ટેશનોનું આયોજન | ૩૦ |
| | કુલ : | ૮૬ |

**પ્રશ્ન**

(૨) તે ક્યાં ક્યાં સ્થાપવામાં આવનાર છે ?

**જવાબ**

(૨) ટેક્નીકલ શક્યતાઓ અને આવશ્યક મંજુરીઓને આધીન, નીચે દર્શાવ્યા પ્રમાણેના શહેરોમાં નવા સીએનજી સ્ટેશનો સ્થાપવાનું આયોજન છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ | (૯) | પાટણ |
| (૨) | આણંદ | (૧૦) | રાજકોટ |
| (૩) | ખેડા | (૧૧) | સુરેન્દ્રનગર |
| (૪) | મહેસાણા | (૧૨) | વડોદરા |
| (૫) | નવસારી | (૧૩) | વલસાડ |
| (૬) | સુરત | (૧૪) | ભરૂચ |
| (૭) | ગાંધીનગર | (૧૫) | હિંમતનગર |

(૮) વિસનગર (૧૬) વડનગર

**સાયન્સ સીટીનો વિદ્યાર્થીઓએ લીધેલ લાભ**

૧૯૬૬૩ : **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સાયન્સ સીટીના કાર્યક્રમો કેવી રીતે શાળાના બાળકોને ઉપયોગી છે, અને

(૨) શાળાના બાળકોને સાયન્સ સીટીમાં કોઇ ક્ન્સેસન્સ આપવામાં આવતું હોય તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી કેળવાય તે માટે અલગ અલગ વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ, મહત્ત્વના વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી, વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અને ચર્ચા વગેરેનું નિયમિત પણે આયોજન કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના બાળકોના જ્ઞાનના વિકાસ માટે રેડિયો ઉપર દર મંગળવારે વિજ્ઞાનના વિષય પર જ્ઞાનવાણીનો જીવંત કાર્યક્રમ આપવામાં આવે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાની વિવિધ શિષ્યવૃત્તિઓ તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેની માહિતી મેળવી શકે છે. તેમજ તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઇ પોતાની કારકિર્દી બનાવવા માટેની એક તક પૂરી પાડે છે.

(૨) શાળાના બાળકોને સાયન્સસીટી ખાતે નીચે મુજબ ક્ન્સેસન આપવામાં આવે છે.

| ટીકીટનો ચાર્જ | સામાન્ય દર | | શાળા/કોલેજના વિદ્યાર્થીઓનાં ક્ન્સેશનલ દરો | |
|---|---|---|---|---|
| સુવિધા | સામાન્ય પુખ્ત | બાળકો | શાળા ગૃપ | કોલેજ ગૃપ |
| પ્રવેશ | ૧૦/- | ૫/- | ૧/- | ૫/- |
| આઇમેક્સ ફિલ્મ | | | | |
| વોકીંગ ઓન ધ મુન | ૧૨૫/- | ૧૦૦/- | ૯૦/- | ૧૦૦/- |
| અવતાર | ૨૦૦/- | ૧૫૦/- | ૧૫૦/- | ૧૫૦/- |

૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ હોય તો થ્રીડી ફિલ્મ વોકીંગ ઓન ધ મુન રૂ. ૫૦/-માં બતાવવામાં આવે છે. ઉપરાંત શાળાગૃપ માટે થ્રીલ રાઇડ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂ. ૨૫/- છે અને મીશન ટુ માર્સ રાઇડ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂ. ૩૦/- છે. તેમાં નીચે મુજબ ક્ન્સેસન આપવામાં આવે છે.

૨૫ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૦ %
૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૫ %
૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૦ %
૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૫ %

--------

**એસ. આર. પી. એફ. ગૃપ-૯ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૪૯ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો એસ. આર. પી. એફ. ગૃપ-૯, વડોદરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા બાળકોની

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૯, વડોદરા હસ્તક ફરજો બજાવતા ૮૨૩ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૭૪૩ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં

આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

આવેલ છે.

## ભરૂચ જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૪૨ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણી માટે સરકાર દ્વારા ફ્રી મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા ભરૂચ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) દર્શાવેલ સમયગાળામાં કુલ-૧૪૨૦ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

## ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસની વસુલાત

૧૯૨૭૧ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસ ગ્રાહકો પાસેથી વસૂલવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ઉપરોક્ત ચાર્જીસમાં કોઇ રાહતો આપવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલી રકમની રાહતો આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

ઇલેકટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ની જોગવાઇ મુજબ વિવિધ ગ્રાહકોના વીજ દરો નક્કી કરવાની બાબત નામ. ગુજરાત વીજ નિયમન આયોગના ક્ષેત્રાધિકાર હેઠળ છે. વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતાં કોલસો, ગેસ ઓઇલ, નેપ્થા જેવાં વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વખતો વખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે. વીજ બળતણના ભાવો, વીજ બળતણ સપ્લાય કરતી કેન્દ્ર સરકારના અંકુશ હેઠળની એજન્સીઓ જેવી કે, કોલ ઇન્ડિયા, ગેઇલ, ઓએનજીસી દ્વારા તથા પરિવહનના દરો રેલ્વે ઇન્ડિયા દ્વારા નક્કી કરાય છે. આ દરોમાં થતાં ફેરફારને કારણે વીજ વિતરણ કંપનીઓએ ભોગવવા પડતાં ખર્ચને પહોંચી વળવા માટે, નામ. આયોગ દ્વારા નક્કી કરેલી પધ્ધતિ મુજબ જે તે ત્રિમાસિક ગાળા માટે ફ્યુઅલ સરચાર્જની ગણતરી કરવામાં આવે છે અને તેની વસુલાત, તે પછીના ત્રિમાસિક સમયગાળા દરમિયાન કૃષિ વિષયક સિવાયના તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવામાં આવે છે.

(૨) અને (૩)

(૧) જીયુવીએનએલના કૃષિ વીજ વપરાશમાં ખેડૂતો પર ભારણ ન વધે એ હેતુથી ફ્યુઅલ સરચાર્જનું તમામ ભારણ સબસીડીરૂપે રાજ્ય સરકાર ભોગવે છે. અનુક્રમે; નાણાંકીય વર્ષ ૨૦૦૮-૦૯માં રૂા. ૭૯૪.૦૦-કરોડ, વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ. ૯૦૦.૦૦ કરોડ અને વર્ષ ૨૦૧૦-૧૧માં ડિસેમ્બર-૧૦ સુધીમાં રૂ. ૬૯૦.૦૦ કરોડની રાહત સબસીડી પેટે રાજ્ય સરકાર દ્વારા આ હેતુ માટે આપવામાં આવેલ છે.

(૨) જ્યારે, બિન-કૃષિ વીજ ગ્રાહકોનો ફ્યુઅલ સરચાર્જ જે તે ગ્રાહકોએ સંપુર્ણ રીતે ભોગવવાનો હોય છે. પરંતુ, એપ્રિલ-જુન, ૨૦૦૮ અને જુલાઇ-સપ્ટેમ્બર, ૨૦૦૮ એમ બે ત્રિમાસિક સમયગાળામાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ વધારો સંપૂર્ણ રીતે ગ્રાહકોએ ન ભોગવવો પડે તે હેતુથી, અનુક્રમે; ૩૫ પેસા પ્રતિ યુનિટ તેમજ ૦૯ પેસા પ્રતિ યુનિટની રાહત સબસીડી રૂપે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. આમ, આ બંને ત્રિમાસિક સમયગાળામાં રાજ્ય સરકારે કુલ રૂ. ૩૪૬.૪૭ કરોડની રાહત સબસીડીરૂપે આપેલ છે.

(૩) વધુમાં, વીજ ગ્રાહકો પર ફ્યુઅલ સરચાર્જનું વધારાનું વધુ ભારણ ન પડે તે માટે અનુક્રમે; જાન્યુ-માર્ચ, ૨૦૦૯ના ત્રિમાસિક સમયગાળાના રૂ. ૧.૨૯ પ્રતિ યુનિટ પૈકી, ૩૮ પેસા પ્રતિ યુનિટ તથા એપ્રિલ-જૂન-૦૯ના સમયગાળાના રૂ. ૦.૯૯ પ્રતિ યુનિટ પૈકી, ૦૮ પેસા પ્રતિ યુનિટની વસુલાત મુલતવી રાખી, આ બંને સમયગાળા દરમિયાન ૯૧ પેસા પ્રતિ યુનિટની જ વસુલાત ચાલુ રાખવામાં આવેલ અને તેની બાકી રકમની વસુલાત, ત્યાર પછીના સમયગાળામાં ફ્યુઅલ સરચાર્જ ઓછો થતાં કરવામાં આવેલ છે. આમ, ગ્રાહકોને જે તે સમયે ફ્યુઅલ સરચાર્જ ભરવામાં આંશિક રીતે રાહત અપાયેલ છે.

(૪) તદ્‌ઉપરાંત, નામ. આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ એચ.ટી.પી.-૫ અને એલ.ટી.પી.-૫ની કક્ષામાં આવતા કૃષિ વીજ ગ્રાહકોને પુરા સમયગાળા માટે એટલે કે, ૨૪ (ચોવીસ) કલાકના વીજ વપરાશમાં થતાં ફ્યુઅલ સરચાર્જમાંથી, તા. ૧-૭-૨૦૧૦થી અમલી બને તે રીતે મુક્તિ આપવા સરકારે નિર્ણય લીધેલ છે અને આ બંને કક્ષાના કૃષિ વીજ ગ્રાહકોને રાહત આપવાથી જુલાઇ - થી ડિસેમ્બર-૨૦૧૦ સુધીના સમયગાળા માટે અંદાજે રૂ. ૬.૮૯ લાખની સબસીડી સરકારશ્રી દ્વારા ચુકવવાની રહેશે.

**રાજ્યમાં વીજ માંગ અને ઉત્પાદન**

૧૯૨૭૩ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી વિજ માંગ છે અને તેની સામે કેટલું વિજ ઉત્પાદન થાય છે, અને | (૧) આ માહિતી ખાનગી એકમો, કેન્દ્ર સરકારના એકમો વિગેરે પાસેથી એકત્રિત કરવાની થતી હોવાથી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી, આમ છતાં, સને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ એટલે કે એપ્રિલ-૨૦૧૦ થી ડિસેમ્બર ૨૦૧૦ના સમયગાળામાં રાજ્યની વીજ માંગ ૪૦૭૯૩ મીલીયન યુનિટ હતી, જેની સામે ૪૩૮૪૮ મીલીયન યુનિટનું ઉત્પાદન થયેલ છે. |
| (૨) ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઉત્પન્ન કરાતી વીજળી અન્વયે કેટલો વિજ પુરવઠો વધારવામાં આવ્યો ? | (૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ હાલની રાજ્યની વીજ સ્થાપિત ક્ષમતા ૧૩૨૫૮ મે.વો. છે. આ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૪૮૮ મે.વો. વીજ સ્થાપિત ક્ષમતામાં વધારો કરાયેલ છે.<br>આ ઉપરાંત પવન ઉર્જા (૫૧૨ મેગાવોટ) અને સોર ઉર્જા (૬ મેગાવોટ) મળીને બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત દ્વારા કુલ ૫૧૮ મેગાવોટ વીજ ઉત્પાદન મેળવવામાં આવ્યું. |

**ખાનગી ક્ષેત્રે વિકસાવેલ બંદરો**

: ૧૯૫૨૬ : **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ખાનગી ક્ષેત્રે કેટલા નવા બંદરો વિકસાવવામાં આવ્યા, અને | (૧) નવા બંદરો વિકસાવવામાં આવેલ નથી, પરંતુ બે નવા ટર્મીનલો, ત્રણ કેપ્ટીવ જેટીઓ અને એક ખાનગી જેટી વિકસાવવામાં આવ્યા છે. |
| (૨) તા.૩૧-૧૨-૧૦ સુધીમાં આ માટે કેટલું ખાનગી મૂડી રોકાણ થયું ? | (૨) આશરે રૂ.૩૬૯૦ કરોડનું મૂડીરોકાણ થયેલ છે. |

**કલ્પસર યોજના**

૧૮૯૩૯ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કલ્પસર યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો, | (૧) રૂ.૪૫.૫૬ કરોડ. |
| (૨) આ યોજના ક્યા તબક્કે છે, અને | (૨) શક્યતાદર્શી અહેવાલ બનાવવાના તબક્કે. |
| (૩) કેટલા સમયમાં તે પૂર્ણ થશે ? | (૩) શક્યતાદર્શી અહેવાલ વર્ષ ૨૦૧૨-૧૩ માં પૂર્ણ કરવાનું આયોજન છે. જે થયા બાદ કેન્દ્ર સરકાર સ્તરેથી વિવિધ મંજૂરીઓ મળ્યેથી કામ શરૂ કરી યોજના પાંચથી છ વર્ષમાં પુરુ કરવાનું આયોજન છે. |

--------

**વડોદરા શહેર પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૪૫ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર )** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડીકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો પોલીસ કમિશનર વડોદરા શહેર હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ?

(૨) પોલીસ કમિશનર વડોદરા શહેર હસ્તક ફરજો બજાવતા ૧૦૬૭ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૨૩૫ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

## ભાવનગર જિલ્લામાં ખેતી વિષયક જોડાણો

૧૯૪૮૭ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોએ ખેતી વિષયક વીજ જોડાણની માંગણી કરેલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ખેતી વિષયક વીજ જોડાણ અંગેની મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| **તાલુકો** | **મળેલ અરજીઓ** |
|---|---|
| ભાવનગર | ૧૮૩૧ |
| ઘોઘા | ૨૫૧૮ |
| શિહોર | ૪૦૭૪ |
| પાલીતાણા | ૪૦૬૮ |
| ગારીયાધર | ૩૯૮૮ |
| તળાજા | ૭૧૧૧ |
| મહુવા | ૭૮૩૭ |
| વલ્લભીપુર | ૧૬૦૯ |
| ઉમરાળા | ૨૯૫૨ |
| બોટાદ | ૭૪૨૮ |
| ગઢડા | ૯૪૧૧ |

(૨) આ ખેત વિષયક જોડાણ કેટલા સમયમાં આપવા માંગો છો ?

(૨) ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઈ ઉપલબ્ધ વીજ પૂરવઠો માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઈ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

--------

## સી.એન.જી. ભાવોમાં તફાવત

૧૯૫૩૨ : **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને અંકલેશ્વર શહેરોમાં સી.એન.જી. ના ભાવો વચ્ચે તફાવત છે તે વાત સાચી છે,

(૨) જો હા તો તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ શું તફાવત છે, અને

(૩) તેના કારણો શું છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પોલીસ તાલીમ શાળા જૂનાગઢ પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૬૪૨ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર ધ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો પોલીસ તાલીમ શાળા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

(૨) પોલીસ તાલીમ શાળા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા ૯૭ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૫૦ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

## સુરત શહેરમાં ગુનાઓ

૧૮૮૧૦ : **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં અને જિલ્લામાં તાલુકાવાર તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખૂન, લૂંટ, બળાત્કાર, ધાડ અને અપહરણના કેટલા બનાવો નોધાયા,

(૨) તે અન્વયે કેટલા ગુન્હાઓનો ઉકેલ લાવવામાં આવ્યો, અને

(૩) કેટલા આરોપીઓની ધરપકડ થઈ?

**જવાબ**

(૧) સુરત શહેર

| ખૂન | લૂંટ | ધાડ | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|
| ૧૮૯ | ૧૬૦ | ૩૬ | ૪૮ | ૧૯૩ |

સુરત જિલ્લો (ગ્રામ્ય)

| તાલુકા | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ |
|---|---|---|---|---|---|
| ઓલપાડ | ૭ | ૩ | ૧ | ૧ | ૭ |
| કામરેજ | ૧૫ | ૬ | ૨ | ૩ | ૯ |
| માંગરોલ | ૧૪ | ૧ | ૬ | ૨ | ૧ |
| ઉમરપાડા | ૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| બારડોલી | ૬ | ૨ | ૨ | ૧ | ૪ |
| પલસાણા | ૧૬ | ૪ | ૧ | ૧ | ૭ |
| માંડવી | ૧૧ | ૦ | ૨ | ૦ | ૪ |
| મહુવા | ૭ | ૦ | ૨ | ૦ | ૩ |
| **કુલ** | **૮૦** | **૧૬** | **૧૬** | **૮** | **૩૫** |

(૨)

| ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ |
|---|---|---|---|---|
| ૨૨૫ | ૧૩૩ | ૬૩ | ૩૮ | ૨૧૧ |

(૩)

| ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ |
|---|---|---|---|---|
| ૫૧૨ | ૩૫૪ | ૮૫ | ૨૩૫ | ૨૮૦ |

## અમદાવાદ શહેરમાં પોલીસ આવાસો

૧૯૬૫૯ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં અમદાવાદ શહેરમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં અમદાવાદ શહેરમાં **કુલ-૨૪૮** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે,

(૨) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ ૪૮૬** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

## યુનિવર્સલ સક્સેસ એન્ટરપ્રાઈઝ દ્વારા એમ.ઓ.યુ.

૧૯૩૨૫ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) યુનિવર્સલ સક્સેસ એન્ટરપ્રાઈઝ દ્વારા ટાઉનશીપ અને પાવર પ્લાન્ટ માટે વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૭ અને ૨૦૦૯માં કેટલી રકમના

**જવાબ**

(૧) યુનિવર્સલ સક્સેસ એન્ટરપ્રાઈઝ લી. ના ખાસ હેતુ માધ્યમ (એસપીવી) મે. યુનિવર્સલ ક્રેસેંન્ટ પાવર પ્રા. લી. દ્વારા પાવર પ્લાન્ટ માટે વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર

એમ.ઓ.યુ. થયા, અને

સમીટ ૨૦૦૯માં રૂા. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ દસ વર્ષના ગાળામાં કરવા માટે એમ.ઓ.યુ. કરેલ છે.

(૨) આ પેકી ક્યા સ્થળે અને કેટલું મૂડી રોકાણ તા.૩૦/૧/૨૦૧૧ સુધીમાં કરવામાં આવ્યું છે?

(૨) આ પ્રોજેક્ટ માટેનું સુચિત સ્થળ ગોજીનેસ-ભોગટ, તાલુકો-કલ્યાણપુર, જિલ્લો-જામનગર છે, હાલમાં સદર પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં હોઈ મૂડીરોકાણ થયેલ નથી.

--------

**ટ્રાયબલ અને ડાર્કઝોનમાં વીજ કનેક્શનો ન આપવા બાબત**

૧૭૫૦૫ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સરકારે તાજેતરમાં જાહેર કરેલ ખેત વિષયક તત્કાલ વીજ જોડાણ યોજના અન્વયે ટ્રાયબલ અને ડાર્કઝોન વિસ્તારમાં આવા તત્કાલ વીજ જોડાણો નહીં આપવાના કારણો શાં છે?

**જવાબ**

રાજ્ય સરકાર દ્વારા કૃષિવિષયક વીજ જોડાણો માટેની તાજેતરમાં જાહેર કરવામાં આવેલ તત્કાલ યોજનામાં આદિજાતિ વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

જ્યારે નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તારીખ ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંકઃ જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧માં ઠરાવ્યા અનુસાર ડાર્કઝોન વિસ્તારમાં કૂવા/પાતાળકૂવા ઉપર વીજ જોડાણો મંજુર કરવા પર હાલ પ્રતિબંધ હોઈ ""તત્કાલ યોજના""માં ડાર્કઝોન વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ નથી.

**એસ.આર.પી.એફ. ગૃપ-૧૧ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૬૪૪ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડીકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૧૧, વાવ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૧૧, વાવ હસ્તક ફરજો બજાવતા ૮૭૦ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૧૩૬૫ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**સૂક્ષ્મ સિંચાઈમાં થતો ખર્ચ**

૧૮૫૮૪ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ ટપક અને ફુવારા પધ્ધતિમાં એક હેકટર દીઠ કેટલો ખર્ચ આવે છે ?

**જવાબ**

સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ હેકટર દીઠ ટપક પધ્ધતિમાં રૂ.૭૫,૦૦૦ અને ફુવારા પધ્ધતિમાં રૂ.૧૭,૫૦૦/- સરેરાશ ખર્ચ થાય છે.

--------

**એસ.આર.પી.એફ. ગૃપ-૧૩ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૬૬૨ **: ડો. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના

**જવાબ**

(૧) હા, જી.

બાળકોના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડીકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગ્રૃપ-૧૩ રાજકોટ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ?

(૨) એસ.આર.પી.એફ. ગ્રૃપ-૧૩ રાજકોટ હસ્તક ફરજો બજાવતા ૧૧૩૫ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૯૩૮ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**અપુજી ગામની નર્મદા કમાન્ડની જમીન**

૧૯૨૯૪ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના અપુજી ગામની કેટલી જમીન નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં આવેલી છે, અને

(૨) તે અન્વયે સિંચાઈ માટેનું પાણી પુરું પાડવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના અપુજી ગામની ૬૧ હેકટર જમીન નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તારમાં આવેલી છે.

(૨) ખેડૂતોની માંગણી પ્રમાણે સિંચાઈ માટેનું પાણી પુરૂં પાડવામાં આવી રહેલ છે.

--------

**દાહોદ જિલ્લામાં આઈ.પી.સી. કલમ-૩૦૭ હેઠળ નોંધાયેલ ગુનાઓ**

૧૭૫૦૧ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આઈ.પી.સી. કલમ-૩૦૭ હેઠળ કેટલા ગુન્હાઓ નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલા ગુન્હેગારોની ધરપકડ થઈ, અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **ગુન્હા** |
|---|---|
| ૨૦૦૯ | ૩૭ |
| ૨૦૧૦ | ૧૬. |

(૨) કુલ-૨૫૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. અને કુલ ૧૪ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે. તે પૈકી ૧ આરોપીનું મરણ થયેલ છે.

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ બચત યોજના**

૧૮૫૧૦ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે વીજ બચત કરવાની કઈ યોજના સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે,

(૨) તેનો અમલ સુરેન્દ્રનગર જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦માં કરાયેલ છે,

(૩) બાકીના તાલુકામાં આવી યોજનાનો અમલ ક્યારે કરવા માંગે છે, અને

(૪) અન્ય તાલુકામાં એક સાથે અમલ નહીં કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) ખેતી વિષયક વીજ જોડાણો ધરાવતા ખેડૂતો માટે વીજ બચત કરવાની એનર્જી એફીશીયન્ટ ખેતી વિષયક સબમર્સીબલ પંપસેટ રાહતદરે બદલવાની યોજના વર્ષ ૨૦૦૮-૦૯ માં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ હતી.

(૨) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦માં આ યોજનાનો અમલ કરાયેલ છે.

(૩) સદર યોજનાનો અમલ પ્રાયોગિક ધોરણે કરવામાં આવેલ હોઈ, હાલમાં બાકીના તાલુકામાં આવી યોજનાનો અમલ કરવાનું કોઈ આયોજન નથી.

(૪) આ યોજનાનો અમલ સરકારે પસંદ કરેલ ૧૧ તાલુકાઓમાં પ્રાયોગિક ધોરણે હાથ ધરેલ હોઈ અન્ય તાલુકાઓમાં આ યોજનાનો અમલ કરેલ નથી.

--------

**એસ.આર.પી.એફ. ગ્રૂપ-૧૩ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૬૪૩ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડીકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગ્રૂપ-૧૩ રાજકોટ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) એસ.આર.પી.એફ. ગ્રૂપ-૧૩ રાજકોટ હસ્તક ફરજો બજાવતા ૧૧૩૫ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૯૩૮ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

**સાયન્સ સીટીની ખાતે વિજ્ઞાન પ્રદર્શનો યોજવા બાબત**

૧૯૫૪૦ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સાયન્સ સીટી ખાતે સરકારના વિભાગો અને સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનમાં રસ-રુચિ વધે તેવા પ્રદર્શનો યોજવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રદર્શનો યોજાયેલ છે ? | (૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના અન્ય વિભાગો/સંસ્થાઓ દ્વારા કુલ-૪ વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ છે.<br>(૧) ૧૦ થી ૨૫ ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન ડાર્વિન પ્રદર્શન.<br>(૨) ૨૭ થી ૩૧ ડિસેમ્બર-૨૦૦૯ દરમ્યાન નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ (પ્રદર્શન).<br>(૩) ૨૨ થી ૨૫ નવેમ્બર ૨૦૧૦ દરમ્યાન ગણિત વિજ્ઞાન પ્રદર્શન.<br>(૪) ૨૯ ઓકટોબર-૨૦૧૦ દરમ્યાન સેટેલાઈટ મેટીટીરીયોલોજી : ૫૦ વર્ષની સફળ યાત્રા પર પ્રદર્શન. |

--------

**જૂનાગઢ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૬૬૦ : **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડીકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) જિલ્લા પોલીસ વડા જૂનાગઢ હસ્તક ફરજો બજાવતા ૧૫૫૮ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૩૮૧૭ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

**વિવેકાધીન ગ્રાન્ટના કામો**

૧૮૮૦૨ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ના આયોજનમાં ૧૫% વિવેકાધીન ગ્રાન્ટમાં તાલુકાવાર કેટલા વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ના આયોજનમાં ૧૫% વિવેકાધીન ગ્રાન્ટમાંથી તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ કામોની વિગતો સામેલ પત્રક મુજબ છે.

**પ ત્ર ક**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૦-૧૧ના આયોજનમાં ૧૫% વિવેકાધીન ગ્રાન્ટમાંથી તાલુકાવાર મંજૂર કરેલ કામો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | આણંદ | ૧૦૦ |
| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૦-૧૧ના આયોજનમાં ૧૫% વિવેકાધીન ગ્રાન્ટમાંથી તાલુકાવાર મંજૂર કરેલ કામો |
| ૨. | ઉમરેઠ | ૧૧૫ |
| ૩. | આંકલાવ | ૧૩૧ |
| ૪. | બોરસદ | ૧૭૧ |
| ૫. | સોજીત્રા | ૧૧૮ |
| ૬. | પેટલાદ | ૧૪૬ |
| ૭. | તારાપુર | ૧૧૪ |
| ૮. | ખંભાત | ૧૩૫ |
| | **કુલ :** | **૧૦૩૦** |

--------

**ભાવનગર જિલ્લામાં વીજ ઉત્પાદન**

૧૭૬૨૨ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા મેગાવોટ વીજ ઉત્પાદન માટેની પ્રક્રિયા શરૂ થયેલ છે, અને

(૨) તે પૈકી કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદન થાય છે?

**જવાબ**

(૧) અને (૨) ભાવનગર જિલ્લામાં મોજે પડવા તા. ઘોઘા ખાતે ભાવનગર એનર્જી કં.લી. દ્વારા લિગાઈટ આધારિત ૫૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન પ્રોજેક્ટ સ્થાપવા માટેની તથા ન્યુક્લિઅર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દ્વારા મોજે મીઠી વીરડી, તા. ઘોઘા ખાતે ૬X૧૦૦૦ મેગાવોટનું અણુવિદ્યુત મથક સ્થાપવા માટેની પ્રક્રિયા શરૂ થયેલ છે. આ અંગેના વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે, અને જમીન સંપાદનની કાર્યવાહીની પ્રક્રિયા શરૂ થયેલ છે. તદ્ઉપરાંત, મોજે ઉખરાલા અને સનોદર ખાતે છેલ્લા ત્રણ વર્ષમાં પવન ઉર્જા દ્વારા ૨૧.૯૫ મોગાવોટ વીજ ઉત્પાદન માટેની પ્રક્રિયા પણ શરૂ થયેલ છે. ભાવનગર એનર્જી કં.લી. અને ન્યુક્લિઅર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના પ્રોજેક્ટ કાર્યન્વિત થયે અનુક્રમે ૫૦૦ મેગાવોટ અને તબક્કાવાર ૬૦૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન શરૂ થશે.

**ઓઇલ અને ગેસ ક્ષેત્રે એમ.ઓ.યુ.**

૧૯૫૩૪ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમ્યાન ઓઇલ અને ગેસ ક્ષેત્ર માટે કેટલા એમ.ઓ.યુ. થયા, અને

**જવાબ**

(૧) ૧૬ એમ.ઓ.યુ. થયેલ હતા અને ૯ જાહેરાતો કરવામાં આવેલ હતી.

| | |
|---|---|
| (૨) તે અંતર્ગત કેટલા લોકોને રોજગારી મળવાની શક્યતા છે ? | (૨) થયેલ ૧૬ એમ.ઓ.યુ. અંતર્ગત ૭૨૪૫ જેટલા લોકોને રોજગારી મળવાની શક્યતા છે. તેમજ ક્રાયેલ ૯ જાહેરાતો હેઠળ ૧૦૯૮૦ મળીને કુલ ૧૮,૨૨૫ જેટલા લોકોને રોજગારી મળવાની શક્યતા છે. |

--------

## એસ. આર. પી. એફ. ગૃપ-૫ પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૬૪૭ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફ્ત મેડિક્લ ચેક્અપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ. આર. પી. એફ. ગૃપ-૫, ગોધરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન ક્રવામાં આવેલ છે? | (૨) એસ.આર.પી.એફ. ગ્રૃપ-૫, ગોધરા હસ્તક ફરજો બજાવતા ૯૩૫ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૨૧૦૦ સભ્યોની આરોગ્ય ચકાસણી ક્રવામાં આવેલ છે. |

--------

## સાબરકાંઠા જિલ્લામાં પોલીસ આવાસો

૧૯૬૫૧ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા ક્રશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના ક્રામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં **કુલ-૧૫૭** પોલીસ ખાતાના રહેણાંક્ના ક્રામો હાથ પર લેવામાં આવેલ છે. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધક્રમ પૂર્ણ થયેલ છે ? | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી ક્રામો સહિત **કુલ-૧૬૪** આવાસોનું બાંધક્રમ પૂર્ણ થયેલ છે. |

--------

## અમદાવાદ શહેરની ચાલીઓમાં ગેસ ક્નેક્શન આપવા બાબત

૧૯૫૭૦ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિક્લ્સ) જણાવવા કૃપા ક્રશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ઘરે ઘરે ગેસ પાઇપ લાઇન દ્વારા આપવાની કાર્યવાહી દ્વારા કુલ કેટલા મક્રાનોમાં પાઇપ દ્વારા ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. | (૧) અમદાવાદમાં કુલ્લે ૧,૦૨,૨૪૯ ડોમેસ્ટીક ગેસ ક્નેક્શન આપવામાં આવેલ છે. |
| (૨) તે યોજના હેઠળ આવી ગેસ ક્નેક્શનો ચાલીઓમાં આપવામાં આવતા નથી તે હકીક્ત સાચી છે, અને<br>(૩) જો હા તો ચાલીઓમાં પણ સ્તવરે જોડાણ આપવા સરકારે શું અભિગમ અપનાવેલ છે ? | (૨) અને (૩) ગેસ ક્નેક્શન ફાળવવાના સમયે રહેણાંક્ની ક્ષમતા, હવા ઉજાસ, ઇમરજન્સીમાં ગેસ પાઇપલાઇન સમારકામ વિગેરે જેવા સુરક્ષાના ઘણાં ધોરણો ધ્યાનમાં લેવાના રહે છે. તેથી હાલમાં અમદાવાદમાં ટેનામેન્ટ, બંગ્લોઝ, એપાર્ટમેન્ટ, રોહાઉસ વિગેરે રહેણાંકોને ગેસ ક્નેક્શન આપવામાં આવે છે. |

--------

### ખેડા તથા આણંદ જિલ્લામાં ચોરી, લૂંટફાટ, હત્યાના ગુના

૧૮૮૨૭ : **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા આણંદ જિલ્લામાં ચોરી, લૂંટફાટ, હત્યા, ઘરફોડ ચોરી અગર ઠગાઇના કેટલા ગુનાઓ બન્યા ?

**જવાબ**

| ગુનાનો પ્રકાર | તા. ૦૧-૦૪-૨૦૧૦થી તા. ૩૧-૦૧-૨૦૧૧ દરમ્યાન નોંધાયેલ ગુનાઓ | |
|---|---|---|
| | ખેડા જિલ્લો | આણંદ જિલ્લો |
| ચોરી | ૨૦૭ | ૩૮૪ |
| લૂંટફાટ | ૧૦ | ૧૩ |
| હત્યા | ૩૧ | ૧૯ |
| ઘરફોડ ચોરી | ૫૯ | ૭૯ |
| ઠગાઇ | ૨૦ | ૧૫ |

--------

### એસ. આર. પી. એફ. ગૃપ-૧૩ પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૫૦ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળના કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ. આર. પી. એફ. ગૃપ-૧૩, રાજકોટ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી. ગ્રૃપ-૧૩, રાજકોટ હસ્તક ફરજો બજાવતા ૧૧૩૫ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૯૩૮ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

### એસ. આર. પી. એફ. ગૃપ-૭ પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૪૮ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ. આર. પી. ગૃપ-૭, નડિયાદ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી તા. ૧-૧૦-૨૦૦૮ થી તા. ૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી. ગ્રૃપ-૭, નડિયાદ હસ્તક ફરજો બજાવતા ૬૯૨ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૨૬૫ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

### દહેજ બંદર ખાતે જેટી બનાવવા બાબત

૧૭૪૯૭ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં દહેજ બંદર ખાતે કઇ કઇ કંપનીએ માલીકીની જેટી બનાવેલ છે, અને

**જવાબ**

(૧) (અ) મે. પેટ્રોનેટ એલએનજી પ્રા.લી.
(બ) મે. અદાણી પેટ્રોનેટ (દહેજ) પોર્ટ પ્રા.લી.
(ક) મે. ગુજરાત કેમીકલ્સ પોર્ટ ટર્મિનલ લી.
(ડ) મે. રીલાયન્સ ઇન્ડસ્ટ્રી લી.
(ઇ) મે. દહેજ હાર્બર એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી.

(૨) આ જેટીની સુરક્ષા વ્યવસ્થા અન્વયે સરકારે કઇ કઇ સુવિધાઓ આપી ?

(૨) (૧) રાજ્યના ગૃહ વિભાગની સુચન મુજબ પોર્ટમાં કામ કરતા કર્મચારીઓ/મજૂરોની યાદી રાખવામાં આવે છે અને આઇકાર્ડ ઇસ્યુ કરવામાં આવે છે. ક્ન્સેશન એગ્રીમેન્ટમાં આ માટે જોગવાઇ કરવા જણાવવામાં આવેલ છે.

(૨) કાર્ગો ઓપરેશન દરમ્યાન કેમીકલ્સ/ગેસ લીકેજ થાય તો તે માટે જરૂરી ફાયર ફાઇટીંગની સુવિધા રાખવામાં આવે છે તેમજ તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

--------

## પોલીસની તાલીમ સંસ્થાઓ

૧૯૨૩૪ : **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ ખાતાના અધિકારી/ કર્મચારીઓને તાલીમ આપવા માટે કઇ કઇ તાલીમ સંસ્થાઓ આવેલ છે, અને

(૨) આ સંસ્થાઓમાં નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં ક્યા ક્યા સંવર્ગવાળા કેટલા અધિકારી/કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પોલીસ ખાતાના અધિકારી/કર્મચારીઓ માટે નીચે મુજબ તાલીમ સંસ્થાઓ આવેલ છે.

૧. ગુજરાત પોલીસ એકેડેમી, કરાઇ.
૨. પોલીસ તાલીમ શાળા, વડોદરા.
૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય, જુનાગઢ.
૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર, ચોકી (સોરઠ).

(૨) આ અંગેની માહિતી નીચે મુજબ છે.

૧. ગુજરાત પોલીસ અકાદમી કરાઇ ખાતે સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં અધિકારી/ કર્મચારીઓને આપવામાં આવેલ તાલીમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | સંવર્ગ | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પો.કો./હે.કો./ એ.એસ. આઇ. | પોલીસ સબ ઇન્સ. | પોલીસ ઇન્સ | ના. પો. અધિ. | આઇ.પી. એસ. | સ્કુલ શિક્ષક | કુલ |
| ૨૦૦૮-૦૯ | ૨૧૮૨ | ૨૧૬ | ૦ | ૧૧ | ૧ | ૦ | ૨૪૧૦ |
| ૨૦૦૯-૧૦ | ૨૮૨૦ | ૯૧૨ | ૧૦૦ | ૩૪ | ૨૪ | ૦ | ૩૮૯૦ |
| **કુલ** | **૫૦૦૨** | **૧૧૨૮** | **૧૦૦** | **૪૫** | **૨૫** | **૦** | **૬૩૦૦** |

૨. પોલીસ તાલીમ શાળા વડોદરા ખાતે સને ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૧૦ માં અધિકારી/કર્મચારીઓને આપવામાં આવેલ તાલીમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | સંવર્ગ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પો.કો./ હે.કો./ એ.એસ. આઇ. | પોલીસ સબ ઇન્સ. | વનપાલ તાલી માર્થી | વિદ્યાર્થી/ શિક્ષક | અ.જ.જા. બેરોજગાર યુવાનો | કુલ |
| ૨૦૦૮-૦૯ | ૧૬૭૫ | ૧૨૩ | ૨૭૦ | ૧૬૩ | ૩૮ | ૨૨૬૯ |
| ૨૦૦૯-૧૦ | ૧૬૬૭ | ૧૪૬ | ૦ | ૦ | ૦ | ૧૮૧૩ |
| **કુલ** | **૩૩૪૨** | **૨૬૯** | **૨૭૦** | **૧૬૩** | **૩૮** | **૪૦૮૨** |

૩. પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢ ખાતે સને ૨૦૦૮-૨૦૦૯ સને ૨૦૦૯-૨૦૧૦માં અધિકારી/ કર્મચારીઓને આપવામાં આવેલ તાલીમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | સંવર્ગ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પો.કો./ હે.કો./ એ.એસ. આઇ. | પોલીસ સબ ઇન્સ. | વનપાલ તાલી માર્થી | વિદ્યાર્થી/ શિક્ષક | અ.જ.જા. બેરોજગાર યુવાનો | કુલ |
| ૨૦૦૮-૦૯ | ૧૧૯૯ | ૦ | ૨૯૪ | ૦ | ૦ | ૧૪૯૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૯૭૪ | ૧૪૬ | ૦ | ૦ | ૦ | ૩૧૨૦ |
| **કુલ** | **૪૧૭૩** | **૧૪૬** | **૨૯૪** | **૦** | **૦** | **૪૬૧૩** |

૪. રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ) ખાતે ૨૦૦૮-૨૦૦૯-૧૦માં અધિકારી/કર્મચારીઓને આપવામાં આવેલ તાલીમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | સંવર્ગ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પો.કો./હે.કો./એ.એસ.આઇ. | પોલીસ સબ ઇન્સ. | વનપાલ તાલી માર્થી | વિદ્યાર્થી/શિક્ષક | અ.જ.જા. બેરોજગાર યુવાનો | કુલ |
| ૨૦૦૮-૦૯ | ૮૯૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૮૯૪ |
| ૨૦૦૯-૧૦ | ૨૨૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨૬ |
| **કુલ** | **૧૧૨૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૧૧૨૦** |

--------

## ગેરકાયદેસર માઇનીંગ બદલ પાસા

૧૮૮૭૧ **: શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં ગેરકાયદેસર માઇનીંગ બદલ પાસા હેઠળની કેટલાની અટકાયત કરી અને તે અન્વયે કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા ?

**જવાબ**

રાજ્યમાં સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ગેરકાયદેસર માઇનીંગ બદલ પાસા હેઠળ ૨૨ ઇસમોની અટકાયત કરી અને તે અન્વયે ૨૮ વાહનો જપ્ત કરવામાં આવ્યાં.

--------

## લુણાવાડા અને ખાનપુર તાલુકામાં ગુમ થયેલ મહિલાઓ

૧૮૭૯૯ **શ્રી હિરાભાઈ પટેલ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલી મહિલાઓ ગુમ થઇ,

(૨) તે પૈકી કેટલી મહિલાઓ પરત મળી આવી,

(૩) ન મળી આવેલ મહિલાઓને શોધી કાઢવા શી વ્યવસ્થા થઇ છે, અને

(૪) આ કામગીરી કોને ક્યારથી સોપાઇ છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ગુમ થયેલ મહિલાઓની વિગત નીચે મુજબ છે

(૧) લુણાવાડા - ૩૮
(૨) ખાનપુર - ૧૧
**કુલ** - ૪૯

(૨) પરત મળી આવેલ મહિલાઓની વિગત નીચે મુજબ છે.

(૧) લુણાવાડા - ૩૩
(૨) ખાનપુર - ૦૯

(૩) ભોગ બનનાર મહિલાઓના વર્ણનની દુરદર્શન ઉપર પ્રસિદ્ધિ કરવામાં આવે છે. જિલ્લાઓના પો.સ્ટે.માં ગુમ થનારની તપાસ માટે વાયરલેસ મેસેજથી જાણ કરવામાં આવે છે તથા ગુમ થનાર વ્યક્તિના કિસ્સામાં રેડીયો, દુરદર્શન કેન્દ્ર ઉપર તેમજ દૈનિક પેપરમાં પ્રસિદ્ધિ આપવામાં આવે છે જિલ્લાના દરેક પો.સ્ટે.માં તપાસ યાદી લખવામાં આવે છે. આ ગુમ થનાર મહિલાઓની ખાનગી રાહે બાતમીદારો રોકી ગુમથનાર પત્તો મેળવવા તજવીજ કરવામાં આવે છે.

(૪) ગુમથનાર મહિલાઓની તપાસ ગુના નોંધાયા તારીખથી જે તે પો.સ્ટે.ના ના.પો. અધિ.શ્રી સંબંધીત સર્કલ ઇન્સ્પેક્ટર, એ.એસ.આઇ., હે.કો. કક્ષાના અધિકારીશ્રીને સોપવામાં આવેલ છે.

--------

**ડાંગ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૪૬ : **શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફ્ત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ ડાંગ-આહવા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) જિલ્લા પોલીસ વડા ડાંગ-આહવા હસ્તક ફરજો બજાવતા **૨૩૩** અધિકારી/કર્મચારીઓના પરિવારના **૧૪૫** બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

**ગાંધીનગર જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૪૦ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફ્ત મેડિક્લ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા ગાંધીનગર હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ? | (૨) દર્શાવેલ સમયગાળામાં **કુલ-૧૩૩૧** અધિકારી/કર્મચારીઓના આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે. |

--------

**બંદરો ઉપર ફરજ બજાવતા વર્કચાર્જ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા બાબત**

૧૭૫૭૦ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યના બંદરો ઉપર ફરજ બજાવતા કાયમી વર્કચાર્જ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા નાણા વિભાગ સમક્ષ કેટલી વખત દરખાસ્ત મોકલવામાં આવી,<br>(૨) આવા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ સત્વરે મળે તે માટે સરકારે શી કાર્યવાહી કરી છે, અને<br>(૩) બંદરો ઉપર ફરજ બજાવતા બીજા કર્મચારીઓની સાથે આવા કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ મોડા આપવાના કારણો શાં છે ? | (૧), (૨) અને (૩) :<br>તા. ૧૫-૧૨-૨૦૧૦ ના રોજ નાણાં વિભાગને દરખાસ્ત મોકલવામાં આવી છે. |

--------

**ગેસ લાઈન નાંખવાની કામગીરી**

૧૯૫૨૦ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી, સુરત અને વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુદરતી ગેસ વહન કરવાની પાઈપ લાઈન કેટલા | (૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કુદરતી ગેસ વહનની નાખવામાં આવેલી પાઈપલાઈનની વિગતો નીચે પ્રમાણે છે. |

કિલોમીટરમાં નાંખવામાં આવી છે, અને

| જિલ્લાનું નામ | પાઈપ લાઈન | કી.મી. |
|---|---|---|
| નવસારી | સ્ટીલ પાઈપલાઈન | ૩૦ કી.મી. |
| | પોલીથીન પાઈપલાઈન | ૪૦૫ કી.મી. |
| સુરત | સ્ટીલ પાઈપલાઈન | ૭૬.૧ કી.મી. |
| | પોલીથીન પાઈપલાઈન | ૧૦૩૯ કી.મી. |
| વલસાડ | સ્ટીલ પાઈપલાઈન | ૬૪ કી.મી. |
| | પોલીથીન પાઈપલાઈન | ૪૩૮ કી.મી. |

(૨) તેનાં થકી કેટલા ઉદ્યોગોને જોડાણો આપવામાં આવ્યા?

(૨) નીચેની વિગતે ઉદ્યોગોને જોડાણો આપવામાં આવ્યાં

| જિલ્લાનું નામ | આપવામાં આવેલ જોડાણ |
|---|---|
| નવસારી | ૦૬ |
| સુરત | ૩૫ |
| વલસાડ | ૨૮૭ |

--------

## મહિલા ઓદ્યોગિક વસાહત સ્થાપવા બાબત

૧૯૫૧૦ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ સરકાર મહિલાઓ માટે કોઈ ખાસ ઓદ્યોગિક વસાહત ઉભી કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે ઉક્ત સ્થિતિએ શી કામગીરી થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે વાયબ્રન્ટ ગુજરાત સમીટમાં મહિલા ઉદ્યોગ સાહસિકો સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. તે અન્વયે મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે જી.આઈ.ડી.સી. ઓદ્યોગિક વસાહત પાર્ક/સેક્શન વિકસાવવાનું આયોજન છે.

--------

## વડોદરા જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

૧૯૨૪૧ : **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓની આરોગ્ય ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો જિલ્લા પોલીસ વડા વડોદરા ગ્રામ્ય હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી,

(૨) દર્શાવેલ સમયગાલામાં કુલ-૧૧૫૫ અધિકારી/કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

## વિમાન અને હેલીકોપ્ટરનો નિભાવ ખર્ચ

૧૯૩૦૯ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિમાન અને હેલીકોપ્ટરની મરામત-સ્ટાફ-પગાર પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના વિમાન અને હેલીકોપ્ટરની મરામત-સ્ટાફ-પગાર પેટે રૂપિયા ૩૮,૫૬,૪૫૫/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

**વીજળીની ખરીદી બાબત**

૧૯૩૭૧ **: શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર તરફથી અદાણી પાવર કું. લીમીટેડ પાસેથી કેટલી વીજળી ખરીદવામાં આવી?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અદાણી પાવર કું. લીમીટેડ પાસેથી લાંબાગાળાના કરારો હેઠળ ખરીદવામાં આવેલ વીજળીની માહિતિ નીચે મુજબ છે.

| | ૨૦૦૮ | | ૨૦૦૯ | | ૨૦૧૦ | |
|---|---|---|---|---|---|---|
| | મી.યુ. | રૂા./ યુનિટ | મી.યુ. | રૂા./ યુનિટ | મી.યુ. | રૂા./ યુનિટ |
| અદાણી પાવર લી. (મુન્દ્રા પાવર પ્રોજેક્ટ) | - | - | ૪૦૯ | ૨.૭૧ | ૪૧૪૩ | ૨.૫૮ |
| કુલ | - | - | ૪૦૯ | ૨.૭૧ | ૪૧૪૩ | ૨.૫૮ |

**એસ.આર.પી. ગ્રુપ-૧ વડોદરા પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૨૪૭ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના બાળકોને આરોગ્યની ચકાસણી માટે સરકારશ્રી દ્વારા મફત મેડીકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગ્રુપ-૧ વડોદરા હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/ કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યો/બાળકોની આરોગ્ય ચકાસણી તા.૧-૧૦-૨૦૦૮ થી તા.૩૦-૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૧ વડોદરા હસ્તક ફરજો બજાવતા ૮૦૮ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૫૪૮ સભ્યો અને ૧૭૦ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

--------

**વીજ ગ્રાહકો પાસે લ્હેણાની વસુલાત માટે લોક અદાલતો**

૧૯૫૨૯ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતાં નાણાંની વસૂલી માટે લોક અદાલતોના આયોજનમાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યો ?

**જવાબ**

રાજ્યના વીજ ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લ્હેણાં નીકળતાં નાણાની વસૂલી માટે તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૬૯૨૪ લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૦,૨૯,૬૧૭ ગ્રાહકો દ્વારા ભાગ લેવામાં આવ્યો અને ૧,૯૬,૭૯૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો.

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭-૦૯ માં થયેલ એમ.ઓ.યુ.**

૧૮૩૯૨ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯ના વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમીટમાં એવીએશન અંગેના કેટલા એમ.ઓ.યુ. થયા છે, અને

(૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તેમાંની કેટલાની

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમીટમાં એવીએશન અંગેના સને ૨૦૦૭ માં ૪(ચાર) અને સને ૨૦૦૯ માં ૧૩(તેર) એમ.ઓ.યુ. થયેલ હતા.

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૨૦૦૭

કામગીરી શરુ થઈ છે અને કેટલાની પૂરી થઈ છે ?

પેકીના બે અને ૨૦૦૯ પેકીના બે એમ.ઓ.યુ. ની કામગીરી શરુ થઈ છે અને તેની કામગીરી પ્રગતિમાં છે.

--------

**બોરસદ તથા આંક્લાવ તાલુકાના કાંઠા ગામોને સાગરખેડૂ યોજનામાં સમાવવા બાબત**

૧૭૯૭૮ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સાગરખેડૂ યોજના હેઠળ બોરસદ તથા આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોનો સમાવેશ ક્યારે કર્યો,

(૨) આ સાગરખેડૂ યોજના અન્વયે સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં સમાવેશ કરેલ ૩૮ તાલુકાની યાદીમાં બોરસદ અને આંક્લાવ તાલુકાનો સમાવેશ થયેલ નથી.

(૨) સાગરકાંઠે વસતા લોકોના સર્વાંગી વિકાસ માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબના ૧૨ કાર્યક્રમો હેઠળ આયોજન કરેલ છે.

(૧) કૌશલ્યવર્ધક કાર્યક્રમો (૨) રોજગારીની તકો (૩) શિક્ષણથકી સર્વાંગી વિકાસ (૪) સર્વે સાગરખેડૂ માટે આરોગ્ય સુવિધા (૫) દરિયાકાંઠે શુધ્ધ પીવાનું પાણી (૬) ઘરનું ઘર (૭) જમીન સંરક્ષણ (૮) જળ વ્યવસ્થાપન (૯) ઉર્જા વિકાસ (૧૦) ક્ષમતા વર્ધક કાર્યક્રમ (૧૧) અગરિયાઓનો વિકાસ (૧૨) સાગરકાંઠે રાષ્ટ્રીય સુરક્ષા.

(૩) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે રૂ.૧૫૮૫ કરોડ ૮૨ લાખ ૪૦ હજાર પૂરાનો ખર્ચ કરેલ છે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૬૫૨ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ ના નાણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ-૨૧૦ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૩૦૪ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

--------

**રાજ્યમાં આવેલ એરપોર્ટ**

૧૮૭૬૬ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યમાં કેટલા એરપોર્ટ ક્યા સ્થળે આવેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં નીચે જણાવેલ સ્થળોએ એરપોર્ટ આવેલ છે.

(અ) એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડીયા હસ્તક-
- અમદાવાદ- સુરત
- વડોદરા
- ભાવનગર
- પોરબંદર

- રાજકોટ
- કંડલા
- ડીસા
- કેશોદ

(બ) ઇન્ડીયન એરફોર્સ ઓથોરીટી હસ્તક-
- નલીયા
- ભૂજ
- જામનગર

(ક) રાજ્ય સરકાર હસ્તક-
- અમરેલી
- મહેસાણા
- માંડવી

(ડ) ખાનગી એરપોર્ટ
- મુન્દ્રા
- મીઠાપુર

(૨) સરકાર નવા ક્યા ક્યા સ્થળે એરપોર્ટ બનાવવા માંગે છે,

(૨) સરકાર નીચે જણાવેલ સ્થળોએ નવા એરપોર્ટ બનાવવા માંગે છે.

(૧) દ્વારકા, (૨) અંબાજી, (૩) પાલીતાણા, (૪) અંક્લેશ્વર, (૫) દહેજ, (૬) મોરબી, (૭) રાજકોટ, (૮) પરસોલી, (૯) રાજપીપળા, (૧૦) ધોલાવીરા, (૧૧) ધોલેરા.

(૩) પ્રસિદ્ધ યાત્રાધામો એરપોર્ટની સુવિધાવાળા બને તેવી સરકારની યોજના છે, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો તેની વિગતો શી છે ?

(૪) દ્વારકા, અંબાજી અને પાલીતાણા ખાતેની એરપોર્ટની જમીનની પ્રીફીઝીબીલીટી સ્ટડી કરવાની કામગીરી એરપોર્ટસ ઓથોરીટી ઓફ ઇન્ડીયા ન્યુ દીલ્હીને સોંપવામાં આવેલ છે. જે અન્વયે દ્વારકા એરપોર્ટની જમીનની પ્રીફીઝીબીલીટી સ્ટડીની કામગીરી પૂર્ણ થયેલ છે. તેમજ દ્વારકા, અંબાજી અને પાલીતાણા ખાતે જમીન સંપાદનની કામગીરી પ્રગતિમાં છે.

--------

## સાબરકાંઠામાં રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના હેઠળ જોડાણ

૧૯૪૭૯ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના હેઠળ કેટલા વીજ જોડાણ તાલુકાવાર આપવામાં આવ્યા,

(૧) અને (૨) :

તારીખ ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ

(૨) કેટલા વીજ જોડાણ આપવાના બાકી છે, અને

વિદ્યુતીકરણ યોજના અન્વયે આપવામાં આવેલ વીજ જોડાણ અને મંજુર થયેલ પ્રોજેક્ટ મુજબ માર્ચ-૨૦૧૧ સુધીમાં આવરી લેવાના બાકી લાભાર્થીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે :

| તાલુકાનું નામ | આપવામાં આવેલ વીજ જોડાણ | મંજુર થયેલ પ્રોજેક્ટ મુજબ માર્ચ-૨૦૧૧ સુધીમાં આવરી લેવાના બાકી લાભાર્થીઓ |
|---|---|---|
| બાયડ | ૧૮૭૪ | ૫૩૯ |
| તલોદ | ૧૨૮૨ | ૩૮૭ |
| ભીલોડા | ૨૯૬૫ | ૪૨૮ |
| ધનસુરા | ૨૮૦ | ૨૦૯ |
| હિંમતનગર | ૨૪૫૩ | ૩૭૦ |
| ઇડર | ૭૩૭ | ૫૬૪ |
| ખેડબ્રહ્મા | ૪૫૬૦ | ૯૪૨ |
| માલપુર | ૨૩૯૦ | ૨૭ |
| મેઘરજ | ૪૧૧૪ | ૦૦ |
| મોડાસા | ૧૦૬૫ | ૯ |
| પ્રાંતિજ | ૯૦૬ | ૧૭૮ |
| વડાલી | ૫૬૫ | ૨૧૩ |
| વિજ્યનગર | ૫૫૨ | ૩૭૭ |
| **કુલ :** | **૨૩૭૪૩** | **૪૨૪૩** |

(૩) બાકી વીજ જોડાણ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૩) બાકી વીજ જોડાણો મંજુર થયેલ પ્રોજેક્ટમાં નિર્ધારીત સમય મર્યાદા એટલે કે, માર્ચ-૨૦૧૧ સુધીમાં આપવાનું આયોજન છે.

--------

## અન્ય રાજ્યોમાં વીજળી વેચાણની જાહેરાત

૧૯૨૭૪ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે અન્ય ક્યા ક્યા રાજ્યોમાં વીજળી વેચવા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જાહેરાતો કરી, અને

(૨) ક્યા ક્યા રાજ્યોએ શા ભાવે કેટલી વીજળી ખરીદી ?

**જવાબ**

(૧) જ્યારે જ્યારે રાજ્યમાં વધારાની વીજળી ઉપલબ્ધ હોય ત્યારે વેબસાઇટ દ્વારા જાહેરાતો આપીને જરૂરીયાતવાળા રાજ્યોને/સંસ્થાઓને પાવર એક્ષચેન્જ મારફત વીજળી વેચવામાં આવે છે. તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં વેબસાઇટ મારફતે કુલ ૨૧ વાર જાહેરાતો આપી છે.

(૨) **પત્રક-અ** મુજબ.

**પત્રક - અ**

| રાજ્ય | ૨૦૦૯ | | ૨૦૧૦ | |
|---|---|---|---|---|
| | મિલીયન યુનીટ | રૂા. યુનીટ | મિલીયન યુનીટ | રૂા. યુનીટ |
| રાજસ્થાન | ૬૮.૫૬ | ૬.૪૭ | ૨૧૨.૬૧ | ૪.૩૪ |
| તામિલનાડુ | ૧૩૬.૧૬ | ૮.૨૧ | ૧૦૦૨.૩૬ | ૪.૦૫ |
| ઉત્તરપ્રદેશ | ૧૧.૬૨ | ૫.૨૨ | ૧૮૬.૧૪ | ૪.૨૩ |
| મહારાષ્ટ્ર | ૪૩.૩૯ | ૭.૯૯ | ૪૦.૯૭ | ૫.૭૪ |
| દિલ્હી | ૧.૩૪ | ૬.૮૬ | ૫૫.૬૮ | ૫.૧૦ |
| આંધ્રપ્રદેશ | ૩૧.૫૮ | ૮.૬૭ | - | - |
| છત્તીસગઢ | ૨.૧૪ | ૫.૮૪ | - | - |
| હરિયાણા | ૨૫૯.૪૩ | ૫.૮૬ | - | - |
| ઉત્તરાખંડ | ૭.૮૬ | ૧૧.૧૭ | - | - |
| કર્ણાટક | ૭.૬૧ | ૬.૪૯ | ૧૫૨.૪૧ | ૪.૯૩ |
| મધ્યપ્રદેશ | ૦.૬ | ૮.૫ | - | - |
| પમિબંગાળ | - | - | ૦.૩૧ | ૪.૫૨ |
| **કુલ :** | **૫૭૦.૨૯** | | **૧૬૫૦.૪૮** | |

--------

## કેન્દ્ર સરકારના એક્સીલેટેડ ઇરીગેશન બેનીફીટ પ્રોગ્રામ હેઠળ રાજ્યને મળેલ સહાય

૧૮૯૪૯ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેન્દ્ર સરકારના જળસંપત્તિ મંત્રાલયના એક્સીલેટેડ ઇરીગેશન બેનીફીટ પ્રોગ્રામ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી

**જવાબ**

છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની રકમની સહાય મળેલ છે.

તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સહાય રાજ્ય સરકારને મળી ?

| વર્ષ | સહાય (રૂ. કરોડ) |
|---|---|
| ૨૦૦૭-૨૦૦૮ | ૫૮૫.૭૨ |
| ૨૦૦૮-૨૦૦૯ | ૨૫૧.૯૦ |
| ૨૦૦૯-૨૦૧૦ | - |
| ૨૦૧૦-૨૦૧૧ | - |
| તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ | |

**ભાવનગર જિલ્લાના પોલીસ સ્ટેશનના વિભાજન બાબત**

૧૯૪૮૮ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લાનાં ક્યા ક્યા પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન અપગ્રેડ વિભાજન કરવાની દરખાસ્ત કેટલા સમયથી પડતર છે, અને

(૨) આ દરખાસ્તનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કોઇ દરખાસ્ત પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરત શહેરમાં પોલીસ આવાસો**

૧૯૬૫૭ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના સુરત શહેરમાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વર્ષમાં સુરત શહેરમાં **કુલ-૨૪૭** પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત **કુલ ૩૧૨** આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

**વડોદરા અને નર્મદા જિલ્લામાં બિસ્માર નર્મદા કેનાલો**

૧૯૩૮૩ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં નર્મદા માઈનોર કેનાલો બિસ્માર હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ બિસ્માર કેનાલોના કારણે ખેડૂતોને પિયતના પાણી મળતું નથી તે માટે આ કેનાલો સત્વરે રીપેર કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

વડોદરા જિલ્લામાં કુલ ૭૫૭ માઈનોર નહેરો આવેલી છે, જે પૈકી ૭૧૦ માઈનોરના કામો પૂર્ણ થયેલ છે અને ચાલુ સીઝન દરમ્યાન ૬૧૨૪૪ હેક્ટરમાં સિંચાઈ થયેલ છે.

નર્મદા જિલ્લામાં કુલ ૪૫ માઈનોર નહેરો આવેલી છે અને બધી પૂર્ણ થયેલ છે, અને ચાલુ સીઝન દરમ્યાન ૪૭૭૩ હેક્ટરમાં સિંચાઈ થયેલ છે.

વડોદરા જિલ્લામાં ૪૪૮ તથા નર્મદા જિલ્લામાં ૨૨ મરામતના કામો હાલ પ્રગતિ હેઠળ છે, જે વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે.

**ભરૂચ જિલ્લામાં દહેજ ઓદ્યોગિક એકમોમાં લેન્ડ લુઝર્સને નોકરીની મળેલ ફરીયાદો**

૧૭૩૪૮ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં દહેજ ઓદ્યોગિક એકમોમાં લેન્ડ લુઝર્સને નોકરી આપવામાં આવતી નથી તે અંગેની

**જવાબ**

(૧) (૨) અને (૩)

ભરૂચ જિલ્લામાં દહેજ ઓદ્યોગિક એકમોમાં લેન્ડ લુઝર્સને નોકરી મળે તે બાબતે રાજ્ય સરકાર સર્તક છે,

કેટલી ફરીયાદો સરકારને મળી,

તેર એકમોએ ૬૭૨ લેન્ડ લુઝર્સને નોકરીમાં સમાવેલ છે. (પત્રક સામેલ છે) બે ક્સ્સિામાં ફરિયાદ મળી છે, તે પેકી એક કેસ અનિર્ણિત છે. જેમાં નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ઉપર છે.

(૨) તે અન્વયે આ એકમો પેકી ક્યા ક્યા એકમોએ કેટલા લેન્ડ લુઝર્સના નોકરીમાં સમાવેલ કરેલ છે, અને

(૩) આ અંગેના કેટલા અર્નીણીત ક્સ્સિાઓ છે, આ અનીર્ણિત ક્સ્સિાઓમાં ક્યારે નિર્ણય લેવામાં આવશે?

**પત્રક**

| ક્રમ | એકમનું નામ | નોકરી અપાયેલ લેન્ડલુઝર્સની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાસ્ફ સ્ટ્રીનીક્સ પ્રાઈવેટ લીમીટડ | ૧૧ |
| ૨ | ઓર્ગેનીક્સ લીમીટડ | ૦૪ |
| ૩ | મેઘમણી ફાઈલ કેમ લીમીટડ | ૩૭ |
| ૪ | સ્ટલીંગ ઓકઝીલરીઝ પ્રાઈવેટ લીમીટડ | ૦૩ |
| ૫ | ગુજરાત કેમીક્લ પોર્ટ ટર્મીનલ કંપની લીમીટડ | ૩૧ |
| ૬ | ગુજરાત ફ્લોરો કેમીક્લ લીમીટડ | ૧૩ |
| ૭ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટડ | ૩૪૮ |
| ૮ | એ.બી.જી. શીપયાર્ડ લીમીટડ | ૯૨ |
| ૯ | આઈ.એફ.જી.ઈ.સી. | ૦૨ |
| ૧૦ | મેઘમણી ઓર્ગેનીક્સ લીમટેડ | ૧૩ |
| ૧૧ | હેમાણી ઈન્ટરમીડીયેટસ પ્રાઈવેટ લીમીટડ | ૦૩ |
| ૧૨ | બીરલા કોપર/ઈન્ડાલકો ઈન્ડસ્ટ્રીઝ લીમીટડ | ૭૫ |
| ૧૩ | ગુજરાત આલ્કાલીઝ એન્ડ કેમીક્લ્સ લીમીટડ | ૪૦ |
| | કુલ... | ૬૭૨ |

## સાયન્સ સીટીનો વિદ્યાર્થીઓએ લીધેલ લાભ

**૧૯૬૪૫ : શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સાયન્સ સીટીના કાર્યક્રમો કેવી રીતે શાળાના બાળકોને ઉપયોગી છે, અને

(૨) શાળાના બાળકોને સાયન્સ સીટીમાં કોઈ ક્ન્સેસન આપવામાં આવતું હોય તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રત્યે અભિરૂચી કેળવાય તે માટે અલગ અલગ વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ, મહત્વના વેજ્ઞાનિક દિવસોની ઉજવણી, વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અને ચર્ચા વગેરેનું નિયમિત પણે આયોજન કરવામાં આવે છે, ગ્રામ્ય વિસ્તારના બાળકોના જ્ઞાનના વિકાસ માટે રેડિયો ઉપર દર મંગળવારે વિજ્ઞાનના વિષય પર જ્ઞાનવાણીનો જીવંત કાર્યક્રમ આપવામાં આવે છે, જેના દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તેમજ રાષ્ટ્ર ક્ક્ષાની વિવિધ શિષ્યવૃત્તિઓ તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેની માહિતી મેળવી શકે છે. તેમજ તેઓ રાષ્ટ્રીય ક્ક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ પોતાની કારકિર્દી બનાવવા માટેની એક તક પૂરી પાડે છે.

(૨) શાળાના બાળકોને સાયન્સસીટી ખાતે નીચે મુજબ ક્ન્સેસન આપવામાં આવે છે.

| ટીકીટનો ચાર્જ | સામાન્ય દર | | શાળા /કોલેજના વિદ્યાર્થીઓના ક્ન્સેશનલ દરો | |
|---|---|---|---|---|
| સુવિધા | સામાન્ય પુખ્ત | બાળકો | શાળા ગૃપ | કોલજ ગૃપ |
| પ્રવેશ | ૧૦/- | ૫/- | ૧/- | ૫/- |
| આઈમેક્સ ફિલ્મ | | | | |
| વોકીંગ ઓન ધ મુન | ૧૨૫/- | ૧૦૦/- | ૯૦/- | ૧૦૦/- |
| અવતાર | ૨૦૦/- | ૧૫૦/- | ૧૫૦/- | ૧૫૦/- |

૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોય તો થ્રીડી ફિલ્મ વોકીંગ ઓન ધ મુન રૂા. ૫૦/-માં બતાવવામાં આવે છે.

ઉપરાંત શાળાગૃપ માટે થ્રીલ રાઈડ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂા. ૨૫/- છે અને મીશન ટુ માર્સ રાઈટ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂા. ૩૦/- છે. તેમાં નીચે મુજબ ક્ન્સેસન આપવામાં આવે છે.

૨૫ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૦ %
૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૫ %
૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૦ %
૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૫ %

--------

**મુખ્યમંત્રીશ્રીની હવાઈ મુસાફરી**

૧૯૩૩૦ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ)** : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માન. મુખ્યમંત્રીશ્રીએ તા.૩૦/૧/૨૦૦૯ થી તા. તા.૩૧/૧/૨૦૧૧ સુધી કેટલી હવાઈ મુસાફરી કરી, અને

(૨) આ મુસાફરી પાછળ થયેલ ખર્ચ કેટલો?

**જવાબ**

(૧) માન. મુખ્યમંત્રીશ્રીએ તા.૩૦/૧/૨૦૦૯ થી તા.૩૧/૧/૨૦૧૧ સુધી ૧૧૪ વખત હવાઈ મુસાફરી કરી હતી.

(૨) આ મુસાફરી પાછળ રૂપિયા ૨૪,૮૭,૧૯૪.૬૨નો ખર્ચ થયો હતો.

--------

**દાહોદ જિલ્લામાં ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના બનેલ બનાવો**

૧૭૫૦૨ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર અને ચોરીના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) સરકાર દ્વારા જન સલામતી અને સુરક્ષા માટે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ બનાવો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ચોરીઓ |
|---|---|---|---|---|
| દાહોદ | ૧૨ | ૩૭ | ૩ | ૨૦૫ |
| ગરબાડા | ૯ | ૫ | ૨ | ૧૨ |
| **તાલુકાનું નામ** | **ખૂન** | **લૂંટ** | **બળાત્કાર** | **ચોરીઓ** |
| ધાનપુર | ૧૩ | ૧૦ | ૨ | ૧૩ |
| દેવગઢ બારીયા | ૮ | ૫ | - | ૩૭ |
| લીમખેડા | ૧૩ | ૮ | ૪ | ૧૭ |
| ફતેપુરા | ૭ | ૬ | - | ૨૬ |

(૨) જિલ્લામાં ગુના બનતા અટકાવવા જિલ્લામાં નાઇટ પેટ્રોલીંગ માટે જુદા જુદા રુટ ગોઠવી પેટ્રોલીંગ કરવામાં આવે છે. તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં સાંજે મોટર સાયકલથી ક્રોસ પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે. અવારનવાર વાહન ચેકીંગ રાખી શકમંદ ઇસમો ચેક કરવામાં આવે છે. તેમજ વીલેજ વીઝીટેશન કરવામાં આવે છે. અને ગામમાં પુરતો સમય ગાળી ગામના તમામ સમાજના આગેવાનોને મળી ગામનો કોઇ પ્રશ્ન જણાઇ આવે તો જરૂરી અટકાયતી પગલા લેવા જરૂરી સુચનાઓ આપવામાં આવે છે.

**યુનિવર્સલ સક્સેસ એન્ટરપ્રાઇઝ દ્વારા એમ.ઓ.યુ.**

૧૯૩૨૪ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) યુનિવર્સલ સક્સેસ એન્ટરપ્રાઇઝ દ્વારા ટાઉનશીપ અને પાવર પ્લાન્ટ માટે વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૭ અને ૨૦૦૯માં કેટલી રકમના એમ. ઓ.યુ. થયા, અને

**જવાબ**

(૧) યુનિવર્સલ સક્સેસ એન્ટરપ્રાઇઝ લી. ના ખાસ હેતુ માધ્યમ (એસપીવી) મે. યુનિવર્સલ ક્રેસેન્ટ પાવર પ્રા. લી. દ્વારા પાવર પ્લાન્ટ માટે વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમીટ ૨૦૦૯માં રૂા. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ દસ

(૨) આ પેકી ક્યા સ્થળે અને કેટલું મૂડી રોકાણ તા. ૩૦-૧-૨૦૧૧ સુધીમાં કરવામાં આવ્યું છે ?

વર્ષના ગાળામાં કરવા માટે એમ.ઓ.યુ. કરેલ છે.

(૨) આ પ્રોજેક્ટ માટેનું સુચિત સ્થળ ગોજીનેસ-ભોગટ, તાલુકો-કલ્યાણપુર, જિલ્લો-જામનગર છે. હાલમાં સદર પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં હોઇ મૂડી રોકાણ થયેલ નથી.

--------

**જીમખાનાના નામ હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિ**

૧૮૮૦૩ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં જિમખાનાના નામ હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલે છે તે હકિક્ત સાચી છે,

(૧) આ હકિક્ત સાચી નથી કારણ કે બાતમી કે ફરીયાદના આધારે સરકાર દ્વારા કરવામાં આવતી રેડ દરમિયાન આવી પ્રવૃત્તિ ધ્યાને આવતાં સબંધિત કાયદા હેઠળ પગલાં લેવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ, ખેડા અમદાવાદ અને વડોદરા જિલ્લામાં વર્ષવાર જિમખાનાઓમાં કેટલી રેડ કરવામાં આવી,

(૨) ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબ કુલ -૬ રેડ કરવામાં આવેલ છે.

| જિલ્લો | તા. ૧-૨-૦૮ થી તા. ૩૧-૧-૦૯ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | કુલ |
|---|---|---|---|---|
| આણંદ | ૦ | ૦ | ૦૪ | ૦૪ |
| ખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| અમદાવાદ (ગ્રામ્ય) | ૦૧ | ૦૧ | ૦ | ૦૨ |
| વડોદરા (ગ્રામ્ય) | ૦ | ૦ | ૦ | ૦ |
| વર્ષવાર કુલ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૬ |

(૩) કેટલા જિમખાનામાં ગેરકાયેદસર પ્રવૃત્તિઓ ચાલતી હોવાનું બહાર આવ્યું, અને

(૩) અમદાવાદ (ગ્રામ્ય) જિલ્લામાં બે જિમખાનામાં જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોવાનું બહાર આવ્યુ છે.

(૪) તેમની સામે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) જુગાર ધારાની કલમ-૪,૫ મુજબના ગુના દાખલ કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં વીજ ઉત્પાદનની પ્રક્રિયા**

૧૭૬૨૩ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં હાલ ક્યા પ્રકારે વીજ ઉત્પાદનની પ્રક્રિયા અમલમાં છે, અને

(૧) રાજ્યમાં હાલ જુદા જુદા બળતણ જેવા કે કોલસો, ગેસ, લીગ્નાઇટ, અણુશક્તિ, જળ, પવન, સોર, અને જૈવિક આધારિત વીજ ઉત્પાદનની પ્રક્રિયા અમલમાં છે.

(૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મેગવોટ ઉત્પાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે?

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૪૮૮ મેગાવોટ. ઉત્પાદનની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

આ ઉપરાંત પવન ઉર્જા (૫૧૨ મેગાવોટ) અને સોર ઉર્જા (૬ મેગાવોટ) મળીને બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત દ્વારા કુલ ૫૧૮ મેગાવોટ વીજ ઉત્પાદન મેળવવામાં આવ્યું છે.

--------

**હેલીકોપ્ટરનો નિભાવ ખર્ચ**

૧૯૩૩૧ **: શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૦-૧-૨૦૦૯ થી તા. ૩૦-૧-૨૦૧૧ સુધીમાં સરકારના વિમાન અને હેલીકોપ્ટરનો ઇંધણ, મરામત, સ્ટાફનો પગાર તથા હેલીપેડ અને એરપોર્ટના ઉપયોગ પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

તા. ૩૦-૧-૨૦૦૯ થી તા. ૩૦-૧-૨૦૧૧ સુધીમાં સરકારના વિમાન અને હેલીકોપ્ટરનો ઇંધણ, મરામત, સ્ટાફનો પગાર તથા હેલીપેડ અને એરપોર્ટના ઉપયોગ પાછળ કુલ રૂપિયા ૧,૫૧,૫૭,૭૪૭/-નો ખર્ચ થયો હતો.

**એસ.આર.પી.એફ. ગૃપ-૮ પોલીસની આરોગ્ય ચકાસણી**

૧૯૬૪૬ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ પોલીસદળમાં ફરજો બજાવતા કર્મચારી/અધિકારીઓના પરિવારના સભ્યોને આરોગ્યની ચકાસણી માટે સરકાર દ્વારા મફત મેડિકલ ચેકઅપની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો એસ.આર.પી.એફ. ગૃપ-૮ ગોંડલ હસ્તક ફરજો બજાવતા કેટલા અધિકારી/કર્મચારીઓના પરિવારના કેટલા સભ્યોની આરોગ્ય ચકાસણી તા. ૧/૧૦/૨૦૦૮ થી તા. ૩૦/૯/૨૦૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) એસ.આર.પી.એફ. ગૃપ-૮ ગોંડલ હસ્તક ફરજો બજાવતા ૭૯૨ અધિકારી/કર્મચારીઓના પરિવારના ૧૬૪૯ સભ્યોની આરોગ્ય ચકાસણી કરવામાં આવેલ છે.

**જિલ્લા સંકલન સમિતિમાં ગ્રામ વિકાસ એજન્સીઓની ગેરરીતીની અને પ્રગતિના પ્રશ્નોની ચર્ચા કરવા બાબત**

૧૭૪૧૪ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ જિલ્લા કક્ષાએ સંકલન અને ફરિયાદ સમિતિમાં જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની ગેરરીતીઓની, પ્રગતિની તથા કામોની ગેરરીતિ બાબતની ચર્ચા થઈ શક્તી નથી તેવો પરિપત્ર ક્યારે બહાર પાડવામાં આવ્યો,

(૨) વહીવટી પારદર્શક્તા લાવવા આવા પ્રશ્નો સંકલન અને ફરિયાદ સમિતિમાં પૂછી શકાય તે માટે સરકારે જરૂરી સુધારા કરવા અંગેની કેટલી રજૂઆતો તા. ૩૧-૧-૨૦૧૧સુધીમાં મળી, અને

(૩) તે બાબતે સરકારે શો નિર્ણય કરેલ છે?

**જવાબ**

(૧) આવો કોઈ અલગ પરિપત્ર બહાર પાડવામાં આવેલ નથી. પરંતુ જિલ્લા સંકલન સહ જિલ્લા ફરિયાદ સમિતિઓની સંરચના, કાર્યક્ષેત્ર અને કાર્યવિધિ અંગેના તા. ૧૬-૧-૧૯૯૫ના પરિપત્રની સંકલિત સુચનાઓમાં આવી સુચનાઓનો સમાવેશ થયેલ છે.

(૨) આવી કોઈ રજૂઆત મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં ખૂન, લૂંટ, ચોરી અને બળાત્કારના બનાવો**

૧૮૮૦૦ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકા દીઠ ખૂન, લૂંટ, ચોરી અને બળાત્કારના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) વધતી જતી ગુનાખોરીને ડામવા સરકારે ક્યા પ્રકારના પગલાં લીધા છે?

**જવાબ**

(૧) પત્રક-૧ સામેલ છે.

(૨) પત્રક-૨ સામેલ છે.

**પત્રક-૧**

| અ.નં. | તાલુકા | ૨૦૦૯ | | | | ૨૦૧૦ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર | ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર |
| ૧ | ગોધરા | ૧ | ૬ | ૧૦૨ | ૨ | ૧૧ | ૫ | ૮૫ | ૬ |
| ૨ | શહેરા | ૬ | ૧ | ૧૩ | ૦ | ૨ | ૧ | ૧૧ | ૦ |
| ૩ | મોરવા | ૨ | ૧ | ૭ | ૦ | ૪ | ૦ | ૨ | ૦ |
| ૪ | લુણાવાડા | ૪ | ૧ | ૩૧ | ૫ | ૫ | ૧ | ૧૫ | ૧ |
| ૫ | બાકોર | ૧ | ૦ | ૫ | ૦ | ૨ | ૨ | ૧ | ૦ |
| ૬ | કડાણા | ૨ | ૦ | ૪ | ૦ | ૧ | ૦ | ૪ | ૦ |
| ૭ | સંતરામપુર | ૩ | ૨ | ૨૦ | ૩ | ૩ | ૩ | ૧૦ | ૪ |
| ૮ | હાલોલ | ૪ | ૨ | ૬૪ | ૨ | ૮ | ૦ | ૪૩ | ૨ |
| ૯ | કાલોલ | ૭ | ૧ | ૨૩ | ૨ | ૩ | ૧ | ૧૦ | ૦ |
| ૧૦ | જાંબુઘોડા | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ઘોઘંબા | ૫ | ૩ | ૬ | ૦ | ૮ | ૩ | ૩ | ૦ |
| | કુલ : | ૩૫ | ૧૭ | ૨૭૮ | ૧૪ | ૪૭ | ૧૬ | ૧૮૪ | ૧૩ |

**પત્રક-૨**

ફરાર આરોપીઓને પકડવા માટે નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ હેઠળ વોરંટ મેળવી કાર્યવાહી કરવામાં આવે છે. ખાનગી તથા વિશ્વાસું બાતમીદારોથી આરોપી અંગેની ભાળ મેળવવાના ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવે છે. ઘરના માણસો, નજીકના સગા સંબંધીઓ તેમજ હેતુ મિત્રોની કડક તપાસ, વોચ ગોઠવી સંભવિત સ્થળો ઉપર આકસ્મિક અને છુપીરેડ કરી તેમજ આરોપીઓને લગતી સચોટ માહિતી પ્રસિધ્ધ કરી તેમજ ઈનામો જાહેર કરી આરોપીઓને પકડવાના પ્રયાસો કરવામાં આવે છે. ખૂન, લૂંટ, ચોરી અને બળાત્કાર માટે જાણીતા ગુનેગારોની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનના રેકર્ડ ઉપરથી મેળવી તેની પ્રવૃત્તિ ઉપર વોચ રાખવામાં આવે છે, તેમજ આવી મોડસ ઓપરેંડી ધરાવતા ગુનેગારો જેલમાં છૂટે ત્યારે તેઓના રહેણાંક અને તેઓના સાગરીતો ઉપર ખાનગી વોચ રાખવામાં આવે છે, સગાં સંબંધીઓ તેમજ છુપાવવાની સંભવિત જ્ગ્યાઓએ ખાનગી રાહે તથા બાતમી દાર મારફ્તે તપાસો કરવામાં આવે છે,

આ ઉપરાંત કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ નીચે મુજબનાં કેસો દાખલ કરવામાં આવેલ છે જેનાથી ગુનાઓ નિયંત્રણમાં છે.

| અ.નં. | કલમો | દાખલ કરેલ કેસની સંખ્યાવર્ષવાર | |
|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | સી.આર.પી.સી. ૧૦૭,૧૫૧ | ૧૩૪૧૭ | ૧૫૦૮૨ |
| ૨ | સી.આર.પી.સી. ૧૦૯ | ૧૧૨૭ | ૧૩૧૨ |
| ૩ | સી.આર.પી.સી. ૧૧૦ | ૩૮૪૯ | ૪૧૯૭ |
| ૪ | બી.પી. એક્ટ ૧૨૨ | ૨૦૨ | ૨૪૩ |
| ૫ | બી.પી. એક્ટ ૧૨૪ | ૦૯ | ૦૮ |
| ૬ | બી.પી. એક્ટ ૫૬, ૫૭ | ૪૯ | ૫૧ |

--------

**નવસારી જિલ્લામાં પોલીસ આવાસો**

૧૯૬૫૫ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નવસારી જિલ્લામાં કુલ કેટલા પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ કુલ કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) સન ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ના નાણાંકીય વષમાં નવસારી જિલ્લામાં કુલ-૯૪ પોલીસ ખાતાના રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૨) તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ અગાઉના વર્ષોના બાકી કામો સહિત કુલ-૧૩૨ આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.

# જળસંપત્તિ મંત્રીશ્રીનો ખુલાસો

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મંજૂરીથી આ સભાગૃહનો રેકોર્ડ યોગ્ય રહે અને આ હાઉસમાં જે કહવાયું છે તે સ્પષ્ટ થાય અને સત્ય બહાર આવે એટલા માટે આપની પરવાનગીથી હું આ મુદ્દો અહીં ઉપસ્થિત કરું છું. હમણાં જ પ્રશ્નોત્તરી દરમિયાન ૪-૩-૧૧ના દિવસે સિંચાઈ વિભાગની પ્રશ્નોત્તરી દરમિયાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ એમ કહેલ કે ગયા વર્ષે મેં

સિંચાઈ મંત્રીશ્રીને કહેલુ કે તમે મને પત્ર લખો, હું ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગમાંથી મંજૂરી અપાવવાનો પ્રયત્ન કરીશ. એ વખતે મેં એમને એમ કહેલ કે આપે આવું કીધું હોય તો મને ખ્યાલ નથી.. પ્રશ્નોત્તરી પત્યા પછી આપના વિધાનસભાના કાર્યાલયમાંથી ગયા વખતની જે ચર્ચા થયેલી તે ચર્ચા ૨૯-૩-૨૦૧૦ના રોજની હતી, એ ચર્ચાનું જે આખું રેકોર્ડ આવ્યું છે તે રેકોર્ડ મેં તપાસ્યું. અત્યારે જેમ આગલા પ્રશ્નમાં વાત કરી કે ભારત સરકારમાં રજુઆત કરશું અને મદદ કરશું. એમ એ વખતની મેં તપાસ કરી તો ગયા વખતે માનનીય શકિતસિંહજીએ રેકોર્ડ ઉપર એવું કશું જ મને કહયું નથી કે તમે મને પત્ર લખો હું ભારત સરકરમાં રજુઆત કરીશ, આ એટલા માટે કે રેકોર્ડ સ્પષ્ટ અને સાચો રહે તે માટે કહું છું કે એ વખતે એમણે કંઈ એવું કહયું નહોતું અને મેં એમને કોઈ એવું એસ્યોરન્સ નહોતું આપ્યું કે હું તમને પત્ર લખીશ અને માહિતી આપીશ, આ વાત રેકોર્ડ ઉપર છે, એમણે મારા ઉપર કહયું અને એમ કહયું કે તમે મને રેકોર્ડ મોકલ્યું નહીં, અને સિંચાઈ વિભાગે પત્ર લખ્યો નહીં માટે હું રજુઆત કરી શકયો નથી, તો એ વાત સાચી નથી. એવી કોઈ વાત એમણે તે વર્ષની પ્રશ્નોત્તરીમાં કરી નથી એ અહીંયા સ્પષ્ટ થાય છે એટલે એમની એ દિવસની તા. ૪-૩-૧૧નું એમનું એ રેકોર્ડ છે એમાં આ સુધારો કરવા મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જ મુદ્દો ગયા વખતના સત્રમાં માનનીય સભ્ય શ્રી અશ્વીનભાઈ કોટવાલે ઉઠાવ્યો હતો. પ્રશ્નોત્તરી દરમિયાન અને બજેટની ચર્ચા દરમિયાન આપ પણ જાણો છો કે આ મુદ્દાની ઘણી જ લાંબી ચર્ચાઓ થઈ હતી.. અને ત્યારે પણ અમારો સકારાત્મક અભિગમ હતો, આ મુદ્દાને લાગે વળગે છે ત્યાં સુધી આપના પર કોઈ આક્ષેપ કરવા માટેની મારી વાત નહોતી અને છે નહીં. માત્ર સભ્યશ્રીની લાગણી એમના વિસ્તારમાં એ તળાવ બને એ મહત્વનું છે અને રેકોર્ડમાંથી એ શબ્દો દૂર થાય તેનો કોઈ જ વાંધો નથી., આ વખતે પણ કહું છું અને અત્યારે ફરી રીપીટ કરું છું કે એ વિસ્તારમાં એ તળાવ માટે માનનીય સભ્યશ્રી અત્યંત સંવેદનશીલ છે એમણે મને અને આપને અનેકવાર રજુઆત કરી છે, એટલે આને રાજકીય મુદ્દો બનાવવાના બદલે અથવા આપના ઉપર કોઈ આક્ષેપ કરવાનો પણ આ મુદ્દો નથી. પણ આપણે સંયુકત રીતે આના માટે પ્રયત્ન કરીએ કે જેથી એમના વિસ્તારમાં આ તળાવ બનાવવા માટે મંજૂરી મળે અને વિભાગમાં પણ ઉત્સાહીત થઈને આ કામ પુરું થાય તેના માટેનો જ પ્રયત્ન છે.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ
# પોઈન્ટ ઓફ ઓર્ડર
### નવી સેવા માટેની માંગણી અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો માગણી ક્રમાંક ૧૩ ના સંદર્ભમાં છે. પુરક માગણીનું ખર્ચ પત્રક એમાં પાના નંબર ૩૫ ઉપર જે પુરક માગણી ૧૩ રજૂ થઈ છે. આ નવી સેવા તરીકે માગણી આવી છે. અને જયારે કોઈ પણ માગણી નવી સેવા તરીકે આવે ત્યારે તેના સંદર્ભમાં જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ, આ વિધાનસભાના માજી સચિવ શ્રી કાંતિલાલ પંચાલ લીખીત પુસ્તક છે તેના પાના નંબર ૪૯, ધેર ઈઝ નો ડીસ્પ્યુટ, ઈટસ એ ન્યુ ડીમાન્ડ, અને જયારે નવી સેવા તરીકે માગણી આવે ત્યારે "જાહેર ખર્ચ ઉપર વિધાનસભાનો અંકુશ" બુકના પાના નંબર ૪૯ ઉપર છે.

પાના નંબર-૪૯ ઉપર કોઈપણ માગણી અથવા તેનો કોઈ પણ ભાગ કોઈ નવી સેવા કે સેવાના નવા સાધન અથવા સહાયક અનુદાન કે લોનને લગતી હોય તે સેવા કે સેવાના સાધન અથવા સહાયક સાધનો કે લોનની બાબત અંગેનો ખર્ચ અંદાજ સમિતિએ નવી સેવા ગણવા માટેની નાણાકીય મર્યાદાઓની ભલામણ કરી છે.

ફકરા-૨ પાના નંબર ૪૯, તેના કરતાં વધારે હોય એવી નવી સેવાના સાધન અથવા સહાયક અનુદાન કે લોનને લગતી સઘળી બાબતોની વિગતો ખાસ સંજોગો હોય તે સિવાય તે માગવામાં આવે તેના નિદાન ત્રણ દિવસ અગાઉ સઘળા સભ્યશ્રીઓને પૂરી પાડવી જોઈએ તેવી વિધાનસભાના નિયમોમાં જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈને લીધે વિગતવાર અંદાજપત્ર જ્યારે તૈયાર કરવામાં આવે છે ત્યારે તેમાં નવી સેવાની બાબતોનો ખાસ ઉલ્લેખ કરીને તે સબંધમાં વિગતવાર સ્પષ્ટીકરણ આપવું જોઈએ. આઈ વિલ પોઝ ફોર એ મોમેન્ટ. આજે જે સપ્લીમેન્ટરી ડિમાન્ડ પૂરક માગણી ક્રમાંક ૧૩માં નવી સેવાઓ છે અને જ્યારે નવી સેવાઓ છે ત્યારે જે સ્પષ્ટીકરણ નોંધ આપવામાં આવી છે એ જોશો તો એ સ્પષ્ટીકરણ નોંધમાં નવી સેવા તરીકે અમને કોઈ માહિતી

પ્રાપ્ત થતી નથી. બને ત્યાં સુધી તો સપ્લીમેન્ટરી ડિમાન્ડમાં આપણે ત્યાં આવી નાણાકીય જોગવાઈ છે કે સપ્લીમેન્ટરી ડિમાન્ડમાં ન્યુ સર્વિસ ટાળવી જોઈએ. નવી સેવાઓ નહિ ઉમેરવી જોઈએ. નવી સેવા ઉમેરી છે એની સામે વાંધો નથી. બને ત્યાં સુધી એવોર્ડ કરવી જોઈએ પરંતુ સરકારને લાગ્યુ અને લાવી એની સામે વાંધો ન હોઈ શકે. પરંતુ નવી સેવા અંગેની સંપૂર્ણ વિગતો મળવી જોઈએ. આ જે વિગતો છે એમાં ભૂતકાળમાં શું થયું હતું એ પણ આપના મારફતે ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું એ સમયે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊઠ્યો અને એ વખતની આ ગૃહની ઉચ્ચ પ્રણાલિકાઓ તો જૂઓ કોઈ બીજું નહિ પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી ઊભા થઈને ખાતરી આપે છે. હવે તો પ્રશ્નોત્તરી સિવાય ગૃહના નેતા ગૃહમાં હાજર રહેતા નથી. પરંતુ ઈટ ઈઝ ફેકટ, આના સબંધમાં વિગતવાર સ્પષ્ટીકરણ આપવું જોઈએ આવા ઉલ્લેખથી સભ્યો આ બાબતથી પૂરતા માહિતગાર થઈ ચર્ચામાં ભાગ લઈ શકે છે. તા. ૨૫ જુલાઇ, ૧૯૬૭ના રોજ આ પ્રમાણે નવી સેવાને લગતી માહિતી અંદાજપત્ર પ્રકાશનમાં આપવામાં આવી નહોતી એના સબંધમાં પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો ઊભો થતાં મુખ્યમંત્રીશ્રીએ ગૃહને ખાતરી આપી હતી કે ભવિષ્યમાં આવી વિગતો સરકાર સભાગૃહને સમયસર આપશે. છેવટે અધ્યક્ષશ્રીએ જાહેર કર્યુ હતું કે માગણીની ચર્ચા આગળ ચાલશે અને માહિતી પાછળથી આપવામાં આવનાર છે તે અંગે જે સભ્યશ્રીને બોલવું હોય, કેટલી હાઈટ ઉપરની વાત હતી. The decsion of the Honorable Speaker at the relevant time, કેટલું સભ્યોનું રક્ષણ કરે છે? એમણે એમ કહ્યું કે માહિતી આપ્યા પછી પણ તેમણે ફરીથી ચર્ચામાં ભાગ લેવાની તક આપવામાં આવશે. આજે આ માગણી રોકી દેવાનો આગ્રહ નાથી રાખતો પરંતુ કમસેકમ નાણામંત્રીશ્રી પાસેથી હું એટલી અપેક્ષા તો રાખું કે ભવિષ્યમાં હું સમજી શકું છું કે નાણા વિભાગ મેં પણ સંભાળ્યો છે. આટલી બધી સેવાઓની બાબતમાં એકે એક વ્હાઇટ પેપર બુકનું પેઈઝ આપના માટે જોવું શકય નથી. પરંતુ વિભાગ આ ગૃહની પ્રણાલિકાઓને એટલી લાઈટલી ન લે કે સભ્યશ્રીઓના અધિકાર ઉપર તરાપ આવી જાય, સભ્યશ્રીઓને ચર્ચા કરવાની માહિતી ઉપર આ પક્ષના હોય કે આ પક્ષના હોય અમારા માટે તો આ પૂરક માગણીઓની વ્હાઇટ બૂક એ જ મુખ્ય આધાર છે ત્યારે એક નવી સેવા તરીકે ભવિષ્યમાં જ્યારે પણ આવે ત્યારે ઈન ડિટેઈલ we cannot have a satisfaction by just three lines કે અમે ત્રણ લાઈન લખી છે એટલે નવી સેવા આવી ગઈ આમાં હું સમય બચાવવા માટે વાચતો નથી. કશું જ મળતું નથી.
નવી સેવા તરીકે ભૂતકાળમાં જેમ કહ્યું હતું, મુખ્ય મંત્રીશ્રીએ ખાતરી આપી હતી, એટલીસ્ટ સભ્યશ્રીઓને નાણાકીય બાબતોમાં બન્ને પક્ષના સભ્યોની અનુકૂળતા મુજબ આપના વિભાગને તાકીદ કરીને માનનીય નાણામંત્રીશ્રી કહે એવી હું આપના મારફત વિનંતી કરું છું અને આ બાબતમાં ભૂતકાળના જે માનનીય અધ્યક્ષશ્રીઓએ નિર્ણય કર્યો હતો એવા નિર્ણયની અપેક્ષા રાખું છું.

**શ્રી વજુભાઈ વાળા**: માનનીય અધ્યક્ષશ્રી, જે માગણી ક્રમાંક-૧૩ છે તેમાં ત્રણ બાબત છે. તેમાં જે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટેની ૩૨૯.૨૫ કરોડની છે તેમાં GUVNL તેને શેરફાળા માટે થઈને ૧૯.૨૫ કરોડ છે અને કિસાન હિત ઉર્જા શકિત માટે થઈને ફાળો છે એ ફાળો આપવા માટેનો, ફાળાના બદલે લોનની અંદર કે લોનને ફાળામાં કન્વર્ટ કરવામાં બજૅટની જોગવાઈ હતી. પરંતુ જે ૬૩ કરોડ અને ૧૪૭ કરોડની જે વાત છે. તેમાં હકીકત એવી છે કે બજૅટ રજૂ થઈ ગયા પછી આયોજન પંચ પાસે જ્યારે ગયા અને આયોજન પંચે આપણને ૫૦૦ કરોડ રૂપિયા વધારવાની છૂટ આપી ત્યારે આયોજન પંચે આપણને વાર્ષિક યોજનાની ચર્ચા માટે થઈને ૫૦૦ કરોડના વધારે પ્લાનની રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ અને જેમાં સોલાર પાર્ક સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ અને આ યોજના ૨૧૦ કરોડ રૂપિયાની હતી. તેમાંથી કેન્દ્રએ અને આયોજન પંચે કહ્યું કે એમાંથી ૩૦ ટકા રકમ અમે આપીશું. એટલે ૨૧૦માંથી ૩૦ ટકા એટલે ૬૩ કરોડ રૂપિયા આયોજન પંચ દ્વારા ફાળવવા માટેની વાત કરી. એ ૬૩ કરોડ રૂપિયા આપતા હોય તો ૨૧૦ના ૩૦ ટકા આપે તો ૭૦ ટકા આપણા ફાળવવા પડે. એટલા માટે થઈને ૧૪૭ કરોડ છે એ આપણે ફાળવવા માટેનું આ આયોજન કરેલ છે. એટલે આ બજૅટ રજૂ થઈ ગયા પછી આની અંદર છે અને મારી ચારેય બુક છે તેમાં પણ ચારેય આઈટમની આ રજૂઆત કરી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારી માગણી છે કે આપ જે કહો છો તેમાં પેટા-૨(૩૫) ઉપર સરકારે તેની કિસાન હિત ઉર્જા શકિત યોજના માટે GUVNLના શેર મૂડીફાળા તરીકે સો એન્ડ સો રૂપિયા ઉપલબ્ધ કરાવવાનું નક્કી કર્યું છે. ખર્ચની આ નવી સેવા અંગેનું છે. એટલે આપ જે અત્યારે ગૃહને માહિતી આપો છો કે શા માટે આ નવી સેવા લાવવામાં આવી? એ આપે અહીંયા આપવી જોઈતી હતી કે જેથી સભ્ય જ્યારે ચર્ચા કરે, કાલે રાત્રે સભ્ય વાંચવા બેઠો હોય કે આજે મારે આમાં ચર્ચા કરવી છે તો તેની પાસે કલેરીટી હોય કે નવી સેવા શા માટે લાવ્યા અને શા માટે આ વિધાનસભા ગૃહે મંજૂરી આપવી જોઈએ અને એટલા માટે પૂર્વાધ્યક્ષના નિર્ણયો અને એ વખતના મુખ્યમંત્રીશ્રીની ખાતરી કે આ બધી જ વિગતો અમે આમાં મૂકીશું. આ વિગત આમાં હોવી જોઈએ. મારો એટલો જ મુદ્દો છે. શા માટે આપ લાવ્યા છો. એ મારો ટર્ન આવશે, હું બોલીશ કે આપ શું કામ લાવ્યા, આપે

લાવવું જોઈતું હતું, નહોતું લાવવું જોઈતું, એ અત્યારે રીલેવન્ટ નથી. આપ એટલી ખાતરી આપો કે ભવિષ્યમાં જ્યારે નવી સેવા હોય ત્યારે ગમે તે પક્ષના સભ્ય વાંચવા બેસે અને આપણાં ભૂતકાળના નિર્ણયો છે. નવી સેવા તરીકેની ડિટેઈલ અમને મળવી જોઈએ. મારો મુદ્દો માત્ર આટલો જ છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સવાલ નથી. જે કાંઈ આમાં લખવા માટે થઈને ડિટેઈલમાં વસ્તુ જોઈ સભ્યોની જાણકારી માટે થઈને આ રાજય સરકાર તૈયાર છે. આજે નહીં આપી હોય તો આ ધ્યાન આ વિભાગમાં નહીં પણ બીજાં વિભાગની પણ નવી સેવાઓ આવશે તો જે ફક્ત આ કામ માટે આટલા રૂપિયા, આ કામ માટે આટલા રૂપિયા તેના બદલે નવી સેવાનું ડિટેઈલમાં તેનો ઉદ્દેશ શું છે એ ઉદ્દેશ સહિત ભવિષ્યમાં નોંધ કરવામાં આવશે.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું સને ૨૦૧૦-૧૧ના વર્ષના પૂરક પત્રના સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની માનનીય રાજયપાલશ્રીની *સિફારીશ વાંચી સંભળાવીશ.

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**માગણી ક્રમાંક-૧૩**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજના સેવાને લગતી ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગની મૂડી ખર્ચ માટેની રૂા. ૩,૨૯,૨૪,૯૮,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરુ છું.

**પૂરક માગણી ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**ગૃહ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨,૩૫,૩૪,૫૮,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક : ૪૩ રજૂ કરુ છું.

**પૂરક માગણી ક્રમાંક: ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

શ્રમ અને રોજગાર વિભાગ

**માગણી ક્રમાંક-૫૭**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૭૪,૭૦,૬૧,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક: ૫૭ રજૂ કરુ છું.

**પૂરક માગણી ક્રમાંક: ૫૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટી સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫૨,૪૫,૨૨,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક: ૭૮ રજૂ કરુ છું.

**પૂરક માગણી ક્રમાંક: ૭૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી કાનજીભાઈ રા. તળપદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરુ છું.

*માનનીય નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૧ના વર્ષ માટેની પૂરક માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારીસ વાંચીસંભળાવી.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૭૭,૯૪,૯૬,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક: ૯૩ રજૂ કરુ છું.

**પૂરક માગણી ક્રમાંક: ૯૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી સોમવાર, તા.૭મી માર્ચ, ૨૦૧૧ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં. ૧૩** | | |
| ૧.* | ૪૮૦૧- વીજળી....જોગવાઈ<br>૦૫- પ્રસારણ અને વિતરણ<br>૧૯૦ -જાહેર ......રોકાણ<br>૦૮- રાજયમાં ........ફાળો<br>રકમ રૂા.૬૩,૦૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૩૪-૩૫ | ૧૦૦ | સોલાર પાર્કની વિજળીનું ઉત્પાદન ખર્ચ અને વપરાશકર્તાઓની માહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **ગૃહ વિભાગ<br>માગણી નં.૪૩** | | |
| ૨. | ૨૦૫૫- પોલીસ<br>૧૦૧- ગુનાશોધ .... તકેદારી<br>૦૧- છુપી ..... ખાતુ<br>રૂા.૨,૯૪,૭૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૯૯-૧૦૦ | ૧૦૦ | છુપી પોલીસની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલ પટેલ |
| ૩. | --"-- | ૧૦૦ | છુપી પોલીસ દવારા ગુનાઓનો ભેદ ઉકેલવામાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ.અનિલભાઈ જોષીયારા |
| ૪.* | ૨૦૫૫- પોલીસ<br>૧૦૯- જિલ્લા પોલીસ<br>૧૦ -વિદેશીઓને ...... જાપ્તો<br>રૂા. ૯૯,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૯૯- ૧૦૦ | ૧૦૦ | વિદેશીઓની નોંધણી કચેરીમાં અધિકારીઓની હાજરીની નિયમિતતા અંગે વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. | --"-- | ૧૦૦ | વિદેશીઓની નોંધણી અને જાપ્તા કચેરીમાં વિદેશીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની | શ્રી જોધાજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા | |
| | | **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં.૫૭** | | |
| ૬. | ૨૨૩૦- શ્રમ અને રોજગાર<br>૦૧- શ્રમ<br>૦૦૧- નિર્દેશ અને વહિવટ<br>૦૧- શ્રમ આયુકત<br>રૂા. ૯૦,૭૬,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૩૩ | ૧૦૦ | શ્રમ આયુકતની કચેરીમાં પડતર પ્રશ્નોનું નિરાકરણ કરી તેને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૭. | ૨૨૩૦ -શ્રમ અને રોજગાર<br>૦૧- શ્રમ<br>૧૦૩- સામાન્ય મજૂર કલ્યાણ<br>૦૪- શહેરી .......સુરક્ષા<br>રૂા. ૨,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૩૩-૧૩૪ | ૧૦૦ | શહેરી વિસ્તારના અસંગઠિત મજૂરોને સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૮.* | ૨૨૩૦- શ્રમ અને રોજગાર<br>૦૨- રોજગાર<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-રોજગાર .......વિસ્તરણ<br>રૂા. ૧,૮૭,૫૦,૦૦૦<br>પૂરકપત્રક પા.નં.૧૩૩-૧૩૪ | ૧૦૦ | રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને નોકરીની તકો સમયસર પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯. | --"-- | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં.૭૮** | | |
| ૧૦. | ૨૦૫૩- જિલ્લા વહીવટ<br>૦૯૩- જિલ્લા કર્મચારી વર્ગ<br>૦૭- એલ એન ડી.- ૬<br>જમીન ......સામાન્ય<br>રૂા.૪,૦૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૦૮ | ૧૦૦ | જમીન દફતરના કોમ્પ્યુટરાઈઝેશનની કામગીરીને ક્ષતિરહીત અને ઝડપી બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાનજીભાઈ તળપદા |
| ૧૧. | --"-- | ૧૦૦ | જમીન દફતરની કામગીરી માટે કોમ્પ્યુટર નિષ્ણાતોની ઘટ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૨. | ૨૦૫૩-જિલ્લા વહીવટ<br>૦૯૪- અન્ય કર્મચારી વર્ગ<br>૦૧- પેટા ........ અધિકારીઓ<br>રૂા. ૪૮,૪૫,૨૨,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૦૮ | ૧૦૦ | જિલ્લા/તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીઓની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૧૩. | --"-- | ૧૦૦ | તલાટીઓ દવારા જમીનોની એન્ટ્રીઓમાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજનભાઈ પટેલ |
| ૧૪. | --"-- | ૧૦૦ | મામલતદારો ફરજ પર નિયમિત હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| | | **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૯૩** | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.* | ૨૨૨૫- અનુસૂચિત .....કલ્યાણ<br>૦૨- અનુસૂચિત .....કલ્યાણ<br>૨૭૭- શિક્ષણ<br>૦૩-બીસીકે-૬-૧ભારત.....<br>.....શિષ્યવૃત્તિઓ ( કે.પુ.યો )<br>રૂા. ૬૧,૮૪,૫૨,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૬૭-૨૬૮ | ૧૦૦ | એસ.એસ.સી. પછીના વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની શિષ્યવૃત્તિ સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૬.* | ૨૨૫૧- સચિવાલય.... સેવાઓ<br>૦૯૦- સચિવાલય<br>૦૧- સામાજિક..... વિભાગ<br>રૂા. ૪૫,૭૭,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૬૮ | ૧૦૦ | આદિજાતિઓને મળવાપાત્ર હકકો સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭.* | --"-- | ૧૦૦ | આદિજાતિઓ માટે ફાળવવામાં આવતી રકમનો પૂરેપૂરો અને યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## પૂરક માગણીઓની ચર્ચાના અવકાશ અંગે

**અધ્યક્ષશ્રી** : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. આ ચર્ચા દરમિયાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે.

આ વિષયે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું. આ જોગવાઈ મુજબ પૂરક માગણીઓ પર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટ કે તે ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણી હોય તે બાબત પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગે અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાને લગતી માગણીના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ જે બાબતે સભાગૃહમાં મત લેવાનો છે તે બાબત પૂરતી મર્યાદિત રાખવી જોઈએ. માનનીય સભ્યશ્રીઓએ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દા ખાસ ધ્યાનમાં રાખે એવી હું આશા રાખું છું.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)(ક્રમશઃ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં કદાચ ક્યારેય ન આવી હોય એટલી મોટી પૂરક માગણીઓ લઈને આવ્યા છે. આ પૂરક માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એમાંના કેટલાક મુદ્દા તરફ આપના મારફત આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. કોઈપણ પ્રજાકીય નાણાનો લોકશાહીમાં અંકુશ છે એ પ્રજાનું ચૂંટાયેલ પ્રતિનિધિઓનું ગૃહ છે એ સર્વોત્તમ અંકુશ છે. અનેક નિષ્ણાંતોએ એ બાબતો લખી છે કે સરકાર જ્યારે ખર્ચાઓ કરે ત્યારે Government is accountable to the House. આ હાઉસ સુપ્રીમ છે. ગૃહની મંજૂરી વગર ખર્ચાઓથી દૂર રહેવું જોઈએ. પૂરક માગણીઓ છે એ કંઈક જુદા પ્રકારે આવી છે. નવી સેવાઓ તરીકે આવી છે. કેન્દ્ર સરકારે ૨૧૦ કરોડ રૂપિયા આપ્યા, આપણે લેવા માટે પ્રયત્નો કર્યા, ઘણી બધી વાતો, ઘણી બધી ચર્ચાઓ થઈ શકે. માગણી ક્રમાંક : ૧૩ ઉપર હું આવું છું. I know my scope and scope is very limited when it comes to Supplementary Demand. I will not move beyond the scope. મારા સ્કોપની મર્યાદામાં જ મારી વાત કરવાનો છું અને ત્યારે સોલાર પાર્ક માટે આ રાજ્ય સરકારે તે વખતના બજેટમાં જોગવાઈ કરી ન હતી. રાજ્ય સરકારને બજેટની રજૂઆત થઈ ગયા પછી નવી સેવા તરીકે આપ આ વાત લઈને આવ્યા. પરિસ્થિતિ શું છે એ આપણે સૌએ સમજવી પડશે. હું આપના મારફત કેટલા મુદ્દાઓ એવા મૂકવા માગું છું કે કદાચ અહીંયા (હૃદય તરફ નિર્દેશ કરીને) હાથ મૂકીને કોઈપણ આ વાત વિચારે તો આ પૂરક માગણી છે એ કોઈ સંજોગોમાં મંજૂર ન કરી શકાય એ પ્રકારની છે. એટલા માટે હું કહું છું કે, ક્લીન એનર્જી, ગ્રીન એનર્જીના નામે આપણે કામ કરવાનું હોય છે. એ કામ થાય, પર્યાવરણનું રક્ષણ થાય એ આવકારદાયક બાબત છે. કોઈપણ રાજ્ય પોતાના રાજ્યની જનતાના હિતની ચિંતા કરીને આ કરે. સોલાર એનર્જીથી વીજ ઉત્પાદન થાય એની એક મર્યાદા પણ કરી છે કે ૧૩ રૂપિયાથી લઈને ૧૫ રૂપિયા સુધીમાં આપ યુનિટ ખરીદો. એ જ યુનિટ ગુજરાત સરકાર પોતે પેદા કરે તો ઘણું સસ્તુ થાય. કોઈ પેદા કરતું હોય તો

એની પાસેથી લો તો સસ્તી પડે. કેન્દ્ર સરકાર, હું માનું છું કે ૨.૨૦ પૈસા જેવી કિંમતે જે યુનિટ આપે છે એ યુનિટ સોલાર એનર્જીમાં આપ ૧૩ થી ૧૫ રૂપિયાએ ખરીદવાના.
નવાઈની વાત તો એ છે કે અહીંયા તમે ૧૩ થી ૧૫ રૂપિયા નહિ ૧૫ રૂપિયે જ ખરીદવાના છો. ૧૫ રૂપિયે યુનિટ ખરીદવાના છો. જો યુનિટ આપ પેદા કરો તો સસ્તું હોય, કેન્દ્ર સરકાર આપે તો ૨.૨૦ પૈસા હોય, ૧૫ રૂપિયે ખરીદવાની વાત આવે ત્યારે કેવી રીતે આ સરકારમાં ચાલે છે એના તરફ મારે આપનું ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પરિસ્થિતિ ગુજરાતમાં છે કે કોઈ એક સરપંચ ગ્રામ પંચાયતમાં ડંકી રિપેર કરાવવા માગતો હોય અને ડંકી રિપેર કરાવવાના ૫૦૦૦ રૂપિયાનું કામ એ જો ટેન્ડર બહાર પાડ્યા વગર આપે તો એ સરપંચે કોમ્પ્પીટેટીવ બીડ મંગાવ્યા નથી, ટેન્ડર મંગાવ્યા નથી. સ્પર્ધાત્મક ભાવ મંગાવ્યા વગર સરપંચ આ કામ સરપંચે આપ્યું માટે સરપંચને એના હોદ્દા પરથી દૂર કરવામાં આવે છે આવા એક નહિ અનેક દાખલા હું આપને બતાવું. એ બાબતને આવકારું કે પ્રજાના નાણામાં સ્પર્ધાત્મક ભાવ અને પારદર્શક હોવા જોઈએ પણ એ સરપંચને આપણે દૂર કરીએ છીએ એ નિયમ આપણને ના લાગું પડે? સોલાર વીજળી ખરીદવાની હોય, આપે ૨૦૦ હેકટર જમીન આપવાની હોય, આપે અનેક લાભો આપવાના હોય અને આપ એને ખાતરી આપો છો કે ૨૫ વર્ષ સુધી તારી પાસેથી વીજળી હું ૧૫ રૂપિયાના ભાવે ખરીદીશ. માનનીય અધ્યક્ષશ્રી, કલ્પના કરો કે આજે જે વીજળી ૨.૨૦ પૈસા મળે છે એ વીજળી ૧૫ રૂપિયે આપ ખરીદવાના અને ૧૫ રૂપિયા બે-ચાર મહિના માટે નહિ પણ ૨૫ વર્ષ સુધી તમે એની પાસેથી ૧૫ રૂપિયે ખરીદવાના. મને એનો વાંધો નથી. તમે નક્કી કરો કે we want to encourage people કે સોલાર એનર્જી માટે લોકો ગુજરાતમાં આવે એને મારે encourage કરવા છે. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ (બેઠાં બેઠા)** : તો પછી જવાબ સાંભળવા બેસજો. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ચોક્કસ હું કોઈ દિવસ બોલીને જતો નથી. માનનીય સૌરભભાઈ મને એવી આદત નથી. મને તમે જે જતા રહે છે એને કહી શકતા નથી, એ એક કલાકથી વધારે બેસતા નથી, જેની સાંભળવાની ફરજ હોય છે મને કહીને એને શું કામ સંભળાવો છો? (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર,

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ક્યાં આવે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું મૂકું પછી કહે જોને કે કયાં આવે? ના આવે તો એ પછીની વાત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમારે મને લાગે છે કે ચગાવીને મુખ્યમંત્રી ગેરહાજર રહે છે એ વધારે ચગાવવું હોય તો મને વધારે લાભ મળે છે. બોલોને પૉઈન્ટ ઑફ ઑર્ડર ચાલો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય કરવાનો છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## સભાગૃહના નેતાની ગેરહાજરી અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : હું પૉઈન્ટ ઑફ ઑર્ડર કહું એ તો સાંભળો તમે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર. છે. આ સભાગૃહમાં કયા સભ્યશ્રીએ કેટલો સમય બેસવું, કયા મંત્રીશ્રીએ કેટલો સમય બેસવું, મુખ્યમંત્રીશ્રીએ કેટલો સમય બેસવું એના કોઈ ચોક્કસ નિયમો નથી. ૧૫ વર્ષ સુધી ૧૯૯૦ થી માંડીને ૧૫ વર્ષ સુધી આ ૨૦ વર્ષમાં ૧૫ વર્ષ આ સન્માનનીય સભાગૃહમાં બેસવાનો મને લાભ મળ્યો છે. ભૂતકાળમાં સ્વ. ચિમનભાઈ પટેલ, સ્વ. છબીલદાસ મહેતા પછી શંકરસિંહજી, દિલીપભાઈ આ બધા જ મુખ્યમંત્રીઓ રહી ચૂકયા છે. આ ગૃહમાં કોણ અહીંયા બેસતા હતા? કોઈ મુખ્યમંત્રીશ્રી પૂરો સમય બેસે (અંતરાય) એવું કમ્પલઝન કરી શકાય નહીં. તમારે ત્યાં સભ્યને સાચવવા હોય, (અંતરાય) બળવો થતો હોય તો બેસવું પડે. (અંતરાય) બાકી હાઉસ સારી રીતે ચાલે એ જોવાનું કામ માનનીય અધ્યક્ષશ્રીનું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : (અંતરાય) એમનો મુદ્દો સાંભળી લીધો આપે ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, મારા મુદ્દા ઉપર તો I cannot compel him. Let me place my thing on record...(અંતરાય )

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનીય વિપક્ષના નેતા દ્વારા (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમનો મુદ્દો કહી દીધો છે. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારો મુદ્દો હજુ બાકી છે. (અંતરાય) મુદ્દો તો સાંભળો તમે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં ભાષણ ના હોય (અંતરાય) એમણે મુદ્દો ક્હ્યો કે એમને ફરજ ના પાડી શકાય. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર છે એના અંગે અધ્યક્ષશ્રી, કહેશે. શકિતસિંહજી કે હું સમજી ગયો(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમનો મુદ્દો એટલો છે કે એમને કંપેલ કરાય કે નહિ? માનનીય અધ્યક્ષશ્રી એ મુદ્દો સાંભળી લીધો I cannot compel him. Let me place my thing on record. In Point of Order, there cannot be any lecture. (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : નો લૅક્ચર હું વિગતવાર મુદ્દો મૂકું છું

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : You will have to listen. He will have to listen to me. There cannot be any lecture. If he has any document in support of his point...... (અંતરાય) એમના મુદ્દાના સમર્થનમાં કોઈ પૂર્વ નિર્ણયો હોય, (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : મારી વાત તો સાંભળો (અંતરાય) મારી વાત તો મને રજૂ કરવા દો (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમના મુદ્દાના સમર્થનમાં કોઈ સંસદીય પ્રણાલિકા હોય, (અંતરાય) ભાષણ થોડું હોય સાહેબ, (અંતરાય) એમણે કહ્યો એમનો મુદ્દો, હવે મારે કહેવાનું હોય (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : મારી વાત પૂરી થાય પછી કહેજો. તમારે જે કહેવું હોય તે કહેવાની છૂટ છે. (અંતરાય) મારી વાત તો પૂરી કરવા દો મને. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી કહું છું કે કોઈ સભ્યશ્રી, કોઈ મંત્રીશ્રી, કોઈ મુખ્યમંત્રી પોતાના કામકાજનો વિષય ના હોય એ સિવાય ગૃહમાં કેટલું બેસે કે ના બેસે એ એમની મરજીની વાત છે કોઈ કહી શકે નહિ. એટલા માટે આ વારંવાર કટાક્ષની ભાષામાં માનનીય શકિતસિંહજી આ મુદ્દો મૂકે છે. ભૂતકાળની સરકારોમાં જોઈ લે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એમને કહ્યો એમનો મુદ્દો, હવે મારે કહેવાનું છે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : મારી વાત પૂરી થાય પછી કહેજો.

**કોઈ મુખ્ય મંત્રીશ્રી કોઈ મુખ્ય મંત્રી ગુજરાતમાં (અંતરાય)**

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** હવે એમનો મુદ્દો પૂરો થઈ ગયો, હવે એ રિપિટ કરે છે (અંતરાય)

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ :** સતત અહીં બેસવા બંધાયેલા નથી એટલા માટે એમને આ બાબતમાં એમને રોકવામાં આવે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણી વિધાનસભાની કાર્યવાહી, નિયમો અને પ્રણાલિકાઓથી ચાલે છે. અમને તમામ માનનીય સભ્યશ્રીઓની સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તક ભાગ-૧ અને ૨ આ બંને સચિવશ્રી, ટી.એસ.બારોટે આ વિધાનસભાએ આપ્યા છે. આ બૂક બહારથી નથી લઈ આવ્યા. આપના ધ્વારા અપાયેલી આ પુસ્તિકા છે. જે અમારા માટે ગીતા ગણીએ તો ગીતા છે, અમારા માટે પ્રસ્થાપિત પ્રણાલિકા છે. માનનીય નીતિનભાઈ આ બૂકને આપ વાંચજો એમાં લખ્યું છે કે, સામાન્યત: વિરોધપક્ષના નેતા (અંતરાય) હું આપને આખી, આપ વાંચજોને, એટલી મહેનત તો કરો સંસદીય બાબતોના મંત્રી છો, પેઈજ મોઢે હોવું જોઈએ, સંસદીય બાબતોના મંત્રીશ્રીને કે આ પેઈજ જો એ ના હોય, હું એ આપને આપીશ. સાહેબ પેઈજ પણ આપીશ અને ટેબલ પર પણ મૂકીશ. માનનીય અધ્યક્ષશ્રી, ૩૦૦ની નથી, (અંતરાય) તમને ખબરેય નથી કે આમાં કેટલા પાના છે. એટલે જ કહું છું, તમારા અનુભવ, માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ વિરોધપક્ષના નેતા બોલવા ઊભા થાય ત્યારે આ ગૃહમાં ગૃહના નેતા સાંભળવા ઉપસ્થિત રહે છે તેવી પ્રણાલિકા છે અને હું જો આમાં ખોટો હોંઉ આ પુસ્તિકામાંથી એ ન નીકળે, માનનીય અધ્યક્ષશ્રી, તો આપ જે સજા ફરમાવો અથવા મને આપ વિશેષાધિકાર સમિતિ સામે તહોમતદાર તરીકે ઊભો રાખો તો હું તહોમતદાર તરીકે વિશેષાધિકાર સમિતિ પાસે ઉપસ્થિત રહેવા તૈયાર છું કે, ગૃહનો વિરોધપક્ષનો નેતા જ્યારે બોલતો હોય ત્યારે આ ગૃહમાં ગૃહના નેતા સામાન્યત: હાજર રહે છે. એકાદી વખત સમજી શકાય. ત્યાં બેસીને સી.સી.ટી.વી.માં જોવું એના કરતાં અહીંયા બેસવામાં શું તકલીફ પડે ? અને એટલા માટે મેં ઉલ્લેખ કર્યો અને માનનીય અધ્યક્ષશ્રી, અમે તો સંસદીય પ્રણાલિકાના હિતેચ્છુઓ છીએ એટલે અમને દુ:ખ થાય છે કે આ પ્રકારની પ્રણાલિકા નહીં પાડો. એમને હું કમ્પેલ નથી કરવા માગતો પણ જ્યારે મને સૌરભભાઈએ બેઠા બેઠા ખલેલ કરી નહીંતો હું મારા પ્રવચનમાં પણ હું જાણું છું કે, સપ્લીમેન્ટરી ડિમાન્ડસ્‌માં હું પોલીટીકલ ઓબર્જવેશનના બદલે ફેકટસ્ રજૂ કરતો હોંઉ ત્યારે એ બેઠા બેઠા બોલ્યા કે, હાજર રહેજો. હું સમજી શકું છું એ કે, ત્યાં ન કહી શકે એટલે મને કહીને આ કહેવાયું એટલે મારે એનો જવાબ.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈ મંત્રીશ્રીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે એમાં કયા સભ્યે કેટલો બેસવું એ સભ્યશ્રી પોતે નક્કી કરતા હોય છે અને બંને પક્ષના દંડકો એ કાર્ય સંભાળતા હોય છે એટલે એ વિષયની ચર્ચા આપણે ટૂંકાવી, શકિતસિંહભાઈ આપ.પૂરક માગણીઓ પર ચર્ચા આગળ ચલાવો.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)(ક્રમશ:)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે, આપણે પારદર્શક પ્રક્રિયા અપનાવવી જોઈએ, ટેન્ડરની પ્રક્રિયા અપનાવવી જોઈએ અને સોલાર એનર્જી માટે તમે કોને શું ફાયદા આપવા માગો છો? કોની સાથે પી.પી.એ. કરો છો? અને એ પી.પી.એ. કરતા પહેલાં ઈન્ટરનેશનલ બિડિંગ કરાવવું જોઈએ. કારણ કે, આ નાની સુની વાત નથી. આપના આપેલા લાભો, આપે આપેલી જમીનો અને એ બધાથીએ એક ડગલું આગળ વધી, આપના ધ્વારા ૨૫ વર્ષ સુધી હું સમજતો હોઉ તો કારણ કે, અહીંયા નવી સેવામાં અમને તો બધી વિગતો આપવી જોઈએ એ નથી આપી એટલે એ મારી વ્યથા મેં પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં ઠાલવી, માનનીય નાણા મંત્રીશ્રીએ પોઝેટિવ કહ્યું પણ ખરું કે ભવિષ્યમાં કાળજી રાખીશું જો એ મારી પાસે આજે હોત ને, હું માનનીય અધ્યક્ષશ્રી, કામગીરી અંદાજપત્ર પણ વાંચતો હતો. કિપીંગ ઈન માઈન્ડ કે કામગીરી અંદાજપત્રમાંથી મને કદાચ આજે લગતી વિશેષ માહિતીઓ પ્રાપ્ત થાય પરંતુ ૫૦૦ મેગા વોટ ગુજરાત સોલાર ઉપર આ ફેઝ-૧ અને એ આખું વાંચ્યું મે અને એક મેગાવોટ સોલાર વીજ યોજના આ પણ વાંચ્યું. માનનીય અધ્યક્ષશ્રી, મને જે માહિતી જોઈએ, એક સભ્ય તરીકે પી.પી.એ. કરતા પહેલાં આપણે શું કરવા માગીએ છીએ ? આપ પૂરક માગણી લઈને આવો છો ત્યારે આપે એ સ્પર્ધાત્મક ભાવો મંગાવ્યા ખરા ? કેન્દ્ર સરકાર નહીં આખું વિશ્વ કહે છે કે, ગ્રીન અને ક્લીન એનર્જી તરફ આગળ વધો.

મોટાભાગના દેશો અને મોટાભાગના રાજયો ઈચ્છે પણ ખરા પરંતુ બે પલ્લા પણ જોવા પડે. રાજય કે રાષ્ટ્ર વિકાસશીલ હોય અને વિકસીત હોય, વિકસીત દેશો આજે મોટી વાતો કરે છે પણ એણે વિકસિત બનતા પહેલા આ દુનિયામાં મેકસીમમ પોલ્યુશન આપી દીધું છે. હવે આપણા ઉપર સ્ટાન્ડર્ડ બેસાડવા માગે છે. આપણે પણ એને સહયોગ આપીએ એ સમજી શકાય. એના માટેના કેટલાક ધોરણો છે. હું માનું છું ત્યાં સુધી માનનીય મંત્રીશ્રી ઈઝ એ બેસ્ટ જજ. દસ ટકા છે આ કરવાનું. દસ ટકા આપણે કરવું જોઈએ. આ નવી સેવામાં આ બધું હોતને તો હું કયાંય બોલતા પહેલાં એને વધારે ઉંડાણથી જોઈ શકયો હોત. મને નથી આપ્યું એટલે મારી પણ મુશ્કેલીઓ છે. એક હજાર મેગાવોટ લીંક પી.પી.એ. આપે સાઈન કર્યા છે. This is my information, If I am wrong you may coorrect it. આ એક હજાર મેગાવોટ લાવવા માટે આપે ૯૦૦ મેગાવોટ સોલારના જે પી.પી.એ. કર્યા છે એ પ્રમાણે પચ્ચીસ વર્ષ સુધી પંદર રૂપિયે વીજળી ખરીદવાના. પંદર વર્ષ સુધી આ વીજળી ખરીદવાના એમાં આપને મારી દ્રષ્ટિએ જે કરવું જોઈતું હતું એ કેન્દ્ર સરકારના પૈસાનો લાભ પણ લઈ શકાય. ૩૦૦ થી ૫૦૦ મેગાવોટ માટે જ પડવું જોઈતું હતું. નવસોથી હજાર મેગાવોટની અંદર નહીં જવું જોઈતું હતું કારણકે તમારા ઉપર કમ્પલ્ઝન નથી અને હોય તો પણ આપણે કયાંય બારી શોધવી પડે. ગુજરાતના હિતમાં શોધવી પડે એટલા માટે શોધવી પડે કે પંદર રૂપિયે યુનિટ ખરીદીએ છીએ એની અલ્ટીમેટ ઈફેકટ શું આવે? એની અલ્ટીમેટ ઈફેકટ એ આવે કે ગુજરાતમાં વીજ ડયુટી, ઈલેકટ્રીસીટી ડયુટી આખા દેશમાં સૌથી વધારે કયાંય જો ઈલેકટ્રીસીટી ડયુટી હોય તો એ ગુજરાતમાં છે. ગુજરાતનો સામાન્ય માણસ આ કર ભરે છે. ૩૫૦૦કરોડ રૂપિયા વાર્ષિક વીજ ડયુટી આપે છે. એ ઘટવી જોઈતી હતી એ ઘટી નહીં. શા માટે ન ઘટી? કારણકે આપણે પેલી પંદર રૂપિયે વીજળી ખરીદવાનું નકકી કર્યું છે. નવી ટેકનીક દુનિયામાં આવતી રહે છે. રોજેરોજ આવે છે. કાલે સવારે બનશે એવું કે બે કે પાંચ વર્ષમાં એકાદી ટેકનીક એવી આવશે કે સોલાર વીજળીની આજે ભલે ઉત્પાદન કિંમત વધારે છે. કાલે એ કિંમત ઘટી પણ શકે. કાલે પાંચ કે સાત રૂપિયામાં સોલાર વીજળી પેદા થાય એવું થશે. આ પચ્ચીસ વર્ષ સુધી પંદર રૂપિયામાં જેની પાસેથી ખરીદવાની પી.પી.એ. કરીને આગળ ચાલશો એની અલ્ટીમેટ ઈફેકટ એ આવી કે આજના આ વખતના બજેટમાં વીસ પૈસા ઈલેકટ્રીસીટી ડયુટી આપે વધારે નાખી. આમ ગુજરાતી ઉપર નાખી. એનો બોજ કોના ઉપર જવાનો છે? ગુજરાતના સામાન્ય માણસ ઉપર આ બોજ નાખ્યો છે. એ બોજ આપ ટાળી શકયા હોત. એ બોજ નાખવાની જરૂર નહોતી. આપ લીમીટેડ રીતે ગયા હોત અથવા ટ્રાન્સપરન્ટ ગયા હોત. મને એ જ નથી સમજાતું હું પણ સરકારના એક ભાગ તરીકે ગુજરાતની પ્રજાના આશીર્વાદથી કામ કરી ચૂકયો છું. કોન્ટ્રેકટ આપવાના કામમાં ટેન્ડરની પ્રક્રિયામાં કયારેય મંત્રીશ્રી કે મુખ્યમંત્રીશ્રીને વહેવાર કરવાનો હોય નહીં. એના સાથે. પત્ર વ્યવહાર પણ ન હોય. એની સાથે ઈમેલ પણ ન હોય કે ફેકસ પણ ન હોય. એ તો વિભાગ પારદર્શક રીતે કામ કરે અને વિભાગ પારદર્શક રીતે કામ કરતો હોય તેમાં મુખ્યમંત્રીશ્રીના પ્રિન્સિપલ સેક્રેટરી, એડીશનલ સેક્રેટરી, ઓ.એસ.ડી. કે સી.એમ.ઓ. જો ઈન્વોલ થાય તો એ ટેન્ડરની જે પ્રક્રિયા છે એ દુષિત થાય. એક હું મારા વહીવટના વડા તરીકે મારા સબોર્ડીનેટને કોઈપણ વસ્તુ ફોરવર્ડ કરું ઈટ મીન્સ This is the desire of my master, I have to follow it. અને એટલે જ એક પ્રથા રહી કે ઈન્વોલ નથી થતા. મને તો એ સમજાતું નથી કે સમગ્ર ટેન્ડરના મોટા કામોની પ્રક્રિયાનું એપીસેન્ટર.

એ કેમ સી.એમ.ઓ. બની જાય. શા માટે આવે. હું કહું છું કે એની સામે કડક પગલાં લેવાં જોઈએ. You are contractor, you are communicating to me. I will punish you. હું તેને બ્લેકલિસ્ટ કરીશ. If you have a complaint, go to Vigilance Commission, if you have a complaint go before the

High Court. if you have a complaint go before th Supreme Court. Con't involve my Principal Secretary, my additional Principal Secretary, my OSD of my office. એના બદલે શું થઈ ગયું છે. અધિકારીને તો મળે છે એ કંપનીનો માણસ છે, એને મળી આવે છે. એની અરજી આપી આવે છે અને એ અધિકારીશ્રીને મળ્યા પછી એની દરખાસ્ત સ્વીકારાતી નથી, પેન્ડિંગ રહે છે. He is the best who is sitting in the Department, following the procedure, he is accepting the proposal and that is why એ માણસ જે ગુજરાતી નથી, જે હિન્દુસ્તાની નથી, જે લંડનમાં બેઠો છે, એ માણસ એવા માણસને પકડે છે, જે માણસનો એક શબ્દ મુશ્કેલી પેદા કરી શકે એમ છે. (અંતરાય) આ પૂરક માગણીમાં છે અને સોલાર એનર્જીમાં જ છે. પ્રફુલભાઈ, તમે ક્યાં નીતિનભાઈના રવાડે ચડો છો? એ કહે છે એ તો સમજીને તમને ચડાવવાની વાત કરે છે, ત્યાં બેઠા બેઠા, પાછળ છેક સળી કરવા જાય છે. સારા માણસોને બગાડે નહિ તો પણ ઘણું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું સોલાર એનર્જીના મુદા ઉપર જ છું (અંતરાય) ના ના, મને ચોક્કસ ડર છે.* (xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : આપ માગણી ઉપર આવી જાવ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કદાચ કોઈ જૂનિયર સભ્યશ્રી બોલેને(અંતરાય)

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : નીતિનભાઈ હોત તો આ ગૃહ સંસદીય રીતે નહિ ચાલે એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવો જોઈએ.(અંતરાય) ભૂતકાળમાં...

**અધ્યક્ષશ્રી** : આપણે દૂર કરીએ છીએ ચાલો. (અંતરાય) શક્તિસિંહભાઈ આપના વિષે જે બોલ્યા એ રેકોર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : નીતિનભાઈ તમારો અને મારો ઈતિહાસ છે ને એ આપણા બંનેનો ઈતિહાસ વિધાનસભામાં નોંધાયેલો છે.(અંતરાય) અને સાહેબ, એ વખતમાં બહું પડશો નહિ. તમારે બહુ પડવા જેવું નથી નીતિનભાઈ. આપનો આ સંસદીય બાબતો આપનો વિષય નથી. ટેન્ડરો કોન્ટ્રાકટ વાળું હોય તો બરાબર છે.

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ આપ પૂરક માગણી ઉપર આવી જાવ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ જવાબદાર મંત્રીશ્રીએ જે વસ્તુ રેકર્ડમાં ન હોય તેનો ના ઉલ્લેખ કરવો જોઈએ. મે શું કર્યુ હતું તે રેકર્ડમાં હોય તો બતાવે. રેકર્ડમાં ન હોય તેનો ઉલ્લેખ ન કરાય. (અંતરાય) તમારી નજરો કયાં કયાં ચાલે છે. નર્મદાની જમીનો છૂટી કરવામાં શું કરો છો એ રહેવા દોને. રહેવા દો. વ્યકિતગતમાં ઉતરશો તો..

**અધ્યક્ષશ્રી** : શ્રી શક્તિસિંહભાઈ આપ મારા તરફ ધ્યાન આપો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : શીશેકે ઘરોમે રહનેવાલો પથ્થરોકે ઘરો પે પથ્થરો નહિ ફેંકતે. જે ટેન્ડરો અને જે ધંધા કરીએ છીએ એમાં વ્યકિતગતમાં અમે નથી જતા.(અંતરાય) અને એમાં તમે નહિ પડો.

**અધ્યક્ષશ્રી** : આપ પૂરક માગણી ઉપર આવી જજો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોઈ જુનિયર મેમ્બર બોલે. I can understand. If a junior Member interrups I can ignore it. When a senior Minister is interrupting me like this I cannot tolerate. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)તમે ધ્યાનમાં નહિ આવો આત્મારામભાઈ. હું શું રાખું. હું સમજી શકું છું તમારી વ્યથા. હું એ કહેતો હતો કે એ પછી and it is a fact. and I am ready to any prosecution એ ઈ-મેલ આવે છે તે માણસનો એક શબ્દ આપણને મુશ્કેલ કરી શકે એમ હોય.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## પૂરક માગણીના વિષયની બહાર બોલવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : કઈ બાબતમાં?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ પૂરક માગણીઓની ચર્ચા શરૂ થતાં પહેલાં જ આપે બહું વિસ્તૃત રીતે કહ્યું કે જે પૂરક માગણીઓનો સ્કોપ આપણે સૌ જાણીએ છીએ અને આની અંદર.. મને પુરુ કરવા દો.

**અધ્યક્ષશ્રી** : તેમનો પૉઈન્ટ ઑર્ડર શું છે તે આપણે પહેલાં સમજી લઈએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમાં બહું સ્પેશીફીક છે કે પાટણ જિલ્લામાં સોલાર પાર્ક ઉભો કરવાનું નક્કી કર્યુ છે અને આ સોલાર પાર્ક ગુજરાત પાવર કૉર્પોરેશન લિમિટેડ દ્વારા સ્થાપવામાં આવશે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એમાં આ ૨૦૧૦-૧૧માં આટલા આટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ભૂતકાળમાં પણ માનનીય અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે, આપે શરૂઆતમાં સ્પષ્ટતા કરી છે. છતાં પણ.. મને મારી વાત પૂરી કરવા દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સાહેબ ખોટી વાત કરે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રીનો અધિકાર છે.

**અધ્યક્ષશ્રી** : તેમનો પૉઈન્ટ ઑર્ડર શું છે તે આપણે પહેલાં તે જોઈ લઈએ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારી વાત પૂરી કરી કરતાં નહીં રોકી શકો આપ. મારો કહેવાનો આશય એટલો છે કે જે કોઈ સુસંગત વાત નથી. તેમાં જમીનની ફાળવણી, તેમાં ફલાણાની ઑફિસ, તેમાં ફલાણાનો ઈમેઈલ, મને લાગે છે જે પૂરક માગણીઓ સાથેના સ્કોપમાં કોઈપણ રીતે સુસંગત નથી તેવી વાતનો ઉલ્લેખ કરીને આપના કહ્યા પછી આ સભાગૃહનો સમય બગડી રહ્યો છે અને જેટલું સ્કોપમાં હોય તેટલું ચોક્કસ બોલે, પણ સ્કોપ સિવાયની વાત જે સુસંગત નથી તે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉલ્લેખ ન કરે તે મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માત્રને માત્ર આ સોલાર પાર્કમાં જે પીપીએ થયા છે તે કઈ રીતે થયા છે? જો હું તેની વાત ન કરી શકવાનો હોઉં તો તો હું પૂરક માગણી ઉપર બોલી જ ન શકું. હું હમણાં આના પર કોઈ નર્મદાની વાત નથી કરતો. હું એ વાત કરતો હતો કે જે પીપીએ થયું ઈરોઝ એન્જિનિયર ગૃપનું તે પીપીએ અહીંયાં વિભાગના અધિકારીની પાસે પ્રપોઝલ પેન્ડીંગ છે. એક ઈ-મેઈલ આવે છે. કોની ઈ-મેઈલ આવે છે? કેમ ન થાય? આમાં ન થાય તો કયાં વાત કરું? આ વાત ન કરું તો શું કરું? (અંતરાય). સોલાર એનર્જીના પ્રોજેક્ટ ઈરોઝને તમે.. (અંતરાય) અરે સાહેબ સીધું ઉપસ્થિ થાય છે. જો આ વાત ન કરવા દેવાની હોય તો આ ગૃહમાં બેસવા દેવાનો અર્થ જ નથી રહેતો. આ પ્રોજેક્ટમાં પીપીએ થયેલા ઈરોઝ એન્જિનિયરીંગની વાત કરું છું. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સવાલ એ છે કે ૨૧૦ કરોડની જોગવાઈ છે તેમાંથી ૩૦ ટકા આપણે ૬૩ કરોડ આયોજન પંચ દ્વારા ફાળવવામાં આવ્યા હતા અને બાકીની ૧૪૭ કરોડ રાજય સરકાર દ્વારા લોન સ્વરૂપે ફાળવવાનું નક્કી કર્યુ છે. જે સોલાર પાર્ક છે તે કરવાની વાત છે તે ગુજરાત સરકાર નથી કરતું. તે જે કરે છે તે ગુજરાત પાવર કૉર્પોરેશન લિમિટેડ કરે છે. કોઈ કૉર્પોરેશન હોય, બોર્ડ હોય તેની ચર્ચા, (અંતરાય) આમાં રાજય સરકારે ૧૪૭ કરોડ ફાળવવા જોઈએ કે નહીં?આ બોર્ડ આવા પ્રકારના પીપીએ કરે છે. તેની ચર્ચા, બોર્ડ/કૉર્પોરેશનની ચર્ચા અહીં થઈ શકે નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈટ ઈઝ ફોર એ લિમિટેડ પર્પઝ એન્ડ ઈટ ઈઝ ફોર માય રાઈટ ટુ સ્પીક ઓન ધીસ.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડ કૉર્પોરેશનની ચર્ચા અહીં થઈ શકે નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ ન કરવા દેવાના હોય, જે કૉર્પોરેશનને તમે પૈસા ફાળવો છો. મંજૂરી આપો છો. તે કૉર્પોરેશનના કોન્ટ્રેકટની વાત કરવા ન દેવાના હોવ તો..

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જી.ઈ.બોર્ડને પૈસા ફાળવીએ છીએ, સ્ટેટ ટ્રાન્સપોર્ટને પૈસા ફાળવીએ છીએ. તેની ચર્ચાઓ અહીં થતી નથી.

**અધ્યક્ષશ્રી** : આપને પણ તક આપું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી આપું છું. આ જે માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તે સોલાર પાર્કની છે.

સોલર પાર્ક એ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્રિએટ કરવાની છે જરૂરી નથી કે રાજય સરકારે જે પાર્ક પરચેજ એગ્રીમૅન્ટ સોલરમાં કર્યા હોય એ આ સોલર પાર્કમાં આવે. સોલર પાર્કના પીપીએ આખા રાજયમાં ગમે ત્યાં આવી શકે અને માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી આપશ્રીને જાણ કરવી છે કે માનનીય સભ્યશ્રી વાત કરે છે કે હું બધી facts આપું છું અને I am ready for any prosecution. મારે એટલું જ જાણવું છે કે, અત્યારથી જે બોલ્યા છે એની અંદર Is he ready to face prosecution if I prove that he is wrong in every respect?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને તો એ જ ખ્યાલ નથી આવતો કે ધમકીઓવાળી વાત કહેતાં પહેલાં અમે તો સ્વીકારીને અમુક વસ્તુ ચાલીએ છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે હાઉસમાં બોલવા માટે કેટલાક મુદ્દાઓ એવા હોય છે કે જે સીધા અહીં લાગી જતા હોય છે એટલે એમને ચચળે છે, માનનીય અધ્યક્ષશ્રી, હું આમાં બોલવા માટે અધિકૃત છું અને હું મારી અધિકૃત વાત કરું છું. The Hon'ble Minister will have a time, will have an opportunity to deny my allegation. You will have a chance to put your case. અરે, ભાઈ હું રેડી હોઉં કે ના હોઉં, If you have a remedy available go and prosecute me, if the law is in your hand I am ready to face. ભાઈ, કાયદો ભાઈ, માનનીય અમિતભાઈએ એમ નહોતું કહ્યું કે કરો, ગુનેગાર હતા તો ભોગવ્યુંને, હું ગુનેગાર હોઉં તો ફાંસીએ

ચડાવજોને, (અંતરાય) સાહેબ, એ જરૂરી છે? (અંતરાય) They are disturbing me, I am not disturbing them

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, આપ મંત્રીશ્રીના પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર આપ શું કહેવા માગો છો? એ કહો ( અંતરાય ) એમને તક આપીએ છીએ, આપને પણ તક આપીશું.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બુકના આધારિત વાત કરવું છે, મૌખિક નથી કહેવું, માનનીય અધ્યક્ષશ્રી, આપે પૂરક માગણીઓની શરૂઆતમાં વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪ અંગે બહુ સ્પષ્ટતા કરીને આ પૂરક માગણીઓ અંગે આ હાઉસને ખૂબ જ અગત્યનું માર્ગદર્શન આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એના ઉપર બીજી, પૂરક માગણીઓના વિધાનસભાના નિયમો ૨૩૪ની પેટા કલમ ૩ વાંચી જવા માગું છું, પુનઃ પૂરક અનુસંધાનની ચર્ચા તે અનુદાનમાં આવી જતી બાબતો પૂરતી મર્યાદિત રહેશે અને અસલ અનુદાનો અથવા તે અનુદાનો પાછળ અંતર્ગત નીતિ ઉપર કોઈ પણ ચર્ચા કરવા દેવામાં આવશે નહીં, આવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં પણ આપના નિવેદન પછી પણ વારંવાર માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એની બહાર જઈને વાત કરે છે એ વાજબી નથી, એમને રોકવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પૂરક માગણીઓની ચર્ચાની શરૂઆત થઈ એ પહેલાં પણ કેટલાક મુદ્દાઓ મેં તમામ સભ્યશ્રીના ધ્યાને મૂક્યા છે અને માનનીય પ્રદિપસિંહજીભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે, એમાં જે કંઈ પણ મેં અગાઉ સૂચનો આપના તરફ મૂક્યા છે એને આપ બધા સભ્યશ્રીઓ વળગી રહો અને માનનીય વજુભાઈએ જે વાત કરી એ છે બોર્ડ / કોરપોરેશનની, એમાં અગાઉના અધ્યક્ષશ્રીઓના પણ નિર્ણયો છે બોર્ડ કોરપોરેશન તેના રોજિંદા વહીવટ માટે સ્વાયત્તા ધરાવે છે પરંતુ તે સ્વાયત્તા પર જરૂર પડે નિયંત્રણ મૂકી શકાય છે, બોર્ડ / કોરપોરેશનના રોજબરોજના વહીવટને લગતા પ્રશ્નો દાખલ કરવામાં આવતા નથી પ્રશ્નો દાખલ કરવા અંગે આ મર્યાદા આપણા નિયમોથી સ્વીકારી છે પરંતુ પ્રશ્નો સિવાયની અન્ય કોઈ બાબતો અંગે નિયમો હેઠળ બોર્ડ / કોરપોરેશન વહીવટને લગતી બાબતો ચર્ચા ઉપર નિયંત્રણ નથી. ભૂતકાળમાં આવી બાબતો ગૃહમાં ચર્ચામાં થઈ છે, બોર્ડ / કોરપોરેશનના વહીવટ પર વિધાનસભાના સંસદીય અંકુશ રહે તે અગત્યનું અને જરૂરી છે અને તેથી જ તેનો વાર્ષિક અહેવાલો, હિસાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે જેને જાહેર હિસાબો માટેની સમિતિ તપાસે છે, અને તેનો અહેવાલ વિધાનસભાના ગૃહમાં રજૂ થાય છે, આ બાબત સ્પષ્ટ કરે છે કે, બોર્ડ/ કોરપોરેશન તેના રોજિંદા વહીવટમાં સ્વાયત્તા ધરાવતી હોવા છતાં પણ વિધાનસભાના સંસદીય અંકુશથી પર નથી બંધારણે આપેલી સત્તાઓ અને સંસદીય પરંપરાઓ જોતાં લોકશાહીમાં વિધાનસભાગૃહ સર્વોપરી છે અને તેથી તેના સંસદીય અધિકારો બંધારણે લાદેલ મર્યાદાઓ સિવાય સંપૂર્ણ છે.

પૂરક માગણીઓ ઉપર મેં જે શરૂઆતમાં સભ્યશ્રીઓને નિવેદન કર્યું હતું કે, આપ પૂરક માગણીઓની મર્યાદામાં રહીને જ પોતાની વાત કરો. માનનીય શકિતસિંહ આપ પ્રવચન ચાલુ કરો.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(** : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી એ સોલાર એનર્જીની છે એની એ નવી સેવા છે એ સેવાને આ વિધાનસભા પૂરક માગણી તરીકે ખર્ચ મંજૂર કરે છે અને એ કંમ્પાસની બહાર હું એક ડગલું નથી ગયો. માનનીય અધ્યક્ષશ્રી, હું સમજી શકું છું મુશ્કેલીઓ, માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવાનું એટલું જ છે કે, કેટલીક નીતિમત્તા તો આપણે રાખીએ અને એ નીતિમત્તા પણ આપણે નહીં રાખીએ અને દરેક સ્ટેજે, દરેક જગ્યાએ કેટલાક કંઈ સમીકરણો માટે જો વિધાનસભાના ગૃહ પાસે આવી પૂરક માગણીઓ લઈને આવીએ એમાં રાજ્યનું કે રાજ્યની આમજનતાનું હિત રહેવાનું નથી માટે હું આ પૂરક માગણીનો વિરોધ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણી ૪૩, ૫૭, ૭૮ અને ૯૩ એના પર બોલી શકાય એમ છે પણ મારા પક્ષના બીજા માનનીય સભ્યશ્રીઓ બોલવાના છે અને એટલા માટે એ માગણીઓ પર હું વિસ્તૃત બીજી વાતમાં પડતો નથી પરંતુ એટલું ચોક્કસ કહું છું કે, આ જે પૂરક માગણીઓ આવી છે એ પૂરક માગણીઓ એ હમણા આયોજનના કામ માટે આવી હોતને, પ્લાન એકસ્પેન્ડીચર માટે આવી હોતને મેં એનો બહું વિરોધ ન કર્યો હોત. પરંતુ આ પ્લાન એકસ્પેન્ડીચર નથી નોનપ્લાન એકસ્પેન્ડીચર છે એનાથી કોઈનું હિત થાય એવી પરિસ્થિતિ નથી અને પ્લાન એકસ્પેન્ડીચર માટે જે આપે માગણીઓ લઈને આવ્યા છો પણ બચત જે છે એ ક્યા કામોમાં ક્યાં થઈ છે એનું નિયંત્રણ પણ વિભાગ ઉપર નાણા વિભાગનું રહે એજ શબ્દો સાથે આ માગણીઓનો વિરોધ કરીને વિરમું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર((ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પૂરક માગણી નં.૧૩, ૪૩, ૫૭, ૭૮ અને ૯૩ લઈને આવ્યા છે એ અંગે મારા વિચારો વ્યકત કરુ છું અને માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને મારુ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પૂરક માગણીઓ રજૂ થઈ છે એ અલગ અલગ વિભાગની પૂરક માગણીઓ છે. માગણી નં.૧૩ ઉર્જા વિભાગ અંગેની છે એમાં સોલાર પાર્કની સાથે સાથે બીજી એક બહું મહત્વની યોજના છે જે કિસાનોના હિત માટેની છે તેને આપણી ખુશી કહીએ છીએ. એ યોજના કે જેણે ગુજરાતના ખેડૂતોને ખુશી

આપવાનું કામ કર્યું હતું એ અંગેની આ યોજના છે. પૂરક માગણી નં.૪૩ ગૃહ વિભાગની, ૫૭ શ્રમ રોજગાર અને માગણી નં. ૭૮ મહેસૂલ વિભાગની પૂરક માગણીઓ છે. મારે જે વાત કરવી છે ખાસકરીને પૂરક માગણી નં.૯૩ અંગે. માનનીય અધ્યક્ષશ્રી, એક ઉલ્લેખ એ થયો મારે વિષયની બહાર થવું નથી. પણ ક્યારેય ન આવી હોય એટલી પૂરક માગણીઓ આ હાઉસમાં રજૂ થઈ છે ત્યારે એટલું તો કહી શકીએ કે ગુજરાતમાં ક્યારેય ન થયો હોય એટલો ઝડપી અને એટલો સમતોલ વિકાસ થયો છે એટલા માટે પૂરક માગણીઓની રકમ વધી છે. ગુજરાતે વિકાસની એક અલગ દિશા પકડી છે. ગુજરાતના ગામડાનો વિકાસ હોય, ગામડાના કિસાનનો વિકાસ હોય, મારા આદિવાસી ભાઈઓનો વિકાસ હોય, યુવાનોનો વિકાસ હોય, મહિલા કલ્યાણની વાત હોય, મહિલા સશકિત કરણની વાત હોય આ એવા ક્ષેત્રો છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અત્મારામભાઈ, આપ પૂરક માગણી ઉપર આવી જાવ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એના અંગે જ વાત કરવાનો છું સાહેબ. આ પૂરક માગણીઓમાં આપણે વાત જે કરી છે એ ક્યારેય નહીં આવી હોય એવી માગણીઓ આવી છે.

એવી માગણીઓ એટલા માટે આવી છે કે, ગુજરાતનો ક્યારેય ન થયો હોય એવો ગુજરાતનો સર્વાંગી અને સર્વોત્તમમુખી વિકાસ થયો છે, એટલા માટે આ પૂરક માગણીઓ લઈને આવવું પડ્યું છે, ખાસ કરીને ૯૩ નંબરની પૂરક માગણી લઈને માનનીય મંત્રીશ્રી ગૃહમાં આવ્યા છે ત્યારે એ માગણીઓની ચાર તબક્કે અલગ અલગ રીતે એની રજૂઆત પણ થઈ છે, પહેલી વાત એ છે કે, એમાં ખાસ કરીને કેન્દ્ર સરકાર દ્વારા જે પગારવધારો થયો, એ પગાર વધારાની રકમ, પેશગીની રકમ અને સરકારી કર્મચારીઓના પગારની રકમમાં જે વધારો થયો છે અનઅપેક્ષિત વધારો છે એના લીધે આ થયું છે, જ્યારે બજેટરી પ્રોવિઝનની જોગવાઈ થઈ ત્યારે એ વાતનો ખ્યાલ ન હતો કે આગામી દિવસોમાં આ પ્રકારનો વધારો કેન્દ્ર સરકાર તરફથી આપણને મળવાનો છે, એના લીધે, એ જે વધારાની રકમ લગભગ રૂપિયા પાંચ કરોડ જેટલી થાય છે તે પૂરક માગણીના માધ્યમથી માનનીય મંત્રીશ્રીએ ગૃહમાં રજૂ કરી છે,

મારે બીજી વાત જે કરવી છે કે આ સરકારે, ગુજરાતનો એકેય બાળક ભણ્યા વિનાનો ન રહે, જેનું નામાંકન થઈ શકે, જેની પાંચ વર્ષની ઉંમર છે, એને શિક્ષણ મળે અને એ પણ એવા વિદ્યાર્થીઓને કે જેના મા-બાપને એના બાળકોને ભણાવવા માટેનો સમય નથી એટલા માટે એ બાળક એની પોતાની મહેનતથી જીવી શકે એટલા માટે એ જ્યારે મજૂરીએ જાય છે ત્યારે એવા ગરીબ મા-બાપના સંતાનની, દલિત, શોષિત પરિવારના સંતાનના શિક્ષણની ચિંતા આ સરકારે કરી છે, (અંતરાય) હું એમાં જ આવું છું કારણકે સ્કોલરશિપની રકમની વધારાની વાત આવે છે એટલા માટે.. ..

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : સાહેબ, શિક્ષણ કે સ્કોલરશીપની કોઈ પૂરક માગણી મંત્રીશ્રીએ રજૂ કરી નથી. પૂરક માગણી જુદા પ્રકારની છે અને માનનીય સભ્યશ્રીને આપે રોકવા જોઈએ. મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે માનનીય સભ્યશ્રીને આપ રોકો તો ખરા?

**શ્રી આત્મારામ મ. પરમાર** : એ સ્કોલરશિપ ભણવા માટે આપવામાં આવે છે,

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : શિક્ષણની પૂરક માગણી આજે ક્યાં છે એટલે રેકોર્ડથી પણ આ શબ્દો દૂર કરવામાં આવે અને સભ્યશ્રીને રોકવામાં આવે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સ્કોલરશિપની જે રકમ છે એ શિક્ષણમાં જ આવે છે સાહેબ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : સ્કૂલોની, શાળાના શિક્ષણની વાત એ કહે છે એ જે માગણી છે એ પગાર વધારાના કારણે છે, આપ ડિટેઈલ નોંધ વાંચો માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી આત્મારામ મ. પરમાર** : જે પૂરક માગણી રજૂ થઈ છે એમાં ક્લીયરકટ લખ્યું છે કે, ભારત સરકાર દ્વારા ચલાવાતી યોજના હેઠળ લાભાર્થીઓની આવકમર્યાદા વધારવાના લીધે સ્કોલરશિપની રકમ જે વધી છે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય સભ્યશ્રી જે વાત કરે છે શિક્ષણની..

**શ્રી આત્મારામ મ. પરમાર** : સ્કોલરશીપની રકમ શિક્ષણમાં વધે છે. (અંતરાય) શાના માટે હું શિક્ષણની બહાર ગયો નથી અને સ્કોલરશિપની રકમ શિક્ષણમાં આવે છે, શિક્ષણ સિવાય કોઈ જગ્યાએ સ્કોલરશિપની રકમ આપવામાં આવતી નથી, કેન્દ્ર સરકારની આ યોજનાને કારણે આ સમાજને જ્યારે લાભ થયો છે અને થાય છે ત્યારે અને આ સમાજના કલ્યાણની જ્યારે કોઈપણ વસ્તુ આવે છે ત્યારે આ રીતે આદિવાસીઓના કલ્યાણની વાત હોય, આદિવાસીઓના બજેટની વાત હોય ત્યારે ઉભાં થઈને આદિવાસી વિરોધી માનસિકતા વિપક્ષના નેતા જે રજૂ કરે છે એને કોઈ સંજોગોમાં ચલાવી લેવાય નહિ.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એના પેટામાં આપ ડિટેઈલ વાંચી જાઓ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હું માગણીની બહાર ક્યાંય જતો નથી. જ્યારે હું મારું પ્રવચન આપું છું, આપે એમને પરવાનગી આપી હોય તો મારે કંઈ કહેવું નથી, પરંતુ એમને જો કોઈ પરવાનગી ન મળી હોય તો મને ડિસ્ટર્બ કરવાનો એમને કોઈ અધિકાર નથી. મારે બીજી જે વાત કરવી છે, બીજી જે રકમ છે ચાર કરોડ રૂપિયા જેવી રકમ એ પણ પેશગીની રકમ આપવાથી સરકારનો જે ખર્ચો વધ્યો છે એના માટે પણ બરાબર છે. ફરી પાછી શિષ્યવૃત્તિની રકમ એમાં જે વધારો થયો છે, હવે મને એ સમજાવો કે આ શિષ્યવૃત્તિની રકમ તમે

આપો છો કોને? વિદ્યાર્થીઓને આપો છો અને વિદ્યાર્થીની વાત આવતી હોય તો શિક્ષણની વાત આવે, શિક્ષણની વાત આવતી હોય તો પ્રવેશોત્સવની વાત આવે, પ્રવેશોત્સવની વાત આવે તો ગામડાના અનેક આદિવાસી પટ્ટીમાં રહેતા મારા વનબંધુઓના કલ્યાણ માટેની જ્યારે યોજના આવી હોય ત્યારે એમાં ક્યાંય વિરોધ કરવાનો અવકાશ નથી અને એટલા માટે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યાં છે એ પૂરક માગણીઓને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ઘણાં મુદ્દા છે તમે જવાબ નહીં આપી શકો એટલા મારી પાસે મુદ્દા છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર પૂરક માગણી જો આની આવી હોતને આત્મારામભાઈ તો હું પણ ટેકો આપત કે આદિવાસીના કલ્યાણ માટેની છે. પૂરક માગણીમાં તે નથી. સાહેબ, કયાંય નથી એક જનરલ હેડ વાંચે છે. જનરલ હેડ વાંચીને ચાલે છે આ પૂરક માગણી નથી.

**અધ્યક્ષશ્રી** : આપ આદિજાતિની માગણી નં. ૯૩ ઉપર આદિજાતિના બાળકોના શિષ્યવૃત્તિ ઉપર જ વાત કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિ આવે એટલે એમાં શિક્ષણ આવેજ. સાહેબ, અમે શિક્ષિત થઈએ છીએ, આદિવાસી શિક્ષણ મેળવે છે એમાં પણ માનનીય અધ્યક્ષશ્રી વિપક્ષને વાંધો છે. મને એ સમજ નથી પડતી. જેને ખબર છે માનનીય અધ્યક્ષશ્રી કે આદિવાસીઓને અને સમાજને એવા *(xxxx) (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામ ભાઈ, પોઈન્ટ ઓફ ઓર્ડર.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### વિષયની બહાર બોલવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જો આ જ પ્રકારે ગૃહ ચલાવવાનું હોય સિનિયર સભ્ય છે જેમની અપેક્ષાઓ ઘણી બધી હોઈ શકે. કયાંય પણ બેસી શકે એટલી ક્ષમતાવાળા માણસ છે. એ (xxxx) (xxxx) ચોખ્ખા અસંસદીય છે. એક માન સન્માન સાથે અસંસદીય શબ્દોની યાદીમાં પણ આપ જોઈ લેશો. જે પ્રકારે તે બોલે છે માનનીય અધ્યક્ષશ્રી, આ માગણી આપના કહેવા પછી પણ અનુસૂચિત જાતિનું કલ્યાણ આખા હેડ ઉપર ના બોલી શકાય ધ સ્કોપ ઈઝ વેરી લિમિટેડ મહેસૂલી ખર્ચમાં વધારો કરવાની પૂરક માગણી લઈને આવ્યાં છે જે માનનીય અધ્યક્ષશ્રી, ૨૬૯ પાના ઉપર કયા કયા કારણોસર આયોજન બહાર ખર્ચ વધ્યું છે. તેના જ ખર્ચાઓ બતાવ્યા છે. ૨૬૯ પાના ઉપર ૧,૨,૩,૪ છે તે સ્કોપની બહાર તે ના જઈ શકે. અને આ જે શબ્દો તે બોલ્યા છે અસંસદીય છે તે પહેલાં રેકોર્ડ ઉપરથી દૂર થવા જોઈએ. આ રીતે નહીં ચાલી શકે.

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામ ભાઈ એ અસંસદીય શબ્દો બોલ્યાં હશે તો રેકોર્ડ જોઈને દૂર કરીશું. પૂરક માગણી ઉપર ચર્ચા ચાલુ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હા, હું એ જ કહું છું. હું સાહેબ આ ચોપડી લઈને જ બેઠો છું. મને ખબર છે કે હું મર્યાદા તોડીશ તો કોઈ તાકાત નથી આ લોકોની રોકી શકવાની. માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા સાથે રજૂઆત કરું છું

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના ધ્યાન ઉપર એ મૂકવા માંગુ છું કે, આ પાના નંબર ૨૬૮ ઉપર શિષ્યવૃત્તિના સંદર્ભમાં ઉલ્લેખ કર્યો છે અને માનનીય સભ્યશ્રી આ શિષ્યવૃત્તિની કેમ આવશ્યકતા છે, કેમ આપવાના કારણે આ પૂરક માગણીઓ આ સભાગૃહ સમક્ષ લાવવા માટેનો મુદ્દો ઉપસ્થિત થયો તે આ સભાગૃહની વચ્ચે તે કારણથી આપણી વચ્ચે મૂકે છે. એટલે માનનીય શકિતસિંહભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે કે આ પૂરક માગણીને આનુષંગિક મુદ્દો નથી પરંતુ શિષ્યવૃત્તિની આવશ્યકતા શિક્ષણ સાથે સંકળાયેલી છે એટલા માટે આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે.

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ)(ક્રમશઃ)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ કહેવું છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રીની સૂચના હતી એટલા માટે હું બેઠો હતો. મેં શરૂઆતમાં જ કહ્યું તે કયા મુદ્દા ઉપર જાય છે મને સમજ નથી પડતી. મેં ૧,૨,૩,૪ એમ મુદ્દાનો ઉલ્લેખ કરીને કહ્યું છે. હવે આ સમાજમાં જો શિક્ષણ વધતું હોય, આ સમાજના લોકો શિક્ષિત થતાં હોય, આ સમાજના લોકો ભણી ગણીને હોંશિયાર થતાં હોય તો એના માટેની પૂરક ખર્ચની જોગવાઈને આવકારીએ અને એમાં અમને કયાંય કોઈ રોકી શકે તેમ નથી. આ સમાજ કે જેને સદીઓથી

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અશિક્ષિત રાખવાના પ્રયત્નો થયા હતા અને એવા લોકોના શિક્ષણની અને કલ્યાણની જ્યારે વાત આવે છે ત્યારે એમાં કોઈ કાપ દરખાસ્ત ના હોય તમારા જેવાએ તો આદિવાસી કલ્યાણ માટેની જેટલી યોજના સરકાર લઈને આવે તેને પાટલીઓથી થપથપાવવી જોઈએ. અને ગુજરાતનો મારો આદિવાસી સમાજ શિક્ષિત હશે, ગુજરાતનો મારો આદિવાસી સમાજ દીક્ષિત હશે તો આવનારા દિવસોમાં ગુજરાતમાં એ પ્રકારની પરિસ્થિતિ થશે કે ગુજરાતને ગેરમાર્ગે જે લોકોએ દોર્યા હતા એ ગેરમાર્ગે દોરી શકશે નહીં એટલી વાત કહીને મારી વાણીને વિરામ આપું છું.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વીજળી શકિત પરિયોજનાની ૩,૨૯,૨૪,૯૮,૦૦૦ની માગણી ક્રમાંક: ૧૩ અને માનનીય મંત્રીશ્રી જિલ્લા વહીવટ માટે ૫૨,૪૫,૨૨,૦૦૦ની માગણી ક્રમાંક: ૭૮ લઈને આવ્યા છે, એમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વીજળી શકિત પરિયોજનાની અંદર કિસાન હિત ઉર્જા શકિત યોજના માટે ૧૦૦ કરોડ રૂપિયાની પૂરક માગણી લાવ્યા છે. કિસાન હિત ઉર્જા શકિત યોજના એ એવી યોજના છે કે રાજયના ખેડૂતોનું હિત કરનારી યોજના છે. સમગ્ર ગુજરાતના ખેડૂતો ખેતી કરી રહ્યાં છે. ત્યારે કોઈપણ ખેડૂત વીજ કનેકશન માગે અને જે જગ્યાએ માગે તે જગ્યાએ આગવું ટી.સી. આપવા માટેની આ સરકારની યોજના છે. જેના માટે એને આગવું ટી.સી. આપવાને લીધે એને એ ફાયદો થશે કે પૂરેપૂરો પાવર મળશે. એને કવોલિટી સપ્લાય મળશે અને એની મોટર ટી.સી. પણ બળવાના પ્રસંગો ઓછા બનશે. અગાઉ કોંગ્રેસના શાસનમાં જયારે આવી યોજના નહોતી અને લાંબી લાઈનો હતી ત્યારે ટી.સી. બળી જતા હતા અને પંદર દિવસે મળતા હતા અને ત્યાં સુધી ખેડૂતનો પાક સૂકાઈ જતો અને હજારો ખેડૂતો પાયમાલ થતા. આ યોજનાથી આ ખેડૂતો સુખી થશે અને પૂરતો પાવર મળવાને લીધે ખેડૂતની આવકમાં પણ વધારો થશે. માનનીય અધ્યક્ષશ્રી, આ કિસાન હિત ઉર્જા શકિત યોજના લાવી માનનીય મુખ્યમંત્રીશ્રીએ એનું નામ 'ખુશી યોજના' આપ્યું છે. ખુશી એટલા માટે આપ્યું કે એના જે સ્પેલીંગ કિસાનનો K, હિતનો H, ઉર્જાનો U, શકિતનો S અને યોજનાનો Y. આવી સુંદર યોજનાને મુખ્યમંત્રીશ્રીએ આવું સરસ મજાનું નામ આપી ખેડૂતોના હૈયે આનંદ વ્યાપે, ખુશી વ્યાપે એવી યોજના કરી છે. એની ૧૦૦ કરોડની પૂરક માગણીને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે સમગ્ર દેશમાં વીજ વપરાશ અને વીજ ઉત્પાદનનું અંતર વધી રહ્યું છે. ત્યારે આ રાજય સરકારે અને આ ઉર્જા વિભાગે ઘણા પ્રયત્નો કર્યા છે. પવનથી અને સોલારથી વીજળી ઉત્પન્ન કરવાના પ્રયત્નો કર્યા છે એને હું આવકારું છું. પાટણમાં ચાણસ્મા ખાતે એક હજાર મેગાવોટનો પ્લાન્ટ એ આખા ભારત જ નહીં, એશિયામાં મોટામાં મોટો પાવર પ્લાન્ટ, કે જેનું ગુજરાતે ગૌરવ લેવા જેવી બાબત છે. સભાગૃહમાં પણ ગૌરવ લેવા જેવી બાબત છે કે ગુજરાતમાં આવડો મોટો પ્રોજેકટ બની રહ્યો છે. ગુજરાતને એનાથી પ્રદુષણ રહિત વીજળી મળશે. પરંતુ મને હમણા થતું હતું કે આ • (xxxx) (xxxx) (xxxx) એમણે હમણા વાત કરી કે..

**અધ્યક્ષશ્રી** : રેકર્ડ પરથી આ શબ્દો દૂર થાય છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : વિરોધ પક્ષના નેતાશ્રીએ વાત કરી કે ૨૫ વર્ષ સુધી આ પાવર ૧૫ રૂપિયે આપવાની વાત કરી. ખરેખર આ વાત ખોટી છે. મારી જાણકારી મુજબ ૧ થી ૧૨ વર્ષ સુધી ૧૫ રૂપિયા અને ૧૩ થી ૨૫ વર્ષ સુધી ૫ રૂપિયે વીજળી આપવાની છે અને (xxxx) (xxxx)

**અધ્યક્ષશ્રી** : આ વાત પણ રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : જયારે આ રાજયની અંદર સુર્યતીર્થ જેવો સરસ મજાનો પ્રોજેકટ મળ્યો હોય અને આટલા મોટા પ્રોજેકટના લીધે કલીન વીજળી મળવાની છે, એનાથી પણ ગુજરાતનું હિત થનાર છે.

છઠ્ઠા પગારપંચની વાત કરી. મહેસૂલી જિલ્લા વહીવટની છઠ્ઠા પગાર પંચની પુરક માગણી આવી છે. એમાં છઠ્ઠા પગાર પંચના લીધે ૨૦ ટકાનો વધારો થયો છે, એના કારણે જે વધારો થયો છે એની ૪ કરોડની પૂરક માગણી છે એ પણ વાજબી છે અને એને હું આવકારું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ શ્રમ અને રોજગાર વિભાગની સન ૨૦૧૦-૧૧ ની પૂરક માગણી ક્રમાંક ૫૭ રૂા. ૭૪,૭૦,૬૧,૦૦૦/- ની લઈને આવ્યા છે એ માગણીને મારું અનુમોદન આપવા માટે શું ઉભો થયો છું.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીની પૂરક અનુદાનની કુલ રકમ છે એની સામે શ્રમ અને રોજગાર વિભાગની માગણી રૂા. ૭૪,૭૦, ૬૧,૦૦૦/- ની છે એ કુલ પૂરક માગણીના ૧૦૨ ટકા જેટલી જ થવા જાય છે અને હું માનું છું કે તે મંજૂર થવાને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રમ અને રોજગાર વિભાગની ઘણી બધી વાતો થાય છે. સન ૨૦૦૨ થી ૨૦૧૦ સુધીમાં બેરોજગારોને રોજગારી આપવા માટેની બાબતમાં ગુજરાત પ્રથમ નંબરે છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખતે પ્રથમ ક્રમે આવે તો ફલુપમ કહેવાય, બીજી વખતે પ્રથમ ક્રમે આવે તો લક કહેવાય, પરંતુ સતત જો ૨૦૧૦ સુધી પ્રથમ ક્રમે આવતા રહે તો એ એની સિધ્ધિ કહેવાય. તો માનનીય નાણા મંત્રીશ્રીએ અને શ્રમ અને રોજગાર વિભાગે આ સિધ્ધિ પ્રાપ્ત કરી છે ને એટલા માટે જ આ વિભાગને હું અભિનંદન અને ધન્યવાદ આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીને હું એટલું જ કહીશ કે એમણે આ જે કાંઈ કાર્ય કર્યુ છે એ કોઈ પ્રકારે ના થઈ શકે એવું એમણે કાર્ય કર્યુ છે. ડુંગર કે પર્વત કે પહાડની તળેટીમાં ઉભો રહીને હું કહું કે આ બહુ ઉંચો છું અને મારાથીએને પહોંચી નહીં વળાય, પરંતુ આ શ્રમ અને રોજગાર વિભાગે આ ડુંગરને પણ પાર કર્યો અને બતાવી આપ્યું છે કે આ ડુંગર તો મારા પગ નીચે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૦-૧૧ ના ૨૨૩૦ ના સદર નીચે એના આયોજન બહારના કુલ ૧૪૪ કરોડ ૯૭ લાખ૮૩ હજાર રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ ૮ મહિનામાં એ થયેલ ખર્ચના આધારે પુનઃઅવલોકન કરતાં મોંઘવારી ભથ્થાના દરમાં વધારો, ૬ ઠ્ઠા પગારપંચના ૨૦ ટકા તફાવતના હપતાની રકમની ચૂકવણી, રજાઓનું રોકડમાં રૂપાંતરની ચૂકવણી અને કચેરી ખર્ચમાં વધારો થયો છે એ ધ્યાને લઈને આ કચેરી ખર્ચમાં વધુ રૂા. ૩૫ કરોડ ૮૫ લાખ ૧૦ હજારની પૂરક માગણી લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે. તે જ પ્રકારે સન ૨૦૧૦-૧૧ માં અસંગઠિત વ્યકિતઓને સામાજીક સુરક્ષા યોજના હેઠળ સરકારી વાહનોના અસરગ્રસ્ત ડ્રાઈવરોને નાણા વિભાગના તા. ૨૯-૧૦-૨૦૧૦ ના હુકમ મુજબ આકસ્મિકતા નીધિમાંથી રૂા. ૨ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે અને આ ૨ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી છે એ ઉભી કરવા માટેની આ માગણી લઈને આવ્યા છે. એ જ પ્રકારે મુખ્ય સદર ૨૨૩૦ ના આયોજન હેઠળ ૧૨૧.૭૫ કરોડ રૂપિયાની જોગવાઈ હતી એમાં છેલ્લા ૮ મહિનામાં ખરેખર સુધારેલ ખર્ચના અંદાજમાં ફરી પુનઃઅવલોકન કરતાં મોંઘવારી ભથ્થાના દરમાં વધારો, ૬ ઠ્ઠા પગારપંચના ૨૦ ટકા રકમના હપતાની ચૂકવણી, રજાઓના રોકડમાં રૂપાંતરની ચૂકવણી અને કચેરી ખર્ચમાં વધારો તથા કૌશલ્ય સંવર્ધન કેન્દ્રોમાં વધારો થવાને કારણે ૪૬ કરોડ ૮૧ લાખ ૨ હજારની વધારાની માગણી લઈને આવ્યા છે, પરંતુ આમ છતાં આ મંજૂર થયેલ અનુદાન હેઠળની બચતમાંથી ૮ કરોડ ૫ લાખ ૫૧ હજારની રકમ ઉપલબ્ધ હોઈ રૂા. ૩૮ કરોડ ૭૫ લાખ ૫૧ હજારની માગણી લઈને નાણામંતીશ્રી આ સભાગૃહ સમક્ષ આવ્યા છે.

આમ કુલ ૨૦૧૦-૧૧ના મુખ્ય સદર ૨૨૦૦ હેઠળના આયોજન બહારના અને આયોજનના મંજૂર થયેલ ૨૬૬ કરોડ ૬૩ લાખની સામે પુરક માગણી ક્રમાંક ૧૭ હેઠળ ૭૪ કરોડ ૭૨ લાખની કરવામાં આવી છે. આમ મોંઘ ્વારી ભથ્થાના દરમાં વધારો, છઠ્ઠા પગાર પંચમાં ૨૦ ટકા પગારની ચુકવણી, રજાનું રોકડમાં રુપાંતર, કચેરી ખર્ચમાં વધારો, આકસ્મીકતા નીધિ તેમજ કૌશલ્ય કેન્દ્રમાં વધારો થવાના કારણે મૂળ માગણીના ૨૮ ટકા જેટલો વધારો એટલે ૭૪,૭૨,૬૧,૦૦૦ની માગણી લઈને નાણા મંત્રીશ્રી આવ્યા છે તેમને હુ મારું અનુમોદન આપું છું. શ્રમ અને રોજગાર તંત્ર દ્વારા મહત્વના શ્રમ કાયદાઓના અમલીકરણને કારણે ૪૭ લાખ ૩૭૧ નિરિક્ષણો ખાતા તરફથી કરવામાં આવ્યા છે. એટલું જ નહીં આ કાયદાઓની જોગવાઈ અનુસાર ૮૧૫૯ જેટલા ફોજદારી કેસો કરવામાં આવ્યા છે અને તેની સામે આઠ કેસોમાં ૧ કરોડ ૯૨ લાખ જેટલો દંડ કરવામાં આવ્યો છે. લઘુતમ વેતન ધારા હેઠળ ૯૦૬૯ શ્રમ યોગીઓને ૨.૮ કરોડ જેવી રકમ ચુકવવા માટેની ફરજ પાડવામાં આવેલ છે અને આ કાયદા હેઠળ ૪૪૩૯ ફરિયાદો દાખલ થયેલ છે જે પૈકી ૪૦૪૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. શ્રમ યોગીઓને બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ હેઠળ કુલ રૂપિયા ૧૪૭ કરોડનું બોનસ પણ ચુકવાયેલ છે. આમ ઉપરની કમગીરી લક્ષમાં લેતા શ્રમ ખાતા તરફથી શ્રમ યોગીઓના રક્ષણનું જતત કરવા માટેની કાળજી રાખેલી છે. ગુજરાત રાજય સમગ્ર દેશની સરખામણીમાં ઓન લાઈન નોંધણીનું કામ સંપૂર્ણ પણે કોમ્પ્યુટરાઈઝેશન કરીને કામગીરી કરે છે. ઔદ્યોગિક એકમોને તેમની જરૂરિયાત અનુસાર ઉમેદવારો પૂરા પાડી શકાય તે માટે ૨૦૧૦ દરમિયાન ૬૨૬ ઔદ્યોગિક ભરતી મેળાના આયોજન દ્વારા ૮૩૧૦૧ ઉમેદાવરોને રોજગારી આપવામાં આવી છે. ૧૦ લશ્કરી ભરતી મેળા અને ૬૫૯ સ્વરોજગાર શીબીરોનું આયોજન કરી કુલ ૨,૦૭,૫૮૬ ઉમેદવારોને વિવિધ સેકટરોમાં રોજગારી પુરી પાડી રાજયની રોજગાર વિનિયમ કચેરીનો વહીવટ અનેક પગલાઓના પરીણામે વધુ સુચારુ અને અસરકારક તથા સંગીન બનેલ છે. અંગત રીતે કહીશ, કે જે પ્રકારે મોંઘવારીના દર વધી રહયા છે આજે કોઈ પણ વસ્તુ ખરીદવા જાઓ અને દસ દિવસ પછી તે ખરીદો છો તો ચોકકસ તેની કિંમતમાં કંઈક ને કંઈક વધારો થયો હોય છે. જુના જમાનામાં ૧૮૦ રૂપિયાનો પગાર મેળવવા વાળો પોતાના પાંચ છ બાળકો સાથે સારી રીતે ઘર ચલાવી શકતો હતો આજે દસ હજારમાં તે ઘર ચલાવી શકતો નથી ઈવન સ્કુલની ફી પણ નથી ભરી શકતો આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં આપનું પ્રવચન પુરૂં થશે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું એટલું જ કહેવું છે કે છઠ્ઠા પગાર પંચને કારણે અંદાજપત્રના મહેસુલી ખર્ચમાં જે કંઈ વધારો થયો છે અને તેને કારણે જે કંઈ પરિસ્થિતિનું નિર્માણ થયું છે તે મંજૂર થવાને પાત્ર છે અને આથી જ માનનીય નાણા મંત્રીશ્રી, શ્રમ રોજગાર વિભાગની માગણી લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું અને તેને પસાર કરવા માટે સભાગૃહને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આપને કુલ ૧૧ મિનિટ આપવામાં આવેલ છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પુરક માગણીઓ લઈને આવ્યા છે એમાં અમારા નેતાશ્રીએ કહયું તે પ્રમાણે અધધધ ૭૦૩૫ કરોડ રૂપિયાની પુરક માગણીઓ લાવ્યા છે. જયારે બજેટ રજુ કરવામાં આવે ત્યારે આવતા વર્ષે કેટલો ખર્ચ થવાનો છે તેનો અંદાજ માનનીય નાણા મંત્રીશ્રી પાસે હોય, આની અંદર એમ કહેવામાં આવ્યું કે છઠ્ઠા પગાર પંચને કારણે ૨૦ ટકા તફાવતની રકમ માટે મોટા ભાગે દરેક આઈટેમમાં બતાવવામાં આવ્યું છે. પાંચમાં પગાર પંચ વખતના તફાવતની રકમ માત્ર ૩ વર્ષમાં ચુકવવામાં આવી હતી. અને આ સરકાર, છઠ્ઠા પગાર પંચની અંદર કર્મચારીઓને કેટલું નુકસાન થઈ રહયું છે તેનો દસ્તાવેજી પુરાવો આ પુરક માગણીઓમાં બતાવી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, વાર્ષિક ૨૮૦૦ કરોડ રૂપિયાનો પગાર વધારાનો તફાવત ૧-૧-૦૬ થી અમલમાં આવે.

એનો અમલ ૨૦૦૮ની અંદર થયો અને એ પૈસા તમે બે વર્ષ સુધી એને ચૂકવો નહિ અને એનું વ્યાજ જોઈએ તો ગયા વરસે ત્રણ હપતામાં આપ્યા અને ૧૨ ટકા વ્યાજ ચૂકવ્યું જ્યારે આ વરસે ફક્ત નવ ટકા વ્યાજ ચૂકવો છો. આ પૈસા ચૂકવવાનું સરકારનું કમિટમૅન્ટ છે એનું પાલન થાય છે એની નોંધ ચોક્કસ લઈએ પરંતુ વિલંબ થયો છે, મોડું થયું છે એના માટેની જવાબદારી કોની ?

ગૃહ ખાતાની માગણીની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી માટેના બે નવા વાહનો લેવા માટે ૨૧ લાખ રૂપિયાની માગણી લઈને આવ્યા છો. આટલો મોટો કાફલો ઓછો પડતો હોય એ વાહનો ઓછા પડતાં હોય તો બે નવા વાહનો લો અમને એમાં વાંધો નથી.

નવી સેવાની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ મહેસૂલ વિભાગની ૭૭ નંબરની માગણી ચર્ચામાં નથી પરંતુ નવી સેવાઓ માટેની માગણી ઔદ્યોગિક હેતુ માટે ગોચરની જમીનની ફાળવણી કરવા પંચાયતોને સહાયક અનુદાન કરવા માટે લાવ્યા છે. ઉદ્યોગોને જમીન આપવામાં આવે છે ત્યારે ગોચરની જમીનના ભાવ એટલા બધા ઓછા નક્કી કરવામાં આવે છે કે એના ૩૦ ટકાની રકમ બાજુએ મૂકવામાં આવે, છ કરોડની રકમ ચાર ચાર વર્ષથી વણવપરાયેલી સરકાર પાસે પડેલી છે. વિધાનસભામાં પ્રશ્ન પુછાય એ પછી સરકાર જાગૃત થાય અને એના માટેની ટોકન એક હજાર રૂપિયાની રકમ આ સન્માનનીય સભાગૃહ પાસે માગણી કરી છે. મારે એના ઉપર કહેવું છે કે ગોચરની જમીન તમે કેટલા ઓછા ભાવે આપો છો. એકજ ઉદાહરણ આપીશ કે મુંદ્રામાં....

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, આવી કોઈ માગણી આમાં આવતી નથી. એટલે પ્લીઝ આપ પૂરક માગણી ઉપર આવી જાવ, આમાં જમીનનો કોઈ વિષય આવતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : નવી સેવાઓમાં છે. મહેસૂલ વિભાગની માગણી નંબર ૭૭ છે એમાં આનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય બાબુભાઈ, આ બૂકમાં કઈ કઈ માગણીઓ છે એ જોઈને પછી બોલો?

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, જમીનનો વિષય પૂરક માગણીમાં આવતો નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : બૂકના પાના નંબર ૨૦૭ ઉપર માગણી કરવામાં આવેલી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, મૂળ માગણી ઉપર આવી જાવ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : પાના નંબર ૨૦૭ ઉપર માગણી કરવામાં આવી છે. એટલા માટે કહું છું કે * (xxxx) (xxxx) (xxxx)..

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, માગણી સિવાયની વાત કરશો તો રેકર્ડ ઉપરથી એ શબ્દો દૂર કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક હજાર રૂપિયાની ટોકન જોગવાઈ કરવામાં આવી છે એટલા માટે બોલું છું. પાના નંબર ૨૦૭ ઉપર આપ જોઈ લો. એક હજાર રૂપિયાની ટોકન જોગવાઈ મૂકેલી છે.

**અધ્યક્ષશ્રી** : આપ પાના નંબર ૨૦૭ પરની પૂરક માગણી ક્રમાંક ૭૭ની વાત કરો છો એ આજની ચર્ચામાં નથી એટલા માટે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : નવી માગણીઓ માગેલી હોય એટલે એ ચર્ચામાં આવે જ ને? આપનું માર્ગદર્શન માગું છું. મહેસૂલ વિભાગની પૂરક માગણી આવી છે એટલે બોલી રહ્યો છું.

---

* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : મહેસૂલની માગણી ઉપર કોમ્પ્યુટરાઈઝેશનની વાત કરી છે અને બીજી ટૂંકી વાતો છે. જમીનની કોઈ વાત કરવામાં આવી નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : નવી સેવાઓ છે એમાં એક હજાર રૂપિયા ટોકન માગણી રજૂ કરવામાં આવી છે. એમાં છ કરોડ રૂપિયા પંચાયતોની સેવામાં આપવાના છે, સરકાર પાસે પૈસા જમા પડ્યા છે એમાંથી મૂળ બજેટમાં ફાળવણી નહોતી કરવામાં આવી એટલે એક હજાર રૂપિયા ટોકન અહીંયા મૂકવામાં આવ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : મહેસૂલ ખાતાની જમીન દફતરના કોમ્પ્યુટરાઈઝેશન માટે છે. બાકીના પગારની વાત છે, ત્રીજી વાત છે જ નહિ.

**અધ્યક્ષશ્રી** :મહેસૂલ વિભાગને સબંધિત માગણી ૭૮માં કર્મચારી વર્ગના મોંઘવારી ભથ્થાંની વાત કરી છે. નિવૃત્ત કર્મચારીઓની વાત કરી છે. છઠ્ઠા પગારપંચની વાત કરી છે અને જમીન દફતરના કોમ્પ્યુટરાઈઝેશનની વાત કરી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** :માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે થઈને જ્યારે નવી માગણીની વાત આવી હોય એટલા માટે તો વાત આવેને?

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપને વિરામ બાદ પાંચ મિનિટ આપવામાં આવશે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે અને મોટા ભાગે એમણે છઠ્ઠા પગારપંચના તફાવતના કારણે ૨૦ ટકાની રકમ ચૂકવવાની વાત મોટા ભાગની આ તફાવતની માગણીમાં કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રીને જ્યારે ધારાસભામાં સવાલ પૂછીએ ત્યારે તેમને ખબર પડે કે આ પરિવારના જે કર્મચારીઓ છે તેને કેટલા રૂપિયા ચૂકવવાના બાકી છે અને પછી • (xxxx) (xxxx) આવી અને પૂરક બજૅટમાં આની માગણી મૂકે. બજૅટ વખતે મૂકતા શું થયું? એટલા માટે માગણી આવવાની છે. મને રીલેવન્ટ કહેવા દો. તેમણે જવાબમાં જે કહેવું હોય તે કહે..

**શ્રી વજુભાઈ વાળા** : * (xxxx) (xxxx) એટલે અમે અહીંયા શું ઉંઘ કરીએ છીએ?

**અધ્યક્ષશ્રી** : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શ્રી વજુભાઈ વાળા** : પહેલેથી ધ્યાન રાખો નહીં તો સાંભળવાની ત્રેવડ રાખો(xxxx) (xxxx).(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બાબુભાઈ, અસંસદીય શબ્દનો પ્રયોગ ન થાય તેનું ધ્યાન રાખો.

**શ્રી બાબુભાઈ મે. શાહ :** છઠ્ઠા પગાર પંચના પૈસા..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એવા શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ :** આ રીતે આપશો તો ૨૦૧૫ સુધી આ કર્મચારીઓને પૈસા મળશે નહીં એ વાત હું આપના મારફતે માનનીય નાણામંત્રીશ્રીને કહેવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે થઈને કે તમે આમાં પૈસા માગ્યા છે એટલા માટે મારે કહેવું છે કે આ અગાઉ સન્માનનીય ગૃહમાં જવાબ આપેલો છે. મેં પૂછેલું હતું કે ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ પગાર પંચના ફરકની રકમ કેટલી ચૂકવવાની છે? માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું કે ૯,૦૫૬ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી રહે છે. ૯,૦૫૬માંથી તેમણે ૧,૬૦૦ કરોડ રુપિયા જે ચૂકવેલ છે..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો આપ ઉલ્લેખ ના કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલા માટે કે આ પૂરક માગણીમાં તેમણે જે કારણો આપ્યા છે એમાં ૨૦ ટકા વધુ પૈસા ચૂકવવાના છે એટલા માટે

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, જે તે વિભાગની પૂરક માગણી ઉપર આપ ચર્ચા ઉપર આવો. આપના હાથમાં પ્રશ્નોત્તરીનું સાહિત્ય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : એટલા માટે કે નાણામંત્રીની સાંભળવાની તૈયારી ન હોય તો આજે સોલાર એનર્જી માટેની વાત આવી છે તે સોલાર એનર્જીમાં જે ચાલી રહ્યું છે, એટલા માટે તેમાં કોઈક જગ્યાએ એક મેગાવોટ પાવર માટેના ૨૦ કરોડ રૂપિયા જોઈએ. ચારણકામાં ૫૦૦ મેગાવોટ પાવર માટે ૧,૮૦૦ હેકટર જમીન સંપાદનની કાર્યવાહી થઈ, એટલા માટે તેમાં ૧,૦૬૬ કરોડ રૂપિયાનો અંદાજ કરવામાં આવેલ છે. તેના માટે થઈને ૨૧૦ કરોડ રૂપિયાની માગણી આવી છે. એટલા માટે કહેવા માગું છું કે સોલાર એનર્જી જે વિસ્તારમાં થવાની છે તેમાં કચ્છનો મારો વિસ્તાર છે. પડોશનો પાટણ અને બનાસકાંઠા ગુજરાતનો છે અને સોલાર એનર્જીની ઉત્પાદન શકિત છે તેના માટે તેની જે ક્ષમતા છે અને ફીઝીબીલીટી છે તેનો આધાર રહે છે અને તેના માટેના અભ્યાસ માટે થઈને કે.પી.એમ.જી. મુંબઈને બીઝનૅસ પ્લાન બનાવવા માટેની કાર્યવાહી સોંપી દીધી છે. આ કે.પી.એમ.જી. કઈ કંપની છે? તેનામાં કોઈ પારદર્શકતા છે ખરી? તેના માટે ૨૧૦ કરોડ રૂપિયા એડવાન્સ માગેલા છે. આ પ્રોજૅકટને

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

અમલીકરણ માટેની શરૂઆત માટે થઈને ૨૦૧૦-૧૧માં માગણી કરેલી છે. એટલા માટે પૂરક માગણી આવી છે. હજી ત્યાં ચારણકામાં માત્ર એક પાટિયું લાગેલું છે અને તેમાં ૫૦૦ મેગાવોટ પાવર પેદા થશે. તેમાં કેન્દ્ર સરકાર તરફથી આપણને જે પૈસા મળવાના છે તે ઠેકાણે પાડવા માટે થઈને આપણે ત્યાં બોર્ડ લગાડેલું છે. અહીં આપણે એક મેગાવોટ પાવર માટે થઈને ૨૦ કરોડ રૂપિયા અને તેના આધારે તમે ૧૫ રૂપિયાનો ભાવ નક્કી કરો યુનિટ માટેનો. તો આ ૫૦૦ મેગાવોટ ૧૦૬૬માં જ્યારે થશે ત્યારે તમે બે રૂપિયાના ભાવે વીજળી આપી શકો. આના ભાવ કઈ રીતે નક્કી થાય, એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક વખત એમ કહેલું કે ૪૦ રૂપિયે પણ પડે તો આપવા માટેની અમારી તૈયારી છે. આ સોલાર પાવરમાં વીજળી કેટલી પેદા થવાની?
૬૦૦ કે ૭૦૦ પૂરી કેપેસીટી સાથે પેદા થાય તો, અને આ વીજળી કેટલી મોંઘી પડે છે, અને આ વીજળી કેટલી મોંઘી પડશે ગુજરાતના ઉપભોક્તાઓને, એની મારે વાત કરવાની છે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે, માનનીય કાળુભાઈ.. ..

**શ્રી કાળુભાઈ વીરાણી(કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમને અનુમોદન આપવા માટે ઉભો થયો છું. માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૦-૧૧ના વર્ષના પૂરક પત્રકમાં રૂા. ૭૧૫૨ કરોડની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરેલ છે, આ પૂરક માગણીઓને મારું અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું. આ માગણીઓમાં ચાલુ વર્ષે રાજય સરકારશ્રીએ પોતાના કર્મચારીઓ અને અધિકારીઓ માટે છઠ્ઠા પગારપંચમાં થયેલી ભલામણ અનુસાર પગારભથ્થામાં થયેલા વધારાને કારણે તેમજ ROPને એરીયર્સની ચૂકવણી કરવા માટેની રકમનો સમાવેશ થાય છે. ઉપરાંત છઠ્ઠા પગારપંચના અમલને કારણે નિવૃત્તિ ભથ્થાના ખર્ચમાં થયેલ વધારાને કારણે ૮૧૦ કરોડ જેટલી રકમની પૂરક માગણી મૂકવામાં આવેલ છે. આમ મુખ્યત્વે પગાર ભથ્થા અને પેન્શનના ચૂકવણા માટે જૂદાજૂદા વિભાગો મારફત પૂરક માગણી રજૂ કરેલ છે, આ ઉપરાંત રાજય સરકારશ્રી દ્વારા રાજયના વિકાસના કામો માટે પૂરક માગણી રજૂ કરી છે, એ પૈકી કેટલીક માગણીઓ મુખ્ય મુખ્ય બાબતો હું સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું.

સમગ્ર રાજય અને દેશમાં જેણે જે અધિક આવે છે એવું દૂધ ઉત્પાદન ગુણવત્તાયુકત અને ચોખ્ખા દૂધના ઉત્પાદન માટે પૂર્વ જરૂરિયાતના માળખાને સંગીન બનાવવાની યોજનાના અમલીકરણ માટે ૨૧૬ કરોડ રુપિયાની પૂરક માગણી છે. આ જ્યારે દૂધ ઉત્પાદનની વાત કરુ છું, ગૌરવ સાથે કહી શકું, આ રાજયે ખેડૂતોનું અને પશુપાલનનો ધંધો ખેડૂત કરનાર અને આ પૂરક માગણી આવે અને અમારા મિત્રો રાડે રાડ બોલાવે આ કયાંથી ચાલે, વિકાસ કરવો છે, મારે ગૌરવ સાથે કહેવું છે કે પૈસા તો વાપરવાની તેવડ હોય તો વપરાય, પૈસાની પૂરક માગણી આથીને વધારે આવે તો પણ આ ગૃહને, ખૂબ જ અભિનંદન નાણામંત્રીને આપવા જોઈએ, એવી રીતે ચાલુ વર્ષે રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના અમલીકરણના ખર્ચના વધારાને કારણે ૧૨૩ કરોડ જેટલી વધારાની રકમની જરૂરિયાત જણાતા પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે, તેમજ કેન્દ્ર પુરસ્કૃત રાષ્ટ્રીય પશુરોગ યોજના, પશુરોગ દવાખાના શરૂ કરવા અને સંગીન બનાવવા, સુધારેલ કાર્યક્રમ ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. ખારવા અને મોવાસા રોગ, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનું પશુધન અતિ કિંમતી છે, આજે લાખ દોઢ લાખ રુપિયાની એક ભેંસ આવે, બળદની એક જોડીના ૭૦હજાર રૂપિયા છે. એમાં ૨૦ કરોડ એટલે કંઈના ગણાય. આ પશુધનને બચાવવું ખૂબ જરૂરી છે અને આવી સરસ માગણી લઈને આવ્યા છે એ બદલ હું એમને અભિનંદન આપું છું. તેમજ મારે પંચાયતોના પ્રાથમિક શિક્ષકોના પગારના સુધારણાના નિયમો હેઠળ પગાર ધોરણમાં સુધારા, સરકારી અને બિનસરકારી, પ્રાથમિક શિક્ષકોના મોંઘવારી ભથ્થાના દરમાં વધારો અને પેન્શનના નિયમોમાં સુધારાને લીધે , તેમજ પ્રાથમિક શિક્ષકો માટે ૨૮૭૩ કરોડની વધારાની જરૂરિયાત ઉભી થતા પૂરક માગણી લઈને આવેલ છે. રાજયમાં સર્વશિક્ષા અભિયાનને વધારાની રકમ ૩૪કરોડની જરૂરિયાત ઉભી થતા પૂરક માગણી રજૂ કરી છે. ચાલુ વર્ષમાં કિસાન હિત ઉર્જા શકિત યોજના માટે ઉત્તર ગુજરાત વીજ નિગમ અને ૧૦૦ કરોડ મૂડી ફાળા માટે વધારાના મંજૂર કરેલ છે. કિસાન હિત ઊર્જા એટલે મહત્ત્વની બાબત, ત્યારે કોઈએ જોયું નહોતું કોઈને યાદ નહોતું, ખેડૂતને સ્પેશિયલ મીટર આપવામાં આવે, ગુણવત્તાવાળો પાવર આપવામાં આવે, વર્ષો સુધી રાજયમાં ઊધડું બધું ચાલ્યું, અને કેટલીય ખેડૂતોની મોટરો બળી જતી હતી. મોટર બાંધવા માટે ૧૦હજાર રુપિયાનો ખર્ચ થાય, ફક્ત અને ફક્ત આ સરકારે નજીવી ૧૦૦ કરોડ રુપિયા નાખીને ખરેખર ગુણવત્તાવાળો પાવર આપવાનો નિર્ણય કર્યો છે તો નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું.

મને કહેતાં ગૌરવ થાય છે કે પાટણ જિલ્લામાં રાજ્ય સરકારે સોલાર પાર્ક ઊભો કરવાનું નક્કી કર્યું છે. અતિ મહત્ત્વની બાબત છે. સન્માનનીય ગૃહના મારા મિત્રો, સભ્યશ્રીઓ આના માટે ટીકા-ટિપ્પણ બહુ કરતા હતા, પણ મને કહેતા ગૌરવ થાય છે કે રાજ્યને પાવરની અતિ જરૂરિયાત છે અને પાટણ જિલ્લામાં રાજ્ય સરકારે સોલાર પાર્ક ઊભો કરવાનું નક્કી કર્યું છે. આ પાર્ક ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડ દ્વારા સ્થાપવામાં આવશે. અંદાજપત્રમાં કોઈ જોગવાઈ ન હોઈ, આ ૨૧૦ કરોડ પૂરક માગણી રજૂ કરેલ છે. ૨૧૦ કરોડ તો બહુ ઓછી

માગણી ગણાય. કદાચ ગુજરાતનો વિકાસ થતો હોય તો એના માટે ગમે એટલી માગણી આવે તો સન્માનનીય ગૃહે એક સાથે અભિનંદન આપીને આ માગણી મંજૂર કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે વિકાસલક્ષી સંશોધન પ્રવૃત્તિઓ તેમજ જૂથ કંપનીમાં મૂડી રોકાણ અને નિગમ અસ્ક્યામતો માટે જી.એસ.પી.સી.ને નિધિની જરૂર છે. આ હેતુ માટે રૂપિયા ૨૦૦ કરોડની વધારાની જરૂર જણાતાં આ પૂરક માગણી રજૂ કરવામાં આવી છે. વિકાસ માટે પૈસાની ખૂબ જરૂરિયાત હોય છે અને આ જે માગણી લાવ્યા છે એ ખૂબ સારી બાબત છે. ઓન લાઈન વોટીંગ સિસ્ટમ, લોકશાહીને વરેલી આ સરકાર છે. વિચાર તો કરો કે ઓન લાઈન વોટીંગનું અમલીકરણ થતું હોય અને ૨૨ કરોડ રૂપિયા જેવી નજીવી રકમ છે ત્યારે એ માગણી રજૂ કરવામાં આવી છે. મારે વિશેષ કહેવું છે કે રાજ્યમાં કૃષિ ક્ષેત્રે પૂરતા દબાણથી, ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તથા કૃષિ ક્ષેત્રે થતી વીજ ચોરી અટકાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા કિસાન ઊર્જા શક્તિ યોજના અમલમાં મૂકી છે. આ યોજન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં પૂરતા દબાણથી સતત વીજળી મળે, અત્યાર સુધી જે વીજળીની મુશ્કેલી હતી પણ આજે પૂરતા દબાણથી વીજળી મળે છે અને ખરેખર આ નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુક્લ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજૅટ પરની પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા અને મારી વાત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે બજૅટની રજૂઆત થયા પછી કોઈ જન સમુદાયના હિતની વાત હોય જે બજૅટમાં રહી ગઈ હોય, કોઈ પરિયોજના હોય કે જેને આવતા બજૅટ સુધી રાહ જોવાનું આપણને પરવડે તેમ ન હોય તેની વાત લઈને, તેવી પૂરક માગણીઓ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવેલા છે. ખાસ કરીને હું માગણી નં. ૧૩ ઉપર વીજળીની નવી પરિયોજના ઉપર ધ્યાન દોરું છું. જ્યારે વિશ્વ આખું આર્થિક મંદીમાં ત્રસ્ત હતું, અમેરિકા, લંડન જેવા દેશો પણ આર્થિક તકલીફમાં હતા ત્યારે હિન્દુસ્તાનનું અર્થતંત્ર, હિન્દુસ્તાનના ખેડૂતોના આધારે, ખેતીના આધારે ટકી ગયું હતું અને એમાંય ખાસ કરીને ગુજરાતના ખેડૂતોએ જે રીતે ખેતીનો વિકાસ દર જબરદસ્ત પ્રાપ્ત કર્યો હતો પરિણામે હિન્દુસ્તાનના અર્થતંત્રમાં મજબૂતાઈ બક્ષવામાં ગુજરાતના ખેડૂતો આગળ હતા. આ ગુજરાતના ખેડૂતો સારી ખેતી કરી શકે, એને વીજળી નિયમિત મળે, ક્ષતિ વગરની વીજળી મળે એના માટે આ બજૅટની અંદર પૂરક માગણીમાં કૃષિને લગતી વીજળી આપવા માટેની આખી યોજના છે. આ યોજના અનુસાર દરેક કિસાનના ખેતરમાં પોતાનું સ્વતંત્ર નાનામાં નાનું ટ્રાન્સફોર્મર ગોઠવવામાં આવશે. પરિણામે એ કિસાનને જે પહેલા લો વૉલ્ટેજ વીજળી મળતી હતી એની જગ્યાએ હવે હાઈ-વૉલ્ટેજ વીજળી મળશે. એના કારણે ખેડૂત પોતાની ખેતી સારી રીતે કરી શકશે.
આજે વીજળીની જે બૂમો પડે છે એ બૂમો પાડતા પણ લોકો ઓછા થઈ જશે. વીજળીનો બચાવ પણ થશે અને આ રીતે પૂરક માગણીની અંદર આપણે ૧૦૦ કરોડની પૂરક માગણી પૂરક માગણી મૂકેલી છે તો આ પૂરક માગણી માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમને આપણે અત્યાર સુધી લોન આપતા હતા પણ આ વખતે પરિયોજના માટે આ વિકાસ નિગમને આપણે શેરમૂડી તરીકે વધારાના રૂપિયા આપીએ છીએ અને આ વિકાસ નિગમ એ કૃષિ યોજનાને લોન ધીરશે. આ રીતે લોકોના જનહિતના કામ માટે જે આ કામ કરેલું છે. સામાન્ય રીતે એવી વાત કરવામાં આવે છે કે બજૅટમાં હોય એના કરતા વધારે પડતી પૂરક માગણીઓ મૂકવી ના જોઈએ. નિયમમાં આવતું હશે, જે કાંઈ આવતું હશે પણ જનહિતાય, જ્યારે સામાન્ય રીતે ગુજરાત આખાનું કલ્યાણ કરવું હોય કે કાંઈ સારું કામ કરવાનું હોય ત્યારે વર્ષ રાહ ના જોવાની હોય તો આપણે બધા ભેગા મળીને પણ આ પૂરક માગણીઓને ટેકો આપવો જોઈએ. આ ઉપરાંત છઠ્ઠા પગાર પંચ માટેના પૈસા માટે પણ જોગવાઈ કરેલી છે, આદિવાસી યોજનાઓ માટેની પણ જોગવાઈ છે. આ બધી યોજનાઓને ધ્યાનમાં લઈને આપણે બધાએ ટેકો આપવો જોઈએ. આ વાત કરીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે પૂરક માગણીઓ હોય છે તે હમણાં ચર્ચા થઈ તેમ સૌથી વધુ ૭૧૫૨ કરોડની પૂરક માગણીઓ છે જે ૧૦.૪૧% જેટલો વધારો બતાવે છે. ખાસ કરીને પૂરક માગણી નંબર ૧૩માં જે સોલાર પાર્કની જે ચર્ચા થઈ એમાં સોલાર પાર્કમાં આ નવી બાબત હતી અને મંત્રીશ્રી બજૅટમાં લાવી શક્યાં હોત પણ આ પૂરક બજૅટમાં આની માગણી રજૂ કરી છે. છતાં પણ વાંધો નથી પણ એની જે ટેન્ડર પ્રોસેસ પ્રક્રિયા છે એ પ્રક્રિયા પણ જો વ્યવસ્થિત હોત અને ટેન્ડર મંગાવ્યાં હોત તો સભ્યશ્રીને આનંદ થાત પણ ડાયરૅક્ટ કોઈ એક કંપનીને સીધે સીધો એનો કોન્ટ્રાકટ આપી દેવામાં આવે અને અને ૫૦૦ એકર જેટલી જમીન પણ આપી દેવામાં આવે એ ખૂબ ગંભીર બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કિસાન હિત રક્ષકની બધા ધારાસભ્યો હમણાં રજૂઆત કરતા હતા, બહુ ખુશીની વાત છે, ખુશી યોજના છે. વાત બહુ સાચી કે નવા ટ્રાન્સફોર્મ્સ બદલાય જાય. પરંતુ એમને ખબર નથી કે આ જે કિસાન હિત રક્ષક યોજના ૧૦૦ કરોડની બનાવી છે અને જીવીએસએલને ૧૯ કરોડનો શેરમૂડી ફાળો આપવાના છે એમાં વાંધો ના હોઈ શકે પણ જે મટિરિયલ્સ જે ખરીદાય છે એ એટલું હલકી કક્ષાનું મટિરિયલ્સ

હોય છે જેનાથી એના ટાવરો તૂટી પડે છે. મારે ત્યાં જ હમણાં એવો બનાવ બન્યો છે કે ટાવર ઊભા કર્યા સાહેબ, પણ ટાવર તૂટી પડે એવા. અધિકારીઓ પણ કહેવા માંડ્યા કે આટલી હલકી કક્ષાનું મટિરિયલ્સ છે એના કારણે હેલ્પરોને તો નુકસાન થાય છે જ, પણ જે ખેડૂતો છે, જે ખુશીની વાત કરીએ છીએ પણ ખેડૂતોના ખેતરમાં પાક બળી જવાના પ્રશ્નો બને છે. એટલે મંત્રીશ્રીને (અંતરાય) તમે ઓડા પાસેથી આવો છો, તમે ઈડર પાસે આવો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ભરતભાઈ (અંતરાય)

**ડૉ. અનિલ જોષીયારા** : ના, વાવાઝોડું નથી આવ્યું. (અંતરાય) વગર વાવાઝોડાંએ ટાવર તૂટે છે. ચોમાસામાં સાહેબ સમજી શકાય કે ટાવરો તૂટે છે પણ વગર વાવાઝોડાંએ ટાવરો તૂટે એટલી હલકી કક્ષાનું મટિરિયલ્સ આવે છે કે છાંટા પડેને તરત વીજળી બંધ થઈ જાય. આ ગામડાંમાં હાલત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ તમે આ બાજુ ધ્યાન આપો. માનનીય ભરતભાઈ (અંતરાય)

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, જે આદિજાતિ વિસ્તાર છે. જે માગણી લઈને આવ્યાં છે એમાં ૭૭ કરોડની માગણી છે એમાં વાત એમની સાચી છે કે કેન્દ્ર સરકારે પોસ્ટ મૅટ્રિક કોલરશીપમાં વધારો કર્યો છે એના લીધે આ વધારો કરવો પડે છે. કેન્દ્ર સરકાર આટલી સારી મદદ કરી રહી છે એના લીધે આ થઈ શકી છે. એ રીતે મહેસૂલમાં, પોલીસ ખાતામાં જે માગણી છે એમાં પોલીસ ખાતામાં જે કર્મચારીઓ છે એ ફીકસ પગારના લીધે ૨૪ કલાક કામ નથી કરી શકતા. મારી તો વિનંતી છે કે આ ખાતામાં જે કર્મચારીઓ છે એમને ફીકસ પગાર નહિ પણ એમને પૂરો પગાર આપો જેથી એ લોકો કામ કરી શકે.

આજે જે પોલીસ ડિપાર્ટમેન્ટની પરિસ્થિતિ છે, ગુનાઓનું પ્રમાણ વધ્યું છે. આજે જે મહેકમ છે એનું એ મહેકમ ૧૯૬૦નું છે. જનસંખ્યા વધી ગઈ, આજે સાડા પાંચ કરોડની જનતા થઈ અને એનું મહેકમ જુનું ૧૯૬૦ વખતનું છે. એમાં જનસંખ્યાના પ્રમાણમાં મહેકમ ઉભું કરો. આજે પ્રશ્ન સવારે હતો કે મોટાભાગની જગ્યાઓ ખાલી છે અને એના લીધે આ ગુનાઓનું પ્રમાણ વધે છે. એક તો એમાં ભરતી કરો પોલીસોની અને સાથે સાથે એમના પગારમાં પણ વધારો કરવો જોઈએ, ફીકસ પગારમાંથી આ ડયૂટી ના થઈ શકે. . ફીકસ પગારમાં એ કેવી રીતે આગળ વધી શકે ? એ એના ઘરનું ભાડું, લાઈટ બીલ કે મોબાઈલનું બીલ કેવી રીતે ભરી શકે, એ કેવી રીતે કરી શકે ? એટલે મારી વિનંતી છે કે, આમાં પણ વધારો કરવો જોઈએ અને ફીકસ પગારના બદલે રેગ્યુલર પગારમાં એમને મૂકવા જોઈએ આટલી વાત સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું. (અંતરાય ) એટલે જ ધીમે બોલું છું કે, સાંભળીને જલદી આવી જાય, (અંતરાય) ના પણ ટી.વી. ઉપર જુએને ત્યાં. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે ઉર્જા ક્ષેત્રે પણ દેશને દિશા બતાવી છે અને એનર્જી હબ ઓર્ગેનાઈઝેશન તરીકે આજની તારીખમાં ગુજરાતની ઓળખ થઈ છે. કેન્દ્ર સરકાર સોલર પોલીસીની વાતો કરતી હતી અને પોલીસી બહાર આવે એ પહેલાં ગુજરાત દેશનું પહેલું રાજય બન્યું કે જેણે સોલર પોલીસી ૬૦૧૦૨૦૦૯ના રોજ બહાર પાડી. માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાય છે કહેતાં કે, આજે બે વર્ષ પછી પણ ગુજરાત આખા દેશમાં એક માત્ર રાજય છે કે, જેને સોલર પોલીસી બહાર પાડી હોય. અને આ જે સોલર પોલીસી બહાર પાડી એના પછી કેન્દ્ર સરકારે એમની જે જવાહરલાલ મીશનની જે નીતિ હતી એ બહાર પાડવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસી બહું કલીયર હતી અને મને આજે ઘણું દુ:ખ થયું કે જયારે અહીંયા આજે હાઉસમાં સોલર પાર્કની ચર્ચા હતી, પાર્કની અંદર સોલરના પાવર પરચેજ એગ્રીમેન્ટની વાત કરી અને વિરોધપક્ષના નેતાશ્રી આટલા સિનિયર વ્યકિત આટલી બધી માહિતી જાણતા હોય એ વ્યકિત *(xxxx) (xxxx) (xxxx) વિષયો પર આજે એમણે વાત મૂકી છે. આને હું એકે એક પુરવાર કરીશ માનનીય અધ્યક્ષશ્રી,(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અસંસદીય શબ્દ હશે તો એને જોઈને રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

**શ્રી સૌરભ પટેલ** : ખોટું નથી બોલ્યો, સત્ય સાહેબ દેશી ભાષામાં કહું, સાચી વાત આ વિધાનસભાના ગૃહમાં એમણે મૂકી નથી અને એ હું આ સભ્યશ્રીને માહિતી આપવા માગું છું. મુદ્દા નંબર-૧, સોલરની ટેરીફ ૧૫/- રૂપિયા ૨૫ વર્ષ માટે છે. પહેલો આજ વિષય ખોટો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે એમને કે, આ સોલર ટેરીફ ગુજરાત સરકારે નકકી નથી કરી, સોલર જયારે પોલીસી નકકી કરી ત્યારે ગુજરાત સરકારે ટેરીફ ૧૩/- રૂપિયા રાખી હતી અને ૧૨ વર્ષ માટે રાખી હતી. (અતરાય) અરે ભાઈ મારી વાત તો સાંભળો.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ આપ એમને સાંભળો.

**શ્રી સૌરભ પટેલ** : સોલર પોલીસીમાં ૧૩/- રૂપિયા , ૧૨ વર્ષ માટે રાખી હતી અને ૧૨ વર્ષ પછીના ૧૩ વર્ષ માટે ૩/- રૂપિયા રાખી હતી. આ ૧૨ રૂપિયા અને ૩/- રૂપિયા આ સોલર પોલીસીમાં સ્પષ્ટપણે છે. એ

* (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સમયે કેન્દ્ર સરકારે ૩-૧૨-૨૦૦૯ના રોજ, અમે ૬-૧ના રોજ કર્યુ કેન્દ્ર સરકારે ૩-૧૨ ના રોજ કર્યુ એક વર્ષ પછી, બધો અભ્યાસ કર્યા પછી ૧૮/- રૂપિયા અને ૪૪ પૈસા ૨૫ વર્ષ માટે રાખી, ૧૮/- રૂપિયા અને ૪૪ પૈસા ૨૫ વર્ષ માટે ત્યારે અમે ૧૩/- રૂપિયા ૧૨ વર્ષ માટે રાખી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ સોલાર પોલીસી નકકી કરીને પછી આ કેન્દ્ર સરકારના ભાવો આવ્યા એટલે બધા ડેવલપરો ભેગા થયા અને રેગ્યુલેટરે સુનાવણી રાખી.
એ સુનાવણી રેગ્યુલેટરે રાખ્યા પછી રેગ્યુલેટરે પહેલા ૧૩રૂપિયાના પંદર કર્યા એ માત્ર ૧૨ વર્ષ માટે પણ શકિતસિંહભાઈ તમે જે હાઉસમાં બોલ્યા કે પંદર વર્ષ નહીં પચ્ચીસ વર્ષની છે. પચ્ચીસ વર્ષના નથી. આ માત્ર ને માત્ર બાર વર્ષના છે અને બીજું મારે કહેવું છે તમે • (xxxx) (xxxx) એમ (અંતરાય) સારું, સારું હું શબ્દો પાછા ખેંચી લઉં છું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અસંસદીય શબ્દોની ચોપડી છે.

**શ્રી સૌરભ પટેલ** : શકિતસિંહભાઈ, હું શબ્દો પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : અસંસદીય શબ્દો હશે તો હું રેકોર્ડ જોઈને દુર કરીશ. (અંતરાય) શકિતસિંહભાઈ, હું ના નથી પાડતો. હું અસંસદીય શબ્દો હશે તો રૅકૉર્ડ ઉપરથી દૂર કરીશ. (અંતરાય) અસંસદીય શબ્દો દૂર કરવામાં આવે છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ આ હાઉસની અંદર સવારે કહ્યું કે કેન્દ્ર સરકાર બે રૂપિયા અને વીસ પૈસે વીજળી આપે છે. આજની તારીખમાં કોઈપણ વીજળી બે રૂપિયા અને વીસ પૈસા આપતા હોયને તો અમે બધા  કરાર કરવા અમે તૈયાર છીએ. આ બે રૂપિયા અને વીસ પૈસાની સામે કેન્દ્ર સરકારે ૮૪ મેગાવોટ ૧૬ પાર્ટીને ૧૭ રૂપિયા અને ૯૧ પૈસાએ ૨૫ વર્ષ માટે આપ્યા છે. આ સોલાર પાર્ક અને વધારાની વાત કરું ૧૭રૂપિયા અને ૯૧પૈસાએ એ લોકોએ  પચ્ચીસ વર્ષ આપ્યા એ ઉપરાંત એમણે ૧૭ રૂપિયા અને ૯૧ પૈસે બીજા ૯૮ મેગાવોટ આપ્યા. આ ક્યારે આપ્યા? ૨૮ ડિસેમ્બર, ૨૦૧૦એ. આ બંને સ્પષ્ટપણે બતાવે છે કે બે રૂપિયા અને વીસ પૈસા આવ્યા કયાંથી? આજની તારીખમાં મને એક પત્ર કેન્દ્ર સરકાર લખીને આપે કે અમે તમને બે રૂપિયા અને વીસ પૈસે વીજળી આપવા તૈયાર છીએ. અમે લોકો જેટલી વીજળી આપે, કોઈપણ વીજળી આપે આજે બે રૂપિયા અને વીસ પૈસે લેવા તૈયાર છીએ. (અંતરાય) એક વસ્તુની એમણે વાત કરી કે ભાવની એ મેં સ્પષ્ટપણે કીધું. હવે હું પ્રોસીઝરની વાત કરું. આ પ્રોસીઝરની અંદર આ રાજય સરકારે જે નીતિ આપી એ નીતિની પછી ૨૦૭ અરજીઓ આવી અને ૧૩૮૪૧ મેગાવોટની આવી એટલે રાજય સરકારે એક ફોર્મેટ બનાવ્યું અને એ ફોર્મેટની અંદર રાજય સરકારે આખી કંપનીઓની સંપૂર્ણપણે એકટીવીટી, એનું ટર્ન ઓવર કેટલું છે, ધંધો શું છે એની બધી વિગતોનું અમે ફોર્મેટ બનાવ્યું અને ફોર્મેટ બનાવ્યા પછી દસ લાખ રૂપિયા ૫ર મેગાવોટની ડિપોઝીટ લીધી. અમે પાર્ટીઓને લખ્યું કે તમારે જો તમારી એપ્લીકેશન આગળ વધારવી હોય તો દસ લાખ રૂપિયા ડિપોઝીટ આપો. અમે ૧૪-૮ની ડેડ લાઈન આપી. માત્ર ૨૦૭ એપ્લીકેશનમાંથી ૭૭ એપ્લીકેશન આવી અને ૭૭ એપ્લીકેશનની ચકાસણી કરી અને એ ૭૭ એપ્લીકેશનની ચકાસણી કર્યા પછી જે એપ્લીકેશનોએ કન્ડીશનલ નહોતી આપી અને અનકન્ડીશનલ ડિપોઝીટો આપી હતી એ અનકન્ડીશનલની ૫૮ એપ્લીકેશનો ૫૬૫ મેગાવોટની સ્વીકારવામાં આવી. અને આજની તારીખમાં ગૌરવ સાથે કહું છું કે પ્રોસીઝરની બાબતમાં  અમને અત્યાર સુધી અમને એક પણ ફરિયાદ આવી નથી અને એ સાથે મારે કહેવું છે કેન્દ્ર સરકારે શું કર્યું? કેન્દ્ર સરકારે જે નીતિ બનાવી એ ઓન લાઈન નીતિ બનાવી. ઓન લાઈન નીતિ ફર્સ્ટ કમ ફર્સ્ટ આઉટ પર બનાવી. એ ફર્સ્ટ કમ ફર્સ્ટ આઉટના બેઝ ઉપર શું થાય, જેવું ઓન લાઈન ચાલુ કરો એટલે ૧૨ અને ચાર સેકન્ડવાળો મંજૂર અને બારને દસ સેકન્ડવાળો નામંજૂર. આ પારદર્શકતા કહેવાય? ગુજરાતને અન્યાય થયો છે. કેટલો ગુજરાતને અન્યાય થાય છે એ વિશે વાત કરું. કેન્દ્ર સરકારમાંથી કાગળ આવ્યો અમને અને એ કાગળમાં એમ લખવામાં આવ્યું કે તમારી પાસે જેટલી એપ્લીકેશન આવી હોય એ એપ્લીકેશનો તમે અમને મોકલી આપો. અમે બધી એપ્લીકેશનો મોકલી આપી અને ૭૧૬ મેગાવોટની નામજોગ મોકલી અરજી આપી અને કીધું કે આ ૭૧૬માંથી જવાહરલાલ નહેરુ મિશનમાં તમે એમને સ્થાન આપો.
મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જવાહરલાલ નહેરુ મીશનની અંદર ગુજરાતમાં સૂર્ય ઉગતો જ નથી. ગુજરાતમાં હીટ જ નથી. હીટનું રેડીએશન નથી. એક પણ યુનિટ આટલા બધામાં જવાહરલાલ નહેરુ મીશનમાંથી જેટલા યુનિટો આપ્યા છે, એમાંથી એક મેગાવોટ પણ ગુજરાતને મળ્યું નથી. આનાથી મોટો અન્યાય કોને કહેવાય? સૌથી વધારે હીટ રેડિયેશન ગુજરાતમાં આવતું હોય. અરે ભાઈ, રાજસ્થાન, તામીલનાડું, ઝારખંડ, પંજાબ આ બધા રાજ્યમાં આપ્યું છે. શું આપણે ત્યાં સૂર્ય ઉગતો નથી? મારે સભ્યશ્રીને કહેવું છે કે આપ્યું તો ક્યાં? આ રાજય સરકારની નીતિ કેટલી સ્પષ્ટ છે. અમે અમારી નીતિમાં સ્પષ્ટ કર્યુ, અમે અમારી પોલિસીમાં સ્પષ્ટ કર્યુ અને પોલિસીમાં લખ્યું. જમીન વિષેની વાત કરું, એટલે એ ચિંતા પણ દૂર થઈ જાય. The applicant has preferred to purchase the private land or opt for allocation of land for the proposed solar plant. and બહુ ક્લિયર કર્યુ, No government land other than in the proposed solar park shall be allotted

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી રદ કરવામાં આવ્યા.

for solar power project. આ નીતિમાં આપણે સ્પષ્ટ લખ્યું છે કે સરકારની એક જમીનનો ટુકડો તમને સોલાર પાર્કમાં આપવા નહિ આવે, જે જોઈતું હોય તે સોલર પાર્કની અંદર આવો. આ સરકારી જમીન આપવા નહિ આવે. અમે આ કર્યુ. અને બાજુમાં રાજસ્થાને ડ્રાફ્ટ આપ્યો. રાજસ્થાને શું આપ્યું? The Government land required for the solar power plant shall be allotted to the solar power producer at concessional rate of ૧૦ percent of the market rate. એટલે તમારી બાજુની સરકારે સરકારી જમીન પણ આપે છે અને સરકારી જમીનમાં ડિસ્કાઉન્ટ પણ આપે છે. આજની તારીખમાં એટલે જ્યારે હું વાત કરતો હોઉ, વીજળીના રેટની વાત કરતો હોઉ, વીજળીના વર્ષોની વાત કરતો હોઉ, પ્રોસિજરની વાત કરતો હોઉ, જમીનોની વાત કરતો હોઉ અને સાહેબ મને તો આજે દુઃખ થયું ઈલેક્ટિસિટી ડ્યૂટી વધારી. મને ખબર નથી ઈલેક્ટિસિટી ડ્યૂટી વધારી. શું કહ્યું? કે આનો બોજો ૨૦ પૈસા ઈલેક્ટિસિટી ડ્યૂટી વધારી. ૨૦ પૈસા ઈલેક્ટિસિટી ડ્યૂટી કોઈ જગ્યાએ નાણા મંત્રીશ્રીના પ્રવચનમાં મેં કોઈ જગ્યાએ જોયું નથી. અને ક્યાથી આવ્યું તે માનનીય શકિતસિંહ કહી શકે. કોઈ જગ્યાએ નથી.

## પોઈન્ટ ઓફ ક્લેરિફિકેશન

### ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**:માનનીય અધ્યક્ષશ્રી, મારું પોઈન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. મારા હાથમાં માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચનનો 'ખ' ભાગ છે.

**શ્રી સૌરભ પટેલ** : હું જવાબ આપું એનો. તમે ખોટું વાંચો છો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :'ખ' ભાગ. માનનીય અધ્યક્ષશ્રી, 'ખ' ભાગમાં માનનીય નાણામંત્રીશ્રીએ કહ્યું છે કે કલિન અને ગ્રીન એનર્જી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પર્યાવરણની જાળવણી કરવા માટે બીનપરંપરાગત ઉર્જા ખરીદવા જેવા હેતુ માટે રાજ્ય સરકારે ગ્રીન એનર્જી પ્રસ્થાપિત ફંડ કરવા માગે છે, એટલે પેલા લોકોની આપણે મોંઘી લઈએ છીએ, એટલા માટે અને એમાં પ્રકારની વિધુત ઉર્જા ઉપર યુનિટ દીઠ ગ્રીન સેસ તરીકે આ કર નાખું છું અને એના કારણે ગ્રીન સેસના સુચિત વધારાના કારણે ૨૪૪ કરોડ રૂપિયાની મને આવક થશે. આ આપનો ખ ભાગ.

**શ્રી સૌરભ પટેલ** : પહેલી વસ્તુ તો મારે વિરોધ પક્ષના નેતાશ્રીને સેસ અને ઈલેકિટ્રસિટી ડ્યૂટી એનો તફાવત સમજાવવો પડશે. ઈલેકિટ્રસિટી ડ્યૂટી એ વિષય જુદો છે અને સેસ એ જુદો વિષય છે. અને બીજું સેસ બે પૈસા લગાડવાની વાત છે. ઈલેકિટ્રસિટી ડ્યૂટી તમે ૨૦ પૈસા લગાડવાની વાત કરી છે. બીજું કહેવું છે કે ઈલેકિટ્રસિટી ડ્યૂટીમાં આજની તારીખમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ નાણામંત્રીશ્રીએ આવતા કોગ્રેસના વર્ષોમાં જે રેસીડેન્સ ઉપર ૪૦ ટકા હતી એ ઘટાડીને ૨૦ ટકા કરી છે

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના જમાનામાં જે ટેક્સ ઓન ઈલૅક્ટ્રીસીટી ૪ ટકા હતી તે સંપૂર્ણ નાબૂદ કરી ઝીરો કરી છે. સર્વિસ ઈન્ડસ્ટ્રીઝમાં જે ૩૦ ટકા હતી તે ઘટાડીને ૧૫ ટકા કરી છે. ઈન્ડસ્ટ્રીયલ અન્ડરટેકીંગમાં ૨૦ ટકા ઘટાડી ૧૫ ટકા કરી છે. ખેડૂતોની ચિંતા કરનારી આ સરકારે ૫ ટકા હતી તે સંપૂર્ણ નાબૂદ કરી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કહું એક જમાનામાં રેસીડેન્સીયલ, કોમર્શિયલ ૬૦ ટકા ડ્યૂટી હતી તે ઘટાડી ૨૫ ટકા કરી છે. ઈલૅક્ટ્રીસીટી ડ્યૂટીની વાતો કરવાનો કોંગ્રેસને કોઈ અધિકાર જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપ વિચાર કરો, દુનિયાની એશિયન ડૅવલપમેન્ટ બૅન્ક, કલીન્ટન ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ આ ગુજરાતના સોલાર પાર્ક માટે મદદ કરવા તૈયાર થઈ છે. આ માગણી એટલા માટે આવી છે કે આ સોલાર પાર્કની માગણી અમે દિલ્હીમાં આયોજન પંચ સમક્ષ મૂકી ત્યારે આયોજન પંચના અધ્યક્ષ ડો.મોન્ટેકસિંહ આહલુવાલિયા જોઈને ખુશ થઈ ગયા અને કહ્યું બજૅટ પૂર્ણ થયા પછી પ્લાનિંગ કમિશન પાસે રૂપિયો લેવો તે બહું અઘરી વસ્તુ છે. તેમણે સોલાર પાર્કની જ્યારે મુખ્યમંત્રીશ્રીએ વાત કરી કે સોલાર પાર્ક હું નાંખું છું અને પહેલી વખત આવું થઈ રહ્યું છે તેના માટે તમારે મદદ કરવી જોઈએ અને તે મદદના ભાગરૂપે આજે આ માગણી આવી છે. મારે કહેવું છે કે ૬૩ કરોડ રૂપિયાનો હપ્તો ઓલરેડી ચૂકવી દીધો છે. જો તમને એમ હોય કે આ સોલાર પાર્ક આટલું ખોટું છે તો કરો રજૂઆત ત્યાં, કરો રજૂઆત ત્યાં? હું તો સ્પષ્ટપણે કહું છું, વિરોધપક્ષના નેતાશ્રીને કહું છું કે કેન્દ્ર સરકારની સોલાર પૉલિસીની નીતિ ઉપર આજે જે કંઈ વાત તેમણે અહીં મૂકી છે તે મહેરબાની કરીને દિલ્હીમાં મૂકે, પછી ખબર પડશે દિલ્હીમાંથી શું જવાબ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના અન્યાય વિશે વાત કરવી જોઈએ. જવાહરલાલ નહેરૂ મિશનમાં એકપણ મેગાવોટ આવી નથી અને સોલાર માટે એકપણ રૂપિયો આવ્યો નથી. તેના વિશે વાત કરવી જોઈએ. અહીં આટલી સરસ રીતે કામ ચાલતું હોય, પારદર્શક રીતથી પીપીએ સાઈન કર્યા હોય, એક ફરિયાદ ન આવી હોય અને પહેલી વખત બે વર્ષની કોઈ ફરિયાદ સાંભળી હોય તો આજે વિરોધપક્ષના નેતાશ્રી પાસેથી સાંભળી અને તે પણ સત્ય વગરની છે.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, ભરતભાઈ, માનનીય ઈકબાલભાઈ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સોલાર પાર્ક દેશ અને ઇન્ટરનૅશનલ કક્ષાએ શ્રેષ્ઠ પાર્ક બનશે. બધી જ સુવિદ્યા અહીં કરવા માગીએ છીએ. ઈન્ફ્રાસ્ટ્રકચર કરી આપીશું. એક જ જગ્યાએથી ટ્રાન્સમીશન લાઈન જાય અને રણ વિસ્તારની અંદર કે જ્યાં સૌથી વધારે હીટ રૅડીએશન છે ત્યાં સારામાં સારું પ્લાન્ટ લોડ ફેકટર આવી શકે છે તે ધ્યાનમાં રાખીને આ જગ્યાનું સિલેકશન કર્યુ છે. હું ગૌરવ સાથે કહી શકું કે ૩૧-૧૨-૧૧ સુધીમાં આ પ્લાન્ટ જ્યારે ફુલ ફલેઈઝ ચાલુ થઈ જશે, યુનિટ ચાલુ થશે ત્યારે દેશ અને દુનિયાની કંપનીઓ આ ગુજરાતની અંદર આ સોલાર પાર્કના વખાણ કરવા માટે આવશે. એટલે મારે વિનંતી કરવી છે કે, ઘણી વખત સભ્યશ્રી બોલતા હતા, ઘણી વખત બોલ્યા, માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કહ્યું કે હું ફેકટસ રજૂ કરું છું, હું ફેકટસ રજૂ કરું છું. મારે એટલું જ પૂછવું છે કે આ ફેકટસનું શું થયું? તમારી પાસે મારા વિષયનો એકપણ જવાબ હોય તો હું ખુલ્લો પડકાર ફેકું છું. તમારે બીજું કહું છું કે આજની તારીખમાં તમે જે બોલ્યા અને હું જે બોલ્યો સત્ય કોનું છે તે આવતા દિવસોમાં પબ્લીક બતાવશે. તમને ખબર છે કે આજે તમે જેટલું બોલેલા છો તે બધું સત્ય વગરનું બોલેલા છો.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાઈટ ટુ કવેચ્ચન. મિનિસ્ટર ઈન્ટરવીન થાય ત્યારે તો રાઈટ ટુ કવેચ્ચન મળે જ છેને, he is intervening as a Minister, and not as a Member. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપ હાઉસ ઓર્ડરમાં લાવો તો પૂછી શકુંને, નહીં તો કોઈ મતલબ નથી.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવું કહેવાય છે કે when a person cannot raise the argument he raise the voice. ભાઈ, રાઈટ ટુ કવેચ્ચન છે અને એલાઉ કર્યા છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલે છે? શાના ઉપર બોલે છે? કારણ કે એમને તો જે કહેવાનું હતું એ તો સવારે કહી દીધું છે. તો મારે એ જાણવું છે કે, માનનીય વિપક્ષના નેતાશ્રી શાના ઉપર પ્રવચન કરી રહ્યા છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : રાઈટ ટુ કવેચ્ચન છે. I am not on a point of order. મારી કમનસીબી તો એ છે કે સંસદીય બાબતોના મંત્રીશ્રીને, કાયદા મંત્રીશ્રીને ખ્યાલ નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીભાઈ, સવારે આપને પણ ખૂબ તક મળી છે અને આપે પૂરેપૂરું ગૃહનું ધ્યાન દોર્યુ છે, જે કંઈ હોય એ ટૂંકમાં આપ પૂછો અને માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું (અંતરાય) કવેચ્ચન તો હોય જ ને ઈટ ઈઝ માય રાઈટ, આપે પરમિટ કર્યા પછી રાઈટ ટુ કવેચ્ચનમાં આ રીતે ઊભા થાય? ધીસ ઈઝ ટુ મચ. આપે પરમિટ કર્યા પછી, આપે પરમિટ કર્યા પછી મત્રીશ્રી બોલે એની પછી રાઈટ ટુ કવેચ્ચન હોય જ. કોઈપણ મંત્રીશ્રી ઈન્ટરવીન કરે એની વાત ઉપર રાઈટ ટુ કવેચ્ચન હોય જ. I

**શ્રી વજુભાઈ વાળા** : સભ્યશ્રીને બોલી લીધા પછી પેટા પ્રશ્ન..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સભ્યને ના હોય, મંત્રીશ્રીનો આ જવાબ છે. ઈન્ટરવીન કરી છે ચર્ચાને મંત્રી તરીકે, અને મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવાનો ( અંતરાય) આપ ગાઈડ તો કરો નવા સ્પીકરશ્રીને,

**અધ્યક્ષશ્રી** :માનનીય શકિતસિંહજીભાઈ, માનનીય સભ્યશ્રી બોલી ગયા છે હવે અંતમાં નાણા મંત્રીશ્રી જવાબ આપશે પછી આપ પ્રશ્ન પૂછી શકશો. માનનીય રાકેશભાઈ...

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** :: માનનીય અધ્યક્ષ મહોદય..

**અધ્યક્ષશ્રી** : આપને છેલ્લે તક મળશે. માનનીય રાકેશભાઈ..

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણી નંબર ૧૩ લઈને સભાગૃહમાં આવ્યા છે એને સમર્થનમાં હું મારા સૂર પૂરાવું છું. માનનીય અધ્યક્ષ મહોદય, જે ઉર્જા ક્ષેત્ર માટે માનનીય મંત્રીશ્રી પૂરક માગણીઓ લઈને આવ્યા છે. ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** :માનનીય શકિતસિંહજીભાઈ, આપને ના નથી પાડી માનનીય વજુભાઈ જવાબ આપે ત્યાર પછી આપ પૂછી શકો છો. માનનીય રાકેશભાઈ..

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા પણ વિકાસના માપદંડનું એક પાયાનું સ્ત્રોત છે. આ સરકારે ભાવિ વિકાસની યોજનાના ભાગરૂપે ઉર્જાની ઉપલબ્ધિ અને તેનો ઉપયોગ સુનિશ્ચિત આયોજન કરતાં દરેક પ્રકારની ઉર્જા કે જે પરંપરાગત ઉર્જા હોય, સૌર ઉર્જા હોય, પવન ઉર્જા હોય એ બધા જ પ્રકારના પાસાનો અભ્યાસ કરી મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો પાર કર્યા છે. માનનીય અધ્યક્ષ મહોદય, હું જે ઉર્જાની માગણી આપણી સમક્ષ લઈને આવ્યો છું હું એની વાત કરવા માગું છું કે, જે ઐતિહાસિક સોલર પાર્ક, જેને સોલર પાર્ક બનાવ્યો છે એને સમજવા જ મારા મિત્રો તૈયાર નથી, એની પૂરી માહિતી માનનીય મંત્રીશ્રીએ

આપી છે અને જ્યારે જ્યારે પણ ગુજરાતમાં કંઈક સારુ થવાનું હોય છે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી સારી નીતિ ઘડે છે (અંતરાય )

(સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ દાદાગીરી બંધ કરો અને લોકશાહીનું ખૂન ન કરો એવા સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આ સાથી મિત્રોને દુ:ખ સાથે કહેવું પડે છે કે સભાગૃહમાં હાજર રહેવાની પણ એમનામાં શરમ નથી. માનનીય અધ્યક્ષ મહોદય, હમણાં જે ૨૦૧૧માં વાયબ્રન્ટ સમીટ થયા, ત્યારે મારે આનંદ સાથે આ સભાગૃહમાં કહેવું પડે છે કે કોઈ એક જ ક્ષેત્ર એવું હોય કે જેમાં સૌથી વધારે એમઓયુ થયા હોય..

કે જેમાં સૌથી વધારે MOU થયા હોય તો ઉર્જા ક્ષેત્રમાં થયા છે અને તે પાવરને લગતા છે. (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં ઉર્જા મંત્રી ઈન્ટરવીન થઈને જવાબ આપી રહ્યા હતા ત્યારે વિપક્ષના નેતાએ એમને પૂરક પ્રશ્ન પૂછવાનો આગ્રહ રાખ્યો. માનનીય મંત્રીશ્રી સભ્ય તરીકે ઈન્ટરવીન થતા હોય ત્યારે પૂરક પ્રશ્ન પૂછવાની નિયમોમાં કોઈ જોગવાઈ નથી એટલે આપે વિપક્ષના નેતાશ્રીના પ્રશ્ન પૂછવાના આગ્રહને ગ્રાહ્ય ન રાખ્યો એના અનુસંધાને કોંગ્રેસ પક્ષના સમગ્ર ધારાસભ્યશ્રીઓએ આપના નિર્ણયને અવગણીને સુત્રચાર કર્યા અને એ નિર્ણયની વિરુધ્ધમાં આ સભાગૃહનો ત્યાગ કર્યો એ નિયમોથી અને પ્રણાલિકાથી સદંતર વિરૂદ્ધ છે એટલે સભાત્યાગ કરી જનાર સભ્યશ્રીઓને સખત ઠપકો આપવો જોઈએ અને ભવિષ્યમાં આવું ન કરે એના માટે કડકમાં કડક ઠપકો આપવામાં આવે એવી મારી માગણી છે.

**અધ્યક્ષશ્રી :** આ બાબતે અભ્યાસ કરીને પછી એનું રૂલિંગ આપવામાં આવશે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની પૂરક માગણીમાં મારો સૂર પૂરાવતો હતો એમાં મારી જે મુખ્ય વાતો હતી તે ઉર્જાનો વિશેષ ઉપયોગ આપણે સૌ જાણીએ છીએ કે કૃષિ ક્ષેત્રે ખૂબ થઈ રહ્યો છે. જે રીતે કૃષિ ક્ષેત્રના ગુજરાત પ્રાન્તમાં જે પરિણામો આવ્યા છે અને જે ઐતિહાસિક ઉત્પાદન આપણે મેળવ્યું છે એમાં ઉર્જાનો પણ એક સિંહફાળો છે. કૃષિ ક્ષેત્રે પૂરતા દબાણથી અને સાતત્યપૂર્ણ વીજળી પૂરવઠો મળી રહે એ માટે રાજ્ય સરકાર દ્વારા કિસાન હિત શકિત યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ આપણે જાણીએ છીએ કે કૃષિ વિષયક વીજ ગ્રાહકોને પૂરતા દબાણથી પૂરવઠો મળે, ભારે દબાણની વીજ લાઈનો વધારી પૂરતી ક્ષમતાના ટ્રાન્સફોર્મરો વગેરેની કાળજી લેશે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ જ્યારે પર્યાવરણના પ્રશ્ને અને ગ્લોબલ વોર્મિંગના ભયથી આપણે સૌ ચિંતિત છીએ ત્યારે પુન:પ્રાપ્ત ઉર્જાના સ્ત્રોતનો મહત્તમ ઉપયોગ કરી રાજ્ય અને દેશને આર્થિક અને પર્યાવરણની દ્રષ્ટિએ અત્યંત લાભદાયી એવા સોલાર પાવર પોલીસી ૨૦૦૯ એ રાજ્ય સરકારે જાહેર કરેલી છે. આપણે જાણીએ છીએ કે ગુજરાતને લગભગ વર્ષમાં ૩૦૦ થી વધારે દિવસ પૂરતો સૂર્ય પ્રકાશ મળી રહ્યો છે. સૂર્ય ઉર્જાના દોહન માટે એક અગ્રિમ પગલું ભર્યું છે સોલાર પાવર પોલીસી દ્વારા.સોલાર પાર્કના વિકાસ માટે ગુજરાત પાવર કોરપોરેશન લિમિટેડ નામની એક નોડલ એજન્સી બનાવી છે. આ યોજના માટે સરકારી પડતર તેમજ બિન ઉપયોગી અને બિન ખેતીલાયક જમીનનો ઉપયોગ એ સોલાર વીજ યોજના માટે ફાળવવાનું નક્કી કર્યું છે. પ્રથમ તબક્કે ચારણકા ખાતે જ્યારે સોલાર પાર્ક વિક્સાવવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે ત્યારે સમગ્ર ગુજરાત આ વાતથી હર્ષવિભોર છે. આ સોલાર પાર્કમાં અંદાજે ૫૦૦ મેગાવોટની ક્ષમતાનો પુન:વીજ પ્રોજેકટ સ્થપાશે અને ઉત્પન્ન થનાર વીજળી જેટકો દ્વારા પરિવહન કરવામાં આવશે. ગુજરાત સોલાર પાવર પાર્ક ફેસ-૧માં જરૂરી માળખાકીય સાધનો તથા વીજ વ્યવસ્થા કરેલ છે, તેનો ડિટેલ પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે. સ્થળ પરના અભ્યાસ જેવા કે ટોપોગ્રાફી સર્વે, જીઓલોજીકલ સર્વે આ અભ્યાસો લગભગ પૂર્ણતાના તબક્કામાં છે. આ યોજના માટે આપણે આદરપૂણક કહી શકીએ કે અમેરિકાનું પ્રખ્યાત ક્લીંન્ટન ફાઉન્ડેશન દ્વારા સોલાર રેડિએશનના અભ્યાસનો પૂર્ણ કર્યા છે. આ પાર્કમાં ૧૫ જેટલા ડેવલપર્સ દ્વારા આશરે ૧૭૬ મેગાવોટના સોલાર વીજ મથકની સોલાર પાર્ક સ્થાપવાની આપણને અરજીઓ મળી છે. આ સોલાર પાર્કનું જો સૌથી મહત્વનું કોઈ પાસુ હોય તો આ યોજનાથી આશરે ૮ લાખ મિલિયન ટન કાર્બન ડાયોકસાઈડ સી.ઓ.ટુ. નું ઉત્પાદન ઘટશે. ૮ લાખ મિલિયન ટન કાર્બન ડાયોકસાઈડનું જો ઉત્પાદન ઘટશે તો દેશ અને દુનિયામાં વિશ્વના પર્યાવરણની ચિંતા આપણને સતાવી રહી છે એમાં કદાચ આ ગુજરાત એક પહેલો પ્રદેશ હશે કે વૈશ્વિક ચિંતા માટે આગ્રહપૂર્વક કાર્યરત હશે. આટલું કર્યા પછી પણ આટલું મોટું કાર્બન ડાયોક્સાઈડનું ઉત્પાદન ઓછું થવાથી કાર્બન ક્રેડીટ પણ મોટી સંખ્યમાં આપણને મળવાની છે આને કારણે ૫૦૦ મેગાવોટનું પુન:પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતથી જેને પરિણામે કુદરતી ઈંધણ

જેવા કોલસો, ગેસ કે જે વિશ્વમાંથી દુર્લભ થઈ ગયા છે ત્યારે એ આનાથી બચી જવાના છે, તેથી પર્યાવરણને પણ શુદ્ધ રાખી આવનારી પેઢી માટે પણ આ એક ઉત્તમ પગલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખરમાં હું કહુ છું કે, માનનીય મંત્રીશ્રી આ જે પૂરક માગણીઓ લઈને આવ્યાં છે એમાં કૃષિ વીમા યોજનાનું અમલીકરણ, પ્રાથમિક શિક્ષકોના પગાર સુધારણા, કિસાન હિત ઉર્જા શકિત યોજના,

સોલારપાર્ક, ઓન લાઈન વોટીંગ સિસ્ટમનું અમલીકરણ વિગેરેની જે માગણીઓ લઈને આવેલા છે તો આ પૂરક માગણીને પણ મારું સમર્થન આપું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : : માનનીય અધ્યક્ષશ્રી, આજે વીજળી શક્તિ પરિયોજનાની પૂરક માગણીઓના સંદર્ભમાં મારું મંતવ્ય અને હકીકત રજૂ કરવા ઉપસ્થિત થયો છું. આપણું સમગ્ર ગુજરાત ચોવીસે કલાક અને અઠવાડિયાના સાતેય દિવસ વીજ પુરવઠો પૂરું પાડતું એકમાત્ર ભારતનું રાજ્ય છે, મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એની બૃહદ્ અને વિસ્તારપૂર્વક આ ગૃહમાં ચર્ચા થયેલી છે, પરંતુ હું જ્યારે ગયા વર્ષે પશ્ચિમ બંગાળમાં કલકત્તા અને આસામમાં સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી પ્રસંગે ગુજરાત બહાર વસતા ગુજરાતીઓને આમંત્રણ આપવા માટે ગયો હતો ત્યારે એ વખતે એક બનાવ બન્યો એ આપણા ગુજરાતીઓ માટે ખૂબજ ગૌરવ અને નોંધ લેવા જેવી ઘટના છે, જ્યારે અમે કલકત્તામાં ગુજરાતી સમાજના ભવનમાં ગયા ત્યારે ત્યાં અમારો જે ઉતારો હતો ત્યાં થોડાં ફ્રેશ થયાં, લાઈટ ત્યાં હતી નહિ એટલે એમ થયું કે પાંચ મિનિટમાં આવશે, દસ મિનિટમાં આવશે, અરધો કલાક સુધી લાઈટ આવી નહિ, એટલે અમે ત્યાં રિસેપ્શન ઉપર મેનેજરને ફોન કર્યો અને પુછયું કે ભાઈ આ લાઈટ હજી કેમ આવી નહિ? એટલે ગુજરાતીઓનું ગૌરવ વધે અને મસ્તક ગર્વથી ઉંચુ થાય એવો જવાબ મળ્યો કે તમે પશ્ચિમ બંગાળમાં બેઠાં છો આ મોદી સાહેબનું ગુજરાત નથી, અહીંયા તો આવું જ હોય, અહીંયા લાઈટની કોઈ નિયમીતતા નથી. આજે તમે પશ્ચિમ બંગાળમાં લાઈટ કાપમાંથી પસાર થઈ રહ્યા છો એવું એમણે કહ્યું. આ વાત મેં એટલા માટે કરી કે સમગ્ર ભારતમાં ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે કે ક્યાંય વીજળીનો કાપ આપણને જોવા મળતો નથી, દિનપ્રતિદિન વધતી જતી વીજ માંગને પહોંચી વળવા વીજમથકોની તેમજ ટ્રાન્સમિશન લાઈનની જાળવણી, સુધારા, મરામત, નવીનીકરણ માટે વધારાની રકમ રૂપિયા ૧૯,૨૪,૯૮,૦૦૦/-ની પૂરક માગણી આ ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી છે. વીજળીનો ગુણવત્તાસભર ઉપયોગ અને ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને આ માગણી કરવામાં આવી છે. બીજી પૂરક માગણીમાં 'ખુશી' કિસાન હિત ઉર્જા શકિત યોજના અન્વયે મૂકાઈ છે, રાજયમાં કૃષિક્ષેત્રે પૂરતા દબાણથી ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તથા કૃષિક્ષેત્રે થતી વીજ ચોરી અટકાવવાના હેતુથી રાજય સરકાર દ્વારા આ 'ખુશી ' યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ખેતી વિષયક વીજ જોડાણને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે એ માટે ભારે દબાણની વીજલાઈનો વધારી અને નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર ગ્રાહકના વીજસ્થાપનની શકય એટલું નજીક મૂકવામાં આવે જેથી ગ્રાહકને ઓછામાં ઓછી હળવા દબાણની લાઈન નાંખી પૂરતા દબાણથી વીજ પુરવઠો પૂરો પાડી શકાય. ૨૦૦૯-૧૦ દરમ્યાન કૃષિ યોજના અંતર્ગત કુલ ૨૮૩૧૨ નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર મૂકવામાં આવ્યા હતા આવી જ ખુશીની લહેર ખેડૂતોમાં ફેલાતી રહે એના માટે આ નવા વર્ષની અંદર પણ કુલ ૬૬૦૪ નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર ખેતીવાડી વીજ જોડાણ ઉપર મૂકવા માટે આ માગણી મૂકવામાં આવેલ છે.

સોલાર પાવર પ્રોજેકટ, ચારણકા, પાટણ મુકામે જે મૂકવામાં આવ્યો છે સમગ્ર વિશ્વમાં આ ગુજરાતમાં પાવર પ્રોજેકટ મૂકવાની વાત એ ધ્યાનાકર્ષિત કરે એવી છે અને કુદરતનું સતત દોહન પૃથ્વી ઉપર રહેતો માણસ કરતો હોય એવા સમયમાં કોલસો હોય, ડિઝલ હોય અને સતત એના થકી વીજ ઉત્પાદન થતું હોય અને કુદરતી સ્ત્રોતો આપણને મળતા હોય એના ઉપર આપણે ધ્યાન ન આપીએ, કુબેરનો ભંડાર પણ આપણે વાપરવા બેસીએ તો પૂરો થઈ જાય અને આ સોલાર પાવર પ્રોજેકટ ગુજરાત સરકાર દ્વારા સ્થાપવામાં આવી રહ્યો છે ત્યારે એને તથા આ પૂરક માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે તે માગણીઓને હું સમર્થન આપવા ઉભો થયો છું. મારે કહેવાની ઇચ્છા ખૂબ હતી પણ વિપક્ષના મિત્રો ટૅલિવિઝન ઉપર જોતાં હશે મને સમજ ના પડી કે આ સભાત્યાગ કેમ કર્યો ? હું મારી વાત ચાલુ કરું તે પહેલાં મને એક ઘટના યાદ આવે છે એક બહેને, માતાએ તેના દીકરાને જન્મ આપ્યો. કુદરતી સંજોગોએ તે માતા બીમાર પડી અને તેને સાચવવાનું કામ તેના ફૈબા ઉપર આવ્યું. એટલે આ ફૈબાએ માતાનું દૂધ છોડી અને બાટલી ઉપર રહેવાની છોકરાને આદત પાડી દીધી. વાત વાતમાં બાળકને કંઈ મુશ્કેલી હોય તો એ તેની માતા પાસે ના જાય અને તે ફૈ ફૈ કર્યા કરે. આ ઘટના મારે એટલા માટે કહેવી છે કે, આ પાટલીએ બેઠેલાં લોકોને એ ખબર નથી કે સાચી ગુજરાતની જનતાની સેવા કરનારી માં આ બાજુ બેઠી છે અને કેન્દ્રમાં બેઠેલી તમારી ફૈને વાત વાતમાં લઈ આવે. હમણાં એક સિરિયલ " લાપત્તા ગંજ " ચાલે છે. તેમાં જે ભાઈ હીરો તરીકે છે તે વાત વાતમાં એક જ વાત કહે કે, " વો તો હમારે પિતાજી કિયા કરતે થે " એટલે આવી ઘટનાઓ લઈ અને મને તો આ ફૈની વાત એટલા માટે યાદ આવી કે આ ફૈ તે હવે ઘરડી થઈ ગઈ છે અને આ ફૈની જગ્યાએ જે સાચી માં છે તેની પાસે આવવું જોઈએ. સલાહો એટલી બધી આપે છે આજના છાપામાં મેં વાંચ્યુ વિપક્ષના પ્રમુખે એક સલાહ આપી છે કે, અમુક લોકો જો હોદ્દાનો ત્યાગ કરે તો જ આપણો પક્ષ મજબૂત થાય. આના ઉપરથી મને એક ઘટના યાદ આવે છે કે, *(xxxx) (xxxx) (xxxx) આ રૂપિયાની જરૂર એટલા માટે પડે છે પૂરક માગણીઓની

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બજેટની વાત હોય તો આ ગૃહમાં આ રાષ્ટ્રની રક્ષા કાજે રૂપિયાની જરૂર પડે. અને એના માટે આ પૂરક માગણીઓ લઈને આવ્યાં છે અને ગૃહ ખાતાની મારે વાત કરવી હોય તો આ ગૃહ મંત્રીશ્રી અહીંયા બેઠાં છે અને એક વખતનું ગુજરાત હતું કે કોઈ ગુજરાત તે ક્યાંક ભાગોમાં વહેંચાયેલું હતું. આતંકવાદીઓના હાથમાં ગુજરાત હતું, માફીયાઓના હાથમાં ગુજરાત હતુ. (xxxx) (xxxx) (xxxx) આ ગુજરાતને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ એક મરદ મુખ્યમંત્રી થઈ ગુજરાતને એક સાચી દિશા આપી, ગુજરાતને વિકાસ આપ્યો. મિત્રો આ લોકો કદાચ ભૂલી ગયા હશે કે આ ભૂમિ એ અત્યારે (xxxx) (xxxx) (xxxx) કરી રહી છે. મિત્રો આ મા ભોમ ઉપર તમે નજર નાખો, મા ભોમની સુરક્ષાની વાત કરવા આવીએ તો જે નિર્દોષ માણસો હોય તેને (xxxx) (xxxx) (xxxx) તેને આ પ્રજાએ જવાબ આપ્યો છે છતાં તેની આંખ ખૂલતી નથી. મિત્રો આ અત્યારે મા ભોમ તે દુઃખની વેદનાએ ઉભી છે, તે રડે છે, ચોધાર આંસુએ રડે છે.
અને એ આંસુએ જયારે ગુલામી હતી ત્યારે પણ રડતી નહોતી, પણ અત્યારે એટલા માટે દુઃખી છે કે (xxxx) (xxxx) (xxxx). એમને સાચી સંસ્કૃતિ..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : પૂરક માગણીમાં બે મિનિટ વધારે આપો તો સારું.

**અધ્યક્ષશ્રી** : ના અપાય.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : આ માભોમ એ વખતે પણ યાદ કરતી હતી, એ વખતે પણ હૈયામાં એવી ધારણા હતી કે આ માભોમ ઉપર શિવાજી પાકયા હતા. આ માભોમ ઉપર મહારાણા પ્રતાપ, ભગતસિંહ, શામજી કૃષ્ણ વર્મા અને વીર સાવરકર, સુભાષચંદ્ર બોઝ એ વખતે હતા. એ વખતે તેનો સંતોષ થતો હતો. માનનીય વિરોધ પક્ષના નેતારી જતા રહ્યા છે, પણ ટી.વી. પર સાંભળતા હોય તો એમને કહું કે કયારેક સવારે ૪ વાગે ઉઠીને એ બ્રહ્મ મુહુર્તનો સમય આવતો હોય ત્યારે માભોમને આ ધરતી ઉપર કાન લગાડીને એનું રૂદન તો સાંભળજો. માં કેટલી રડે છે એનો તમને ખ્યાલ આવશે. દસ વાગ્યા પહેલા ઉઠે નહીં, એટલે સંસ્કૃતિની વાત આ લોકોને કરવી પણ હિતાવહ નથી. એમને સંસ્કૃતિને લેવાદેવા નથી *(xxxx) (xxxx) (xxxx) એમને આ ગુજરાતના વિકાસની વાત કંયાથી ખબર હોય. મારી એ લોકોને વિનંતી છે કે ગુજરાતની સાચેસાચી સેવા કરનાર એક મરદ મુખ્યમંત્રીએ ગુજરાતને અસ્મિતા અને ઉંચું નિશાન આપ્યું છે ત્યારે આ નરેન્દ્રભાઈએ વિકાસની દિશા બતાવી છે. એ દિશામાં આપ પણ સાચી રીતે જોડાઈને (xxxx) (xxxx) (xxxx) એટલી જ વિનંતી છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : માનનીય અધ્યક્ષ મહોદય, આજે વિપક્ષની ગેરહાજરીમાં મને શૈલેન્દ્રનું એક ગીત યાદ આવે છે.

'અબ કહાં જાયે હમ, યે બતા દે, અભી ઈસ જહાંમેં તો કોઈ હમારા નહીં.

બેઠા બેઠા વિપક્ષના સભ્યો પણ આ ગીત ગણગણતા હશે. આજે જયારે તેમને પ્રજાએ જાકારો આપ્યો છે ત્યારે

"અપને સાયેં સેભી લોગ ડરને લગે, અબ કિસીકો કિસી પર ભરોસા નહીં."

આજે વિપક્ષના સભ્યોને (xxxx) (xxxx) (xxxx) ત્યારે પ્રજા વત્સલ કાર્ય આગળ ચાલી રહ્યું છે ત્યારે (xxxx) (xxxx) (xxxx) તેવા કાર્યો કરીને નીકળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની પૂરક માગણીમાં ૪૩ નંબરની માગણીમાં મારા વિચારો રજૂ કરું છું અને માગણીને અનુમોદન આપું છું. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતની અંદર ગુજરાત રોકાણકારો માટે, ઉદ્યોગકારો માટે સ્વર્ગ સમાન બન્યું છે. વિશ્વના વિદેશી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ગુજરાતના એન.આર.આઈ. લોકો પોતાના દેશની તરફ આવવા માટે ઝંખી રહ્યા છે. અહીંયા આવે છે ત્યારે અહીંથી જવાનું મન ના થાય એવું વાતાવરણ ગુજરાતમાં સર્જાયું છે. તેના ઘણા કારણો છે, પણ એક કારણ એ છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા, નાગરિક સુરક્ષાની જે સારામાં સારી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે એને લીધે આ પરિસ્થિતિ ઉભી થઈ છે.

રતન ટાટા નેનો લાવે તો ગુજરાતમાં સાણંદને પસંદ કરે, બિરલા કાપડ મિલ માટે ગુજરાતના ભરૂચને પસંદ કરે, અંબાણી બંધુઓ પોતાના ઉદ્યોગના વિસ્તાર માટે શ્રેષ્ઠ રાજય એવા ગુજરાતને પસંદ કરે. એટલું જ નહીં, કલીકન્ટન ફાઉન્ડેશન પણ જો પોતાના સૌર ઉર્જાના રોકાણ માટે શ્રેષ્ઠ જગ્યા ગુજરાતને પસંદ કરે છે. બધા જ લોકો જયારે ગુજરાત પ્રત્યે આકર્ષિત હોય અને ગુજરાતને પસંદ કરતા હોય તો તેના ઘણા બધા કારણોમાંનું એક કારણ એ છે કે કાયદો અને વ્યવસ્થા સૂચારુરૂપ ચાલે છે અને નાગરિકોની સુરક્ષા ખૂબ સારી રીતે થાય છે.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગુજરાતની પોલીસ, ગુજરાતના ગૃહમંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રી માફિયા ગેંગનો સફાયો કરવામાં સફળ રહ્યાં છે. સંગઠિત ગુનાખોરી નાબૂદ કરવામાં સફળ રહ્યાં છે.

તોફાનોને સંપૂર્ણ રીતે નિયંત્રિત કરવામાં સફળ રહ્યા છે અને દેશમાં પણ કોઈ બોંબ બ્લાસ્ટ થાય તો એ બોંબ બ્લાસ્ટ કરનારને પકડીને એને જબ્બે કરવામાં આ ગુજરાતની પોલીસ સંપૂર્ણ સફળ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનવદીનને બગાડવામાં સૌથી નીચું પ્રમાણ ગુજરાતમાં છે અને એના માટેનાં જે કારણો છે એમાંનું એક કારણ એ કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે. મારે ૧૯૯૧ અને ૧૯૯૨ ના એ દિવસોની યાદ કરાવવી છે કે ૧૯૯૧ માં ૩૬૫ દિવસોમાંથી ૨૯૬ દિવસ કરફ્યુ રહ્યો હતો અને ૧૯૯૨ માં ૩૬૫ દિવસોમાંથી ૨૯૨ દિવસ કરફ્યુ રહ્યો હતો અને છેલ્લા ૧૦ વર્ષમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહી છે અને ગુજરાત એ કરફ્યુમુકત રાજય બન્યું છે અને એના માટે ગુજરાતની પોલીસ, ગુજરાતના ગૃહમંત્રીશ્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સફળ રહ્યા છે.

મને યાદ છે કે આઈ.બી.એન.૭ કે જે એક પ્રખ્યાત ટી.વી.ચેનલ છે તેમણે એક ડાયમન્ડ સ્ટેટ માટેનો એવોર્ડ જાહેર કરેલ હતો એમાં ગુજરાતની પસંદગી કરવામાં આવી હતી અને એ પસંદ કરવા માટેનાં જે કારણો છે એમાં નાગરિક સુરક્ષા અને સુવ્યવસ્થિત સુચારૂરુપે કાયદો અન વ્યવસ્થા ચાલે છે એના માટે ગુજરાતની પસંદગી કરવામાં આવી હતી. આઈ.બી.એન.૭ એ આ ગુજરાતની એના માટે પસંદગી કરી હતી અને એ પસંદગી કરવામાં ભાજપના કોઈ સભ્ય નહોતા અથવા એની ટીમમાં ભાજપની કોઈ વ્યકિત નહોતી. એની અંદર આ એવોર્ડ પસંદ કરનાર વ્યકિતઓમાં આર.બી.આઈ.ના પૂર્વ ચેરમેન ડો. અનીલ જાનન, ફિકકીના મહામંત્રી ડો.અમીત મિત્રા, સેબીના પૂર્વ ચેરમેન શ્રી એમ. દામોદરન, આઈ.આઈ.એમ., અમદાવાદના પૂર્વ ચેરમેન ડો.બકુલ ધોળકીયા, લેખક શ્રી ગુરુચરણસીંગ, અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી પુષ્પેન્દુ પંત હતા. આ એવોર્ડ જયારે આપ્યો ત્યારે એ એવોર્ડ લોકસભાના આદરણીય સ્પીકર મીરાંકુમારના હસ્તે આપવામાં આવ્યો હતો અને આખા દેશમાં શ્રેષ્ઠ નાગરિક સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થાનું સૂચારુરૂપે આયોજન કરેલ હતું અને આવી સારી સુરક્ષા આપી હોય તો એ ગુજરાત રાજયે આપી છે અને એના માટે આખા રાષ્ટ્રમાં એકમાત્ર ગુજરાત રાજયને પસંદ કર્યુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતમાં કોઈ શહેરને કોઈ ગુંડા અથવા તો અસામાજીક તત્વોના નામથી ઓળખતું નથી. કોઈ શહેરની બહાર એવું બોર્ડ લગાવવામાં આવ્યું નથી કે અહીંથી કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે કારણ કે આજે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારૂરૂપે ચાલે છે.

ગુજરાત એ ડેઝર્ટ સ્ટેટ છે અને દરિયાઈ અને રણ પ્રદેશ ધરાવતું રાજય છે. એના માટે સૂચારુરૂપે એની કાર્યવાહી થાય છે. સરદાર સરોવર અને નર્મદાને માટે એની સુરક્ષા માટે આપણે આખી અલગ નર્મદા બટાલિયન ઉભી કરી છે, મરીન રાજય માટે અલગ પોલીસ દળ ઉભુ કર્યુ છે, ડોગ ટ્રેનિંગ સેન્ટર્ર, રાજકોટ ખાતે શરૂ થનાર છે, બોંબ ડિટેકશન અને બોંબ ડિસ્પોઝલ સ્કવોર્ડની આખા રાજયમાં સાત ટીમ ઉભી કરી છે અને સાથે સાથે ગુજરાતમાં દરેકે દરેક પોલીસ સ્ટેશનો અને પોલીસ ચોકીઓ સૂચારુરૂપે જે ચાલે છે એ માટેની પૂરતી સુવિધાઓ છે. આ બધી જ સૂચારુરૂપે વ્યવસ્થા ચાલે છે એના માટે કહી શકું કે

"બાધાયેં કબ બાંધ શકી હૈ આગે બઢનેવાલોકો,
વિપદા કબ રોક શકી હૈ પથ પર ચલનેવાલોંકો."

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આજે જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં જિલ્લા કેન્દ્રો અંગે તેમની જે માગણી છે એ એગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમ તો મહેસૂલ વિભાગની છાપ એવી છે કે તુ માત શાહી ચાલતી અને ચક્રાવો ચાલ્યા જ કરતો અને આપણે બધા વિચારતા ત્યારે મને એક ગઝલકારની ગઝલ યાદ આવે છે.

"પ્યારકે પહેલે પત્ર લિખનેમેં દેર તો લગતી હૈ,
ઝખમકે ઉંડે ઘાવ ભરનેમેં વકત તો લગતા હૈ."

આ સરકાર આમ ચાલતી હતી . આ સરકારે એને વાયબ્રન્ટ બનાવીને એમાં જરૂરિયાત પ્રમાણે બદલાવ લાવીને જરૂરિયાત પ્રમાણે નીતિઓનું ઘડતર કરીને એને કેવી રીતે લોકભોગ્ય બનાવી શકાય એ રીતે સંવેદનશીલ બનવાનો પ્રયત્ન કર્યો હતો.

માનનીય અધ્યક્ષી, મેં ગઈ વખતે પણ મહેસૂલ વિભાગમાં કહ્યું હતું કે એન્ડરસન પછી જો ઘણાબધા સુધારા થયા છે તો હમણાં થયા છે ત્યારે મારા પૂર્વ અધ્યક્ષશ્રીએ થોડીક ટકોર પણ કરી હતી કે આનંદીબેન અને એન્ડરસનની રાશી એક આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ધ્યાન દોરવા માગું છું કે આ સરકારે આને જીવંત બનાવવા માટે જે સુધારા કર્યા છે. અને જિલ્લા તંત્રને હું તંત્ર નથી કહેતો પણ એ એક મશીનરી છે. બધા પાર્ટસ બરાબર હોય તો મશીનરી બરાબર ચાલે એટલે આ સરકારે લોક્લ લેવલ ઉપર ખૂબ સુંદર સુધારા કર્યા છે. ૨૦૦૪ માં મહેસુલ વિભાગનું રેકોર્ડ ઓન લાઈન કરીને તમામ તાલુકામાં કાર્યાન્વીત કર્યુ છે અને તેને કાર્યાન્વીત કરવાને કારણે લોકોને ૭/૧૨ કે ૮-અ કે છ

નંબર હકક પત્રકોની નકલો ઝડપથી મળી શકે છે. તેના માટે વેબ સાઈટ જેવા સક્ષમ પ્રયત્નો કર્યા છે. બીજી ખુબ સુંદર યોજના જેનો લાભ આ જનતાને મળ્યો છે તે ઈ-રજિસ્ટ્રેશન છે. ઈ રજિસ્ટ્રેશન ઈન્ટીગ્રેટેડ સીસ્ટમ હેઠળ દસ્તાવેજોની નોંધણી થાય તો આપો આપ તેમાં નોંધ થાય છે. ૧૩૫ ની નોટિસ થાય છે અને ખાતેદારને તેની જાણ કરવામાં આવે છે. આટલા સરસ સુધારા કર્યા પછી પણ સરકાર જંપીને બેઠી નથી. સરકારે ખુબ સારા સુધારા કર્યા છે. આપણે જોયું છે પાવર ઓફ એટર્નીમાં કેટલું રજિસ્ટ્રેશન કરવું પડે છે. એ જ રીતે મહિલાઓને સ્ટેમ્પ ડયુટીમાંથી મુકિત અપાવી, ગણોતધારામાં સુધારા કર્યા, ખોટા ગણોતીયાઓ ન નોંધાય અને સાચા ગણોતીયાને તેનો લાભ મળે તે રીતના સુધારાઓ કર્યા છે. આ સરકારે બીન ખેતી માટે પણ કેટલાક સરસ સુધારા કર્યા છે. બીન ખેતી સરળીકરણ અને સત્તાનું વિકેન્દ્રીકરણ કર્યુ છે અને તેનો ખૂબ મોટો લાભ મળ્યો છે. ઈ સ્ટેમ્પીગ લાવ્યા છે, આવા તો અનેક સુધારા સરકારે કર્યા છે. ત્યારે આજની માગણીમાં મોટાભાગે કર્મચારીઓના છઠ્ઠા પગાર પંચના ભારણ અંગેની માગણી છે, સરકાર આ વહીવટને પારદર્શક, ટેકનોલોજી અને કોમ્પ્યુટરાઈઝેશન દ્વારા પારદર્શક વહીવટ બનાવવા માટે ખર્ચ કર્યો છે. અને જિલ્લા લેવલે આ માટે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં કમીટી બનાવી વહીવટી તંત્રને સક્ષમ બનાવવા અને સુઘડ બનાવવાના પ્રયાસો કર્યા છે તે પ્રયાસો ખરેખર અભિનંદનને પાત્ર છે. અને આ માગણીઓને સમર્થન આપીને મારી વાત પુરી કરું છું.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૧૩, ૪૩, ૫૭, ૭૮ અને ૯૩ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું અને મારા વિચારો રજૂ કરું છું. આમા માંગણી નંબર ૯૩ છે એ અનુસૂચિત જનજાતિના લોકો માટેની માગણી છે. અને અનુસૂચિત જનજાતિના લોકો એ છેવાડાના વિસ્તારમાં, ડુંગરાળ વિસ્તારમાં રહેતા હોય છે. તે ડુંગરાળ વિસ્તારમાં બે ઘર અહીં તો પાંચ ઘ ાર અહીં એમ જુદા જુદા વેર વિખેર રહેલા હોય અને તેમના બાળકોને સારું શિક્ષણ મળે, અને ભણી ગણીને આગળ જાય અને વ્યવસાય સારો કરી શકે તે માટે આ પુરક માગણીઓ કરવી પડી છે. અને એમાં આ ખર્ચ થયેલ છે. ખાસ કરીને અનુસૂચિત જનજાતિના લોકોને તાલીમની જરુરીયાત હોય છે અને તેને તાલીમ સારી મળે તો તેઓ કુશળ કારીગર બની શકે અને રોજગારી મેળવી શકે અને તે તાલીમમાં આ નાણાનો વધારો કરવાની જરુરીયાત ઉભી થઈ છે. એવી જ રીતે શિક્ષણમાં જરૂરિયાત ઉભી થઈ છે અને એમાં જે એસ.એસ.સી. વિદ્યાર્થીઓ છે તેઓને શિષ્યવૃત્તિમાં વધારો કરવા માટે આ વધારો કરવામાં આવ્યો છે. આ વધારો એટલા માટે કરવો પડયો છે કે ત્યારે નાણા મંત્રીશ્રીને એ ખબર નહોતી કે આ કેન્દ્ર સરકાર આટલી મોંઘવારી વધારશે અને આટલી મોંઘ ાવારી વધારશે તો આ આદિવાસી બાળકોને ભણવામાં, કપડામાં, પોષણમાં પણ ખર્ચ વધુ થશે. અને એટલા માટે આ વધારો કરવો પડયો છે. કેન્દ્ર સરકારે જો મોંઘવારી ઘટાડી હોત અને મોંઘવારી કન્ટ્રોલમાં રાખી હોત તો આ વધારો કરવાની જરુરીયાત ઉભી ન થઈ હોત.

આશ્રમશાળાઓ ચાલુ છે એમાં પણ બાળકોને સગવડ આપવા માટે આ વધારાની માગણી કરવી પડી છે. એ જ રીતે નિવાસી શાળાઓ ચાલુ છે, છુટાછવાયા લોકો રહેતા હોય અને એમના બાળકો ભણવા માટે દૂર જતા હોય એટલે એ બાળકો નિવાસી શાળામાં રહીને ભણી શકે એ માટેની સગવડ ઊભી કરવી પડી છે એમાં આ વધારાની જરૂરિયાત ઊભી થઈ છે.

હમણાં આદિવાસી વિસ્તારની વાત કરતા હતા. સરદાર સરોવર નર્મદા યોજનાના જે વિસ્થાપિતોને જેટલું આપવામાં આવ્યું છે એટલું બીજી કોઈ પણ યોજનામાં આપવામાં આવ્યું નથી. ઉકાઈ ડૅમ બન્યો એમાં ઉચ્છલ અને નિઝર તાલુકાના લોકો અસરગ્રસ્ત બન્યા છે. આ ડૅમ બન્યો ત્યારે ગુજરાતમાં કોંગેસની સરકાર હતી તે વખતે સરકારે ડુંગરો કાપીને જમીન આપી હતી એ જમીન પણ ૧૫-૧૫ કિલોમીટર દૂર આપવામાં આવી, લિફ્ટ ઈરિગેશન યોજના બનાવવામાં આવી એ પણ બંધ થઈ ગઈ એમાં પણ જે તે વખતની સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે એ યોજના પણ આજે બંધ છે. એમને રહેવા માટે જે કૉલોની બનાવી છે એમાં પણ કોઈપણ જાતની સગવડતા નથી, બાળકોને ભણવા માટેની પણ કોઈ સગવડ નથી એ સગવડ ભારતીય જનતા પક્ષની સરકાર કરી રહી છે. અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના લોકોની સગવડ માટે ખર્ચમાં વધારો કરવાનો થાય *(xxxx) (xxxx) (xxxx) અને તેથી જ એ લોકો ત્યાં બેઠા છે, જે લોકો એમની સગવડોમાં વધારો કરે છે એ અહીંયા બેઠા છે.

આ રાજયમાં એક થી સાતમાં ધોરણમાં ભણતા અનુસૂચિત જનજાતિના ૧૪ લાખ ૧૧ હજાર ૪૪૮ વિદ્યાર્થીઓને આવક મર્યાદા સિવાય સ્કોલરશીપ આપવાનું નક્કી કર્યુ છે અને જેમાં ૨૩૯૬ લાખની શિષ્યવૃત્તિ આ બાળકોને ચૂકવાઈ છે. એ જ રીતે (સમય સૂચક ઘંટડી) બીજા ૭૬ લાખ ૯૭૭ બાળકો છે એમે ૨૩૫૩ લાખની શિષ્યવૃત્તિ ચૂકવાઈ છે ત્યારે નિઝર અને ઉચ્છલ તાલુકાના સ્થળાંતર કરનારા આદિવાસીઓ છે એમનું રોજગારી મેળવવા માટેનું બજાર ભરાય છે એ મજૂર લેવા માટે કોન્ટ્રાકટરો આવે અને મજૂરીએ એ લોકોને દૂર

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

લઈ જાય છે ત્યારે એમના બાળકો સારી રીતે ભણી શકે, એ સારુ શિક્ષણ લઈને આગળ વધી શકે એ માટે પૂરક માગણી લઈને આવ્યા છે એને સમર્થન આપી મારી વાત પૂરી કરુ છું.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ સન્માનનીય સભાગૃહમાં રૂપિયા ૫૨ કરોડ ૪૫ લાખ ૨૨ હજારની પૂરક માગણી ક્રમાંક ૭૮ લઈને આવ્યા છે એને સમર્થન આપવા ઉપસ્થિત થયો છું.

આપણુ ગુજરાત રાજય સ્વર્ણિમ ૨૦૧૦-૧૧ ઉજવી રહ્યું છે ત્યારે સ્વર્ણિમ વર્ષની ઉજવણીની સાથે સાથે આપણા રાજયે વિકાસના અનેક સોપાનો સર કર્યા છે અને અનેક વિકાસના કામો સાથે ક્રાંતિકારી વહીવટી સુધારા કરીને ઊંડાણના અને અંતરિયાળ ગામડાંમાં વસતો નાગરિક સીધો સીધો સબંધિત ઉચ્ચ સત્તા સાથે વાત કરી શકે એવી જોગવાઈ ગુજરાત રાજય કરનાર દેશનું પ્રથમ રાજય છે. રાજયનો દરેક નાગરિક વિકાસની પ્રક્રિયામાં આયોજનથી માંડીને અમલ સુધીના તબક્કામાં ભાગીદાર બની રહે તે માટે આ સરકારે અનેક કાર્યક્રમો આપ્યા છે જેનાથી રાજયના વિકાસની ગુણવત્તા અને ઝડપના કારણે આશ્ચર્યજનક પરિણામો મેળવી શકાયા છે. આ રાજય પંચાયતી રાજના સંકલ્પને કેન્દ્ર સામે રાખી સ્વર્ણિમ વર્ષમાં વિકેન્દ્રિત આયોજનના ભાગરૂપે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એવી નવતર યોજના ગુજરાતની પ્રજા સમક્ષ મૂકી છે. દેશનો વિકાસ રાજયો પર, રાજયનો વિકાસ જિલ્લા પર અને જિલ્લાનો વિકાસ તાલુકા પર અને તાલુકાનો વિકાસ ગામડાંના વિકાસના આધારે જ હોય છે. જેથી રાજયનો દરેક નાગરિક વિકાસના આયોજનમાં ભાગીદાર બની શકે એટલા માટે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજનાને વિચારણામાં મૂકેલ છે. આ નવતર આયોજન દ્વારા તાલુકાના માધ્યમથી આગામી ચાર વર્ષમાં વિકાસલક્ષી આયોજનને નવી બાબત પર ખર્ચ થવાનો છે.

" આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો" ના સરળ અને સુદ્રઢ વહીવટ માટે હાલમાં ૨૬ કલેક્ટર કચેરીઓ અને ૨૨૫ મામલતદાર કચેરીઓ, તે ઉપરાંત હાલમાં ચાલતી પ્રાંત કચેરીઓને ડબલ કરી ૫૫ જેટલી પ્રાંત કચેરીઓ ઉભી કરવાનું વિચારેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નવી ઉપસ્થિત થનાર કચેરીઓમાં મહેસૂલી અધિકારી વર્ગ-૧ની જગ્યાઓ ૫૫ જગ્યાઓ ઉપરાંત મહેસૂલી વહીવટ, તકનિકી મહેકમની જગ્યાઓ ઉપસ્થિત થનાર છે. આ ૫૫ પ્રાંત કચેરીઓમાં ૫૫ મહેસૂલી અધિકારી વર્ગ-૧ ઉપરાંત નાયબ મામલતદારથી માંડીને ડ્રાઇવર, પટાવાળા, કારકુન, સિનિયર કારકુન, કારોબારી ઈજનેર, મદદનીશ ઈજનેર, જુનિયર ઈજનેર વગેરે મળી આખા ગુજરાતમાં ૨૦૧૫ જેટલું મહેકમ ઉપસ્થિત થનાર છે. તેઓને ચૂકવવાનો થતો પગાર ભથ્થા વગેરે મળી આ ખર્ચ માટે ૩૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં તાલુકા કક્ષાએ જિલ્લાઓની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને પ્રાંત અધિકારીઓની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. હાલમાં રાજયમાં કુલ ૫૫ જગ્યાઓ મંજૂર થયેલ છે. આ પૈકી ૬ જગ્યાઓ ખાલી છે જે ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. આ મહેસૂલી સંવર્ગ વર્ગ-૧ના ૫૫ અધિકારીઓને વાહનોની પણ જરૂર પડવાની છે. તે માટે પણ ૫,૩૦,૦૦,૦૦૦ લાખ જેટલી જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, " આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો" ના અભિગમ માટે કલેક્ટર કચેરી, સાધન સામગ્રી ખરીદી અને જમીન દફતર વિભાગ કચેરીઓનું આધુનિકરણ કરવા માટે મહત્ત્વના અને મૂળ રૅકૉર્ડ સુરક્ષિત રાખવા અને સાચવવા દફતર ખંડમાં અગ્નિશામક સલામતીની વિચારણા કરવામાં આવેલ છે તેમજ મોબાઈલ કૉમ્પ્યુટર પણ પૂરું પાડવું જરૂરી જણાય છે. (સમય સૂચક ઘંટડી) ગાંધીનગર ખાતે મહેસૂલી વ્યવસ્થાતંત્ર આવેલ છે. આ મહેસૂલી વ્યવસ્થા તંત્ર તાલીમ સંસ્થા છે અને આની મરામત કરી કક્ષા ઉંચી લાવવી જરૂરી છે. જેમાં જમાબંધી આયુક્ત, સેટલમેન્ટ કમિશ્નરના સમિતિ ખંડ, ફર્નિચર, બેઠક વ્યવસ્થા અને એરકન્ડીશન પૂરા પાડવા જરૂરી બને છે. આ માટે રૂા. ૩,૫૧,૭૩,૦૦૦ની રકમની જરૂરિયાત ઉપસ્થિત થયેલી, તેની જોગવાઈ કરવામાં આવેલ છે. મહેસૂલી કચેરીઓનું નવીનીકરણ કરવું જરૂરી છે. આનાથી જરૂરી કામો કાર્યક્ષમતાથી કરી શકાય અને નાગરિકોને સારા પરિણામો અને સારી સેવાઓ પૂરી પાડી શકાય તેવું આયોજન છે તે માટે ૧૯,૭૫,૭૩,૦૦૦ જેટલી જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, " આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો" માં તાલુકાના દરેક જિલ્લામાં નવું આયોજન, જમીન દફતરનું કોમ્પ્યુટરાઈઝેશન યુનિટ ઉપસ્થિત કરવાનું વિચારાયેલ છે. હાલ ગુજરાતના દરેક તાલુકા કક્ષાએ ઈ-ધરા એકમમાં ડેટા એન્ટ્રી કરાવવા માટે બે ઑપરેટર કામગીરી બજાવે છે. આ જગ્યાઓ આઉટ સોર્સીંસથી ઉભી કરવામાં આવેલ છે. હાલ રાજયના મહેસૂલી વહીવટને કૉમ્પ્યુટર નિયંત્રિત, સલામત, સુરક્ષિત, સુદ્રઢ, સ્વચ્છ, ક્ષતિ રહિત ઝડપી બનાવવાના પગલાં રૂપે જમીન દફતરનું રૅકૉર્ડ સને ૨૦૦૪થી ઓન લાઈન થયેલ છે. ઈ-ગવર્નન્સ ઈન્ટીગ્રેટેડ સિસ્ટમનો પાઈલોટ પ્રોજેક્ટ ૨૦૧૦માં ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં શરૂ કરવામાં આવેલ છે, હાલ રાજયના ૨૨૧ તાલુકાઓમાં અમલી થયેલ છે. જમીનની એન્ટ્રીઓમાં તલાટીનો કોઈ સીધો રોલ આવતો નથી. જે ખાતેદાર ઈ-ધરા કેન્દ્રો સાથે સીધો સંબંધ છે. તાલુકા કક્ષાએ તાલુકા દીઠ એક નાયબ મામલતદાર ઈ-ધરા,

ડેટા એન્ટ્રી ઑપરેટર, એક કેસ વર્કર કમ ક્લાર્ક તથા એક પટાવાળા ધરાવતું સેટ અપ અમલી બનાવવામાં આવ્યું છે. જે પૂરક માગણીઓ લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે તેને હું આવકારું છું.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી માગણી ક્રમાંક-૪૩, ૫૭, ૭૮ અને ૯૩ લઈને આવ્યા છે તેના સમર્થન માટે મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ ૭૪.૭૦ કરોડની જે માગણી આવી છે એમાં પૂરક માગણીમાં તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ જરૂરી આઈ.ટી.આઈ. કેન્દ્રોમાં સુધારો કરવા માટે તેમાં એને તાલીમ મળે એ હેતુથી આ સરકારે રોજગાર વિનિમય કચેરીઓ દ્વારા રોજગારી મળે એ હેતુથી એમાં સુધારાની માગણી આવી છે, રાજયની રોજગાર કચેરીઓ ખાતે નોંધાયેલ બેરોજગારોને સત્વરે રોજગારી પૂરી પાડવા માટે રાજય સરકારનું તંત્ર ખૂબ પ્રયત્નશીલ છે. ૨૦૦૨ થી અત્યાર સુધી રોજગારી આપવામાં ગુજરાત આખા દેશમાં પ્રથમ નંબરે આવ્યું છે, આઈ.ટી.આઈ. કેન્દ્રો હોય, જિલ્લા કક્ષાના આઈ.ટી.આઈ. કેન્દ્રો હોય, પહેલાના વખતમાં આઈ.ટી.આઈ. કેન્દ્રની અમે જ્યારે મુલાકાત લેતા હતા ત્યારે ફક્ત માત્રને માત્ર એક આચાર્ય હોય અને કોઈ સાધનો ના હોય અને સાધનોના અભાવે ઘણા પરીક્ષાર્થીઓ બિચારા પાછા નપાસ થઈ અને ઘેર કામ કરવા જાય અને એને ખેતરોમાં કામ કરવા પડે એવી પરિસ્થિતિનું નિર્માણ હતું. જ્યારે આ સરકાર આવી ત્યારથી ખૂબ તાલીમ આપે છે, મોટર ટ્રેનિંગ સ્કૂલની વ્યવસ્થા હોય, એમાં અમારા જિલ્લામાં મોટર ટ્રેનિંગ સ્કૂલ માટે મારુતિ ઉદ્યોગ દ્વારા ખૂબ મોટી તાલીમ આપવામાં આવી છે અને સારા ડ્રાઇવર તૈયાર કર્યા, એને ખૂબ સારી તાલીમ મળે, ઑટોમોબાઇલનો કોર્સ કરવામાં આવે, એને સારી રોજગારી મળે, એ રીતે વડોદરા જિલ્લામાં વાઘોડીયાની અંદર ગજાદરા ગામે ખૂબ સારી તાલીમ સંસ્થા ત્યાં કામ કરી રહી છે. નામ નોંધણીમાં પહેલા રોજગાર કચેરીમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે અધિકારી હોય અને એ અધિકારીને પાછલા બારણે જઈને સીનીયોરીટી લિસ્ટ વગર પોતાનું નામ નોંધાવી જાય અને એનું ઈન્ટરવ્યુ થઈ જાય એવી પરિસ્થિતિ ભૂતકાળમાં કોંગ્રેસની સરકારમાં બનતી પણ મારે લાગણી સાથે કહેવું પડશે કે જે મેરીટવાળો માણસ છે એ મેરીટવાળો માણસ અપંગ હોય કે કોઈપણ હોય એને બિલકુલ લાગવગ કર્યા સિવાય મેરીટ પ્રમાણે ઓનલાઈન એનું નામ નોંધાવવામાં આવે, એનું ઈન્ટર્વ્યુ થાય, એ પોલીસતંત્રમાં જાય કે એમાં પણ એ સારી રીતે પાસ થઈ શકે એના માટે આ સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. લાગવગશાહીને આ સરકારમાં કોઈ સ્થાન નથી એ ભા.જ.પ.ની સરકારે સાબિત કરી બતાવ્યું છે. અમે પહેલા જ્યારે આદિવાસી લોકો વડોદરા જિલ્લાની કચેરીઓમાં આવતા હતા ત્યારે ઘણા વિદ્યાર્થીઓ અમે લઈને જઈએ ત્યારે લોકોને એવું લાગતું હતું કે અહીં *(xxxx) (xxxx) (xxxx) અને સાચા માણસને ન્યાય મળતો નહોતો, સારી વ્યવસ્થા, સારું તાલીમ કેન્દ્ર આ સરકારમાં બન્યું છે અને માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી લઈને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

**શ્રી ભૂષણ અશોકભાઇ ભટ્ટ(ખાડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૦-૨૦૧૧ના સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષ જ્યારે પૂરા કરી રહ્યા છે ત્યારે જે પૂરક માગણીઓ ક્રમાંક: ૭૮ની માગણીઓ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે તેને હું અનુમોદન આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોકત માગણીઓને ચાલુ વર્ષે રાજય સરકારશ્રીએ પોતાના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની ભલામણ અનુસાર પગાર ભથ્થામાં થયેલ વધારો તથા આર.ઓ.પી. એરીયર્સની ચૂકવણી કરવા માટેની રકમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત છઠ્ઠા પગારપંચના અમલને કારણે નિવૃત્તિના ભથ્થાના ખર્ચમાં થયેલા વધારાને કારણે ૮૧૦ કરોડ જેટલી રકમની પૂરક માગણીઓ મૂકવામાં આવેલ છે. આમ મુખ્યત્વે પગાર ભથ્થા અને પેન્શનની ચૂકવણી માટે અલગ અલગ વિભાગો મારફતે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવેલ છે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિકાસના કામો, વહીવટી સુગમતા તેમજ પ્રજાની સુવિધાઓ માટે ૨૦૧૦-૧૧ ના વર્ષમાં જે જોગવાઈઓ હતી તેમાં વધારાની રકમની જરૂરિયાત ઊભી થતાં તે રકમ માટે પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની કચેરીઓની કામગીરીની કાર્ય પદ્ધતિ નિયત કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે કામગીરીમાં ઝડપ લાવવાના ઉદ્દેશથી પૂરતું મહેકમ ફાળવવું, મહેકમ નિયત કરવું, કર્મચારીની કામગીરીમાં નિયમિતતા રહે, કામના સમયનો મહત્તમ ઉપયોગ થાય તેમજ કર્મચારીઓના પગાર-ભથ્થા અને પેન્શન ધોરણ સુધારવા જેવી બાબતો એ મુખ્ય છે. જિલ્લા કક્ષાએ પણ જમીન દફતરની કામગીરીને કૉમ્પ્યુટર કનેક્ટિવીટી દ્વારા મહેસૂલી કર્મચારીઓને સાંકળીને ઈ-ધરા કાર્યક્રમ અમલમાં મૂકેલ છે. તાલુકા કક્ષાએ પણ મામલતદાર કચેરીમાં ઈ-ધરા કાર્યક્રમના સરળ સંચાલન માટે તાલુકા કક્ષાએ વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. જે મુજબ તાલુકા કક્ષાએ તાલુકા દીઠ એક નાયબ મામલતદાર ઈ-ધરા, બે ડેટા એન્ટ્રી ઓપરેટર, એક કેશિયર કમ ક્લાર્ક તથા પટાવાળા ધરાવતું મહેકમ અમલી બનાવી રાજ્યમાં કુલ ૧૧૨૫ જેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પ્રાંત અધિકારીઓની ૫૫ જેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે. તેમાં હાલની સ્થિતિએ ખાલી જગ્યાઓ ભરવાની કામગીરી ચાલું છે. ખાસ કરીને ઈ-ધરા કાર્યક્રમના મહેકમ માટે વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષ માટે પગાર-ભથ્થા માટે ૯૧૫ લાખની જોગવાઈ છે. છઠ્ઠા પગારપંચના અમલથી ૨૦ ટકા એરિઅર્સ રોકડમાં ચૂકવવાનું થતાં વધારાના અનુદાન તરીકે ૪૦૦ લાખ રૂપિયાનું ઓથોરાઈઝેશન મેળવેલ છે. ઈ-ધરા કાર્યક્રમના અમલ માટે મંજૂર થયેલ મહેકમ પૈકી ડેટા એન્ટ્રી ઓપરેટરની જગ્યા અગાઉ આઉટ સોર્સથી ભરવાનું નક્કી થયેલું. પરંતુ ઉપરોક્ત કામગીરી સચોટ રીતે થાય અને એકસૂત્રતા જળવાઈ રહે તે હેતુને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે રાજ્યમાં કારકુનોની ૪૬૪ જગ્યાઓ ઊભી કરવા માટે વર્ષ ૨૦૧૦-૧૧માં નવી બાબતની જોગવાઈ સૂચવી છે. આના કારણે રાજ્યમાં રોજગારીની તકો ઊભી થવાની છે. સાથોસાથ જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાએ અદ્યતન ટેકનોલોજીના સમન્વયથી વહીવટી સરળતા તેમજ સક્ષમ કાર્યપદ્ધતિ ઊભી કરવાના સઘન પ્રયાસો પ્રશંસાને પાત્ર છે. આ સિવાય પણ જિલ્લા કક્ષાની કામગીરી સુધારવા માટે સરકાર કટિબદ્ધ છે. કચેરી કામકાજનો સમય નિયત કરવો, રીસેસનો સમય નિયત કરવો વિગેરે બાબતો અંગે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વખતોવખત પરિપત્રો દ્વારા સૂચનાઓ આપવી, કર્મયોગી તાલીમ દ્વારા આ બધી બાબતોને ધ્યાનમાં લઈ સરકારી કર્મચારીઓની નિયમિતતા ઉપર દેખરેખ રાખવામાં આવે છે. વૈશ્વિકરણના પ્રવાહમાં અને અદ્યતન ટેકનોલોજીના યુગમાં રાજ્ય સરકાર પાછળ રહેવા માગતી નથી તે સરકારની કાર્ય પ્રણાલીમાં દેખાય છે. મહેસૂલી વહીવટનું પણ કૉમ્પ્યુટરાઈઝેશન કરીને વહીવટી સુગમતા અને સરળતા, ગુણવત્તાયુક્ત વહીવટ, ચેડામુક્ત રહી શકે, જમીન દફતરનું રેકર્ડ ૨૦૦૪ થી ઓન લાઈન કરવામાં આવેલ છે. ઈ-ગવર્નન્સ ઈન્ટીગ્રેટેડ પ્રોજેક્ટ સિસ્ટમ હેઠળ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ૨૦૧૦માં ઈ-સેવા હેઠળ કોર્પસ હેડ ચાલુ કરવામાં આવેલ છે. જેથી કરી વહીવટી મંજૂરીની પ્રક્રિયા ટૂંકી કરી ઈ-ધરા કેન્દ્રની નાણાકીય મુશ્કેલી દૂર કરી સમયનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્ન દ્રષ્ટા આદરણીય પરમ શ્રદ્ધેય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને રાષ્ટ્રની અગ્ર હરોળમાં મૂકવા સંકલ્પબદ્ધ અને કૃતનિશ્ચયી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તે જિલ્લા કક્ષાએ અને સરકાર સમક્ષ સુચારું વહીવટ માટે નિ:શંકપણે આવશ્યક હોઈ તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે હું પૂરક માગણીઓમાં પૂરક માગણી ક્રમાંક ૧૩ ઊર્જા અને પેટ્રો કૅમિકલ્સ વિભાગ, પૂરક માગણી ક્રમાંક ૪૩ ગૃહ વિભાગ, પૂરક માગણી ક્રમાંક ૫૭ શ્રમ અને રોજગાર વિભાગ, પૂરક માગણી ક્રમાંક ૭૮ મહેસૂલ વિભાગ તથા પૂરક માગણી ક્રમાંક ૯૩ આદિજાતિ વિકાસ વિભાગ જે લઈને આવ્યો છું. એમાં માનનીય સભ્યશ્રીઓએ જે જે પોતાના વિચારો આમાં પ્રદર્શિત કર્યા છે એમાં કહું કે ફક્ત એક માનનીય સભ્યશ્રી સિવાય બીજા કોઈએ નથી કહ્યું કે આ જે માગણીઓ છે એ માગણીઓ યોગ્ય નથી અથવા તો આમ કરવું જોઈતું નહોતું એવું કાંઈ નથી કહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી મારી માગણી ૧૩ નંબરની છે એમાં ઊર્જા અને પેટ્રો કૅમિકલ્સ વિભાગમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમને જે શેર ફાળો છે એ આપવા માટેની વાત છે એ ૧૯.૨૫ કરોડ રૂપિયાની, એ રીતે કિસાન હિત ઊર્જા શકિત માટે ફાળો, એને જે લોન આપવાની હતી એ બજૅટમાં લખેલી હતી પણ લોનના બદલે આપણે શરેમૂડીની અંદર ૧૦૦ કરોડ રૂપિયા આપીએ છીએ અને ત્રીજી વાત છે કે રાજ્યના સોલાર પાર્કની સ્થાપના માટે પાવર કોરપોરેશન લિમિટેડને મૂડી ફાળો આપવો અને સોલાર પાર્કની સ્થાપના માટે પાવર કોરપોરેશન લિમિટેડને લોન તરીકે મૂડી ફાળો આપવો. આ જે છે એ પ્લાન સાઈઝ માટેની વાત છે અને જ્યારે ૨૦૧૦-૧૧ નો પ્લાન સાઇઝ લઈને આયોજન પંચ પાસે ગયા ત્યારે ત્યાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ રજૂઆત કરીને વાત કરી કે ભાઈ, અમે આ પ્રમાણે એક સોલાર પાર્કની સ્થાપના કરવા માગીએ છીએ અને એમાં તમે પણ કાંઈક યોગદાન આપો ત્યારે અહીંયા જે આયોજન પંચ છે તેણે અમને ૨૧૦ રૂપિયામાંથી ૬૩ કરોડ રૂપિયા એટલે ૩૦% લેખે ફાળો આપવાની વાત કરી. એટલે આ જે વાત હતી એ ત્યાં આયોજન પંચ પાસે રજૂઆત થઈ એટલે આ બજૅટમાં નહોતી એટલા માટે થઈને આ મૂકવી પડી અને આની અંદર ચર્ચા થઈ. માનનીય સૌરભભાઈએ વાત કરી કે આખા હિન્દુસ્તાનની અંદર સોલાર પાર્ક એ પહેલામાં પહેલો આપણે આ બનાવીએ છીએ. આ નવું જ છે. ગ્રીન એનર્જી, ક્લીન એનર્જીના કન્સેપ્ટની ચર્ચાની અંદર માનનીય વિપક્ષના નેતાશ્રીએ પણ એમણે જે વાત કરી અને એ વાતની અંદર એમણે જે કાંઈ સત્ય હકીકત માટેની *(xxxx) (xxxx) (xxxx) (xxxx) માનનીય સૌરભભાઈએ બધી (xxxx) દૂર કરી છે અને હકીકત શું છે એ માનનીય સૌરભભાઈએ કહ્યું એટલે એમાં વિશેષ જવાબ મારે આપવાનો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર પણ જેને આ પ્રોત્સાહિત કરે છે એવી ઊર્જા શકિતને સૌએ એને વધુમાં વધુ પ્રોત્સાહિત કરવું જોઈએ અને પ્રોત્સાહિત કરવા માટે થઈને સાથીપક્ષના લોકોને પણ એમ લાગે કે આમાં કાંઈ

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ક્ષતિ રહી ગઈ છે તો સાથે બેસીને વિચાર કરવો જોઈએ. અત્યારે જ્યારે ગ્લોબલ વોર્મિંગના જમાનની અંદર આજે જે કુદરતી રીતે ઊર્જા હોય, એ ઊર્જાનું સવિશેષ પ્રમાણ વાતાવરણની અંદર જે ઉત્પન્ન થાય છે અને એ વાતાવરણમાં આવું ગરમીનું પ્રમાણ ના ઉત્પન્ન થાય એના માટે થઈને, આવશ્યક પગલાં લેવા માટે થઈને સમસ્ત વિશ્વ જ્યારે તૈયાર હોય ત્યારે આ વિશ્વની જે પ્રણાલિકા છે એની અંદર આ ગુજરાત પ્રથમ જ પગરણ અને પહેલું જ ચરણ આખા હિન્દુસ્તાનમાં ગુજરાત કરે છે એ ખરેખર ધન્યવાદને પાત્ર હોય એના બદલે એની ટીકા કરવી, એની અંદર આ રીતે કરવું, વ્યકિતગત રીતે લાભ લેવા માટે અને લાભ અપાવવા માટે થઈને આ પ્રમાણે કરવું એ કોઈ રીતે યોગ્ય હોઈ શકે નહિ. એટલા જ માટે થઈને જે ઊર્જા અને પેટ્રો કૅમિકલ્સ વિભાગની માગણીઓ છે એ માગણીઓની અંદર માનનીય એકજ સભ્યશ્રીએ જે વાત કરી.
અને હું ફરીથી કહું છું કે, સૌરભભાઈએ બહુ સ્પષ્ટતાથી ગુજરાત રાજયની જે નીતિ છે એ નીતિની એણે સ્પષ્ટતાથી અહીંયા કરેલ છે.

એજ રીતે બીજી વાત છે એ મહેસૂલ વિભાગ માટેની છે. એ મહેસૂલ વિભાગની વાત છે એ મહેસૂલી ખર્ચ માટેની વાત છે અને આ મહેસૂલી ખર્ચ માટે થઈને સામાન્ય રીતે કર્મચારીઓને છઠ્ઠું પગાર પંચ આપ્યા પછી જે મોંઘવારીની અંદર વધારો થાય છે એ મોંઘવારી ભથ્થામાં પ્લાનની અંદર આપણે દર વર્ષે અંદાજે દસ ટકાની આપણે એમાં જોગવાઈ કરતા હોઈએ છીએ પરંતુ આ મોંઘવારી એટલી બધી વધી ગઈ કે જે કેન્દ્ર સરકાર પણ કહે છે કે, અમારા કાબૂ બહારની વાત છે. જ્યારે ચૂંટાઈને આવ્યા ત્યારે એમ કહેતા હતા કે, અમે સો દિવસમાં મોંઘવારી નાબૂદ કરીશું એના બદલે હવે ભવિષ્યમાં કોણ નાબૂદ થાશે એ તો હું કહી શકતો નથી પણ મોંઘવારી તો નાબૂદ ન કરી શક્યા એ હકીકત છે. અને એના કારણે જે દસ  ટકાનું અમે આયોજન કર્યુ હતું એને બદલે મોંઘ ાવારી અઢાર ટકા વધી ગઈ. એટલે આઠ ટકા જે વધુ ચૂકવણી કરવાની વાત આવી એ તમામ વિભાગોની અંદર પણ આવી આઠ ટકા ચૂકવવાની વાત આવે છે જેના કારણે આ મહેસૂલી ખર્ચમાં વધારો થયો છે.

શ્રમ અને રોજગાર વિભાગની અંદર જે માગણી છે એમાં બે ભાગ પડે છે. એક, જે ગ્રામ્ય વિસ્તારમાં લોકોને કૌશલ્ય વર્ધન કેન્દ્રનો લાભ મળે એ લાભ અપાવવા માટે થઈને આ ૩૮.૭૫ કરોડ રૂપિયા છે એ કૌશલ્ય વર્ધન કેન્દ્રો માટેની વાત કરી છે અને બાકીની જે રકમ છે એ સુધારેલા અંદાજ પ્રમાણે જે પગારના આપવાના હોય છે, મોંઘવારી ભથ્થાની વાત કરી એ મોંઘવારી ભથ્થાના જ આપવાની વાત છે.

મહેસૂલ વિભાગ માટેની માગણી છે એ મહેસૂલ વિભાગની અંદર પણ જમીન દફતર અને કોમ્પ્યુટરાઈઝેશન માટે થઈને એ આયોજન હેઠળનું ખર્ચ છે. બીજો જે ખર્ચ છે એ જે આઠ મહિનાની અંદર આપણે જે ખરેખર ખર્ચ થયો અને એમાં સુધારેલા અંદાજમાં જે મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની વાત છે એના કારણે એ ખર્ચ થયેલ છે.

જે માગણી ક્રમાંક ૯૩ છે એમાં આદિજાતી વિકાસ વિભાગ માટેની આ માગણી છે અને એમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લોકોને એમાં એસ.એસ.સી. પછીના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ આપવા માટેની એમાં જોગવાઈ કરેલી છે. એજ રીતે નવા છાત્રાલયો સ્થાપવા માટે થઈને સવિશેષ પૈસા આપવા માટેની વાત હતી એની પણ જોગવાઈ કરેલી છે અને અનુસૂચિત જનજાતિઓમાં ગુણવત્તાનું ધોરણ ઊંચું લાવવા માટે થઈને નાણાકીય સહાય આપવા માટેનું પણ આયોજન કરેલ છે અને ભારત સરકાર ધ્વારા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ યોજનામાં વધારાના લીધે જે કાંઈ આયોજન કરવાનું હતું એનું પણ આયોજન કરેલ છે અને એ સિવાય બાકીનું જે મેં કહયું એ પ્રમાણે કે મોંઘવારી ભથ્થામાં વધારો થયો એના કારણે આપવા માટેની વાત છે તો માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે હું સમગ્ર રીતે માગણી ક્રમાંક - ૧૩, ૪૩, ૫૭, ૭૮ અને ૯૩ જે હું પૂરક માગણી લઈને આવ્યો છું એ મારી પૂરક માગણીઓ છે ૭૬૯ કરોડ ૭૦ લાખની માગણી છે જેમાં મૂડી ખર્ચ માટે થઈને ૩૨૯.૨૪ કરોડ રૂપિયા છે અને મહેસૂલી ખર્ચ માટે થઈને ૪૪૦.૪૫ કરોડનો સમાવેશ થયો છે. આ સમગ્ર પૂરક માગણીઓમાં જે આયોજન હેઠળ છે એમાં ૩૮૭.૧૨ કરોડ છે જે આયોજન હેઠળના છે, અને આયોજન બહાર છે એ ૩૮૨.૫૮ કરોડના છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે જે હું માગણીઓ લઈને આવ્યો છું એમાં મને આ સભાગૃહ તરફથી પૂરેપૂરો સહકાર મળેલ છે. એક જ માનનીય ધારાસભ્યશ્રીએ જે પોતાની વાતની રજૂઆત કરી હતી એ રજૂઆતની સ્પષ્ટતા પણ કરી દીધેલ છે એટલે હું આ હાઉસને વિનંતી કરું છું કે, મારી, અહીંયા કોઈ વિપક્ષના લોકો તો છે નહીં એટલે હું એમની જે કાપ દરખાસ્તો છે એ પાછી ખેંચી લેવા માટે થઈને હાજર નથી એટલે વિનંતી કોને કરું પણ જ્યાં બેઠા હોય, જ્યાં સાંભળતા હોય અને ત્યાં એ બેઠા બેઠાય મનમાં મારી આ કાપ દરખાસ્તો છે એ પાછી ખેંચે એવી વિનંતી કરું છું.આપણે આ હાઉસની પ્રણાલિકા પ્રમાણે વિપક્ષના તમામ સભ્યશ્રીઓને વિનંતી કરુ છું કે એમની કાપ દરખાસ્ત પાછી ખેંચે અને મારી મૂળ માગણીઓ છે એ મંજૂર કરે એવી વિનંતી કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨, ૩, ૫, ૬, ૭, ૯ ૧૦, ૧૧ ,૧૨, ૧૩, ૧૪ અને ૧૭ એકીસાથે મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૧૩, ૪૩, ૫૭, ૭૮ અને ૯૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા:૮મી માર્ચ, ૨૦૧૧ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| **અનિલ  જોષીયારા** | |
| એન.આર.એચ.એમ. અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી રકમની ફાળવણી | ૨૧૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) | ૩૮૫ |
| સાબરકાંઠા જિલ્લાના ડેમોમાં માછીમારીના ઈજારા | ૯૪ |
| સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના નોન પ્લાન રસ્તાઓ | ૬૦ |
| સાબરકાંઠા જિલ્લામાં જળસંચય માટે ઉંડા કરાયેલ ચેકડેમો અને તળાવો | ૧૮૩ |
| **અનિલકુમાર અ. માળી** | |
| બનાસકાંઠ ા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૧૦૮/૬ હેઠળના કેસોનો નિકાલ થવા બાબત | ૫૩ |
| બનાસકાંઠા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી | ૩૧૨ |
| એસ.આર.પી.એફ. ગૃપ-૧૧ પોલીસની આરોગ્ય ચકાસણી | ૩૪૬ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| ફોરેન્સીક સાયન્સ ધ્વારા પૂરી પાડેલી સેવા | ૩૦૩ |
| ફ્યુઅલ કોસ્ટ એડજસ્ટમેન્ટ ચાર્જીસની વસુલાત | ૩૪૧ |
| મહેસાણા જિલ્લામાં નિરાધાર વિધવાઓ ને તાલીમ આપવા બાબત | ૭૬ |
| રાજ્યમાં અદ્યતન આયુર્વેદ કોલેજ કમ હોસ્પિટલ સ્થાપવાની યોજના | ૧૫૩ |
| રાજ્યમાં નવી બનાવવામ ાં આવેલ જેલો | ૩૩ |
| **અનિલકુમાર ત્રિ.પટેલ** | |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર  ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૪૮ |
| **અભેસિંહ મો. તડવી** | |
| નર્મદા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી | ૧૬૨ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) | ૩૯૫ |
| વડોદરા જિલ્લામાં વિધવા સહાયની પડતર અરજીઓ | ૯૧ |
| એસ. આર. પી. એફ. ગૃપ-૯ પોલીસની આરોગ્ય ચકાસણી | ૩૪૧ |
| એસ.આર.પી.એફ. ગૃપ-૧ પોલીસની આરોગ્ય ચકાસણી | ૩૦૩ |
| સુર ત જિલ્લાના માંડવી તાલુકાના તરસાડા- બાર ગામના બાયપાસ રોડની બજેટમાં જોગવાઈ કરવા બાબત | ૫૫ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં પીવાના પાણીની અછત | ૨૦૦ |
| નર્મદા-વલસાડ જિલ્લામાં સંપાદન કરેલ જમીન અંગે વળતર | ૯૪ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં કાર્યરત પી.એચ.સી. અને સી.એચ.સી. | ૧૫૧ |
| ભુમાફિયા ઓ વિરૂધ્ધ મળેલ ફરિયાદો | ૫૯ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર  ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૫૬ |
| વાયબ્રન્ટ સમીટમાં આપેલ ઉદ્યોગોને રાહત | ૩૨૪ |
| સન ૨૦૦૯ અને ૨૦૧૧ માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં આરોગ્ય ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ. | ૨૨૮ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ અને ખેડા જિલ્લામાં ખેતી વિષયક જોડાણો | ૩૧૯ |
| આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમા ં આર.ઓ.પ્લ ાંટ નાખવા બાબત | ૭૫ |
| આણંદ જિલ્લામાં નગરપાલિકા દીઠ બી. પી. એલ કુટુંબો | ૨૧૫ |
| આણંદ જિલ્લામાં બિનખેતી ની પરવાનગી માટે મળેલ અરજીઓ | ૩૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આણંદ જિલ્લામાં સિવીલ હોસ્પિટલમાં મહેકમ | ૧૭૮ |
| જીમખાનાના નામ હેઠળ ગેરકાયદેસર પ્રવૃત્તિ | ૩૬૩ |
| વિવેકાધીન ગ્રાન્ટના કામો | ૩૪૯ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| કૃષિ મહોત્સવમાં ખેડૂતોને મળેલ પ્રોત્સાહન | ૧૯ |
| ગોમા નદી પર ચેકડેમો | ૧૬૯ |
| દિલ્હી-મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ કોરીડોર | ૩૨૦ |
| પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ- ૮ના વર્ગો શરૂ કરવા બાબત | ૭૧ |
